ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો

## (ભાગ–૬)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ

ઉપરના સળંગ પ્રવચનો)

(પ્રવચન નં. ૧૩૬ થી ૧૫૯)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (પૂના) : મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૧૧–૧૧–૨૦૧૫ (વીર નિર્વાણ કલ્યાણક દિન)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૦૪ + ૮ = ૪૧૨
પડતર કિંમત : ૯૬૬/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈ રહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદૃષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદૃષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર

પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે તો સત્‌શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્‌શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઇડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય

અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઈત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દૃશ્યો તાદૃશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ નવ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્‌કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવપ્રકાશ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

## ‘અનુભવપ્રકાશના કિરણો’ ભાગ-૬ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રી વીતરાગ મુમુક્ષુ મંડળ, હૈદ્રાબાદ, હ. કમલભાઈ દેવચંદભાઈ શાહ | ૪૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| સ્વ. ગુલાબભાઈ જીવનદાસ ભાટીયા, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| સ્વ. કાલિંદીબેન બૈજુભાઈ જોષી, હ. ડો.બી.એમ. સુથાર, કમ્પાલા | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી રસીકભાઈ નાનાલાલ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી તરુલતાબેન આર. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી મીનાબેન વી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| મનીષા ઋષભ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| પૂજા વિપુલભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, , ભાવનગર | ૧૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૧૩૬. | ૭૮ | ૦૦૧ |
| ૧૩૭. | ૭૯ | ૦૧૮ |
| ૧૩૮. | ૮૦ | ૦૩૬ |
| ૧૩૯. | ૮૦ | ૦૪૯ |
| ૧૪૦. | ૮૦ | ૦૬૫ |
| ૧૪૧. | ૮૧ | ૦૮૨ |
| ૧૪૨. | ૮૧ | ૦૯૮ |
| ૧૪૩. | ૮૨ | ૧૧૪ |
| ૧૪૪. | ૮૨ | ૧૨૯ |
| ૧૪૫. | ૮૩ | ૧૪૬ |
| ૧૪૬. | ૮૩ | ૧૬૪ |
| ૧૪૭. | ૮૨ | ૧૮૨ |
| ૧૪૮. | ૮૩ | ૧૯૯ |
| ૧૪૯. | ૮૪ | ૨૧૮ |
| ૧૫૦. | ૮૪ | ૨૩૬ |
| ૧૫૧. | ૮૫ | ૨૫૩ |
| ૧૫૨. | ૮૬ | ૨૬૯ |
| ૧૫૩. | ૮૬ | ૨૮૬ |
| ૧૫૪. | ૮૭ | ૩૦૪ |
| ૧૫૫. | ૧૪ | ૩૨૧ |
| ૧૫૭. | ૨ | ૩૪૨ |
| ૧૫૮. | ૫ | ૩૫૭ |
| ૧૫૯. | ૬ | ૩૭૪ |

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# અનુભવ પ્રકાશના કિરણો

(ભાગ-૬)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

## હવે કંઈક સમાધિવર્ણન કરવામાં આવે છે

### સમાધિવર્ણન

**તા. ૨૨-૩-૧૯૮૬, પાના નં. ૭૮, પ્રવચન નં. ૧૩૬**

'**ઉપયોગથી સમાધિ લાગે...**' ઉપયોગ સમપરિણામરૂપ થાય. વિષમતા ઉપયોગની મટે ત્યારે એને સમાધિભાવે ઉપયોગ કહેવામાં આવે છે. એ ઉપયોગમાં મોક્ષનો માર્ગ સુગમ છે અથવા એ પોતે જ મોક્ષમાર્ગ સ્વરૂપ છે.

એવી '**સમાધિ તો પ્રથમ ધ્યાન થતાં થાય છે.**' સમાધિવર્ણનમાં પણ એમ કહ્યું કે હવે કાંઈક સમાધિ વર્ણન કરવામાં આવે છે. નિર્વિકલ્પ સમાધિરૂપ ઉપયોગ વિકલ્પાતીત છે, મનાતીત છે. એટલે આપોઆપ વચનાતીત પણ છે. કિંચિત્ વચનગોચર છે, કથંચિત્ વચનગોચર છે. તેથી તેનું કાંઈક વર્ણન કરવામાં આવે છે. પૂરેપુરું વર્ણન અશક્ય છે. કેમકે જે મનથી અગોચર છે, વિકલ્પથી અગચોર છે એ વાણીથી ગોચર તો કેમ હોઈ શકે ? વાણી તો વિકલ્પપૂર્વક આવે છે. સ્થૂળ ભાવને વાણી બતાવી શકે છે. સૂક્ષ્મ ભાવ તો એટલો છે કે મનમાં પણ આવતો નથી.

એવી સમાધિ તો ધ્યાનમાં થાય છે. અથવા કોઈ એમ કહે કે ભલે અમને ધ્યાન નથી પણ અમે તો સમાધિમાં રહીએ છીએ. ધ્યાનમાં અમે કાંઈ ન સમજીએ પણ અમે તો સમાધિમાં રહીએ છીએ. તો એમ કહે છે કે પ્રથમ સમાધિ. સમાધિ તો પ્રથમ ધ્યાન થાય ત્યારે જ સમાધિ

હોય છે. ધ્યાન વિના સમાધિ હોય, આત્માના ધ્યાન વિના સમાધિ પરિણામ થાય એવું તો બનતું નથી.

**'તે ધ્યાન એકાગ્રચિંતા નિરોધ થતાં થાય છે.'** એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં. 'તત્ત્વાર્થ સૂત્ર'નું (સૂત્ર છે). એવું જે આત્મધ્યાન છે, સ્વરૂપનું ધ્યાન છે એ કોઈપણ અન્ય ચિંતાનો નિરોધ થઈને એક આત્મસ્વરૂપમાં અગ્ર એટલે મુખ્ય થતાં, એક આત્મસ્વરૂપને જ મુખ્ય કરીને અન્ય ચિંતાનું ઉત્પન્ન થવું સ્વયં ન થાય, આપો આપ જ ચિંતા ઉત્પન્ન ન થાય, એવી એકાગ્રતા થાય કે જેને લઈને બીજી ચિંતા સહજ જ ઉત્પન્ન ન થાય એવી એકાગ્રતાને અહીંયાં ધ્યાન કહે છે. એ સ્વરૂપ ધ્યાન છે.

**'તે ચિંતાનિરોધ...'** હવે પરંપરા લે છે. કેમકે આ જીવ કોઈને કોઈ ઉદયમાન પદાર્થની ચિંતા કર્યા જ કરે છે. સતતપણે ચિંતામાં લાગેલો રહે છે અને ઉદયની ચિંતામાંથી ઉપયોગને નિવૃત્ત કરી શકતો નથી. કહે છે કે એવું **'ચિંતાનિરોધ રાગદ્વેષને મટાડવાથી થાય છે.'** અથવા રાગ-દ્વેષ મટે અને વીતરાગભાવ થાય ત્યારે ચિંતા ન થાય. ચિંતા એટલે કોઈ ને કોઈ પદાર્થનું ચિંતવવું, ચિંતવન રહેવું. કોઈને કોઈ પદાર્થમાં ચિંતા રહેવી. એ પદાર્થને વિષે કાંઈ કરવું, નહિ કરવું, ભોગવવું, નહિ ભોગવવું, ઠીકપણું, અઠીકપણું એ કોઈને કોઈ પદાર્થને વિષે ચિંતા રહ્યા જ કરે. ચિંતા તો બહુ પ્રચલિત શબ્દ છે અને સર્વસાધારણને અનુભવગોચર છે. એવી ચિંતા થાય ત્યારે માણસ નથી કહેતા ? કે બહુ ચિંતા ન કરવી. 'ચિંતા બડી અભાગણી' અન્યમતમાં તો આ પ્રસિદ્ધ પદ છે 'ચિંતા ચિતા સમાન'. જેમ ચિતામાં બાળવામાં આવે છે, એમ ચિંતામાં પણ આત્મા બળે છે. આકુળિત થાય છે, બળે છે.

'શ્રીમદ્જી'એ મુમુક્ષુને માર્ગદર્શન આપ્યું છે કે કોઈપણ પ્રસંગમાં વિશેષ ચિંતામાં ન પડવું, કોઈપણ ઉદયના પ્રસંગમાં વિશેષ ચિંતામાં ન પડવું એટલે તીવ્ર રસે કરીને ચિંતામાં ન પડવું એ જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. આ શબ્દો લખ્યા છે. એટલે શું કહે છે ? અરસ પરિણામે ઉદયમાં પ્રવૃત્તિ થાય તો રસની ચિકાશ ઓછી હોય તો પરિણામ ત્યાંથી ખસી શકે, મટી શકે. પણ તીવ્ર રસવાળા અને તીવ્ર ચિંતાવાળા પરિણામ હોય તો એ પરિણામ ત્યાંથી જલ્દી દિશા બદલી

શકતા નથી.

અહીંયાં કહે છે કે જે ચિંતા છે એ કેવી રીતે નિરોધ થાય ? ચિંતા સ્વયં કેવી રીતે અટકે ? કે રાગ-દ્વેષ મટે અને વીતરાગભાવ થાય તો. રાગ-દ્વેષ ચાલુ રહે અને ચિંતા મટે એવું બને નહિ. રાગ-દ્વેષ જેના ચાલુ છે, રાગ-દ્વેષની જેની પરિણતિ છે એને ચિંતા મટવાનો સંભવ નથી. ચિંતા તેની મટી શકશે નહિ. ચિંતા મટાડવાની ઇચ્છા તેની કામયાબ નહિ થાય-સફળ નહિ થાય. એ ચિંતાને નહિ મટાડી શકે. કોઈને ચિંતા જોઈતી નથી. સામાન્ય રીતે કોઈને ચિંતા જોઈતી નથી. છતાં કોઈ ચિંતાથી મુક્ત થઈ શકતા નથી. કેમ ચિંતાથી મુક્ત થઈ શકતા નથી ? કે ચિંતા કેવી રીતે મટે ? વીતરાગભાવ ઉત્પન્ન થાય તો ચિંતા મટે. રાગ-દ્વેષ મટે અને વીતરાગભાવ ઉત્પન્ન થાય તો ચિંતા મટે. એવું ચિંતા મટાડવાનું જે વિજ્ઞાન છે તેનાથી અજાણ છે. ચિંતા મટાડવાનો ઉપાય છે તેનાથી અજાણ છે. તેથી ચિંતા મટી શકતી નથી.

અહીંયાં તો બહુ પદ્ધતિસર વાત લીધી છે. બહુ વ્યવસ્થિત નિરૂપણ છે. વાત સમાધિની કરવી છે. જે ઉપયોગમાં નિર્વિકલ્પ સમાધિ લાગે છે એ તો પ્રથમ ધ્યાનમાં લાગે છે. ધ્યાન વિના તો સમાધિ લાગતી નથી. તો ધ્યાન ક્યારે થાય ? કે ચિંતા નિરોધ થાય ત્યારે. ચિંતા નિરોધ ક્યારે થાય ? કે રાગ-દ્વેષ મટીને વીતરાગભાવ થાય ત્યારે. એ રાગ-દ્વેષ કેમ મટે ? આમ લીધું છે. વ્યવસ્થિત વાત છે.

**'ચિંતાનિરોધ રાગદ્વેષને મટાડવાથી થાય છે. તે રાગદ્વેષ ઇષ્ટ-અનિષ્ટ સમાગમ મટાડતાં મટે છે.'** અથવા ઇષ્ટ-અનિષ્ટ અભિપ્રાય મટાડતા મટે છે.

મુમુક્ષુ :- સમાગમ કરતાં અભિપ્રાય શબ્દ વધારે બેસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ જ એ થાય છે. કયા શબ્દનો કયો અર્થ થવો એ જ આમાં (મહત્ત્વનું છે). જે કાંઈ સમજવાનું છે એ એટલું જ છે. સમાગમ એટલે શું છે ? કે સમાગમમાં આવતા જે પદાર્થો, સંયોગમાં આવતા જે પદાર્થો તેના પ્રત્યે ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય ખલાસ કરવો જોઈએ.

જગતના સર્વ પદાર્થો જ્ઞેયમાત્ર છે. કેમકે હું જ્ઞાનમાત્ર છું. જ્ઞાનમાત્ર એવા મને સર્વ પદાર્થો પ્રત્યે જ્ઞેયમાત્રપણું છે. આથી વિશેષ કાંઈ નથી.

એવું જ્યારે પદાર્થને વિષે ઠીકપણું કે અઠીકપણું પદાર્થના સ્વરૂપમાં જ નથી. સામા પદાર્થના સ્વરૂપમાં પણ નથી કે આ પદાર્થ ઠીક છે કે આ પદાર્થ અઠીક છે. અને જ્ઞાનને વિષે પણ જ્ઞાનના સ્વભાવમાં કોઈ પદાર્થને વિષે ઠીક-અઠીકપણું કરવું તે જ્ઞાનનું સ્વરૂપ અને જ્ઞાનનો સ્વભાવ નથી. બંને પોતપોતાના સ્થાનમાં તો બરાબર છે. અને એ જ ઉચિત છે.

તેના બદલે અનુચિતપણે પદાર્થને ઠીક-અઠીકપણે સ્થાપે કે આ પદાર્થ સારો ગણવો અને આ પદાર્થ સારો ન ગણવો અને પોતે પણ એ પદાર્થને વિષે, સારા પદાર્થને વિષે અભિપ્રાય સહિત રાગ કરે અને ખરાબ માનેલા પદાર્થને વિષે (અભિપ્રાય સહિત દ્વેષ કરે). સારો માનેલો છે. સારો છે નહિ. ખરાબ માનેલો છે ખરાબ છે નહિ. એ ખરાબ માનેલા પદાર્થને વિષે અભિપ્રાયથી દ્વેષ કરે એના રાગદ્વેષ કદી મટે નહિ. જે અભિપ્રાય સહિત, સારા-નરસાના અભિપ્રાય સહિત રાગ-દ્વેષ કરે છે એ રાગ-દ્વેષથી વિમુક્ત થઈ શકે નહિ. કેમકે અભિપ્રાય છોડ્યો નથી. અભિપ્રાય પહેલા છૂટે અને રાગ-દ્વેષ પછી છૂટે.

સમ્યગ્દ્રષ્ટિને પહેલા અભિપ્રાય છૂટે છે, રાગ-દ્વેષ નથી છૂટતા. રાગ-દ્વેષ તો ગુણસ્થાનમાં ઉપર ઉપર જાય એમ અમુક પ્રકારે અમુક હદે છૂટતા જાય છે. ક્રમશઃ છૂટતા જાય છે. નીચે નીચેના સ્તરના છૂટતા જાય છે. નીચી કક્ષાના છૂટતા જાય છે. એવી રીતે બને છે.

**'તેથી જે જીવ સમાધિ-વાંછક છે...' 'તે રાગદ્વેષ ઇષ્ટ-અનિષ્ટ સમાગમ મટાડતાં મટે છે. તેથી જે જીવ સમાધિ-વાંછક છે...'** એટલે જે જીવને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સમાધિ કરવી છે એવા જીવને **'ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડી...'** સમાગમ મટાડીને (એટલે) ? પદાર્થ તો ત્રણે કાળે લોકનું દ્રવ્ય તો લોકમાં જ છે. છ દ્રવ્યનો સમાગમ મટવાનો સવાલ નથી પણ ઇષ્ટ-અનિષ્ટપણાનો સમાગમ મટાડીને એમ કહે છે. ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડીને એટલે સમાગમમાં રહેલા પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય છોડીને. એ અભિપ્રાયપૂર્વક રાગ-દ્વેષને છોડીને અને **'રાગ-દ્વેષને છોડી, (અન્ય) ચિંતા મટાડીને, ધ્યાનમાં...'** એકાગ્ર થઈને. **'ધ્યાનમાં મન ધરી,...'** એટલે અહીંયાં ઉપયોગ ધરવો. ધ્યાનમાં ઉપયોગને ધરીને **'ચિત્વસ્વરૂપમાં...'** એટલે

ચૈતન્ય સામાન્યમાં '**સમાધિ લગાવીને...**' પરિણામને સ્થિર કરીને '**નિજાનંદને ભેટો.**' ત્યાં આનંદની વાત લઈ લીધી.

જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે આત્માનો આનંદ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. સમાધિ અને આનંદ છે એ અવિનાભાવી ભાવ છે. પરપદાર્થમાં ઉપયોગ જાય, રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટપણું કરીને પરપદાર્થમાં રાગ-દ્વેષ સહિત ઉપયોગ પ્રવર્તે અને દુઃખ ઉત્પન્ન ન થાય એવું કદી બને નહિ. તો એ ઈષ્ટ-અનિષ્ટપણું મટાડીને નિજ પદાર્થમાં ઉપયોગ જાય તો એને આનંદ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. સુખ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. સામે સામું છે.

મુમુક્ષુ :- તીર્થંકર ભગવાનની ભક્તિ કરતા દુઃખ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જતાં પણ આકુળતા ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ સમાધિભાવની શાંતિ પાસે એને ભઠ્ઠી જેવું દુઃખ કહેવામાં આવે છે. કેમકે એ સ્થૂળ રાગ છે. મનથી પકડાય એવો બુદ્ધિપૂર્વકનો એ સ્થૂળ રાગ છે. જ્યાં સૂક્ષ્મ રાગ પણ દુઃખરૂપ છે ત્યાં સ્થૂળ રાગ ઘણા દુઃખરૂપ હોય, એમાં દુઃખની તારતમ્યતા ઘણી હોય એ સહજપણે સમજી શકાય એવું છે.

જેને સ્થૂળ રાગમાં પણ દુઃખ લાગતું નથી, તેને સૂક્ષ્મ રાગ તો હજી થતો નથી અને થાય તો એમાં દુઃખ લાગવાનો પ્રશ્ન નથી. એમાં એને સુખ લાગશે. કેમકે સ્થુળ રાગમાં હજી દુઃખ લાગતું નથી. તો આકુળતા મંદ થાય એટલે સૂક્ષ્મ વિકલ્પ થાય-સૂક્ષ્મ રાગ થાય એટલે કષાયની મંદતા થાય એટલે એને સુખ લાગે. સુખ લાગે એટલે એને ઠીક લાગે, ઠીક લાગે એટલે એમાં એને આત્મબુદ્ધિ થાય. આત્મબુદ્ધિ થાય એટલે જેમાં આત્મબુદ્ધિ થાય ત્યાંથી એને ખસવાનો પ્રશ્ન રહેતો નથી. કષાયની મંદતામાં ત્યાં આત્મબુદ્ધિ થઈ તો કષાયની મંદતામાં જ રહું. એ એનો અભિપ્રાય થઈ જાય છે. હું સદાય કષાયની મંદતામાં રહું, આવી શાંતિમાં રહું, આવી માનસિક શાંતિમાં રહું એમ એનો અભિપ્રાય થઈ જાય છે. પણ કદી કષાયનું એકસરખું ઉત્પન્ન થવાપણું બનતું નથી. જે કષાય મંદ થાય એ તીવ્ર થયા વિના રહે નહિ. તીવ્ર થાય તે મંદ થયા વિના રહે નહિ. એવો જ એનો સ્વભાવ છે કે એ તીવ્ર-મંદ ભાવે જ થયા કરે. એકધારો કોઈને તીવ્ર રહે નહિ, એકધારો કોઈને મંદ થાય

નહિ. એટલે મોક્ષમાર્ગને વિષે કષાયની મંદતા-તીવ્રતાની કોઈ ગણતરી નથી. આ કામમાં આવે એવી ચીજ છે એવી ગણતરી એમાં નથી.

મુમુક્ષુ :- એક બાજુ .. સમ્યગ્જ્ઞાન નિમિત્ત છે, એક બાજુ ઉપયોગ ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ તો સ્વરૂપમાં રહેવો જોઈએ. સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત તો એ રીતે છે કે એનું સ્વરૂપજ્ઞાન, એ કહેવા માગે એનું સ્વરૂપ શું છે દેવ-ગુરુ-શાસ્ત્રનું ? એમાં એનું જ્ઞાન કરવાનું છે.

જે જીવો દેવના સ્વરૂપને સમજતા નથી, જે જીવો ગુરુના સ્વરૂપને સમજતા નથી, જે જીવો શાસ્ત્રના સ્વરૂપને સમજતા નથી અને તેથી કરીને કાં તો અન્ય દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને ભૂલથી માને છે અને કાં તો સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રનો નિષેધ કરે છે. બેમાંથી એક કરે છે. એવા જીવને એમ કહ્યું. કોને ? એવા જીવને એમ કહ્યું કે પ્રથમ તો તું દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ સમજ. એ સમજતા તને સમ્યગ્જ્ઞાન થવાનું નિમિત્ત ઉત્પન્ન થશે. કેમકે દેવ તત્ત્વ છે. વીતરાગ તત્ત્વ છે. મોક્ષ તત્ત્વ છે. અને આ આત્માને પરિપૂર્ણ શુદ્ધ થવું, નિષ્કલંક દશાએ પહોંચવું એ એનું આદર્શ સ્થાન છે, એ એનું સાધ્ય સ્થાન છે. એ રીતે એણે દેવતત્ત્વનું પહેલાં જ્ઞાન કરવું જોઈએ. એ જીવો માટે છે. એમાં જેની ભૂલ થાય છે એને માટે એમ કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો સમ્યગ્જ્ઞાનના નિમિત્ત છે. તું એનાથી ઊંધો કેમ ચાલે છો ?

દેવ-ગુરુ-શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનના નિમિત્ત છે એનો અર્થ કે એ તારું સમ્યગ્જ્ઞાન નહિ કરે, તારું સમ્યગ્જ્ઞાન તો તારે કરવાનું છે અને તે અભિમુખ થતાં થશે. સમ્યગ્જ્ઞાન તો સ્વાભિમુખ થતાં થશે, અંતર્મુખ થતાં હશે અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ અંતર્મુખ થવાનું કહી રહ્યા છે. એમ જાણે ત્યારે એને દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ જાણ્યું કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્ર અંતર્મુખ થવાનું ફરમાન કરે છે છતાં અંતર્મુખ થવાના ફરમાનનો નિષેધ કરવો અને ના ના, અમે તો દેવ-ગુરુ-શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત છે એટલે એની જ પાછળ જવાના છીએ, એમ ઉપયોગને એની પાછળ લગાવ્યા કરે તો એ દેવ-ગુરુ-શાસ્ત્રને જ માનતો નથી.

જેમ આગમમાં એમ કહ્યું કે અનુભવપ્રમાણ બળવાન પ્રમાણ છે. છતાં અનુભવપ્રમાણને બળવાન પ્રમાણ માન્યા વિના આગમનો આધાર

માગે, અનુભવીના વચનને પણ એમ કહે કે તમે કહો છો એના માટે આગમનો આધાર લાવો. તો એ આગમને જ માનતો નથી. કેમકે આગમમાં એમ કહ્યું છે કે શાસ્ત્રપ્રમાણ, યુક્તિપ્રમાણ, અનુમાનપ્રમાણ તે સર્વ પ્રમાણ કરતાં અનુભવપ્રમાણ બળવાન છે. એ આગમવચન છે. તો અનુભવપ્રમાણને બળવાન ન માને તો એ આગમને માનતો નથી.

એમ દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ અંતર્મુખ થવાનું કહે છે, એના બદલે અંતર્મુખ ન થાય અને શુભરાગની મુખ્યતા કરીને એમાં લાગ્યો રહે તો એને કહે છે કે એ દેવ-ગુરુ-શાસ્ત્રને ખરેખર તો માનતો નથી. એમ માનવાનું છે.

ભક્તિનો વિકલ્પ આવે, શુભભાવનો, ત્યાં તારું જ્ઞાન શું કામ કરે છે ? આટલું જરા તપાસવા જેવું છે. વીતરાગ જિનેન્દ્રદેવની સામે જોઈને તને શુભભાવનો, ભક્તિનો રાગ આવે. આવે છે. પણ એ વખતે તારું જ્ઞાન શું કામ કરે છે એ તો તપાસ. કે એકલો રાગમાં તન્મય છો ? તો તને રાગનું દુઃખ નહિ લાગે. સાથે એમનું જે વીતરાગપણું છે એવું જ વીતરાગસ્વરૂપ આ જ્ઞાનનું છે. જ્ઞાન પણ વીતરાગસ્વરૂપ છે. રાગસ્વરૂપ જ્ઞાન નથી, રાગરહિત એ જ્ઞાનનું સ્વરૂપ છે. એવું જ આ જ્ઞાનનું સ્વરૂપ છે એમ જ્યાં જોવે તો એને સાથે ચાલતો રાગ દુઃખરૂપ ભાસ્યા વિના રહે નહિ. તો એ રાગને છોડશે. જેને રાગ દુઃખરૂપ લાગશે તે રાગથી છૂટી શકશે. જેને રાગ સુખરૂપ લાગે છે તે રાગથી કેવી રીતે છૂટી શકશે ? એ કોઈ પ્રકારે છૂટી શકશે નહિ.

મુમુક્ષુ :- કોઈપણ ઉદયના પ્રસંગની ચિંતા આત્મહિતને બાધક છે એમ સમજવું જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચોક્કસ બાધક છે. કોઈપણ ઉદયની ચિંતા આત્મહિતને બાધક જ છે. કેમકે ખરેખર ચિંતા તો કર્તવ્ય છે જ નહિ. કોઈપણ ઉદયમાં જીવ ચિંતા ક્યારે કરે છે ? આ મારો ઉદય છે. આ પ્રતિકૂળતાનો ઉદય મને આવ્યો, એની ચિંતા એને થાય છે. ખરેખર તો પોતે ભિન્ન છે. એ ઉદયથી પોતે પોતાના આત્મસ્વરૂપથી તો એ ભિન્ન હોવા છતાં એમાં અભિન્નપણું કરીને ઉપાધિ કરે છે. એટલે ભિન્નપણું એનું ત્યાં રહેતું નથી. પોતાના જ્ઞાનમાં, લક્ષમાં ભિન્નપણું રહેતું નથી અને ઉપાધિ કરે છે. તો એ અભિન્નપણું કરે છે એ જ એને અહિતપણું

છે. અથવા એ ઉપાધિ થાય છે, ચિંતામાં જે ઉપાધિ થાય છે ત્યારે દુઃખ થાય છે અને દુઃખ થાય છે એ જ એનું નુકસાન છે. એની શાંતિ હણાય છે એ એનું નુકસાન છે.

ચાર રૂપિયાની ચીજ ખરીદીને ત્રણ રૂપિયે વેચી. હવે એમાં પ્રશ્ન ક્યાં છે કે નુકસાન થયું કે ન થયું ? ચારમાં લાવીને ત્રણમાં વેચે એમાં નુકસાન થયું કે ન થયું ? પ્રશ્ન જ નથી એમાં. એમ જ્યાં ચિંતા કરી ત્યાં દુઃખ થયું કે ન થયું ? તારી શક્તિ, તારો ઉપયોગ, તારો પુરુષાર્થ એમાં ખર્ચ્યો કે ન ખર્ચ્યો દુઃખ થવામાં ? કે ખર્ચ્યો. પત્યું. એ જ નુકસાન છે. નુકસાન બીજું શું છે ? અશાંતિ થાય, દુઃખ થાય એ જીવને નુકસાન છે.

અધિકારની શરૂઆત બહુ સરસ કરી છે. તેથી '**ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડી રાગદ્વેષને છોડી (અન્ય) ચિંતા મટાડી,...**' અન્ય પદાર્થની ચિંતાને મટાડી '**ધ્યાનમાં મન ધરી,...**' ધ્યાનમાં એકાગ્રતા કરી. ચૈતન્યસામાન્ય. '**ચિત્સ્વરૂપ...**' એટલે ચૈતન્યસામાન્ય, જે પરમતત્ત્વ છે તેમાં '**સમાધિ લગાવીને...**' એટલે ઉપયોગને સમપરિણામે તેમાં સ્થિર કરીને '**નિજાનંદને ભેટો.**' આનંદનો અનુભવ કરો. આ સ્થિતિમાં આવીને આનંદનો અનુભવ કરો. ત્યાં તમને આનંદ થશે. નિરાકુળ આનંદ થશે. આત્માના સ્વભાવમાંથી, ગુણમાંથી ઉત્પન્ન થયેલો આનંદ થશે. નિર્દોષ આનંદ થશે. એનો તમે અનુભવ કરો.

'**સ્વરૂપમાં વીતરાગતાથી જ્ઞાનભાવ થાય ત્યારે સમાધિ ઊપજે...**' સ્વરૂપમાં સમાધિ ક્યારે ઊપજે ? એનો આ ઉત્તર છે. પોતાના પરિણામમાં વીતરાગતા થાય, રાગ-દ્વેષનો અભાવ થાય અને એ પ્રકારે જ્ઞાનભાવ થાય સ્વરૂપમાં, વીતરાગભાવે ઉપયોગ સ્વરૂપમાં લાગે ત્યારે સમાધિ ઊપજે. રાગ-દ્વેષભાવે ઉપયોગ રહેતો હોય ત્યાં સ્વરૂપમાં ઉપયોગ લાગીને સમાધિભાવ થઈ શકે નહિ. એમ કહેવું છે.

મુમુક્ષુ :- જ્ઞાનભાવ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનભાવ થાય ત્યારે. વીતરાગતાથી જ્ઞાનભાવ થાય ત્યારે. વીતરાગતાપૂર્વક જ્ઞાન જ્ઞાનને વેદે ત્યારે. એમ લેવું છે. એ જ્ઞાનભાવ છે. વીતરાગતાથી જ્ઞાનભાવ થવો એનો અર્થ શું ? કે રાગ-દ્વેષ રહિતપણાના પરિણામે જ્ઞાન જ્ઞાનને વેદે. ત્યારે એને સમાધિ ઊપજે. સ્વસંવેદનભાવમાં સમાધિનું ઊપજવું છે. પોતાના જ નિજ

વેદનમાં સમાધિનું ઊપજવું છે. એથી સ્વરૂપમાં સમાધિ આ પ્રકારે ઊપજે છે. અને '**તે પોતાના સ્વરૂપમાં મન લીન કરે,...**' જ્યારે સ્વરૂપમાં વીતરાગભાવે સમાધિ ઊપજે ત્યારે પોતાના સ્વરૂપમાં મન લીન થાય છે અથવા પોતાના સ્વરૂપમાં ઉપયોગ લીન થાય છે. મન એટલે અહીંયાં ઉપયોગ લેવો. ઉપયોગ લીન થાય છે. ઉપયોગને મન કહે છે અને મનને ઉપયોગ કહે છે. જડનો તો અહીંયાં પ્રશ્ન જ નથી. દ્રવ્યેન્દ્રિયનો તો પ્રશ્ન જ નથી. પણ મતિ શ્રુતજ્ઞાન છે ત્યાં સુધી મન અને ભાવેન્દ્રિય છે. એમ એક કથન છે, એવી એક અપેક્ષા છે.

'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ ચર્ચા 'ટોડરમલજી'એ બહુ કરી છે. મનસહિત છે અને મનરહિત છે. શુદ્ધોપયોગ છે એ મનસહિત છે અને શુદ્ધોપયોગ છે એ મનરહિત છે એમ બંને રીતે કહેવામાં આવે છે. મનસહિત છે એનો અર્થ શું છે કે જે મતિ શ્રુતજ્ઞાનનો ઉપયોગ પરપદાર્થમાં જતો હતો ત્યારે મનસહિત જતો હતો. અહીંયાં એ જ ઉપયોગ અંદરમાં વળ્યો એટલે એને મનસહિતપણું કહ્યું. પરોક્ષ છે એટલે. અને અતીન્દ્રિય હોવાથી એને મનરહિતપણું કહ્યું. એમ બેય રીતે એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કહેવામાં આવે છે. ખરેખર શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો અતીન્દ્રિય ભાવ છે. એનું નામ જ મન કહ્યું છે. ઉપયોગને ત્યાં મન શબ્દથી સંબોધિત કર્યો છે.

એ '**પોતાના સ્વરૂપમાં મન લીન કરે,...**' અથવા ઉપયોગ લીન કરે. '**દ્રવ્યગુણપર્યાયમાં પરિણામ લીન (રહે),...**' દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં પરિણામ લીન રહે. પોતના, હોં ! નિજ '**દ્રવ્યગુણપર્યાયમાં પરિણામ લીન (રહે),...**' અથવા નિજ દ્રવ્યગુણપર્યાયને સ્વસ્વરૂપે દ્રવ્યગુણપર્યાયના ભેદ પાડ્યા વિના અનુભવ કરે, દ્રવ્યગુણપર્યાયને યથાસ્થાને અનુભવ કરે, તેનો ભેદ પાડ્યા વિના. '**સ્વસમય-સમાધિ એવી હોય છે.**' એ જે સ્વસમયરૂપ સમાધિ કહેવામાં આવે છે. અહીંયાં સમાધિને સ્વસમય કહ્યું છે. પોતાના પદાર્થમાં લીન રહેવું એનું નામ સ્વસમય સમાધિ છે. પરપદાર્થમાં લીન થાય તેને પરસમય કહ્યો. સ્વપદાર્થમાં લીન થાય તેને સ્વસમય કહ્યો. બીજી ગાથામાં કહ્યું ને ? સ્વસમય સ્થિત જાણવો. જે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રહે તેને

સ્વસમય જાણવો અને પરદ્રવ્ય પર્યાયે પરિણમે તેને પરસમય જાણવો. એ ગાથા લીધી છે. હવે એનો વિસ્તાર કરે છે.

મુમુક્ષુ :- ગણધરદેવે બાર અંગ રચ્યા. બાર અંગમાં જે કહેવું છે એ આટલું જ કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ સાર છે. બારેય અંગનો સાર શુદ્ધોપયોગમાં રહેવું તે છે. અથવા બારેય અંગનો વિસ્તાર જીવને શુદ્ધોપયોગમાં પરિણમાવવા માટે છે. આ એક જ હેતુથી સર્વ વિસ્તાર કરવામાં આવ્યો છે. તમામ વિસ્તાર આને માટે છે.

કોઈ પૂછે કે તમે ધર્મી છો, મોક્ષમાર્ગી છો તો શાસ્ત્રનું વાંચન કરો છો કે નહિ ? રોજ શાસ્ત્રનો સ્વાધ્યાય તો કરો છો કે નહિ ? તો કહે છે કે જેને શુદ્ધોપયોગ થયો એ શાસ્ત્ર વાંચે છે કે નથી વાંચતો એનું બંધન એને નથી. એનું બંધન એને નથી. જેના પરિણામ ઉદયમાં તીવ્રપણે લાગ્યા કરતા હોય એને એમ કહે કે ભાઈ એમાંથી નવરો થઈને થોડીકવાર તો કલાક, બે કલાક, ચાર કલાક શાસ્ત્ર વાંચ. નહિતર આમ ને આમ આ ઉપાધિમાં તારું જીવન પૂરું થઈ જશે ગમે ત્યારે. માટે કાંઈક નિવૃત્ત લઈને શાસ્ત્રનું અધ્યયન કર. પણ શાસ્ત્રનું અધ્યયન કરે એને એમ કહે છે કે શાસ્ત્રનું અધ્યયન કર્યા કરે છો પણ ઉપયોગ સ્વરૂપમાં આવતો નથી. તો એવું શાસ્ત્રનું અધ્યયન કર્યા કરવું એ શું કામનું ? શાસ્ત્ર અધ્યયન કાંઈ શાસ્ત્ર અધ્યયન માટે નથી, પણ શાસ્ત્ર અધ્યયન તો ઉપયોગને શુદ્ધ કરવા માટે છે. જો ઉપયોગની શુદ્ધતા ન થાય તો શાસ્ત્ર અધ્યયન શા માટે તેં કર્યું ? ખાલી કરવા ખાતર કર્યું ? શાસ્ત્ર અધ્યયન કરવા ખાતર શાસ્ત્ર અધ્યયન કર્યું ? તો એ રીતે તો કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- ફળ આવે નહિ અને ઝાડ વધ્યા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો શું અર્થ છે ? ખરેખર તો એણે ફળની ઈચ્છાથી ઝાડ વાવ્યું છે. પણ ઝાડ તો જેવડું મોટું થવું જોઈએ એટલું થઈ ગયું. કદાચ એનાથી પણ થોડું વધારે મોટું થયું. પહેલા તો છોડમાં જ ફળ આવે છે ને ? છોડ તો થાય. ત્રણ-ચાર ફૂટનો. એના બદલે પાંચ ફૂટનું થયો, સાડા પાંચ ફૂટનું થયો. પણ આને નથી ફૂલ બેસતા કે નથી ફળ આવતા. શું કામનું ઈ ? એમ કહે છે. એની છાયાં તો કાંઈ કામમાં આવતી નથી.

એટલે એમણે એ વાત લીધી છે કે એને શાસ્ત્ર ભણવાની અટક નથી. બાર અંગમાં પણ આવું સ્વરૂપ સમાધિ કરવાનું નિધાન છે. બાર અંગનો સાર તો સ્વરૂપ સમાધિ કરવી તે છે. એ વિધાન એમાં છે અને એ તો આણે કર્યું. એટલે એને તો બારેય અંગનું જ્ઞાન આવી ગયું. બાર અંગનું જ્ઞાન એમાં આવી ગયું. સ્વરૂપ સમાધિ લાગી તો બાર અંગનું જ્ઞાન એમાં આવી ગયું.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એને શીખડાવવા બેસાય નહિ અને એને શીખડાવવાની જરૂર જ નથી. એની પાસેથી શીખવાની જરૂર છે કે હે મહાત્મા ! તમે કેવી રીતે અંતર્મુખ થયા ? અને તમે કેવી રીતે સ્વરૂપ સમાધિ લગાવી ? એ તમે અમને સમજાવો. ભલે અમે શાસ્ત્ર ઘણા વાંચ્યા છે, મોટા વિદ્વાન થઈ ગયા છીએ પણ હજી અમને અંતર્મુખ થતા આવડતું નથી. માટે અમારે તમારા ચરણમાં બેસીને સ્વરૂપ સમાધિ લગાવવી છે. પણ અમારે એ શીખવું છે. માત્ર શાસ્ત્ર વાંચ્યા કરવાથી કાંઈ અંદરમાં શાંતિ આવવાની નથી. એ તો જીવ અશાંતિમાં ચાલ્યો જાય છે. કાં વિકલ્પ વધે. અનેક શાસ્ત્રો વાંચતા કાં તો વિકલ્પ વધે. અને કાં અતિપરિણામપણું થાય એટલે કે મને ઘણું જ્ઞાન થઈ ગયું છે એવું એને અભિમાન થાય. તકલીફ થાય.

મુમુક્ષુ :- સમાધિ અધિકાર ફરીથી લઈએ. બહુ સરસ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી.

**'સમાધિ તો પ્રથમ ધ્યાન થતાં થાય છે.'** એટલે ધ્યાન વગર સમાધિનો પ્રશ્ન રહેતો નથી. કોઈ એમ કહે કે ભલે અમને ધ્યાન સાથે કાંઈ લેવાદેવા નથી. પણ અમને તો સમાધિ રહે છે. અમને કાંઈ વાંધો આવતો નથી. અમને તો સમાધિ રહે છે. સમાધાન રહે છે એટલે સમાધિ રહે છે. સમાધાનવાળા પરિણામ. પછી તો જ્ઞાનીને જે જ્ઞાનદશા છે એમાં સર્વત્ર સમાધાન છે. એની જ્ઞાનદશા છે એને તો સર્વત્ર સમાધાન છે.

'શ્રીમદ્જી'એ શ્લોક ઉદ્ધરણ કર્યો છે. **'पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु'** એમ કરીને લીધું છે. પણ જ્યાં જ્યાં મારું મન જાય છે ત્યાં મને સમાધાન **'यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः'** મને 'મહાવીર'

પ્રત્યે પક્ષપાત નથી કે 'કપિલમુનિ' પ્રત્યે મને દ્વેષ નથી. અન્યમતમાં થયા ને 'કપિલમુનિ' ? વેદાંતમાં. પણ મારું મન તો જ્યાં જાય છે ત્યાં સમાધાન જ પ્રાપ્ત કરે છે. એટલે અન્ય મતના શાસ્ત્રો વાંચતા મને અસમાધાન થતું નથી. જેને સમ્યગ્જ્ઞાન નથી એ અન્યમતનું શાસ્ત્ર વાંચવા જાય તો એને અન્યમતનું અન્યથા શ્રદ્ધાન પણ દૃઢ થઈ જાય. કેમકે એને ખબર નથી, વિવેક નથી કે આમાં ઇષ્ટ-ઠીક શું છે અને અઠીક શું છે ? સમ્યગ્જ્ઞાની અન્યમતનું શાસ્ત્ર વાંચે તો એનું જ્ઞાન મિથ્યાજ્ઞાન ન થાય. એને જ્ઞાનમાં બરાબર સમજાય કે આ નયથી આ મત ચાલ્યો છે. એમાં નયની મર્યાદા આટલી છે અને નયાભાસ અહીંથી શરૂ થાય છે. એ એને સમજાય છે.

મુમુક્ષુ :- 'ટોડરમલજી'એ ઘણા અન્યમતના વાંચેલા.

પૂજ્ય ભાઈશ્રી :- 'ટોડરમલજી'એ વાંચેલા, 'શ્રીમદ્જી'એ વાંચેલા. 'શ્રીમદ્જી'નું વાંચન હતું. એ તો પોતે માણસ નથી કહેતા ? કે ભાઈ હજાર માણસ હજાર વાત કરે, પણ જેનું કાળજુ ઠેકાણે છે એને કોઈ ખસેડી શકતું નથી અથવા એને ચિત્તભ્રમ ઉપજાવી શકતું નથી. તમે હજાર વાત કરો ને એનું કાળજું ઠેકાણે છે, એમ કહે છે. એટલે એની સમજણમાં તમે ફેર નહિ પાડી શકો. તમે હજાર વાત કરો એટલે એ કાંઈ તમારી વાતમાં દોરાઈ જશે એમ નથી બનતું. એમ જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું, પોતાના સ્વરૂપને જાણીને એની સર્વસ્વ ઉપાદેયતા કરીને અંતર પરિણમન કર્યું, એને સર્વસ્વપણે ઉપાદેય શું છે ? ત્યાંથી તમે ખસેડી નહિ શકો.

હજાર વાત અન્યમતની સામે આવે. અનેક જાતનું લોજિક, દલીલ, ન્યાય અનેક વાતો આવે. પણ આ શુદ્ધાત્મા પરમતત્ત્વ, પરમાત્મતત્ત્વ ઉપાદેય છે એ વાત જેને અનુભવગોચર થઈ ગઈ, જાણીને અનુભવગોચર થઈ ગઈ એને ત્યાંથી તમે ખસેડી નહિ શકો. બધી વાતોમાં એ એટલી તપાસ કરી શકશે કે આ સ્વરૂપને અનુસરવા માટે આ કથન નિમિત્ત પડે છે કે નિમિત્ત નથી પડતું ? અથવા એ કાર્ય માટે, નિજ કાર્ય માટે આ સાનુકુળ વાત છે કે આ પ્રતિકૂળ વાત છે ? એ જ્ઞાન તો એટલું બધું ઊંડું જઈને કામ કરે છે કે માત્ર કથન નથી જોતું, કથન પાછળ કહેનારના અભિપ્રાયને પહેલા પકડે છે.

લોકો વચન ઉપર દોરાઈ જાય છે કે આમ કહે છે... આમ કહે છે... આમ કહે છે... અમારામાં પણ આમ કહે છે, અમારામાં પણ આમ કહે છે. એમ નહિ. એ કહેવા પાછળ કહેનારનો અભિપ્રાય (શું છે ?) અભિપ્રાયમાં એ જીવ ક્યાં ઊભો છે એ પહેલા પકડો. પછી એના કથનનું અર્થઘટન કરો. નહિતર ભૂલાવામાં પડતા વાર લાગશે નહિ. એ માપવાની શક્તિ સમ્યગ્જ્ઞાનમાં સવિશેષ હોય છે.

શું કહે છે ? કે સમાધિ તો ધ્યાનમાં થાય છે. '**તે ધ્યાન એકાગ્રચિંતા નિરોધ થતાં થાય છે.**' ધ્યાન તો ત્યારે જ થાય છે કે સહજપણે બીજી ચિંતા ઉત્પન્ન ન થાય. એવી જે સ્વરૂપની એકાગ્રતા એને ધ્યાન કહેવામાં આવે છે. એ સ્વરૂપધ્યાન છે, એ ધર્મધ્યાન છે. ચાર પ્રકારના ધ્યાન છે ને ? શુક્લ, ધર્મ, આર્ત અને રૌદ્ર. સામાન્યપણે સંસારી જીવને જે ઉદય પ્રત્યેના પરિણામ ચિંતાવાળા છે એને આર્તધ્યાન કહેવામાં આવે છે. બહુભાગ જીવો આર્તધ્યાનમાં પરિણમે છે. બહુભાગ જીવો, ચારેય ગતિમાં. અને આર્તધ્યાનનું ફળ મુખ્યપણે તિર્યંચગતિ છે. એથી તિર્યંચગતિમાં સંખ્યા સૌથી વધારે છે. સંસારી જીવોની સૌથી વધારે સંખ્યા તિર્યંચગતિમાં છે. ત્રણે ગતિના જીવોની સંખ્યાનો સરવાળો મારો એનાથી અનંતગુણા જીવો તિર્યંચગતિમાં છે. અનંતગુણા ! એટલું મોટું પેટ છે તિર્યંચગતિનું.

'ગુરુદેવે' જ્યારે પરિવર્તન કર્યું ત્યારે પહેલો વિરોધ સ્થાનકવાસી સંપ્રદાયે શરૂ કર્યો. કેમકે પહેલો ભય એને ઉત્પન્ન થયો. સ્થાનકવાસીના સાધુ પરિવારને એ ભય ઉત્પન્ન થયો કે આપણી દુકાન આ તોડશે. દુકાનદારી છે, ધર્મમાં તો મોટા ભાગે દુકાનદારી ચાલે છે. આ પેઢી આપણી તૂટી જશે. આ સમર્થ વ્યક્તિ છે અને એ ઊઠીને એમ કહે છે કે આ ભૂલવાળું છે, આ ખોટું છે, અહીંયાં ધર્મ નથી થતો. તો આપણા ધર્મમાં કોણ આપણી પાસે રહેશે ? કોઈ રહેશે નહિ. 'કાનજીસ્વામી' જેવા સમર્થ સાધુ એમ કહેશે કે નહિ, આ સાધુપણું નથી, આ માર્ગ ખોટો છે. મરી ગયા આપણે તો.

મુમુક્ષુ :- ... ખરેખર તો સ્થાનકવાસી ..

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એને એટલું ઉઠાવ્યું છે કે જો પચ્ચીસમાં તીર્થંકરનું નહિ કરીએ તો આ લોકોનો પ્રભાવ અને બળ એવું

છે કે આ બધું એકદમ ફેલાઈ જશે. એ પણ બીએ છે. બધા બીકના માર્યા એ પણ.. ઘરે ઘરે મંદિરે મંદિરમાં સૂર્યકીર્તિ ભગવાનની પ્રતિમા થઈ જશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું માન હતું. એમાં કાંઈ પ્રશ્ન જ નથી. એટલે એટલો બધો જેનો સમાજ ઉપર પ્રભાવ હોય, એ વ્યક્તિ જ્યારે બદલે ત્યારે પેલા લોકોને તો મોટી ખોટ જાય. એટલે એમાં વિરોધ જોરથી થયો. એમાં એક મહાસતિજી હતા. એ બહુ તીવ્ર વિરોધ કરતા હતા. એ જેમ ફાવે એમ બોલતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'લીલીબાઈ' 'લીલાબાઈ' સ્વામી કહેવાતા હતા ત્યાં. સંપ્રદાયનો બહુ ખ્યાલ નથી. પછી 'વાંકાનેર'માં એક શેઠ હતા, એ બહુ વીર્યવાળા હતા. એ એકવાર એને મળવા ગયા. બહેન ! બાપુ ! એ કાંઈ એને મહારાજ-બહારાજ કહે નહિ. બહેન ! બાપુ ! આ કરવા જેવું નથી. તમે જે વિરોધ કરો છો એ કરવા જેવો નથી. નહિતર નિગોદનું પેટ બહુ મોટું છે. શું કીધું ? નિગોદનું પેટ બહુ મોટું છે. તમે પ્રગટ સત્પુરુષનો વિરોધ કરો છો. વયા જશો, ત્યાં વયા જાશો. નિગોદનું પેટ બહુ મોટું છે. એવા જબરા હતા. મહાસતિ..

મુમુક્ષુ :- બાળબ્રહ્મચારી હતા.

પૂજ્ય ભાઈશ્રી :- બાળબ્રહ્મચારી અને સમાજ ઉપર પણ એનું વર્ચસ્વ હશે જરા. પ્રતિષ્ઠા સારી, પ્રભાવ સારો. એને જઈને કીધું. એ આર્તધ્યાનનું ફળ છે. રૌદ્રધ્યાનનું ફળ નરકગતિ છે.

સમ્યગ્દૃષ્ટિને ધર્મધ્યાન ઉત્પન્ન થાય છે તેથી, ધ્યાનના જે બે વિભાગ થાય ચારિત્રના પરિણામમાં, એમાં આર્તધ્યાન રહે છે. તોપણ એને આર્તધ્યાનના નિમિત્તે તિર્યંચગતિનો બંધ ન પડે. એટલા રસ વગરના એ પરિણામ હોય છે. સમ્યગ્દૃષ્ટિને પંચમ ગુણસ્થાન, મધ્યમ પંચમ ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન સંભવિત છે, થઈ શકે છે. થાય જ એવું કાંઈ નથી. પણ કોઈને થઈ જાય તોપણ એને નરકનો બંધ ન પડે. બીજાને પડે. સમ્યગ્દૃષ્ટિને ન પડે. આ એનો ગુણ છે. કેમકે એમાં એટલો રસ નથી હોતો. કે જેમાં એને નિદ્ધત નિકાચિત બંધ પડી જાય.

એવો એને તીવ્ર રસ હોતો નથી.

એ રસને તોડવાવાળું, વિરૂદ્ધ રસવાળું પરિણામ એ જ વખતે પરિણામ અંશ એની પાસે ઉત્પન્ન હોય છે અને એ મુખ્ય હોય છે, એ વિશેષ હોય છે, એનો રસ વધારે હોય છે અને આનો રસ ઓછો હોય છે. એટલે એમ થતું નથી.

**'તે ધ્યાન એકાગ્ર ચિંતા નિરોધ થતાં થાય છે. તે ચિંતાનિરોધ રાગદ્વેષને મટાડવાથી થાય છે.'** રાગ-દ્વેષ મટે તો ચિંતા મટે, રાગ-દ્વેષ ન મટે અને ચિંતા મટે એ કેવી રીતે બને ? એ બની શકતું નથી. જેના પ્રત્યે રાગ છે તેની ચિંતા એને થયા વિના રહે નહિ. દ્વેષ તો એનું બીજું પડખું છે. ઉદયમાં જેના પ્રત્યે દ્વેષ છે એની ચિંતા થયા વિના રહે નહિ. રાગ એનું બીજું પડખું છે. પ્રતિપક્ષમાં દ્વેષ છે અથવા પ્રતિપક્ષમાં રાગ છે. રાગ-દ્વેષને મટાડવાથી ચિંતા મટે છે અને રાગ-દ્વેષ છે તે ઈષ્ટ-અનિષ્ટ અભિપ્રાય મટતા મટે છે. ઈષ્ટ-અનિષ્ટપણું પદાર્થને વિષે નિશ્ચિત થયું છે તે એણે વિચારથી અભિપ્રાયને તોડી નાખવો જોઈએ. કોઈ ઈષ્ટ નથી, કોઈ અનિષ્ટ નથી. સર્વ પદાર્થ માત્ર જ્ઞાનમાં જ્ઞેય થવા યોગ્ય છે. જણાય તો જણાય. કોઈ ઠીક છે, અઠીક છે એ મારે લેવા-દેવા નથી. પ્રયોગ અહીંથી શરૂ કરવો જોઈએ. આમ ઉપરથી લીધું છે આ. પણ હવે જે છે એ પ્રયોગ કરવાનો વિષય છે.

**'તેથી જે જીવ સમાધિ-વાંછક છે...'** જેને શુદ્ધોપયોગ કરવો છે તે જીવે અહીંથી શરૂ કરવું એમ કહે છે. તેણે ઈષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય મટાડવો. પહેલા એણે વારંવાર પ્રયોગ કરીને, વિચાર કરીને નહિ. વિચારથી અભિપ્રાય સદંતર જાતો નથી. વિચાર કરતા મંદતા આવે, પણ અભિપ્રાયને ટાળવો હોય તો એણે પ્રયોગ કરવો જોઈએ. જે પદાર્થો ઈષ્ટ લાગે એની સામે ઊભા થઈ જવું કે આ જ્ઞાનભાવ આત્મા છે. પોતે જ્ઞાનસ્વરૂપે છે તો એ માત્ર જણાય. આ ઠીક લાગવાનું (કેમ થાય છે?) જ્ઞાનમાં જણાય તો જ્ઞાનનું જ્ઞેય છે. એમાં ઠીક લાગવાનું કારણ શું છે ? પીળું તે પીળું છે એમાં સારું શું છે અને ખરાબ શું છે ? કોઈ એમ કહે કે આ રંગ મને નથી ગમતો અને કોઈ એમ કહે કે આ જ રંગ મને ગમે છે. હવે આમાં સારું શું છે અને ખરાબ શું છે ? એ તો કાંઈ સારું નથી અને એ તો કાંઈ ખરાબ નથી. સારું હોય તો

ખરાબ લાગે નહિ, ખરાબ હોય તો સારું લાગે નહિ. પણ જુદાં જુદાં જીવોને બેય લાગે છે.

અથવા એક જ જીવને એ જ ચીજ ઠીક લાગે છે અને બાકી અઠીક લાગે છે જુદાં જુદાં કાળે. આ ઠીક હતી એ અઠીક ક્યાંથી થઈ ગઈ ? પદાર્થ-પદાર્થ છે. જે છે તે છે. તે જેમ છે તેમ જાણવું એટલો જ્ઞાનનો ધર્મ છે. તે જેમ છે તેમ નહિ જાણતા ઈષ્ટ-અનિષ્ટપણે જાણ્યું તે અધર્મ છે. તે જ્ઞાનનો ધર્મ નથી. આત્માનો ધર્મ નથી.

ઈષ્ટ-અનિષ્ટપણું મટાડવા માટે એણે તમામ ઉદયની અંદર પ્રયોગ બરાબર જાગૃત થઈને આદરવો જોઈએ અને સતત ચાલુ રાખવો જોઈએ. જ્યાં સુધી એ અભિપ્રાયનો નાશ ન થાય ત્યાં સુધી. અભિપ્રાય મટાડી દેવો જોઈએ. કોઈ મને નુકસાન કરતું નથી. ઈષ્ટ-અનિષ્ટપણું જશે ત્યારે શું થાય ? કે કોઈ મને નુકસાન કરતું નથી. પણ કોઈ રૂપિયા લઈ જાય, કોઈ સોનું લઈ જાય તો ? કોનામાંથી લઈ ગયો ? તારા આત્મામાંથી શું લઈ ગયો ? જરા આકરું લાગે એવું છે. ઈષ્ટ-અનિષ્ટ અભિપ્રાય મટાડવા તો એણે જ્યાં જ્યાં એને લાભ-નુકસાન થાય, જ્યાં જ્યાં એને સુખ-દુઃખ લાગે, જ્યાં જ્યાં એને ઠીક-અઠીકપણું લાગે, જ્યાં એને શાંતિ-અશાંતિ થાય ત્યાં બરાબર જાગૃત થઈને ઊભું રહેવું. સીધી લાકડી ઉપાડવી કે ઈષ્ટ છે નહિ ને ઈષ્ટ કેમ લાગે છે ? અનિષ્ટ છે નહિ ને અનિષ્ટ કેમ લાગે છે ? એ તો છે નહિ. અહીંયાં થાય એ મારો દોષ છે પણ ત્યાં તો છે જ નહિ. એ વાત એને અભિપ્રાયથી બરાબર વાત આદરવી જોઈએ. એ કાર્ય એને આદરવું જોઈએ. માત્ર વાણીનો તો વિષય નથી, વિચારનો તો માત્ર વિષયન નથી પણ અમલ કરવાનો આ વિષય છે. અહીંથી અમલ શરૂ થાય છે. આ અમલથી જ શરૂઆત થાય છે ખરેખર તો. આ એક જાતનું આચરણ છે.

મુમુક્ષુ :- ઈષ્ટ-અનિષ્ટ ન કરીએ એટલે સાથે ભેદજ્ઞાન પણ થઈ જ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, અહીંથી જ ભેદજ્ઞાન થશે. ભેદજ્ઞાનમાંથી જ ઈષ્ટ-અનિષ્ટપણું મટે છે કે હું જ્ઞાન છું, હું જ્ઞાનસ્વરૂપે છું. પુરણપોળી જ્ઞાન તો ખાઈ શકતું નથી. આ ઘીવાળી પુરણપોળી ઘણાને બહુ ભાવે. તો કહે છે, પણ એ જ્ઞાન તો ખાઈ શકતું નથી. પછી જ્ઞાનને એ

પુરણપોળી સારી છે એ વાત આવી ક્યાંથી જ્ઞાનમાં ? આ પ્રશ્ન એણે ઉઠાવવો જોઈએ. પુરણપોળી સમજો છો ? મીઠી રોટી. આ તુવેરની દાળમાં બનાવે છે કે નહિ ?

મુમુક્ષુ :- વેડમી કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વેડમી. પુરણપોળીમાં ન સમજે એ વેડમીમાં ક્યાંથી સમજે ? પ્યોર કાઠીયાવાડી શબ્દ છે. વેડવી કહે છે એને. ઝાલાવાડમાં. એ તો આપણો એકદમ ઘરગથ્થુ ગુજરાતીનો કાઠિયાવાડી શબ્દ છે. પુરણપોળી કહે છે, એને ગળી રોટલી કહે છે.

કહે છે કે જ્ઞાન ખાતું નથી અને જ્ઞાનને ઈષ્ટ-અનિષ્ટપણું આવ્યું ક્યાંથી ? ખાતી વખતે તપાસીને બરાબર (નક્કી કર). ખાતી વખતે આ વાતમાં તું લડાઈ કર. તને ઈષ્ટપણું લાગે છે એની સામે લડાઈ કર. ઊભો રહે બરાબર. એમ પ્રયોગમાં સતતપણે આવવું જોઈએ. તો એનો અભિપ્રાય છૂટે, તો રાગ-દ્વેષ મટે, તો ચિંતા મટે, તો ધ્યાન લાગે, તો સમાધિ થાય. નહિતર થાય નહિ.

મુમુક્ષુ :- આમાંથી ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ એકેયને માનતો નથી. કોઈને માનતો નથી. (અહીં સુધી રાખીએ...)

નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી, 'જ્ઞાનમાત્ર'નો - શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાથી, - વેદનથી રાગાદિ વિભાવથી ભિન્નતા થાય છે, તે સિવાઈ રાગાદિ ભિન્ન થવાનો કોઈ ઉપાય નથી.

અજ્ઞાનમાં, ક્રોધાદિભાવ જ્ઞાનમાં (પોતામાં) થતાં માલૂમ પડે છે. તેથી તે બંન્નેનો ભિન્ન-ભિન્ન અનુભવ કઠણ છે, તોપણ અશક્ય નથી, કારણ રાગ અને જ્ઞાન સદાય જુદા જ રહ્યા છે, કદી એક થયા નથી, થતા નથી, તેથી નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન - વેદનથી તેનો ભિન્ન અનુભવ થાય છે. (અનુભવસંજીવની - ૯૪૫)

## તા. ૨૩-૩-૧૯૮૬, પાના નં. ૭૯, પ્રવચન નં. ૧૩૭

પાનું-૭૯. સમાધિ વર્ણન છે આ. વીતરાગ નિર્વિકલ્પ શુદ્ધોપયોગને અહીંયાં સમાધિ કહી છે. પોતાનું પરમાત્મતત્ત્વ સર્વસ્વપણે ઉપાદેય થતાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય એ વાસ્તવિક સમાધિ છે. સમાધિ શબ્દ તો અન્યમતમાં પણ આવે છે. કોઈ જમીનમાં દટાઈ છે, કોઈ કાંઈ કરે છે, કોઈ કાંઈ કરે છે. ધ્યાન લગાવે છે એને સમાધિ કહે છે. ખરેખર એ સમાધિ નથી. ઉપયોગની વિષમતા મટીને અવિષમભાવે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય અને વીતરાગ સ્વરૂપનો વીતરાગભાવે અનુભવ થાય ત્યારે એ ઉપયોગને અહીંયાં સમાધિ કહી છે. એવા શુદ્ધોપયોગને અહીંયાં સમાધિ કહેવામાં આવે છે. એ સમાધિનો જે જીવ ઇચ્છક છે, વાંચ્છક છે... ચોથી લીટી. ત્રીજી-ચોથી લીટી છે.

**'તેથી જે જીવ સમાધિ-વાંછક છે તે ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડી રાગદ્વેષને છોડી,...'** પ્રથમ અભિપ્રાયમાંથી ઇષ્ટ-અનિષ્ટપણું જાય. કોઈપણ પદાર્થ ઇષ્ટ નથી અને અનિષ્ટ નથી. માત્ર જેવો છે તેવો જ જ્ઞાનમાં પ્રતિભાસે અને વ્યામોહને લઈને જે ઇષ્ટ-અનિષ્ટપણું થાય છે, એવો વ્યામોહ કોઈ પદાર્થ પ્રત્યે અભિપ્રાયમાં ન રહે ત્યારે એને રાગ-દ્વેષ મટવાનો પ્રથમ અવસર આવે. રાગ-દ્વેષ સર્વથા તો બુદ્ધિપૂર્વકના સાતમા ગુણસ્થાને નાશ પામે છે. સાતમા અને એથી ઉપરના ગુણસ્થાનમાં. અબુદ્ધિપૂર્વકના બધા નવમા ગુણસ્થાને નાશ પામે છે અથવા બારમા ગુણસ્થાને ક્ષય થઈ જાય છે. તેથી અભિપ્રાય મટતા તરત જ બધા રાગ-દ્વેષ મટી જાય છે એવું બનતું નથી. પણ અભિપ્રાય ઇષ્ટ-અનિષ્ટપણાનો મટતા રાગ-દ્વેષ સમ્યક્ પ્રકારે અભાવ થવાની શરૂઆત થાય છે. અને ક્રમશઃ તેનો સર્વથા અભાવ થાય છે. આંશિક અભાવ શરૂ થાય છે. રાગ-દ્વેષનો અભાવ વધતો જાય છે અને ત્યારપછી ક્રમશઃ સર્વથા રાગ-દ્વેષ મટે છે. પણ એ રાગ-દ્વેષ થવાનું મૂળ ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય હતો. મૂળ મટે છે તો પછી ત્યારપછીના ઉત્તર પરિણામો પણ આપોઆપ મટવા લાગે છે.

**'તેથી જે જીવ સમાધિ-વાંછક છે..'** અથવા એવું કદી ન બને કે અભિપ્રાયમાં ઇષ્ટ-અનિષ્ટપણું ઊભું રહે અને કોઈને નિર્વિકલ્પ સમાધિનો ઉપયોગ લાગે. એવું કદી ન બને. શુદ્ધોપયોગ કદી ન થાય. શુદ્ધોપયોગ ક્યારે થાય ? કે એણે પૂર્વ પ્રયોગમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય મટાડ્યો હોય તો. તો રાગ-દ્વેષ જાય. નહિતર રાગ-દ્વેષ એક ક્ષણને માટે પણ અભાવરૂપ થાય, ઉત્પન્ન ન થાય એવી સ્થિતિ ન આવે.

**'રાગદ્વેષને છોડી, (અન્ય) ચિંતા મટાડી,...'** એટલે અન્ય પદાર્થો સંબંધીનો ઉપાધિભાવ છે તેનાથી દૂર થઈ, અન્ય પદાર્થથી પોતાનું સર્વથા ભિન્નપણું જાણીને એની ચિંતા અને ઉપાધિને છોડી ઉપયોગને ધ્યાનમાં એકાગ્ર કરે. ઉપયોગને ધ્યાનથી, એકાગ્રતારૂપી ધ્યાનથી સ્વરૂપમાં એકાગ્રતા કરે અથવા સ્વરૂપમાં ધારે અને ચૈતન્ય સ્વરૂપમાં, સામાન્ય નિર્વિકલ્પ ચૈતન્ય સ્વરૂપમાં પરિણામ સ્થિર થાય ત્યારે એને સમાધિ લગાવી છે એમ કહેવાય. એ સમાધિકાળમાં સ્વરૂપના આનંદની ઉત્પત્તિ થાય છે. એવા નિજાનંદને સર્વ જીવો પ્રાપ્ત થાવ એવી અહીંયાં ભાવના છે. આવા નિજાનંદને સર્વ જીવો પ્રાપ્ત થાવ એમ લીધું છે. ચિત્સ્વરૂપમાં જે જીવો સમાધિના વાંછક છે તે સમાધિ પ્રાપ્ત કરીને નિજાનંદને ભેટો. પોતાની શુભભાવના વ્યક્ત કરી છે. જેને આવી સમાધિ જોઈએ તે આ પ્રકારે આગળ વધીને સમાધિમાં નિર્વિકલ્પ સહજાનંદની, નિજાનંદની પ્રાપ્તિ કરો એવી પોતે પણ ભાવના વ્યક્ત કરે છે.

**'સ્વરૂપમાં વીતરાગતાથી જ્ઞાનભાવ થાય ત્યારે સમાધિ ઊપજે...'** આત્મસ્વરૂપમાં વીતરાગતા દ્વારા પોતાના સ્વરૂપમાં સ્વરૂપને વેદવારૂપ-અનુભવરૂપ જ્ઞાન થાય ત્યારે એ અનુભવકાળમાં સમાધિ ઊપજે છે. આ વાસ્તવિક સમાધિ છે. બાકી બધી સમાધિના નામે વાતો છે. એ બધી કલ્પનાથી વિચારેલી વાતો છે, એમાં ક્યાંય સમાધિ નથી. **'ત્યારે સમાધિ ઊપજે (અને) તે પોતાના સ્વરૂપમાં મન લીન કરે,...'** જ્યારે સમાધિ ઊપજે ત્યારે ઉપયોગ છે એ પોતાના સ્વરૂપમાં લીન થાય. **'દ્રવ્યગુણપર્યાયમાં પરિણામ લીન (રહે),...'** એટલે દ્રવ્યગુણપર્યાયને વીતરાગભાવે અનુભવગોચર કરે. **'સ્વસમય-સમાધિ**

**એવી હોય છે.**' સ્વસમય સમાધિ પોતાના નિજ આત્મપદાર્થમાં અવિષમભાવે પરિણામધારા રહે તેને આ પ્રકારે સમાધિભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અવિષમભાવે એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ-દ્વેષ છે તે વિષમભાવ છે. પોતાના સ્વરૂપથી વિરૂદ્ધ જતાં ભાવ છે. જેવું સ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ, શાંતસ્વરૂપ, આનંદસ્વરૂપ, સુખસ્વરૂપ, એવું જ પરિણામ થઈને સ્વરૂપમાં લીનતા રહે, પોતાના સ્વરૂપથી બહાર ન જાય તેને અવિષમ ઉપયોગ અથવા અવિષમ પરિણામ કહે છે.

'શ્રીમદ્જી' એક જગ્યાએ પત્ર લખતા લખતા એવા પરિણામની મહિમા કરે છે કે આવા અવિષમ ઉપયોગ પરિણામને હું નમસ્કાર કરું છું. તેથી એવા અવિષમ ઉપયોગના ધારક આત્માઓ છે તેને પણ નમસ્કાર પહોંચે છે. એવા અવિષમ ઉપયોગને નમસ્કાર કરે છે. એમાં નિર્મળતા અને પવિત્રતા હોવાથી એને નમે છે. એથી એવા આત્માઓને પણ નમે છે એમ એમાં આવી જાય છે.

એ તો એટલી બધી નમ્રતા કરે છે કે જે જીવ જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવા ઇચ્છે છે એવી યોગ્યતામાં આવે છે એના પ્રત્યે પણ એ બહુમાન વ્યક્ત કરે છે. એટલી બધી એમની સરળતા છે, નમ્રતા છે. અથવા પોતાના ગુણોને ઉત્પન્ન થવામાં એ પરિણામ સાનુકુળ છે. એવી જે નમ્રતા છે એ આત્મગુણોને ઉત્પન્ન થવાની અંદરમાં ભાવને અનુકૂળ સ્થિતિને ઉત્પન્ન કરે છે. કેમ કે એવા ગુણવાન પ્રત્યે નમવું છે. જેણે આત્મગુણો પ્રગટ કર્યા છે એને પ્રત્યે નમવું છે એટલે પોતાના ગુણો પ્રત્યે એને જવું છે. એમ એનો અર્થ થાય છે. અંદરથી ગુણ ઊપજવાની પરિસ્થિતિ ત્યાં ચોખ્ખી થાય છે, સ્વચ્છ થાય છે.

એવી સમાધિ ઉત્પન્ન થાય '**ત્યારે ઈન્દ્રાદિ સંપદાના ભોગ રોગવત્ ભાસે.**' હવે સામે બીજી વાત લે છે કે જગતના જીવોને અનેક પ્રકારના પંચેન્દ્રિય વિષયના ભોગમાં આનંદ થાય છે, ખુશી થાય છે, સુખ થાય છે. ત્યારે જેને નિર્દોષ નિર્વિકલ્પ પવિત્ર સમાધિનો આત્માનંદ ઊપજે છે તેને ઉત્કૃષ્ટ પુણ્ય જે ઈન્દ્રોને છે, એની જે સાધન, સંપત્તિ, સુખ અને અનુકૂળતા અને સગવડો છે એ રોગની જેવા દેખાય. ઠીક !

ઊલટી આખી પરિસ્થિતિ છે. આખા જગતને એ સુખ લાગે. અજ્ઞાનીઓ તો એને માટે તપશ્ચર્યાઓ કરે. પુણ્યના ફળ પ્રાપ્ત કરવા તો મોટી મોટી તપશ્ચર્યા કરે કે વર્તમાન દુઃખને અનુભવીને પણ, કારણ કે એ તો અજ્ઞાનભાવે તપશ્ચર્યા કરે ત્યારે એને દુઃખ સહીને પણ, પરિષહ સહન કરીને, ઉત્સર્ગ સહન કરીને પણ તપશ્ચર્યા કરો અને પુણ્યનું (ફળ મેળવો). પુણ્યના ફળને લેવા માટે એને એટલી બધી એની વાંછા ઉત્પન્ન થાય.

અહીંયાં કહે છે કે જે સ્વરૂપ સમાધિના ધારક છે, એને તો અન્ય દ્રવ્ય પ્રત્યેના આસક્તિના પરિણામ ચારિત્રમોહને લઈને હોય છે, વ્યામોહને લઈને, દર્શનમોહને લઈને તો થતાં જ નથી. તોપણ એને એ રોગ ભાસે છે. પોતાના વિકારી પરિણામ છે એ એને રોગ ભાસે છે. એનો આરોપ એ વિકારના વિષય ઉપર કરે છે કે એ ભોગ છે એ રોગવત્ ભાસે છે. ખરેખર તો ભોગ પ્રત્યેના આસક્તિના પરિણામ રોગવત્ ભાસે છે. પરિણામનો અનુભવ છે ને ? વસ્તુનો ક્યાં અનુભવ છે ? આરોપ કરીને એમ કહેવાય છે કે એ ભોગ છે એ રોગવત્ ભાસે છે.

અથવા એ પરિણામમાં આકુળતા ઉત્પન્ન થાય છે. આત્માના આનંદથી વિરૂદ્ધ જાતિના દુઃખમય પરિણામ છે એવો સ્પષ્ટ પ્રત્યક્ષ અનુભવ એમને વર્તે છે. ભોગ સંબંધીના પરિણામ તો પાપમય પરિણામ છે. ચોખ્ખે ચોખ્ખા એ પાપના પરિણામ છે, પણ શુભ પરિણામનો રાગ પણ રોગવત્ ભાસે છે. તમામ પરિણામ, એને કોઈપણ પ્રકારનો રાગ એને રોગવત્ ભાસે છે. કેમકે રાગમાં દુઃખની ઉત્પત્તિ થાય છે.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એ વિષય લીધો છે કે તીર્થંકરદેવનો જન્મ થાય છે ત્યારે મેરુ પર્વત ઉપર અભિષેક કર્યા પછી ઘરે લઈ આવે છે. મહેલમાં પારણામાં ઝુલાવે છે ત્યારે એ બાળતીર્થંકર તો પારણામાં સુતેલા હોય છે. પણ ઈન્દ્ર છે એ પગે ઘુઘરા બાંધીને નાચે છે. ત્રણ લોકના તારણહારનો જન્મ થયો છે એની ખુશીમાં એ નાચી ઊઠે છે. લોકો એમ જોવે છે કે ઈન્દ્રને ઘણી ખુશી ઊપજી છે. પણ એવો રાગ પણ એને તો એ વખતે રોગવત્ ભાસે છે. અંદરમાં જે સુખની

પરિણતિ છે. એ તો ધર્મી છે ને ! સૌધર્મી ઇન્દ્ર છે એ તો સમ્યગ્દૃષ્ટિ છે, એકાવતારી છે. ત્યારપછી મનુષ્ય થઈને ચરમશરીરી થઈને મોક્ષે જવાના છે. એ વખતે બહારની જે ખુશી છે એ ખરેખર દુઃખભાવ છે, પોતાના જ્ઞાનમાં અને પોતાના અનુભવમાં અને અંદર જે આત્મપરિણતિ છે એમાં જે સુખનો અંશ છે એ વાસ્તવિક સુખ છે. એમ બંને ભાવનું વેદન એકસાથે હોવાથી તે સુખ અને દુઃખના આંતરાને બરાબર સમજે છે કે આ સુખ છે અને આ દુઃખ છે. બે ચીજ બાજુ બાજુમાં રાખી હોય તો તરત ખબર પડે. બે સફેદ ચીજ હોય તો કે આની સફેદાઈ વધારે છે, આની સફેદાઈ ઓછી છે. તો જેની ઓછી છે એ મેલ છે. આ મેલું છે અને આ સફેદ છે એમ કહી શકાય. સફેદ દેખાતું હોવા છતાં મેલ છે. એમ ખુશી દેખાતી હોવા છતાં એમાં દુઃખ છે. એ એને પોતાના પ્રત્યક્ષ સુખના અનુભવથી નિશ્ચિત થાય છે.

મુમુક્ષુ :- ઇન્દ્રો બધા એકાવતારી હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ઇન્દ્રો બધા એકાવતારી એ તો બહુ ખબર નથી. પણ આ સૌધર્મ ઇન્દ્ર તો એકાવતારી છે. ઇન્દ્રમાં ઘણા ભેદ છે. આ જે છે સર્વાર્થસિદ્ધિમાં બધા અહંમઇન્દ્રો છે અને એ બધા એકાવતારી છે. સર્વાર્થસિદ્ધિમાં સૌથી ઉપરના વિમાનમાં જે ઇન્દ્રો છે એ બધા ઇન્દ્રો જ કહેવાય છે. કેમકે એમાં કોઈનાથી કોઈના વધુ પુણ્ય હોય છે એવું નથી હોતું. બધા સરખા પુણ્યવાળા હોય છે. એટલે અહીંયાં જે સામ્યવાદ છે એ સર્વાર્થસિદ્ધિમાં પ્રેક્ટિકલી છે. અહીંયાં બધા સંયોગોમાં સરખું કરવા માગે છે ને ? પણ ક્યાંથી થાય ? બધાયના પૂર્વ કર્મ સરખા નથી. તેથી બધાને ફળ પણ સરખા આવે એવું બનતું નથી. પણ ત્યાં બધા લગભગ સરખા પુણ્ય કરીને જાય છે. એટલે ત્યાં એક સરખા સંયોગમાં હોય છે. ત્યાં કોઈની અંડરમાં કોઈ હોતું નથી. આનો હુકમ આ પાળે એવું હોતું નથી. બધા જ પોતપોતામાં.. બધા ધર્મી છે, સમ્યગ્દૃષ્ટિ છે અને બધા પોતપોતામાં મસ્ત છે. સાથે મળીને ધર્મ ચર્ચાઓ કરે છે. બસ. બીજું કાંઈ નથી. ત્યાં કાંઈ બીજું કોઈ કામ નથી, ઉપાધિ નથી કોઈ. છતાં ચોથું ગુણસ્થાન વટાવીને આગળ જતા નથી. પરિણામની વિચિત્રતા તો જુઓ! કોઈપણ ઉપાધિ નહિ, કોઈપણ પાપ કાર્યો નહિ, પાપ પ્રવૃત્તિ નહિ. ફક્ત એકલી પુણ્યપ્રવૃત્તિ અને તે ૩૩

સાગર સુધી. બીજું કાંઈ નહિ.

મુમુક્ષુ :- બધાય ચોથા ગુણસ્થાને ?

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા ગુણસ્થાને. એમ કે નહિ અમુક ઉંમર બાળપણમાં જાય છે એવું પણ નહિ. અમુક ઉંમર ઊંઘવામાં જાય છે એવું પણ નહિ, અમુક ખાવા-પીવામાં જાય છે એવું પણ નહિ કે બીજા ભોગ-ઉપભોગમાં એની પ્રવૃત્તિ જાય છે એમ પણ નહિ. આહાર પણ નહિ, નિંદ્રા પણ નહિ, બાળપણ નહિ, રોગ નહિ. કાંઈ નહિ. કુમાર અવસ્થામાં જન્મે, કુમાર અવસ્થામાં જ રહે. બીજો કોઈ ઘર, ધંધો, વેપાર, કુટુંબ કાંઈ નહિ. અને ૩૩ સાગર સુધી ધર્મચર્ચા કરે. છતાં ચોથા ગુણસ્થાને રહે. પણ ત્યાંથી જેવા મનુષ્ય થાય કે સડસડાટ ચારિત્રમાં આગળ વધે, સ્વરૂપસ્થિરતામાં આગળ વધી જાય છે. એટલો ચારિત્રમોહનો શુભરાગનો રસ લઈને ગયા છે. મુનિદશાવાળા ત્યાં જાય છે. બીજા નથી જતાં. પૂર્વભવમાં ભાવલિંગી મુનિ હોય એ સર્વાર્થસિદ્ધિમાં જાય. બીજા કોઈ મિથ્યાદષ્ટિ ન જાય અને બીજા કોઈ સાધારણ સાધક પણ ન જાય. પૂરું સાધવા જતાં પૂરું ન સધાણું અને પંચ મહાવ્રત સંયમ આદિના જે કાંઈ શુભભાવ તીવ્ર થયો એના ફળમાં સર્વાર્થસિદ્ધિમાં ગયા. ત્યાં પણ એ શુભરાગથી છૂટી નથી શકતા. એટલા નથી છૂટી શકતા કે ચોથું ગુણસ્થાન અતિક્રમીને પાંચમા ગુણસ્થાનમાં પણ આવે. એટલું નથી થઈ શકતું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે ગણો ઈ. ક્યાંથી ગણવું એ સવાલ છે. એ તો પોતે તો એમ જ માને છે કે આટલું બધું અહીંયાં રોકાવું પડે છે. પુરુષાર્થ કાર્યગત થતો નથી. તો એ પણ મનુષ્યભવની ભાવના ભાવે છે. ખરેખર તો ચારિત્રની ભાવના ભાવે છે. પણ મનુષ્ય થયા વિના તો ચારિત્ર હોતું નથી. એટલે મનુષ્યગતિને દેવાનુપ્રિય કહી છે એનું કારણ એ છે. સમ્યગ્દષ્ટિ દેવોને તે પ્રિય છે એટલે તેને દેવાનુપ્રિય કહે છે. એટલે 'ગુરુદેવ' સંબોધન કરતા ને કે 'દેવાનુપ્રિયા' ! આમ છે. આમ વાત છે. તમને જે ભવ મળ્યો છે એ તો દેવોને પણ પ્રિય છે, એમ કહે છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- સહરાનું રણ આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આયુષ્ય મોટા પડી જાય છે.

હવે અહીંથી દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મનો થોડો મેળ કર્યો છે. **'દ્રવ્ય એવું નામ દ્રવણથી હોય છે,...'** પદાર્થને દ્રવ્ય એવું નામ આપવામાં આવે છે. કેમકે તે પોતાના પરિણામને દ્રવ્યા કરે છે. એના ઉપર 'સર્વાર્થસિદ્ધિ'નું સૂત્ર લખ્યું છે. 'સર્વાર્થસિદ્ધિ' છે એ 'તત્ત્વાર્થ સૂત્ર'ની ટીકાનું નામ છે. 'તત્ત્વાર્થ સૂત્ર' ઉપર અનેક ટીકાઓ થઈ છે. એમાં જુદાં જુદાં આચાર્યોએ ટીકા કરી છે. 'ઊમાસ્વામી'નું શાસ્ત્ર છે એના ઉપર. 'સર્વાર્થસિદ્ધિ' છે, 'રાજવાર્તિક' છે, 'શ્લોકવાર્તિક' છે એ બધી ટીકાઓ છે.

**'गुणान्द्रवन्ति गुणैःवा द्रूयन्त इति द्रव्यं।'** ગુણોને દ્રવે છે અથવા ગુણો દ્વારા જે દ્રવણ કરે છે એને દ્રવ્ય કહેવામાં આવે છે. **'પરિણામમાં ગુણોને દ્રવે (પ્રાપ્ત થાય) તે દ્રવ્યત્વ-લક્ષણ છે;...'** પરિણામમાં પોતાના સર્વ ગુણોને દ્રવે, સર્વ ગુણોના પરિણામને કરે તેથી તેને દ્રવ્યત્વ નામનું લક્ષણ છે, દ્રવવું છે. પરિણામપણે દ્રવવું. ગુણોનું, સર્વ ગુણોનું પરિણામપણે દ્રવણ થવું તેને દ્રવ્યત્વ લક્ષણ કહેવામાં આવે છે.

આપણે ચાલુ ભાષામાં વપરાય છે. કોઈપણ પદાર્થને ઓગાળીને એનું પ્રવાહી કરવામાં આવે, ઘન હોય એને ઓગાળીને એનું પ્રવાહી કરવામાં આવે ત્યારે એનું દ્રાવણ કર્યું એમ કહેવામાં આવે છે. મુખ્યપણે તબીબી વિજ્ઞાનમાં અનેક ઔષધિઓ છે એના દ્રાવણ બનાવવામાં આવે છે. દ્રાવણ નથી કહેતા ? દ્રાવણ કર્યું છે. પ્રવાહી રૂપે કરી નાખ્યું છે. એમ પરિણામ છે એ ચાલતો એક પ્રવાહ છે. અથવા પદાર્થની એ પ્રવાહી સ્થિતિ છે. પરિણામ છે તે પદાર્થની પ્રવાહી સ્થિતિ છે. લિક્વિડ કેશ નથી કહેતા આપણે ? જે સ્થાવરમાં રોકાયેલી મૂડી છે તે તો રોકાઈ ગઈ. એ હલનચલન એમાં નથી થતી. હાથ ઉપર જે પૈસા હોય એનો માલ ખરીદે, વળી એને વેચીને એના પૈસા ઊભા કરે. વળી પૈસા ઊભા કર્યા હોય એનો માલ ખરીદે, એમાંથી પાછો વેચીને પૈસા ઊભા કરે. એને ચાલતું નાણું કહેવામાં આવે છે, ફરતું નાણું કહેવામાં આવે છે. એમ આ પરિણામની સ્થિતિ, દ્રવ્યની સ્થિતિ બદલતી છે એ ફરતી સ્થિતિ છે. એ પ્રવાહી સ્થિતિ છે. એકસરખી નથી પણ એ પ્રવાહી સ્થિતિ છે. તેનાથી દ્રવ્યત્વ લક્ષણ છે. એવા પ્રકાર, એવા ધર્મને લઈને

તે પદાર્થને દ્રવ્યત્વલક્ષણ છે.

**'માટે ગુણદ્રવ્યમાં (ગુણસમુદાયરૂપ દ્રવ્યમાં) પરિણામ લીન હોય.'** ગુણસમુદાયરૂપ દ્રવ્યમાં પરિણામ લીન હોય. આ સમાધિનો અધિકાર છે ને ? એટલે એ પ્રકારે વાત લીધી છે. જનરલ સામાન્ય વાત નથી લીધી કે પરિણામમાં વિકાર પણ હોય અને પરિણામમાં અવિકાર પણ હોય. અહીંયાં સમાધિની વાત લેવી છે. **'માટે ગુણદ્રવ્યમાં...'** આ રીતે દ્રવ્યને જાણીને, દ્રવ્ય પોતાનું સ્વરૂપ છે એમ જાણીને તેના ગુણદ્રવ્યમાં પરિણામ લીન હોય. સમાધિકાળે તો ગુણદ્રવ્યમાં પરિણામ લીન હોય.

**'ગુણદ્રવ્યમાં દ્રવ્યત્વ લક્ષણ છે.'** અને ગુણદ્રવ્યમાં દ્રવ્યત્વપણું છે તો પરિણામથી દ્રવ્યગુણ મળી ગયા. પરિણામ ત્યાં લગાવ્યા. પરિણામ ત્યાં એકાગ્ર કર્યા, ગુણદ્રવ્યમાં પરિણામ લગાવ્યા એટલે પરિણામ તેમાં લીન થયા, તેમાં મળી ગયા. **'તેથી દ્રવ્યત્વની એકદેશતા...'** એટલે પરિણામની એકદેશ લીનતા **'સાધકને એવી થઈ કે અનેક પરિષહની વેદના તે વેદતો નથી.'** જ્યારે ઉપયોગ સ્વરૂપમાં લીન થાય, દ્રવ્ય-ગુણમાં પરિણામ મળી ગયા ત્યારે તે કાળે સાધકને આંશિક, એકદેશ એટલે અમુક ભાગે, અમુક અંશે એવી લીનતા થાય, આંશિક લીનતાનો પણ આ પ્રકાર છે કે ત્યારે એને કોઈપણ પ્રકારનો પરિષહ કોઈ આપે અને શારીરિક વેદના ઉત્પન્ન થાય એવો પહિષહ હોય તોપણ તેનું તેને વેદન થતું નથી. અથવા તેને ખબર પડતી નથી. શરીર ઉપર ઘા પડે તો ખબર ન પડે એ વખતે. કોઈ અંગનું છેદન થાય તો એને ખબર પડે નહિ. ખબર તો ઉપયોગ ત્યાં હોય તો જ પડે છે. નહિતર નહિ. ઉપયોગ બહાર હોય તો ખબર પડે છે, અંદર ઉપયોગ હોય તો ખબર પડતી નથી.

પચ્ચીસ વર્ષથી બાળપણમાં કોઈ છોકરો ખોવાઈ ગયો હોય, ત્રણ વર્ષની ઉંમરે કોઈ ઉપાડી ગયું હોય. અને પચ્ચીસ વર્ષ પછી અઠ્યાવીશ વર્ષની ઉંમરે જુવાન થઈને આવે તો ઓળખે નહિ એના મા-બાપ એને. પણ એ છોકરો આવીને એમ કહે કે હું ફલાણો-ફલાણો આટલા વર્ષ આ સ્થિતિમાં ગુજાર્યા. હવે હું સ્વતંત્ર થઈને આવ્યો છું. બાવા લોકો લઈ જાય છે ને ? ત્યાં પરાધીનતામાં આટલો સમય ગુમાવ્યો. હવે હું

સ્વતંત્ર થઈને આવ્યો છું. તો વિરહ અને વિયોગની વેદનામાં જે સમય પસાર કર્યો હોય, પછી એના છોકરાને જોવે ત્યારે એને કેટલો હરખ થાય ? અને એ છોકરો મળતાં એને જે હરખ થાય એ વખતે એને શરીરની વેદના ચાલતી હોય અને એવા સંજોગોમાં એ છોકરો આવે કે એક બાજુ પગમાં સબાકા નાખતો હોય પગ, તીવ્ર વેદનાથી દુઃખના ચસકા આવતા હોય અને આ બાજુ છોકરાને જોવે. તો ઉપયોગ ત્યાં પલટાઈ જાય તો અહીંયાં ચસકા આવતા બંધ થઈ જાય ? અહીંયાં વેદના ચાલુ જ છે પણ ઉપયોગ નથી એટલે એને એ વેદતો નથી.

અહીંયાં જે રસથી વેદના વેદતો હતો તેનાથી... વેદના છૂટી જાય એમાં શું નવાઈ છે ? એ તો ઘણા તીવ્ર રસથી શુદ્ધોપયોગ થાય છે. જ્યારે શુદ્ધોપયોગની સમાધિ લાગે છે ત્યારે તો અત્યંત રસથી શુદ્ધોપયોગ ઉત્પન્ન થયો હોય છે. સ્વરૂપનો અત્યંત રસ છે એ તો. તીવ્ર રસ છે. ત્યારે સમાધિ લાગે છે. તો એ કાળે એને શરીરની વેદનાની ખબર ન પડે કે ન વેદાય એ કોઈ બહુ મોટી વાત નથી. એ સહેજે સમજી શકાય એવી વાત છે ત્યાં વેદનાનો ખ્યાલ જ આવતો નથી. કેમકે ઉપયોગ નથી. મુનિરાજને તો ક્ષણે ક્ષણે એટલો બધો સ્વરૂપનો તીવ્ર રસ છે કે ક્ષણે ક્ષણે એ શુદ્ધોપયોગમાં આવે છે. પ્રતિક્ષણે શુદ્ધોપયોગમાં આવતા હોવાથી એમને તો જાણે શરીરનો ઉપયોગ જ નથી. એટલે શરીરની ઠંડી-ગરમીનો એમને કોઈ ખ્યાલ રહેતો નથી, ઉપસર્ગ-પરિષહનો ખ્યાલ રહેતો નથી, ભૂખ-તરસનો ખ્યાલ રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તોય લડે છે. ઘાયલ થયા હોય, લોહી ચાલ્યા જતા હોય તોપણ લડાઈ લડે છે. અરે..! સામાન્ય ઝઘડામાં પણ લડે છે. લોહીલુહાણ થાય તો લડે છે કે નહિ ? લડવાનું જોર હોય ત્યાં સુધી લડ્યા કરે છે. રાગના આધારે, દ્વેષના આધારે પીડા-વેદનાને ન ગણે એવા તો અનેક દૃષ્ટાંતો મળે છે.

એટલે મુનિરાજને અનુકૂળતા-પ્રતિકૂળતામાં ઉપયોગ જતો નથી અને તેથી વસ્ત્રાદિ અને બીજી સાધન-સગવડની અનુકૂળતામાં ઉપયોગ જાય તો એ એને બહુ મોટી પળોજણ લાગે છે. એ તો બહુ મોટો

બોજો લાગે છે. એટલે એ બોજાને એ સહન કરતા નથી. નિર્વસ્ત્રપણે રહેવું એમાં દુઃખ નથી, એમાં સુખ છે. પણ વસ્ત્રાદિની પળોજણમાં જાવું એ એમને દુઃખ છે. આમ છે. વસ્ત્ર રાખે તો એની સાફસફાઈ રાખવી પડે. એને કોઈ સ્થાનમાં રાખવા પડે. એ તો જંગલમાં રહેનારા છે. ક્યાં મૂકે ? કપડાને રાખે તો મૂકે ક્યાં ? ગોઠવે ક્યાં ? સાફ સફાઈ કરવા ક્યાં જાય ? એ કોઈ પ્રવૃત્તિ મુનિ કરતા નથી.

મુમુક્ષુ :- લૌકિક અને લોકોત્તર .. થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ જુદું છે. અહીંયાં તો જે લોકોએ વસ્ત્રસહિત મુનિપણું અંગીકાર કર્યું એ તો મુનિ પોતે જ કપડા ધોવે છે. ગૃહસ્થોને તો બીજા ધોવે. અત્યારે કામવાળા રાખે છે, નહિતર તો બૈરા ધોતા. પુરુષોના કપડા બૈરા ધોવે એ પરિસ્થિતિ છે. અહીંયાં તો પોતે જ ધોવે છે ને ? મુનિઓ પોતે જ ધોવે છે. શું કરે છે ? ધોવે એ મુનિ નહિ અને ન ધોવે તો મુનિ. શું ગણવું ? મોટી ગડબડ છે. એ પ્રકારના પાણીનો વ્યાપાર, એ બધા પાપ પરિણામ થઈ જાય છે. પુણ્યના પરિણામ નથી પણ પાપના પરિણામ થઈ જાય છે. મુનિને એ પ્રકારનો વ્યવસાય હોઈ શકે નહિ.

જે નિવૃત્ત થઈ ગયા, સર્વ કાર્યોથી નિવૃત્ત થઈ ગયા, એને કોઈ કાર્યની ઉપાધિ એને માથે હોય, કોઈ કાર્યની ફરજ એને માથે હોય, કોઈ બોજો હોય, બંધન હોય એ વાત મુનિદશામાં હોઈ શકે નહિ. પોતે તો ન કરે, પણ બીજા એના માટે કરે એ વાત પણ (નથી). કારણ કે કરવું, કરાવવું અને અનુમોદવું. પોતાનું કાર્ય બીજા કરે તો અનુમોદન તો લાગે કે ન લાગે ? કે આ તમે ઠીક કર્યું. મારા કપડા ધોયા તમે બરાબર ઠીક કર્યું. નહિતર મારે ધોવા પડત. આ તમે ધોયા. એ તો સીધું એક જ સ્થિતિમાં આવી જાય છે કરવું, કરાવવું, અનુમોદવું. પોતે વ્યવસ્થા રાખે કે બીજા વ્યવસ્થા રાખે એને અનુસરે એટલે એનું અનુમોદન થઈ ગયું.

મુમુક્ષુ :- આરંભનો ત્યાગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. પછી તો આવે જ છે ને. પછી જ બધી મર્યાદા કરે છે. ગમન-આગમનની મર્યાદા કરે છે, પ્રવૃત્તિની મર્યાદા થાય છે. ત્યાં તો શું છે કે એટલો ઉપયોગ સ્થિર થયો. પાંચમા ગુણસ્થાને ઉપયોગ સ્વભાવમાં એટલો સ્થિર થયો કે બીજા કાર્યોનો

બુદ્ધિપૂર્વકનો વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થઈ ગયો. ગયો. એ રાગ ગયો એટલો. એમ ત્યાં બતાવવું છે. ત્યાં કાંઈ આમ પાલનપોષણ કરે એવી રીતે નહિ કૃત્રિમપણે. આ પ્રતિમા લીધી છે એટલે હવે હું આ કામ નહિ કરું. એમ નહિ. પ્રતિમા લીધી છે એટલો પોતે સ્વરૂપમાં સ્થિર થાય છે અને સામે સ્થિરતાને વશ, વીતરાગતાને વશ રાગનો અભાવ થાય છે એટલે જે-તે પ્રકારના વિકલ્પો ઉત્પન્ન થતા બંધ થાય છે. એ પાંચમું તો ગૃહસ્થનું, શ્રાવકનું હજી ગુણસ્થાન છે. ઉત્કૃષ્ટ શ્રાવકને જે પરિસ્થિતિ હોય એટલી પરિસ્થિતિમાં આ લોકો જે વસ્ત્રસહિત મુનિપણું રાખ્યું છે ત્યાં એ સ્થિતિ જોવામાં આવતી નથી.

મુમુક્ષુ :- સ્થવિરકલ્પી...

પૂજ્ય ભાઈશ્રી :- સ્થવિરકલ્પી અને જિનકલ્પી બે પ્રકાર (છે). સ્થવિરકલ્પી છે એ બીજા મુનિઓના સંગમાં રહે છે, સંઘમાં રહે છે. પણ જંગલમાં, હોં ! ઉપાશ્રયમાં નહિ. કેમકે એના માટે મકાન બનાવવું એ કેવી રીતે ? તો પછી પોતાના તો મહેલ હતા શું કરવા પોતાના મહેલમાં ન આવે ? બીજા એના માટે મકાન બનાવે અને એમાં રહે એ તો બેય સરખું છે. કાં પોતાના માટે બનાવેલું બનાવવું, કાં બીજા બનાવે એમાં રહેવું એ તો અનુમોદન થઈ ગયું, બીજાએ બનાવ્યું એ તો. એ આરંભ-સમારંભનું અનુમોદન થઈ ગયું. એ મકાન-ઉપાશ્રયમાં તો ન રહે પણ મંદિર ભગવાનનું બંધાવવા માટે એ કરવું, કરાવવું, અનુમોદવું કરે નહિ. એનો ફંડ, ફાળો, ચંદો મુનિ હોય એ ન કરે. અને કરે તે મુનિ હોય નહિ. આ પરિસ્થિતિ છે.

જિનકલ્પી છે એ એકલવિહારી છે. એ એકલા જ રહે. કોઈની સાથે કોઈના સંગમાં ન રહે. એક પોતાના આત્માના સંગમાં રહે એના પરિણામ. એટલી સ્વરૂપસ્થિરતા હોય કે એને બીજા મુનિઓના સંગમાં રહેવાનો પણ વિકલ્પ નથી. અને આત્મસાધનને સાધે છે, સ્વરૂપસ્થિરતાને એ સારી રીતે સાધે છે. એકાંતમાં રહીને એકલા રહીને. એ જિનકલ્પી મુનિ છે. આ લોકો કહે કે જંગલમાં રહે જિનકલ્પી અને ગામમાં રહે એ સ્થવિરરકલ્પી. સ્થાનમાં રહે તે સ્થવિરકલ્પી. જંગલમાં રહે તે જિનકલ્પી. અત્યારે જિનકલ્પી તો નથી દેખાતા પણ સ્થવિરકલ્પી તો છે. ખોટી વાત છે.

જે પોતાને અનુકૂળ સિદ્ધાંતો બનાવે છે એ જિનાજ્ઞા ઉપર પગ દેવાનું બહુ મોટું પાપ કરે છે. ચાલે છે પણ જિનાજ્ઞા ઉપર પગ દઈને ચાલે છે. એવી વાત છે. મોટો અપરાધ છે. એટલે લોકોને જરા તકલીફ પડે છે કે તમે મુનિઓને વંદન કરતા નથી. એ જે અપરાધ કરે છે એને વંદન કરો તો એના અપરાધને તમારું અનુમોદન લાગે છે. એને વંદન કરતા એના અપરાધને અનુમોદન એ વંદન કરનારને લાગે છે. એટલે એના દોષથી આના દોષ વધી જાય છે. એમ થાય છે.

મુમુક્ષુ :- એના અપરાધને પોષણ મળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોષણ મળે છે. અનુમોદન મળે છે, પોષણ મળે છે. તેથી એના અપરાધ કરતા આનો અપરાધ વધી જાય છે, પોષણ આપનારનો. એવું થાય છે. બહુ મોટી ગડબડ થઈ જાય. ... પણ બીજો ઉપાય નથી આમાં. પોતાના આત્માનું હિત કરવું હોય તો અંતર બાહ્ય જિનમાર્ગ જેવો છે એવો બરાબર એનો વિચારીને નિશ્ચય કરવો અને એ નિશ્ચયમાં એને અડગ રહેવું. નહિતર હિત કરવા જતા અહિત થઈ જશે. હિત નહિ થાય પણ અહિત થઈ જશે.

મુમુક્ષુ :- આવી વાત...

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ કે આમાં તો સંપ્રદાયને ઘર્ષણ થઈ જાય એવું છે. કરવા જાય તો એટલી પોતાને હિંમત જોઈએ, પુરુષાર્થ જોઈએ, પુણ્ય જોઈએ.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ તો બધું ખોલી નાખ્યું, સ્પષ્ટ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જ લોકોને ગડબડ બહુ થઈ ગઈ. વિરોધ ઘણો કર્યો એનું કારણ એ છે કે આ તો તમે અમારા ઉપર પ્રહાર કરો છો એવું એને લાગે. પ્રહાર નથી. સત્યનું સ્વરૂપ જ આવું છે. આવું સત્યનું સ્વરૂપ છે અને આવા ગુણવાન વીતરાગી મુનિરાજ હોય છે. એવા મુનિઓને ણમો લોએ સવ્વ સાહુણં કહેવામાં આવે છે. ગણધરદેવ નમસ્કાર કરે છે. નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ તો ગણધરદેવ કરે છે. ગણધર જેને નમે એ કેવા ગુણવાન હોય તો ગણધર એને નમે ! કે અવગુણીને ગણધર નમે ? એમ તો કાંઈ બને નહિ.

મુમુક્ષુ :- આપણે અજ્ઞાની જીવ છીએ, એ આપણા કરતાં વધારે ગુણી છે ...

પૂજ્ય ભાઈશ્રી :- એ આપણા કરતા વધારે ગુણી છે એવું કેવી રીતે નક્કી કર્યું ? એનો ત્યાગ જોઈને નક્કી કર્યું ને ? કે બીજું કાંઈ ? તો ત્યાગ તો તિર્યંચોને પણ હોય છે. આ તો કપડા પહેરે છે. તિર્યંચ તો કપડા પણ પહેરતા નથી. જંગલમાં રહે છે. એવું કાંઈ જોવાય છે ? એકલો ત્યાગ ન જોવાય. એની પાછળ શું છે ? આખું વિજ્ઞાન છે. અથવા જૈન પરમેશ્વરે એ વસ્તુવ્યવસ્થા કેવી રીતે નિશ્ચિત કરી છે ? પોતે કયા માર્ગે ચાલ્યા છે ? એ માર્ગે ચાલે છે કે એ માર્ગને તોડીને ચાલે છે ? એ બધો બરાબર વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. આમાં એવું છે કે તમારે જિનેન્દ્રને અનુસરવું છે કે કોને અનુસરવું છે ? તો જિનેન્દ્ર કેવી રીતે એ માર્ગમાં ચાલ્યા ? એ વાત એણે બરાબર શાસ્ત્રથી સમજવી જોઈએ.

મુમુક્ષુ :- બાહ્ય ત્યાગ હોય એ દેખાતા હોય છે. અંદરનો અભિપ્રાય દેખાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ધંધો, વેપાર કરે છે, બહારમાં વ્યવહાર કરે છે એમાં તો બધાનો અભિપ્રાય જોઈને કરે છે કે એમ ને એમ કરે છે ? કોઈ હિતેચ્છુ હોય અને કડવા વેણ કહે, પોતાના લાભ માટે, તો કાંઈ ખોટું લગાડે છે ? હિતેચ્છુ હોય, હિતની વાત કરે અને કાંઈક કઠોર વચન કહે, પોતાના લાભને માટે, તો એને કડવું લાગે છે કે મીઠું લાગે છે ? સારું કહ્યું. ભલે તમે એમ કહ્યું. નહિતર અમે તો.. અમે બચી ગયા. તમે આમ કીધું તો બચી ગયા. નહિતર મરી ગયા હોત અમે, એમ કહે. અભિપ્રાય જોવે છે કે બહારની સ્થૂળ ઉપયોગથી પ્રવૃત્તિ જોવે છે ? અને કોઈ મીઠું મીઠું બોલીને છેતરી જતો હોય, ગળુ કાપતો હોય અને ખબર પડી જાય તો ? તો શું કરે ? કે મીઠું મીઠું બોલીને આપણને મારી નાખ્યા આણે તો. ભારે કરી આ તો. અભિપ્રાય જ જોવો પડે છે. વાસ્તવિકતા છે ત્યાં. એ એની વાસ્તવિકતા છે. અભિપ્રાય જોવો એ એની વાસ્તવિકતા છે. માત્ર પ્રવૃત્તિ અને વચનો જોઈ શકાય નહિ.

'**રસાસ્વાદમાં લીન આનંદરસ તૃપ્ત થયો.**' જ્યારે પરિષહની વેદના વેદતો નથી, રસાસ્વાદમાં લીન, પોતાના ચૈતન્યરસના આનંદરસના આસ્વાદમાં લીન થઈને, શાંતરસના આસ્વાદમાં લીન થતાં

એ આનંદરસમાં એને તૃપ્તિ ઊપજે છે. અનાદિથી જગતના જીવને ઈચ્છીત પદાર્થોનો સંયોગ થવા છતાં પણ ક્યાંય તૃપ્તિ થઈ નથી. કેમકે પદાર્થ ભિન્ન છે અને પોતે ભિન્ન છે. દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી એટલે તૃપ્તિ થવાનો પ્રશ્ન રહેતો નથી. અહીંયાં એને પોતાના રસાસ્વાદમાં લીન થતાં થતાં આનંદરસમાં તૃપ્તિ થાય છે. પ્રથમ તૃપ્તિ આવે છે. તૃપ્ત તૃપ્ત થાય છે.

જુઓ ! કેટલા લક્ષણ લીધા છે સમાધિના. સમાધિકાળે પરિષહની વેદના વેદાતી નથી. અનંત કાળમાં નહિ ઉત્પન્ન થયેલી એવી તૃપ્તિ અંદરમાં ઉત્પન્ન થાય છે. અને '**જ્યારે મન પરમેશ્વરમાં મળી લીન થાય, (ત્યાંથી બહાર) ન નીકળે,...**' ત્યારે એ ત્યાં રોકાઈ જાય છે. ઉપયોગ ત્યાં ખોડાઈ જાય છે, ઉપયોગ ત્યાં સ્થિર થઈ જાય છે, ચોંટી જાય છે. અને '**પરમાનંદને વેદે...**' પરમ આનંદને વેદે '**ત્યારે એને સ્વરૂપની ધારણા થાય.**' આ સમ્યક્ ધારણા છે. લોકો યાદદાસ્તને ધારણા કહે છે. એ ધારણા નથી. પોતાના સ્વરૂપને ઉપયોગમાં ધારણ કરે, શુદ્ધોપયોગમાં ધારણ કરે ત્યારે એને ખરેખર ધારણા થઈ એમ કહેવાય.

ભગવાનને માથે ઉપાડીએ છીએ ને ? પ્રતિમાજી, ભગવાન હોય એને માથે ઉપાડવામાં આવે છે ને ? એને કાંઈ છોકરાને તેડે એમ લેવાય નહિ. આમ લેવાય નહિ. આમ લે છે. ઉત્કૃષ્ટ અંગ છે ને ! એમ શુદ્ધોપયોગમાં, શુદ્ધોપયોગરૂપ મસ્તકમાં, શુદ્ધઉપયોગ એટલે શુદ્ધ અંગ થયું, પરિણામનું શુદ્ધ થયું, એમાં પરમાત્મપદને ઉપાડે છે. મસ્તકમાં ધારણ કરે છે. એને ધારણા થઈ એમ કહેવામાં આવે છે. એ ધારણા છે ખરેખર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં પણ ઉપર છે. ચૌદ લોકમાં પણ સિદ્ધાત્માઓ ઉપર છે.

અહીં તો કહે છે કે જેણે શ્રદ્ધા અને જ્ઞાનમાં પોતાના નિજ સિદ્ધપદને ધારણ કર્યું એવું જેનું શ્રદ્ધા-જ્ઞાન છે એ શ્રદ્ધા-જ્ઞાનને નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધપદને ધારણ કર્યું છે. કેમ કે એ શ્રદ્ધા જ્ઞાને સિદ્ધપદને ધારણ કર્યું છે. એટલે ખરેખર એ શ્રદ્ધા જ્ઞાનને નમસ્કાર કરે છે એ ખરેખર સિદ્ધપદને નમસ્કાર કરે છે. અને એ શ્રદ્ધ

જ્ઞાનને નમસ્કાર કરવા નિષેધે છે તે સિદ્ધપદને નિષેધે છે. કેમકે એણે ત્યાં ધારણ કર્યું છે. શ્રદ્ધા જ્ઞાનમાં તો સિદ્ધપદ બિરાજે છે. એવી વાત છે. કેટલા લક્ષણ લીધા ? તૃપ્ત થયો, લીન થાય છે ત્યારે પરમાનંદને વેદે છે, સ્વરૂપની ધારણા થાય છે. બહુ ભાવવાહી અધિકાર છે. આખો અધિકાર છે સમાધિનો એ સ્વરૂપના આનંદનો અધિકાર છે ને ! બહુ ભાવવાહી અધિકાર છે. આખો અધિકાર બહુ ભાવનાથી લખેલો છે.

હવે કહે છે કે '**નિરંતર જ્યાં અચલજ્યોતિનો વિલાસ અનુભવપ્રકાશમાં થયો, (ત્યાં) ઉપયોગમાં પરિણામ જોડાય.**' બીજા ગુણોના પરિણામ પણ ઉપયોગને અનુસરવા લાગ્યા. શું કહે છે ? કે જ્યાં નિરંતર અચલજ્યોતિનો વિલાસ અનુભવપ્રકાશમાં થયો શુદ્ધોપયોગના કાળે જે અચલ આત્મજ્યોતિ છે એનો વિલાસ થયો, એની મોજમાં જ્યાં ઉપયોગથી પડ્યો ત્યાં અનંત ગુણોના પરિણામ એમાં જોડાઈ ગયા. બીજા પણ અનંત ગુણોના પરિણામ છે એ ઉપયોગને અનુસરવા લાગે છે. '**(ત્યાં) ઉપયોગમાં પરિણામ જોડાયા.**' બહુવચન લીધું. એટલે એકસાથે, હોં ! તે જ કાળમાં, તે જ સમયમાં. પછીના પરિણામ નહિ. પણ અનંત ગુણોના એક સમયના પરિણામ ઉપયોગમાં જોડાયા.

'**જેમ જેમ દર્શનજ્ઞાનચેતના અનૂપ; અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપને જાણી રસાસ્વાદ લે, તેમ તેમ પરવિસ્મરણ થઈ, પર-ઉપાધિની લીનતા મટે, સમાધિ પ્રગટે; ત્યારે સમ્યક્ પ્રકારે ઉત્કૃષ્ટ સ્વરૂપવેત્તા થાય.**' હવે એમાં આગળ વધે છે કે '**જેમ જેમ દર્શનજ્ઞાનચેતના...**' છે એ રસાસ્વાદ લે છે. કોનો રસાસ્વાદ લે છે ? કે પોતાના જ સ્વરૂપનો, નિજ સ્વરૂપનો અનુભવમાં રસાસ્વાદ લે છે. કેવું છે નિજ સ્વરૂપ ? કે '**અનૂપ...**' છે. જેની કોઈ ઉપમા આપી શકાય એવું નથી. એવું મહાન છે. '**અખંડિત,...**' છે અને '**અનંતગુણમંડિત...**' છે. અનંત ગુણો જેની અંદર મંડાયેલા છે, અનંત ગુણ સહિત છે. મહિમા કર્યો છે.

એવા '**સ્વરૂપને જાણી...**' પોતાના સ્વરૂપને એવું જાણીને રસાસ્વાદ લે છે. પોતાના સ્વરૂપના અત્યંત મહિમાપૂર્વક રસાસ્વાદ લે

છે. મહિમા પણ ઘણો છે અને સ્વરૂપનો રસ પણ ઘણો ઉત્પન્ન થયો છે. એટલો રસ લે છે... એટલો રસ લે છે કે એ રસ ગાઢ થતો જ જાય છે.. ગાઢ થતો જ જાય છે. એવી અંદરની સ્વરૂપ સાવધાની અને સ્વરૂપ જાગૃતિ છે સ્વસંવેદનમાં કે જેમ જેમ એ રસાસ્વાદ લે છે તેમ તેમ પર એટલે અન્ય પદાર્થનું વિસ્મરણ થાય છે. અન્ય પદાર્થ વિસ્મૃત થઈ જાય છે. અન્ય પદાર્થ ઉપરથી સાવધાની ખલાસ થતી જાય છે, ઉઠતી જાય છે. અને પરપદાર્થ પ્રત્યેની જે ઉપાધિની લીનતા છે એ મટે છે. અને તેમ તેમ વધુ ને વધુ સમાધિભાવ પ્રગટવા લાગે છે. વીતરાગભાવ વધવા લાગે છે. જેમ જેમ રસાસ્વાદ લે છે તેમ તેમ સમાધિ વધારે પ્રગટે છે.

સમાધિમરણ નથી કહેતા ? મરણમાં આ શબ્દપ્રયોગ લગાડવામાં આવે છે. સમાધિમરણ. ત્યાં ભગવાનનું નામ લે, કોઈ તીર્થંકરદેવનું કે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરે એટલે સમાધિમરણ થાય એમ નથી. ઉપયોગની શુદ્ધતા થાય, શુદ્ધોપયોગમાં શુદ્ધ પરિણામ સહિત, શુદ્ધોપયોગ ન થાય પણ પરિણતિ શુદ્ધ હોય એવા દેહત્યાગના અવસરને સમાધિમરણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- .કોમામાં ચાલ્યો જાય, બોલીચાલી શકે નહિ એને કહેવાય સમાધિમરણ.

પૂજ્ય ભાઈશ્રી :- અત્યંત દેહાધ્યાસમાં હોય છે ત્યાં તો. જ્યારે દેહના રોગકાળે, દેહની રોગની વેદનાને લઈને કોઈને બેશુદ્ધપણું આવે છે અને દેહત્યાગ કરે છે ત્યારે તીવ્ર દેહાધ્યાસના પરિણામમાં એ દેહ ત્યાગ છે અને ત્યાં માઠી ગતિમાં, પ્રાયઃ માઠી ગતિમાં જાવાનું બને છે. હલકી ગતિમાં જાય છે ત્યાં.

મુમુક્ષુ :- હાર્ટ એટેક આવે ત્યારે ?

પૂજ્ય ભાઈશ્રી :- હાર્ટ એટેક આવે કે ગમે તે એટેક આવે. ગમે તે પ્રકાર રોગનો હો. અહીંયાં શુદ્ધોપયોગ કે શુદ્ધ પરિણતિ હોય તો સમાધિ મરણ છે. અને તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. મિથ્યાદષ્ટિને શુદ્ધોપયોગ કે શુદ્ધ પરિણતિ થતી નથી, હોતી નથી. એટલે એની માઠી ગતિ થાય છે. એને સમાધિ મરણ કહેતા નથી. સમાધિમરણ તો આ છે.

જેને સમાધિમરણ થાય એને નવો દેહ ધારણ કરતા સમાધિ જીવન

સંપ્રાપ્ત થાય. ત્યાં એ જાગૃતદશામાં ઉત્પન્ન થાય. દેવલોકમાં જ જાય નિયમથી. અને તે આત્માના ભાનમાં ત્યાં આળસ મરડીને બેઠો થાય. પણ આત્માના ભાનમાં. મરણ તો થયું જ નથી જીવનું. પણ એ સ્થળાંતર કરે છે, પર્યાયાંતર કરે છે, દશાંતર કરે છે ત્યારે તે આત્માના ભાનમાં ત્યાં રહે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન સહિત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન સહિત છે ને ત્યાં ? ત્યાં ભાન સહિત જન્મે છે.

મુમુક્ષુ :- આખી જિંદગી દેહાધ્યાસમાં જીવે છે, એટલે મરણ પણ દેહાધ્યાસમાં જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- આખી જિંદગી દેહાધ્યાસ કર્યો હોય અને શરીરની આળપંપાળ જ કરી હોય તો એને મરણ ક્યાંથી શુદ્ધોપયોગમાં (થવાનું) ? શરીરની સંભાળમાં ક્યાંથી (સમાધિ) મરણ થવાનું હતું ? એ કાળે તો તીવ્ર વેદના છે એટલે તીવ્ર દેહાધ્યાસ થશે. એટલે શરીરમાં રોગાદિ થાય અથવા રોગાદિ ન હોય ત્યારે અનુકૂળતાઓ-પ્રતિકૂળતાઓ શરીરની હોય તો તેનાથી ઉપેક્ષિત ભાવે અને ઉદાસીન ભાવે પ્રવર્તવું જોઈએ. એની અપેક્ષાભાવે જેટલો રસ લે એટલો દેહાધ્યાસ દૃઢ થવાનો છે. એ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- ગરમીમાં બફાઈ જતા હોય ત્યારે શું વિચારવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે જ્ઞાનમાં શું બફાવું થાય છે એમ જોવું. જ્ઞાન બફાય છે અંદર કાંઈ ? એ તો જાણે છે ગરમીને. જ્ઞાનને કાંઈ થાતું નથી. ગરમી હોય કે ઠંડી હોય, જ્ઞાનને કાંઈ ઠંડુ-ઊનું કાંઈ થવાપણું છે નહિ. જોવું કે મને તો કાંઈ થાતું નથી. જ્ઞાનને થાતું નથી એટલે મને થાતું નથી. મને થાતું નથી એટલે જ્ઞાનને થાતું નથી. હું તો જ્ઞાનસ્વરૂપી છું. બસ, અહીંયાં જ્યાં જ્ઞાનની સમીપ આવ્યો ત્યાં સમાધાન થઈ જશે બધું. અને એનાથી જેટલો દૂર ગયો એટલું અસમાધાન થાશે. એયને ગરમી પડે છે બહુ, આ ઓછી થાય તો સારું, આ ઠંડી બહુ પડે છે અને આ ઘટી જાય તો સારું. પણ એ ઘટશે તો એનામાં અને વધશે તો એનામાં. તારામાં વધવું પણ નથી અને તારામાં ઘટવું પણ નથી. તું જે છો તે છો, જેવો છો તેવો છો.

મુમુક્ષુ :- આ બધી કલ્પના જ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ સોએ સો ટકાની કલ્પના છે. દેહાધ્યાસથી બધી કલ્પના છે. દેહાત્મબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે, દુર્ગતિનું એ કારણ છે.

બહુ રસથી વર્ણન કર્યું છે કે '**જેમ જેમ દર્શનજ્ઞાનચેતના અનૂપ; અખંડિત, અનતગુણમંડિત સ્વરૂપને જાણી...**' જાણીને એટલે મહિમા કરીને, મહિમાપૂર્વક રસાસ્વાદ લે છે. રાગનો મહિમા નથી, અહીં જ્ઞાનદર્શનનો મહિમા છે. '**તેમ તેમ પરવિસ્મરણ થઈ, પર-ઉપાધિની લીનતા મટે,...**' પરિણતિમાં. પરિણતિમાં પર ઉપાધીની ચારિત્રની લીનતા પણ મટતી જાય છે. અને '**સમાધિ પ્રગટે;...**' તેમ તેમ સમાધિભાવ વધે છે. તેમ તેમ વીતરાગભાવ વધતો જાય છે. 'સમયસાર'માં 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે ત્યાં આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. જેમ જેમ આસ્રવોથી નિવર્તતો જાય છે તેમ તેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. જેમ જેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે. આવી શૈલી લીધી છે. આસ્રવ અધિકારમાં.

મુમુક્ષુ :- વિજ્ઞાનઘન થતો જાય છે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિજ્ઞાનઘન થતો જાય છે. પરિણામમાં વીતરાગતા ઘનિષ્ઠ થતી જાય છે, એમ કહેવું છે. વીતરાગભાવ ઘનિષ્ટ થતો જાય છે. લીનતા વધતી જાય છે, અવગાઢતા થતી જાય છે.

'**ત્યારે સમ્યક્પ્રકારે ઉત્કૃષ્ટ સ્વરૂપવેત્તા થાય.**' જેમ જેમ વધે ત્યારે સમ્યક્ પ્રકારે. બીજી કોઈ રીતે નહિ. સહન કરે દુઃખથી, હઠથી, એમ નહિ. સમ્યક્ પ્રકારે સહજ આનંદને વેદતો-વેદતો, સુખને વેદતો-વેદતો '**ઉત્કૃષ્ટ સ્વરૂપવેત્તા થાય.**' ત્યારે પોતાના સ્વરૂપનો ઉત્કૃષ્ટપણે જાણનારો થાય, ઉત્કૃષ્ટવેત્તા પણ થાય અને ઉત્કૃષ્ટ ભોક્તા પણ થાય. બેય લેવું. કેમકે અહીંયાં જાણવું એ અનુભવવાના અર્થમાં છે.

મુમુક્ષુ :- ... અનુભવે એ જ ખરું જાણવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અનુભવજ્ઞાનને જ જ્ઞાન કહે છે. જે અનુભવ વિનાનું જ્ઞાન છે એને જ્ઞાન કહેતા નથી. અધ્યાત્મની અંદર તો એ મુખ્ય પદ્ધતિ છે. વિશેષ લઈશું...

## તા. ૨૪-૩-૧૯૮૬, પાના નં. ૮૦, પ્રવચન નં. ૧૩૮

પાનું-૭૯. પેરેગ્રાફમાં ૭૯ પૂરું થયું છે. ૮૦ પાને. ૮૦ પાને ચાલ્યું.

**'નિરંતર જ્યાં અચલજ્યોતિનો વિલાસ અનુભવપ્રકાશમાં થયો, (ત્યાં) ઉપયોગમાં પરિણામ જોડાયા.'** નિરંતર જ્યાં અચલજ્યોતિનો વિલાસ અનુભવપ્રકાશમાં થયો. નિરંતર એટલે સતતપણે અચલજ્યોતિ એટલે આત્મસ્વરૂપ. ધ્રુવ આત્મસ્વરૂપ, ધ્રુવ જ્ઞાનસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો. વિલાસ છે એટલે ત્યાં આનંદ પણ છે. આનંદ સહિત શુદ્ધાત્મતત્ત્વ અનુભવગોચર થયું ત્યાં અન્ય ગુણોના સર્વ પરિણામ પણ એ ઉપયોગની સાથે જોડાયા, અનુભવની સાથે જોડાયા. એટલે સર્વ ગુણના પરિણામથી સ્વાનુભવમાં આનંદનો અનુભવ થયો.

**'જેમ જેમ દર્શનજ્ઞાનચેતના અનૂપ; અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપને જાણી રસાસ્વાદ લે, તેમ તેમ પરવિસ્મરણ થઈ, પર-ઉપાધિની લીનતા મટે, સમાધિ પ્રગટે; ત્યારે સમ્યક્ પ્રકારે ઉત્કૃષ્ટ સ્વરૂપવેત્તા થાય.'** જેમ જેમ દર્શનજ્ઞાનચેતના રસાસ્વાદ લે છે, વિશેષ વિશેષપણે સ્વરૂપનું આસ્વાદન લે છે. કેવું છે સ્વરૂપ ? કે **'અનૂપ; અખંડિત, અનંતગુણમંડિત...'** એ સ્વરૂપનો મહિમા કર્યો છે. મહિમાવંત સ્વરૂપ છે.

'પૂજ્ય બહેનશ્રી' કહે છે કે જ્ઞાયક શબ્દ ઘણીવાર, અનેકવાર સાંભળવા મળ્યો એટલે જ્ઞાયક એટલે કાંઈ છે નહિ એમ લુખ્ખી વાત નથી. જ્ઞાયક એમ કહેતા તેનો મહિમા આવવો જોઈએ. અહીંયાં એ મહિમાવાચક શબ્દો છે. સ્વરૂપને જાણીને રસાસ્વાદ લે છે તો એ સ્વરૂપ અનુપમ, અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપ છે. એમ મહિમાથી વાત કરે છે.

સામાન્યપણે એમ કહી શકતા કે જેમ જેમ દર્શનજ્ઞાનચેતના સ્વરૂપને જાણીને રસાસ્વાદ લે છે. તેના બદલે અનુપમ, અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપને જાણીને રસાસ્વાદ લે છે. એમ મહિમાથી વાત

કરી છે. એટલે રસાસ્વાદ લેવામાં સ્વરૂપનો અત્યંત મહિમા છે અને એ મહિમાપૂર્વક સ્વરૂપનો રસાસ્વાદ લેવામાં આવે છે. અનંત ગુણનો આસ્વાદ છે. જેમ જેમ વિશેષ વિશેષપણે સ્વરૂપાનુભવ છે તેમ તેમ પરનું વિસ્મરણ છે એટલે પરની સાવધાની મટે છે. પર ઉપાધિની લીનતા મટે છે, ઉપાધિની પરિણતિ પણ છૂટતી જાય છે અને વિશેષ વિશેષ સમાધિ પ્રગટે.

અનુભવનો વિષય વચનથી પાર છે. છતાં વિશેષ વિશેષ જેને અનુભવ છે એ એમ કહે છે કે આશ્ચર્યકારી, નવીન નવીન આશ્ચર્યકારી પરિણામો અનુભવમાં ઉત્પન્ન થાય છે. અથવા અનંતગુણસમૃદ્ધ જે આત્મસ્વરૂપ છે એની ગુણસમૃદ્ધિનો આશ્ચર્યકારી અનુભવ થતો જાય છે. વિશેષ-વિશેષ ભાવો પ્રગટ થતા જાય છે. ત્યારે સમ્યક્ પ્રકારે ઉત્કષ્ટ સ્વરૂપવેત્તા થાય. સ્વરૂપ સન્મુખતામાં સમ્યક્ પ્રકારે અંતર્મુખપણે ઉત્કૃષ્ટપણે, સારી રીતે સ્વરૂપનો વેત્તા-સ્વરૂપજ્ઞાની થાય. સ્વરૂપવેત્તા એટલે સ્વરૂપજ્ઞાની થાય. જેમ જેમ અનુભવ વિશેષ તેમ તેમ સ્વરૂપજ્ઞાન અથવા આત્મજ્ઞાન વિશેષ. એવું સમ્યગ્જ્ઞાન થતાં... અહીં સુધી કાલે આવ્યું હતું.

એવું '**સમ્યગ્જ્ઞાન થતાં વસ્તુનો મહિમા જાણે,...**' અહીંથી બધી અનુભવની જ વાતો લીધી છે. આ અધિકારમાં સમાધિવર્ણન છે એટલે અનુભવની જ ઘણી વાતો લીધી છે. '**સમ્યગ્જ્ઞાન થતાં વસ્તુનો મહિમા જાણે, જાણતાં આનંદ થાય.**' અથવા સમ્યગ્જ્ઞાન થતાં અનંત મહિમાવંત વસ્તુ છે એ જેવી અનંત મહિમાવંત છે તેવી જ્ઞાનમાં જણાય, તેવી અનુભવાય અને એ અનુભવતા આનંદ થાય. પોતે જ એવો છે એનો આનંદ થાય છે. પોતે જ પરિપૂર્ણ સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છે. પોતાના જ સિદ્ધપદને અનુભવતાં પોતાને અત્યંત આનંદ ઊપજે છે. પરિણામમાં સમાય નહિ એટલો આનંદ ઊપજે છે. 'ઘટ અંતર ન સમાય' અંદરમાં સમાતો નથી એટલો આનંદ ઊભરાય છે.

'**જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દર્શનને જાણે, જ્ઞાન સર્વ ગુણોને જાણે,...**' દ્રવ્યને જાણે, પર્યાયને જાણે એમ '**એકદેશભેદે સાધકજ્ઞાન જાણે,...**' એકદેશ ભેદે એટલે એના સર્વ ભેદે નહિ. અમુક ભેદે. કેટલાક ભેદ સહિત જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દર્શનને જાણે. સર્વ ગુણોને જ્ઞાન

જાણે. સર્વ ભેદે નહિ. જ્ઞાનને જાણે એમાં પણ સર્વ ભેદે નહિ. કેમકે એક જ્ઞાનની પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ છે. એ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી પણ કેવળજ્ઞાનનો વિષય છે.

મુમુક્ષુ :- એટલે એકદેશ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એકદેશ જાણે. એકદેશ જાણે એટલે અમુક હદે જાણે.

'**જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દર્શનને જાણે, જ્ઞાન સર્વ ગુણોને જાણે, દ્રવ્યને જાણે, પર્યાયને જાણે,...**' દ્રવ્યના અનંત ધર્મો છે, પર્યાયના અનંત ધર્મો છે. એ જ્ઞાનને અનંત ગુણનું રૂપ છે. એ બધાને સર્વ ભેદે ન જાણી શકે. '**એકદેશભેદે સાધકજ્ઞાન જાણે,...**' સાધક અવસ્થામાં રહેલું જ્ઞાન અમુક અંશે જાણે. '**જ્ઞાનથી વસ્તુને જાણતાં પરમપદ પામે.**' પણ અભેદપણે. અખંડ પરિપૂર્ણ આખી વસ્તુને જાણતા પોતે પરમપદ કેવા સ્વરૂપે છે એનું અભેદ જ્ઞાન, એનું પ્રયોજભૂત પૂરું જ્ઞાન અભેદપણે અનુભવમાં આવે છે કે મારું પરમપદ આવું છે. એમ પોતાના પરમપદને, ઉત્કૃષ્ટ પદને, સર્વોચ્ચ પદને પામે. પામે એટલે એ સ્વરૂપે હું જ છું એવો અનુભવ કરે. પરમપદસ્વરૂપે હું જ છું એવો અનુભવ કરે. એવા અનુભવને પરમપદ પામ્યો એમ કહેવામાં આવે છે. સિદ્ધાલયમાં જશે ત્યારે તો સાક્ષાત્ પરમપદ પ્રગટ થઈને એનો પૂરો ભોગવટો થશે. પણ અત્યારે પણ એ પરમપદને પામે છે, ભોગવે છે. ભોગવવાનો ભાવ જેટલો સિદ્ધદશામાં છે એટલો સાધકદશામાં ભલે નથી, તોપણ જે વિષય અનુભવનો સિદ્ધદશામાં છે, એ જ વિષય અહીં સાધકદશામાં છે. એટલો જ વિષય, એવડો જ વિષય, એટલો જ વિષય અહીંયાં સાધકદશામાં છે. એટલે મળ્યું છે પૂરું. પોતાનું પરમપદ પમાયું છે પૂરું. અનુભવમાં ફેર છે, તારતમ્યભેદે. જાતિ ભેદે નહિ પણ તારતમ્યભેદે ભેદ છે. એટલી વાત છે.

'**તેના જેવું (પરમપદ જેવું) સુખ પરોક્ષ જ્ઞાનમાં પણ છે. પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે.**' પરમપદને પામે તેના જેવું સુખ એટલે પરમપદ જેવું સુખ વર્તમાનમાં પરોક્ષજ્ઞાનમાં પણ છે. મતિ શ્રુતજ્ઞાન સર્વપ્રત્યક્ષ નહિ હોવાથી પરોક્ષજ્ઞાનમાં છે. અને '**પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે.**' એ સંબંધીની પ્રતીતિ છે એમાં પ્રતીતિમાં કોઈ ફેર નથી. જેવું પ્રત્યક્ષજ્ઞાન

સહિતનું પ્રતીતિપણું છે એવું જ પરોક્ષજ્ઞાનમાં પ્રતીતિપણું છે. એટલે અહીંયાં પ્રત્યક્ષ શબ્દ પ્રતીતિ સાથે લગાડ્યો છે. પ્રત્યક્ષ પ્રતીતિમાં આવીને.

ખરેખર તો પરોક્ષ અને પ્રત્યક્ષ એવા ભેદ જ્ઞાનને લાગુ પડે છે. પ્રતીતિ અને શ્રદ્ધાનને લાગુ પડતા નથી. એનો ખુલાસો કર્યો છે 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. (મુમુક્ષુએ) પ્રશ્ન પૂછ્યો છે કે શ્રદ્ધામાં પ્રત્યક્ષ ? તો કહે છે કે પ્રત્યક્ષ અને પરોક્ષપણું શ્રદ્ધાને નથી. શ્રદ્ધા તો પહેલા છે શરૂઆતમાં, એવી જ છેલ્લે છે. એમાં બીજો ફેર પડતો નથી. પણ જ્ઞાનમાં પરોક્ષ-પ્રત્યક્ષનો ફેર પડે છે.

અહીંયાં પ્રતીતિની અવગાઢતા બતાવવા માટે જેવી પ્રતીતિ પ્રત્યક્ષજ્ઞાનમાં હોય એવી જ પ્રતીતિ અત્યારે છે એમ કહેવા માટે પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે. એટલે પ્રત્યક્ષ વેદનમાં હોય એવી જ્યારે પ્રતીતિ હોય એવી જ પ્રતીતિ વર્તે છે. એમ જ્ઞાનના અનુભવને પ્રતીતિનો સાથે સાથે સુમેળ છે. પ્રતીતિ કાંઈક છે અને જ્ઞાન કાંઈક છે એવું અહીંયાં નથી.

'**પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે. ત્યાં આનંદ એવો થાય છે.**' ત્યાં આનંદ પણ એવો જ થાય છે. જેવો આનંદ સ્વરૂપમાં છે એવો જ આનંદ પ્રગટ થાય છે. જાણે કે કેવળજ્ઞાનનો આનંદ થયો હોય એવો આનંદ સમાધિના કાળમાં, શુદ્ધોપયોગના કાળમાં થાય છે. કેમકે ત્યાં બુદ્ધિપૂર્વકનો રાગ નથી. અબુદ્ધિપૂર્વકનો (રાગ છે તેનું) ઉપયોગમાં ગ્રહણ નથી. ઉપયોગ જાણી શકતો નથી. અબુદ્ધિપૂર્વકના રાગને ઉપયોગ ત્યાં જાણી શકતો નથી. અને ઉપયોગ એકદમ તન્મયભાવે આનંદના વેદનમાં પડ્યો છે '**ત્યાં આનંદ એવો થાય છે.**' એવો આનંદ થાય છે. કેવો ? જાણે પરમાનંદ પ્રગટ થયો હોય એવો આનંદ થાય છે.

'**સંપ્રજ્ઞાતસમાધિમાં દુઃખાદિની વેદના પ્રત્યક્ષ થવા છતાં પણ વેદતો નથી.**' સંપ્રજ્ઞાતસમાધિ એટલે શુદ્ધોપયોગના કાળમાં જે સમાધિ છે, પરિણતિની સમાધિ નહિ, પણ શુદ્ધોપયોગના કાળમાં સમાધિ છે, ઉપયોગે કરીને સમાધિભાવમાં વર્તે છે તેને સંપ્રજ્ઞાતસમાધિ કહે છે. સારી રીતે પ્રજ્ઞા નામ ઉપયોગે કરીને સમાધિમાં છે. સમ્યક્ પ્રકારે ઉપયોગે કરીને સમાધિમાં છે તે સંપ્રજ્ઞાતસમાધિ છે. તે કાળમાં '**દુઃખાદિની વેદના પ્રત્યક્ષ થવા છતાં...**' શરીરમાં શરીરની અશાતાની વેદના પ્રત્યક્ષ

હોય તોપણ... આગળ લઈ લીધું એ કે ત્યારે ઉપસર્ગ પરિષહને વેદતો નથી. ઉપર આવી ગયું ને ? પરિષહની વેદનાને તે વેદતો નથી. એ અહીંયાં કહે છે કે પ્રત્યક્ષ દુઃખ હોય, દુઃખની વેદના થવાં છતાં પણ એનું વેદન અહીંયાં આવતું નથી. કેમકે વેદન તો ઉપયોગ મૂકે ત્યારે આવે છે. ઉપયોગ ત્યાંથી હટી ગયો પછી એનું વેદન નથી. જડનું પરિણમન છે. જડમાં તો વેદન નથી. પ્રત્યક્ષ જે દુઃખ જડને લઈને શરીરના અશાતાને લઈને થાય એમાં શરીરને તો દુઃખ વેદવાનો પ્રશ્ન નથી. એમાં તો વેદવાનો ધર્મ નથી, ચેતનપણું નથી. ઉપયોગ ત્યાં જાય તો વેદન કરે છે. ઉપયોગ ત્યાંથી ખસી જાય તો એનું વેદન નથી. ઉપયોગે કરીને વેદન થાય છે.

મુમુક્ષુ :- મુનિને વાઘ, સિંહ ખાતા હોય..

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ખબર ન પડે. સંપ્રજ્ઞાતસમાધિમાં ખબર પડતી નથી. પ્રત્યક્ષ દુઃખના વેદનની ખબર પડતી નથી. માંસનો લોચો આમ શરીરમાંથી ખેંચીને ઉપાડે તો મુનિને ખબર પડતી નથી. વાઘ બટકુ ભરે. આમ જેટલું મોઢામાં આવ્યું એટલું દાંતથી પકડીને ખેંચે. મુનિને ખબર પડતી નથી. ઉપયોગ નથી એનો. ઉપયોગ નથી એટલે શરીર તો જેમ આત્મા વગરનું શરીર મડદું છે એમ ઉપયોગ વગરનું પણ મડદું જ છે. એમ છે. ઉપયોગ વગરનું પણ મડદું છે.

'ગુરુદેવ' 'પૂજ્ય બહેનશ્રી' માટે ઉપમા આપતા હતા કે જુઓને બહારમાં તો મડદા થઈ ગયા છે. બહારમાં તો મડદા થઈ ગયા છે. બહારમાં મરી ગયા છે. અંદરમાં જાગૃત છે. બહારમાં ખલાસ. બહારની સાવધાની છોડી છે.

**'પ્રત્યક્ષ થવા છતાં પણ વેદતો નથી. વિધાન સ્વરૂપ વેદવાનું છે.'** આવું શાસ્ત્રનું વિધાન છે, આવું સર્વજ્ઞનું વિધાન છે. આવું ફરમાન છે. વિધાન છે એટલે આવું ફરમાન છે. આ રીતે સ્વરૂપને વેદો કે જે સ્વરૂપને અનુભવતાં એ સ્વરૂપ અનુભવના કાળમાં શરીરની પ્રત્યક્ષ દુઃખની વેદના પણ વેદવામાં આવે નહિ. એવી રીતે સ્વરૂપનું સ્વસંવેદન કરો. એવું વિધાન છે, એવું ફરમાન છે. એમ કહેવું છે. જેટલું કોઈ વિધિ સંબંધી કહેવું તેનું નામ વિધાન છે. સમાધિ ઉપરથી સમાધાન શબ્દ આવ્યો. એમ વિધિ ઉપરથી વિધાન શબ્દ આવ્યો છે. ભાષાની આ

બધી થીયરી છે. સમાધિ ઉપરથી સમાધાન કહ્યું, એમ વિધિ ઉપરથી વિધિને કહેવાવાળા વચનો તે વિધાન. આત્મસ્વરૂપની વિધિ. સ્વરૂપસ્વસંવેદન તે આત્મસ્વરૂપને પામવાની વિધિ. એનું વિધાન એવું કે પ્રત્યક્ષ દુઃખ હોવા છતાં, પ્રત્યક્ષ વેદના હોવા છતાં એને વેદવામાં આવે નહિ, એનું દુઃખ વેદાય નહિ એવું વિધાન છે. આમ કહ્યું. આવું ફરમાન કર્યું છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- પરોક્ષજ્ઞાન તો મતિ શ્રુત છે ને એટલે અહીંયાં પરોક્ષ કહ્યું છે. તેના જેવું સુખ પરોક્ષજ્ઞાનમાં પણ છે. જેવું પરમપદમાં સુખ છે એવું જ, એ જ જાતિનું સુખ અહીંયાં પરોક્ષજ્ઞાનમાં પણ છે. તો કહે વેદનમાં ? કે વેદનમાં પ્રત્યક્ષ છે. કેમ વેદનમાં પ્રત્યક્ષ છે ? કે પ્રતીતિ છે એટલે પ્રત્યક્ષ છે. પ્રતીતિ વિનાનું સુખ ભાસનમાં માત્ર હોય કે આવું સુખ છે, ત્યાં હજી વેદન નથી આવતું.

જ્ઞાનને જ્યારે પ્રતીતિનો સાથ મળે છે, પ્રતીતિનો સધિયારો મળે છે ત્યારે પ્રત્યક્ષ વેદન આવે છે. નહિતર તો અવભાસન થયું, નિશ્ચય થયો કે હું આવો અનંત સુખનો સાગર છું ત્યાં જેવું સ્વરૂપ છે એવું લક્ષમાં આવ્યું. ઓળખાણ થઈ ત્યારે જેવું છે એવું જ ઓળખાણમાં અને લક્ષમાં આવ્યું છે. પણ વેદન નથી આવતું. કેમકે પ્રતીતિ નથી. ત્યાં હજી પ્રતીતિ નથી. જ્યારે પ્રતીતિ થઈ ત્યારે પ્રત્યક્ષ થઈ ગયું. પરોક્ષજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ થઈ ગયું છે. એમ કહેવું છે. જ્ઞાન પરોક્ષ હોવા છતાં સુખનું વેદન પ્રત્યક્ષ છે. મતિજ્ઞાન પરોક્ષ જાતિનું હોવા છતાં તે પરોક્ષ જાતિમાં સુખનું વેદન પ્રત્યક્ષ છે.

મુમુક્ષુ :- પરોક્ષમાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. મતિ શ્રુત અપેક્ષાએ પરોક્ષપણું હોવા છતાં વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ પણ છે. એકની એક પર્યાયને પરોક્ષની પણ અપેક્ષા લાગે છે અને પ્રત્યક્ષની અપેક્ષા પણ લાગે છે. એમ કહે છે.

'**ત્યાં આનંદ એવો થાય છે.**' ત્યાં એવો જ કોઈ અનિર્વચનીય આનંદ થાય છે. '**વિધાન સ્વરૂપ વેદવાનું છે.**' આ પ્રકારે સ્વરૂપને વેદવાનું શાસ્ત્રવિધાન છે. સર્વજ્ઞની વાણીનું વિધાન છે. બીજું કાંઈ

ફરમાવતા નથી એમ કહે છે. આમ અંતર સમાધિમાં લીન થા. એમ ફરમાવે છે. બીજું કાંઈ ફરમાવતા નથી. તારા સ્વરૂપ અનુભવમાં, સ્વરૂપ સમાધિમાં રહે એ ફરમાન છે અને એ વિધાન છે.

મુમુક્ષુ :- વેદન પ્રત્યક્ષ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વેદન પ્રત્યક્ષ છે.

**'મનવિકાર જેટલા અંશે વિલય પામ્યા તેટલી સમાધિ થઈ...'** શું કહે છે ? મનનો વિકાર સમ્યક્ પ્રકારે જેટલો અભાવ થયો તેટલા અંશે સમાધિ થઈ. અથવા જેટલા અંસે સમાધિ થઈ તેટલા અંશે મનોવિકાર વિલય પામ્યા. આ સાધક-સાધ્યનો જે અધિકાર આવ્યો એમાં પણ આવા બોલ લીધા છે. એમાં પણ આ પ્રકારના બોલ લીધા છે. શું કહે છે ?

મોક્ષમાર્ગ છે એ સ્વરૂપશુદ્ધિનો માર્ગ છે. અને જેટલી શુદ્ધિ પ્રગટ થાય છે તેટલી અશુદ્ધિનો નાશ થાય છે. અથવા જેટલા અંશે અશુદ્ધિનો નાશ થાય છે તેટલા અંશે શુદ્ધિ પ્રગટેલી છે. અહીંયાં અશુદ્ધિ છે એ વિકારી પરિણામ છે, વિકારી ભાવ છે તે અશુદ્ધિ છે. એનો જે અભાવ થયો, જેટલે અંશે અભાવ થયો તેટલે અંશે અહીંયાં સમાધિ પ્રગટ થઈ છે. એટલે એનું લેવલ બદલાઈ જાય છે. સામાન્ય માણસને જે પ્રકારે મનોવિકાર હોય છે એ પ્રકારે મોક્ષમાર્ગમાં પ્રવેશ થયા પછી હોતો નથી. એમાં ફેર છે મોટો. એમાં જેટલા અંશે શુદ્ધિ એટલી સમાધિ, એટલા અંશે અહીંયાં મનોવિકાર નાશ પામે છે. જેટલા અંશે મનોવિકારનો નાશ એટલી અહીંયાં શુદ્ધિ અને સમાધિ ગણવામાં આવે છે. એકદમ અનુભવનો વિષય છે એટલે બીજો ખ્યાલ આવે એવું નથી. (અશુદ્ધિનો) અભાવ થયા વિના અભાવનો ખ્યાલ ન આવે. શુદ્ધિનો સદ્ભાવ થયા વિના, શુદ્ધિનો અનુભવ થયા વિના એનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

એટલે તો મુનિદશાનો ખ્યાલ નથી આવતો. મુનિ કેવા હોય એનો ખ્યાલ લોકોને આવતો નથી. એ બધા લોકોને એમ થાય છે કે આ કેવી રીતે રહેતા હશે ? જેની સગવડતાની, અનુકૂળતાની કોઈ વ્યવસ્થા જ નહિ. આહાર-પાણીથી માંડીને કોઈ ચીજ નહિ, એક પણ તિલતુષમાત્ર કોઈ વ્યવસ્થા નહિ. અને બિલકુલ જંગલમાં ગમે ત્યાં રહેવું, ગમે ત્યાં

ચાલવું. ગમે ત્યાં એટલે રસ્તે ચાલવું એમ નહિ. સડક ઉપર ચાલવું એમ નહિ. આ સડકે સડકે ચાલ્યા જાવ, એક ગામથી બીજે ગામ. વિહાર કરે ત્યારે શું કરે છે ? એવું નથી. એટલે તો લોકો પકડી શકે છે.

માનો કે કોઈ એક ગામથી બીજે ગામ જાય તો જે ગામથી બીજે ગામ જાય એમાં રસ્તો એક બાજુ અને બે બાજુ. કાં આ બાજુ ગયા હોય અને કાં આ બાજુ ગયા હોય. રસ્તે ચાલતા હોય તો.. વાહનમાં જાય. ચાલીને જતા હોય તો વાહન તો ઝડપી છે એટલે તરત ખબર પડે કે આ ચાલ્યા જાય છે. મુનિ એમ શોધ્યા જડે નહિ. કેમકે એ તો ચાર દિશામાંથી કઈ બાજુ જાય એનો જ પત્તો નહિ. એ સડકે ચાલે એવું નથી. કેમકે એની તો મસ્તી તો જુદી છે. એ તો સ્વરૂપની મસ્તીમાં પડ્યા છે. એને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નથી. આ રસ્તે ચાલવું એ પ્રતિબંધ એને નથી કે આ સડક ઉપર હું ચાલ્યો જાઉં. નીચે કાંકરા હોય, કાંટા હોય, ઝાંખરા હોય. એ કાંઈ પ્રતિબંધ નથી. એ એની મસ્તીમાં જ ચાલે છે. જંગલમાં જેમ સિંહ એની મસ્તીમાં ચાલે છે. એટલે તો શાર્દુલ કહ્યા છે. મુનિશાર્દુલ. જંગલના રાજાની જેમ એ સ્વરૂપની મસ્તીમાં, આનંદમાં પડ્યા છે. એ વેદનાને વેદતા નથી. અશાતાની વેદનાને એ વેદતા નથી. પણ એનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

કેટલો મનોવિકાર ચાલ્યો ગયો છે એનો અંદાજ આવવો મુશ્કેલ છે. એટલે એની શુદ્ધિના વેદનનો પણ અંદાજ આવવો મુશ્કેલ છે. એ સમ્યગ્જ્ઞાનમાં એની જાતિ જાણે છે એટલે એને ઠેઠ મોક્ષ પર્યંતની દશાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન થતાં થાય છે. અને સંવર-નિર્જરાની શુદ્ધિનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનમાં થાય છે. એટલે સમ્યગ્જ્ઞાનીને મુનિદશાનો ખ્યાલ આવે છે. સમ્યગ્જ્ઞાનીને કેવળીની દશાનો ખ્યાલ આવે છે કે કેવળી પરમાત્મા કેવા હોય. એટલે તો જ્ઞાનીને ધ્યાન લાગે છે. ભગવાનની પ્રતિમા જોઈને જ્ઞાનીને ધ્યાન લાગે છે શું કરવા ? કે કેવળજ્ઞાનમાં ઉત્કૃષ્ટ ધ્યાન, શુક્લધ્યાન કેવું છે એનો ખ્યાલ આવે છે. એને પોતાને પણ એ ધ્યાનનો આવિર્ભાવ થાય છે. પોતાને ધ્યાનની દશાનો આવિર્ભાવ થવામાં તે શુક્લધ્યાનનું બાહ્ય રૂપ છે એનાથી એને અવલંબન મળે છે, નિમિત્ત પડે છે.

શબ્દો સાદા છે. ગણિતના વિષયથી સમજી શકાય એવું છે કે જેટલે અંશે સમાધિ થાય તેટલે અંશે અશુદ્ધિ નામ વિકાર જાય. ગણિતથી સમજી શકાય. પણ ભાવથી સમજવા જેવું છે. એકલો ગણિતનો આંકડો માંડવા જેવું નથી. એટલે એ દશાને કોઈ અદ્‌ભુત અને અલૌકિક દશા કહેવામાં આવી છે.

'**(અને) સમ્યગ્જ્ઞાનથી વસ્તુનો જેટલો ભેદ ગુણો વડે જાણ્યો તેટલું સુખ-આનંદ વધ્યું.**' એ સમ્યગ્જ્ઞાનથી નિજ વસ્તુનો જેટલો ભેદ જાણ્યો, ભેદ એટલે એનું રહસ્ય. ભેદ એટલે એનું ગુપ્ત સામર્થ્ય. ભેદ એટલે સ્વભાવનું ઊંડાણ એને અહીંયાં ભેદ શબ્દથી કહ્યું. બહુ ગૂઢ ભાષા વાપરી છે. નથી કહેતા ? કે તમારો ભેદ હું જાણું છું. કહો તો ખોલી નાખું વાત. તમારો ભેદ હું જાણું છું. અંદરની વાતને ભેદ કહેવામાં આવે છે. આ તો લૌકિકમાં આપણે શબ્દપ્રયોગ થાય છે કે અંદરનો ભેદ હું જાણું છું. અંદરમાં શું છે, બહાર ભલે આ લોકો ગમે તેમ દેખાવ કરે છે પણ અંદરનો ભેદ હું જાણું છું. કોઈ માણસ આર્થિક રીતે અંદરથી ખલાસ હોય અને બહારમાં એવો ને એવો ખર્ચ બતાવે અને એવો ને એવો ખર્ચ કરીને પોતાની બહારની સ્થિતિ ટકાવી રાખે તો કહે એ તો બહારમાં બધો ખર્ચ કરે છે પણ અંદરનો ભેદ હું જાણું છું. એમ નથી કહેતા ? એમ અહીંયાં વસ્તુનો ભેદ. વસ્તુનો ભેદ એટલે વસ્તુની અંદરમાં, ઊંડાણમાં શું સ્થિતિ છે એને વસ્તુનો ભેદ કહેવામાં આવે છે.

'**સમ્યગ્જ્ઞાનથી વસ્તુનો જેટલો ભેદ ગુણો વડે જાણ્યો...**' ગુણો એટલે ગુણ પ્રગટ થઈને જાણ્યો, ગુણનો લાભ થયો એ રીતે જાણ્યો. તેટલું સુખ વધ્યું અથવા તેટલો આનંદ વધ્યો. શું કહે છે ? વસ્તુ અનંત મહિમાવંત છે. જેમ જેમ વસ્તુનો ગુણો વડે ભેદ જાણે છે... સ્વાનુભવ પ્રગટ થતાં ગુણ પ્રગટ થયા એ વસ્તુનો લાભ છે. એ પ્રકારે ગુણો વડે જેટલી વસ્તુની અંદરની સ્થિતિ, વસ્તુનું અંતર સ્વરૂપ જેટલું ગુણો વડે જાણ્યું, ગુણ પ્રગટ કરીને એના અનુભવથી જાણ્યું તેટલું સુખ વધ્યું, તેટલો આનંદ વધ્યો. સાથે સાથે સુખની માત્રા વધે છે. એટલે જેટલો અંતર્મુખનો અવગાઢ અનુભવ એટલી સુખ અને આનંદની માત્રા સાથે સાથે વધતી જાય છે.

અંદરમાં અનંત ચમત્કારીક ગુણોના ઓરડા ભર્યાં છે. 'પૂજ્ય બહેનશ્રી'ના વચનમાં આવે છે. ચમત્કારીક ગુણોના ઓરડા ભર્યાં છે. પ્રદેશે પ્રદેશે અનંત ગુણોના ઓરડા ભર્યાં છે. એને વેદે છે, એને જાણે છે એટલે એનું સુખ અને એનો આનંદ પણ વધતો જાય છે.

'**વિશ્રામ થતાં...**' અંદરમાં ઠરતાં. વિશ્રામ થતાં એટલે અંદરમાં ઠરતા. '**સ્વરૂપસ્થિરતા પામી,...**' આ એક પરિણામની કુદરતી સ્થિતિ છે. કોઈપણ પદાર્થના પરિણામની કુદરતી સ્થિતિ છે. આ શરીરમાં જુઓને, અમુક હદે તબિયત બગડે એટલે એમ કહે છે કે હવે એકદમ તબિયત લથડી ગઈ છે. એટલે હવે વધારે તબિયત બગડશે, સુધરવી મુશ્કેલ છે. એટલે અમુક આંકથી જેમ નીચે જાય તો પરિણામની ઢળક જ એવી થઈ જાય કે એ બાજુના પરિણામ ઝડપી થવા લાગે. એમ અહીંયાં સ્વરૂપ સાધનામાં પણ એવું છે. જેમ જેમ સાધના ઉગ્ર થાય છે એમ પરિણામ આપોઆપ સ્વરૂપમાં ઠરતા જાય છે... ઠરતા જ જાય છે... ઠરતા જ જાય છે. એ એક પરિણમનની ઢળક થઈ જાય છે. સ્વરૂપ પ્રત્યે પરિણમનની ઢળક થઈ જાય છે, ઢળી જ જાય છે. પરિણામ એમાં આપોઆપ ઢળતા આવે છે.

જેમ પાણી ઢાળમાં જાય તો દડે. દડે એમ નહિ વેગ પકડે. કેટલો વેગ પકડે ? કે અંદરથી ઈલેક્ટ્રીસીટીની નવી શક્તિ બીજી ઉત્પન્ન કરે. આ ધોધ પડે છે કે નહિ ? તો ત્યાં ઢાળને બદલે એકદમ સીધો ફોલ પડે છે. એટલે ઊંચાણથી નીચે પડવામાં વચ્ચે ઢાળની જમીન હોતી નથી. સીધું જ પાણી નીચે પડે છે તો ફોર્સ વધી જાય છે. ક્યાંથી શક્તી આવી એ ? અંદરમાં હતી એ શક્તિ. અંદરમાં જે શક્તિ હતી એને એનું વ્યક્ત રૂપ આપવામાં આવે છે.

એમ સ્વરૂપમાં '**વિશ્રામ થતાં સ્વરૂપસ્થિરતા પામી,...**' વિશેષ વિશેષ સ્વરૂપસ્થિરતા પામી '**સમાધિ લાગી, જ્ઞાનધારા નિરાવરણ થઈ...**' આ બધા અનુભવના વિવરણ છે. અનુભવનું વર્ણન કરે છે. એ '**વિશ્રામ થતાં સ્વરૂપસ્થિરતા પામી,...**' સ્વરૂપમાં સ્થિરત્વ થયું. ત્યાં '**સમાધિ લાગી,...**' અને ત્યાં જે જ્ઞાનની ધારા છે અથવા પરિણમનધારા છે એ '**નિરાવરણ થઈ...**' શુદ્ધતા વિશેષ વિશેષ પ્રગટ થઈ. '**જ્ઞાનધારા નિરાવરણ થઈ.**'

**'જેમ જેમ નિજ તત્ત્વ જાણે તેમ તેમ કેવલ વિશુદ્ધતા વડે જ્ઞાનપરિણતિ પરમપુરુષ સાથે મળી નિજ મહિમાને પ્રગટ કરે.'** જેમ જેમ નિજ તત્ત્વને જાણે. ફરીને એ વાત લે છે. ઉપર લીધું ને ? કે **'જેમ જેમ દર્શનજ્ઞાનચેતના અનૂપ; અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપને જાણી રસાસ્વાદ લે,...'** એ જ વાતને બીજા શબ્દોમાં દોહરાવે છે. **'જેમ જેમ નિજ તત્ત્વને જાણે તેમ તેમ કેવલ વિશુદ્ધતા વડે...'** ત્યાં વિશુદ્ધતામાં તો એકલી જ વિશુદ્ધતા છે. વિશુદ્ધતામાં અશુદ્ધતા નથી. શુદ્ધિમાં અશુદ્ધિ નથી અને અશુદ્ધિમાં શુદ્ધિ નથી. પરિણામમાં બે ભાગ જુદાં જુદાં છે. શુદ્ધિમાં અશુદ્ધિ નથી અને અશુદ્ધિમાં શુદ્ધિ નથી. જે અંશ શુદ્ધ થયો તેમાં કેવળ શુદ્ધતા છે. જે અંશ અશુદ્ધ રહ્યો એમાં શુદ્ધતા નથી.

એમ **'કેવલ વિશુદ્ધતા વડે જ્ઞાનપરિણતિ...'** વધતી ચાલીને, જ્ઞાનપરિણતિ આગળ વધીને **'પરમપુરુષ...'** નામ પરમાત્મપદ. પરમપુરુષ એટલે નિજ પરમાત્મપદ, નિજ સદ્ભપદ, તેની **'સાથે મળી...'** તેની સાથે અભેદ થઈને, તેમાં લીન થઈને **'નિજ મહિમાને પ્રગટ કરે.'** જેમ જેમ અનુભવ વધે તેમ તેમ મહિમા વધે. જેમ જેમ મહિમા વધે તેમ અનુભવ વધે. આમ છે. જે બાજુ વધતુ જાય એ બાજુ વધતુ જ જાય એમ કહે છે. આપો આપ એ વધતુ જ જાય છે.

મુમુક્ષુ :- મેચક શબ્દ લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- મેચકનો અર્થ શું છે કે અનેકપણું. એને મેચકપણું કહે છે. અને અમેચકપણું એટલે એકપણું. વિવિધપણું, અનેકપણું એને મેચકપણું કહે છે. જેમ કે અનેક જ્ઞેયાકારો જે જ્ઞાનની અંદર પ્રકાશે છે તે જ્ઞાન મેચક છે. અને એકરૂપ નિજ તત્ત્વ, અભેદ નિજતત્ત્વ જે જ્ઞાનની અંદર પ્રકાશે છે એ અમેચક જ્ઞાન છે. એમ મેચક-અમેચકપણું છે.

**'વિશુદ્ધતા વડે જ્ઞાનપરિણતિ પરમપુરુષ સાથે મળી નિજ મહિમાને પ્રગટ કરે. ત્યાં અપૂર્વ આનંદભાવની પિછાણ થાય...'** પિછાણ થાય એટલે નવી ઓળખાણ થાય એમ નથી. ત્યાં અપૂર્વ અપૂર્વ આનંદભાવો અનુભવમાં આવે. અપૂર્વ અપૂર્વ ભાવો આનંદસહિત અનુભવગોચર થાય **'ત્યારે સ્વરૂપની સમાધિ કહીએ.'** આ સ્વરૂપની

સમાધિ થઈ. સ્વરૂપની સમાધિમાં અપૂર્વ અપૂર્વ આનંદભાવનો અનુભવ રહે એ સ્વરૂપ સમાધિ છે. ફક્ત બહારમાં મન, વચન, કાયાની ક્રિયાને અહીંયાં સ્વરૂપસમાધિ કહેતા નથી. જગતમાં તો મન-વચન-કાયાની ક્રિયાને સમાધિનું નામ આપે છે. આ યોગ ને સમાધિ ને નથી કહેતા ? ત્યાં શું છે, પરિણામ થોડા ચંચળતા ઘટે એવા થાય એટલે સમાધિનું નામ આપી દે. કોઈને આનંદનો અનુભવ, સ્વરૂપાનંદનો અનુભવ ન હોય એને સમાધિ કહી શકાય નહિ. એ સમાધિ નથી. લોકો તો જમીનમાં દટાય, એને પણ સમાધિ કહે છે.

મુમુક્ષુ :- ખાડો ગાળીને દટાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખાડો ગાળીને દટાઈ જાય છે. શું કરે છે ? કે સમાધિ લગાવી છે. એ બધા હઠના પરિણામો છે. યોગની યુક્તિ પ્રયુક્તિ છે અને સાધારણ રીતે સામાન્ય માણસને જનસમાજમાં એવી રીતે કોઈ ન કરી શકે એટલે લોકો એને આશ્ચર્યથી, આશ્ચર્ય જાણીને કિંમત પણ આપે છે. કેવી સમાધિ લગાવે છે ! જમીનની અંદર દટાઈ જાય છે. ખાવું નહિ, પીવું નહિ. સંડાસ નહિ, પેશાબ નહિ, શ્વાસોશ્વાસની બીજી કોઈ વ્યવસ્થા નહિ. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ ખાડો ગાળીને ઉપર માટી નાખી દે. કેટલા દિવસે બહાર નીકળ્યા ? કે આટલા દિવસે બહાર નીકળ્યા. સામાન્ય માણસ તો એવું કરી ન શકે. તો એની સમાધિમાં લોકોને આશ્ચર્ય થાય છે. કેમકે એમાં બહારની જે ક્રિયાઓ છે એનું જે અસાધારણપણું છે એ લોકોને જણાઈ આવે છે. અને એટલે લોકો એની કિંમત કરે છે.

અહીંયાં અંતર સમાધિ તો એવી અલૌકિક છે કે પેલાની સમાધિ તો એની પાસે કાંઈ નથી. એમ જેની કોઈ કિંમત નથી. એ તો અશુદ્ધિના વિકારી પરિણામ છે અને આ શુદ્ધિના પરિણામ છે. અલૌકિક. પણ એ બુદ્ધિગોચર રીતે લોકો સમજી શકતા નથી એટલે એનો મહિમા પણ લોકોને આવતો નથી. જ્ઞાનીનો મહિમા, મુનિનો મહિમા જે આવવો જોઈએ એ લોકોને આવતો નથી. કેમકે એનું સ્વરૂપ જાણતા નથી. એનું સ્વરૂપ જાણવા માટે પણ એને શુદ્ધ થવું પડે છે. એમ ને એમ એનું સ્વરૂપ જણાતું નથી. અશુદ્ધિમાં ઊભા ઊભા વિકાર સાથે, વિભાવ સાથે એકત્વબુદ્ધિમાં રહ્યા-રહ્યા, એની તન્મયતા હોય

તો એ શુદ્ધિના સ્વરૂપને સમજી પણ ન શકે, જાણી પણ ન શકે. એને જાણવા માટે શુદ્ધ થઈને જાણવું પડે છે. આવી પરિસ્થિતિ છે. એટલે બહારની ક્રિયાઓનો મહિમા જીવોને આવે છે. અંતરની શુદ્ધિની ક્રિયા નહિ સમજતા હોવાથી એનો મહિમા જે હદે અને જે પ્રકારે આવવો જોઈએ તે હદે તે પ્રકારે આવતો નથી. આ પરિસ્થિતિ છે.

**'ત્યાં અપૂર્વ આનંદભાવની પિછાણ થાય...'** પિછાણ થાય એટલે ત્યાં એ પિછાણનો અર્થ પણ અનુભવ છે. વિશેષ વિશેષ આનંદભાવનો અનુભવ થાય. **'ત્યારે સ્વરૂપની સમાધિ કહીએ.'** એ ખરેખર સ્વરૂપની સમાધિ છે. બાકી બધી સમાધિના નામે તો વાતો ગમે તેટલી હોય એને ને આને કાંઈ લેવા દેવા નથી. એ વાત તદ્દન જુદી છે અને આ વાત તદ્દન જુદી છે. આના ફળમાં સિદ્ધપદ પ્રગટશે અને ઓલી સમાધિના ફળમાં એકાદો કદાચ દેવલોક મળે, એવી કષાયની મંદતા થઈ હોય તો. નહિતર ચાર ગતિમાં ચિરકાળ પર્યંતનું પરિભ્રમણ તો નિશ્ચિત છે. અહીં સુધી રાખીએ...

આત્મહિતના લક્ષે હેય-ઉપાદેય જાણવા યોગ્ય છે. તેવા દષ્ટિકોણમાં રાગ-દ્વેષ મટાડવાનો હેતુ હોવાથી, રાગ-દ્વેષ વૃદ્ધિ પામતા નથી પરંતુ શાંત થાય છે.

યદ્યપિ હેય-ઉપાદેયના અપેક્ષિત ભંગ-ભેદ ઘણા છે. પરંતુ તેમાં સરવાળે, પોતાનું નિર્વિકલ્પ સ્વરૂપ જ સર્વસ્વપણે ઉપાદેય છે અન્ય સમસ્ત હેય અર્થાત્ ઉપેક્ષાનો વિષય છે. અને સ્વરૂપ તો નિર્વિકલ્પ સમાધિમાં જ ખરેખર ઉપાદેય થાય છે. આમ હેય-ઉપાદેયપણાથી નિર્વિકલ્પ નિજરસ પી ને અમર થવાય છે- તૃપ્ત થવાય છે.

(અનુભવસંજીવની - ૯૫૧)

## તા. ૨૫-૩-૧૯૮૬, પાના નં. ૮૦, પ્રવચન નં. ૧૩૯

નિર્વિકલ્પ શુદ્ધોપયોગ છે એને અહીંયાં સમાધિભાવનું વર્ણન કહે છે. ત્યાં પ્રથમ જ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પ્રગટે છે '**ત્યાં આકુળતાનું મૂલ જે અનાદિના અજ્ઞાનનો ભ્રમભાવ હતો તે મટ્યો.**' પોતાનું શુદ્ધાત્મપદ, પરમાત્મપદ ઉપયોગમાં પ્રત્યક્ષ અનુભવગોચર થયું ત્યારે એ પોતે કેવો છે એનો અનુભવ થયો, અનુભવજ્ઞાન થયું. અને પોતાના વિષયનો જે ભ્રમભાવ હતો કે હું મનુષ્ય છું, ફલાણો છું. એવો અનાદિનો અજ્ઞાન ભરેલો, અજ્ઞાનયુક્ત ભ્રમભાવ હતો એ મટ્યો. એ અજ્ઞાનનો ભ્રમભાવ છે તે જ આકુળતાનું મૂળ છે.

આકુળતા પ્રત્યક્ષપણે, કષાયભાવમાં રાગ, દ્વેષ, મોહભાવમાં આકુળતા પ્રત્યક્ષ વેદાય છે. એ આકુળતાનું મૂળ છે અજ્ઞાનમય ભ્રમભાવ. પોતે મૂળ સ્વરૂપે જેવો છે તેવો અનુભવમાં નહિ રહેતા, ભાનમાં નહિ રહેતા અન્યથા કલ્પનાથી કલ્પના અનુસાર ભાન રહેવું કે હું આવો છું, તેવો છું અથવા કર્મજનિત અવસ્થા છે, કર્મના નિમિત્તે જે વિકૃત અવસ્થા છે તે રૂપ પોતાનું સ્વરૂપ શ્રદ્ધા જ્ઞાનમાં રહેવું, ભાનમાં રહેવું તે અજ્ઞાનમય ભ્રમભાવ છે. અને તે આકુળતાનું મૂળ છે. દુઃખનું મૂળ, આકુળતા નામ દુઃખ, એ દુઃખનું મૂળ ખરેખર શું છે ? એનું અહીંયાં સ્પષ્ટ વિજ્ઞાન છે. કે આ દુઃખ થાય છે શેમાંથી ?

જગતના સર્વ જીવનો, જીવમાત્રનો આ પ્રોબ્લેમ છે, આ સમસ્યા છે કે દુઃખ ન જોઈએ. દુઃખ મટે તો સારું. એ દુઃખનું મૂળ કારણ એ છે કે પોતાનું જે અનંત સુખમય પરમપદ છે એ વિષયનું પોતાને અજ્ઞાન છે. ભ્રમણાથી કર્મજનિત અવસ્થાને જ પોતાનું સ્વરૂપ માન્યું છે એ આકુળતાનું અથવા સર્વ પ્રકારના દુઃખનુ મૂળ છે. એ મૂળ છેદાય ગયા પછી અલ્પ કષાય રહે, બાકીની ત્રણ ચોકડી, અનંતાનુબંધીનો કષાય છેદાય જાય છે, ત્રણ ચોકડી રહે તોપણ તે અલ્પ છે. મૂળ વિનાનું ઝાડ છે. દેખાવ ભલે મોટો હોય. ઝાડ આખેઆખું દેખાય પણ મૂળ છેદાઈ ગયું છે. એને અલ્પ દુઃખ છે એ પાંગરતું નથી પણ સુકાતુ જાય છે,

ગળતું જાય છે, ટળતું જાય છે. એ મૂળ અહીંયાં પ્રથમ જ નિર્વિકલ્પ સમાધિનો ઉપયોગ થતાં મટ્યો. એવો ભ્રમભાવ એટલે આકુળતાના મૂળ સ્વરૂપ જે ભ્રમભાવ, એ મટ્યો.

એક તો પોતાના સ્વરૂપને વિષે જીવને ભ્રમણા છે. એ એક પ્રકાર મૂળ પ્રકાર છે. બીજો ભ્રમણાનો પ્રકાર પરદ્રવ્યને વિષે ઉત્પન્ન થાય છે. પરદ્રવ્ય જ્ઞાનમાં પ્રતીબિંબિત થતા એટલે કે જણાતા આ જીવને વ્યામોહ થાય છે કે આ પદાર્થ ઠીક છે, ઈષ્ટ છે અથવા આ પદાર્થ અનિષ્ટ છે. ઈષ્ટ-અનિષ્ટપણું, જ્ઞાનમાં જાણતાની સાથે જ ભાસ્યમાન થવું કે આ પદાર્થ સારો છે, અનુકૂળ છે એ પણ ભ્રમભાવ છે. એ અજ્ઞાનમય ભ્રમભાવ છે. વ્યામોહથી ઉત્પન્ન થયેલો એ ભ્રમભાવ છે અને તે પણ આકુળતાનું જ કારણ છે. એવું ઈષ્ટ-અનિષ્ટપણું થવું એ પણ આકુળતાનું જ કારણ છે. બંને પ્રકારની ભ્રમણા એટલે સ્વસ્વરૂપ વિષેની ભ્રમણા અને પરસ્વરૂપ વિષેની ભ્રમણા એકસાથે જ હોય છે. અવિનાભાવીપણે જ હોય છે.

કોઈ એમ કહે કે આત્માનું તો જ્ઞાન છે અમને. આત્મા જ્ઞાનસ્વરૂપી છે, આનંદસ્વરૂપી છે, અસંખ્ય ગુણસ્વરૂપી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એનું જ્ઞાન અમને છે પણ પરપદાર્થમાં હજી વ્યામોહ થાય છે, પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટપણે ભાસે છે. તો તે જ્ઞાનમાં સ્વરૂપનું જ્ઞાન હોય અને પરપદાર્થ વિષેનો આવો ભ્રમ પણ હોય એવું બને નહિ.

કોઈ એમ વિચારે કે પરપદાર્થ સારા-નરસા લાગતા નથી તેથી કોઈપણ પરપદાર્થનો ત્યાગ કરીને સર્વ ત્યાગ કર્યો છે. દેશત્યાગ નથી કર્યો પણ પૂર્ણ ત્યાગ કર્યો છે. દીક્ષા અંગીકાર કરી છે. માટે અમને પરપદાર્થનો વ્યામોહ નથી. માટે આત્માનું જ્ઞાન છે. એમ પણ નથી.

પરપદાર્થનો વ્યામોહનો અભાવ અને આત્માના જ્ઞાનનો સદ્ભાવ એક સાથે જ હોય છે. બંને એક કાળે હોય છે. જ્યારે પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે, અસ્તિથી વાત છે, ત્યારે જ પરપદાર્થ સંબંધીના ઈષ્ટ-અનિષ્ટપણાનો વ્યામોહ નિરસ્ત થાય છે. ત્યાં સુધી તેનો નાશ થતો નથી.

આવો સ્વ-પર વિષયક જે અજ્ઞાનમય ભ્રમભાવ છે તે પ્રથમ સમાધિના કાળમાં મટે છે. ત્યારથી એને ભ્રમણા મટી. હું કેવો છું ? કે

જેવો સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં આત્મા જણાયો એવો આત્મા હું છું, એમ અનુભવગોચર થયું. ત્યાં સ્વવિષયક ભ્રમભાવ પણ મટ્યો અને પરવિષયક ભ્રમભાવ પણ મટ્યો. કે જે ભ્રમભાવ અજ્ઞાનમય હતો અને આકુળતાનું એ મૂળ હતું. એ આકુળતા છૂટી. આનંદ થયો, નિરાકુળ આનંદ તો થયો, એ આગળ ઉપર સ્થાપ્યું, નિરાકુળ આનંદની ઉત્પત્તિ થઈ તો સામે શું ગયું ? કે ભ્રમથી ઉત્પન્ન થયેલો, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો આકુળતાનો મૂળ રૂપ ભાવ, એ આકુળતા સહિત જ છે, ભ્રમણામાં પણ આકુળતા ઊભી જ છે, એ મટે છે અથવા નાશ પામે છે ત્યાં.

'**અનાત્માના અભ્યાસના અભાવથી સહજપદનો ભાવ ભાવતાં ભવવાસના વિલય પામે,...**' એક વાક્યમાં ઘણી વાત લીધી. આ આત્માને અનાદિથી અનાત્માનો અભ્યાસ હતો. અભ્યાસ એટલે ? હુંપણે ભાવવું, હુંપણે વેદવું, હુંપણે અનુભવ કરવો એવા પ્રકારના પરિણામને અહીંયાં અભ્યાસ કહે છે. અભ્યાસ એટલે શાસ્ત્રનો અભ્યાસ, પુસ્તકનો અભ્યાસ એમ નહિ. પણ ઊલટા પરિણામ વારંવાર અનુભવગોચર થવા તેને અહીંયાં અભ્યાસ કહે છે.

અનાત્મ એટલે દેહાદિક પરપદાર્થમાં આત્મબુદ્ધિ અને રાગાદિક અનેક પ્રકારના વિભાવભાવરૂપ અનાત્મ પદાર્થમાં, અનાત્મ ભાવમાં આત્મબુદ્ધિ, તેનું વારંવાર થવું, તેનું દૃઢ થવું તેને અહીંયાં અભ્યાસ કહ્યો છે. એવા અનાત્મના અભ્યાસનો અહીંયાં અભાવ થયો. જ્યાં સમાધિભાવ પ્રગટ્યો, શુદ્ધોપયોગ પ્રગટ થયો, શુદ્ધોપયોગ પ્રગટ થયો એટલે કહેવાની આવશ્યકતા નથી કે સમ્યગ્દર્શન પ્રગટ થયું, કહેવાની આવશ્યકતા નથી કે સ્વરૂપાચરણ પ્રગટ થયું. સમાધિની અંદર દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. એક સમાધિભાવ (કહેતા). સમાધિભાવ જ્યાં પ્રગટ થયો ત્યાં અનાત્મનો અનાદિનો અભ્યાસ હતો તેનો અભાવ થઈ ગયો. એક જ ક્ષણમાં અભાવ થયો. એ પહેલા અભાવ થાય એવી ભૂમિકા જરૂર થઈ હતી. પણ અભાવ થવો એક વાત છે અને અભાવ ન થવો તે બીજી વાત છે.

માણસ એમ કહે છે ને કે આ અમારા લાભની વાત છે. પણ એ લાભની વાત હજી ચાલે છે. નિશ્ચય નથી થયો, નિર્ણય નથી થયો. જ્યાં

સુધી નિર્ણય ન થાય કે આમ જ હોય અને બીજી રીતે ન હોય ત્યાં સુધી વાત વાત છે અને લાભ લાભ છે.

અહીંયાં અનાત્મભાવ નાશ પામે છે ત્યારે સ્વરૂપલાભ ઉત્પન્ન હોય છે. જ્યારે આત્મલાભ ઉત્પન્ન હોય છે ત્યારે જ અનાત્મલાભનો નાશ થાય છે, અનાત્મભાવનો નાશ થાય છે. ત્યાં સુધી પૂર્વભૂમિકામાં તેને અનુરૂપ જે તૈયારી છે એ તૈયારી થાય છે. અને કોઈ એક ક્ષણ એવી આવે છે કે જેમાં શુદ્ધોપયોગની સમાધિ પ્રગટ થાય છે. ત્યારે તેનો અનાત્મભાવના અભ્યાસનો અભાવ થાય છે. એટલે કે ત્યારપછી રાગાદિ ઉત્પન્ન થવા છતાં અવસ્થામાં રાગાદિનું અસ્તિત્વ હોવા છતાં એમાં આત્મબુદ્ધિ થતી નથી. અને દેહ વગેરે પૂર્વકર્મ અનુસાર સંયોગો ઉપસ્થિત હોવા છતાં એમાં પણ મમત્વબુદ્ધિ, આત્મબુદ્ધિ થતી નથી.

જો નજીકમાં નજીક શરીર છે એમાં આત્મબુદ્ધિ થતી નથી, તો દૂરક્ષેત્રવર્તી બીજા સંયોગો છે-કુટુંબ, પરિવાર, ઘર, દુકાન અને આબરૂ, પૈસો, કીર્તિ વગેરે, એમાં તો આત્મબુદ્ધિ થવાનો સવાલ રહેતો નથી. એમાં પોતાપણું ભાસતું નથી. એ બધું પોતાથી શૂન્ય ભાસે છે, જે સંયોગોને કારણે ભર્યું ભર્યું લાગતું હતું. આ તો સર્વને અનુભવગોચર છે ને ? આ બધું અમારે છે એમ ભર્યું ભર્યું લાગે છે. અમારે દીકરા છે, દીકરીયું છે, કુટુંબ-પરિવાર છે. અમારી આજીવિકા ચાલે તેટલી બરાબર વ્યવસ્થા છે. આપણા પ્રમાણમાં આપણને વાંધો નથી. એવો એક નિર્વિકલ્પભાવ પડ્યો છે. કેવો ? વિકલ્પ કરવો પડતો નથી. નિર્વિકલ્પ ભાવ પડ્યો છે તે નાશ પામી જાય છે. તેનાથી ઊલટું ત્યાં શૂન્યપણું ભાસે છે, ખાલીપણું ભાસે છે. પોતાના જ્ઞાનમય આત્માની ત્યાં અવ્યાપ્તિ ભાસે છે. હું ક્યાંય વ્યાપતો નહિ હોવાથી હું ક્યાંય નથી. આ બધું છે. પૂર્વકર્મના યોગે સંયોગ છે. લોકો એને મારો ગણે છે એ વ્યવહારમાત્ર છે. ખરેખર મારો નથી. અંદરથી એમ જાણે છે.

લોકવ્યવહારમાં ભલે એમ (કહેવાય કે) આ દેહ ફલાણાનો. એમ તો બોલાયને ? કે આ તીર્થંકરનો દેહ છે. તેજસ્વી કાંતિયુક્ત તીર્થંકર ભગવાનનો આ દેહ છે. આત્માનો દેહ છે ? પણ એ બીજા આત્મા સાથે એનો પૂર્વકર્મનો યોગ-સંયોગ સંબંધ નથી એટલું ત્યાં જુદું પાડવાનું કારણ છે એમ બોલવામાં. પણ તે દેહ આત્માનો છે એમ ત્યાં

એમને અનુભવ નથી અને બીજા અનુભવી પણ એમ જાણતા નથી કે આત્માનો દેહ છે. એમ જાણતા નથી.

એવો અનાત્મ અભ્યાસનો અભાવ થાય છે. સહજ પદનો ભાવ ત્યાં ભાવવામાં આવે છે. આ ભાવનો અભાવ થયો, અનાત્મ ભાવ તે હું એવો અભાવ થયો તો સદ્‌ભાવ શું થયો ? કે પોતાનું જે ત્રિકાળી સહજ સ્વરૂપ છે એ સહજાત્મ સ્વરૂપનો ભાવ છે, ભાવયુક્ત છે, એવા ભાવે છે, સ્વભાવે છે, તે સતતપણે ભાવવામાં આવતા '**ભવવાસના વિલય પામે,...**' જે પરિણામથી નવા આયુષ્ય બંધાય, નવા ભવના કર્મો બંધાય એવા પરિણામને ભગવાન ભવવાસના કહે છે. વાસના શબ્દ આપણે ત્યાં પ્રચલિત છે. જે પરિણામ તીવ્રપણે રહી જાય અને જે પરિણામનું લક્ષ છૂટે નહિ એને વાસના કહેવામાં આવે છે. અને જીવને નવા ભવ થાય છે, એવા જે પરિણામ છે, નવા ભવના કર્મો બંધાય છે, બીજા બીજા ભાવના ઉદય આવે એવા જે કર્મો બંધાય છે, એટલે તીવ્ર રસથી જે કર્મ બંધાય છે, એ બધા ભાવોને ભવવાસના કહી છે. એ ભવવાસના વિલય પામે.

ઉદયભાવ મોક્ષમાર્ગીને છે ખરો, પણ તે લુખ્ખો છે. મંદમાં મંદ રસયુક્ત છે તેથી તેની સ્થિતિ લાંબી પડતી નથી. તેની સ્થિતિ લાંબી પડતી નથી. પછી આ દેવલોકનું આયુષ્ય એકાદ-બે ભવ હોય અને એ સ્થિતિ પડે અઘાતિની, એનું બહુ મહત્વ નથી, પણ ઘાતિની સ્થિતિ તો લાંબી પડતી નથી.

'**સહજપદનો ભાવ ભાવતાં ભવવાસના વિલય પામે,...**' એટલે નવા ભવનું કારણ અંદરમાંથી નાશ પામે. '**ગુણનું નિધાન એવું પરમપદનું સ્થાન દેખાય,...**' પોતાનું જે પરમપદ છે એ અનંત ગુણનું નિધાન છે એવું એને સ્પષ્ટ દેખાય. સ્વસ્થાન એને સ્પષ્ટ જણાય. સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ હું મારા સ્વરૂપે સદાય ત્રણે કાળે બિરાજમાન છું. ત્રણ લોકનો નાથ છું. કોઈ અપેક્ષા મને હોઈ શકે નહિ. દીનતા ચાલી જાય છે. સર્વ પ્રકારની દીનતા એની ચાલી જાય છે.

'**ગુણનું નિધાન...**' એટલા ગુણ અંદર ભર્યાં છે, અલૌકિક ! લૌકિક ગુણો જેની પાસે દોષ ગણાય છે, લૌકિક ગુણો તો જેની પાસે દોષ ગણાય છે. જેમ કે કોઈ ક્રોધ કરે એને ક્ષમા આપે. ભલે તમે ક્રોધ

કર્યો, હું મારા ક્ષમાભાવમાં રહીશ. બિલકુલ તમારા પ્રત્યે ક્રોધ કરીશ નહિ. એવો જે ક્ષમાભાવ શુભભાવ યુક્ત છે. લોકો તો એની પાછળ ગાંડા થઈ જાય. અરે..! આ તો દુઃખ આપે છે, ક્રોધ કરે છે છતાં શાંતભાવથી ક્ષમા એની રાખે છે. એ ભાવ પણ જે નિર્દોષતા પાસે દોષના ખાતામાં ખતવાય છે તો નિર્દોષ ક્ષમા, અલૌકિક ક્ષમા, વીતરાગી ક્ષમા કેવી હોય ? એ વિચાર માગી લે એવો વિષય છે. વિચારવાન જીવને એ ઊંડા વિચારનો વિષય થઈ પડવો જોઈએ. એવા અલૌકિક ગુણોનું (નિધાન છે).

એક એક ગુણ એવા અલૌકિક છે, એવા અનંત અલૌકિક ગુણ છે. જેમાં સંખ્યા ગણવા જતાં કોઈ છેલ્લો ગુણ આવે નહિ એટલા અનંત છે. અને પ્રત્યેક ગુણ એવા અલૌકિક છે. તેનું નિધાન, એનું એક જ સ્થાન તે પોતાનું પરમપદ છે એમ પોતાને દેખાય. સમાધિભાવમાં એમ દેખાય એમ કહેવું છે.

અહીંયાં આ અધિકારમાં આનંદની વાત બહુ લેશે. સમાધિમાં મુખ્ય શું છે ? કે મુખ્ય આનંદ છે. જ્ઞાન પણ મુખ્ય નથી, આનંદ મુખ્ય છે. એવો આ સમાધિભાવ છે. તિર્યંચને શુદ્ધોપયોગ પ્રગટે, તિર્યંચને. જ્ઞાન તો એનું પૂર્વકર્મના જ્ઞાનાવરણીના સદ્‌ભાવને લીધે ઘણું જ અલ્પ ઉઘડેલું છે. છતાં પ્રયોજનભૂતમાં બરાબર કામ કરે છે એટલે એને સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગની ઉત્પત્તિ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને સંભવિત છે. અને અસંખ્ય સમ્યગ્દષ્ટિ સ્વયંભૂરમણસમુદ્રમાં તિર્યંચ જળચર પ્રાણી અત્યારે પણ મોજૂદ છે. સર્વ કાળે હોય છે. અત્યારે મોજૂદ છે. સર્વ કાળે હોય છે. કેટલાક ત્યાં તે આયુષ્ય પૂરું કરીને દેવલોકમાં સીધા જાય. બીજી ગતિ એને હોય ... તો બીજા નવા થાય.

તિર્યંચગતિમાં ગયા હોય એ પાપના પરિણામથી જાય છે. જાય છે તો પાપના ફળમાં જાય છે. પણ ત્યાં શુદ્ધોપયોગ ઉત્પન્ન કરે ત્યારે એને વિશેષ ઉઘાડ જ્ઞાન નથી કે દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ વિચારી શકે, ઉત્પાદ-વ્યય-ધ્રુવની સૂક્ષ્મતા વિચારી શકે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો કે નવ તત્ત્વનો વિચાર કરી શકે. કે દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત નથી ત્યાં. એટલે જ્ઞાન ત્યાં નહિવત્ કહીએ તો ચાલે. ઉઘાડ જ્ઞાન તો નહિવત્ કહીએ તો ચાલે. સ્વસંવેદનને વેદવા પૂરતું જે જ્ઞાન છે એમાં આનંદ

મુખ્ય છે. જો એ તિર્યંચને વાચા-વાણી કદાચ આપવામાં આવે કે તમને શું અનુભવ થયો ? તો એ તિર્યંચ એમ કહી શકે કે આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... થઈ ગયો. બીજી કાંઈ ખબર પડતી નથી આમાં. કેમકે ઉઘાડ નથી. ખબર પડતી નથી એટલે બીજો ઉઘાડ નથી. પણ આનંદનો અનુભવ છે. એ અનુભવ વિશેષ છે, મુખ્ય છે અને મનસહિત પ્રાણી હોવાથી એને બરાબર સમજી શકાય એવો હોય છે. એનો અર્થ શું છે (કે) સમજી શકાય એવો હોય છે.

કોઈ શાસ્ત્ર વાંચીને એવી કલ્પના કરે કે સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગનો કાળ પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનના સમયમાં એટલો બધો અલ્પ હોય છે, જઘન્ય હોય છે કે થઈ જાય તો ઘણાને ખબર પડતી નથી. આવા ગપ્પા કોઈ કોઈ કલ્પના કરીને વિદ્વાન લોકો પણ કદાચ (કરતા હોય છે). એ વાત જૂઠી છે. અનંત કાળમાં નહિ ઉત્પન્ન થયેલો એવો આત્માનો આનંદ આવે અને એ જીવને ખબર ન પડે એ વાત માની શકવા યોગ્ય નથી. તિર્યંચ હોય તોપણ એને ખબર પડે. આ અધિકાર ઉપર તો ... બહુ વાત લીધી છે. વારંવાર લીધી છે. છેલ્લો સમાધિ અધિકાર છે ને.

જેમ જગતમાં પણ ઇષ્ટ પદાર્થની, ઈષ્ટ સંયોગની પ્રાપ્તિને આનંદનું કારણ માનવામાં આવે. પરિવારમાં લ્યોને દીકરાનો જન્મ થાય. રાજાને ત્યાં તો રિતસર એનો ઉત્સવ કરવામાં આવે છે. જન્મવધાઈનો ઉત્સવ કરવામાં આવે છે. કેમકે જે પદાર્થની ઇચ્છા હતી એવો સંયોગ થયો.

અહીંયાં ધર્મી જીવને ગુણથી ઉત્પન્ન થતાં સુખની ભાવના છે. રાગથી અને વિભાવથી ઉત્પન્ન થતાં સુખની ભાવના ધર્મીને હોતી નથી. તો ગુણથી ઉત્પન્ન થતાં સુખની જેને ભાવના છે એવા આત્માર્થીને અનંત ગુણનું નિધાન જ્યારે દેખાય, દેખાય એમ લીધું ને ? પરપદનું સ્થાન દેખાય કેવું ? કે અનંત ગુણનું નિધાન એવું પરમપદનું સ્થાન દેખાય, ત્યારે એને આનંદ અત્યંત ઉત્પન્ન થાય એમાં કોઈ તર્ક લડાવવા જેવી વાત રહેતી નથી. તર્કને જગ્યા નથી ત્યાં. તર્કને અવકાશ નથી.

બહારમાં જે ચીજ જોઈને મળે એને આનંદ થાય. અથવા તો પોતાના પ્રિયજન હોય એને મળતા આનંદ થાય છે ને ? કે તમે

મળ્યા, તમને જોયા, ઘણા વખતે જોયા, ઘણો સ્નેહ આપણે, બહુ આનંદ થયો. તમે મળ્યા ! ઓચિંતા મળી ગયા ! દેશ-પરદેશ રહેતા હોય, ઓચિંતા આવી જાય, મળી જાય ક્યાંક બહાર ગામથી ગયા હોય અને જુદા ગામમાં ભેગા થઈ જાય. મળ્યાનો આનંદ ઘણો. એમ કહે છે ને ? તમને યાદ કરીએ તોપણ અમને આનંદ થાય તો તમને મળવાથી તો કેટલો આનંદ થાય ?

એમ પહેલા જીવને અનુભવ થયા પહેલા સ્વભાવનો-ગુણનો, ગુણનો એટલે સ્વભાવનો અને સ્વભાવનો એટલે ગુણનો વિકલ્પ હતો એ તો સ્મરણમાત્ર હતો. અહીંયાં તો પ્રત્યક્ષ ભેટો થયો છે. ગુણ મળ્યા, ગુણનું નિધાન એને પોતાનું જ સ્વરૂપ દેખાયું. એને આનંદ ન થાય એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- જે આનંદ...

પૂજ્ય ભાઈશ્રી :- ખબર નથી એનું કારણ શું છે કે કોઈ વખત જીવે અનુભવ કર્યો નથી. પણ હવે જ્યારે મહાપુરુષો, સત્પુરુષો કે વીતરાગી મુનિઓ, આચાર્યો અને જિનેન્દ્રો જ્યારે એ આનંદની પ્રશંસા કરે છે ત્યારે એ આનંદ પ્રાપ્ત કરવાનો લોભ પણ આ જીવને થવો જોઈએ કે નહિ ? એમ તમે કદી કહો છો કે તમે 'અમેરિકા'ની વાતો કરો છો પણ અમે ક્યાં 'અમેરિકા' જોયું છે ? વાત સાંભળનારો શું કહે છે ? કે આવી બધી વાત ત્યાં છે તો અમે જલ્દી જોવા જઈએ. એના વિચાર કરે છે. આપણી પાસે વ્યવસ્થા થાય તો આપણે પણ ત્યાં જવું જોઈએ. ત્યાં એમ કહે છે કે મેં જોયું નથી હું શું કરું ? મેં જોયું નથી હું શું કરું ? એમ પાછા પગલા ભરે છે ? નથી જોયું તો તમે વખાણ કરો છો એ મારે જલ્દી જોવું છે એવો ભાવ ત્યાં તમે કરો છો. તો અહીંયાં સર્વજ્ઞો જેની પ્રશંસા કરે છે. જે અનુભૂતિ બાર અંગના સારભૂત કહીને ગણધરોએ જેની પ્રશંસા કરી, એ અનુભૂતિ મને શીઘ્રતાશીઘ્ર કેમ પ્રાપ્ત થાય ? એવો ભાવ થવો જોઈએ. શું કરીએ અમે એ આનંદ જોયો નથી, અમે શું કરીએ ? એમ કાંઈ નિરાશ થવાનું કારણ નથી. વળી આ આનંદ છે એને કાંઈ બહારથી લેવા જવાનો નથી કે પરાધીન ચીજ છે. મળશે કે નહિ મળે ? શું કરીએ ?

બેહદ આનંદ ભર્યો છે. જે આનંદના સાગરને તળીયું નથી એટલો

આનંદ ભર્યો છે. તને એનો ઉપયોગ નથી એટલે તને એમ લાગે છે કે શું કરીએ ? અનુભવ કેવો હશે.. કેવો હશે.. પણ ઉપયોગ દેતાં અને દષ્ટિ દેતાં જે આનંદ છવાય જાય છે, તેટલો જ માત્ર ઉપયોગને દિશાંતર થવું, પડખું બદલવું એટલું જ આમાં કામ છે. એથી વધારે કોઈ આમાં કામ નથી.

વસ્તુને કોઈ નવી બનાવવી નથી, નવી પ્રાપ્ત કરવી નથી, અનાદિથી જે વસ્તુ ઉપસ્થિત છે, મોજૂદ છે, હાજરાહજુર છે. ફક્ત કામ તો નિજને અવલોકવા પૂરતું છે. એને જોવા પૂરતું છે. ક્યારે જોવે ? કે એને જોવાનું આકર્ષણ ઊભું થાય ત્યારે. નહિતર જોવે નહિ. મહિમા શું કરવા બતાવે છે ? કે કોઈ રીતે પણ તમે એ બાજુ જોવાનું, અવલોકન કરવાનું કારણ બને એટલા પૂરતું આ કહેવામાં આવે છે. બહુ રસિક અધિકાર છે. અનુભવનો અધિકાર છે ને એટલે.

'**ગુણનું નિધાન એવું પરમપદનું...**' નિજસ્થાન દેખાય, નિજ પરમપદનું સ્થાન દેખાય, '**પ્રમાણભાવ વડે અમ્લાન ભગવાનના સકલ પદાર્થને જાણવારૂપ જ્ઞાનની પ્રતીતિમાં નવ નિધાન આદિ જગતનું નિધાન જૂઠું ભાસ્યું; ત્યારે આત્મભાવ પ્રકાશ્યો,...**' શું કહે છે ? જગતમાં એમ કહે છે કે જગતમાં ભૌતિક રિદ્ધિ-સિદ્ધિ ઘણી છે. અનેક પ્રકારના ચમત્કારો, અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ. નવ પ્રકારના નવ નિધાન કહેવામાં આવે છે. એ નવ નિધાન સંબંધીનું જગતનું વિધાન એટલે કથન, વિધાન એટલે કથન જૂઠું ભાસ્યું. જગતમાં નવ નિધાન છે ? રિદ્ધિ-સિદ્ધિ છે ? કે ના ભાઈ ! વાત જૂઠી છે. મારે માટે જગતના નવ નિધાન, નવ નિધાનપણે છે નહિ. એ વિધાન ખોટું છે.

મારા સ્વરૂપમાં જે અનંત ગુણનું નિધાન ભર્યું છે એમાં નવ નિધાન નહિ પણ પૂર્ણ નિધાન છે. અનંત નિધાન છે. એની પાસે નવ નિધાન તો જૂઠા છે અથવા એનો મને કાંઈ મહિમા નથી. જગતના નવ નિધાન જ્યાં તુચ્છ જણાય છે એમ કહેવું છે. જ્યાં તુચ્છ લાગે છે. એવું પોતાનું મહાન આત્મપદ છે એ સમાધિભાવમાં પ્રકાશિત થાય છે, પ્રકાશ પામે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. એમાં પણ તકલીફ શું થાય છે ? એક

દૃષ્ટાંત આવે છે શાસ્ત્રની અંદર કે એક દેખતા માણસે એમ કહેવું કે આ ચૌદ પક્ષી ઊડે છે આકાશમાં. ત્યારે આંધળો છે એ એમ કહે છે કે ચૌદ નથી અગિયાર છે. ઠીક ! ઓલો એમ કહે છે કે ભાઈ ! હું દેખું છું. અને તું આંધળો છો એમ પણ હું દેખું છું. હું દેખતો છું ને ચૌદ ગણીને તને કહું છું અને તું આંધળો છો અને પાછો એમ કહે છે કે ના, ચૌદ નથી અગિયાર છે, તમારી ભૂલ થાય છે. પણ આંધળો એટલો ચાલાક છે કે અગિયાર એટલા માટે કહે છે કે બીજા આંધળા પણ એમ કહે છે કે એણે કેમ અગિયાર કીધા ? કેમ દસ ન કીધા અને કેમ બાર ન કીધા ? માટે એ કાંઈ દેખતો હોવો જોઈએ. એટલે બીજા આંધળાને એમાં ભ્રમ થાય છે કે આ કાંઈક દેખતો હોવો જોઈએ. નહિતર દસ કહે અને કાં બાર કહે. અગિયાર કીધા એટલે માટે કાંઈક દેખતો હોવો જોઈએ. પણ એ એટલો ચાલાક છે કે આણે ચૌદ કીધા તો આપણે અગિયારને ફેંકો ને. આમાં બીજાને એમ થશે કે આ કાંઈક દેખતો લાગે છે.

મુમુક્ષુ :- એટલે .. આંધળા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે એ કીધા હોત તો. એણે એમ કીધું હોત કે મને તો કાંઈ દેખાતું નથી. હું તો આંધળો છું એટલે મને કાંઈ દેખાતું નથી. તમે દેખતા જો એને ચૌદ કહો છો. તમે દેખો છો તો કહી શકો છો. પણ આંધળો પોતે દેખતો છે એમ બતાવવા અને બીજા આંધળાને ભ્રમમાં નાખવા ફેંકે છે. આવી જગતની અંદર જ્ઞાનીઓની સામે અજ્ઞાનીઓની પરિસ્થિતિ છે. એ પણ કાંઈક બતાવે છે. ભાળતા નથી કાંઈ અને બતાવે છે કે અમારી પાસે જ્ઞાન છે. આ ગડબડ થઈ છે. શું કહે છે ? શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે.

જેણે પોતાનું અનંતગુણ નિધાન '**પ્રમાણભાવ વડે અમ્લાન ભગવાનના સકલ પદાર્થને જાણવારૂપ જ્ઞાનની પ્રતીતિમાં નવ નિધાન આદિ જગતનું વિધાન જૂઠું ભાસ્યું;...**' આટલી વાત આગળ લીધી છે. '**નવ નિધાન આદિ જગતનું વિધાન જૂઠું ભાસ્યું;...**' તેની પાસે આટલી વાત આગળ લીધી કે કયા જ્ઞાનમાં તે જૂઠું ભાસ્યું ? કે '**ભગવાનના સકળ પદાર્થને જાણવારૂપ જ્ઞાનની પ્રતિતીમાં...**' ભગવાન સકળ પદાર્થને જાણે છે એવું કેવળજ્ઞાન ધરાવે છે. તેની પ્રતીતિ જેને વર્તે છે. સર્વજ્ઞની પ્રતીતિ જેને વર્તે છે આમ લીધું છે.

સર્વજ્ઞ સ્વભાવ અને સર્વજ્ઞની પ્રતિતી જેને વર્તે છે તેવા '**પ્રમાણભાવ વડે...**' અમ્લાન શબ્દ તો ભગવાનનું વિશેષણ છે. કેવા છે ભગવાન ? કે જેને નિષ્કંલક પરિણામ થયા છે, મલિનતાનું કલંક જેને સર્વથા અભાવ થયું છે તેને અમ્લાન કહેવામાં આવે છે. મ્લાન-મલિનપણું નહિ તે અમ્લાન.

એવા જે અમ્લાન ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્ર છે તે પરમાત્મા સકળ પદાર્થને જાણે છે. એ સકળ પદાર્થને જાણે છે એવા એમના જ્ઞાનની પ્રતીતિ જેને વર્તે છે, એ પ્રતીતિવાળા સાધકને પોતાના પ્રમાણભાવ વડે જગતમાં નવ નિધાન છે એવું વિધાન જૂઠું ભાસે છે. જગતમાં જગતના દેવો, જગતના પાંચ ઈન્દ્રિયના વિધવિધ વૈભવવાળા વિષયોના રસીકજનો જગતના વખાણ કરીને નવ નિધાન બતાવે છે કે અહીંયાં આમ હોય.. અહીંયાં આમ હોય... અહીંયાં આમ હોય... આમ હોય. એને એમ કહે છે કે એ અમને તુચ્છ ભાસે છે. એ વાતો અમને જૂઠી દેખાય છે. અમને એમાં એમ લાગે છે કે આવું બધું અમને હોય તો ઘણો આનંદ થાય, ઘણું સુખ થાય. અહીંયાં એમ કહે છે કે એ બધું અમને જૂઠું લાગે છે. એ અમને કોઈ સુખનું કારણ દેખાતું નથી. જગતના જીવોને જે સુખનું કારણ (લાગે છે) એ ખરેખર સુખનું કારણ નથી. એમ જણાવું તે જગતનું કથન જૂઠું ભાસે છે. જગતના જીવો કહે છે તે જૂઠું ભાસે છે.

જેમ કે જગતની અંદર જેને પૂર્વકર્મના ઉદયને લઈને બહારમાં આબરૂ, કીર્તિ, પૈસો વગેરે થાય ત્યારે લોકો એમ કહે કે ભાઈ ! તો સુખી થઈ ગયા છે. કેવા થયા ? કે હવે એ સુખી થઈ ગયા છે. એ પણ એમ જોવે કે બધાની નજરમાં હું સુખી થઈ ગયો છું એમ બધા મને દેખે છે. બધાની નજરમાં હું આવો દેખાઉં એવા ભાનમાં એ રહે છે. ત્યારે જ્ઞાનીની નજરમાં બીજું ચિત્ર છે. જ્ઞાનીની નજરમાં એ એમ જોવે છે કે આ મૂરખ છે. શું જોવે છે એ ? આ મૂરખ છે. પોતાના અનંત ગુણની લક્ષ્મીથી પોતાની મહત્તા જોતો નથી અને પુદ્‌ગલ પદાર્થો થોડા કાળ માટે માત્ર સંયોગમાં આવ્યા. થોડા કાળ માટે. પહેલા નહોતા એ વાત નક્કી છે, થોડા કાળ પછી નહિ હોય એ વાત પણ નિશ્ચિત જ છે. એમાં કાંઈ ફેર નથી. થોડો કાળ વચમાં એને સંયોગ થયો એમાં એને

એનો હરખનો રસ ચડ્યો છે. મૂરખ છે. એટલા માટે મૂરખ છે કે એ રસ જેટલા કાળમાં એ લે છે એમાં કેટલી અધોગતિના પરિણામ કરે છે એની એને ખબર નથી. કેટલા દુઃખમાં જવાના પરિણામને એ સેવે છે એની એને ખબર નથી. કેટલું પોતાને નુકસાન કરે છે એની એને ખબર નથી. એટલે એને એમ કહે છે કે આ મૂરખ છે કે જે પોતાના હાથે પોતાના પગ ઉપર કુહાડો મારે છે. એ જ્ઞાનીની નજર (જુદી) છે. ઓલો હરખાય છે ત્યારે આ એને મૂરખ જોવે છે. આટલો બધો ફેર છે.

મુમુક્ષુ :- ... આ બધા વાળા છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાળો છે ને એ એવું દરદ છે. એક વાળો નીકળે ને તો રાડ નાખે. એવી એની પીડા થાય, વેદના થાય. તો ઘણા વાળા નીકળ્યા હોય તો કેટલી પીડા થાય ? એમ આ જીવને અજ્ઞાનથી અને ભ્રમથી હું શરીરવાળો, તંદુરસ્તીવાળો, કીર્તિવાળો, પૈસાવાળો, સંબંધવાળો, સગાવાળો, આવાવાળો, વાળો.. વાળો... વાળો... કંઈક વાળો. એટલા બધા વાળામાં એને અનંત દુઃખ થાય છે એની એને ખબર નથી. એવો બેભાન થઈ ગયો છે કે એની પિડાની, બેભાનપણામાં પિડાની ખબર ન પડે. પણ પિડાથી બેભાન છે, હોં ! બહુ પિડા થાય ને ત્યારે માણસને ભાન છૂટી જાય એ પિડાનો અતિરેક છે. તીવ્ર પિડાની એ દશા છે. ત્યાં દુઃખ નથી એવું નથી. દુઃખ ઘણું છે પણ ખ્યાલ એને આવતો નથી. ખ્યાલ ન આવે એટલે નથી એમ નથી. એમ છે.

ફરીને. '**પ્રમાણભાવ વડે...**' અથવા તો સમ્યગ્જ્ઞાન વડે. એમ લેવું છે. પ્રમાણભાવ કોને કહેવાય છે કે જેનું જ્ઞાન સમ્યક્ થાય એનું જ્ઞાન પ્રમાણજ્ઞાન છે. એને પ્રમાણભાવ કહે છે. '**પ્રમાણભાવ વડે અમ્લાન ભગવાનના સકલ પદાર્થને જાણવારૂપ જ્ઞાનની પ્રતીતિ...**'પૂર્વક. એવી પ્રતીતિમાં રહીને '**નવ નિધાન આદિ જગતનું વિધાન...**' એટલે નવ નિધાનમાં સુખ છે, નવ નિધાન જેને ઘરે હોય તેને પૂરું સુખ હોય એમ જે કહેવામાં આવે છે તે '**જગતનું વિધાન જૂઠું ભાસ્યું;...**' એવું જે જગતની અંદર પ્રચલિતપણે કહેવાય છે, કહેવાય છે શું મનાય છે, ઘણા એવું માને છે, એ બધાનું માનવું એને જૂઠું ભાસ્યું. આ માન્યતા જૂઠ છે. જૂઠ છે એટલું જ નહિ એ જૂઠને સેવતા અનંત દુઃખનું કારણ ઊભું

કરવાનું થાય છે.

**'જગતનું વિધાન જૂઠું ભાસ્યું; ત્યારે આત્મભાવ પ્રકાશ્યો,...'** બેય સાથે લીધું અવિનાભાવીપણે. આત્મભાવ પ્રકાશે ત્યારે આ જૂઠું ભાસે અને જૂઠું ભાસે ત્યારે આત્મભાવ પ્રકાશ્યો એમ ગણવો. આત્મભાવ પણ પ્રકાશ્યો છે અને આ જૂઠું લાગતું નથી એમ બને નહિ. એમ કહે છે. **'ત્યારે આત્મભાવ પ્રકાશ્યો, (તેની) ઓળખાણ (પોતે) પોતાથી કરી ત્યારે ચેતનભાવ લીધો,...'** આત્મભાવ પ્રકાશ્યો, અનુભવમાં પોતાની ઓળખાણ કરી અને પોતે ચેતનભાવને ગ્રહણ કર્યો, ચેતનભાવ લીધો એટલે ચેતનભાવ સ્વરૂપ છું એમ ગ્રહણ કર્યું.

**'શુદ્ધ ધારણા ધરી,...'** શુદ્ધ પદને ધારણ કર્યું. અવસ્થા શ્રદ્ધા-જ્ઞાનમાં શુદ્ધપદને ધારણ કર્યું એને ધારણા કહે છે. જ્ઞાનની ધારણાને ધારણા કહે છે ને ? એ બધી સ્વરૂપની ધારણા તે સમ્યક્ ધારણા છે અને સ્વરૂપ સિવાયની બધી જ્ઞાનની ધારણા તે મિથ્યાધારણા છે. **'શુદ્ધ ધારણા ધરી, નિજ ભાવના કરી,...'** બધામાં છેલ્લે છેલ્લે રી.. રી.. રી.. લખ્યું છે. એ એમની પદ્ધતિ છે. **'શુદ્ધ ધારણા ધરી, નિજ ભાવના કરી, શિવપદને અનુસરી, આનંદરસથી ભરી, ભવબાધા હરી,...'** બધામાં છેલ્લે .. એકસરખો લે છે. પોતે આમ તો કવિ છે ને. બીજા ગ્રંથ તો એમણે પદમાં રચ્યા છે, પદની અંદર રચ્યા છે. આ 'જ્ઞાનદર્પણ'ના પદ આવે છે ને ? એ બધી એમની રચના છે. એટલે એ પદ્ધતિ એમની રસમાં આવે ત્યારે બધી એ શબ્દોની ગોઠવણી થઈ જાય છે.

**'શુદ્ધ ધારણા ધરી, નિજ ભાવના કરી,...'** પોતાના સ્વરૂપની ભાવના કરી **'શિવપદને અનુસરી,...'** એટલે શિવપદનો આશ્રય કરીને **'આનંદરસથી ભરી,...'** પોતાના પરિણામમાં ઘણો આનંદ ઉભરાણો. એવા આનંદરસથી ભરીને **'ભવબાધા હરી,...'** જે ભવની બાધા એટલે ભવનું દુઃખ હતું એનો નાશ કરીને **'જ્યાં જેટલી સદા પ્રમોદપૂર્વક અબાધા (કરી) ત્યાં એટલી શક્તિ વધી,...'** જ્યાં જેટલી સદા પ્રમોદપૂર્વક. પ્રમોદપૂર્વક-પુરુષાર્થપૂર્વક એમ લેવું. જ્યાં જેટલી સદા પુરુષાર્થપૂર્વક એટલે જેટલો પુરુષાર્થ વધ્યો, જેટલો આનંદ વધ્યો. બે

સાથે લીધું. બે અવિનાભાવીપણે છે. જેટલો પુરુષાર્થ વધે આત્માનો, એટલો આત્માનો આનંદ વધે. જ્યાં આનંદ વધારે વધે ત્યાં પુરુષાર્થ એટલો વધી ગયો હોય છે. બેય અવિનાભાવી પરિસ્થિતિ છે.

**'સદા પ્રમોદપૂર્વક અબાધા (કરી)...'** અબાધા કરી એટલે દુઃખને મટાડ્યું **'ત્યાં એટલી શક્તિ વધી,...'** ત્યાં સ્વરૂપની આત્મામાંથી શક્તિ વધારે વિકાસ પામી. શક્તિ વધી એટલે શક્તિનો વિકાસ થયો. અવસ્થામાં-પરિણામમાં શક્તિઓનો વિકાસ થયો. નિજ આત્મશક્તિ વધી. શક્તિ એવી ચીજ છે કે વધી ગયા પછી એ શક્તિને વાપરવાના વિકલ્પ વિના શક્તિ શક્તિપણે પ્રગટ થઈને કાર્યગત રહે છે. એને વાપરવાના વિકલ્પની મદદની જરૂર પડતી નથી. એવો શક્તિનો વિષય છે. એટલે જ્ઞાનીને કૃત્રિમ પુરુષાર્થ નથી દેખાતો. ઉદયના કાર્યોમાં પણ સહજ પુરુષાર્થવંત હોય છે. કેમકે સહજ શક્તિ એને વિકાસ પામી છે.

**'ત્યાં એટલી શક્તિ વધી, શિવસુખદાયક, ચિદાનંદની અધિકાઈ ગ્રંથગ્રંથોમાં (દરેક સદ્‌ગ્રંથમાં) ગાઈ છે (કહી છે) તે સમાધિથી પામવામાં આવે છે.'** એવો ભાવ સમાધિથી પામવામાં આવે છે. શિવસુખદાયક. કલ્યાણ. નિરાકુળ સુખને શિવસુખ કહેવામાં આવે છે. કલ્યાણરૂપ છે. જગતના સુખ છે એ ભોગવતી વખતે ભલે સુખદાયક લાગતા હોય તોપણ એમાં આત્માનું કલ્યાણ નથી. એમાં આત્મા કલ્યાણના માર્ગે નથી પણ આત્મા અકલ્યાણના માર્ગે છે. દુઃખના રસ્તે છે. આ જે છે સ્વરૂપ સુખનું, સ્વરૂપ આનંદનું જે કારણ છે એ શિવસુખદાયક છે. નિરાકુળ કલ્યાણના સુખનું દેનારું છે. એવો જે ચિદાનંદ પરમાત્મા છે તેની અધિકાઈ એટલે તેની મહિમા, તેની મોટાઈ, તેની મહત્તા ગ્રંથ-ગ્રંથોમાં પ્રત્યેક સદ્‌ગ્રંથની અંદર ગાવામાં આવી છે.

'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન' 'શ્રીમદ્‌જી'એ 'અપૂર્વ અવસર'માં ગાયું કે સર્વજ્ઞ ભગવાને પોતાનું પરમપદ, પરમ મહિમાવંત નિજપદ જ્ઞાનમાં જેટલું મહિમાવંત જાણ્યું એટલી મહિમા તો એ દિવ્યધ્વનિમાં પણ કહી શક્યા નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાજર છે, હાજર છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા પૂછે કે જો આત્મા જ્ઞાનનો સાગર હોય અને આનંદનો સાગર હોય તો આવડો મોટો સાગર દેખાતો શું કરવા નથી ? છાંટો પણ દેખાતો નથી. સાગર તો શું અહીં તો છાંટો દેખાતો નથી. બહુ શરૂઆતમાં એક એડવોકેટ હતા. સાથે ધર્મચર્ચા કરતા હતા. એક દિ' ઘરે આવ્યા. આત્મા સુખનો સાગર છે, જ્ઞાનનો સાગર છે. અહીંયાં છાંટો દેખાતો નથી એનું શું કરવું ? સાગર હોય તો છાંટો તો દેખાય કે નહિ ? મેં કીધું, તમે વકીલ છો, કોર્ટમાં કેસ લડો છો ને આવી વાત કરો છો ? જો માણસ મોઢું ફેરવે તો સમુદ્રની બાજુ પીઠ રાખે તો એને આખો સમુદ્ર ક્યાંથી દેખાય ? પણ થોડો છાંટો તો દેખાવો જોઈએને. પણ પીઠ ફેરવીને ઊભો છો. ક્યાંથી દેખાવાનો હતે ?

એમ તારા જ્ઞાનની અને શ્રદ્ધાનની દિશા ઊલટી છે. એટલો તું જ્ઞાન શ્રદ્ધાનથી પરપદાર્થ ને રાગ સાથે વળગીને એકત્વ કરે છો તો તારો સુખનો સાગર અને જ્ઞાનનો સાગર તને ન દેખાય. એમાં શું મોટી વાત છે ? ન દેખાય એ તો સીધી વાત છે. બહાર જો થોડીક આડોડાઈ કરે ને તો એને અણગમો થઈ આવે. આપણે પૂછીએ છીએ અને આડો જવાબ દે છે. હજી તો વર્તન ન કરે. ભાષાની અંદર આડુ બોલે. કેમ છો ? ભાઈ ! તબિયત સારી છે ને ? તમને કેમ લાગે છે ? એમ કહી દે. મને સારું છે, ઠીક છે. એમ કહેવાને બદલે એમ કહે કે તમને કેમ લાગ્યું ? સારી જ હોય ને. એમાં પૂછો શું ? સહેજ આડુ બોલે તો અણગમો થાય છે. અહીં તો પૂરો ભગવાનથી અવળો પડીને ઊભો રહે છે. પૂરી અવળાઈ કરે છે. સન્મુખ થવાને બદલે જરાય સન્મુખ થતો નથી. તો પૂરેપૂરો અવળો ચાલે છે. તોપણ કરુણાનિધાન ભગવાન એવો છે કે જરાય ખોટું લગાડતો નથી. કારણપરમાત્મા હાજર છે. હાજર છે નહિ, એલાર્મ વાગે છે, ઉઘાડ દરવાજો, ખોલ દરવાજો. તારા કમાડ ખોલ, હું ઊભો જ છું. દર્શન દેવા માટે તૈયાર ઊભો છું. પણ આટલો બધો અનાદર કર્યો, અનંત કાળ પર્યંત અનંતો અનાદર કર્યો. ... મારે કાંઈ લેવા કે દેવા. હું મારાપણું નહિ છોડું. શું કહે છે ? હું મારાપણું નહિ છોડું.

આંબાની બાજુમાં લીમડો ઊગે તો આંબો એમ વિચારે કે હે લીમડા ! પાણી તો તને મળે છે એ જ મને મળે છે. એક જ

ધોરિયામાંથી આપણે બેય પાણી પીએ છીએ. પાણી ચાલ્યું જતું હોય વહેતું પાણી. બેયને એક જ પાણી મળે છે. તું કડવારસપણે પરિણમે છો. તને રોજ મીઠું પાણી મળવા છતાં તારું કડવાપણું છોડતો નથી. તો હું મારું મીઠાપણું શું કરવા છોડું ? હું પણ નહિ છોડું મારું મીઠાપણું.

એમ અંદરમાંથી પરમાત્મા એમ કહે છે કે હું તો પરમાત્મા સ્વરૂપે જ રહીશ. મારે મારું પરમાત્મપણું છોડવાનો પ્રશ્ન થતો નથી. પરિણામમાં અવળાઈ પરિણામે ભલે ગમે તેટલી કરી પણ હું તો મારા સ્થાનમાં એમ ને એમ સદાય કારણપરમાત્માપણે ખડો છું, ઊભો છું. તું સન્મુખ થા એટલી વાર છે. કોઈ લાંબી વાર આની અંદર (નથી), બીજો સમય નથી. બીજા સમય માટે વાત કોઈ બાકી રહેવાની નથી. એવો મહિમાવંત આત્મા છે. એવો મહિમાવંત આત્મા છે.

જગતમાં તો જેને પરમાત્મા કહે છે એ પરમાત્મા તો જગતના લોકોએ માનેલો ઈશ્વર તો એનો અનાદર કરે એને શિક્ષા કરે. મારો પ્રસાદ ન લીધો તેં ? સત્યનારાયણ જેવા સત્યનારાયણ પણ શિક્ષા કરે. વહાણ ડુબાડી દે. સત્યનારાયણ કહેવા કે અસત્યનારાયણ કહેવા ? આ સત્યનારાયણ સાચો છે પોતે કે કોઈનું વહાણ ડુબાડતો નથી. એ તો કહે છે કે તું અવળો ચાલ એટલું તને નુકસાન છે, સવળો ચાલ તો હું તો બરાબર સત્ય સ્વરૂપે સદાય ખડો છું. એ પોતાનો ધર્મ અને પોતાનું સ્થાન છોડતો નથી. એની મહત્તા ઘણી છે, એનો મહિમા ઘણો છે. એ દરેક સદ્ગ્રંથોની અંદર ગાયો છે. પરમાત્મા અને પરમપદનો મહિમા જ ગાવામાં આવ્યો છે. કેમકે નામે પણ અવગુણ એમાં નથી. અવગુણની ગંધ એમાં નથી. એકલો ગુણનો દરિયો જ ભરેલો છે. એ ગુણનિધાનને સમાધિભાવમાં પામવામાં આવે છે. શુદ્ધોપયોગના કાળમાં એવા પરમપદનો સાક્ષાત્ અનુભવ કરવામાં આવે છે. પ્રદેશે પ્રદેશેથી એને વેદવામાં, સાક્ષાત્‌પણે વેદવામાં આવે છે.

**'આ સ્વરૂપાનંદ પદનો ભેદી...'** હવે અહીંથી આનંદનો જ જાણે અધિકાર હોય (એમ વાતો કરી છે). બે પેરેગ્રાફ છે. એકદેશ સ્વરૂપાનંદ આવો છે એમ કરીને બેય પેરેગ્રાફ એકલા આનંદના વિષયમાં છે.

## તા. ૨૬-૩-૧૯૮૬, પાના નં. ૮૦, પ્રવચન નં. ૧૪૦

શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય ત્યારે સ્વરૂપનો આનંદ અનુભવમાં આવે છે અને મારું સ્વરૂપ અનંત આનંદસ્વરૂપ છે એવા નિજપદને અનુભવથી ત્યાં જાણે છે. અંદરના ભેદને જાણે એને અહીંયાં ભેદી કહે છે. અંતરનો ભેદ જાણે, અંદરનો ભેદ જાણે તેને ભેદી કહે છે. અંતરનો મર્મ જાણે. '**(આ સ્વરૂપાનંદ પદનો ભેદી (મર્મજ્ઞ)...**' એવા જિનપદનો ભેદી ક્યારે થાય ? સ્વભાવના અનુભવથી જાણે કે વસ્તુનું સ્વરૂપ આવું છે. જ્યાં શુદ્ધોપયોગ પ્રગટ થયો, ત્યાં સ્વરૂપાનુભવ થયો. તેનાથી વસ્તુના સ્વરૂપને ... ત્યારથી વસ્તુના સ્વરૂપને જાણે છે. પુસ્તકના અભ્યાસથી વસ્તુના સ્વરૂપને જાણે છે એમ નહિ. પણ સ્વભાવના જાણવાથી ગુણમય જે અનંત ગુણમય સ્વભાવ છે તેના જાણવાથી એટલે તેના અનુભવથી વસ્તુના સ્વરૂપને જાણે છે કે મારા સ્વરૂપમાં આનંદનું પદ છે એ આવું છે. આનંદપદ સ્વરૂપી હું આવો છું. પછી કોઈપણ ગુણથી લે. જ્ઞાનસ્વરૂપી આવો છું. પણ અહીંયાં આનંદની વિશેષ વાત લે છે. કેમકે અનુભવમાં તો મુખ્ય આનંદ જ છે. અનુભવમાં આનંદ એટલો મુખ્ય છે કે ત્યાં જ્ઞાન પણ ગૌણ છે. કેમકે જ્ઞાનનું ફળ આનંદ છે. જે જ્ઞાન સાધન છે એ સાધનથી સાધ્ય શું કર્યું ? કે આનંદને સાધ્ય કર્યો, આનંદને પામ્યો એટલે આનંદ છે એ જ્ઞાનનું ફળ છે.

મુમુક્ષુ :- પ્રયોજન પણ આનંદનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોજન પણ આનંદનું જ છે. દુઃખનો અભાવ થાય અને આનંદની ઉત્પત્તિ થાય એ આખરી ધ્યેય છે.

મુમુક્ષુ :- સુખગુણ અને આનંદગુણ બેય એક છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એકાર્થમાં પણ વપરાય છે અને જુદા જુદા પણ વપરાય છે. પણ સુખ છે એને ચારિત્રમાં લઈ જાય છે જ્યારે જુદા જુદા વપરાય છે ત્યારે. નિરાકુળ લક્ષણ સુખ. અને આહ્‌લાદ લક્ષણ આનંદ. એમ બે જુદાં જુદાં લક્ષણ પાડે છે. નિરાકુળ લક્ષણ સુખ અને આહ્‌લાદ લક્ષણ આનંદ.

મુમુક્ષુ :- આહ્‌લાદ સુખનું કારણ...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો ભળતો ભાવ છે. આનંદ અને સુખ છે એ એકબીજાની સાથે મળતો ભાવ છે.

મુમુક્ષુ :- બે જુદાં ગુણ છે કે એક ગુણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, જુદાં લઈ શકાય છે. પણ કોઈવાર એકાર્થમાં વપરાય છે. સુખ ઉત્પન્ન થાય ત્યાં આનંદ ઉત્પન્ન થયો, આનંદ ઉત્પન્ન થયો ત્યાં સુખ ઉત્પન્ન થયું એમ કહેવાય છે. કેમકે બેય સાથે હોય જ છે. નિરાકુળતા હોય પછી આહ્‌લાદની વાત છે. આકુળતા મટે પછી આહ્‌લાદ આવવાનો સવાલ છે. આકુળતામાં ઊભા ઊભા તો આનંદ આવવાનો પ્રશ્ન રહેતો નથી. પણ એ વિષય બધા ગમે તેમ બહુ સૂક્ષ્મ પડતા હોય કે ગમે તેમ હોય, પણ ૪૭ શક્તિમાં સુખશક્તિનું વર્ણન લીધું છે. આનંદને જુદું પાડીને વર્ણન નથી લીધું. જ્ઞાન, દર્શનનું વર્ણન લીધું છે, પણ શ્રદ્ધાને જુદી પાડીને વર્ણન નથી લીધું. શ્રદ્ધાગુણનું વર્ણન નથી લીધું. એમ આનંદગુણનું નથી લીધું. સુખગુણ લીધો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં. જુદાં લેવા. બેયના લક્ષણ જુદાં લઈએ ને. નિરાકુળ લક્ષણ સુખ અને આહ્‌લાદનું લક્ષણ આનંદ.

મુમુક્ષુ :- ૪૭માં સુખની પરિભાષા...

પૂજ્ય ભાઈશ્રી :- યાદ નથી. પાંચમી શક્તિ છે ને ? '**અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.**' એ લક્ષણ લીધું છે. '**अनाकुलत्वलक्षणा सुखशक्तिः**' એટલું સંસ્કૃત છે. એ જ લીધું છે. આકુળતા નામ દુઃખ છે. આકુળતા નામ દુઃખ છે અને દુઃખનો અભાવ તે સુખ છે.

મુમુક્ષુ :- આનંદમાં આહ્‌લાદ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આહ્‌લાદ છે. આનંદની અંદર આહ્‌લાદ છે. એટલે તો તિર્યંચને પણ વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં એને આનંદ... આનંદ... આનંદ... આનંદ... અનુભવના કાળે જીવ આનંદ વિભોર થાય છે. એવો આનંદનો ઉછાળો છે.

મુમુક્ષુ :- ઘટ અંતર ન સમાય.

પૂજ્ય ભાઈશ્રી :- ગાયું છે કે એ તો એવો આનંદ છે કે જાણે પરિણામમાં માતો નથી. અંદર તો આનંદનો દરિયો છે. ઉછળ્યો. પર્યાયના કાંઠે આવીને આનંદ ઉછળ્યો. ઉછળ્યો છે એટલે આનંદતરંગ લેવામાં આવે છે અથવા ઘણો આહ્લાદ છે એવો આનંદનો અનુભવ છે.

એટલે તો આગળ એ લીધું કે ત્યારે ઈન્દ્રાદિના ભોગવિલાસ છે... લઈ લીધું ને ? ૭૯ પાને. '**ત્યારે ઈન્દ્રાદિ સંપદાના ભોગ રોગવત્ ભાસે.**' રોગમાં જેમ ઉપાધિ છે એમ ઈન્દ્રાદિ સંપદાના ભોગ. ઈન્દ્રાસન ઉપર બેસવા જાય, દૈવી ઈન્દ્રાસન ઉપર બેસવાનો વિકલ્પ ઊઠે એ એને ઉપાધિ ભાસે. આ રોગમાં જેમ ઉપાધિ છે એમ આ ઉપાધિ છે. એટલો અંદરનો આનંદ જુદી એવી ચીજ છે. લોકો જેને સુખ કહે, ઈન્દ્રની નીચેના પુણ્યવાળા દેવોને એમ થાય કે અમને આવું ઈન્દ્રપદ હોય તો સારું. જેમ અહીંયાં નીચે હોય છે એવી રીતે. સામાન્ય માણસને એમ થાય કે અમારે મોટર, ગાડી, બંગલા, ફલાણું, ઢીકણું હોય તો સારું. એમ ત્યાં પણ નીચેના ઓછા પુણ્યવાળા દેવો છે એને વિશેષ પુણ્યની આકાંક્ષા થાય છે.

મુમુક્ષુ :- આનંદગુણ બધા ગુણમાંથી ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આનંદગુણનું પરિણમન તો ગુણનું પરિણમન તો ગુણ પરિણમે છે એમાંથી ગુણનું પરિણમન આવે છે. પણ શ્રદ્ધા વિપરીત હોય તો આનંદ આવવાનો પ્રશ્ન નથી. આનંદ સ્વભાવની શ્રદ્ધા હોય તો આનંદ ઉત્પન્ન થાય. જેમાં આનંદ નથી એવા જડ પદાર્થમાં સુખની, આનંદની શ્રદ્ધા હોય કે આનાથી મને આનંદ આવે છે. ઉનાળો છે અને હું ઠંડુ પીઉં, કોલ્ડ્રીંક પીઉં એટલે મને આનંદ આવે છે. તો એ શ્રદ્ધામાં આનંદ આવવાનો નથી. એમાં આનંદ ઉત્પન્ન ન થાય. પણ આનંદસ્વભાવની શ્રદ્ધામાં આનંદ ઉત્પન્ન થાય. એટલી વાત ચોક્કસ છે. શ્રદ્ધા તો બધાનું મૂળ છે. આખા સ્વભાવને શ્રદ્ધનારી જે શ્રદ્ધા છે એ શ્રદ્ધા ઉત્પન્ન થયા વિના એકેય ગુણનું સવળું પરિણમન થાય નહિ અને શ્રદ્ધા થાય તો બધા ગુણનું સવળું પરિણમન આપોઆપ થાય. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

એક શ્રદ્ધાગુણને બીજા અનંત ગુણના શુદ્ધ પરિણમન સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્તા-કર્મ સંબંધ નથી. એ એના પરિણામને

કરે એમ નહિ. શ્રદ્ધા આનંદને કરે એમ નહિ. પણ શ્રદ્ધા થાય ત્યાં અવિનાભાવીપણે આનંદ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. 'સોગાનીજી'એ લીધું છે કે પ્રથમ શ્રદ્ધા ક્યારે થઈ ગણવી ? કે શુદ્ધ ઉપયોગના કાળમાં આનંદની ઉત્પત્તિ થાય ત્યારે. પત્રમાં એવી વાત આવી છે.

**'ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા જબ હી કહી જાતી હૈ કિ ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'** લીનતા છે. એકાગ્રતા-સ્થિરતા લીધી છે. પણ સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ છે ને ? એટલે આનંદગુણ પણ એની અંદર આંશિક શુદ્ધરૂપે વ્યક્ત થઈને પરિણમે છે. લીનતા છે એ ચારિત્રમાં જાય છે, સુખમાં જાય છે.

મુમુક્ષુ :- સુખગુણને સ્થિરતા સાથે સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બેયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. સ્થિરતા વિના સુખ ન હોય. અસ્થિરતામાં દુઃખ છે, સ્થિરતામાં સુખ છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાને અનુભવ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર શું કહે છે કે કોઈ એમ કહે કે હું દેવ-ગુરુ-શાસ્ત્રને માનું છું, હું છ દ્રવ્યને માનું છું, હું નવ તત્ત્વને માનું છું. માટે મારી શ્રદ્ધા બરાબર છે. તો એને એમ કહ્યું કે જ્યારે સ્વરૂપલીનતા ઉત્પન્ન થાય અને આત્માનો અનુભવ થાય ત્યારે એ શ્રદ્ધા શ્રદ્ધા ગણવી, ત્યાં સુધી શ્રદ્ધા ખરેખર શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- દરરોજ સાંભળીએ છીએ છતાં શ્રદ્ધા નથી એમ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. સાંભળીએ છતાં શ્રદ્ધા નથી. શ્રદ્ધા બીજી છે અને સંભળાય છે. શ્રદ્ધા નથી. સોએ સો ટકા વાત છે કે શ્રદ્ધા નથી. હજી રાગમાં સુખની શ્રદ્ધા પડી છે અને રાગના વિષયમાં સુખની શ્રદ્ધા પડી છે. એટલે જ્ઞાનમાં પ્રતીતિ સાથે ભળી નથી ત્યાં સુધી એ જ્ઞાન છે એ અધ્ધર અધ્ધર પરલક્ષી ચાલે છે કે જેનું કાંઈ ખરેખર પરિણામ-રિઝલ્ટ મળતું નથી. એનું ફળ કાંઈ મળતું નથી. એ નિષ્ફળ જાય છે.

જ્ઞાન સાધન છે, પણ ક્યારે ? કે જ્યારે જ્ઞાનને પ્રતીતિનો સાથ મળે ત્યારે. શ્રદ્ધાનો સાથ મળે ત્યારે. નહિતર તો જ્ઞાન તો શાસ્ત્રના વિષયને ઉઘાડવાળું જ્ઞાન તો સારી રીતે જાણે કે અહીંયાં આમ જ કહેવા

માગે છે. અગિયારમી ગાથામાં ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે એમ કહેવા ધારે છે. ચોખ્ખી વિવિક્ષા છે. અને ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ જ સમ્યગ્દર્શનનું ખરું સ્વરૂપ છે. આમાં કાંઈ ભૂલ ન દેખાય. આમાં શું ભૂલ છે ?

મુમુક્ષુ :- ૨૫ વર્ષના સિનિયર છીએ તો થોડા માર્ક મળે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- આને વર્ષનો સરવાળો લાગુ પડતો નથી. જો વર્ષનો સરવાળો લાગુ પડે તો 'સોગાનીજી'ને લાગુ ન પડે. કાળક્રમ સાથે સંબંધ નથી. આ વિષયને કાળક્રમ સાથે કોઈ સંબંધ નથી. આટલો કાળ શાસ્ત્રનો અભ્યાસ કરે તો એને જ્ઞાન થાય-આત્મજ્ઞાન થાય કે સમ્યગ્દર્શન થાય એવું નથી. ભેદજ્ઞાન કરે-અંદરમાં વાસ્તવિક રાગથી ભિન્નપણાનો પુરુષાર્થ કરે તો અવશ્ય એને અનુભવ થાય, વધુમાં વધુ છ મહિનામાં. પણ એને સતત એકમાત્ર સ્વરૂપપ્રાપ્તિના લક્ષપૂર્વક ભેદજ્ઞાન આદરવું જોઈએ. તો અત્યારે જે ઉઘાડ છે એમાં તો છ મહિના પણ ન લાગે. આ તો ઓછો ઉઘાડ હોય અને મંદ પુરુષાર્થ હોય, બેય વાત ભેગી હોય તો છ મહિના લાગે. નહિતર અત્યારે તો છ મહિના પણ ન લાગે. એટલું બધું 'ગુરુદેવશ્રી'એ ચોખ્ખું કર્યું છે કે છ મહિના પણ ન લાગે. અને ૨૫ વર્ષ શું અનંત કાળ કાઢે પરલક્ષીજ્ઞાનમાં (તોપણ ન પામે).

તત્ત્વજ્ઞાનમાં તો એવું છે કે જો એની સ્વભાવની સૂક્ષ્મતામાં જ્ઞાન ન વળે તો વિભાવની સ્થૂળતામાં ચાલ્યું જાય. જેમ જેમ કાળ જાય તેમ તેમ. હવે કાળનો સરવાળો ક્યાં ગયો ? ૨૫ વર્ષે હોય એના કરતા ૫૦ વર્ષે એથી જાડું હોય. આ દશામાં. કેમકે જ્ઞાનની ચાલ છે. કાં એ અંતરની સાચી દિશા પકડે તો સ્વભાવ પ્રાપ્તિ કરી લે. પોતા જ સાધન છે. **'ज्ञानमेवैकं साधनादिविधौ चित्: स्वानुभूत्येकहेतुश्च तस्मात्तपरमं पदम्'** અને જો સવળું ન ચાલે તો અવળું તો ચાલે જ છે અનાદિનું. એ અવળું ચાલતા ચાલતા કાંઈક થોડું શરૂઆતમાં આત્મકલ્યાણની ભાવનાથી પ્રવેશ કર્યો એટલે થોડો વિકાસ થઈ ગયો હોય એ પાછું સ્થૂળ થવા માંડે, ઊલટું જાવા માટે અને ગડબડ ઊભી કરે.

મુમુક્ષુ :- .. થવા માંડ્યો હોય પછી એમાંથી થાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- અંદરની લાઈન ન પકડાણી એટલે. ભાવના સારી આવી કે મારે કલ્યાણ કરવું છે, મારું હિત કરવું છે માટે મારે બધા

સ્થાને, પુરુષાર્થને બધા સ્થાનેથી ઉઠાવીને એક અહીંયાં ધર્મસ્થાન છે ત્યાં લગાવવો જોઈએ. પણ ધર્મસ્થાન એ તો અંદરનું સ્થાન છે. એ કોઈ બહારનું સ્થાન નથી. એટલે અંદરના સ્થાનમાં લગાવવાને બદલે પછી બાહ્ય ધર્મસ્થાનમાં લગાવવા ગયો એટલે એ ચાલ્યો પાછો ઊંધો. દિશા બે જ છે. ત્રીજી દિશા નથી આમાં. એક અંતરની અને એક બહારની. જ્યારે અંતર સ્વરૂપને, અંતર સ્વભાવને જીવ સ્વસ્વરૂપપણે ઓળખતો નથી ત્યારે એ પરદ્રવ્યને, પરભાવને સ્વસ્વરૂપપણે માને છે, સ્વીકારે છે, શ્રદ્ધી લે છે અને એ જ ક્ષેત્રમાં એ આગળ વધવાનો પછી પુરુષાર્થ એનો ચાલી જાય છે.

'શ્રીમદ્જી'નું માર્ગદર્શન આ વિષયમાં બહુ સારું છે. પોતે માનેલા, વિચારેલા, અનુમાન કરેલા, સ્વીકારેલા જેટલા કોઈ મિથ્યા આગ્રહ છે એ તમામ છોડીને સત્સમાગમમાં એક સત્‌ને સમજવાના લક્ષે અપૂર્વ જિજ્ઞાસાથી અને અપૂર્વ ભાવનાથી પ્રવર્તે તો એને સત્‌ની ઓળખાણ થાય અને ઓળખાણ થાય તો અનુભવ થાય. એ સિવાય બીજો કોઈ આમાં ઉપાય નથી.

શું કહે છે ? કે '**વસ્તુના સ્વરૂપને, ગુણના જાણવાથી, જાણે છે.**' સ્વભાવના અનુભવથી જાણે છે. '**ગુણનો પુંજ વસ્તુમય છે.**' ત્યાં સ્વભાવનો પુંજ, ગુણનો પુંજ તે વસ્તુમય છે. વસ્તુ અને ગુણ જુદાં નથી, એ વસ્તુમય છે. એમ જણાય છે. '**વસ્તુ અભેદ છે.**' ત્યાં વસ્તુની અભેદતાનો પણ અનુભવ થાય છે. ભેદવિચારથી વસ્તુનો ભેદ જણાતો હતો પણ અભેદ અનુભવ થતો નહોતો ત્યાં સુધી વસ્તુની અભેદતા શું છે, વસ્તુ અભેદપણે શું છે એનું જ્ઞાન નહોતું. પણ સમાધિમાં જાણે છે કે વસ્તુ ગુણનો પુંજ છે. સમાધિમાં જાણે છે કે વસ્તુ અભેદ છે. એમ સમાધિમાં જાણે છે.

'**ગુણગુણીનો ભેદ ગુણથી થયો.**' ગુણગુણીનો ભેદ છે તે ગુણથી થયો. એક ગુણને જોતાં ગુણી સાથે એનો ભેદ થયો. જ્ઞાનગુણ. એમ ગુણને જુદો ભેદ પાડતા ગુણીથી ગુણને જુદો વિચાર્યો. ગુણગુણીનો ભેદ ગુણથી થયો છે. ભિન્ન-ભિન્ન ગુણને લઈને ગુણગુણી વચ્ચે ભેદ છે. કેમકે એક ગુણ છે તે ગુણી નથી અને આખો ગુણી આત્મા તે કોઈ એક ગુણ સ્વરૂપે નથી. એમ '**ગુણગુણીનો ભેદ ગુણથી થયો. માટે**

**ગુણનો ભેદ, અભેદ વસ્તુને જાણવામાં કારણ છે.**' અથવા ગુણીને જાણવામાં... જાણવામાં એટલે અહીંયાં ઓળખવામાં કારણ છે. આ જરા નાજુક વિષય છે.

ગુણના ભેદથી વસ્તુ ઓળખાય છે અને ગુણ છે એ એક વસ્તુની સંપત્તિ છે. વસ્તુની અનંત ગુણની સમૃદ્ધિમાંથી પ્રત્યેક ગુણને પોતપોતાનું સમૃદ્ધિયુક્ત સ્થાન છે. પણ એમાં રોકાતા, એ ગુણભેદમાં જો રોકાય તો અવગુણ થાય અને ગુણભેદમાં નહિ રોકાતા ભેદથી અભેદ ઉપર ચાલ્યો જાય તો અનુભવ થાય એટલે કે ધર્મ થાય, ગુણ થાય. અવગુણ ન થાય પણ ગુણ થાય એટલે ધર્મ થાય. એક જ મુદ્દો છે એ લાભનું પણ કારણ છે, સવળું પકડે તો. તે જ મુદ્દો અવળું પકડે તો નુકસાનનું કારણ છે.

એવું જ જ્ઞાનને વિષે છે કે જ્ઞાનમાં પરપદાર્થ જણાય છે. પરપદાર્થ પ્રતીબિંબિત થાય છે એટલે જ્ઞાન દ્વારા જીવને પરપદાર્થનો સંપર્ક છે. જો પરપદાર્થને જાણે નહિ તો પરપદાર્થ સાથે બીજી રીતે કોઈ સંબંધ થવાનો પ્રશ્ન રહેતો નથી. તો પરપદાર્થને જાણનારું જ્ઞાન પરપદાર્થ સાથે ગુંચવાય, બંધાય, રોકાય તો અવગુણ થાય, દુઃખ થાય, આકુળતા થાય. એકત્વ કરે તો મિથ્યાત્વ થાય.

એ જ જ્ઞાન પરપદાર્થને જાણવા છતાં જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરીને સામાન્યનો આવિર્ભાવ કરે, પોતાને જ મુખ્ય કરે, જ્ઞેયની મુખ્યતા ન કરે અને સ્વને જ મુખ્ય કરે, 'જાણનાર તે હું' એમ પોતાની મુખ્યતા જ્ઞાયકપણે કરે એટલે પોતાને જ્ઞાયકપણે અનુભવે તો એને સમ્યક્ થઈને આનંદગુણનો અનુભવ થાય, આનંદનો લાભ થાય. એનું એ જ્ઞાન સાધન છે અને એનું એ જ્ઞાન બાધક થાય છે. સાધક થાય કે બાધક થાય એ જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- .. જ્ઞાનમાં અસ્તિત્વ પકડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં અસ્તિત્વ પકડાય છે.

એમ અહીંયાં ગુણભેદ પણ એવો છે. ગુણભેદનો ઉપયોગ કેટલો ? કે અભેદને ઓળખવા પૂરતો. આથી વધારે નહિ. ગુણભેદનો ઉપયોગ કેટલો ? કે ગુણીને ઓળખી લેવા પૂરતો. એટલી વાત અહીંયાં લીધી છે.

**'માટે ગુણનો ભેદ, અભેદ વસ્તુને જાણવામાં...'** એટલે ઓળખવામાં **'કારણ છે.'** કોઈ ગમે તેટલો બુદ્ધિવાન હોય. પાંચમા કળશમાં 'રાજમલજી'એ ટીકા કરી છે. કોઈ ગમે તેટલો અધિક સાધિક હોય. સાધિક એટલે સાધી શકે એવો બુદ્ધિમાન હોય તોપણ જ્ઞાન તે આત્મા એટલો ગુણગુણીનો ભેદ કહ્યા વિના તે ગુણી એવા આત્માને સમજી શકે નહિ. કેમકે વસ્તુ એના સ્વભાવથી સ્વભાવવિશિષ્ટ વસ્તુ છે. એ વસ્તુની વિશિષ્ટતા સમજ્યા વિના વસ્તુનો મહિમા આવે નહિ. વસ્તનો મહિમા આવ્યા વિના વસ્તુનો અનુભવ થાય નહિ. એટલે **'ગુણનો ભેદ, અભેદ વસ્તુને જાણવામાં કારણ છે.'** ગુણનો ભેદ રોકાવામાં જો કારણ થાય, ભેદમાં રોકાવાનું કારણ થાય તો અભેદ વસ્તુને જાણી શકાય નહિ.

ત્યાં વિશેષ ભેદ એટલો છે, ભેદ એટલે અંદરનો મર્મ એટલો છે કે જ્યારે અભેદ વસ્તુને જાણવામાં આવે છે. અભેદ વસ્તુને ઓળખવામાં આવે છે ત્યારે અભેદના અનુભવમાં કોઈ ભેદનો અનુભવ થતો નથી. કેમકે અભેદમાં ભેદ નથી. અભેદમાં ભેદ નથી અને ભેદમાં અભેદપણું નથી. એટલે ભેદ દ્વારા અભેદને જાણે એમ ભેદને કારણ બનાવે ત્યારે પણ અભેદને જાણતા ભેદ નિરસ્ત થઈ જાય છે. ભેદનો અનુભવ બિલકુલ થતો નથી. કેમકે વસ્તુ અભેદ છે. ખરેખર વસ્તુ, નિશ્ચય વસ્તુ, શુદ્ધ વસ્તુ, અભેદ વસ્તુ, વાસ્તવિક વસ્તુ અભેદ છે.

મુમુક્ષુ :- જે જ્ઞાનની પર્યાય ભેદ કરતી હતી, એ અભેદમાં એકાકાર થઈ ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અભેદમાં એકાકાર થતાં તદ્રૂપ થઈ ગયું. એટલે ભેદ વિલિન થઈ ગયો. અનુભવમાં ભેદ વિલિન થઈ ગયો. વ્યય થઈ ગયો એ તો.

મુમુક્ષુ :- ...ભેદને વિષય કરતી હતી...

પૂજ્ય ભાઈશ્રી :- એ વ્યય થઈને અભેદને વિષય કરવા લાગી. પોતે જેવો અભેદ સ્વરૂપ વસ્તુ છે તેવો જ અભેદભાવ પર્યાયનો ત્યાં થાય છે. કેમકે એ તો પર્યાયધર્મ છે કે જેને અવલંબે એવો આકાર ધારણ કરે. ભેદને અવલંબે તો ભેદાકારે પર્યાય થાય અને અભેદને અવલંબે તો અભેદ આકારે થાય. એ પર્યાયધર્મ છે. એટલે ભેદ વિના

ચાલે નહિ અને ભેદમાં રોકાવું પાલવે નહિ. આમ છે. નિમિત્તથી જ્ઞાન થાય નહિ અને નિમિત્ત વિના જ્ઞાન હોય નહિ. આમ છે. નિમિત્તથી જ્ઞાન થાય નહિ અને નિમિત્ત વિના જ્ઞાન હોય નહિ.

અહીંયાં એમ વાંચવું કે 'યહી અનાદિ રીત.' અનાદિથી આ વાત છે. પારિણામિકભાવે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ પારિણામિકભાવે છે. એટલે તો આ તકરાર થાય છે. જે નિમિત્તવાદીઓ છે, નિમિત્તના પક્ષવાળા છે એ કહે છે કે નિમિત્ત વગર ચાલે એવું નથી અને તમે નિમિત્ત ઉડાડો છો ? અરે..! ભાઈ ! ઉડાડતા નથી. નિમિત્તથી થાય નહિ એ ત્રણે કાળમાં સત્ય હકીકત છે અને નિમિત્ત વિના થાય એમ પણ કોઈ દિવસ બને નહિ. આમ વાત છે. બેય વાત એકસાથે છે.

મુમુક્ષુ :- પોતે પોતાને પોતાથી પોતા વડે જાણે એમાં નિમિત્ત ક્યાં આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે પોતે પોતાને પોતાથી પોતા વડે એણે ક્યારેય જાણ્યો જ નથી અનાદિમાં. એને કોઈ ને કોઈ દેશનાલબ્ધિનું નિમિત્ત મળે પછી જ્ઞાન થાય છે. દેશનાલબ્ધિ વિના જ્ઞાન નથી. લાખ કરોડ ઉપાય કરે. દેશનાલબ્ધિ વિના ક્યાંય જ્ઞાન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ, ચાર દેશનાલબ્ધિના નિમિત્ત છે.

મુમુક્ષુ :- ભલે પૂર્વે સાંભળ્યું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે ત્યારે. અનંત કાળમાં કોઈપણ કાળે વિના દેશનાલબ્ધિ કોઈને જ્ઞાન ન થાય.

મુમુક્ષુ :- પહેલા તીર્થંકર કોની દેશનાલબ્ધિથી પામ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા કોઈ તીર્થંકર જ નથી. કોઈ પહેલા તીર્થંકર નથી. આ પહેલા તીર્થંકર હતા એવું કોઈ નથી અને આ છેલ્લા તીર્થંકર એવું કોઈ નહિ હોય. કોઈ છેલ્લા નહિ હોય અને કોઈ પહેલા હતા નહિ.

મુમુક્ષુ :- .. 'ઋષભદેવ' ભગવાનને કોની દેશનાલબ્ધિ હતી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સર્વાર્થસિદ્ધિમાંથી લઈને આવ્યા છે. ક્ષાયિક સમ્યગ્દર્શન અને જ્ઞાન લઈને આવ્યા છે. અહીંયાં નવું જ્ઞાન નથી થયું. એ તો એ પહેલા મુનિદશામાં હતા. ક્યારે થયું એ તો આપણને.. એમના પૂર્વ ભવની કથા નથી વાંચી. પણ અહીંયાં કાંઈ 'ઋષભદેવ'

ભગવાનના ભવમાં એમને નવું જ્ઞાન નથી થયું, એ તો લઈને જ આવ્યા છે. ત્રણ જ્ઞાન લઈને આવે છે. તીર્થંકરદેવ મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન તો લઈને આવે છે. માતાના પેટમાં ત્રણ જ્ઞાન લઈને આવે છે.

'**માટે ગુણનો ભેદ, અભેદ વસ્તુને જાણવામાં કારણ છે.**' પણ એટલી સાવચેતી રાખવા યોગ્ય છે, લાલબત્તી અહીંયાં એટલી છે કે ગુણનો ભેદ જાણવામાં નિમિત્ત હોવા છતાં, અભેદમાં ભેદ નિમિત્ત પડતો હોવા છતાં નિમિત્તમાં રોકાવાય નહિ. નિમિત્તને મુખ્ય કરાય નહિ, ભેદને મુખ્ય કરાય નહિ.

હવે અહીંથી થોડો વિષય ભાવશ્રુત સંબંધીનો લે છે. આ વિષય આ આખા ગ્રંથમાં બહુ સુંદર છે. અહીંયાં જે વિષય લીધો છે એ. '**વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ,...**' વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ. પદાર્થ જે છે એને શબ્દ દ્વારા કહેતા એને વિતર્ક કહેવામાં આવે છે. એનું નામ વિતર્ક છે. આ શાસ્ત્ર પરિભાષા છે. વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ. '**તેના અર્થને ભાવવો.**' શબ્દના અર્થને જાણવો એમ નહિ પણ પદાર્થના ભાવને જોવો. અર્થને ભાવવો એટલે પદાર્થના ભાવને જોવો. અહીંયાં આત્માની વાત ચાલે છે. તો આત્મા એ શબ્દ છે. એટલે આત્મા પદાર્થનો એ વિતર્ક છે અથવા શબ્દ છે.

આત્મા નામનો જે ચૈતન્ય પદાર્થ છે એનો શબ્દ શું ? કે આત્મા. એ એનો વિતર્ક છે. એને વિતર્ક એટલા માટે કીધો છે. કોઈ એક ભેદથી એને કહેવાય છે માટે વિતર્ક કહે છે. અનંત ગુણનું આત્મીયપણું જેનામાં છે તે આત્મા. આપણે નથી કહેતા ? કે અમારે આત્મીયતા બહુ છે. અમે કાંઈ જુદું ગણતા નથી. આત્મીયતા ઘણી થઈ ગઈ ને ? કે અમારો સોનાનો દાગીનો લઈ જાય તો અમને કાંઈ જુદું ન લાગે કે આ અમારો સોનાનો દાગીનો એ લઈ ગયા છે એમ ન લાગે. (એને) આત્મીયતા કહે છે ને.

પરદેશમાં તો એવું નથી. પત્નીની મુડી જુદી, પતિની મુડી જદી. તડફડ ગમે ત્યારે થાય તો પછી વાંધો આવે નહિ. આપણે ત્યાં ભારતમાં એવું નથી. આત્મીયતા છે. કોઈનું જુદું નહિ. કોઈની મુડી જુદી નહિ. એટલે આમાંથી આણે આટલા વાપર્યા એ પ્રશ્ન નથી રહેતો. અનંત ગુણનું એકપણું, આત્મીયપણું છે એનું નામ પાડ્યું આત્મા. તો એ આત્મીયતાને સૂચક તે આત્મા. આત્મીયતાનું સૂચક તે આત્મા. એવો

એક આત્મીયતાનો વિતર્ક છે એની અંદર. દરેક શબ્દમાં એનો વિતર્ક છે એટલો. શાસ્ત્રીય પરિભાષામાં એને વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ એમ કહેવામાં આવ્યો છે. દ્રવ્યનો જે શબ્દ છે એ દ્રવ્યશ્રુત છે એમ કહેવું છે. દ્રવ્યશ્રુત છે. દ્રવ્યનો જે શબ્દ છે તે દ્રવ્યશ્રુત છે. શબ્દ તે દ્રવ્યશ્રુત છે. કોઈવાર વિકલ્પને પણ દ્રવ્યશ્રુત કહેવાય છે. અહીંયાં એ વિષય નથી ચર્ચવો.

**'વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ, તેના અર્થને ભાવવો.'** અર્થ એટલે અહીંયાં શબ્દનો અર્થ તે અર્થ એવી રીતે અર્થ નથી કરવો. અર્થ નામ ભાવ. અર્થ એટલે ભાવ. અર્થપર્યાય અને વ્યંજનપર્યાય એવા અર્થમાં જે અર્થ છે ને ? અર્થ એટલે ભાવપર્યાય. જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, આનંદની પર્યાય તે બધી અર્થપર્યાયો છે. અને પ્રદેશત્વગુણની પર્યાય આકારને ધારણ કરે છે તે વ્યંજનપર્યાય છે. એ અર્થની અહીંયાં વાત છે.

**'તેના અર્થને ભાવવો.'** અર્થને એટલે એના ભાવને ભાવવો. એમ લેવું છે. પદાર્થને કહેનારો જે શબ્દ એ શબ્દ છે એના શબ્દાર્થની અહીંયાં વાત નથી. પણ પદાર્થમાં રહેલા અર્થની વાત છે. પદાર્થની અંદર બે શબ્દ છે પદ + અર્થ. તેને પદાર્થ કહીએ. જે પદનો જે ભાવ છે, જે પદ જે ભાવ સ્વભાવ સ્વરૂપે છે તેને તે પદાર્થ કહેવામાં આવે છે. એમ પદાર્થ છે. આત્મા નિજ પદ છે. એનો અર્થ મુખ્ય ભાવ જ્ઞાન દર્શન છે. તો આત્મા જ્ઞાનદર્શનસ્વભાવી પદાર્થ છે એમ કહેવાય. એવી રીતે લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવને પકડવો જોઈએ. એમાં આત્મામાં આત્મભાવ શું છે ? આત્મામાં આત્મભાવ શું છે ? એ સમજીને એને ભાવવો. આ ભાવશ્રુતનું કારણ છે. ભાવવું તે ભાવશ્રુતનું કારણ, અહીંયાં એમ લેવું છે. શબ્દ તે દ્રવ્યશ્રુત છે. દ્રવ્યશ્રુત છે તે ભાવશ્રુતમાં નિમિત્ત છે અને દ્રવ્યશ્રુતથી ભાવશ્રુત કેમ પ્રગટે છે એટલી અહીંયાં 'દીપચંદજી'ને વાત કરવી છે. બસ. આ વાતનો વિષય આટલો જ છે આની અંદર.

જે પદાર્થ છે, દ્રવ્ય છે, વસ્તુ છે તેને કોઈપણ નામ આપવામાં આવે છે તે શબ્દ છે. તે વિતર્ક છે અને તે શબ્દ છે. શબ્દાર્થ ઉપર જવું

નહિ. શબ્દાર્થનું કોઈ ખાસ મહત્વ નથી. એટલા માટે કે એક શબ્દના અનેક અર્થ થાય છે. શબ્દાર્થમાં તો, શબ્દના અર્થમાં તો એક શબ્દના અનેક અર્થ થાય છે, પ્રયોજનવશ અને પ્રકરણવશ. એટલે શબ્દના અર્થની કોઈ મુખ્યતા કોઈ એક જગ્યાએ પકડી રાખે તો એમાં તકલીફ ઊભી થાય. એ તકલીફ પામે. તે શબ્દના અર્થ ઉપર નહિ જવું.

સામાન્ય રીતે બુદ્ધિવાળો જીવ બુદ્ધિ લગાવે ત્યારે શબ્દના અર્થ ઉપર ચાલ્યો જાય. ભાવશ્રુત પ્રગટ કરવા માટે એ પદ્ધતિ નથી. સામાન્ય રીતે શબ્દનો અર્થ આવડે એને કાંઈક જ્ઞાન છે એમ લોકો જોવો છે કે આને શબ્દનો અર્થ આવડે છે. શબ્દનો અર્થ કરતા આવડે એને લોકો જ્ઞાન જાણે છે અને એનું મહત્વ આપે છે. પણ એ મહત્વ આપવાનો વિષય નથી. શબ્દાર્થ સામાન્ય વસ્તુ છે. એ કોઈ મહત્વની ચીજ નથી.

શબ્દનો ભાવ પકડાય, જે શબ્દથી જે પદાર્થ કહેવા ધારે છે તેનો ભાવ પકડાય ત્યારે એ વસ્તુને ભાવવામાં આવે છે. ભાવ દ્વારા વસ્તુને ભાવવામાં આવે છે. જ્ઞાનમાં ભાવ થઈ જાય તો એ વસ્તુને ભાવી શકે, નહિતર વસ્તુની ભાવના રહેતી નથી કે થતી નથી. અને બધો આધાર ભાવના ઉપર છે. ભાવના વિનાનું બધું કોરું અને લુખ્ખું છે.

દૃષ્ટાંત લઈએ કે પરિણામનો આધાર પરિણામના રસ ઉપર છે. તમામ પરિણામનો દોર પરિણામના રસ ઉપર છે. જેટલો રસ એટલા પરિણામ (એ બાજુ ખેંચાય). જે બાજુનો જેટલો રસ એ બાજુ બધા ગુણના પરિણામ ખેંચાય જાય. આખો આત્મા એ બાજુ ખેંચાય.

મુમુક્ષુ :- કંટ્રોલ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામનો આખો કંટ્રોલ રસ ઉપર છે.આ તો વિજ્ઞાન છે ને વસ્તુનું.

કોઈ એમ પૂછે કે રસ એટલે શું ? તો એને એમ કહીએ કે રસ તો એક શબ્દ એટલે વિતર્ક છે. રસ નામનો શબ્દ છે એ વિતર્ક છે. એના ભાવને પકડ તું. શબ્દના અર્થને સમજવાની મહેનત કરવા કરતા એના ભાવને પકડ. ખાસ કરીને આ જે અધ્યાત્મ શાસ્ત્ર છે એ ભાવોને કહેનારું વિતર્ક-શાસ્ત્ર છે. એના શબ્દો બધા ભાવોને કહેનારા છે. તો એ શબ્દોના શબ્દાર્થમાં જવાને બદલે એ શબ્દો કયા ભાવને કહે છે ?

મુમુક્ષુ :- ભાવ ન પકડે તો કુતર્ક થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ ન પકડે તો કાંઈની કાંઈ કલ્પના કરી નાખે. કોઈપણ વિતર્કમાંથી કુતર્કમાં ચાલ્યો જાય. વિતર્કમાંથી કુતર્કમાં જવાની સંભાવના છે. પણ સાચો અર્થ કરે તોય ? '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' આટલા શબ્દો પડ્યા છે. દૃષ્ટાંત તરીકે. 'ભૂતાર્થને આશ્રિત ખરેખરૂ સમ્યગ્દૃષ્ટિ થવાય છે.' ચોખ્ખો શબ્દનો અર્થ આવો છે. તો કહે છે, શબ્દના અર્થનું બહુ મહત્વ નથી. ભલે ચોખ્ખો એવો અર્થ હોય એની સાથે અમને બહુ વાંધો નથી અને બહુ વિરોધ પણ નથી. પણ આ વિષયમાં એનું કોઈ ખાસ મહત્વ નથી. આ પ્રકરણમાં ભાવનું મહત્વ છે. એ ભૂતાર્થ તત્ત્વનો ભાવ શું છે કે જેને ભાવતા એનો આશ્રય થાય ? તે બંને ભાવોનું અહીંયાં મહત્વ છે. એ બંને ભાવોની સ્થિતિ કેવી રીતે વાસ્તવિક આવે ? એ વાત અહીંયાં 'દીપચંદજી' સમજાવવા માગે છે. બહુ સારું પ્રકરણ છે.

એક શબ્દ તો અહીંયાં એવો લીધો છે કે પદાર્થના ભાવને ભાવવામાં આવે છે તે ભાવશ્રુત. શ્રુત એટલે જ્ઞાન. સાંભળેલું. શ્રુત એટલે સાંભળેલું. દ્રવ્યશ્રુત વિતર્ક જેમાં નિમિત્ત છે તેને શ્રુત કહીએ. તે જ્ઞાન. એમાં ભાવ પકડાણો જ્ઞાનમાં તો તે ભાવશ્રુત. આત્માનો સ્વભાવ પકડાણો તો તે ભાવશ્રુત. એ ભાવશ્રુત શું કાર્ય કરે છે ? કે ભાવશ્રુત છે તે '**શ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણને કહ્યું.**' કેવી સુંદર ભાષા છે ! ભાવશ્રુત છે તે શ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણને કહ્યું. એ ભાવશ્રુત શું કરે છે ? હું આવો આત્મા એમ જ્ઞાનમાં આવ્યું. શ્રુતમાં એટલે જ્ઞાનમાં આવ્યું. તો એ કો'કને જાણે છે એમ જ્ઞાન આઘું-દૂર ઊભું રહેતું નથી. હું આત્મા જ્ઞાનમય (છું), તો એ જ્ઞાનનો અનુભવ કરવા લાગે છે. એવું જે અનુભવકરણ ઉપર જે જ્ઞાન ગયું તે ભાવશ્રુત. એમ લીધું છે.

શબ્દના અર્થને તો એટલો ગૌણ કરી નાખ્યો છે કે અહીંયાં એની ચર્ચા જ નથી કરી. શબ્દાર્થની તો ચર્ચા જ નથી કરી. ભાવને ગ્રહણ કરીને, જ્ઞાનમાં ભાવને ગ્રહણ કરીને ભાવશ્રુત ઉત્પન્ન થાય તો એ શું કરે ? કે ભાવશ્રુત તો જે નિજ સ્વરૂપને જાણે, નિજ સ્વભાવને જાણે. એનું અનુભવકરણ કરવા લાગે. એ કેવો શબ્દ વાપર્યો છે ! અનુભવકરણ. જ્ઞાનમાં અનુભવ કરે. જ્ઞાનમાં માત્ર જાણે તે ભાવશ્રુત નહિ, પણ

જ્ઞાનમાં અનુભવ કરે તે ભાવશ્રુત. એમ લેવું છે. ત્યાં તો અનુભવમાં આવતા ભાવ છે. આ કોઈ ભાવની ચર્ચાનો વિષય નથી, ભાવના અનુભવનો વિષય છે. એમ લેવું છે. એનું નામ ભાવશ્રુત છે.

એના ઉપરથી થોડાક બીજા વિચારો આવ્યા. અનાદિથી જીવ પરપદાર્થમાં સાવધાન છે. શું કરવા ? કે કોઈને કોઈ પરપદાર્થ જેમાં આ જીવ સાવધાન છે તેમાં તેને ભ્રાંતિગતપણે સુખનો નિશ્ચય છે. એટલે એ પરપદાર્થમાં સાવધાન છે. તો ત્યાં એ શું કરે છે ? કે ત્યાં એણે પદાર્થમાં સુખના ભાવને નિશ્ચિત કર્યો છે. અને સુખના ભાવને નિશ્ચિત કરીને આઘો ઊભો રહેતો નથી. પણ એમાં સાવધાન થઈને તેનું અનુભવકરણ કરે છે. હવે આ વિષયને આમ પ્રેક્ટિકલી જુઓ. જે જીવ અનાદિથી આ પ્રકારે પરપદાર્થમાં સાવધાન છે, એમાં પણ એને જે ભાવોનો નિશ્ચય થયો છે તેનું અનુભવકરણ ચાલે છે.

અહીંયાં આત્મા પદાર્થ સાંભળ્યો ક્યારે કહેવાય ? દ્રવ્યશ્રુતને અને ભાવશ્રુતને નિમિત્ત નૈમિત્તિક સંબંધ ક્યારે થયો કહેવાય ? કે જ્યારે દ્રવ્યશ્રુત દ્વારા કહેવા ધારેલો, શબ્દ દ્વારા-વિતર્ક દ્વારા કહેવા ધારેલો આત્મા, એમાં સાવધાન થાય ત્યારે. એ સાવધાન થવું તે અનુભવકરણ છે. જો ભાવશ્રુત દ્વારા સ્વભાવનો ભાવ ભાવવામાં ન આવ્યો તો તે ભાવશ્રુત નથી. જો સ્વભાવનો ભાવ ભાવવામાં આવ્યો તો એને અવશ્ય પરની સાવધાની છૂટે અને સ્વરૂપની અંતર સાવધાની આવે. જો અંતર સાવધાની આવે તો ભાવશ્રુત થયું છે. નહિતર દ્રવ્યશ્રુત સાંભળ્યું છે પણ ભાવશ્રુત થયું નથી. આ એનું ભાવશ્રુતનું લક્ષણ છે.

મુમુક્ષુ :- ભાવ ન સમજે તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી ગોટાળો કરે જ ક્યાંય ને ક્યાંય. એને ભાવ ન પકડાય તો ભાવભાસન થાય નહિ અને ભાવભાસન ન થાય તો કલ્પના કર્યા કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, છાપા જેવું જ છે. છાપાનું શું છે કે ટકતું નથી. છાપાના સમાચાર ટકતા નથી. રોજે રોજ નવા જ વાંચવાના, જૂના ભૂંસાય જાય છે. એમ આ તને ટકશે નહિ.

મુમુક્ષુ :- .. જે દાખલો આપ્યો એમાં પરપ્રવેશ થઈ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પરપ્રવેશ એ તો સાવધાનીમાં તો એ જ થાય ને ? પરપ્રવેશ કહો કે પરનું અનુભવકરણ કહો. અનુભવકરણ. એનો અનુભવ કરવા લાગે છે. મને તીખું લાગ્યું, મને ઠંડુ લાગ્યું, મને ગળ્યું લાગ્યું, મને સુવાળું લાગ્યું, ખરબચડું લાગ્યું એ બધો અનુભવકરણ છે.

અહીં તો સિદ્ધાંત એક શું છે ? કે પરની સાવધાની જ્યાં સુધી છે તે તને સ્વરૂપમાં અંતર્મુખ થવા દેશે નહિ. આ એક સિદ્ધાંત છે. જ્યાં સુધી પરની સાવધાની છે ત્યાં સુધી અંતર્મુખ થવાશે નહિ. અને જેને અંતર સાવધાની આવી તે બહિર્મુખ થાશે નહિ. બેય સામે સામા છે. એટલે ભાવશ્રુત છે એ અંતર સાવધાની સાથે સંબંધ ધરાવે છે એ એનું લક્ષણ છે. અને આ પ્રકારે દ્રવ્યશ્રુતમાંથી ભાવશ્રુતમાં આવવું જોઈએ.

મુમુક્ષુ :- સ્વ સાવધાનીમાં સ્વપ્રવેશ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વ સાવધાનીમાં ભાવ પકડવો છે ને. ભાવને પકડીને સાવધાન થાય છે કે 'આ હું'. 'આ હું' એમાં અનુભવકરણ થાય છે. અથવા 'આ હું' એમાં ખરેખર ઉપાદેયતા આવે છે. એ તો વાત જ એ લે છે અહીંયાં.

'**પરમાત્માને ઉપાદેય કહ્યો.**' શું કહ્યું ? વિતર્ક દ્વારા દ્રવ્યશ્રુતમાં પરમાત્માને ઉપાદેય કહ્યો. બરાબર અર્થ સમજાય છે અમને. એ કાંઈ અહીંયાં કામ નહિ લાગે. અર્થ સમજાય એનું કોઈ મહત્વ નથી. પરમાત્મા ઉપાદેય છે એ અર્થ તને સમજાણો એનું કોઈ મહત્વ નથી. આ કેટલો લેવલફેર છે વાત આખી ? કે મોટા ભાગે તો વિદ્વાનોમાં શબ્દના અર્થના ઝઘડા થાય છે. જે વાંચતા નથી એને વિદ્વતા નથી અને એને એ પ્રકારની તકરાર નથી. પણ વિદ્વાનોને જે તકરાર છે એ શબ્દાર્થની છે.

અહીં તો કહે છે કે શબ્દનો અર્થ સાચો આવડે તોપણ એનું મહત્ત્વ નથી. બોલ હવે શું તારે કહેવું છે ? આખું લેવલ જ જુદું છે આ વાતનું. એ લેવલ તું છોડી દે. એ સ્ટેજની આ વાત નથી. અહીં તો ભાવને પકડ. '**પરમાત્માને ઉપાદેય કહ્યો.**' તો એનો અર્થ નહિ પણ ઉપાદેયતા ભાવમાં આવે ત્યારે તને ભાવશ્રુત છે. પરમાત્મા ઉપાદેય છે એવું તેં સાંભળ્યું. આ દ્રવ્યશ્રુત. હવે અંદરમાં ઉપાદેય થાય છે પરમાત્મતત્ત્વ ? તો ભાવશ્રુત છે. નહિતર ભાવશ્રુત નથી. ભલે અર્થ તને આવડતો હોય.

પણ દ્રવ્યશ્રુત છે. એ પણ દ્રવ્યશ્રુતમાં જાય છે. ભાવશ્રુત હજી થતું નથી. કેમકે એ વિકલ્પ વિચારમાત્ર જ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ભાવને પકડે એનું નામ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પરમાત્મા પરમદેવ છે ને ! પરમદેવ.

મુમુક્ષુ :- 'પરમાત્મપ્રકાશ'ની આ જ શૈલી છે ને ? ઉપાદેયત્ત્ ક્યારે ? પોતે અનુભવે ત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિર્વિકલ્પ સમાધિના કાળે ઉપાદેય છે. શુદ્ધાત્મા નિર્વિકલ્પ સમાધિના કાળે ઉપાદેય છે. બધી વખતે ટીકામાં એવો જ અર્થ કર્યો છે. એ ઉપાદેયતાને જ ઉપાદેય લેવું છે. ઉપાદેયનો અર્થ એ નહિ.

'**પરમાત્માને ઉપાદેય કહ્યો. તે જ રૂપ ભાવ...**' જુઓ ! શું કહે છે ? '**પરમાત્માને ઉપાદેય કહ્યો. તે જ રૂપ ભાવ તે ભાવશ્રુતરસ,...**' ઉપાદેયતા થાય એ ભાવશ્રુતનો રસ ત્યાં પ્રગટ્યો. રસ વગર કામ થાય નહિ. બધો આધાર રસ ઉપર છે. તે ભાવશ્રુતરસ, '**તેને પી.**' ભાવ ભાવ અને તે રસને તું પી. સંતુષ્ટ થા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને પોતાને કાંઈ ... અંદર પરિણતિ બહુ તગડી છે. 'દીપચંદજી'ની પરિણતિ બહુ તગડી છે. શું કહ્યું ?

જે ઉપાદેયરૂપપણું છે તે જ રૂપ જે ભાવ છે તે ભાવશ્રુતરસ છે. તેને તું પી. તેને પીને તારી અનાદિની જે તૃષા છે એની તૃપ્તિ કર. એને પીને તું તૃપ્તિ કર, એમ કહેવું છે. '**અમરપદ સમાધિથી છે.**' આવું જે પીવામાં આવે છે એવું અમરપદ છે એ સમાધિથી છે. પાંચ મિનિટ બાકી છે, બરાબર છે ?

'**અમરપદ સમાધિથી છે.**' એ જે ત્રિકાળી અમરપદ છે, અવસ્થામાં પણ જન્મ-મરણ ન થાય એ આવી સમાધિથી છે. જ્યારે ભાવશ્રુત દ્વારા શુદ્ધોપયોગ થઈ અને સમાધિ લાગે ત્યારે અમરપણું પ્રાપ્ત થાય છે. અમરપદ પ્રાપ્ત થાય છે એટલે અમરપદનો અનુભવ આવે છે. અને જન્મ-મરણ મટે છે એટલે અમર થઈ જાય છે.

આગળ એમણે એક વાત લઈ લીધી છે કે આ રીતે જ્ઞાનવાનગી ઓળખીને અનેક સંતો અજરઅમર થયા. સીધી વાત એમ લીધી છે.

આ પ્રકારે જ્ઞાનવાનગીને ઓળખી-ઓળખીને અનેક સંતો અજરઅમર થઈ ગયા.

મુમુક્ષુ :- બીજા પાને.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા પાને શરૂઆતમાં જ છે. એકદમ શરૂઆતમાં જ છે.

મુમુક્ષુ :- છેલ્લી બે લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- આ કહેવામાત્ર નથી. જુઓ! ત્યાં અર્થ કર્યો છે.

**'જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે). (જે જ્ઞાન પરમાં પોતાને જાણે છે તે જ્ઞાન જ નિજવાનગી છે.) આ નિજ (જ્ઞાન) વાનગી વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા, તે કહેવામાત્ર જ ન ગ્રહે,...'** માત્ર બોલવાની વાત નથી અથવા માત્ર એનો શબ્દાર્થ કરવાની વાત નથી. અહીં સુધી વાત કરી. કહેવામાત્ર કે બોલવામાત્ર કે શબ્દાર્થ કરવા માત્ર આ વાત નથી. **'પણ ચિત્તને ચેતનામાં લીન કરે,...'** ગ્રહણ કરે. જ્ઞાનવાનગીથી ચેતના સ્વભાવને, ચૈતન્ય સ્વભાવને ગ્રહણ કરે, લીન કરે એમાં. ચેતના દ્વારા ચેતનાને એમાં લીન કરે ત્યારે એ અજરઅમર થાય. ત્યારે એના જન્મ-મરણ મટે. જર એટલે વૃદ્ધાવસ્થા. જેને વૃદ્ધાવસ્થા નથી એને મરણ હોવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- ભાવશ્રુત પામેલા હોય એનું જ શ્રવણ લાભકારી બને. બાકીનાનું...

પૂજ્ય ભાઈશ્રી :- લાભકારી નથી. ભાવશ્રુતપ્રાપ્ત છે તે જ નિમિત્ત થાય. દીવાથી દીવો સળગે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમની પોતાની આગવી શૈલી છે, મૌલિક પદ્ધતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ એમની પોતાની પદ્ધતિ છે. ભાવશ્રુતરસથી. (અહીં સુધી રાખીએ...)

## તા. ૨૮-૩-૧૯૮૬, પાના નં. ૮૧, પ્રવચન નં. ૧૪૧

**'વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ, તેના અર્થને ભાવવો.'** શબ્દ ઉપરથી પદાર્થનું, શબ્દ ઉપરથી તેના સ્વરૂપનું ભાવન કરવું. સ્વરૂપને ભાવવું. અહીંયાં આત્માનો અધિકાર હોવાથી આત્માના કોઈપણ વાચક શબ્દથી આત્માના સ્વરૂપને ભાવવું એવો અર્થ નીકળે છે. જ્ઞાયક શબ્દથી કહો, આત્મા શબ્દથી કહો, ધ્રુવ શબ્દથી કહો, સ્વભાવ શબ્દથી કહો, અસ્તિત્વથી કહો. કોઈપણ શબ્દથી તેના સ્વરૂપને ભાવવું. એટલે તે આત્મા પોતાને નિજ સ્વરૂપનો નિર્દેશ કરે છે. એ શબ્દ છે, વાચક છે. વાચ્ય એનું પોતાનું સ્વરૂપ છે. વાચક શબ્દનું વાચ્ય પોતાનું સ્વરૂપ છે. તો તેમાં સીધું પોતાના સ્વરૂપને ભાવવું તેને ભાવશ્રુત કહે છે. એ પ્રકારે દ્રવ્યશ્રુતથી જ્ઞાન ઊપજે તો તે જ્ઞાનને ભાવશ્રુત કહેવામાં આવે છે.

તેથી ભાવશ્રુતની એવી પરિભાષા છે કે ભાવશ્રુત એટલે **'શ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણ...'** ભાવશ્રુત અર્થાત્ શ્રુતજ્ઞાનમાં સ્વરૂપનું અનુભવકરણ એટલે અનુભવવાનો પ્રયાસ કરવો તેને ભાવશ્રુત કહેવામાં આવે છે. જો જ્ઞાનમાં આત્મસ્વરૂપનો અનુભવ કરવાનો પ્રયાસ ન હોય અથવા જ્ઞાનમાં પોતાને, જ્ઞાનને પોતાને જ અનુભવવાનું ચૂકી જવાતું હોય તો તે જ્ઞાન ભાવશ્રતજ્ઞાન નથી. ભલે તે જ્ઞાનનો પર્યાય છે તોપણ તે જ્ઞાન ભાવશ્રુતજ્ઞાનમાં આવતું નથી. ભાવશ્રુતજ્ઞાન તે છે કે જે પોતાના વેદનને ચુક્યા વગર પોતાને વેદતું થકું પ્રવર્તે ત્યારે તેને ભાવશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે.

તેના ઉપર વિશેષ સમજાવવા માટે દૃષ્ટાંત તરીકે શબ્દની અંદર **'પરમાત્માને ઉપાદેય કહ્યો.'** કથનની અંદર, શબ્દની અંદર નિજ પરમાત્મા ઉપાદેય છે એમ કહ્યું. એ દૃષ્ટાંત માટે એટલી વાત લીધી છે. **'પરમાત્માને ઉપાદેય કહ્યો.'** પરમાત્મા ઉપાદેય છે. પોતાનું નિજ પરમસ્વરૂપ પરમપદ ઉપાદેય છે એવા શબ્દો શાસ્ત્રમાં આવે છે. અથવા અહીંયાં સમાધિનો અધિકાર છે તો નિર્વિકલ્પ સમાધિપૂર્વક નિજ પરમપદ સમાધિના કાળમાં ઉપાદેય થાય છે એવું દ્રવ્યશ્રુતમાં આવે છે.

અથવા સર્વ દ્રવ્યશ્રુતનો સારાંશ આ છે, બારેય અંગનો સારંશ આ છે કે નિજ પરમાત્મતત્ત્વને ઉપાદેય કરવું. એવું જે કથન છે, એવું જે કહેવું છે **'તે જ રૂપ ભાવ...'** થવો. સમાધિમાં-શુદ્ધોપયોગમાં તે જ રૂપ ભાવ થવો એટલે નિર્વિકલ્પ સમાધિના કાળે સાક્ષાત્ ઉપાદેયતા ઉત્પન્ન થવી તે ભાવશ્રુતરસ છે. તે ભાવશ્રુતનો રસ છે. પછી ભાવશ્રુતમાંથી એક શબ્દ આગળ વધે છે કે તે ભાવશ્રુતરસ છે. એમ કહી દીધું. ત્યાં માત્ર ભાવશ્રુતરૂપ જ્ઞાન છે એમ ન કહ્યું. પણ ભાવશ્રુતજ્ઞાનમાં જે ચૈતન્યરસ છે, આત્મરસ છે એવો ત્યાં નિજરસ પ્રગટ થયો છે, આત્મરસ પ્રગટ થયો છે. એવું જે સ્વરૂપનું સાક્ષાત્ ઉપાદેયપણું જ્ઞાન અંતર્મુખ થઈને પોતાના જ સ્વરૂપને, પોતાના અનુભૂતિ સ્વરૂપને અભેદ અનુભવથી ભાવશ્રુતમાં અનુભવે એ ભાવશ્રુતરસ છે. **'તેને પી.'** એવા રસને તું પી. જેમ શીતળ, મીઠું, સુગંધી જળ પીવાથી તૃપ્તિ થાય છે. એમ અહીંયાં એ તૃપ્તિનું કારણ છે એટલે એમ કહે છે કે તેને પી. એવા ભાવશ્રુતરસનું પાન કરીને તું તૃપ્ત થા. **'તેને પી.'**

**'અમરપદ સમાધિથી છે.'** જેને પીવાથી (અમર થવાય છે). એ અમૃત છે, એવો ભાવશ્રુતરસ છે તે અમૃત છે. આત્માના એ અમૃતનું પાન કરતા અમરપદની પ્રાપ્તિ થાય છે અને તે અમરપદની પ્રાપ્તિ એ સમાધિ વડે છે, સમાધિથી થાય છે, સમાધિ દ્વારા થાય છે. શુદ્ધોપયોગના કાળમાં પોતાના ચૈતન્યરસનું વેદન કરવામાં આવે છે ત્યાં જન્મ-મરણનો નાશ થાય છે અને જન્મ-મરણ રહિત થવાય છે તેથી તે અમરપદ મળે છે એમ કહેવામાં આવે છે. આમ તો સ્વરૂપે કરીને આત્મા જન્મ-મરણ રહિત છે એટલે અમરપદસ્વરૂપ જ છે. પણ એને ભૂલે છે તેને ભાવમરણ અને દ્રવ્યમરણ પર્યાયની અંદર સર્વસ્વપણે મરણ વેદવામાં આવે છે. મરણતુલ્ય દુઃખ, નાશતુલ્ય દુઃખ વેદવામાં આવે છે.

**'વિચાર,...'** આ વિષયનો વિચાર કર કે **'અનાદિના ભવભાવનાનો નાશ, ચિદાનંદના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર ન્યારા જાણી દર્શનજ્ઞાનની વાનગીને પિછાણી ચેતનમાં મગ્ન થતાં, જેમ જેમ ઉપયોગસ્વરૂપ લક્ષણને લક્ષી (ઓળખી) રસાસ્વાદ પીએ તેમ તેમ સ્વપરભેદ વિચારમાં સારપદને પામી સમાધિ લાગી.'** શું કહે છે ?

વિચાર એટલે વિચાર કર. અથવા જે સમાધિ સંબંધી વિચારણા છે તેનો અનુક્રમ, પહેલી પ્રક્રિયા આ પ્રકારે છે એમ વિચારવા યોગ્ય છે. એમ લેવું છે. '**અનાદિના ભવભાવનાનો નાશ,...**' જે અન્ય ભાવને ભાવવાથી, પરભાવને ભાવવાથી ભવ ઉત્પન્ન થાય છે તેને ભવની ભાવના કહેવામાં આવે છે. ભવ ઉત્પન્ન કરનારી ભાવના. પરપદાર્થને સુખનું કારણ જાણીને તેને ભાવવું. તેની હયાતીને ઇચ્છવી, તેના સંયોગને ઇચ્છવો તે ભવની ભાવના છે. ભવ થવાની, ભવ વધારવાની, નવા ભવનું બંધન થવાની એ ભાવના છે. એ ભવભાવનાનો નાશ અનાદિની જે ભાવના આવી થઈ રહી છે તેવી ભવભાવનાનો નાશ કેવી રીતે છે ?

'**ચિદાનંદના દ્રવ્યગુણપર્યાયનો વિચાર ન્યારા જાણી...**' વિચારથી આગળ વધીને એમ કહેવું છે. ચિદાનંદના દ્રવ્યગુણપર્યાયનો જે વિચાર છે તેનાથી પણ ચિદાનંદને ભિન્ન જાણીને. વિચાર છે એમાં માત્ર અટકવાનું નથી એમ કહેવું છે. તેનાથી પણ ન્યારા જાણી '**ચિદાનંદના દ્રવ્યગુણપર્યાયનો વિચાર ન્યારા જાણી...**' એ વિચારોને જુદાં જાણીને '**દર્શનજ્ઞાનની વાનગીને પિછાણી...**' પોતાના લક્ષણને ઓળખીને. વિચારમાં અને ઓળખવામાં ક્યાં ફરક પડે છે ? કે ઓળખવામાં અવલોકન કરે તો ઓળખાય છે. વિચારમાં વિચાર પૂરતો, વિકલ્પ પૂરતો વિષય મર્યાદિત રહી જાય છે. એટલે એનાથી પણ આગળ વધીને એમ કહેવું છે.

'**ચિદાનંદના દ્રવ્યગુણપર્યાયનો વિચાર..**' અનેક પ્રકારનો દ્રવ્યગુણપર્યાયનો ભેદનો વિચાર, એ વિચારથી જુદો એવો જે આત્મા છે, વિચાર રહિત-વિચારથી જુદો એવો વિચારરહિત આત્મા છે. જે સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે. વિચાર તો વિકલ્પાત્મક છે. એને દર્શન-જ્ઞાનના લક્ષણથી, દર્શન-જ્ઞાનના અંશથી ઓળખીને. પ્રગટ અંશ છે. દર્શન-જ્ઞાનનો જે પ્રગટ અંશ છે એમાં નિર્વિકલ્પપણું છે ? હા, એમાં પણ નિર્વિકલ્પપણું છે. જ્ઞાનમાં જે જ્ઞાનવેદન છે તે નિર્વિકલ્પ વેદન છે. જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એમાં વેદનમાં વિકલ્પ નથી. વેદન તો વિકલ્પ વિનાનું છે. જેવો આત્મા છે એવું જ લક્ષણ જો જ્ઞાનમાં પ્રસિદ્ધ હોય તો તે નિર્વિકલ્પ આત્મા ઓળખાય.

'સમયસાર'ની ૨૭૩ ગાથામાં એ વિષય લીધો છે કે જ્યારે ભિન્ન આત્મા ઓળખવામાં આવે છે, જ્યારે એક આકાશ દ્રવ્યની જેમ વિશ્વમાં રહેલા નિરાલંબ નિરપેક્ષ નિર્વિકલ્પ આત્મતત્ત્વનો નિશ્ચય થાય છે ત્યારે વિકલ્પ શીઘ્રપણે વમાય જાય છે. વિકલ્પનું વમન થઈ જાય છે. પછી વિકલ્પ ટકી શકતા નથી. જેને પોતાના સ્વરૂપનો એવો નિશ્ચય થયો કે હું ત્રણે કાળે નિર્વિકલ્પ નિર્ભેદસ્વરૂપે છું, એને વિકલ્પનો નિષેધ આવ્યા વિના રહે નહિ. વિકલ્પનો નિષેધ અસ્તિ અને નાસ્તિ એમ બે પ્રકારથી આવે છે. વિકલ્પની અસ્તિમાં દુઃખ છે તેથી વિકલ્પનો નિષેધ છે. બીજું, પોતાનું સ્વરૂપ નિર્વિકલ્પ હોવાથી પોતાના સ્વરૂપથી વિરૂદ્ધ હોવાથી તેનો નિષેધ આવે છે. એ બંને પ્રકારે વિકલ્પનો નિષેધ થાય છે. બંને પડખા છે. વિકલ્પનો નિષેધ છે એમાં બંને પડખા એકસાથે ઉત્પન્ન થાય છે. જ્યારે આ બંને પડખાથી વિકલ્પનો નિષેધ ઉત્પન્ન થાય છે ત્યારે તે વિકલ્પ રહી શકતો નથી, તે વિકલ્પ લંબાઈ શકતો નથી. વિકલ્પ તો અમસ્તોય તે ક્ષણવર્તી છે, ક્ષણે ક્ષણે બદલાઈ જાય છે. પણ તે લંબાતો રહે છે. એ વિકલ્પનું લંબાવાનું સમાપ્ત થઈ જાય છે. એનો નિષેધ ચાલતો હોવાથી તે વિકલ્પનું લંબાવાનું સમાપ્ત થાય છે.

'પંચાધ્યાયી'માં આ પ્રકારની પ્રક્રિયાને શાસ્ત્ર પદ્ધતિથી એવી રીતે લીધી છે કે વિકલ્પ છે એ ભેદને પકડે છે. ગુણભેદને અને પર્યાયભેદને જ્યાં સુધી જ્ઞાન ગ્રહે છે ત્યાં સુધી વિકલ્પ પડે છે. તે ગુણભેદને અને પર્યાયને ગ્રહણ કરનારું જ્ઞાન વ્યવહારનયસ્વરૂપ છે અને વ્યવહારનયના વિષયભૂત ભેદને ગ્રહણ કરતું હોવાથી વિકલ્પાત્મક છે. તે વ્યવહારનો નિષેધ કરીને ઉત્પન્ન થતું જ્ઞાન તે નિશ્ચય. શું નિશ્ચયની પરિભાષા કરી ? વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. નિશ્ચય કોને કહેવો ? વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. આમ નાસ્તિથી નિશ્ચયની પરિભાષા કરી છે. એ રીતે નિશ્ચયજ્ઞાનની ઉત્પત્તિ, નિશ્ચય સ્વરૂપનો અનુભવ જ્ઞાનમાં થતો હોવાથી એ પદ્ધતિથી વાત લીધી છે કે વ્યવહારનો જે નિષેધ કરે તે નિશ્ચય.

મુમુક્ષુ :- .. વ્યવહારનો નિષેધ...

પૂજ્ય ભાઈશ્રી :- જેને ભાવમાં નિષેધ આવે તેને વિકલ્પમાં અને વચનમાં આપોઆપ જ નિષેધ આવે. જેના ભાવમાં, જેના

અભિપ્રાયમાં એનો નિષેધ ઊભો થયો છે એના વચનમાં તે જ પ્રકાર આવે, તેના વિકલ્પમાં પણ તેવો જ પ્રકાર આવે. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- આ દર્શન-જ્ઞાન વાનગી લીધી એટલે જ્ઞાનલક્ષણથી ?

પૂજ્ય ભાઈશ્રી :- દર્શન-જ્ઞાનની વાનગી એમાં જ્ઞાનલક્ષણ લેવું છે. જ્ઞાનનો અંશ એ સેમ્પલ છે. વાનગી એટલે નમુનો. શુદ્ધ આત્મદ્રવ્યનો, જ્ઞાનસ્વભાવી આત્માનો નમુનો છે. જેવો આત્મા સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે એવું જ્ઞાન પણ સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે. જેવો આત્મા સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે એવું જ્ઞાન પણ સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે. જેમ આત્મામાં માત્ર જ્ઞાતાપણું એ જ એનો સ્વભાવ છે, વીતરાગભાવે જ્ઞાતા-દ્રષ્ટાપણું એ એનો સ્વભાવ છે, એવું જ લક્ષણ એના દર્શન-જ્ઞાનમાં છે.

મુમુક્ષુ :- જ્ઞાની, અજ્ઞાની ગમે તે, વાનગી તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- બધાને એમ જ છે. ઓળખે એની બલિહારી છે. ન ઓળખે તો અનાદિનું એ સેમ્પલ-સેમ્પલની જગ્યાએ રહેશે અને આત્મા આત્માના સ્થાને રહેશે અને જીવ પરિભ્રમણ કરતો રહેશે. ઓળખે તો એનો બેડો પાર છે. ન ઓળખે તો પોતાને જ પરિભ્રમણ કરવાનું છે. બીજાને કોઈ એનું દુઃખ નથી.

મુમુક્ષુ :- અમારે કેવી રીતે ઊંડા ઉતરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખવું, પરિચય કરવો, અવલોકી-અવલોકીને પરિચય કરવો. વારંવાર અવલોકન કરીને પરિચય કરવો. પરિચય વિના કોઈની ઓળખાણ થાય એવું બને છે ? સોનાને ઓળખવું હોય તો વારંવાર કસોટી ઉપર ઘસીને સોનાને ઓળખાય છે. 'ભાવનગર'ની શરાફ બજારમાં લગભગ સવાસોથી દોઢસો સોના-ચાંદીના વેપારી છે. નાણાવટી કહેવાય છે એ. અમારા એક નજીકના સગા છે એમાં. એ ચર્ચા ચાલી કે બજારમાં સોનાને કસોટી ઉપર લગાવીને કોણ ઓળખે છે ? આપણી બજારમાં. તો કહે, ત્રણ-ચાર જણા છે. શું કીધું ? ત્રણ-ચાર જણા છે. દોઢસો દુકાનમાંથી ત્રણ-ચાર જણા ઓળખે છે. એટલે એ લોકો શું કરે છે ? કે પોતે સોનાને કસોટી ઉપર લગાવે.

કોઈ દાગીનો વેચવા આવે તો વેચનારને ખબર નથી કે આમાં કોણ

સોનાને ઓળખે છે ? અને જેટલા દુકાન માંડીને બેઠા છે એ બધા એને મન તો નાણાવટી છે. ગમે તે દુકાને કોઈ જઈને ઊભો રહે છે કે ભાઈ, આ મારો દાગીનો. મારે એને વેચી નાખવો છે. બોલો શું ભાવથી લેશો તમે ? એટલે એ પહેલા વજન કરે. પછી કસોટી ઉપર એને ઘસે. પોતાને કેટલી સમજણ પડે છે એ બીજી વાત છે પણ ઘસે તો ખરો જ. બધો દેખાવ કરે કે જાણે પોતે જાણે છે. પછી એના માણસને એમ કહે કે જરાક કાંટે તોલ કરી આવ. ધરમના કાંટે તોલ કરાવી આવ. એ તોલ કરાવા જાય અને બીજો જે જાણકાર છે એના ઉપર એને કસ પણ મૂકાવી આવે જઈને. કસોટી ઉપર એનો કસ મૂકી આવે. એને ખબર છે કે આ બજારમાં કોણ નિષ્ણાંત છે. પેલાના ગ્રાહકને દુકાનમાં બેસાડો. બેસો-બેસો તમે ચા-પાણી પીવો, માણસ વજન કરી આવે છે. ચીઠ્ઠી લઈ આવે વજનની. સાથે સાથે કસ મુકાવી દે. વળી પાછો ફરીને કસ મૂકે. અમસ્તો પણ જે કસ મૂકે એ બે-ત્રણ વખત ઘસીને કસ મૂકે. અને બહુ જુએ. કસોટી ફેરવી ફેરવીને જોવે પાછો. એના ઉપરથી એ નક્કી કરે કે આ ચૌદ વલુ છે, પંદર વલુ છે, અગિયાર વલું છે આ સોનું. આમાં સોનું કેટલું અને બીજી ધાતુ કેટલી ? બીજી ધાતુ કઈ કઈ છે એનું પ્રયોજન નથી. તાંબુ ભેળવ્યું છે, ચાંદી ભેળવી છે એની સાથે કાંઈ પ્રયોજન છે ? કેમ કે એનો તો પૈસો દેવાનો નથી. ચાંદી ભેળવી હોય તોપણ પૈસો દેવાનો નથી કે તાંબુ ભેળવ્યું હોય તોપણ પૈસો દેવાનો નથી. સોનું કેટલું છે ? એટલું જ એ જોવે છે. એ સોનાનો જે કસ છે એ જોતાં શીખે છે એ ઘણો પરિચય કરે છે ત્યારે શીખે છે.

એક દુકાનમાં પાંચ જણા બેસતા હોય તો એક જણ જાણતો હોય. પાછા એની દુકાનમાં પણ પાંચેપાંચ ન જાણતા હોય. એટલે એ ઝીણી નજરનો વિષય છે. અને એમાં કોઈ એવી રીતે નથી વિચારતું કે હું બીજાની પાસે કસ મૂકાવીશ તો મારી આબરૂ જશે. લાવને એમ ને એમ દાગીનો લઈ લઉં. તો પાછું એ લે કાંઈક ભાવમાં અને એને વેચવો પડે કાંઈક ભાવમાં. આ તો એ બરાબર એનો જે નિષ્ણાંત હોય એની પાસે જઈને જ કસ મૂકાવે કે ભાઈ, તમે જોઈ લ્યો. અને જો જે કસ મૂકનાર છે એને લેવો હોય તો એ વખતે કહી દે. કે કસ મૂકી દઉં પણ તું આ ભાવથી લેજે. આટલા વલું છે અને એમાં મારો અડધો ભાગ. અડધું

તારે ખરીદવાનું અને અડધું મારે ખરીદવાનું. તો એને આપવું પડે એ. તો કસ મૂકી દે અને નહિતર કસ ન મૂકે. આ વેપાર કેમ ચાલે છે સોના-ચાંદીનો. આમ વેપાર ચાલે છે.

મુમુક્ષુ :- પરિચય જેમ કરે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિચય વગર ઓળખાણ-પીછાણ થવાનો કોઈ બીજો ઉપાય નથી. પ્રેક્ટિકલ કોઈપણ વિષયમાં, હીરાની પરખમાં એમ છે. ફેરવી-ફેરવીને હીરો જોવે છે. પચાસ વર્ષથી હીરો જોઈને ઝવેરી થયો હોય તોપણ કોઈપણ હીરો આવે એને એમ કહે કે આની કિંમત કહો એટલે એને ખૂબ ફેરવી-ફેરવીને જોવું પડે. પછી એની કિંમત કાઢે. બારીકાઈથી જોયા વિના એની એને ખરી કિંમતની પરીક્ષા આવતી નથી. એવું દરેક વિષયની અંદર એમ જ છે.

મુમુક્ષુ :- ગમે તે બાબતમાં શંકા પડતી હોય, વાદવિવાદનો પ્રશ્ન હોય તો નિષ્ણાંતને પૂછીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એના નિષ્ણાંતને જ પૂછવું પડે. અભિપ્રાય કોને લેવો પડે ? જે એ વિષયની અંદર પારંગત હોય, અનુભવી હોય એનો જ અભિપ્રાય કામનો છે એમાં. જે એમાં સમજતો નથી એનો અભિપ્રાય શું કામમાં લાગે ? જેને અનુભવ ન હોય એનો અભિપ્રાય શું કામમાં લાગે ? એને તો એ વિષયની ખબર નથી.

મુમુક્ષુ :- ધર્મની બાબાતમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધર્મની અંદર જેને ધર્મનો અનુભવ છે એનો અભિપ્રાય કામમાં આવે છે. અનુભવ નથી એનો અભિપ્રાય કામમાં આવી શકે નહિ. એ અજાણ્યો છે.

એટલે '**દર્શનજ્ઞાનની વાનગીને પિછાણી...**' જ્યાં દર્શન-જ્ઞાન વાનગી દ્વારા અનંત મહિમાવંત અનંત ગુણમંડિત ચૈતન્ય સ્વરૂપની ઓળખાણ થાય છે ત્યાર પછી '**ચેતનમાં મગ્ન થતાં,...**' મહિમા આવતા મગ્ન થાય. જો એનો મહિમા ન આવે તો એનો રસ ન આવે તો એમાં મગ્નતા પણ ન થાય. '**ચેતનમાં મગ્ન થતાં, જેમ જેમ ઉપયોગ-સ્વરૂપ લક્ષણને લક્ષી (ઓળખી) રસાસ્વાદ પીએ...**' જેમ જેમ મગ્નતામાં વિશેષ-વિશેષ પોતાના સ્વરૂપનું આસ્વાદ કરે, ચૈતન્યરસનો આસ્વાદન જેમ જેમ કરે '**તેમ તેમ સ્વપરભેદ વિચારમાં...**' એટલે

સ્વપરના ભેદજ્ઞાનમાં. અહીંયાં વિચારનો અર્થ જ્ઞાન કરવાનો છે. ઉપર જે વિચારનો અર્થ ન્યારા જાણ્યો એ વિચારની અહીંયાં વાત નથી.

તેમ તેમ સ્વપર ભેદજ્ઞાનમાં એટલે પરથી જુદાં પડતા જ્ઞાનમાં નિજ '**સારપદને પામી...**' પોતાના-સ્વયંના સારપદને પ્રાપ્ત કરીને. પ્રાપ્ત કરીને એટલે અનુભવ કરીને '**સમાધિ લાગી.**' ત્યાં સમાધિ લાગી. વારંવાર ભેદજ્ઞાન કરે ત્યારે એને સમાધિ લાગે છે, નિર્વિકલ્પ થાય છે. ભેદજ્ઞાનનું ફળ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ છે. ભેદજ્ઞાન થયા વિના કોઈ જીવને શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય એવું કદિ બની શકતું નથી. એકમાત્ર ઉપાય, નિર્વિકલ્પ થવાનો એકમાત્ર ઉપાય ભેદજ્ઞાન થવું તે જ છે. એક જ ઉપાય છે. બીજો કોઈપણ ઉપાય છે એમ નથી. પછી એને આનુષંગિક બીજા ભાવો હોય તે બીજી વાત છે. પણ એ મૂળ વાત તો ભેદજ્ઞાનની છે. ભેદજ્ઞાન વિનાના બીજા બધા પ્રકાર છે એ અન્ય પ્રકાર છે ખરેખર તો.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન છે એમાં વિકલ્પ હોય છે. ભેદજ્ઞાનના કાળમાં સૂક્ષ્મ વિકલ્પ હોય છે, પણ ત્યાં વિકલ્પ ગૌણ છે. ત્યાં વિકલ્પ ગૌણ છે અને જ્ઞાનલક્ષણના આધારે જ્ઞાનમયી આત્માની જ્ઞાનની મુખ્યતા છે. વિકલ્પથી અને પરથી ભિન્નતા ક્યારે થાય ? કે વિકલ્પ અને પરની ગૌણતા થાય ત્યારે. વિકલ્પ અને પરની ગૌણતા ક્યારે થાય ? કે જ્ઞાનની મુખ્યતા થાય ત્યારે. તો જેને મુખ્ય કરે છે, ભેદજ્ઞાનના પ્રયોગમાં જેને મુખ્ય કરે છે તેને મુખ્ય કરતા... કરતા... કરતા... કરતા... એમાં એકાગ્ર થઈ જાય છે. અને જેને ગૌણ કરે છે તે તદ્દન એનો વિકલ્પ છૂટી જાય છે ત્યારે શુદ્ધોપયોગ ઊપજે છે.

આમ પણ મુખ્ય-ગૌણ તો ચાલે જ છે. પ્રત્યેક છદ્મસ્થના જીવના પરિણામમાં મુખ્ય-ગૌણની પ્રવૃત્તિરૂપ પરિણામ તો ચાલે જ છે. એમાં તે જ્ઞાનને અને આત્માને ગૌણ કરે છે. રાગને, વિકલ્પને અને રાગના વિષયરૂપ પરદ્રવ્યને મુખ્ય કરે છે. આ ઊલટી પરિસ્થતિ ચાલુ છે. એ ભેદજ્ઞાનમાં બદલાઈ જાય છે અને જ્ઞાનથી જ્ઞાનમય આત્માને મુખ્ય કરે છે, નિર્વિકલ્પ સ્વરૂપને મુખ્ય કરે છે. ભેદજ્ઞાનમાં નિશ્ચયના કાળે જે નિર્વિકલ્પ સ્વરૂપનો નિશ્ચય થયો તે નિર્વિકલ્પ સ્વભાવની મુખ્યતા છે.

હું નિર્વિકલ્પ છું, એમ પોતાના સ્વરૂપની મુખ્યતા થઈને વિકલ્પનો અને પરનો નિષેધ થયા કરે છે. એમ વિધિ-નિષેધ બંને છે.

ભેદજ્ઞાનની અંદર અંતરંગમાં વિધિ-નિષેધ ચાલે છે. વિકલ્પનો અને રાગનો નિષેધ છે અને જ્ઞાનનો, આત્માનો એમાં સ્વભાવનો આદર છે. આદર છે એને વિધિ કહે છે અને અનાદર છે એને નિષેધ કહે છે. એવો એક આચરણપ્રધાન આ પ્રયોગ છે. આચરણપ્રધાન પ્રયોગ છે. વિધ-નિષેધનું આચરણ છે. જ્ઞાનમાં સ્વ તે પોતાના મહિમાનો અને રસનો વિષય છે અને પર તે ઉપેક્ષા અને અરસપણાનો વિષય છે. વિકલ્પ તે પર છે એ અરસપણાનો અને ઉપેક્ષાનો વિષય છે. (આ વિધિ-નિષેધ થવો એ ભેદજ્ઞાનનું) એક લક્ષણ છે.

આમ ભેદજ્ઞાનના કાળે શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રનું પરિણમન કેળવાય છે. ભેદજ્ઞાનના અભ્યાસના કાળે સ્વરૂપની રુચિ, સ્વરૂપની મુખ્યતાવાળું જ્ઞાન અને સ્વરૂપને આદરવું અથવા ઉપાદેય કરવું એવું આચરણવાળું આચરણનું પરિણામ, એમ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણામની કેળવણી ચાલે છે. રાગાદિની અરુચિ, વિકલ્પની ગૌણતા અને નિરસપણું અને એનો નિષેધ-હેયપણું એમ નાસ્તિથી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને અસ્તિથી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ બંને પ્રકારની એક અભ્યાસની કેળવણી ચાલે છે.

જેમ રોટલી કરવામાં જે કણીકનો પિંડો બાંધ્યો છે એમાં પાણી અને લોટ સિવાય ત્રીજી ચીજ નહિ હોવા છતાં લોટમાં પાણી નાખી દે એટલે રોટલી થતી નથી, પણ એ લોટને વારંવાર ટૂપીને કેળવવો પડે છે. અને જેટલો વધારે કેળવો, પિંડ વધારે કેળવો એટલી રોટલી સારી થાય છે. ઉતાવળની અંદર ઓછી કેળવણી થઈ હોય તો રોટલી સારી ન ઉતરે. અને બરાબર ટુંપાય હોય સારી રીતે તો એની રોટલી સારી થાય છે. ચીજ તો તેની તે છે. પણ પર્યાય બદલાય છે. કેળવણીથી એની પર્યાય બદલાય છે. એમ ભેદજ્ઞાન છે એ આત્માની કેળવણી છે ખરેખર તો. તેથી તેના ફળમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ધર્મની દશા ઉત્પન્ન થાય છે, મોક્ષમાર્ગની દશા એને કારણે ઉત્પન્ન થાય છે.

એટલે એમ કહે છે કે '**જેમ જેમ ઉપયોગસ્વરૂપ લક્ષણને લક્ષી (ઓળખી) રસાસ્વાદ પીએ તેમ તેમ સ્વપરભેદ...**' જ્ઞાનમાં પોતાના

રસથી ભેદજ્ઞાન કરે છે. એમાં **'સારપદને પામી સમાધિ લાગી.'** જેમ જેમ લેવું છે એનો અર્થ અહીંયાં કેળવણી છે. વારંવાર ભેદજ્ઞાન કરવામાં આવે છે. શાસ્ત્રમાં એને કરવતની ઉપમા આપી છે. કેમકે કરવત વારંવાર ચલાવવામાં આવે છે ત્યારે કપાય છે. આત્મા અને રાગની શુદ્ધોપયોગમાં સર્વથા અનુભવમાં ભિન્નતા થાય છે. એ પહેલા ભેદજ્ઞાનની કરવત વારંવાર ચલાવવામાં આવી છે. 'સંવર અધિકાર'માં એ વિષય લીધો છે.

**'સારપદને પામી સમાધિ લાગી. જેનો અપાર મહિમા છે એવા પરમપદને પામ્યો.'** ત્યાં શું થયું ? કે એ સમાધિમાં જેના મહિમાનો પાર નથી એવું જે પોતાનું પરમેશ્વરપદ છે એને પામ્યો. સાક્ષાત્ પોતે એ સ્વરૂપે છે, પરમેશ્વરપદ સ્વરૂપે છે, સાક્ષાત્ પોતે સિદ્ધપદ સ્વરૂપે છે, સાક્ષાત્ પોતાના નિજ સિદ્ધપદનો, પ્રગટ સિદ્ધપદનો અનુભવ કર્યો કે હું તો અનાદિઅનંત સિદ્ધ જ છું. ચૌદમું ગુણસ્થાન થયા પછી સિદ્ધાલયમાં જવાનું થાય.

'સોગાનીજી'એ લીધું છે કે જેને આવા સિદ્ધપદનો ચોથા ગુણસ્થાનમાં અનુભવ થયો એને એક નિશ્ચય બીજો પણ થયો કે હવે ચૌદમું ગુણસ્થાન આવશે, નિયમબદ્ધપણે નિયમથી આવશે અને ત્યારપછી એક સમયમાં સિદ્ધાલયમાં જવાનું થશે. પણ એ તો જ્યારે થાય ત્યારે ભલે થાય. એ પર્યાયનું કાર્ય પર્યાયમાં થાશે. પણ હું તો અત્યારે જ સિદ્ધસ્વરૂપે સિદ્ધાલયમાં બિરાજમાન છું. કેટલી ધરપત આવે એમાં ?

જેમ નિધિ ઘરમાંથી નીકળે તો એને વાપરે તો ધરપત આવે એવું કાંઈ નથી. વાપર્યા વિના પણ એ નિધિ ઘરમાંથી નીકળી એની ધરપત એને આવી જાય છે, હુંફ આવી જાય છે. એવા પરમપદને પામ્યો. પામ્યો એટલે સાક્ષાત્ અનુભવગોચર થયું. એને પામ્યો એમ કહેવામાં આવે છે. એના મહિમાનો પાર નથી, એમ કહે છે. જેને પોતાનો સ્વરૂપાનુભવ થાય છે એને પોતાના સ્વરૂપનો મહિમા કેટલો આવ્યો ? કેટલો આવ્યો ? કે અપાર મહિમાવંતનો મહિમા પણ એને સમાતો નથી. એટલો મહિમા આવે છે.

'લોકલાજ સબ ડારી.' આવે છે ? 'બનારસીદાસે' લીધું છે.

જગતના વ્યવહારમાંથી એ જીવ ખસી ગયેલો દેખાય ત્યારે જગતના સંસારી જીવો એની ટીકા પણ કરે કે આ ભાઈના કાંઈ વ્યવહારના ઠેકાણા નથી. અમારી નાત આખી ભેગી થઈ તો ભાઈ આવ્યા જ નહિ. લ્યો ઠીક ! નાતનું જમણવાર હતું તો આવ્યા જ નહિ. બધો મેળાવડો થયો તો આવ્યા નહિ. મેળો થયો તોપણ આવ્યા નહિ. આને વ્યવહારમાં રહેવું છે કે નહિ ? લોકો ટીકા કરે. લોકો ટીકા ન કરે એટલે લોકલાજને વશ ઘણા વ્યવહારમાં ઊભા રહે છે. આણે લોકલાજ મૂકી દીધી. લોકોને જેમ કહેવું હોય એમ કહે. હવે મારી નિધિ-ચૈતન્યનિધિને હું પામ્યો. હવે મને મારી નિધિની પ્રાપ્તિથી જ સંતોષ એટલો છે કે હવે મને કોઈ શું કહશે, એની સામે મને જોવાનું મન થતું નથી.

**'અનાદિથી પરઈન્દ્રિયજનિત આનંદ માનતો હતો તે મટ્યો.'** અનાદિથી પરઈન્દ્રિયજનિત જે આનંદ માનતો હતો. આગળ વાત આવી ગઈ ને ? પોતાને જૂઠા વિનોદથી ઠગે છે. આગળ એક જગ્યાએ મને એમ છે આવી ગયું છે. જૂઠા વિનોદથી ઠગે છે. એટલે પરમાં સુખ છે અથવા કષાયની મંદતાના શાતાના ભાવમાં સુખ છે એ જૂઠો વિનોદ છે. જૂઠો વિનોદ છે એમ કહ્યું છે. આ ખુશ કરે છે ને બીજાને ? યુક્તિ-પ્રયુક્તિથી ખુશ કરે છે. એ જાણે છે કે આ લોકો ખુશી થાય છે. આ બધા પ્રકારથી લોકો ખુશી થાય છે. એને તો રોજનો અભ્યાસ છે એટલે એને કાંઈ ખુશી થવાનો પ્રશ્ન નથી. એ સમજે છે કે આ જૂઠો વિનોદ છે. પણ સામાન્ય માણસોની માનસિક પરિસ્થિતિ-સાયકોલોજીનો એ લાભ લે છે. એવું બને છે કે નહિ જગતમાં ? એ જૂઠા વિનોદથી પોતાને ઠગે છે. અહીંયાં પોતે પોતાને જૂઠા વિનોદથી ઠગે છે એમ લીધું છે. આગળ આવી ગયું છે એ.

મુમુક્ષુ :- ૮૫ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- પાછળ આવે છે ? બરાબર. અવિદ્યાના વિનોદ વડે ઠગે છે. **'અનાદિનો અવિદ્યામાં ખૂંચી રહ્યો છે, મોહની અત્યંત નિબિડ ગાંઠ પાડી છે.'** ૮૫માં આવ્યું છે ?

મુમુક્ષુ :- એના પછીના પેરેગ્રાફમાં.

પૂજ્ય ભાઈશ્રી :- નીચે છે.

**'જે ભાવને મનોહર જાણી મોહ કરે છે તે પોતાના આત્માને જૂઠી**

**અવિદ્યાના વિનોદ વડે ઠગે છે.**' એમ આવે છે. જે પરભાવને મનોહર જાણીને મોહ કરે છે એમ લેવું ત્યાં. '**જે ભાવને...**' એટલે જે પરભાવને '**મનોહર જાણી મોહ કરે છે...**' એટલે જેને રાગાદિ ભાવ સારા લાગે છે તે પોતે '**જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે છે.**' જેમાં સુખ નથી તેમાં સુખની કલ્પના કરીને. શાતામાં પણ સુખ નથી, મંદ કષાયમાં પણ સુખ નથી. અને જે રાગના પરિણામ એને ઠીક લાગે છે એમાં પણ સુખ નથી. સુખ નથી, સુખનું નામનિશાન નથી, સુખની ગંધ નથી. ઊલટાનું એમાં આકુળતા અને દુઃખ છે. તોપણ જૂઠું જૂઠું સુખ માનીને એ પોતાને ઠગે છે.

નાના છોકરાને નથી કહેતા ? કે લે તને ખાવાનું આપું. એમ કરીને હાથમાં ખોટી ચપટી મૂકે. પછી હસે. ખોટું ખોટું આપીને હસે. ખોટું ખોટું હસ જો. તો ખોટું ખોટું હસે, ખોટું ખોટું રડ તો ખોટું ખોટું રડે. આમાં કાંઈ સુખ છે ? એમાં કાંઈ સુખ નથી. છતાં એવી એક અવિદ્યા છે, આ અજ્ઞાન છે એવું, અવિદ્યા છે કે જે રાગમાં, જે મંદ કષાયમાં ક્યાંય સુખ નથી ત્યાં સુખની કલ્પના બનાવીને પોતે જ પોતાને ઠગે છે. એ જૂઠ છે એમ કહેવું છે.

'**અનાદિથી પરઈન્દ્રિયજનિત આનંદ માનતો હતો તે મટ્યો.**' જ્યારે પોતાના સ્વરૂપાનંદને સમાધિમાં અનુભવ કર્યો ત્યારે એને જ્ઞાન થયું કે જે પરઈન્દ્રિયજનિત આનંદનો ભાવ હતો તે ખરેખર આનંદ નહોતો. આનંદની ત્યાં કલ્પનામાત્ર હતી. એ કલ્પનાનું ત્યાં એને જ્ઞાન થાય છે. સાચો હીરો જણાતા ખોટા હીરાનું એને જ્ઞાન થાય છે કે આ ચમક ખોટી છે. ખરેખર આ સાચું નથી.

'**જ્ઞાનાનંદમાં સમાધિ થઈ,...**' જ્ઞાનમય આનંદમાં નિર્વિકલ્પ સમાધિ થઈ. વસ્તુને વેદીને આનંદ થયો. પોતાની જે વસ્તુ છે અનંત ગુણમય, તેને વેદીને આનંદ થયો. ગુણને વેદીને આનંદ થયો છે. આ આનંદ કોઈ કલ્પનામાત્ર નથી પણ જ્ઞાનાનંદમાં સમાધિ થઈ છે. સાક્ષાત્ વસ્તને પ્રત્યક્ષ વેદતા આનંદ થયો છે. ગુણને એટલે સ્વભાવને વેદીને આનંદ થયો છે. ત્યાં '**પરિણતિએ સ્વરૂપમાં વિશ્રામ લીધો ત્યારે આનંદ થયો.**' આ આનંદ... આનંદ... આનંદ... આનંદની વિશેષતા લે છે.

**'પરિણતિએ સ્વરૂપમાં વિશ્રામ લીધો...'** અનાદિથી અનેક પર નિમિત્તોમાં પરિણતિ દોડાદોડ કરતી હતી એ દોડનો થાક લાગ્યો. ત્યાંથી પરિણતિ પાછી વળીને સ્વરૂપમાં આવીને ઠરી. પરિણામ સ્વરૂપમાં સમાધિકાળે ઠર્યા, અંદર અંતર્મખ થઈને શાંત થઈને ઠર્યા. ત્યારે એણે સ્વરૂપમાં વિક્ષામ લીધો. અનાદિનો થાક ઉતાર્યો એણે. આરામની કિંમત થાક લાગ્યા પછી આરામ કરે ત્યારે થાય છે. ઘણો થાક લાગે પછી જો આરામ મળે ત્યારે એને ખબર પડે કે આરામની શું કિંમત છે. નહિતર આરામની કિંમતની ખબર પડતી નથી. એમ સંસારના પરિણામથી જે થાક્યો છે એને જ સ્વરૂપાનંદમાં વિશ્રામ શું છે, એ બાજુ જવાનો અને એના અનુભવની કિંમત આવે છે. હજી જેને બહારમાં ઉત્સાહથી જવું છે એટલે એને બહારની હોંશ છે એને વિશ્રામ થવાનો અવસર આવતો નથી. દૂર છે.

**'પરિણતિએ સ્વરૂપમાં વિશ્રામ લીધો ત્યારે આનંદ થયો. એકદેશ સ્વરૂપાનંદ એવો છે,...'** અહીંયાં હજી જઘન્યભાવે (છે). ચોથા ગુણસ્થાને તો જઘન્યભાવે એકદેશ સ્વરૂપાનંદ ઉત્પન્ન થયો છે. એ એવો આનંદ છે કે જગતના તમામ આનંદના સ્થાનમાં એણે આનંદ માન્યો હતો એ વાત મટી જાય છે, ખલાસ થઈ જાય છે. પછી ત્યાં એને આનંદની વાત હોઈ શકે નહિ. કેમકે એને સાચ-જૂઠની પરીક્ષા થઈ ગઈ. સાચનો-સત્યનો અનુભવ થયો, જૂઠને કલ્પિત અને જૂઠ જાણ્યું, તેથી એમાં આનંદનો પ્રશ્ન રહેતો નથી. હજી પણ ફરી ફરીને એ વિધિને બતાવે છે.

**'જ્યાં ઈન્દ્રિયવિકારબલ વિલય પામ્યું છે, મનવિકાર નથી, સુખ અનાકુલરસ રૂપ, સમાધિ જાગી છે,...'** **'अहं ब्रह्म,'** **'अहं अस्मि'** **'એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં સ્થિરતામાં સમાધિ થઈ, ત્યાં આનંદ થયો.'** કેટલી વાત લીધી ? એક તો જ્યાં ઈન્દ્રિયવિકારબળ વિલય પામ્યું છે. બળ. એ જોર હતું. વિશ્વાસને લઈને બળ આવે છે. બહારમાં સુખ છે, કોઈપણ પદાર્થમાં સુખ છે એનો વિશ્વાસ જ્યારે હોય છે ત્યારે એ પ્રકારના પરિણામની અંદર બળ ઉત્પન્ન થાય છે. જેનો વિશ્વાસ નથી એનું બળ નથી. અહીંયાં બળ ઉપર વજન છે.

**'જ્યાં ઈન્દ્રિયવિકાલબલ વિલય પામ્યું છે,...'** કેમકે ત્યાં

આનંદનો, સુખનો વિશ્વાસ નથી. વિશ્વાસ સ્વરૂપમાં સુખનો જેને થયો, જેને સ્વરૂપમાં સુખ ભાસ્યું એને અહીંથી વિશ્વાસ ખલાસ થઈ ગયો. એને બહારમાં કોઈ પદાર્થને વિષે સુખ ભાસતું નથી. એટલે એનું બળ નાશ પામ્યું છે.

મુમુક્ષુ :- તો બળ ક્યાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એને જ્ઞાનબળ ઉત્પન્ન થયું. એને સ્વરૂપની રુચિનું બળ ઉત્પન્ન થયું. સ્વરૂપના જ્ઞાનનું બળ ઉત્પન્ન થયું અને સ્વરૂપની રુચિનું બળ ઉત્પન્ન થયું.

એટલે જ્યાં '**ઇન્દ્રિયવિકારબળ વિલ પામ્યું છે, મનવિકાર નથી,...**' એટલે મન પણ જ્યાં કાબુમાં આવ્યું છે. અંદરમાં પોતાના જ્ઞાનસ્વભાવને મુખ્ય કરતા એટલો જાગૃત થયો છે કે જ્યાં મનવિકાર પણ નથી. એટલે નહિવત છે. એ પૂર્વભૂમિકાની પરિસ્થિતિ લીધી છે. '**સુખ અનાકુલ રસરૂપ સમાધિ જાગી છે,...**' સુખ છે એ અનાકુળ રસરૂપ છે. એની સમાધિ જાગી છે. એ સમાધિભાવ તો નિર્વિકલ્પભાવ છે. પણ એને વિકલ્પપૂર્વક વર્ણન કરતા એમ કહેવામાં આવે છે કે '**अहं ब्रह्म,**' '(**હું બ્રહ્મ છું,**)' હું બ્રહ્મ છું એમાંથી એક શબ્દ કાઢ્યો. જેટલા શબ્દ વધારે એટલા વિકલ્પ વધારે. એટલે '**अहं अस्मि**' એટલું જ રાખ્યું. '**अहं ब्रह्मास्मि**' એમ લેવું છે એના બદલે '**अहं अस्मि**' એટલું જ રાખ્યું. એટલો વિકલ્પ શાંત થયો. એમ કહેવું છે.

મુમુક્ષુ :- '**अहं ब्रह्मास्मि**' એમાંથી '**अहं अस्मि**' ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાંથી '**अहं अस्मि**' હું છું... હું છું.. હું છું.. સત્તામાત્ર.

'**એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં...**' પ્રતીતિમાં સત્તા પકડાય છે-અસ્તિત્વ પકડાય છે. '**એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં...**' ઓળખાણપૂર્વક છે હોં ! આ. એટલે એમાં જ્ઞાયક છું એવી ઓળખાણ થઈ ગઈ છે એને અસ્તિત્વમાં પણ જ્ઞાયક આવી ગયો. અને ઓળખાણમાં જ્ઞાયકમાં અસ્તિત્વ આવી ગયું. આમ છે. પણ જે ભીંસ દેવાનો વિષય છે એ અસ્તિત્વ છે. અસ્તિત્વ એ સત્તા છે, સત્તા એ ભૂમિ છે. એનો આધાર લેવાનો છે. ભૂમિનો આધાર લેવાનો છે. એટલે

**'अहं अस्मि' 'એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં સ્થિરતામાં સમાધિ થઈ,...'** જ્યાં એ ભાવનાથી સ્થિરતા વધી ત્યાં સમાધિ થઈ.

અહીંયાં શું લેવું છે ? વચનામૃતમાં તો આ વિષય 'પૂજ્ય બહેનશ્રી'એ સ્પષ્ટ કર્યો જ છે. એમ કહેવા માગે છે કે એક સ્વરૂપની ઓળખાણ થવી એક વાત છે. ઓળખાણ થયા પછી અનુભવ થવાનો પુરુષાર્થ ચાલવો તે એક બીજી વાત છે. એમાં જેટલો પુરુષાર્થ તીવ્ર થાય એટલો અનુભવ શીઘ્ર થાય. જેટલો પુરુષાર્થ મંદ રહે તેટલો અનુભવ થવામાં કાળ વિશેષ લાગે. આમ લેવું છે. તો અહીંયાં સ્થિરતામાં સમાધિ થઈ એમ કહીને એમ કહેવું છે કે બ્રહ્મપ્રતીતિની ભાવનામાં પુરુષાર્થ વધ્યો ત્યાં સ્થિરતા થાય છે. પુરુષાર્થ તીવ્ર ન થાય તો સ્થિરતા થતી નથી.

ધર્મીજીવને, મોક્ષમાર્ગી જીવને પણ મોક્ષમાર્ગમાં મંદ પુરુષાર્થથી અસ્થિરતા છે અને વિકલ્પની ઉત્પત્તિ થાય. તીવ્ર પુરુષાર્થે સ્થિરતા થઈને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અને સમાધિની દશા લાગે. એટલે મંદ પુરુષાર્થના કાળમાં વ્યવહાર અને શુભભાવોની ઉત્પત્તિ થાય છે. તીવ્ર પુરુષાર્થના કાળમાં નિશ્ચયથી પોતાના શુદ્ધભાવની શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે.

એટલે '**બ્રહ્મપ્રતીતિની ભાવનામાં...**' ભાવના કહેતા અહીંયાં પુરુષાર્થ તીવ્ર થતાં '**સ્થિરતામાં સમાધિ થઈ,...**' અને જ્યાં સમાધિ થઈ '**ત્યાં આનંદ થયો.**' નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય, ત્યાં ઉપયોગમાં આનંદનો અનુભવ થાય એ શુદ્ધોપયોગ છે. પરિણતિમાં આનંદ છે અને ઉપયોગમાં આનંદ છે એ બંનેમાં ફેર છે. પરિણતિમાં આનંદ છે ત્યાં પુરુષાર્થ મંદ રહે છે હજી. પુરુષાર્થની તીવ્રતા થતાં પુરુષાર્થમાં જોર વધતાં શુદ્ધોપયોગ થાય અને ત્યાં આનંદ ઉત્પન્ન થાય છે. એટલે ત્યાં ઉપયોગાત્મકપણે વિશેષ સ્વરૂપાનંદનો અનુભવ છે, ત્યાં પુરુષાર્થ પણ તીવ્ર છે, ત્યાં શુદ્ધિ પણ વધે છે અને કર્મની નિર્જરા પણ ત્યાં વધે છે. એટલે એની વિશેષતા છે.

કોઈ એમ કહે કે સમાધિ તો થાય છે પણ આનંદ હજી આવતો નથી. એને અહીંયાં સ્વરૂપની સમાધિ થઈ છે એ વાત રહેતી નથી. કાંઈક એને કલ્પના થઈ ગઈ છે. એ સમાધિના વિષયની એને કલ્પના

થઈ ગઈ છે અને કલ્પનાને સમાધિ માની છે. સમાધિ નથી એને સમાધિ કલ્પી લીધી છે. જ્યાં સ્વરૂપસ્થિરતામાં સમાધિ થાય ત્યાં આનંદ છવાય જાય. આનંદ થાય, થાય ને થાય. એ આનંદનો અનુભવ એટલો વિશિષ્ટ છે કે એ આનંદમાંથી બહાર નીકળવા કોઈપણ સાધકજીવ ચાહતો નથી.

એટલે 'નિયમસાર'માં ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવે' એમ લીધું છે કે હવે પછીની અનંત કાળાવલી આ સ્વરૂપના આનંદના ભોગવટામાં જ વહો. મારો હવે પછીનો સર્વ કાળ આવા સ્વરૂપના આનંદના અનુભવમાં જ પસાર થાવ. મારે આ આનંદમાંથી બહાર નીકળવું નથી.

મુમુક્ષુ :- આત્મતત્ત્વના ભોગવટામાં જ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મતત્ત્વનો ભોગવટો કહો કે આનંદનો ભોગવટો કહો. એમાં આનંદની વિશેષતા છે. છે તો અનંત ગુણ, તોપણ એમાં આનંદની વિશેષતા છે, આનંદની પ્રધાનતા છે, આનંદની મુખ્યતા છે.

અમારે 'સોગાનીજી' સાથે તો એકવાર એ ચર્ચા ચાલી. કે આપને અનુભવમાં જ્ઞાનનો પક્ષ છે કે આનંદનો ? એવો સીધો પ્રશ્ન કર્યો. તો કહે, હમકો તો આનંદકા પક્ષ હૈ. જ્ઞાનકા પક્ષ નહીં હૈ, હમકો તો આનંદકા પક્ષ હૈ. એ મસ્તીનો વિષય છે. આનંદ છે એ મસ્તીનો વિષય છે. જ્ઞાન તો હવે કેવળજ્ઞાન થવાનું છે અને બધું જણાય જવાનું છે. જ્ઞાનની કાંઈ અમને એટલી કિંમત આવી નથી જેટલી આનંદના અનુભવની કિંમત આવે છે. એ જ્ઞાનનું ફળ આનંદ છે એટલે.

મિથ્યા ગૃહિત, મિથ્યા આગ્રહથી- અસમાધાન રહે છે. અનેકાંતવાદરૂપ વાણીથી મિથ્યા સમજણ મટીને વૈચારિક સમાધાન થાય છે - અનેક ભેદે તેવું સમાધાન, અસમાધાનથી ઉત્પન્ન અશાંતિને દૂર કરે છે. તોપણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિમાં - અનેક ભેદ અપેક્ષાના વિકલ્પનું અતિક્રાંત થવું આવશ્યક છે. તે જ સર્વાંગ સમાધાનની ફલશ્રુતિ છે. અન્યથા અપેક્ષા જ્ઞાનનું કોઈ સાફલ્ય નથી.

(અનુભવસંજીવની - ૯૪૮)

## તા. ૨૯-૩-૧૯૮૬, પાના નં. ૮૧, પ્રવચન નં. ૧૪૨

નિર્વિકલ્પ શુદ્ધોપયોગ, એ રૂપ સમાધિ કેવી રીતે થાય છે તેનું અહીંયાં વર્ણન કર્યું છે. સાધકદશામાં સમાધિભાવ અવારનવાર અનેકવાર ઉત્પન્ન થાય છે. તેને તો પરિણતિની ભૂમિકા સાધકને વર્તતી હોય છે. એ પરિણતિની ભૂમિકામાં ઊભા છે એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ લાગે છે. પ્રથમ શુદ્ધોપયોગ થવામાં પણ સ્વરૂપ સન્મુખની ભૂમિકા હોય છે. એને જ શુદ્ધોપયોગરૂપ સમાધિ લાગે છે. એ વાત અહીંયાં પહેલી એક લીટીમાં સમાવી દીધી છે.

**'જ્યાં ઇન્દ્રિયવિકારબલ વિલય પામ્યું છે, મનવિકાર નથી,...'** એટલું કહેવામાં જે આત્મા સમ્યક્ સન્મુખ છે અથવા જેને શુદ્ધોપયોગને યોગ્ય ભૂમિકા થઈ છે, એવા જીવને પરિણામમાં વિકારબળ કહો કે વિકારરસ કહો તે એકદમ ગળી ગયો છે. માત્ર ચારિત્રમોહનો વિકાર મંદ થયો છે એટલું જ નહિ, પણ વ્યામોહરૂપ દર્શનમોહનો જે વિભાવ છે એ દર્શનમોહનો વિભાવ પણ જેનો ગળી ગયો છે. અને તેને લીધે સ્વરૂપની અત્યંત જાગૃતિને લઈને મનના પરિણામ પણ ઘણા જ મર્યાદિત થયા છે. **'મનવિકાર નથી,...'** એનો અર્થ એ છે કે મનના પરિણામ પણ અહીંયાં એકદમ મર્યાદિત થયા છે. અથવા સ્વરૂપ સન્મુખમાં નિર્વિકાર નિર્વિકલ્પ સ્વરૂપનો રસ અને મહિમા એટલો વધ્યો છે ત્યારે એને સ્વરૂપ સંબંધીના વિકલ્પો છે એમાં રસ ઘણો છે પણ વિકલ્પ છે એ સૂક્ષ્મ થતાં જાય છે, વિકલ્પ છે એ ઘટતા જાય છે અને અસ્પષ્ટ વિકલ્પરૂપ ઘોલન, ઘૂંટણ ખાલી રહે છે. એ ઘૂંટણનો વિષય છે **'अहं ब्रह्म,'** અથવા **'अहं अस्मि'** એટલો વિષય છે.

મુમુક્ષુ :- અસ્પષ્ટ વિકલ્પ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અસ્પષ્ટ વિકલ્પ એટલે સ્પષ્ટ વિકલ્પ છે એ સ્થૂળ વિકલ્પ છે. જ્યારે વિકલ્પ નાશ થવાની નજીક પરિણામ આવે છે ત્યારે સ્પષ્ટ સ્થૂળ વિકલ્પ મનના નથી રહેતા. દૃષ્ટાંત લઈએ તો કોઈ

માણસ ઓપરેશન જોતી વખતે બેભાન થાય છે ત્યારે એને સ્પષ્ટ વિકલ્પ નથી કે મારે આવું નથી જોવું. આ હું જોઈ શકતો નથી, આ હું ન જોઉં, આવું ન હો એવો સ્પષ્ટ વિકલ્પ નથી. પણ જે જોવે છે એની પરિણામ ઉપર અસર છે. એટલી તીવ્ર અસર છે અને એનો નકાર એટલો ઘૂંટાઈ જાય છે કે એ પોતાની સુધબુધ ગુમાવીને બેભાન થઈ જાય છે. અહીંયાં સ્વરૂપનો આદર અને સ્વરૂપનો મહિમા જ એટલો ઘૂંટાઈ જાય છે, એટલો તીવ્રપણે ઘૂંટાઈ જાય છે કે નિર્વિકલ્પ સ્વરૂપમાં એ તન્મય થઈને લીન થઈ જાય છે. આમ દૃષ્ટાંત અનુસાર અહીંયાં સિદ્ધાંતમાં લઈએ તો.

'**अहं ब्रह्म, अहं अस्मि**' '**એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં...**' પ્રતીતિ સહિતની ભાવનામાં, 'હું છું' એવી પોતાના હોવાપણાની પ્રતીતિની ભાવનામાં, ભાવનામાં અને '**સ્થિરતામાં સમાધિ થઈ,...**' સ્થિરતા થઈ, ઉપયોગ સ્થિર થયો '**ત્યાં આનંદ થયો.**' ત્યાં આનંદ ઉપજ્યો. અહીંયાં આનંદની મુખ્યતા છે, આનંદની વિશેષતા છે. આનંદ અહીંયાં પર્યાયમાં હોવા છતાં આનંદના વેદનની અપેક્ષાએ આનંદ મુખ્ય છે. ગૌણ નથી. મુખ્ય છે. વેદન અપેક્ષાએ વેદન મુખ્ય છે. વેદન અપેક્ષાએ તો ત્રિકાળી પણ ગૌણ છે. ત્રિકાળીની અપેક્ષાએ વેદન ગૌણ છે અને ત્રિકાળી મુખ્ય છે. આવું અનેકાંત છે. એવું અનેકાંત છે અને એ બંને વચ્ચે અનેકાંતભાવે સમતુલા રહે છે. એ વિષય 'ગુરુદેવશ્રી'એ લીધો છે. ૫૪૧ છે અને ૫૧૪ છે. બે બોલ એવા છે. ૫૧૩થી એ વાત લેવી છે.

'**પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગતાનો અનુભવ ગૌણ થઈ જાય છે...**' આનંદનો અનુભવ ગૌણ થઈ જાય છે '**એમ નહીં.**' (પરમાગમસાર-૫૧૩) છે. '**ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહિ. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું.**' છે. એના ઉપર લક્ષ નથી તેથી તેને ગૌણ કહ્યું છે. લક્ષ ત્રિકાળી ઉપર છે એટલે એને ગૌણ કહ્યું છે. '**વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહિ પણ ધ્રુવ ઉપર લક્ષ છે. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ**

**પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગતતા તો આવે છે.'**

મુમુક્ષુ :- પ્રવચન કર્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ 'પરમાગમસાર' છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ છતાં એમાં એટલો ફેર લીધો છે કે અહીંયાં પર્યાયને ગૌણ કહી એ તો માત્ર લક્ષની અપેક્ષા છે. વચનામૃત પ્રવચન ૨૦૧ના બોલ ઉપરના પ્રવચનો છે. અને ૫૪૧ છે એ 'જ્ઞાનગોષ્ટી'માંથી લેવાયું છે.

**'ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી.'** પર્યાય. **'અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ.'** અનુભવની અપેક્ષાએ ગૌણ તો નહિ પણ **'અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે.'** એમ લીધું અહીંયાં. એ જ એટલે અનુભવ મુખ્ય છે. અનુભવની અપેક્ષાએ તો અનુભવ મુખ્ય છે. **'કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગી તત્ત્વ છે...'** ત્રિકાળી. **'તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે,...'** આનંદ પ્રગટ થાય છે **'એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહિ ચાલે.'** કેવી શૈલી લીધી છે !

મુમુક્ષુ :- વેદન તો પર્યાયમાં જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :- પર્યાય ઊડાડે તો વેદન ઊડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન ઊડી જશે. લક્ષ કરશે પણ પર્યાય. એટલે વેદનની અપેક્ષાએ તેને ગૌણ કરવાની વાત ક્યાંય નથી. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કરવાની વાત છે.

**'પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો અને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હોં !'** કેવી શૈલી છે ! **'એ વેદનને તું ગૌણ ન કરીશ હોં ! એ તો લક્ષ કરાવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું હતું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.'** જુઓ !

અહીંયાં આનંદની (વાત) આવી છે. આનંદની વાત વિશેષ લીધી છે તો અહીંયાં છેલ્લે વેદન... વેદન... વેદન... કહીને આનંદ ઉપર આવે છે કે **'જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.'**

૫૪૪ છે. ૫૪૪માં એથી વધારે ખુલાસો આપ્યો છે. વધારે ખુલાસો છે. ત્યાં તો ત્રિકાળીની મુખ્યતાવાળી ગાથાનો સંદર્ભ લઈને ખુલાસો કર્યો છે. **'સમયસાર ગાથા ૧૧માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી,...'** પર્યાય છે જ નહિ એમ કહી દીધું હતું. અભૂતાર્થ છે. ગૌણ કરીને વાત હતી. **'ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી.'** હવે એની સામે ૧૫ ગાથાની મીંઢવણી કરે છે.

**'અહીં ગાથા-૧૫માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે.'** ઠીક ! પર્યાય મુખ્ય છે એમ કીધું. **'તે પર્યાય જૈનશાસન છે.'** તે પર્યાય સમસ્ત જૈનશાસન છે. અબદ્ધસ્પૃષ્ટ આત્મા જે પર્યાયમાં અનુભવમાં આવ્યો તે પર્યાય સમસ્ત જૈનશાસન છે. ક્યાં જૈનશાસન રહે છે ? રથયાત્રામાં જૈનશાસન છે ? જ્યાં ઉત્સવોની ધમાલ થાય ત્યાં જૈનશાસન છે ? જ્યાં અનેક સમૂહમાં માણસો ભેગા મળે તે જૈનશાસન છે ? જે પર્યાયમાં અબદ્ધસ્પૃષ્ટ આત્મા પરમપદનો અનુભવ થયો તે પર્યાય સમસ્ત જૈનશાસન છે.

મુમુક્ષુ :- વાત તો એમ છે કે પર્યાય પોતાનું અસ્તિત્વ રાખીને માત્ર વિષય બદલે છે. પરસન્મુખ થઈ ગયું છે. ... કાયમ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો રહે જ છે. પર્યાયનો નાશ થાય તો દ્રવ્યનો નાશ થાય. જો પર્યાયનો નાશ થાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. એ તો પ્રશ્ન જ નથી. અહીં તો પર્યાયનું મહત્વ ત્રિકાળીની અપેક્ષાએ આશ્રય કરાવવા અને લક્ષ કરાવવા ગૌણ કરવાની પણ વિવિક્ષા આવે છે અને એક અનુભૂતિની પર્યાય સમસ્ત જૈનશાસન છે એમ એની મુખ્ય કરવાની પણ વિવિક્ષા આવે છે. આ બેય વિવિક્ષા યથાસ્થાનમાં કેવી રીતે છે એ પોતાને લક્ષમાં અને ખ્યાલમાં રહેવું જોઈએ. નહિતર ક્યાંક ગડબડ થાય, એક્સીડન્ટ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો એમ કહ્યું કે જૈનશાસન ક્યાં રહે છે ?

કે ધર્મીજીવની પર્યાયમાં જૈનશાસન રહે છે. સત્પુરુષનો વિષય બહુ આવે છે ને 'શ્રીમદ્જી'માં ? તો એનો સંગ, સત્પુરુષના સંગને સત્સંગ કહ્યો છે એમણે. અને સત્સંગને સત્પુરુષ કહ્યા છે. કેમકે ત્યાં જૈનશાસન છે. જૈનદર્શન ત્યાં છે, જૈનશાસન ત્યાં છે. એને પકડવાની વાત છે એનાથી દૂર જવાની વાત નથી. આ 'કુંદકુંદાચાર્યે' વાત લખી છે. સમસ્ત '**जिणसासणं**' સમસ્ત જિનશાસન છે એ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપોઆપ થઈ જાય. એણે દેવ-ગુરુ-શાસ્ત્ર છોડી દીધા. શાસનમાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર છે. તો એણે દેવ-ગુરુ-શાસ્ત્ર પણ છોડી દીધા.

'**તે પર્યાય જૈનશાસન છે. આહાહા ! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી,...**' દ્રવ્ય તો વેદનમાં આવતું નથી. એમ કહેવાય (કે) દ્રવ્યનો અનુભવ થયો. પણ દ્રવ્ય વેદનમાં આવતું નથી. દ્રવ્યનો અનુભવ થયો એવી ભાષાનો અર્થ એટલો જ છે કે દ્રવ્ય ઉપર લક્ષ છે. એમ બતાવવું છે ત્યાં. દ્રવ્ય અનુભવમાં આવે છે એવું કદિ બનતું નથી.

'**દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખે એ નહિ ચાલે નાથ !**' 'ગુરુદેવ'ની શૈલી છે. એને તું ગૌણ કરી નાખીશ, બાપુ! એ નહિ ચાલે. '**પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય, હોં ! એ તો તને દ્રવ્યનું લક્ષ-આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે, હોં ! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતા રહે ? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય ? આહાહા ! આ તો આત્મા પોકાર કરે છે...**' લ્યો ! એમ કહે છે. આ તો અમારો આત્મા પોકાર કરે છે કે '**વીતરાગ સ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે.**' ધ્રુવમાં, ત્રિકાળીમાં અનંત ગુણની સંપત્તિ છે. એ જે મુડી છે, ગુણની જે મુડી

છે, એમાં મુડીમાં માણસ પૂછે છે ઘણીવાર કે તમારી મુડી કેટલી ? કે તમે વાપરી એટલી. તમારી પાસે લાખ, કરોડ, અબજ છે. એમાં તમારા કેટલા ? કે તમે વાપર્યા એટલા.

મુમુક્ષુ :- બાકીના ટ્રસ્ટી.

પૂજ્ય ભાઈશ્રી :- બાકીના માટે ટ્રસ્ટી, એ તમારા નહિ.

એમ અહીંયાં કહે છે કે આત્મા તારો કેવડો ? કે જેટલો આનંદ અનુભવમાં આવ્યો એવડો. આ વાત 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથાના ૨૦મા બોલમાં કહે છે. દ્રવ્યથી નહિ આલંગિત એવી જે શુદ્ધ પર્યાય એ આત્મા છે. ત્રિકાળી આત્મા છે એમ ન કહ્યું. દ્રવ્યથી નહિ આલિંગીત એવી જે શુદ્ધ પર્યાય. અહીં તો કહે છે કે દ્રવ્ય તો આલિંગન કરે છે, દ્રવ્ય તો આશ્રય કરે છે, દ્રવ્ય તો લક્ષ કરે છે. છતાં પર્યાય તો આશ્રય કરે છે દ્રવ્યનું. પર્યાય તો દ્રવ્યનું લક્ષ કરે છે, આશ્રય કરે છે, અભેદ થાય છે, તન્મય થાય છે, લીન થાય છે. એવા બધા શબ્દો આવે છે અને અહીંયાં શુદ્ધપર્યાય માટે એવા શબ્દો વાપર્યા કે જે દ્રવ્યને આલિંગન કરતી નથી એ શુદ્ધ પર્યાય તે જ આત્મા છે. દ્રવ્યને આલિંગન કરતી નથી એટલે દ્રવ્યને અડતી પણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય પર્યાયસ્વરૂપે નહિ રહે. જો દ્રવ્યને સ્પર્શે, દ્રવ્યમાં અભેદ થાશે, દ્રવ્યમાં લીન થઈ જશે તો એ પર્યાય પર્યાયસ્વરૂપે રહેશે કે નહિ રહે ? કે નહિ રહે. પર્યાય પર્યાયસ્વરૂપે રહે છે. એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. એને અહીંયાં આત્મા કહીએ છીએ. ત્યાં વેદનની મુખ્યતા કરાવવી છે. વેદનમાં પણ જે સ્વરૂપના આનંદનું વેદન છે એ કોઈ આખા વિશ્વમાં એક અદ્ભુત ભાવ છે. આનંદનો, સ્વરૂપનો, ચૈતન્યનો જે આનંદ છે, એ આનંદ છે એ અદ્વિતીય ભાવ છે, જેના બરાબર કોઈ ભાવ, કોઈ ઉપમા આપી શકાય, સરખામણી કરી શકાય, કાંઈપણ કહી શકાય એના વિષે એવું કાંઈ નથી. એ તો આનંદ વેદે, એ વેદે એ જાણે. એ સિવાય એમાં બીજો કોઈ ઉપાય નથી.

**'સ્થિરતામાં સમાધિ થઈ, ત્યાં આનંદ થયો. પહેલાં તો કેટલાક કાલ સુધી...'** 'अहं' એટલે **'(હું) એવો ભાવ રહે,...'** 'अहं अस्मि'

એમાં '**अस्मि**' કાઢ્યું પાછું. '**अहं ब्रह्म, अहं अस्मि, अहं ब्रह्मास्मि**' એમાંથી '**अहं**' એટલું રાખ્યું. હું... હું... હું... હું... હું... હું... હું... '**अहं**' '(હું) **એવો ભાવ રહે, પછી નિર્વિકલ્પ સમાધિમાં અહંપણું તો છૂટે, (અને)**' '**अस्मि**' '**કહેતા છું એવો ભાવ રહે,...**' પણ વિકલ્પવાળો નહિ ત્યાં. સમાધિમાં જે ભાવ રહે છે એમાં તો પોતાની હયાતીનું પ્રગટ નિર્વિકલ્પભાવે વેદન છે. એવો ભાવ રહે '**ત્યાં દર્શનજ્ઞાનમય છું, હું સમાધિમાં લાગું છું એવા 'હું'નું રહેવું પણ વિચાર છે.**' એ પ્રકારે કોઈ વિચાર છે એવો વિચાર અહીંયાં નથી. વિચાર એ વિચાર છે અને સમાધિ એ સમાધિ છે, એમ કહેવું છે. એનો ભાવ એવો છે, નિર્વિકલ્પ જે સમાધિભાવ છે એનો વિસ્તાર કરીએ તો એટલો જ છે કે ત્યાં દર્શન-જ્ઞાનમય છું અને હું મારા સ્વરૂપમાં લીન છું. મારા અભેદ અનુભવસ્વરૂપ જ હું છું, એવો એનો વિસ્તાર કરી શકાય. પણ એ પ્રકારે હું છું એવો જે વિચાર એ વિચાર છે. એટલું લાંબુ... લાંબુ... લાંબુ... અહીંયાં કાંઈ નિર્વિકલ્પ સમાધિમાં વિચારપણે રહેતું નથી. એ બધો વિચાર થઈ ગયો. પણ એ વિચારનું વાચ્ય છે તે નિર્વિકલ્પભાવે રહે. એને નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે.

એટલા માટે અહીંયાં વિસ્તાર કર્યો છે, જે ખોલ્યું છે એ, કે કેટલાક જીવો નિર્વિચાર થઈને શૂન્ય થવાના ભાવને સમાધિ કહે છે. વિચાર મટી જાય અને શૂન્યતા થઈ જાય આત્મામાં ત્યારે સમાધિ લાગે. અહીંયાં કહે છે કે એમ નથી. સમાધિભાવને વર્ણનમાં-વિવરણમાં લઈએ તો હું દર્શનજ્ઞાનમય છું અને અભેદ સમાધિમાં હું અભેદ અનુભવરૂપ છું. એવું ત્યાં અનુભવની અંદર હોય છે. વગર વિચાર્યે અને વગર વિકલ્પે. પણ હોય છે ખરું એવું. એનું નામ સમાધિભાવ છે. શૂન્ય થવું એનું નામ કોઈ સમાધિભાવ નથી. એટલે એ ખુલાસો કર્યો છે.

એવો વિચાર મટતાં. '**એ મટતાં...**' એટલે વિકલ્પ મટતાં.

મુમુક્ષુ :- શૂન્ય થવું એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એક કલ્પના છે એવી કે આ વિચાર ચાલતા... ચાલતા... ચાલતા... પછી શૂન્ય થઈ જાય ત્યારે સમાધિભાવ લાગે. ખરેખર સમાધિભાવમાં તો આનંદ છે. અને આનંદ છે એમાં હું દર્શન-જ્ઞાનમય સ્વરૂપ છું એવું પોતાની હયાતીનું દર્શન-જ્ઞાનના વેદન સહિત

નિર્વિકલ્પ અનુભવસ્વરૂપ વેદન હોય છે. એમાં શૂન્યપણું હોતું નથી. શૂન્યપણું તો હોતું નથી પણ અત્યંત-અત્યંત જાગૃતિ હોય છે. અત્યંત-અત્યંત જાગૃતિનો એ વિષય છે. નહિતર વળી એવી રીતે લોકો લઈ જાય છે કે ઊંઘમાં ક્યાં કાંઈ ખબર પડે છે ? સુષુપ્ત દશામાં. સુષુપ્ત નિંદ્રા આવી જાય છે. કાંઈ જાણે ખબર જ પડતી નથી. તો પછી નિંદ્રા અને સમાધિમાં કાંઈ ફેર રહ્યો નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈને બહુ ગાઢ નિંદ્રા આવે અને ન ઉડાડે તો પછી કાંઈ એને સમાધિ થોડી કહેવાય ? ભારે નિંદ્રા હોય અને કોઈ ઉડાડે. બહુ નિંદ્રા આવે તો ન પણ ઉડાડે. તો એને કાંઈ સમાધિ થોડી કહેવાય ? એ તો અજાગૃત દશા છે. નિંદ્રા છે એ તો અજાગૃત દશા છે.

અહીંયાં તો કોઈ અલૌકિક જાગૃતિ છે. નિંદ્રા છૂટે અને જાગૃતિ આવે એ જાગૃત તો લૌકિક છે. પોતાની હયાતિની, પોતાની હોવાપણાની, પોતાના દર્શન-જ્ઞાનમયસ્વભાવની કોઈ અલૌકિક જાગૃતિ છે. કે જે જાગૃતિ પાસે નિંદ્રા અને જાગૃતિની અપેક્ષા લાગુ પડતી નથી. જ્યાં નિંદ્રા તો નથી પણ નિંદ્રા છૂટવાપૂર્વકની જાગૃતિ પણ જ્યાં નથી. એવી કોઈ ત્રીજી જાગૃતિ ત્યાં છે. એમ લેવું છે. પેલો નિંદ્રા-જાગૃતિનો દ્વંદ્વ અહીંયાં નથી લાગુ પડતો. એ જોડકું અહીંયાં નહિ આવે.

વિકલ્પ '**મટતાં વિશેષ આ પ્રમાણે હોય કે-દ્રવ્યશ્રુતવિતર્કપણું મટી એકત્વ સ્વરૂપમાં થયું,...**' દ્રવ્યશ્રુતવિતર્કપણું મટ્યું એટલે શબ્દ અનુસારનો જે વિકલ્પ છે એ મટ્યો અને એકત્વ સ્વરૂપમાં થયું. એકમેકપણું પોતાનું અભેદ અસ્તિત્વ પોતામાં અનુભવગોચર થયું ત્યારે એને સ્વરૂપમાં એકમેકપણું થયું એમ કહે છે.

'**એકતાન રસરૂપમાં મન લીન થઈ સમાધિ લાગી,...**' અહીંયાં જ્યાં જ્યાં મનનો પ્રયોગ છે ત્યાં મનનો અર્થ અહીંયાં ઉપયોગ લેવો. ઉપયોગભાવે સ્વરૂપમાં એકતાન થઈને લીનતા થઈ ત્યાં સમાધિ લાગી છે. ત્યારે સમાધિ લાગે છે. જુદાં જુદાં શબ્દોમાં, શક્ય એટલા શબ્દોમાં કહે છે. એકતાન થાય છે એટલે જેમ કોઈ વિષયમાં બીજું ભાન ભૂલી જાય ત્યારે એકતાન થઈ ગયો એમ કહેવામાં આવે છે. બીજું ભાન ભૂલી જાય. એકતાન થઈ ગયો છે.

ખાસ કરીને અન્યમતની અંદર ઘણા ભજન કરે છે ત્યારે એમ કહે છે કે હવે એના ભજનમાં એકતાન થઈ ગયા. એવા એ લોકોની અંદર માણસો થઈ ગયા છે. આ બંગાળમાં એક થઈ ગયા. ચૈતન્યમહાપ્રભુના નામથી પ્રસિદ્ધ છે. બ્રાહ્મણ કુટુંબના એ બાળક નાનપણથી.. નામ 'નિવાય' હતું 'નિવાય'. 'નિવાય' કરીને. પહેલેથી કોઈ એની પદ્ધતિ જુદી હતી. કોઈ એ જાતના સંસ્કાર લઈને આવ્યા હોય. બાળપણથી જ તે કોઈ એવી પદ્ધતિ જુદી ટાઈપની હોય છે. બધાને એમ લાગે કે આનામાં... એ કલાકો સુધી ઠેકડા માર્યા કરે, નૃત્ય કર્યા જ કરે. બહુ પ્રસિદ્ધ છે. એ રીતે એમની બહુ પ્રસિદ્ધિ છે. ઘણી પ્રસિદ્ધિ છે. એને એકતાનપણું કહે છે. ઈશ્વરની કલ્પના છે. કોઈ એક ઈશ્વરમાં એ ધ્યાન થાય છે. પોતાના માનેલા ભગવાનમાં.

અહીંયાં તો પોતાનું જ સ્વરૂપ છે. અભેદ અનુભવરૂપ, અનુભૂતિસ્વરૂપ પોતે જ છે. જેનો સ્વભાવ જ અનુભવ કરવાનો છે એવો પોતે જ છે. એવા સ્વરૂપમાં એકતાન થઈ ઉપયોગ જ્યાં લીન થયો ત્યાં સમાધિ લાગી. '**ત્યાં વિચારભેદ મટ્યો.**' ત્યાં કોઈ પ્રકારે વિચારનો ભેદ, વિકલ્પનો ભેદ ત્યાં પછી ઉત્પન્ન થતો નથી. '**વિચારભેદ મટ્યો. વીતરાગરૂપ અનુભવ-સ્વસંવેદનભાવ થયો.**' વિચારભેદ તો મટ્યો પણ વીતરાગરૂપ અનુભવ થયો, રાગરહિતનો અનુભવ થયો. શેનો અનુભવ થયો ? કે સ્વસંવેદનભાવ અનુભવ થયો. વીતરાગ નાસ્તિથી લીધું છે. રાગની નાસ્તિરૂપ અનુભવ થયો, અસ્તિમાં સ્વસંવેદનભાવનો અનુભવ થયો. અસ્તિમાં આનંદભાવનો અનુભવ થયો એ એની અસ્તિ છે. વિકાર અને રાગ એ બધો વ્યય થઈ ગયો, નાશ થઈ ગયો. નિર્વિકારભાવ, સ્વસંવેદનભાવ, આનંદનભાવ એ અસ્તિરૂપ થયો.

'**વીતરાગરૂપ અનુભવ-સ્વસંવેદનભાવ થયો. એકત્વચેતનામાં મન લાગ્યું, લીન થયું. ત્યાં ઈન્દ્રિયજનિત આનંદનો અભાવ થવાથી સ્વભાવલખાવનો (સ્વભાવજ્ઞાનનો) રસાસ્વાદ કરવાથી આનંદ વધ્યો, ત્યાં વળી અસ્મિભાવ જ્ઞાન જ્યોતિમાં હતો તે પણ થાક્યો. (અટક્યો, શાંત થયો).**' '**અસ્મિભાવ**' હું છું... હું છું... હું છું... એવો વિકલ્પ પણ ત્યાં, સૂક્ષ્મ પણ વિકલ્પ પણ શાંત થઈ ગયો. એ

આનંદનો અનુભવ લીધો છે.

એકત્વચેતનામાં-પોતાના અભેદ ચૈતન્યમાં મન લાગ્યું એટલે ઉપયોગ લાગી ગયો, ઉપયોગ ત્યાં લીન થયો. ત્યાં ઈન્દ્રિયજનિત આનંદનો અભાવ થયો. ત્યાં કોઈ શાતાનો આનંદ, મનનો આનંદ એ વાત ત્યાં રહેતી નથી. શાતાનો આનંદ ત્યાં નથી. ઘણો કષાય મંદ થઈ ગયો છે. ત્યાં તો ચારિત્રમોહનો વિકલ્પ પણ અભાવ પામશે બુદ્ધિપૂર્વકનો. કષાય કેટલો મંદ થઈ ગયો છે ? કે અભાવ થવાની તૈયારી થાય એટલો મંદ થઈ ગયો છે. તો એવી જે કષાયની મંદતા (થઈ તેનું શું થયું ?) તો કહે છે કે એનો પણ અહીંયાં અભાવ થઈ ગયો. પછી આ આનંદ ઉપજ્યો છે.

અથવા ઈન્દ્રિયજનિત આનંદ જેને કહેવાય છે એ જ્યાં દુઃખભાવ છે. એ આનંદ નથી પણ સ્વરૂપના આનંદ પાસે તો એ દુઃખનો ભાવ છે, આકુળતાનો ભાવ છે. તેનો '**અભાવ થવાથી સ્વભાવલખાવનો (સ્વભાવજ્ઞાનનો) રસાસ્વાદ કરવાથી આનંદ વધ્યો,...**' અહીંયાં શું છે ? અહીંયાં ધ્યાન દેવા જેવી વાત એટલી કે આ બધી વાત વિતર્ક એટલે શબ્દમાં આવે છે. ભાવશ્રુતનો પેરેગ્રાફ છે ને બીજો ? વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ. એમ અહીંયાં અનુભવના વર્ણનના શબ્દો છે તેના ભાવને, અર્થને એટલે તેના ભાવને ભાવવો. તેના ભાવ સુધી પહોંચવું. લક્ષમાં એનો ભાવ લેવો. અને તે પણ રુચિ સહિત. ભાવવો એટલે રુચિ સહિત. નહિતર તો આ શબ્દ છે એ શબ્દ છે. શબ્દમાં ભાવ નથી અને ભાવમાં શબ્દ નથી. શબ્દ છે એ ભાવને પકડવાનું એ બાહ્ય નિમિત્ત છે. જેનું લક્ષ ભાવ ઉપર છે એને એ શબ્દ છે એ ગૌણ થઈ જાય છે. નહિતર અહીંયાં અનેક જગ્યાએ પ્રશ્ન થાય એવો છે કે મન... મન... મન... મન... મનની વાત કેમ આવે છે ? મનાતીત વિષય છે. સમાધિભાવ છે એ તો ઈન્દ્રિયાતીત અને મનાતીત છે. અને મન લાગ્યું અને મન લીન થયું એમ કહો છો. પણ અહીંયાં ભાવ પકડવાની વાત છે. મન એટલે જે જ્ઞાનનો ક્ષયોપશમ છેલ્લે-છેલ્લે મન સાથે વર્તે છે એ મનથી પણ છૂટીને. મન તો એક નોઈન્દ્રિય છે, આ જગ્યાએ છાતીમાં. ત્યાં ઉપયોગ લાગેલો રહે છે ત્યાં સુધી મનના વિચારો ચાલે છે. ત્યાંથી પણ ઉપયોગ છૂટે છે અને એ ઉપયોગ અસંખ્ય પ્રદેશે અથવા એકપ્રદેશી

આખો જે ચૈતન્યપિંડ છે, એકપ્રદેશી પિંડ, અસંખ્ય પ્રદેશ તો ભેદથી છે, અભેદથી લઈએ તો અખંડ ચૈતન્યપિંડ છે એના પૂરા ક્ષેત્રમાં, એના અંતર બાહ્ય સર્વ ક્ષેત્રમાં, ઉપર ઉપર નહિ, સ્પર્શેન્દ્રિયની જેમ ઉપર ઉપર નહિ, અંદર-બહાર બધે એના પૂરા ક્ષેત્રમાં ઉપયોગનું વ્યાપ્ય-વ્યાપકભાવે સ્વસંવેદન થાય છે. ત્યારે એને લીનતા થઈ, ઉપયોગ લાગ્યો અથવા ઉપયોગ લીન થયો એમ કહેવામાં આવે છે.

એવા '**(સ્વભાવજ્ઞાનનો) રસાસ્વાદ કરવાથી...**' એટલે માત્ર જ્ઞાનને અનુભવગોચર કરવાથી '**આનંદ વધ્યો,...**' ઘણો આનંદ થયો. સિદ્ધ પરમાત્માને જે પરમાનંદ છે એ પરમાનંદની જાતિનો આનંદ થયો. ઉપર સિદ્ધાલયમાં જે આનંદ ભગવાન પ્રત્યક્ષ વેદે છે એ વેદનની જાતિનો આનંદ થયો. એ આનંદ પાસે ત્રણે લોક છે, ત્રણ લોક રૂપ આખું જગત છે એ તૃણવત ભાસે છે. એવો આનંદ થયો. આ ચોથા ગુણસ્થાને આ વાત છે. હવે ચોથા ગુણસ્થાને અનુભવ થાય કે ન થાય ? કે સાતમે થાય કે બારમે થાય (એ વાત ક્યાં રહી ?)

'દીપચંદજી'એ તો આ વાત આનંદની આટલી વાત, અનુભવની આટલી વાત સ્પષ્ટ કરી છે. જ્યારે અજ્ઞાન મટે છે અને આત્મજ્ઞાન થાય છે ત્યારે સ્વભાવજ્ઞાનનો રસાસ્વાદ થાય છે. એ સ્વભાવજ્ઞાનનું પ્રત્યક્ષ વેદન થવું એને આત્મજ્ઞાન કહ્યું છે. ત્યારે મિથ્યાત્વ મટે છે અને સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને ત્યારે કોઈ અવર્ણનીય આનંદ ઉત્પન્ન થાય છે.

'**ત્યાં વળી अस्मिभाव જ્ઞાન જ્યોતિમાં હતો તે પણ થાક્યો.**' અથવા હું... હું... હું... હું... હું... હુંપણાનું જે વેદન સૂક્ષ્મ વિકલ્પરૂપ છેલ્લે હતું એ પણ શાંત થઈ ગયું. એટલે એ પણ બંધ થઈ ગયું. માત્ર આનંદનો અને સ્વસંવેદનજ્ઞાનનો અનુભવ, જ્ઞાન અને આનંદ બે મુખ્ય છે વેદનની અંદર, એટલું રહ્યું. એ રીતે અહીંયાં એક પેજમાં મુખ્ય વિષય ઉપાડ્યો છે. '**આ સ્વરૂપાનંદ પદનો ભેદી (મર્મજ્ઞ) સમાધિથી થાય છે.**' ત્યાંથી એ વિષય ઉપાડ્યો છે.

'**હવે વિવેકનું સ્વરૂપ, પરિણતિશુદ્ધિનું સ્વરૂપ આ પ્રમાણે છે.**' અહીંયાં પરિણતિશુદ્ધિ એટલે નિર્જરા. નિર્જરાનું સ્વરૂપ આ પ્રકારે છે, આ પ્રમાણે છે. '**હવે વિવેકનું સ્વરૂપ, પરિણતિશુદ્ધિનું સ્વરૂપ આ**

**પ્રમાણે છે. જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો, ત્યાં અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી,...'** હવે ધર્મીજીવની વાત લે છે. જેને સ્વરૂપનો આનંદ પ્રગટ થઈ ગયો. અને ત્યારપછી જેને સમ્યગ્જ્ઞાનમાં મહાવિવેક પ્રગટ થયો છે. એટલે વિવેકથી શરૂઆત કરી. મહાવિવેક પ્રગટ થયો છે તેને ફરી ફરીને સ્વરૂપમાં એકત્વ થાય છે, ફરી ફરીને સમાધિ લાગે છે અને પરિણતિ વધારે ને વધારે શુદ્ધ થતાં જાય છે. એ શુદ્ધિની વૃદ્ધિ થાય છે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. શાસ્ત્ર પરિભાષામાં એને નિર્જરા કહી છે.

જ્ઞાનદશામાં, સાધકદશામાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ છે એ પરમાત્માનો વિલાસ છે. પરમાત્મપદનો એ વિલાસ છે. પરિણતિ તો ચાલે જ છે પણ ઉપયોગ અન્ય-અન્ય નિમિત્તમાં જાય છે ત્યાં સુધી એને વિલાસ નથી કહેતા. અને જ્યાં શુદ્ધોપયોગ પરિણામમાં થઈ આવે છે ત્યાં એને પરમાત્મપદનો વિલાસ કહેવામાં આવે છે. આનંદનો ભોગવટો વિશેષ છે એટલે ત્યાં એન વિલાસ એવું નામ આપ્યું છે.

**'જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો,...'** એટલે સાધકદશામાં પુરુષાર્થની ઉગ્રતા થતાં ફરીને નિર્વિકલ્પ સમાધિનો ભાવ નજીક થયો. કાળની નજીકતા થઈ, ભાવની નજીકતા થઈ ત્યાં સમાધિભાવમાં **'અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી,...'** ત્યાં પાછા અનંતે ગુણના, ઉપયોગ જ્યાં નિર્વિકલ્પ થયો ફરીને ત્યાં અનંત ગુણનું વેદન પાછું એને ઉપયોગાત્મકપણે અનુભવમાં આવે છે. અથવા મનનું પણ અવલંબન છૂટીને, વેદનનું પરોક્ષપણું છૂટીને અપરોક્ષપણે એટલે પ્રત્યક્ષપણે ઉપયોગમાં, ઉપયોગ પોતાના સાક્ષાત્ સિદ્ધપદમાં ફરી વળે છે, પ્રસરી જાય છે. પોતાનું જે પ્રત્યક્ષ સિદ્ધપદ છે, અખંડ સિદ્ધપદ છે એમાં ઉપયોગ છે એ પ્રસરી જાય છે. ત્યારે અનંત ગુણના રસને પરિણામમાં વેદે છે અને એ રીતે ફરીને સમાધિ લાગે છે. **'નિર્વિકાર ધર્મનો વિલાસ-પ્રકાશ થયો,...'**

મુમુક્ષુ :- અનંત ગુણના રસને ફરી પરિણામમાં વેદી, લખ્યું છે. વેદનમાં સુખ અને આનંદ બે જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્યપણે. ગૌણપણે (અનંત ગુણનું વેદન છે). તમને કોઈ હજાર ઔષધિવાળી ગોળી ખવરાવે ત્યારે તમને કોઈ પૂછે કે

આનો સ્વાદ કેવો ? ત્યારે તમે એમ કહો કે આમાં સહેજ તિખાશ લાગે છે. એમાં બીજા ઘણા સ્વાદ છે પણ તીખું વધારે છે એટલે તિખાશ લાગે છે. અથવા આ ઔષધિ તુરી લાગે છે એમ કહો. તો ત્યાં તુરાષ વધારે છે. પણ બીજા ઘણા સ્વાદ છે ત્યાં.

મુમુક્ષુ :- આમાં શું વધારે છે ? જ્ઞાન ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. જ્ઞાન અને આનંદ એ વધારે છે. વધારે છે એટલે ઓછામાં ઓછા ઉઘાડવાળા તિર્યંચજીવને, ચાર ગતિમાં ઓછો ઉઘાડ તિર્યંચને છે, એને પણ જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન અને આનંદ થયો એટલો એને વિકલ્પમાં આવ્યા પછી ખબર પડે ખરી. કે મને સ્વસંવેદન હતું અને મને આનંદ થયો હતો. સમાધિનો આનંદ અને સમાધિનું સ્વસંવેદન મને વર્તતુ હતું, એ એને ખબર પડે છે. વિચારથી પણ એને ખબર પડે છે. એટલે એટલો એ તારતમ્યતાવાળો વિશેષ ભાવ છે કે જે વિચારના સ્થૂળ ઉપયોગમાં પણ પકડાય છે અથવા બુદ્ધિગ્રાહ્ય થાય છે, મનને ગ્રાહ્ય થાય છે. એટલો એ સ્થુળ વેદનનો ભાવ છે. બીજા અનંત ગુણનું વેદન છે એ એટલું બધું સૂક્ષ્મ છે કે એ મનથી કે બુદ્ધિથી ગ્રાહ્ય થતું નથી. અનુભવ થાય છે. પણ એટલું સૂક્ષ્મ છે કે મન, બુદ્ધિને તે ગ્રાહ્ય થતું નથી. પણ છતાં એને શ્રુતજ્ઞાનમાં એટલું સમજાય છે, શ્રુતજ્ઞાન એટલે વિશેષજ્ઞાન, કે આમાં અનંત ગુણનો રસાસ્વાદ હતો. એમ તો સમજાય છે. પછી જેનું શ્રુતજ્ઞાન જેટલું વિશેષ નિર્મળ અહીંયાં, ઉઘાડવાળું ન કહેવાય, પણ અહીંયાં જેટલું નિર્મળ વિશેષ... કેમકે કોઈને બહારનો ઉઘાડ નથી હોતો. કોઈ સાધકને, પણ અંદરની નિર્મળતા ઘણી હોય તો બીજા ગુણોનો પણ રસાસ્વાદન એને સમજાય. સમજાય ખરું પણ જેવી જેની નિર્મળતા.

મુમુક્ષુ :- ઘણી યોગ્યતા અહીંયાં ગુણનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે. અનંત ગુણનો આવે છે. પણ જેટલી જેની નિર્મળતા એટલો એને બીજા ગુણોનો પણ સ્વાદ ભેદથી સમજાય કે આ ગુણનો સ્વાદ.. આ ગુણનો સ્વાદ... આ ગુણનો સ્વાદ... એમ સમજાય.

મુમુક્ષુ :- આચાર્ય મહારાજે તો એકલા આનંદના .. વર્ણન કર્યા છે. બીજા એકેય ગુણનું વર્ણન...

પૂજ્ય ભાઈશ્રી :- કર્યું છે ૪૭ શક્તિમાં. જેટલા જ્ઞાનમાં આવ્યા છે એટલા કર્યા છે. સ્પષ્ટ જ્ઞાનમાં આવ્યા તેની વ્યાખ્યા કરી છે. એટલા સ્પષ્ટ કર્યા છે કે વ્યાખ્યા પણ કરી છે. 'દીપચંદજી'એ લીધા છે. 'દીપચંદજી'એ તો આ વાત લીધી છે ભોગવવાના વર્ણનમાં.

મુમુક્ષુ :- ચોથા પાને છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા પાને શરૂઆતમાં ? બધા ગુણની જ વાત લીધી છે. નંબર તો લખ્યા છે. બીજા પુસ્તકમાં લખ્યા છે. લખ્યા છે ખરા. આ એટલી બધી વાર વાંચ્યું છે કે એક-બે પુસ્તક તો જુના થઈ ગયા છે. પછી નવા નવા લઈને વાંચ્યા. બહુ વપરાય ગયા. બીજા પુસ્તકમાં લખ્યા છે. લખ્યા છે. નંબર આપ્યા છે. ૧, ૨, ૩, ૪ નંબર આપ્યા છે. ૫૦ ને ૬૦ની વચમાં આંકડો જાય છે. ૫૦ થી ૬૦. ૫૫, ૫૬ કે ૫૭, ૫૮ જેવો આંકડો છે. ૪૭થી વધારે છે.

ચોથા પાનાથી શરૂ થાય છે. '**જ્ઞાન વિના ચેતનાનું વિશેષ જાણવામાં ન આવત. દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહેત. સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત ?**' બસ. ત્યાંથી જ છે. ચોથા પાનાથી જ છે. છેલ્લે પાંચમે પાને જે પેરેગ્રાફ પૂરો થાય છે ત્યાં લે છે '**ઈત્યાદિ અનંત વિશેષણનો જ્ઞાની અનુભવ કરે છે.**' '**અચલ સ્વભાવ વિના ચલ હોય. ઊર્ધ્વગમન સ્વભાવ વિના ઉચ્ચપદ જાણવામાં ન આવત. ઈત્યાદિ અનંત વિશેષણનો જ્ઞાની અનુભવ કરે છે. એવું નિજજ્ઞાન કેવી રીતે થાય...**' એમ કરીને વાત લીધી છે. આમાં નંબર નથી આપ્યા. નહિતર નંબર આપેલા છે. ૪૭ કરતા વધારે આમાં લીધા છે. ચોથા પાને છે એમાં મોટાભાગના આવી જાય છે. ત્યાં જ છે. બીજી જગ્યાએ થોડુંક વર્ણન આવે છે. એટલે જ્ઞાન અને આનંદ તો ઓછામાં ઓછા ઉઘાડવાળાને મનગોચર થાય, બુદ્ધિગોચર થાય એટલું લેવું છે.

મુમુક્ષુ :- એવું હોઈ શકે કે નહિ ? કોઈ આચાર્યને કોઈ શક્તિ લક્ષમાં આવી, કોઈ આચાર્યને કોઈ શક્તિ લક્ષમાં આવી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિર્મળતા જે પ્રકારની હોય, જેટલી નિર્મળતા હોય એને અનુસાર.

મુમુક્ષુ :- માનો કે 'કુંદકુંદાચાર્ય'ને ૪૭ શક્તિ આવી, બીજા

આચાર્યને બીજી ૧૦-૨૦ શક્તિ આવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે, આવે.

મુમુક્ષુ :- સૌના ક્ષયોપશમ... એવું હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા બને. એવું બને. હા બને. બરાબર છે.

મુમુક્ષુ :- 'સમયસાર'માં ૪૭ ... ગયા ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં જ કહ્યું. ૪૭ થી વધારે તો વાત આમાં જ લીધી છે.

'**ત્યાં અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી, નિર્વિકાર ધર્મનો વિલાસ-પ્રકાશ થયો,...**' અથવા નિર્વિકાર ધર્મનો પ્રકાશ થયો. ત્યાં ઉપયોગથી જે નિર્વિકાર ભાવનો અનુભવ છે ત્યારે જે અબુદ્ધિપૂર્વકનો વિકાર છે એ પોતાને બુદ્ધિગ્રાહ્ય થતો નથી. તેથી જેમ કેવળજ્ઞાનમાં સર્વથા નિર્વિકારપણું છે, કેવળજ્ઞાન થતાં જેમ સર્વથા નિર્વિકારપણું છે એવી ઉપયોગ અને લબ્ધની નિર્વિકારતા અવસ્થામાં છવાય જાય છે. એકદમ મુક્તભાવનો ત્યાં અનુભવ છે.

'**પ્રતીતિમાં રાગાદિરહિત ભાવનામાં મનોવિકાર ઘણો ગયો ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો.**' અહીંયાં અંશપ્રજ્ઞાત સમાધિ એવો શબ્દ પહેલા વાપર્યો છે. અંશપ્રજ્ઞાત સમાધિ. શરૂઆત કરીને ? અંશપ્રજ્ઞાત સમાધિ ઊપજે છે. અંશપ્રજ્ઞાતનો અર્થ એ છે કે અંશે સ્વસંવેદનજ્ઞાનરૂપ સમાધિ (થઈ) તેને અંશપ્રજ્ઞાત સમાધિ કહે છે.

મુમુક્ષુ :- ૮૦ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- ૮૦ ? 'સંપ્રજ્ઞાતસમાધિ.' '**પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે. ત્યાં આનંદ એવો થાય છે. સંપ્રજ્ઞાતસમાધિમાં દુઃખાદિની વેદના પ્રત્યક્ષ થવા છતાં પણ વેદતો નથી.**' અહીંયાં એ અંશે છે એટલે એને અંશ સંપ્રજ્ઞાત સમાધિ કહી છે.

શું કહે છે ? કે '**પ્રતીતિમાં રાગાદિ રહિત ભાવનામાં મનોવિકાર ઘણો ગયો ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો.**' એટલે પ્રતીતિ સ્વરૂપની કે આવો જ હું છું એ સહિત નિર્વિકાર ભાવના જે છે એ પરિણતિ છે. પ્રતીતિમાં અને પરિણતિમાં જ્યારે વિશેષ શુદ્ધિ થઈ. મનવિકાર ઘણો એટલે અહીંયાં નિર્જરા લેવી છે ને ? ઘણો ગયો એટલે વિશેષ શુદ્ધિ થઈ '**ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો.**' ફરીને પાછો ત્યાં શુદ્ધોપયોગ

થયો. ફરીને સ્વસંવેદન ઉત્પન્ન થયું. એ સ્વસંવેદનની તારતમ્યતા સાધકદશામાં વધતી જાય છે. એમ લેવું છે.

નિર્વિકાર ધર્મનો પ્રકાશ થયો એટલે પ્રતીતિ ઊભી જ છે. સ્વરૂપની પ્રતીતિ ઊભી છે. રાગાદિરહિત જે ભાવના છે એ પરિણતિ પણ ઊભી છે. ભાવના અહીંયાં પરિણતિરૂપમાં છે. અને જ્યાં મનોવિકાર ઘણો ગયો. એટલે પરિણતિ જ્યાં બળવાન છે ત્યાં પાછું ફરીને સ્વસંવેદન આનંદ આવે છે.

'પૂજ્ય બહેનશ્રી' એ આ વિષયમાં એક વખત બહુ સારી ચર્ચા કરી હતી. એક મુમુક્ષુભાઈએ પૂછ્યું હતું કે સાધકને, ધર્માત્માને ફરી ફરીને શુદ્ધોપયોગ થાય છે તો એ શુદ્ધોપયોગ થવા પાછળ પરિણામ સંબંધિત નિયમ શું છે ? તો કહે, જેટલી પરિણતિ વિશેષ બળવાન છે તેટલો ઉપયોગ વારંવાર શુદ્ધ થાય છે અથવા નજીક-નજીકના કાળે શુદ્ધોપયોગની દશા આવે છે. તો એ પરિણતિ છે અંદરની જે ધારા, જ્ઞાનધારા છે એ બહાર જતાં ઉપયોગને જાણે ખેંચે છે. વારંવાર ખેંચીને અંદરમાં લઈ જાય છે એવી ઉપમાથી (વાત કરી હતી). જેમ દોરાથી પતંગને ખેંચવામાં આવે છે, એમ બહાર બાજુ ગુલાંટ ખાતો પતંગ છે ઉપયોગ-ઉપયોગરૂપી પતંગ છે એને પરિણતિ ખેંચીને અંદર લાવે છે.

મુમુક્ષુ :- અમારી પરિણતિ વારંવાર એને બહાર ખેંચી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. એટલે તો પરિણતિ ફેરવવી જોઈએ. પરિણતિ થવી જોઈએ, અમુક પરિણતિ થવી જોઈએ. પરિણતિ થયા વિના ઉપયોગ થાય નહિ. એ સ્થિતિ છે. એ તો એમની બહુ વારંવાર એ વાત આવે છે. પરિણતિ થવી જોઈએ. પરિણતિ થયા વિના ઉપયોગ થાય નહિ. એ વાત ઘણીવાર આવે છે. ધ્યાન ખેંચવા જેવી વાત છે.

દ્રવ્યશ્રુતરૂપ શબ્દથી આત્માનું સ્વરૂપે ભાવભાસન થવા યોગ્ય છે. ભાવભાસન થતાં આત્મરસ / જ્ઞાનરસ સહજ જ ઉત્પન્ન થાય છે. આમ દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન થવા યોગ્ય છે. જેમાં અનંત સામર્થ્યનું એટલે સ્વભાવનું અવલંબન આવે છે, જેથી પૂર્ણતા પ્રગટી જાય છે. (અનુભવસંજીવની - ૯૫૦)

## તા. ૫-૪-૧૯૮૬, પાના નં. ૮૨, પ્રવચન નં. ૧૪૩

વિવેકનું સ્વરૂપ, શુદ્ધ પરિણતિનું સ્વરૂપ આ પ્રમાણે છે. થોડું કાલે ચાલ્યું હતું. ફરીને લઈએ છીએ. વિવેકનું સ્વરૂપ જ્ઞાન અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન અપેક્ષાએ .. જેને સ્વાનુભૂતિ પ્રગટ થઈ એવા ધર્મી જીવને સમ્યગ્જ્ઞાન છે, મધ્યસ્થ જ્ઞાન છે, સ્વ-પર પદાર્થને જેમ છે તેમ જાણવાના વિવેકવાળું છે. વવેક.. તો છે. સ્વ-પર પદાર્થ જેમ છે તેમ સ્વ-પર સ્વરૂપે જાણવો. અને એ જાણતા પરપદાર્થ પ્રત્યે પરપણું જણાતા સહજ ઉપેક્ષાભાવ થવો, સ્વપદાર્થને વિષે સ્વપણું જણાતા સ્વરસનું ઉત્પન્ન થવું, નિજ રસનું ઉત્પન્ન થવું એવું વિવેકનું સ્વરૂપ છે. અર્થાત્ શુદ્ધ પરિણતિનું સ્વરૂપ છે. શુદ્ધ પરિણતિ એટલે સંવર પરિણતિ અથવા નિર્જરા પરિણતિ. અહીંયાં નિર્જરા એટલા માટે લીધી છે કે વિશેષપણે પરિણમનમાં આગળ વધે છે એવો નીચેના કથનોમાં થોડો ધ્વનિ આવે છે એટલે અહીંયાં એને નિર્જરા, શુદ્ધ પરિણતિ અર્થાત્ નિર્જરા કહી. પરિણતિશુદ્ધિ-પરિણતિમાં શુદ્ધિનું સ્વરૂપ અથવા વિવેકનું સ્વરૂપ આ પ્રમાણે છે. આ પ્રમાણે એટલે નીચે પ્રમાણે છે.

**'જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો, ત્યાં અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી,...'** ફરીને નિર્વિકલ્પ થાય છે. નિર્જરા એટલે લે છે. ફરીને (નિર્વિકલ્પ થાય છે). પ્રથમ નિર્વિકલ્પ દશા થઈ ત્યારપછી પણ જે જ્ઞાનધારા ચાલુ છે તેમાં પણ આત્મરસ વિશેષ વધતાં અથવા પુરુષાર્થ વિશેષ થતાં પરમાત્માનો વિલાસ એટલે શુદ્ધોપયોગ, શુદ્ધોપયોગમાં વિલાસ લીધો છે, આનંદ ઉત્પન્ન થાય છે. તે આનંદના ભોગવટાને અહીંયાં ચૈતન્યવિલાસ કહેવામાં આવે છે. એવા પરમસ્વરૂપનો આનંદ સહિતનો અનુભવ, પુરુષાર્થ વધતા નજીક થયો. નજીક થયો એટલે પાછો ફરીને શુદ્ધોપયોગ થવાની ક્ષણ આવી, નજીકનો સમય આવ્યો. ભાવથી અને સમયથી બંનેમાં નજીકતા થઈ.

**'ત્યાં અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી,...'** ત્યાં અનંત ગુણના રસને શુદ્ધોપયોગમાં ફરીને વેદનમાં લેતા

નિર્વિકલ્પ સમાધિ લાગી. નિર્વિકલ્પ દશા થઈ એને અહીંયાં સમાધિદશા કહેવામાં આવે છે. કેમકે તે કાળે બુદ્ધિપૂર્વકના રાગનો સદ્‌ભાવ નથી, અભાવ છે. અને એકાકાર ચૈતન્યસ્વરૂપના અવલંબનમાં જીવ લાગેલો છે, લીન થયેલો છે.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' ૧૪૩ ગાથામાં આ દશાને વર્ણવવા માટે કેવળજ્ઞાનીનું દૃષ્ટાંત લે છે. સિદ્ધાંત લેવો છે શુદ્ધોપયોગની દશા બતાવતો. અને એના માટે દૃષ્ટાંતની પસંદગી કરી કેવળજ્ઞાનીની. જેમ કેવળજ્ઞાની છે એ પોતાના સ્વરૂપમાં લીન હોવાથી સ્વરૂપલીનતા કાળે કોઈ વિકલ્પ નથી. તોપણ તેમને સર્વ નયોનું જ્ઞાન છે તેમ કહી શકાય. કોઈ નયજ્ઞાનથી તે કેવળી અજાણ્યા છે એમ જરા પણ સંમત થઈ શકે એવું નથી.

છદ્મસ્થને નયપક્ષનો વિકલ્પ છે એ પ્રકારનું નયજ્ઞાન નહિ હોવા છતાં, પરમાત્મા ભગવાન કેવળજ્ઞાનીને સર્વ નયોનું જ્ઞાન ઉપસ્થિત છે, સર્વ નયોનું જ્ઞાન વર્તે છે, સર્વ નયોનું જ્ઞાન પ્રાપ્ત છે, ઉપલબ્ધ છે. એમ અહીંયાં સમ્યગ્દૃષ્ટિ પણ શુદ્ધોપયોગમાં લીન છે ત્યારે પણ તે બંને નયોના કથનને, એના અર્થને, તેના ભાવને જાણે છે. ભલે કોઈપણ નયનો એને વિકલ્પ નથી તોપણ. એવી વાત લીધી છે ૧૪૩ ગાથામાં.

**'પક્ષાંતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે –'** ૧૪૩. પક્ષાતિક્રાન્ત એટલે વિકલ્પાતિક્રાન્ત. નયપક્ષનો વિકલ્પ નથી. નિશ્ચયનયનો કે વ્યવહારનયનો. એવી જે નિર્વિકલ્પ દશા છે. એવા જીવનું શું સ્વરૂપ છે ? એની દશાનું શું સ્વરૂપ છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે. **'જેવી રીતે...'** મૂળ ગાથામાં કેવળી ભગવાન નથી લીધા. **'નયપક્ષથી રહિત જીવ સમયથી પ્રતિબદ્ધ થયો થકો...'** એટલે પોતાના શુદ્ધાત્મામાં લીન થયો થકો **'બંને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને...'** એટલે કોઈ પણ એક પક્ષને **'જરા પણ ગ્રહણ કરતો નથી.'** નિશ્ચયનયના પક્ષને પણ ગ્રહણ કરતો નથી. પક્ષ નામ વિકલ્પને ગ્રહણ કરતો નથી. એ વાત સમજાવવા માટે કેવળીનું દૃષ્ટાંત આપે છે.

**'જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે**

**શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે, પરંતુ નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે સમસ્ત નય પક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતા નથી.'** આ દૃષ્ટાંત આપ્યો કેવળી ભગવાનનો. એમને તો શ્રુતજ્ઞાનની ભૂમિકા જ નથી. નય તો શ્રુતજ્ઞાનના અવયભૂત છે. પણ પોતે તો શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગીને આગળ કેવળજ્ઞાનમાં આવી ગયા છે. તેથી તેમને જરા પણ **કોઈ પણ નયપક્ષનું ગ્રહણ થતુંનથી.**

**'તેવી જ રીતે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો...'** અહીંયાં શ્રુતજ્ઞાની આત્મા હવે લેવો છે. શ્રુતજ્ઞાન હોવા છતાં શેનાથી વિકલ્પો ઉત્પન્ન થાય છે ? કે **'ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે તેવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં...'** શ્રુતજ્ઞાનની દશામાં આવા વિકલ્પો સંભવિત છે, ઉત્પન્ન થાય છે શ્રુતજ્ઞાનીને, તેમ છતાં નિર્વિકલ્પ દશાના કાળમાં શું થયું કે જેથી આવા વિકલ્પો ન થયા ?

**'પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...'** પરનું ગ્રહણ કરવા પ્રતિનો ઉત્સાહ એટલે રસ, પુરુષાર્થ નિવૃત્ત થયો છે. નાસ્તિથી લીધું. અસ્તિથી સ્વરૂપ ગ્રહણ, સ્વરૂપ ગ્રહણ, સ્વનો ગ્રહણ કરવાનો ઉત્સાહ પ્રગટ થયો હોવાથી. અહીંયાં નિવૃત્ત થયો તો આ પ્રવૃત્ત થયો હોવાથી. આમ અર્પિતમાંથી અનર્પિત નીકળે છે.

**'શ્રુતજ્ઞાનના અવયવભૂત, વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** કેવળીની જેમ કેવળ જાણે છે. **'પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા,...'** પોતાના સ્વરૂપને કેવી રીતે ગ્રહણ કર્યું છે ? **'અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી...'** એ વિશેષણ સ્વસમયનું છે. **'નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય...'** ચૈતન્યમાત્ર સ્વસમયથી **'પ્રતિબદ્ધપણા વડે...'** એટલે લીનપણા વડે **'(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ**

**વિજ્ઞાનઘન થયો હોઈને,...**' પોતે જ વિજ્ઞાનઘન થયો હોવાને લીધે એટલે વીતરાગતા ઘણી ઉત્પન્ન થઈ હોવાને લીધે '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' ત્યાં શ્રુતજ્ઞાનની ભૂમિકાનું અતિક્રાન્તપણું કેવળીને લીધું. અહીંયાં કહ્યું કે શ્રુતજ્ઞાનાત્મક અંતર્જલ્પ અને બહિર્જલ્પ રહે છે. વિકલ્પની ભૂમિકામાં સૂક્ષ્મ વિકલ્પ અને સ્થૂળ વિકલ્પો ઉત્પન્ન થાય છે. એવી ભૂમિકા ઓળંગી ગયો હોવાને લીધે. એ ભૂમિકાથી આગળ ગયો હોવાને લીધે

'**કોઈપણ નયપક્ષને...**' '**નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' થયો છે. સમસ્ત વિકલ્પોથી. કોઈપણ પ્રકારના (વિકલ્પથી). જેનું નામ વિકલ્પ કહી શકાય એવા કોઈપણ આત્મા સંબંધીના, શુદ્ધાત્મા સંબંધીના, શુદ્ધ સ્વભાવ સંબંધીના કોઈપણ વિકલ્પ, એક પણ વિકલ્પ સુદ્ધા, તેનાથી અતિ પર થયો છે. પર થયો એટલું ન લીધું અહીંયાં. અતિ પર થયો છે. '**परतरः**' સંસ્કૃતમાં એવો શબ્દ છે. '**स खलु निखिलविकल्पेभ्यः परतरः**' '**અતિ પર, પરમાત્મા...**' એને અહીંયાં પરમાત્મા શબ્દથી 'અમૃતચંદ્રાચાર્ય' સંબોધે છે. અતિ પર થયેલો તે પરમાત્મા કે '**જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ,...**' એટલે ભિન્ન પડેલી જ્ઞાનની જેની જ્યોતિ છે એવો '**આત્મ-ખ્યાતિરૂપ,...**' સ્વભાવ જેણે પ્રસિદ્ધ કર્યો છે એવો. '**અનુભૂતિ-માત્ર...**' જેની દશા છે એવો તે '**સમયસાર છે.**'

ત્રિકાળી ભગવાન આત્માને સમયસાર કહ્યો. નમઃ સમયસારાય. એનો અહીંયાં નિર્વિકલ્પ અનુભવ કર્યો એને સમયસાર કહ્યું. ૧૫મી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' એને સમસ્ત જિનશાસન કહ્યું. આમ નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો વિષય કેટલી મહિમાથી કર્યો છે એ વિચારવા યોગ્ય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને બિરાજમાન ભાવલિંગી આચાર્યદેવ નિર્વિકલ્પ દશાની વાત આવે છે તો આટલી મહિમાથી વર્ણન કરે છે. વિજ્ઞાનઘન કહ્યો છે. પરમાત્મા થયો, જ્ઞાનાત્મા થયો, આત્મખ્યાતિ અનુભૂતિમાત્ર સમયસાર થયો છે. તેને બતાવવા માટે કેવળજ્ઞાનીનું

દૃષ્ટાંત લે છે. કેવળીની સાથે સરખાવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શું કહ્યું છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ નથી આવ્યો.

ક્ષયોપશમ ઓછો હોવાને લીધે કોઈ જીવોને, અનુભવી કોઈ જીવોને એટલો જોરથી અનુભવ હોય, પ્રથમ જ નિર્વિકલ્પ અનુભવ (એવો હોય) કે જાણે કેવળજ્ઞાન ફાટ્યું કે શું એમ લાગે. કેવળજ્ઞાન તો બારમા ગુણસ્થાને થાય છે પણ ગુણસ્થાનનો ક્રમ આગમથી એટલો અભ્યાસિત ન કર્યો હોય એટલે ક્ષયોપશમમાં જાણપણું ન ખુલ્યું હોય, પણ સ્વરૂપનું અનુસંધાન થતાં બહુ જોરથી નિર્વિકલ્પ અનુભવ આવ્યો હોય તો એને એવો આભાસ થાય કે અરે..! કેવળજ્ઞાન ફાટ્યું કે શું ! એવો બહુ ઓછો ક્ષયોપશમ હોય, ઘણું ઓછું જાણપણું હોય એને તો એવો આભાસ થાય. આ તે કેવળજ્ઞાન થયું કે શું ? કેમકે ત્યાં તો કેવળ શુદ્ધાત્માનું સ્વરૂપસંચેનત એટલું બધું બળવાનપણે પુરુષાર્થયુક્ત દશામાં બળવાનપણે ઉત્પન્ન થાય છે, હોય છે એટલે જાણે બીજો કાંઈ ત્યાં પ્રતિબંધ જ નથી દેખાતો. કેમકે બુદ્ધિગમ્ય પ્રતિબંધ તો સવિકલ્પ જે વિકલ્પદશા એ છે એ તો ત્યાં ઉપસ્થિત જ નથી. પછી શું રહ્યું એની પાસે ? જે અબુદ્ધિપૂર્વકનો રાગ છે એ તો એનો વિષય નથી ક્ષયોપશમજ્ઞાનનો. પકડાતો નથી કોઈને. તો એને સરખાવવા માટે પરમાગમમાં પણ એને કેવળજ્ઞાનીનું દૃષ્ટાંત દીધું છે. એવો એકાકાર અનુભવ છે.

ગઈકાલે વાંચનમાં થોડોક પ્રશ્ન ચાલ્યો હતો કે ઇન્દ્રિયનો આનંદ અને અતીન્દ્રિય આનંદમાં તફાવત શું ? કોઈને માનસિક શાંતિ કષાય ઘણો મંદ થતાં અનુભવમાં આવે અને ભ્રાંતિ થાય કે આત્માની શાંતિ અને આનંદ થયો. પણ એનું એક સ્થૂળ લક્ષણ તો એ છે, ત્યાં નહોતું લીધું, કે અતીન્દ્રિય આનંદ છે એ સર્વ પ્રદેશેથી અનુભવગોચર થાય છે. અસંખ્ય પ્રદેશેથી. જેટલો આખો ચૈતન્યપિંડ છે એમાં આનંદ પ્રસરી જાય છે, ઉપયોગ ફરી વળે છે. એટલે સ્વસંવેદન અને આનંદ સમકાળે-એક કાળે પ્રદેશે-પ્રદેશેથી વેદાય છે. માનસિક આનંદમાં એવું નથી થતું.

કોઈ એવી કલ્પનામાં હોય છે કે મને અહીંયાં આનંદ આનંદ થઈ ગયો. મન છે ત્યાં એને આનંદનો ખ્યાલ આવે છે. કોઈ વળી એવી કલ્પના કરે છે કે સમાધિ લાગતા બ્રહ્મરંધ્રની અંદર આનંદની ઉત્પત્તિ થાય. તો આખો જે અખંડ આત્મા છે, ક્ષેત્રથી પણ જે અખંડ છે એના કોઈ એક ભાગમાં પરિણમન થાય એવું તો અમસ્તું પણ બનતું નથી. બધા જ ગુણો બધા પ્રદેશે પરિણમે છે.

ક્ષયોપશમ જ્ઞાનમાં તો જે-તે ઇન્દ્રિયદ્વારથી ઉપયોગ પરિણમે છે ત્યાં ત્યાં એના ક્ષયોપશમ હોવાથી સૂંઘવું, ચાખવું જીભથી થાય છે તો ત્યાં વેદન આવે છે, ત્યાં જ્ઞાન થાય છે એમ ખ્યાલ આવે છે. પણ જ્ઞાનગુણનું પરિણમન સર્વ પ્રદેશે હોય છે. માત્ર જીભ ઉપર જ પરિણમન થાય અને બીજે જ્ઞાનની ગેરહાજરી છે એમ નથી. પણ ઉપયોગ ત્યાં એકાગ્ર થયો છે એટલે એવો ખ્યાલ રહે છે કે અહીંયાં જ ખાલી જ્ઞાન છે, આટલામાં જ જ્ઞાન છે. એમ નથી.

એમ માનસિક આનંદની અંદર પણ કોઈ એક ભાગ પકડાય છે. એ ઇન્દ્રિયજ્ઞાનનો પ્રકાર છે. ઇન્દ્રિયના પરિણમનનો પ્રકાર છે. અતીન્દ્રિય દશામાં તો સર્વાંગે, સર્વ પ્રદેશે આનંદનું વેદન થાય છે. એ પણ તફાવત છે. જો કે ત્યાં થોડો તર્કનો અવકાશ છે. કોઈ દલીલ એવી આવી શકે છે આ જગ્યાએ કે અમને જ્યારે આનંદ થયો ત્યારે તો રોમાંચ ઉલ્લસિત થઈ ગયા હતા. તો રોમાંચ તો આખા શરીરમાં છે. રૂવાંડા જેને આપણે કહીએ છીએ. શરીરની રૂવાટી. છીદ્રો તો આખા શરીરમાં છે. તો પછી સર્વ પ્રદેશે આનંદ થયો કે ન થયો ? આવી એક દલીલ આવી શકે છે. એ રીતે પણ કોઈ ભ્રમણામાં પડે છે. ઘણો રોમાંચ થયો. આત્માના જ વિચાર હતા, સ્વભાવના જ વિચાર કરતા હતા અને એ સ્વભાવના વિચારમાં રોમાંચિતપણું ભળ્યું માટે તે આત્માનો આનંદ થયો કે નહિ ? ત્યાં કેવી રીતે એ તફાવત જાણવો ?

ત્યાં પણ એક લક્ષણ છે. આ વાતો તો બધી બહુ સૂક્ષ્મ વાતો છે. કે દેહથી ભિન્ન ચૈતન્યનું જ્ઞાન થાય છે. શુદ્ધોપયોગમાં રોમાંચનો વિષય નથી. એ શરીર સાથે સંબંધ ધરાવે છે. રોમાંચિત થયેલું પરિણમન એમાં શરીર સહિતપણાનું વેદન છે. અહીંયાં શરીરથી ભિન્નપણાનું વેદન છે. ઊલટો-સુલટો ફેર છે. પણ જેને પેલા આનંદની ખબર નથી અને કોઈ

દિવસ અનુભવ્યો જ નથી એ કેવી રીતે જુદો પાડે ? એટલે એને ભ્રમણા થવાનો સંભવ છે. પણ છતાં એ વિષયમાં જેને ઊંડું ઉતરવું છે એને તો એના પડખા સમજવા જોઈએ, વિચારી લેવા જોઈએ, જાણી લેવા જોઈએ અને સમજણમાં તો ભ્રમણા ન થાય એ સ્થિતિમાં એને રહેવું જોઈએ.

કાલે તો થોડોક એ વિષયમાં તાત્ત્વિક જવાબ દીધો હતો કે જેને જ્ઞાન અને રાગની ભિન્નતાનો અભ્યાસ ચાલે છે, એને રાગમાં તો આકુળતા ભાસે છે અને કષાયની મંદતામાં પણ આકુળતા જ ભાસે છે. આકુળતા ભાસે છે એટલે આકુળતા લાગે છે. જે આકુળતાસ્વરૂપે છે એવો જે પરિણામ, એ જ પરિણામમાં આનંદની કલ્પના થાય તો ત્યાં અત્યંત વિપરીતપણું થયું. કેમકે જે દુઃખરૂપ છે એને આનંદરૂપ માન્યું. એવા જીવને તો મુમુક્ષુની ભૂમિકામાં આવવાનું પણ થયું નથી કે જે ભૂમિકામાં જ્ઞાનની નિર્મળતા થાય અને સુખરૂપ સ્વભાવ છે એનું એને ભાવભાસન થયું હોય.

અહીંયાં તો વાસ્તવિક આત્માનો આનંદ ઊપજે છે એ જીવ તો સ્વરૂપના યથાર્થ નિશ્ચયવાળો એટલે કે સ્વરૂપના યથાર્થ ભાવભાસનવાળો છે તો એમાં એને આત્માનું નિરાકુળ સુખ, રાગરહિત સ્વરૂપ છે એ ભાસ્યું છે. રાગરહિત, જ્ઞાનલક્ષણથી રાગરહિત જ્ઞાનમય સ્વભાવ એને ભાસ્યો છે અને અનુભવમાં આવે છે ત્યારે જેવો ભાસ્યો હતો તેવો અનુભવમાં આવ્યો એવી ત્યાં અનુભવથી પ્રતીત થાય છે. જ્ઞાનની સાથે પ્રતીતિ ત્યાં ભળે છે. એટલે ત્યાં કલ્પના થતી નથી. પણ જેને સ્વભાવ ભાસ્યો નથી અને સ્વભાવની કલ્પના થઈ છે એને કષાયની મંદતાવાળા રાગના પરિણમનમાં દુઃખ હોવા છતાં સુખની કલ્પના થવાની સંભવના છે, સંભવિતતા છે અને એ જીવ ત્યાં ભૂલ કરે છે કે મને આત્માનો આનંદ થયો, મને સમ્યગ્દર્શન થઈ ગયું. એમ એને કલ્પના થઈ આવે છે. એ કલ્પના થવામાં તો હજી એ સમ્યક્ સન્મુખ પણ થયો નથી, (સન્મુખ) થઈને એને સ્વરૂપ ભાસ્યું નથી. તો જો સમ્યક્ સન્મુખ નથી થયો તે સમ્યક્ અનુભવમાં ક્યાંથી આવ્યો ? ભૂમિકામાં તો આવ્યો નથી.

એટલે એમ લીધું છે કે અનુભવી જીવને પહેલા અનુભવ પૂર્વેની

ચોક્કસ ભૂમિકા હોય છે. એ ભૂમિકામાં આવ્યા પહેલા સીધો કોઈને અનુભવ હોય છે, આત્માનો વિચાર કરે છે માટે અનુભવ થાય છે એવું નથી. વિચાર કરનારા જીવ કલ્પનાએ ચડે છે. યથાર્થ નિર્ણય હોય તો જ કલ્પના ન થાય. ભાવ ભાસ્યો હોય તો જ કલ્પના ન થાય. અને તો જ એને આનંદની સમ્યક્ દશા ઉત્પન્ન હોય કે જે દશામાં કલ્પના જરા પણ હોતી નથી. વાસ્તવિક આનંદ હોય છે. એટલી ચર્ચા ત્યાં નહોતી ચાલી.

મુમુક્ષુ :- ક્યા બોલ ઉપર ચાલ્યું હતું ?

પૂજ્ય ભાઈશ્રી :- કાલે 'બહેનશ્રીના વચનામૃત'માંથી ૩૫૦ નંબરનો બોલ હતો. ૩૫૦. વિષય એ નહોતો ત્યાં. પણ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. વિષય ચાલતો વિષય નહોતો. એટલે થોડું વિષયાંતર થાય છે એવું લાગ્યા કરતું હતું. એક વાત તો એ પણ થોડી ખટક રહેતી હતી. એકદમ અનુભવના આનંદનો વિષય હતો એટલે એકદમ જવાબ ઉડાડી દઈએ વિષયાંતર થશે એમ કરીને, એમ નહોતું (થયું).

પ્રશ્ન તો અહીંથી ચાલ્યો હતો. '**જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના જ્ઞાન હોય નહિ અને જ્ઞાયકના દઢ અવલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય ક્રિયા છે નહિ.**' જ્ઞાન ક્રિયા. જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષઃ. એ વિષય લીધો છે અહીંયાં. ક્રિયા ઉપર વાત ચાલતી હતી. જે શુદ્ધ ચારિત્રની ક્રિયા છે, સ્વરૂપસ્થિતિની ક્રિયા છે જેમાં આનંદની ઉત્પત્તિ હોય છે. એમાંથી પ્રશ્ન .. ઉઠાવી લીધો. શુદ્ધ ક્રિયામાં તો આનંદ છે. અથવા એ જ્ઞાન જ્ઞાન જ છે એમ કેમ ખબર પડી ? એમ એક પ્રશ્ન પહેલા ચાલ્યો. તો એ આનંદની મહોરછાપવાળું આનંદમુદ્રિત જ્ઞાન છે એમાંથી આનંદની વાત પકડી લીધી. માનસિક આનંદ છે, ખોટો આનંદ છે, સાચો આનંદ છે એની શું ખબર પડે ? એમાંથી જરા વિષય લંબાઈ ગયો હતા.

અહીંયાં 'દીપચંદજી' પરમાત્માનો વિલાસ કહે છે. આનંદને પરમાત્માનો વિલાસ કહે છે. છે હજી છદ્મસ્થ. પણ પરમાત્મસ્વરૂપ એવો પોતે, એનો આનંદગુણ છે એ પોતે વિલસિત થાય છે. વિકસિત થાય છે, વિલસિત થાય છે અને સ્વયં પરમાત્મસ્વરૂપનો ત્યાં અનુભવ વર્તતો હોય છે.

... જે પરિણામમાં વિધિની સમાધિ લાગી '**નિર્વિકાર ધર્મનો**

**વિલાસ-પ્રકાશ થયો,...**' ત્યાં પણ નિર્વિકાર ધર્મનો પ્રકાશ થયો. પ્રકાશ થયોના બદલે વિલાસ થયો એમ કહ્યું. આનંદ છે ને ? આનંદ સાથે સાથે લેવો છે. અધિકાર આનંદનો ઉપાડ્યો છે ને ? '**નિર્વિકાર ધર્મનો વિલાસ-પ્રકાશ થયો,...**' અથવા દોષનો વિનાશ થયો અને ગુણનો વિલાસ થયો. દોષનો નાશ થઈને ગુણનો વિકાસ થયો, ગુણનો વિલાસ થયો. તે જ કાળે પ્રતીતિભાવમાં '**રાગાદિ રહિત ભાવનામાં મનોવિકાર ઘણો ગયો ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો.**'

'**પ્રતીતિમાં રાગાદિ રહિત ભાવનામાં...**' પ્રતીતિ તો સ્વરૂપની પણ છે અને પ્રતીતિમાં પોતે સંપૂર્ણ શુદ્ધ દશાને પ્રાપ્ત થશે એવી પણ પ્રતીતિ છે. પ્રતીતિને વિચાર નથી. પ્રતીતિને વિચાર નથી. પ્રતીતિ તો પોતે જ નિર્વિકલ્પ, નિર્વિચાર સ્વરૂપે છે. પ્રતીતિ એટલે ખાત્રી. અહીંયાં બે વાતની ખાત્રી છે કે એક તો હું પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મપદ સ્વરૂપ છું. નિઃશંકપણે મારું પરમાત્મપદ પ્રત્યક્ષ જ્ઞાનમાં સ્વાનુભવગોચર હોવાને લીધે, સ્વાનુભવને કારણે પ્રત્યક્ષ સ્વાનુભવને કારણે અત્યંત નિઃશંકતાના સ્થાનમાં એ વિષય એને થઈ ગયો. નિજ સ્વરૂપનો વિષય, એ વિષયની અંદર પોતે અત્યંત નિઃશંક છે. કેમકે સ્વાનુભવગોચર, પ્રત્યક્ષ સ્વાનુભવગોચર સ્વસ્વરૂપ છે. તો એવા સ્વાનુભવમાં આવો જ છું, એવા છુંપણાની પ્રતીતિ સ્વભાવ ઊપજે છે. નહિ ઊપજવાનો પ્રશ્ન રહેતો નથી.

જેવો અનુભવ થયો અથવા જેવો અનુભવમાં આવ્યો એવો જ છું, ત્યાં એવી પ્રતીતિ-સમ્યક્ પ્રતીતિ પ્રગટ થાય છે. સાથોસાથ અવસ્થા અપેક્ષાએ એક બીજી પ્રતીતિ પણ ત્યાં વર્તે છે. બંને નિર્વિકલ્પ છે. હવે પરિપૂર્ણ શુદ્ધ દશા થઈ જ જવાની છે. પૂર્ણ શુદ્ધતા જે એની ભાવનાનો વિષય છે, અહીંયાં પ્રતીતિ સાથે ભાવના લીધી છે. '**પ્રતીતિમાં રાગાદિરહિત ભાવનામાં...**' બે વાત સાથે જોડી છે. ઓલી સ્વરૂપ પ્રતીતિ નથી લીધી અહીંયાં. સ્વરૂપે રાગાદિ રહિત છે, પણ ભાવના લઈએ તો એકાગ્રતારૂપ ભાવના છે અને એક પૂર્ણ શુદ્ધિની ભાવના છે. બંનેમાં રાગાદિરહિતપણાની જ ભાવના છે. સ્વરૂપે કરીને પણ હું રાગાદિ રહિત છું અને પૂર્ણ શુદ્ધતામાં પણ સર્વાંશે રાગાદિ રહિત થવાની ભાવના છે. એવી ભાવનામાં, પ્રતીતિ સહિતની એવી

ભાવનામાં મનોવિકાર ઘણો ગયો. એટલે પરિણતિમાંથી જે રાગરસ હતો એ ઘણો ગયો. તેને અહીંયાં '**મનોવિકાર ઘણો ગયો**' એમ કહે છે. એ પરિણતિ થઈ ગઈ છે રાગની. એ પરિણતિમાંથી રાગ ઘણો ગયો, રાગરસ ઘણો ગયો '**ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો.**' અંશ પ્રજ્ઞાત થયો એટલે જ્ઞાન વિશેષ. સ્વરૂપજ્ઞાનની વિશેષતા, સ્વસંવેદનની વિશેષતા, એના અંશ વધ્યા–એની માત્રા વધી. એમ કહેવું છે અહીંયાં.

એ સમાધિને પણ વિશેષણ એમણે લગાવ્યું છે–અંશપ્રજ્ઞાત સમાધિ. કેવી ? અંશપ્રજ્ઞાત સમાધિ. એટલે જ્ઞાતા–દૃષ્ટાભાવ છે. એ જ્ઞાતા–દૃષ્ટાભાવના અંશો વધ્યા, જ્ઞાતા–દૃષ્ટાપણું વિશેષ વધ્યું એટલું અહીંયાં કહેવામાં આવ્યું છે. ત્યારે આગળ એટલે મોક્ષમાર્ગમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ જ્ઞાતા–દૃષ્ટાપણું વધતું જાય છે. અથવા 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાનની આ વિષયમાં એવી ભાષા છે કે વિજ્ઞાનઘન થતો જાય છે. આત્મા ત્યાં વિજ્ઞાનઘન થતો જાય છે. જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ રાગનો અભવા થતો જાય છે, રાગથી નિવૃત્ત થતો જાય છે. અહીંયાં મનોવિકાર ગયો એમ કહ્યું. જેમ જેમ રાગનો અભાવ થતો જાય છે તેમ તેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે.

'**ત્યારે પરને જાણવામાં વિસ્મરણભાવ આવ્યો.**' ત્યારે પરને જાણવા સંબંધીની સાવધાની છે એ ઘટવા લાગી. પર પ્રત્યેની ઉત્સુકતા છે, ઉપયોગ જે પર તરફ જાય છે એ પ્રકાર પણ ઓછો થવા લાગ્યો. એ પરને જાણવાનો વિસ્મરણભાવ છે. જેમ કોઈ ચીજ ભૂલી જવાય તો એ બાજુ ભૂલી ગયેલી ચીજ પ્રત્યે ઉપયોગ જતો નથી, એમ પર તરફનો ઉપયોગ જવાનું ઓછું થવા લાગ્યું અને એવી જ્યાં દશા થાય... '**ત્યારે કેવલજ્ઞાન અતિશીઘ્રકાલમાં પામે.**' ત્યાં કેવળજ્ઞાનની પણ નજીકતા થાય એમ કહેવું છે. '**ત્યારે કેવલજ્ઞાન અતિશીઘ્રકાલમાં પામે. પરમાત્મા થઈ લોકાલોકને જાણે...**' એવી પૂર્ણ દશાની પ્રતીતિ અને ભાવના હોય છે કે પંચમકાળના ધર્માત્માઓને પંચમકાળની વિસ્મૃતિ થઈ જાય છે. આ કાળમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા નથી તો એ વાત તો ન કરવી જોઈએ એવું એ ભૂલી જાય છે. તમે કોઈપણ જ્ઞાનીના કથનો લેશો તો આ એક વિશિષ્ટ લક્ષણ તમને જોવા મળશે. ચાહે 'સોગાનીજી'ના પત્રો લ્યો, 'બહેનશ્રીનાં વચનામૃત' લ્યો, 'ગુરુદેવ'ના

વચનામૃત લ્યો, 'શ્રીમદ્જી'ના વચનામૃત લ્યો. આ તો નજીકના મહાત્માઓ થઈ ગયા. અને 'દીપચંદજી' તો સ્પષ્ટ લખે છે. બસ, જ્યાં સાધકદશા થઈ ત્યાં સાધ્ય આવી જવાનું છે એ વાત ઉપર આવી જ જાય છે.

પંચમકાળમાં કેવળજ્ઞાન ન થાય એવું જાણતા હોવા છતાં એ એટલું બધું ગૌણ થાય છે, પોતાની ભાવના વિશેષ (હોવાને કારણે) કે જાણે એ પંચમકાળને ભૂલી ગયા. જો કે પંચમકાળ તો જીવોની વિપરીત દશાઓનું નામ છે. જે કાળને વિષે વિપરીત પરિણામવાળા જીવોની બાહુલ્યતા હોય, ઘણો ભાગ હોય અને ધર્માત્માઓ ક્વચિત જ જોવા મળે એવા કાળને દુષમકાળ કહે છે અથવા પંચમકાળ કહે છે. પણ જે જીવને પોતાના પરિણામરૂપ કાળમાં, કાળ નામ પરિણામમાં, કાળ એટલે પર્યાય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ધર્મ પ્રગટ થયો ત્યાં ક્યાં પંચમકાળ હતો ? જેમ ચોથા કાળમાં ધર્મ પ્રગટ થાય છે એમ એને તો અંદરમાં કાળ બદલાઈ ગયો. એને પંચમકાળ સાથે કાંઈ સંબંધ જ રહેતો નથી. કેમકે પંચમકાળ તો જેના પરિણામમાં વિપર્યાસ રહ્યો તેના પરિણામમાં પંચમકાળ રહ્યો. જે અવિપરીત થઈને સ્વરૂપ સમાધિમાં લીન થયા અને કેવળજ્ઞાનની લબ્ધિ જેણે પ્રગટ કરી એને પંચમકાળ સાથે શું લેવાદેવા છે ? પંચમકાળ પંચમકાળના ઘરે રહી ગયો. અહીં તો ધર્મકાળ છે. એને ધર્મકાળ છે, એને પંચમકાળ નથી. એટલે પંચમકાળને વિસ્મૃત કરી જાય છે. અથવા પંચમકાળ સંબંધીના આગમના વિધાનની વિસ્મૃતિ થાય છે. જ્ઞાન રહી જાય છે પણ સ્મરણ નથી. ભાવના વિશેષને લઈને.

મુમુક્ષુ :- ભાવના ઠોસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી નજીકમાં દેખાય છે ને ! પૂર્ણતા એને નજીકમાં દેખાય છે અને પૂર્ણતા ભાવે છે. એની ભાવનામાં પૂર્ણતાને ભાવે છે. બહુ નજીક રહીને ભાવે છે. દૂર રહીને ભાવતા નથી. એકલા રાગથી મોક્ષની ભાવના કરે એવી આ ભાવના નથી, પણ વીતરાગભાવમાં ઊભા રહીને પૂર્ણ વીતરાગભાવની ભાવનામાં છે. એટલે એને એમ કહેવાય છે કે એ ઘણા નજીકથી ભાવે છે.

**'કેવલજ્ઞાન અતિશીઘ્રકાલમાં પામે. પરમાત્મા થઈ લોકાલોકને**

**જાણે...**' આ ૩૫૦માં એવી કોઈ વાત છે પૂર્ણતાની ? છે. ખ્યાલ આવેલો. '**મોડો કરે તો મોડું થાય.**' '**અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય,...**' '**નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મક્ષને પ્રાપ્ત કરે છે.**' પણ આ તો પંચમકાળ છે, આવું કેમ કહો છો ? નસીબ તારા પંચમકાળ છે. તને ક્યાં એ વિચાર આવ્યો પંચમકાળનો ? અહીં તો મોક્ષ સાંભરે છે. પંચમકાળ સાંભરતો નથી. '**જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે.**' આવી ગયું ? સ્થિરતા વધારવાની વાત આવી તો કહે મોક્ષને પ્રાપ્ત કરે છે. પંચમકાળ નથી ? એ ખ્યાલ નથી ? સિદ્ધાંતનું જ્ઞાન નથી ? બધું સિદ્ધાંતજ્ઞાન છે. પણ આ રીતે જ સિદ્ધાંતજ્ઞાન સમ્યક્ છે. માત્ર જાણપણું તે સમ્યક્ નથી.

'**પરને જાણવામાં વિસ્મરણભાવ આવ્યો.**' તેમાં પંચમકાળને જાણવાનો પણ વિસ્મરણભાવ આવ્યો, એમ કહે છે. ઠીક ! અને '**કેવલજ્ઞાન અતિશીઘ્રકાલમાં પામે. પરમાત્મા થઈ લોકાલોકને જાણે. એવો અનુભવનો મહિમા, મનનો વિકાર મટતાં થાય છે.**' એવો અનુભવનો મહિમા સમ્યક્ પ્રકારે રાગ મટતાં થાય છે. મનનો વિકાર એટલે અહીંયાં રાગ સમ્યક્ પ્રકારે મટે છે અથવા સમ્યક્ પ્રકારે રાગનો અભાવ થતાં આ પ્રકાર ઉત્પન્ન થાય છે એવો અનુભવનો મહિમા છે.

'**તે મનવિકાર, મોહનો અભાવ થતાં, મટે છે.**' અહીંયાં મોહ એટલે મુખ્યપણે દર્શનમોહ લેવો. અને મોહ એટલે અનંતાનુબંધીનો ચારિત્રમોહ પણ અનંતાનુબંધીનો રાગ જાય એટલો મટે છે. એટલે એ કહ્યું. કે '**તે મનવિકાર, મોહનો અભાવ થતાં, મટે છે.**' અથવા વ્યામોહ મટતા મટે છે. એટલે કે ઇષ્ટ-અનિષ્ટપણું પરપદાર્થને વિષે મટતાં મટે છે. પરપદાર્થને વિષે ઇષ્ટ-અનિષ્ટપણાનો અભિપ્રાય ઊભો રહે અને મનોવિકાર મટે એવું કદી બનતું નથી. કેમકે અનેક જીવો દીક્ષા ગ્રહણ કરે છે, સંયમ પાળે છે. તો એને મનોવિકાર મટ્યો કે ન મટ્યો ? કે મનોવિકાર ન મટે. જ્યાં સુધી અભિપ્રાયમાં પરપદાર્થ સારો છે, કોઈપણ એક પરપદાર્થ સારો છે કે કોઈપણ એક પદાર્થ ખરાબ છે એવો અભિપ્રાય રહે છે ત્યાં સુધી મનોવિકાર જતો નથી. ત્યાં સુધી એને દર્શનમોહ મટતો નથી, ત્યાં સુધી એને સ્વરૂપસમાધિ લાગતી નથી, સ્વરૂપનો આનંદ અનુભવમાં આવતો નથી.

**'તે મનવિકાર, મોહનો અભાવ થતાં, મટે છે. મોહ સર્વ જીવનો મહીરિપુ છે.'** આ દર્શનમોહ સમસ્ત જીવોનો મહાન દુશ્મન છે. રિપુ એટલે દુશ્મન. શત્રુ છે. રિપુ એટલે શત્રુ. મોહ છે તે સર્વ જીવોનો શત્રુ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ આ જ વાત કરીને દર્શનમોહ ભગાડવાની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- ૪૫ વર્ષ સુધી એક વાત કરી. લોકોનું ધ્યાન ચારિત્રમોહ ઉપર છે. કહે છે કે ભાઈ ! દોષનું મૂળિયું દર્શનમોહમાં પડેલું છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.' સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપનો બોધ, દર્શનમોહ વ્યતીત થઈને જે જ્ઞાનમાં ઊપજે એને ચારિત્રમોહ પછી અંશે ખલાસ થતો જાય છે. 'તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે' તેથી એમ અવલોકન કરવા યોગ્ય છે કે દર્શનમોહ નાશ થતાં ચારિત્રમોહ પ્રક્ષીણ થઈ જશે, ક્ષીણ થઈ જશે, વિશેષે કરીને એનો પણ નાશ થઈ જશે.

**'મોહ સર્વ જીવનો મહારિપુ છે.'** કેમ ? કે જે મોહ છે તે વેરી છે, એ ઝેરી છે માટે વેરી છે. એ ઝેર છે. દર્શનમોહ છે એ ઝેર છે. જે દર્શનમોહમાં જગતના જીવોને મીઠાશ અનુભવાય છે, દર્શનમોહને કારણે મીઠાશ અનુભવાય છે કે આ મારું ઘર, આ મારું કુટુંબ, આ મારા કુટુંબના સભ્યો, આ બધું મારું, આ મારી સંપત્તિ, આ મારી આબરૂ-કીર્તિ એવું જે કાંઈ પરમાં મીઠાશપણું આવે છે એમાં દર્શનમોહની ઉત્પત્તિ છે. એ મીઠું લાગે છે એ અહીંયાં ઝેર છે એમ કહે છે. એ ઝેરી ભાવ છે એ તારા આત્માનો વેરી ભાવ છે. અહીંયાં સચેત થઈ જા તું, જાગ્રત થઈ જા. સાવધાન થઈ જા. એ મીઠાશમાં અનંત જન્મ-મરણના બીજડા પડ્યા છે. એવા મીઠાશના એક ભાવમાં અનંત જન્મ-મરણના અનંત નિગોદના ભવનું બીજ ત્યાં સાજું છે. જેમ કેન્સરની ભયંકરતા ભાસે એમ આ કેન્સરનો મોટો દાદો છે એની ભયંકરતા ભાસવી જોઈએ. એ મીઠાશ છે એ ઝેર છે. એટલે એને મહારિપુ શબ્દ આપ્યો છે. રિપુ શબ્દ નથી કહ્યો પણ મહારિપુ છે-સર્વથી મોટો દુશ્મન છે.

**'મોહ સર્વ જીવનો મહારિપુ છે. અનાદિથી સંસારીજીવને ચોરાશીમાં નચાવે છે...'** ચોરાશી લાખ જીવા યોનિ છે. ત્યાં જન્મ ધારણ કરવાનું, ત્યાં ઉત્પન્ન થવાનું કારણ આ દર્શનમોહ છે. એને લઈને

એ આયુષ્ય બધા બંધાય છે, એમ કહેવું છે. અનંત જે પરંપરા ચાલે છે એની અનંતતાનું કારણ આ દર્શનમોહ છે. પછી દર્શનમોહ ગયા પછી આયુષ્ય બંધાય એક ભવનું કે બે ભવનું કે ત્રણ ભવનું જે બાકી રહ્યા હોય એ ત્રણ, ચાર, પાંચ, પણ એમાં અનંતતા નથી ક્યાંય. અનંતતા તૂટી ગઈ છે. અનંતતા નથી ત્યાં.

એક ક્ષણના અભાવમાં, દર્શનમોહનો એક ક્ષણમાત્ર અભાવ થઈ જાય છે, પ્રથમ ક્ષણમાં અભાવ થઈ જાય છે, એ પહેલો સમય દર્શનમોહની વ્યતીતાનો અને સ્વાનુભવની ઉત્પત્તિનો પહેલો સમય જન્મ-મરણની અનંતતાને તોડે છે. એક જ સમયમાં તોડે છે. શક્તિ તે કાંઈ શક્તિ છે એની ! આટલી શક્તિ છે.

મુમુક્ષુ :- દર્શનમોહને ...

પૂજ્ય ભાઈશ્રી :- સાચી સમજણ કરીને સાચો નિર્ણય થવો જોઈએ-ઓળખાણ થવી જોઈએ. સમજણનો અર્થ છે કે આ સ્વરૂપની ઓળખાણ સુધી પહોંચવું જોઈએ. પછી ઓળખાણ થતાં એકાગ્રતા થવા સંબંધીની પ્રક્રિયામાં સહજતા આવે છે. અને અનુભવ થતાં મોક્ષ પર્યંતની પરિણામમાં સહજતા આવે છે. કૃત્રિમ પુરુષાર્થથી કે કૃત્રિમ પરિણામથી આ સહજાત્મ સ્વરૂપનો માર્ગ પણ નથી અને એનું ફળ પણ નથી. સહજ છે એ સહજ જ છે. એનો માર્ગ પણ સહજ, એની વિધિ પણ સહજ, એનો પુરુષાર્થ પણ સહજ છે.

એટલે જે સંયોગમાં મીઠાશ વેદાય ત્યાં એને ભૂલથી પણ ઝેર ખવાય છે આટલી અંદરમાં એને લાઈટ થવી જોઈએ. ભલે તાત્કાલીક ન થાય અને ક્ષણ, બે ક્ષણ પછી થાય પણ લાઈટ તો થવી જ જોઈએ. નહિતર રસમાંથી પાછા વળવાનું નહિ થાય. આગળ વધી જશે એના રસમાં. મીઠાશના રસમાં આગળ વધી જશે. આ એનો રસ તૂટશે. એ અભ્યાસ ચાલુ હશે તો મીઠાશના કાળમાં જ જાગૃતિ આવી જશે ત્યારે એને ઓળખાણ પણ થઈ જશે.

**'મોહ સર્વ જીવનો મહારિપુ છે. અનાદિથી સંસારી જીવને ચોરાશીમાં નચાવે છે અને સંસારી જીવ હર્ષ માની, માની ભવ સમુદ્રમાં ગરે છે-પડે છે,...'** હોંશે-હોંશે. કેમકે દીકરાના લગન છે. અમારે ત્યાં પહેલું ટાણું છે. અમને હોંશ ન થાય ? તો કહે, આ બીજું

(આવ્યું). તો કહે, આ છેલ્લું છે. તો એમાં હોંશ ન થાય ? હવે ક્યાં અમારે હોંશનો પ્રસંગ છે. પણ હવે અનંત વાર તેં કર્યો. છેલ્લો અને પહેલો શું માંડે છે ? એ મીઠાશમાં જીવ કેટલું એ વખતે ઝેર ખાઈ લે છે એની એને ખબર પડતી નથી.

**'અને સંસારી જીવ હર્ષ માની, માની..'** હોંશ કરી કરીને **'ભવ સમુદ્રમાં ગરે છે–'** ભવસમુદ્રમાં **'પડે છે.'** સમુદ્રમાં પડે છે એટલા માટે કહ્યું કે પછી ત્યાં જાય છે એનો પત્તો લાગતો નથી. સ્ટીમરની સ્ટીમર વઈ જાય તોય પત્તો ન લાગે તો માણસનો પત્તો ક્યાંથી લાગે ? એનું નામ સમુદ્ર છે. વિશાળ ભવભ્રમણનો પ્રકાર છે ચોરાશી લાખ યોનિનો. એ સમુદ્રમાં વંટોળમાં તણખલું ક્યારે ક્યાં જઈને પડે એનો શું નિયમ છે ? એમ અહીંથી ગયો, સાવધાનીમાંથી ચૂક્યો હવે ક્યાં કેવી રીતે જઈને પડશે એની શું ગણતરી છે ?

કુટુંબના માટે કરવું તો જોઈએ કે ન કરવું જોઈએ ? ન કરવું જોઈએ ? પણ મીઠાશ લઈને શું કરવાને ? એમ વાત છે. તને એમ લાગે કે વ્યવહારે ઊભા રહેવું પડે છે. રહેવું નથી પણ ઊભા રહેવું પડે છે. તો તું રહે પરાણે પરાણે ઊભો. પણ તું તો હોંશ લાવીને, ઉત્સાહથી રસ રેડીને જા છો. મીઠાશ લાવવી ન લાવવી એ તો તારા હાથની વાત છે. ઊભા રહેવામાં તને કદાચ કોઈ બળજબરી કરે કે કેમ ભાઈ ! તમારી ફરજ છે અને ઊભા નથી રહેતા ? વરના બાપ છો તો આ ખુરશીએ બેસવું પડશે, એમ કહે. અમારે તિલક કરવું છે. કરી લે, ભાઈ ! પણ અંદર તારે કેટલો રસ લેવો એ તારા હાથની વાત છે કે નહિ ? એ ઝેર ખાવા જેવું નથી.

**'ભવ સમુદ્રમાં ગરે છે–પડે છે, (તોપણ) પોતાને ધન્ય માને છે.'** અવળાઈનો તો કાંઈ પાર નથી. વિશેષ લઈશું...

## તા. ૬-૪-૧૯૮૬, પાના નં. ૮૨, પ્રવચન નં. ૧૪૪

છેલ્લી ચાર-પાંચ લીટી છે. એમ કહ્યું કે મોહ સર્વ જીવનો મહા શત્રુ છે. સૌથી મોટો શત્રુ છે. મહા એટલે સૌથી મોટો શત્રુ છે એ દર્શનમોહ છે. મોક્ષમાર્ગની સુંદરતા એ છે કે પ્રારંભમાં જ શત્રુની સેનાનો સરદાર છે તેને હણવામાં આવે છે. પછી સેનાને જીતવી એ એટલી અઘરી વાત નથી. દર્શનમોહને જીતવો એ સૌથી દુષ્કર છે, સૌથી વધારે કઠિન છે અને મોક્ષમાર્ગના પ્રારંભમાં જ દર્શનમોહને હણવામાં આવે છે.

ણમો અરિહંતાણંમાં સમસ્ત પ્રકારના રાગાદિ વિભાવનો છે, સમસ્ત પ્રકારના વિભાવરૂપ શત્રુને જેણે હણ્યા છે એને અરિહંત કહીને નમસ્કાર કર્યા છે. એ શત્રુઓમાં સૌથી મોટો શત્રુ, મહારિપુ જેને કહ્યો અહીંયાં, એ દર્શનમોહ છે. સમ્યગ્દષ્ટિ થનાર આત્મા પ્રથમમાં પ્રથમ આ મોટા શત્રુનો નાશ કરે છે. મોટા શત્રુનો, શત્રુઓના સરદારનો નાશ થયા પછી અથવા રાજાનો નાશ થયા પછી એની સેનાનો એટલો ભય રાખવાનું કારણ રહેતું નથી. એ દર્શનમોહ જીવને ચોરાશીમાં નચાવે છે. એ દર્શનમોહને લઈને જીવને રાગમાં હોંશ આવે છે.

**'સંસારી જીવ હર્ષ માની માની ભવ સમુદ્રમાં ગરે છે-પડે છે,...'** રાગમાં જે મીઠાશ છે ત્યાં દુ:ખ તત્ત્વ છે, ત્યાં જે મીઠાશ છે એનું કારણ દર્શનમોહ છે. જે રાગમાં દુ:ખભાવ છે, દુ:ખતત્ત્વ છે એમાં મીઠાશ છે, તેમાં હોંશ છે, એમાં ઇષ્ટપણું છે એ દર્શનમોહને લઈને ભ્રમણા થતાં એવું લાગે છે. અને જ્યાં પોતાનું અહિત થાય છે એવા પરિણામ કરે છે ત્યાં પોતાને ભિન્ન માને છે. સામાન્ય રીતે પુણ્યના ઉદયના પ્રસંગમાં જીવ ઉજમાળ થઈને ફરે છે. લોકોની નજરમાં અત્યારે મારું સ્થાન કેવું વિશિષ્ટ દેખાય છે, જે-તે કારણને લઈને, કોઈપણ કારણને લઈને. રાજાને રાજ્યને લઈને, શ્રીમંતને પૈસાને લઈને, રાજકારણીને માનને લઈને, પંડિત-વિદ્વાનને ક્ષપક્ષયોપશમ જ્ઞાન અને વિદ્વતતાને લઈને લોકોની નજરમાં મારું સ્થાન વિશિષ્ટ જણાય છે. એવું એક પોતાને ધન્ય માને છે. ત્યાં પોતાને શું માને છે ? હું કેવો દેખાવ છું ! એમ ધન્ય માને છે. આવું સ્થાન મને મળ્યું એની જે ધન્યતા અનુભવે

છે. આટલા કાર્યો મેં કર્યા, આટલો હું આ દિશામાં આગળ વધ્યો. એ રીતે **'પોતાને ધન્ય માને છે.'**

અહીંયાં જ્ઞાની કહે છે કે **'દેખો ! ધીઠાઈ જ ભૂલથી કેવી પકડી છે !'** કેવી એને ધીઠાઈ ચડી ગઈ છે કે જે પરિણામમાં પોતાને ઘણું નુકસાન છે, જે હરખ અને હોંશ, ઉત્સાહ અને મીઠાશમાં દર્શનમોહ તીવ્રપણે પ્રવર્તે છે અને આત્માને ઘણું નુકસાન છે અથવા અમૃત સ્વભાવની સામે જે ઝેરના પરિણામ છે, ત્યાં જીવ વધારે ખુશી થાય છે. પોતાના જ નુકસાનમાં વધારે ખુશી થાય છે. કેવી ભૂલ પકડી છે ! ત્યાં કોઈ એને નાસીપાસ કરે તો ઊલટાનું એને દુઃખ થાય છે.

**'અનંતસુખદાયક યથાર્થ નિજ નિધિને સંભારતો નથી.'** સંયોગમાં પૂર્વકર્મના ઉદયથી સંયોગ મળ્યા છે તેમાં રાચનારો જીવ પોતાની યથાર્થ નિજ નિધિ છે, જે અનંત સુખને દેનારી છે. જેને જોતાં અનંત સુખ પ્રગટે છે તેને તો સંભારતો પણ નથી, એને સંભાળતો નથી. એનું વિસ્મરણ થાય છે, એની સાવધાની રહેતી નથી કે હું આવો છું. અંદરમાં પોતે સ્વરૂપે કેવો છે એને ભૂલીને કેવી ભૂલ પકડી છે ? કે ઝેર પીતા પીતા ખુશી થાય છે, આનંદ માને છે.

**'માટે એ જ જીવોને શ્રી ગુરુપદેશામૃત પીવા યોગ્ય છે.'** આ દર્શનમોહ મટે, આવી રાગની મીઠાશ તૂટે એવો જ શ્રીગુરુનો ઉપદેશ છે. જીવને ભાવમરણ અને દ્રવ્યમરણથી છોડાવવા અમૃત સમાન છે. મરણથી છોડાવે તે અમૃત. આવું જે ઉપદેશઅમૃત જીવોને પીવા યોગ્ય છે. આ ઉપદેશ યથાર્થ ઉપદેશ છે એમ કહે છે. ઉપદેશમાં તો તરહ તરહની વાતો જગતમાં પડી છે, ચલાવે છે પણ આ જ ઉપદેશ છે એ જ પીવા યોગ્ય ઉપદેશ છે કે જેનાથી દર્શનમોહ છૂટે, જેનાથી જન્મ-મરણ મટે.

**'માટે એ જીવોને શ્રી ગુરુપદેશામૃત પીવા યોગ્ય છે. એથી મોહ મટે...'** કે જેનાથી દર્શનમોહ મટે. બીજી બધી વાત નહિ. તું આમ કરજે, તેમ કરજે, ફલાણું કરજે એ બધી વાતને ગૌણ રાખીને, દોષ તો કોઈપણ કરવા યોગ્ય નથી, પણ એ બધા દોષોમાં દોષનું મૂળ છે, જેનાથી દોષ બધા પાંગરે છે એ દર્શનમોહ છે અને એ મોહ મટે અને મોહ મટે તો સ્વાનુભવ પ્રગટ થાય **'તે જ કહેવામાં આવે છે :-'** ફરી

ફરીને હજી ગ્રંથ પૂરો થાય છે તોપણ વિષય એનો એ ફરીને લે છે. ... પૂરો થાય છે.

**'પ્રથમ શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાની પ્રતીતિ કરે,...'** ત્યાંથી શરૂઆત કરી. દેવતત્ત્વથી શરૂઆત કરી. કેવી શૈલી કુદરતી આવે છે ! દેવતત્ત્વથી તો શરૂઆત કરે છે. આપ્ત પુરુષ છે, ધર્મનું મૂળ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' કહે છે, ધર્મ સર્વજ્ઞદેવથી પ્રણિત કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- એમણે તો એ સૂત્ર આપ્યું છે, સિદ્ધાંત સૂત્ર આપ્યું છે. ધર્મ સર્વજ્ઞતાથી પ્રણીત કરવો. ધર્મનું પ્રરૂપણ કરવું હોય તો પહેલાં સર્વજ્ઞને સ્થાપવા.

'ગુરુદેવ' એમ લેતા હતા. 'ગુરુદેવ'ની શૈલી લઈએ તો. 'ગુરુદેવ'નો આત્મજ્ઞાનનો ઉપદેશ હતો ને ? કે આત્માને જાણવો, આત્માને અનુભવવો. તો કેવો આત્મા ? કે સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં જેવો આત્મા જાણ્યો છે એવો આત્મા જાણવો. કેમકે આત્મા આત્મા કહીને અનેક પ્રકારની આત્મા વિષે કલ્પના તો અનેક જીવો કરે છે કે જીવ આવો છે અને જીવ આવો છે, આત્મા આવો છે ને તેવો છે. પણ મૂળ આત્માનું સ્વરૂપ શું ? જેવું કેવળજ્ઞાનમાં ભગવાનને સ્પષ્ટ છે, એવો આત્માને શ્રદ્ધવો, એવા આત્માને જાણવો, એવા આત્માને ઓળખવો, એવા આત્મામાં લીન થવું. ત્યાં સર્વજ્ઞને વચમાં લાવે છે. ત્યાંથી શરૂઆત થાય છે બધી.

જિનેન્દ્રદેવની આજ્ઞામાં પ્રસિદ્ધપણે પોતાની વીતરાગતા જ, પરિપૂર્ણ વીતરાગતા જ પ્રસિદ્ધ હોવાથી, તેમની આજ્ઞામાં વીતરાગતાનો જ મૂળ અને મુખ્ય ઉપદેશ સિવાય બીજું કાંઈ ખાસ હોય નહિ. એ વાત એમાં આવી જાય છે. પછી વિસ્તારથી લઈએ તો એમણે કહ્યું તેવું મુનિનું સ્વરૂપ એવા જ મુનિને સંમત કરવા, એમણે કહ્યા એવા સિદ્ધાંત શાસ્ત્રો હોય એ જ શાસ્ત્રોને સંમત કરવા, એમણે મોક્ષમાર્ગમાં જેમને જોયા હોય તેવા અનુભવી જીવોને સંમત કરવા, એ બધું એમાં આવી જાય છે. આજ્ઞાની અંદર એ બધો વિસ્તાર આવી જાય છે. અને એમણે જે વિધિ બતાવી હોય, જે માર્ગે પોતે ચાલ્યા અને જે માર્ગનું પોતે દિવ્યધ્વનિમાં નિરૂપણ કર્યું, તેમની આજ્ઞાએ તે જ પ્રકારે, તે જ માર્ગમાં આવવું, તે જ માર્ગે ચડવું એ બધું આજ્ઞામાં આવી જાય છે. એમની

પ્રતીતિ કરે. એમની આજ્ઞાની પ્રતીતિ કરે, તેમના સ્વરૂપની પ્રતીતિ કરે અને સ્વરૂપની પ્રતીતિ કરતા તેમના ઉપદેશની પ્રતીતિ પણ એમાં આવી જાય છે. આજ્ઞા કહો, ઉપદેશ કહો, એમનું જ્ઞાન કહો, તેમનું સ્વરૂપ કહો. એની પ્રતીતિ કરે.

'**ત્યાર પછી ભગવત્પ્રણીત ઉપાદેય તત્ત્વ વિચારે...**' ત્યાર પછી તે સર્વજ્ઞ જિનેન્દ્ર પ્રણીત જે ઉપાદેય તત્ત્વ છે, સર્વસ્વપણે ઉપાદેય પોતાનું નિજ સ્વરૂપ છે તેનો વિચાર કરે. એ પણ એમનું પ્રણીત કરેલું છે. સર્વજ્ઞદેવની પ્રતીત કરે, એમની આજ્ઞાની પ્રતીત કરે અને ત્યારપછી એમનાથી જે પ્રણીત થયેલું તત્ત્વ, ઉપાદેય તત્ત્વ છે (તેનો વિચાર કરે). ભગવાને શું ઉપાદેય કર્યું અને શું ઉપાદેય કરવાનું કહ્યું ત્યાં એના ઉપર લક્ષ રાખે. ભગવાને શું કહ્યું છે ત્યાં ? અત્યારે તો જીવોના પુણ્ય ખૂટી ગયા છે કે સર્વજ્ઞ ચોવીસે ચોવીસ તીર્થંકર પૂરા થઈ ગયા અને સર્વજ્ઞતાનો કાળ પણ પૂરો થઈ ગયો. આ કાળે કોઈ સર્વજ્ઞ થાય નહિ.

મૂળ વાત તો એવી છે કે સર્વજ્ઞ શું કહે છે, બસ. પછી તો સર્વજ્ઞને સંમત કરીને સર્વજ્ઞપણું સ્વીકારીને, માન્ય કરીને જે સર્વજ્ઞના પંથે ચડ્યા તે બધા સર્વજ્ઞ કહે છે એ જ કહે છે. જો એમ ન કહે તો એ સર્વજ્ઞના માર્ગે છે એ વાત રહેતી નથી. એટલે પછી જ્યાં સાક્ષાત્ સર્વજ્ઞની અનુપસ્થિતિ છે ત્યાં સર્વજ્ઞના માર્ગે જે ગમન કરે છે, વિહાર કરે છે એવા સર્વજ્ઞના માર્ગે ચડેલા સાધક આત્માઓ, ધર્માત્માઓને સર્વજ્ઞ કહે છે એમ ગણીને એને માન્ય કરવામાં આવે છે કે સર્વજ્ઞ આમ કહે છે. જો ધર્માત્મા આમ કહે છે તો સર્વજ્ઞ એમ કહે છે. ત્યાં સર્વજ્ઞને લઈ લીધા.

'**ભગવત્પ્રણીત ઉપાદેય તત્ત્વ વિચારે કે-અનંત સુખધામ,...**' પહેલો સુખનો વિષય લીધો છે. સુખનું પ્રયોજન છે ને ? '**અનંત સુખધામ,...**' અનંત સુખ જ્યાં સદાય ભરેલું છે, રહેલું છે એવું સ્વતત્ત્વ ઉપાદેય છે એમ કહેવું છે. '**અનંત સુખધામ,...**' સ્વરૂપ સ્વતત્ત્વ ઉપાદેય છે. એમ વિચારે. ઉપાદેય તત્ત્વના વિચારમાં પહેલું સુખ લીધું. '**અમલ,...**' જેમાં મલિનતાનો સર્વથા અભાવ છે. અમલ કહો કે જે સર્વથા શુદ્ધ છે એમ કહો, મળ રહિત છે એમ કહો અથવા સર્વથા શુદ્ધ છે એવું નિજ તત્ત્વ ઉપાદેય છે.

'**અભિરામ,...**' જ્યાં આરામ મળે છે તેને અભિરામ કહેવામાં

આવે છે. જ્યાં સુખચેન મળે છે અથવા કોઈપણ પ્રકારનો જ્યાં ઉપદ્રવ નથી. ઉપદ્રવ કોઈપણ પ્રકારે થઈ શકતો નથી. આધિ, વ્યાધિ, ઉપાધિનો સર્વથા ત્યાં નાશ છે. ત્યાં હોતો નથી. એવું જે અભિરામ તત્ત્વ છે. '**આત્મારામ,...**' છે. જે રમણતા કરવા યોગ્ય એવો જે આત્મારામ છે.

'પૂજ્ય બહેનશ્રી' એ શબ્દને એમ લે છે કે આત્મા ક્રિડાવનનો બાગ, ક્રિડાવનનો બાગ છે. નંદનવન આત્મા છે. જ્યાં ધર્માત્માના પરિણામ.. રમણીય શબ્દ વાપરે છે. રામ છે ને ? રમણીય છે. આત્મતત્ત્વ છે તે રમણીય તત્ત્વ છે. અનંત ચૈતન્યની વિભૂતિઓ જેમાં ભરેલી છે, જેમાં અનંત ગુણના ઓરડાઓ, પ્રદેશે પ્રદેશે અનંત ગુણના ઓરડા ભર્યાં છે. એવો જે ગુણનિધિ આત્મા છે તે જ ઉપાદેય છે. તે જ ઠરવાનું સ્થાન છે, તે જ રમવાનું સ્થાન છે, તે જ શ્રદ્ધવાનું સ્થાન છે, તે જ અનુભવ કરવાનું સ્થાન છે.

'**પર રહિત...**' જેમાં પરનો સર્વથા અભાવ છે એવું '**પર રહિત ચૈતન્યપ્રકાશ...**' ચૈતન્યનો જ્યાં પ્રકાશ છે, ચૈતન્યનું જ્યાં સંચેતન છે, સ્વસંવેદન છે એવો સ્વસંવેદનમય નિજ આત્મા જ ઉપાદેય છે. નિજ સ્વરૂપ જ '**ઉપાદેય છે, પર હેય છે.**' સ્વ ઉપાદેય છે તો પર હેય છે. કારણ કે સ્વની અપેક્ષાએ પર છે, પરની અપેક્ષાએ સ્વ છે. સામે સામે પ્રતિપક્ષમાં રહેલા છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ આના ગાણા બહુ ગાયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળી ભગવાન તીર્થંકરથી માંડીને બધા જ આના જ ગાણા ગાય છે ને.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ પ્રકાશિત...

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત ભૂંસાઈ ગઈ.

એવો નિયમ છે કે ભલે તત્ત્વજ્ઞાનનું સાહિત્ય હોય, તત્ત્વજ્ઞાનના સાધનો હોય તોપણ મૂળ તત્ત્વ જો હાથમાં ન આવે એટલે ધર્મને નામે કે તત્ત્વને નામે કે તત્ત્વજ્ઞાનના નામે જીવ નિયમથી બીજા રવાડે ચડી જાય. કાંઈક તો એના હાથમાં આવે જ છે. કાં નિજતત્ત્વ, ધ્રુવતત્ત્વ એના હાથમાં આવે અને એ ન આવે તો બીજું કાંઈક તો એના હાથમાં આવે, આવે ને આવે. પછી લેખાએ ચડી જાય કે પલાખાએ ચડી જાય,

બોલના થોકડાએ ચડી જાય કે પછી ગમે તે રીતે ચડી જાય, ક્રિયાએ ચડી જાય કે ગમે તે રીતે ચડી જાય, પણ એ બીજે રસ્તે ચડી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં પ્રયોજનની જ સિદ્ધિ નથી. એટલું તો નહિ પણ પ્રયોજન ન સિદ્ધ થાય ત્યારે અન્યથા વિપરીતતા સધાય જાય છે એ મોટું નુકસાન થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૪૫ આગમમાં. એમાં છે ને ? લોકોને વિશિષ્ટતા બતાવે. જુઓ ! આ શાસ્ત્રની વિશિષ્ટતા છે. ૩૬૦૦ પ્રશ્ન ગૌતમ ગણધરે પૂછયા.

ભગવાન 'મહાવીર સ્વામી'નું ૭૨ વર્ષનું આયુષ્ય હતું. ૭૨ વર્ષનું આયુ. ૭૨ વર્ષે એમને નિર્વાણપદ પ્રાપ્ત થયું. સિદ્ધાલયમાં પધાર્યા. ૩૦ વર્ષે એમણે દીક્ષા લીધી. ૩૦ વર્ષની યુવાનવયે એમણે દીક્ષા લીધી. બાર વર્ષ સુધી એમણે મુનિદશાની સાધના કરી. મુનિદશાનો સૌથી લાંબો કાળ ઘણું કરીને 'મહાવીર' ભગવાનનો છે. નહિતર બીજા તીર્થંકરોને એટલી મુનિદશાનો કાળ નથી. કેવળજ્ઞાન ફટાફટ પ્રગટ કર્યું છે. ૧૨ વર્ષ સુધી જંગલમાં વિહાર કરીને (રહ્યા). મકાનમાં રહીને, ઉપાશ્રયમાં રહીને નહિ. જે માર્ગે ચાલે એ તો ભગવાનના માર્ગે તો ભગવાન ચાલ્યા હોય એ જ રીતે ચલાય કે બીજી રીતે ચલાય ? એટલે ૪૨ વર્ષે એમને કેવળજ્ઞાન પ્રગટ્યું. અને ૩૦ વર્ષ સુધી એમને એ કેવળજ્ઞાનની દશા રહી. ૩૦ વર્ષમાં ઈન્દ્રો આવે, ચક્રવર્તીઓ આવે અને લાખો, કરોડો જીવ સમવસરણની અંદર આવે. રાજગૃહીમાં એમનું પહેલું સમવસરણ રચાયું.

પ્રશ્ન પૂછવાનો વાતચીત કરવાનો સીધો પ્રસંગ તો સર્વજ્ઞ પાસે હોતો નથી. જમીનથી પાંચસો ધનુષ ઊંચે સમવસરણની રચના થાય છે. કુબેરને પાયો ખોદવો પડતો નથી. આ સમવસરણનું ફ્લોરિંગ કરવા માટે એમને પાયો ખોદવો પડતો નથી. પહાડ ઉપર, ત્યાં પહાડી છે એ પહાડી ઉપર સમવસરણ છે. પહાડ કહે છે ને એ ત્યાં અનુમાન કરવામાં આવે છે. કેમકે જમનીથી પાંચસો ધનુષ ઊંચે હોય છે. અને એ સમવસરણની જે ધર્મસભા છે, એ ધર્મસભાથી પાંચસો ધનુષ ઊંચે

ગંધકુટી ઉપર ભગવાન બિરાજમાન હોય છે. હવે કેવી રીતે સીધી વાતચીત થાય ? ફિઝિકલ સિચ્યુએશન એવી છે. વાતચીત તો તમે અને હું સામેસામે નજીક નજીક બેઠા હોય તો વાતચીત થાય. પણ તમે પાંચસો ધનુષ આઘે બેઠા હોય તો વાતચીત કેવી રીતે થાય ? વાતચીત થવાનો કોઈ પ્રસંગ હોતો નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન પોતાનું સ્વસ્થાન છોડીને જરાય હલનચલન કરતા નથી. એમનું સમવસરણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તોપણ પદ્માસન છોડીને ઊભા થાય અને હાલવા માંડે છદ્મસ્થની જેમ, એવી રીતે ગમન કરતા નથી. સમવસરણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે, એવો ઉદય હોય તો. ત્યાં બીજું સમવસરણ રચે. અહીંની લાદી અને ખુરશી ત્યાં ફેરવવાનો કાંઈ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- ગંધકુટી સાથે...

પૂજ્ય ભાઈશ્રી :- નીચે એક કમળ હોય છે. કમળ. બાકી બધું એમ ને એમ રહી જાય. એ બધું હવામાં ખલાસ થઈ જાય. ત્યાં બીજું સમવસરણ રચાય. પણ એ જેમ આકાશની અંદર તીર જાય, તીર છોડે એવી જ રીતે પદ્માસને તીરની જેમ આખા દેહસહિત ભગવાનનું ગમન થાય છે. ઊભા થઈને ચાલવા માંડતા નથી. અથવા ખડગાસને કોઈ હોય તોપણ ડગ ભરતા નથી. એમ તીરની જેમ જ જવાનું થાય છે. કાઉસગ્ગ સ્થિતમાં જ. બે ધ્યાનસ્થ સ્થિતિ છે-એક પદ્માસન અને એક ખડગાસન.

મુમુક્ષુ :- અરિહંત પરમાત્મા ... મુનિરાજ સુખમાં ઝુલતા હોય તો પ્રશ્નની સંખ્યા...?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કલ્પના છે, આ બધી કલ્પના છે. એ પ્રશ્ન મનમાં ઊગે છે. એટલે બીજા ગણે ઈ પ્રશ્ન રહેતો નથી. ગણધરદેવને કે ચક્રવર્તીને કે કોઈપણ જીવને, અનેક જીવોને, બધા જીવોને પ્રશ્ન ઊઠે છે. લાખો, કરોડો જીવો એ બધાને, તિર્યંચને પ્રશ્ન ઊઠે. ૐકાર નાદ જે ગુંજતો હોય છે. ભગવાનની વાણી છૂટે છે એટલે કાંઈ ભગવાનના હોઠ હલે છે એમ નથી. કે માગધી ભાષામાં કે સંસ્કૃત

ભાષામાં વાત કરે છે એમ નથી. આખા ચૈતન્યપિંડ અને દેહના નિમિત્તે વચનવર્ગણાના પરમાણુઓ ૐકાર નાદની રીતે પ્રસિદ્ધપણે પર્યાયમાં પ્રગટ થાય છે. અને એ સમવસરણની સભામાં ગુંજે છે.

દરેક જીવને જેને જેને જે સ્તરનો, જે કક્ષાનો, જે કોટીનો પ્રશ્ન થાય તેને એમ લાગે છે કે ભગવાન સ્પષ્ટપણે મને આમ સમજાવે છે, મને આમ કહે છે. મારા પ્રશ્નનો આ ઉત્તર છે. તિર્યંચને એમ લાગે કે મારી ભાષામાં મને ભગવાન કહે છે. દેવોને એમ લાગે કે અમારી ભાષામાં ભગવાન આમ કહે છે. ભાષા તો બધાની જુદી જુદી છે. બાર ગાવે બોલી બદલાય. બધાને પોતાની ભાષામાં સુસ્પષ્ટપણે, અતિશય સ્પષ્ટપણે સમજાતું હોય એમ તે ૐકાર નાદમાંથી એવી રીતે સમજણ થાય છે. કોઈ વિષય એમાં બાકી રહેતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીની તત્ત્વજ્ઞાનની શ્રદ્ધા અને સંપ્રદાયની શ્રદ્ધામાં બહુ મોટો ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો સંપ્રદાયની કોટડીમાં ધર્મ કેદ થતો નથી. ધર્મ કાંઈ સંપ્રદાયમાં કેદ થાય એવો વિષય નથી. ધર્મ તો વસ્તુનો સ્વભાવ છે. બસ. ધર્મ છે એ વત્થુ સહાવો ધમ્મો-વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે. કોઈ સંપ્રદાયની રીત, રિવાજ, રુઢિ એ કોઈ ધર્મ નથી, કોઈ વિધિ-નિષેધ કોઈ ધર્મ નથી. આમ વિધિનું વિધાન થાય તો ધર્મ છે, નિષેધ કરે તે અધર્મ છે. એવું કાંઈ ધર્મમાં છે નહિ.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' કહે છું, હું વાડામાં પણ નથી અને સંપ્રદાયમાં પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હું કોઈ ગચ્છમાં નથી, મતમાં નથી, વાડામાં નથી, સંપ્રદાયમાં નથી. હું આત્મામાં છું. નથી-નથી કરીને ક્યાં છું એ પણ કહ્યું છે કે હું તો આત્મામાં છું. આત્મામાં સ્વભાવ ધર્મ છે. જે પ્રસિદ્ધ થાય, પ્રગટ થાય ત્યારે ધર્મ પ્રગટ્યો, ધર્મ પ્રકાશ્યો એમ કહેવામાં આવે છે.

સંપ્રદાયમાં વિકૃતિ ઘણી આવી. ૨૫૦૦ વર્ષમાં જૈન પરમેશ્વરને અનુસરણ કરવાવાળા જે જૈનો કહેવાયા એમાં વિકૃતિ ઘણી આવી. અને એ વિકૃતિ છે એમ કહે કોઈ એની સામે કે આ તો વિકૃતિ નવી ઊભી થયેલી વિકૃતિ છે. અસલ મૂળ ધર્મનું સ્વરૂપ આ છે. તો વિકૃતિ

તો દર્શનમોહને લઈને આવેલી હોય છે, મિથ્યાત્વને લઈને આવેલી હોય છે. મિથ્યાત્વનું બળ એટલું બધું ત્યાં જોર કરે છે કે એ મિથ્યાદૃષ્ટિ જીવો મૂળમાર્ગને દેખાડનાર ઉપર એકવાર તો તૂટી પડે છે કે એય..! તમે અમારો ધર્મ હણી નાખો છો, તમે અમારો ધર્મ તોડવા અને ભાંગવા ઊભા થયા છો. અમારા ધર્મનો તમે નાશ કરવા ઊભા થયા છો. હવે ધર્મનો નાશ તો એણે કર્યો છે પણ ચોર કોટવાળને દંડે. આ પરિસ્થિતિ છે.

... એ તે જેમ હાથી મસ્ત થઈને પોતાના રસ્તે ચાલ્યો જાય એમ એ પોતાની મસ્તીમાં ચાલ્યા જતા હતા. લોકો ગમે તે કહે. પણ કરોડોપતિના બારણા કે બારી ઉપર કોઈ ચોકથી લખી જાય કે આ ભાઈએ દેવાળુ કાઢ્યું છે, સંભાળજો. આ દેવાળિયો છે. એ તો મનમાં મનમાં તો હસે કે એના કાંઈ લખવાથી મારી જે સંપત્તિ છે એ કાંઈ ચાલી જતી નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- નિરર્થક છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. છાપાઓમાં, ક્યાંય જાય ત્યાં પણ વિરોધ કરે, કાળા વાવટા લઈને ઊભા રહે, કાંઈ કરે, સૂત્રો બોલે, સભાની અંદર ગડબડ કરે. અનેક પ્રકારનો ઉદય હોય. એવું બને.

મુમુક્ષુ :- વિરોધી દેખાય તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રભુ જ કહેતા. ભગવાન ! તું આ શું કરે છો ? ભગવાન ! તને આ શું સૂઝે છે ? એમ કહે. અરે..! ભગવાન ! આ તને શું સૂઝ્યું ? એમ જ કહેતા. કરુણા એમની હતી. કેમકે જેમ કોઈ બાળક છે એ બાળક બુદ્ધિએ ગમે તેમ બોલે અથવા કોઈ પાગલ છે એ પાગલપણાને લઈને ગમે તેમ કહે તો એથી એનું શું દુઃખ લગાડવાનું ?

મુમુક્ષુ :- સંપ્રદાયના નાયકો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમને ભય છે કે જો આનું માનશે બધા તો અમને કોણ માનશે ? તો અમારી દુકાન બંધ થઈ જશે. વેપાર લઈને બેઠા છે એટલે ઘરાકી (જતી રહે), વેપારીને ઘરાકી બીજી બાજુની દુકાનમાં જાય તો કેવી દશા થાય ? એની અંદર એવી દશા છે.

'ગુરુદેવ'ને સંપ્રદાયની અંદર લોકો બહુ માનતા હતા. સ્થાનકવાસી

સંપ્રદાયમાં. કેમકે એમનું બાહ્યાચારણ પણ બહુ કડક અને ચુસ્ત હતું. અને પ્રતિભા પણ ઘણી હતી, વ્યક્તિત્વ પણ ઘણું હતું એમનું. એકદમ હાયેસ્ટ પર્સનાલિટી જેને કહીએ એવી એમની પર્સનાલીટી હતી. અને ચારિત્ર અને ત્યાગ એટલો જોવે એટલે લોકો તો આફરીન થઈ જાય. એવી સ્થિતિમાં એમણે એ સ્થિતિનો ત્યાગ કર્યો. કોના ખાતર ત્યાગ કર્યો ? સિદ્ધાંત ખાતર, ધર્મ ખાતર, પોતાના આત્મહિતને ખાતર. કે આમાં કાંઈ માલ નથી. આ સંપ્રદાયમાં આ રીતે રાજી રહેવા જેવું નથી. એમણે સત્ય હતું એ બાજુ પ્રયાણ કર્યું. જાહેર કર્યું. એ જાહેર કરતા ગમે તે પરિસ્થિતિ થાવ, ગમે તેવી ઉથલપાથલ થાવ, ગમે તેવો ખળભળાટ થાવ, પોતાની અડગતા, નિડરતા, મક્કમતા તપાસી લીધી હતી પોતે. અને પોતે સત્યને જ પ્રસિદ્ધિ કર્યું અને જાહેર કર્યું નીડરપણે. ભલે સાડા ત્રણ જણ પાસે રહ્યા અને બધા આખા સમાજથી દૂર થઈ ગયા. એ જોતા નથી કે કોણ રહેશે અને કોણ વયું જાશે. મારી ઘરાકી નહિ રહે તો ? એવી દુકાનદારીની પ્રથા એમને અનુસરવી નહોતી. સંપ્રદાયમાં જે દુકાનદારીની પ્રથા છે એ એમને જોઈતી નહોતી. એમને સત્ય સાથે સંબંધ હતો. એ સત્યને અંગીકાર કરતા, એ સત્યને પ્રકાશતા, એ સત્યને પોષણ આપતા. જેમ થાવું હોય એમ થાવ. એ પરિસ્થિતિમાં એમણે પરિવર્તન કરેલું. બહુ સમર્થ પુરુષ હતા એ રીતે.

પોતે કહેતા. આ તો પ્રત્યક્ષ વાતચીતનો આપણે પ્રસંગ હતો ને. અમે ગળાબુડ નહોતા, સંપ્રદાયમાં અમે માથાબુડ હતા. ૨૧ વર્ષે જ્યારે દીક્ષી લીધી ત્યારે સંપ્રદાયમાં માથાબુડ હતા. પૂરેપૂરા. અને એમનું તો વીર્ય જ એવું હતું જ્યાં સમર્પિત થાય ત્યાં પૂરેપૂરા સમર્પિત થાય. ત્યાં પછી કાંઈ બાકી ગોપવવાનો, સંક્ષેપ કરવાનો, વૃતિસંક્ષેપ ન આવે. એમાંથી જે બહાર નીકળ્યા એમણે કેટલું બળ કર્યું હશે ? પરિણામમાં કેટલું બળવાનપણું હશે ! અંદાજ આવવો મુશ્કેલ છે. એક સામાન્ય માણસને પોતાનું બોલ્યું ફેરવવું હોય, શબ્દ ફરતો હોય, વાક્ય ફરતું હોય, પોતાનું મંતવ્ય ફરતું દેખાય ત્યાં અંદરમાં સહન થાય નહિ. કે અરે..! હું ખોટો, અરે..! હું ખોટો જાહેર થઈશ, હું ખોટો સાબિત થઈશ. મારું ખોટું પડશે, ખોટું ગણાશે એમ એને લાગે છે. એક સામાન્ય

માણસ હોય, સામાન્ય વિદ્વાન હોય તો આ પરિસ્થિતિ છે. એમણે કહ્યું કે અત્યાર સુધીનું આ બધું ખોટું હતું. એમના ગુરુને કહ્યું. દૃષ્ટિ નથી આમાં. મૂળમાં જે સમ્યક્ શ્રદ્ધા જોઈએ, આમાં ક્યાંય શ્રદ્ધાની વાત નથી. સાચી શ્રદ્ધાનો વિષય અહીંયાં નથી.

એમને ચોંટ લાગી હતી આ દેવતત્ત્વ ઉપરથી. સ્થાનકવાસી સંપ્રદાયમાં સર્વજ્ઞની પ્રતિમાનો નિષેધ છે. ત્યારે જે ૩૩ આગમ માન્ય કર્યાં છે. ૪૫માંથી ૧૨ કાઢી નાખ્યા. એમાં પ્રતિમાનું મુખ્ય નિરૂપણ છે. ૩૩ માન્ય કર્યાં એમાં પણ ક્યાંક ક્યાંક એ વાત પાછી આવે છે. દેવ તત્ત્વની વાત તો આવે જ ને. એટલે એમને શંકા પડી. એટલે વૃદ્ધ જે (સાધુ હતા), દીક્ષામાં અને ઉંમરમાં વૃદ્ધ સાધુ હતા એમની પાસે ગયા. એક 'માણેકચંદજી' કરીને હતા. 'પુરુષોત્તમલાલજી' હતા. આમાં તો છે. ભગવાનની પ્રતિમાની સ્થાપનાનો વિષય શાસ્ત્રની અંદર છે. સ્પષ્ટ લાગે છે. એ આ બધું કેવી રીતે સમજ્યા છે ? એટલે ખાનગીમાં એ મુનિઓએ વાત કરી કે ભાઈ ! 'કાનજી' ! ઉંમરમાં નાના હતા. વાત તો તારી સાચી છે. પણ આ સંપ્રદાયમાં જો પ્રતિમાને સ્થાપવાની વાત કરીએને તો રોટલા બંધ થઈ જશે. કોઈ આહાર-પાણી વહોરાવશે નહિ. ત્યારે તેમને અસહ્ય દુઃખ થયું. અરે..રે..! રોટલા-પાણી માટે ભગવાનને ઉડાડવાના ? આ તે ક્યાંની વાત છે ? અને આપણે ઘરે ક્યાં રોટલા-પાણી નહોતા તે દીક્ષા લીધી છે ? આમાં તો સાધુપણું તો રહેતું નથી, સમ્યગ્દૃષ્ટિપણું તો રહેતું નથી, પણ આત્માર્થીપણું રહેતું નથી. શું કાઢ્યું એમણે ?

જ્યાં દેવતત્ત્વનો નિષધ થયો ત્યાં એમણે ત્યાં સુધીની વાત કાઢી છે કે સાધુપણું તો ન હોય, સાચી શ્રદ્ધાવાનપણું તો ન હોય પણ દેવતત્ત્વનો નિષેધ થાય ત્યાં આત્માર્થીપણું ન હોય. આ આંક એમણે બાંધ્યો. અરે..! આમાં કોઈ આત્માર્થી નથી. સંપ્રદાયના સાધુઓમાં કોઈ આત્માર્થી નથી તો એને સાંભળવાવાળા અને અનુસરણ કરવાવાળા તો એકેય આત્માર્થી હોય જ શેના ? એ તો એથી નીચેના જીવો છે, નીચી કક્ષાના છે. અર..ર...! આ શું થઈ ગયું ? આત્માર્થીપણું નહિ ? અને પોતે આત્માર્થે દીક્ષા લીધી હતી. આ તો આત્માર્થીપણું જ ઊડે છે. મૂળમાં જ ઘા પડે છે. સંપ્રદાયની માન્યતા ખલાસ થઈ ગઈ.

સામાન્ય રીતે પૂર્વકર્મને લઈને સંપ્રદાયનો આગ્રહ હોય છે. દરેક જીવને પોતાના સંપ્રદાયનો આગ્રહ રહે છે. એ વિચારથી એમને પોતાના વિચારથી, સ્વયંના વિચારથી આગ્રહ છૂટી ગયો. કોઈ કહેવા, સમજાવવા એમને નહોતું આવ્યું. કોઈ દિગંબર મુનિ કે દિગંબર વિદ્વાન કે દિગંબર સંપ્રદાયના કોઈ માણસ કહેવા નહોતા આવ્યા કે આ ખોટું છે અને આ સાચું છે.

પછી એમણે ૪૫ આગમ ઉપરાંત જે દિગંબર આચાર્યના જે શાસ્ત્રો છે એ વાંચવાનો એમને ભાવ થયો. એમાં પહેલું 'સમયસાર' કુદરતી હાથમાં આવી ગયું. બસ, એ તો ત્યાંથી લાઈટ થઈ ગઈ. 'સમયસાર' વાંચ્યું અને ગોળી વાગી. ખલાસ ! સત્ય અહીંયાં પડ્યું છે. આ મૂળમાર્ગ છે. પછી તો બધો ખ્યાલ આવી ગયો. ક્યાં કેવી રીતે વિકૃતિ થાય છે. કેમકે મૂળ આત્મસ્વભાવ, નિર્વિકલ્પ, વિકલ્પના વસ્ત્ર વિનાનો દિગંબર આત્મા જ્યાં અનુભવમાં આવે છે ત્યાં આખો માર્ગ, સર્વજ્ઞની સ્થિતિ, સર્વજ્ઞના મુનિઓ, એમના સિદ્ધાંતો, બધી પ્રતીત થાય છે. અનંત નયોની પ્રતીત થાય છે. અનંત નયોનો નયાધીશ કબજામાં આવે છે. પછી તો બધો ફેરફાર થઈ ગયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એ નિર્ણયના બહુ મક્કમ હતા. જે નિર્ણય કરે એ એમની મક્કમતા, એમાં એમનો પુરુષાર્થ જોડાતો હતો, નિર્ણયની સાથે પુરુષાર્થનો સીધો સંબંધ હતો. એવી જ એક પરિણામની પરિણમનશીલતા હતી એમની. ઢળણ હતું એવું કે જે નિર્ણય કરે. એકદમ મજબુત. નિર્ણયમાંથી ફેરવવા હોય તો એ ભલભલાનું પાણી ઉતરી જાય. એવું હતું.

શું કહે છે અહીંયાં ? કે '**પર રહિત ચૈતન્યપ્રકાશ...**' અનંત સુખધામ '**ઉપાદેય છે, પર હેય છે. સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની લબ્ધિ (પ્રાપ્તિ) થાય,...**' બસ, આ એક જ ઉપાય છે. શુદ્ધ ચૈતન્યતત્ત્વની લબ્ધિ કહો, શુદ્ધ ચૈતન્યતત્ત્વનો સ્વાનુભવ કહો. એ '**સ્વપરભેદવિજ્ઞાનના નિરંતર અભ્યાસથી...**' જ થાય છે. જીવ આજે કરે, કાલે કરે કે અનંત કાળે કરે, આ એક જ માર્ગ છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' જે કોઈપણ થયા છે

ત્રણે કાળે, ભેદવિજ્ઞાન સિવાય બીજી કોઈ વિધિ, બીજો કોઈ ઉપાય ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

સંપ્રદાયમાં તો ભેદવિજ્ઞાનનો આજે મૂળનો વિષય છે એ જ લોપાઈ ગયો છે. કેમકે જે કાંઈ ક્રિયાઓ કરવામાં આવી મન-વચન-કાયાથી, એ ક્રિયાઓમાં એ મન-વચન-કાયાની ક્રિયાને, પરિણામને હું કરું છું, એમ પરથી ભેદવિજ્ઞાન થવાને બદલે પરથી અભેદતા સાધવામાં આવે છે. આ વ્રત મેં પાળ્યું, એ ત્યાગ મેં કર્યો, આ સંયમ મેં પાળ્યો, એ પ્રકારે એ પરપદાર્થથી ભિન્નતા કરવાને બદલે ધર્મના બહાને, વ્રતના બહાને, ત્યાગના બહાને પરપદાર્થ સાથેનો સંબંધ ગાઢ કરવામાં આવે છે. ઊલટું થાય છે. સીધું જ ઊલટું કરે છે. એટલે મોટો ફેર પડી ગયો છે. આખી લાઈન બદલાઈ ગઈ એનું કારણ એ છે કે જેનાથી ભિન્નતા કરવી છે એની પક્કડ કરવામાં આવે છે.

રાગાદિ ભાવોમાં શુભરાગ છે, તો જે રાગનો ત્યાગ કરવાથી ધર્મ થાય છે, જે રાગનો અભાવ કરવાથી ધર્મ થાય છે એના બદલે રાગને જ વધારે ઉપાસવામાં આવે, રાગને જ દૃઢ કરવામાં આવે ધર્મના બહાને, કેવી રીતે ધર્મ થાય ? ધર્મથી તો દૂર જવાનું થાય. ધર્મ થવાનો તો પ્રશ્ન રહેતો નથી.

વચનામૃતમાં આવે છે કે જીવને રાગની રુચિ છે તે ભવની રુચિ છે અથવા સંસારની રુચિ છે. કેટલીક વાત સૂત્રો જેવી છે. જીવને જે રાગની રુચિ છે એ ભવની રુચિ છે અથવા સંસારની રુચિ છે. તને કયા રાગમાં મીઠાશ વેદાય છે ? આમ રુચિને તું નહિ પકડી શકે. પણ તને જે કોઈ પણ પરિણામમાં મીઠાશ લાગે, ઈષ્ટપણું લાગે ત્યાં તને તેની રુચિ થઈ છે એમ સમજવું. જ્યાં સુધી વિરૂદ્ધ તત્ત્વ રુચે છે-રાગ રુચે છે ત્યાં સુધી વીતરાગી તત્ત્વ આત્મા રુચે નહિ. બે એકસાથે રુચે એવું કદિ બનતું નથી. વિરૂદ્ધ બે એકસાથે ન રુચિ શકે.

'**સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી...**' જુઓ ! ક્યારેક ભેદજ્ઞાનનો વિકલ્પ કરે એ ભેદજ્ઞાન નથી. અથવા ભેદજ્ઞાન કરે, પ્રયોગથી-અભ્યાસથી ભેદજ્ઞાન કરે તોપણ કરે અને છોડી દે... કરે ને છોડી દે તેથી પણ શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ થતી નથી. જો શુદ્ધાત્મ તત્ત્વનો સ્વાનુભવ કરવો હોય. ઉપલબ્ધિ એટલે અનુભવ કરવો તે.

પ્રાપ્તિ એટલે અનુભવ કરવો તે. એ સ્વાનુભવની દશામાં જેને આવવું હોય તેને નિરંતર ભેદજ્ઞાનમાં આવ્યે છૂટકો છે. પછીની દશા તો નિરંતર ભેદજ્ઞાનની જ છે અને તેથી જ પછી ફરીને સ્વાનુભવ થાય છે, ઉપયોગ શુદ્ધ થાય છે. પણ પ્રથમ ઉપયોગ શુદ્ધ થવા અર્થે પણ નિરંતર ભેદજ્ઞાનમાં આવ્યા વિના કોઈને સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય, શુદ્ધ ચૈતન્યતત્ત્વનો અનુભવ થાય એવું કદી બનતું નથી. જ્યારે કરે ત્યારે, આ એક વાત એને ખ્યાલમાં, લક્ષમાં રહી જવી જોઈએ કે જો નિરંતર ભેદજ્ઞાન ચાલશે, એવી સ્થિતિ પરિણામની જ્યારે થશે ત્યારે એના ફળસ્વરૂપે શુદ્ધોપયોગ અને સ્વાનુભવની ઉત્પત્તિ થવાની છે. એ સિવાય થવાની નથી. આમાં બીજું કાંઈ આઘું-પાછું ચાલે એવું નથી.

હવે જે જીવ નિરંતર ભેદજ્ઞાનમાં પ્રવૃત્ત થાય તે ઉદયમાંથી ખસે ત્યારે થાય અથવા ઉદયથી ખસવું એનું નામ જ ભેદજ્ઞાન છે. બીજી રીતે કહીએ તો ઉદયથી ખસવાના પ્રયત્નનું નામ જ ભેદજ્ઞાન છે. આમાં સ્વાનુભવ ન થાય તો, સ્વઆશ્રય ન થાય તો બીજું શું થાય ? પર આશ્રય છોડવાના પુરુષાર્થના ફળમાં સ્વઆશ્રય ન આવે તો બીજું શું ન આવે ? બહુ ચોખ્ખી દીવા જેવી સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનમાં શું શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનમાં જ્ઞાનના માધ્યમથી, જ્ઞાનના દોરાથી, જ્ઞાનના દોરે દોરે જ્ઞાનમય શુદ્ધાત્માની મુખ્યતા થાય, જ્ઞાનમય શુદ્ધ સ્વભાવની મુખ્યતા થાય અને ઉદયના પરિણામનો નિષેધ વર્ત્યા કરે. કોઈ પરના ગ્રહણ-ત્યાગને વિધિ-નિષેધ માને છે, પરપદાર્થના ગ્રહણ ત્યાગને. પણ પરમાર્થે શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો પુરુષાર્થ તે વિધિ છે અને ઉદયભાવો અને ઉદયથી ખસવું, એનો નિષેધ થવો તે નિષેધ છે. આમ વિધિ નિષેધ છે. આ પરમાર્થ માર્ગ છે અંતરંગમાં. એવું સ્વપર ભેદવિજ્ઞાનમાં નિરંતર થાય.

'**તેનાથી રાગદ્વેષમોહ મટે,...**' જો શુદ્ધ ચૈતન્યતત્ત્વની ઉપલબ્ધિ થાય તો રાગદ્વેષમોહનો સમ્યક્ પ્રકારે અભાવ થાય. દર્શનમોહ તો વ્યતીત થઈ ગયો. ચારિત્રમોહમાં પણ અનંતાનુબંધી ગયો. ચારિત્રમોહમાં પણ જે ચાર ચોકડી છે એમાં સૌથી ખરાબ, સૌથી ચીકણો એ અનંતાનુબંધીનો પ્રકાર છે. ચારિત્રમાં પણ અનંતાનુબંધીનો.

એટલે જ આ જે સમ્યગ્દર્શનનું મહત્વ લીધું છે એનું કારણ એ છે કે આ માર્ગના પ્રારંભમાં મોટા દુશ્મનની સેનામાં એના સરદારને જ હણવામાં આવે છે. દર્શનમોહને અને અનંતાનુબંધીના કષાયને હણવામાં આવે છે. અને તેથી જ આગળનો માર્ગ સરળ થાય છે. જેણે રાજાને માર્યો, સરદારને માર્યો એની પાસેથી તૈયાર થયેલા સૈન્યના સૈનિકોને એને હરાવવા એ પછી એને માટે કોઈ મોટી વાત રહેતી નથી. કેમકે એની શક્તિ તો એટલી થઈ ગઈ કે પહેલા એણે સરદારને માર્યો. કેટલુંક સૈન્ય તો એમ ને એમ જ ભાગ્યું. વગર લડ્યે જ તે. એમ કેટલાક કર્મો તો, પૂર્વ સંચિત કર્મો તો ઉદયમાં આવ્યા પહેલા જ જાવા માંડયા. બાકી જે કાંઈ થોડા ઘણા પાવરવાળા હતા એના કરતા આની શક્તિ વધી છે. સરદાર જેવા સરદારને માર્યો છે. પછી આ તો મગતરા છે.

**'તેનાથી રાગદ્વેષમોહ મટે, કર્મનો સંવર થાય,...'** નવા કર્મ આવતા અટકે. **'ત્યારે કર્મ મટવાથી નિજજ્ઞાનથી નિર્જરા થાય.'** સ્વરૂપજ્ઞાનથી, સ્વરૂપાનુભવથી નિર્જરા થાય. અહીંયાં જ્ઞાનથી નિર્જરા લીધી. જોયું ! શાસ્ત્રમાં તો તપથી નિર્જરા કહી છે. તો કહે છે, આવું જે નિજજ્ઞાન છે તે તપ છે. તપના બાર ભેદ લીધા કે નહિ ? એમાં સ્વાધ્યાય છે એને તપ કહ્યું. તો ક્યો સ્વાધ્યાય છે ? શાસ્ત્ર વાંચવું એ ? એ તો અભવિઓ પણ વાંચે છે. સ્વ-અધ્યાય. સ્વમાં આવવું. સ્વના આધારે આવવું તેનું નામ સ્વાધ્યાય. સ્વનો આધાર લઈને પરિણામનું આવવું તે સ્વાધ્યાય, તે જ નિજજ્ઞાન, તે જ તપ છે. તેનાથી નિર્જરા થાય.

**'ત્યારે સકલ કર્મક્ષય(રૂપ) નિજ પરિણામ થતાં ભાવમોક્ષ થાય.'** લ્યો ! આ પાછી મોક્ષની વાત આવી ગઈ, જોયું ! જ્યાં જ્યાં મોક્ષમાર્ગની વાત આવે ત્યાં મોક્ષની વાત આવી જ જાય છે. આ એક વિશિષ્ટતા છે સર્વ જ્ઞાનીઓના કથનમાં. કેમકે પંચમકાળ એમના પરિણામમાં નથી. પંચમકાળ બધો બહાર છે. એમના પરિણામથી સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પંચમકાળ બહાર છે. એટલે પંચમકાળની અસરથી તે મુક્ત છે. ખરેખર તો એ ધર્મકાળમાં વર્તે છે. અનંત ચોથા આરા ગુજરી ગયા પણ ધર્મ પ્રગટ ન થયો તો ચોથા આરાનો શો ફાયદો છે ? અને આ પંચમકાળમાં ધર્મ પ્રગટ્યો તો આ જ ખરો ચોથો આરો

છે. સર્વશ્રેષ્ઠ ચોથો આરો ધર્મ પ્રગટ થાય તે છે.

એટલે '**સકલ કર્મક્ષય(રૂપ) નિજ પરિણામ થતાં ભાવમોક્ષ થાય.**' અને ભાવમોક્ષ થાય તેને '**દ્રવ્યમોક્ષ થાય ને થાય જ.**' ભાવમોક્ષ થયા પછી કોઈને દ્રવ્યમોક્ષ ન થાય તો શું કરવું ? એ પ્રશ્ન છે જ નહિ. જેને ભાવમોક્ષ થાય એને દ્રવ્યમોક્ષ થાય, થાય ને થાય જ. પંચમકાળ એના ઘરે રહ્યો. અહીંયાં તો મોક્ષની વાતો ચાલે છે. આવી વાત છે.

કાલે કહ્યું હતું. કાલે એક વાત કરી હતી આ વિષયમાં કે અત્યારે પંચમકાળમાં કોઈનો મોક્ષ થતો નથી એવો સર્વજ્ઞના જ્ઞાન અનુસાર એક સિદ્ધાંત પ્રસિદ્ધ છે. તોપણ અધ્યાત્મમાં એ સિદ્ધાંતનું જ્ઞાન તો રહે છે અધ્યાત્મવાળાને, પણ એનું અધ્યાત્મબળ એવું છે કે એ મોક્ષની વાતો કરે છે. મોક્ષ અત્યારે નથી થાતો તોપણ મોક્ષ થાય એની વાતો કરે છે કે આમ થતાં ધર્મ પ્રગટે, આમ થતાં સંવર થાય. ધર્મ પ્રગટે ત્યાં સંવર થાય. સંવર થાય ત્યાં નિર્જરા થાય, નિર્જરા થાય ત્યાં મોક્ષ થાય અને મોક્ષ થાય ત્યાં દ્રવ્યમોક્ષ પણ થાય ને થાય જ. એટલો પંચમકાળને ગૌણ કરવામાં આવે છે. એ અધ્યાત્મનો વિષય લેવો છે.

અધ્યાત્મ ઉપર જોર વધારે આવે ત્યારે કેટલાક સિદ્ધાંતોથી પર એવા વચન વ્યવહાર ચાલે છે. શાસ્ત્રની અંદર કેટલાક સિદ્ધાંતથી પર, સિદ્ધાંતને તોડીને નહિ, સિદ્ધાંતનો નાશ કરીને નહિ, સિદ્ધાંતથી વિરૂદ્ધ જઈને નહિ. આ લક્ષમાં જેવો વિષય છે. કોઈને એમ લાગે કે આમાં તો આ નય દુભાય છે. આટલું બધું નિશ્ચયનું જોર કરો તો વ્યવહારનય દુભાય છે. અથવા અહીંયાં સિદ્ધાંત દુભાશે. પણ એ વાત ખરેખર નથી. એ વાત ખરેખર એમાં નથી.

જે અધ્યાત્મભાવોને પ્રસિદ્ધ કરતા, પ્રકાશતા પોતાને પણ પોતાના ગુણ પ્રગટવાનો, ગુણનો આવિર્ભાવ થવાનો પ્રસંગ થાય છે ત્યારે ત્યાં બીજી વાત અથવા બીજા સિદ્ધાંતો દુભાય છે, બીજો નય દુભાય છે એવું બનતું નથી. કેમકે જ્યાં પરિણમનમાં સમ્યક્તા છે ત્યાં કોઈ નય દુભાતો નથી. અથવા સર્વ નયોનું તાત્પર્ય પોતાના સ્વરૂપની શુદ્ધતા અને નિર્મળતા પરિણામમાં કરવી, એ જ સર્વ નયોનું તાત્પર્ય છે. એ તાત્પર્ય જ્યાં સારી રીતે સધાય છે ત્યાં કોઈ એમ કહે કે બીજો નય દુભાય છે તો એ વાત સ્વીકારવા યોગ્ય નથી. એ વાત માન્ય કરવા

યોગ્ય નથી. ઊલટાના સર્વ નયોનું સાર્થકપણું થાય છે ત્યાં. દુભાવાનો પ્રશ્ન રહેતો નથી. સાર્થકપણું છે. એમ નય સાર્થક ક્યારે છે ? કે નયથી આત્માને ન્યાય મળે અને ન્યાય મળે એટલે દોષિતભાવની હાનિ થાય અને શુદ્ધિ પ્રગટ થાય. પવિત્રતા આત્માની પ્રગટ થાય એ નયનું તાત્પર્ય છે. એટલે ઊલટાનું એ તાત્પર્ય તો ત્યાં સિદ્ધ થાય છે. એટલે ત્યાં દ્રવ્યમોક્ષ થાય, થાય ને થાય જ.

**'માટે ભેદજ્ઞાનના અભ્યાસથી પરમપદ સિદ્ધ (થાય) છે.'** નિર્વાણપદ સુધીનું સિદ્ધપદ (સિદ્ધ થાય છે). એટલે તો ત્યાં 'અમૃતચંદ્રચાર્યે' ભેદવિજ્ઞાનમાં સિદ્ધની વાત કરી છે કે '**भेदविज्ञानतः सिद्धाः**' એનાથી સદ્ધ થયા છે. પરમપદ સિદ્ધ થાય છે. '**તે ભેદજ્ઞાન પ્રગટ કરવાનો વિચાર કહેવામાં આવે છે :-**' હવે અહીંથી થોડું નીચે ભેદજ્ઞાનનું પ્રકરણ વિસ્તારથી લેવું છે એટલે આટલી વાત એમણે ઉપોદ્‌ઘાતમાં નાખી છે. વિશેષ કહેશે...

જ્ઞાનનો પર્યાય - અભિપ્રાય, અને શ્રદ્ધા અવિનાભાવી છે. તેથી અભિપ્રાય દ્વારા શ્રદ્ધાને પ્રાયઃ સમજવામાં આવે છે. મુમુક્ષુજીવે જ્ઞાનાભ્યાસ વડે પ્રથમ યથાર્થ અભિપ્રાયનું ઘડતર કરવું ઘટે, જેથી વિપરીત અભિપ્રાય બદલાઈ જાય. શાસ્ત્ર અધ્યયન દ્વારા પોતાના અભિપ્રાયનું પોષણ ન કરવું, પરંતુ શાસ્ત્રકર્તાના અભિપ્રાય અનુસાર પોતાના અભિપ્રાયને કેળવવો; નહિ તો મોટું નુકસાન થાય, અભિપ્રાયની ભૂલ સુધરવાને બદલે દઢ થઈ જાય. તે લક્ષમાં લેવા યોગ્ય છે, કારણકે આવી ભૂલથી જીવ પ્રાયઃ અજાણ રહી જાય છે. અશુભભાવનો દોષ પકડાય છે, પણ અભિપ્રાયનો દોષ પકડાતો નથી.

(અનુભવસંજીવની - ૯૬૩)

## તા. ૭-૪-૧૯૮૯, પાના નં. ૮૩, પ્રવચન નં. ૧૪૫

પાનું-૮૩. ભેદજ્ઞાન પ્રગટ કરવાનો વિચાર કરવામાં આવે છે. ઉપર એમ કહ્યું કે ભેદજ્ઞાનના અભ્યાસથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે અને ભેદજ્ઞાનના અભ્યાસથી પરમપદ સિદ્ધ થાય છે. સિદ્ધપદ પર્યંતની પ્રાપ્તિ પણ ભેદજ્ઞાનના અભ્યાસથી જ થાય છે. તે ભેદજ્ઞાન કેવી રીતે પ્રગટ કરવું તેનો વિચાર અહીંયાં બતાવવામાં આવે છે.

'**જ્ઞાનભાવ જાણવારૂપ ઉપયોગ-વિભાવભાવને પોતાના જાણે છે.**' અત્યારે શું થઈ રહ્યું છે એ બતાવે છે અને (જે) બતાવે છે એ પોતાના ચાલતા પરિણામને તપાસીને મેળવવું જોઈએ કે જ્ઞાનભાવ એટલે ચાલતો જાણવારૂપ ઉપયોગ. જે જાણવાનો ઉપયોગ અત્યારે કામ કરી રહ્યો છે તેમાં રાગાદિ વિભાવભાવને પોતાના જાણે છે. મેં રાગ કર્યો, મને રાગ થયો, મારામાં રાગ થયો એમ જ્ઞાન જાણે છે-એમ ઉપયોગ જાણે છે.

એમ કહે કે આત્માને રાગ થયો છે એથી મારામાં રાગ થયો એમ કહે તો એમાં શું ખોટું છે ? અહીંયાં વિભાવને સ્વભાવરૂપે જાણવાનું થાય છે તે ખોટું છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- પોતાનો જ છે ને, પોતાની જ પર્યાયમાં થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની પર્યાયમાં હોવા છતાં વિભાવ છે. શરીર પણ મારું છે, અને તાવ આવે કે સોજા ચડે તો એ શરીરની અવસ્થા હોવાથી મને તાવ આવ્યો અને મને સોજો ચડ્યો એમ કહેવાય છે. છતાં જે રીતે શરીરનું પાલનપોષણ કરવામાં આવે, તેવી રીતે શરીરની વિકૃત અવસ્થારૂપ રોગ, તેનું પણ પાલનપોષણ કરવામાં આવે તો મરી જાય. બરાબર છે ? એટલે એનો હોવા છતાં શરીર અને શરીરના સોજા જેટલો ફેર છે એમાં. એની જ અવસ્થા છે છતાં એટલો ફેર છે કે રાગ રોગ છે.

અહીંયાં તાત્ત્વિક દૃષ્ટિ હોવાથી, તત્ત્વદૃષ્ટિ હોવાથી સ્વતત્ત્વ અને પરતત્ત્વ, સ્વભાવતત્ત્વ અને વિભાવતત્ત્વ એ બંને વચ્ચે કેવું વલણ અપનાવવું જોઈએ ? સ્વભાવ પ્રત્યે કેવું વલણ રાખવું જોઈએ ? અને

વિભાવ પ્રત્યે કેવું વલણ રાખવું જોઈએ ? એ ભેદજ્ઞાનનો વિષય છે. ભેદજ્ઞાન એ રીતે કરાવવું છે.

કહે છે કે અત્યારે ભેદજ્ઞાન નથી થતું ત્યારે, અત્યારે એટલે ચાલુ અવસ્થામાં ભેદજ્ઞાન નથી થતું ત્યારે જે આ જ્ઞાનભાવ છે એટલે કે જાણવારૂપ ઉપયોગ છે તે '**વિભાવભાવને પોતાના જાણે છે.**' એટલે જેવું પોતાનું જ્ઞાન છે એવો જ એ રાગને જાણે છે. જેમ જ્ઞાન પોતામાં થાય છે અને જેમ જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, એમ રાગ પોતામાં થતો હોવાથી રાગ પણ પોતાનું સ્વરૂપ છે એમ બેને સમકક્ષ જાણે છે, સરખી સ્થિતિમાં જાણે છે.

મુમુક્ષુ :- જ્ઞાનને તો વિચાર...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ખરેખર તો જ્ઞાનને ચૂકી જાય છે. જ્ઞાનને છોડી દે છે. 'જ્ઞાન હું છું' એવું એ છોડી દે છે. અને 'રાગ તે હું છું' સતત ધારાવાહીપણે ચાલે છે. જ્ઞાનની વિસ્મૃતિ થાય છે અથવા 'જ્ઞાન હું છું' એવી સાવધાની જરાપણ રહેતી નથી કે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું. એમ તપાસે તો ચાલતા અનુભવમાં બરાબર માલુમ પડે એવું છે કે આમ થઈ રહ્યું છે અને આમ ચાલી રહ્યું છે. એ બરાબર ખબર પડે એવું છે.

અહીંયાં જરા એક વિશિષ્ટ વાત કરી છે કે '**તે વિભાવને જાણવાની શક્તિને આત્મા પોતાની જાણે.**' તે વિભાવને જાણવાના જ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે એમ કહેવાના બદલે, એક સમયની પર્યાયનું અવધારણ નથી કરાવવું એટલે જાણવામાં જે જ્ઞાનશક્તિ કામ કરી રહી છે એને પોતાનું સ્વરૂપ જાણે (એમ કહે છે). દરેક પર્યાયમાં શક્તિનું પરિણમન છે. શક્તિ ન હોય તો પરિણમન હોવાનો સવાલ પણ ઉત્પન્ન થતો નથી. પછી પરિણમન વિકૃત અને અવિકૃત એવા બે ભેદે પરિણમન પ્રવર્તે છે તોપણ શક્તિ છે એટલે પરિણમન છે એ વાત લક્ષમાં રાખવા જેવી છે, ભૂલવા જેવી નથી.

હવે અહીંયાં એમ કહેવું છે કે '**વિભાવભાવને પોતાના જાણે છે.**' તેમ જાણવાને બદલે તેણે શું જાણવું જોઈએ પોતાનું સ્વરૂપ ? પોતારૂપ એણે શું જાણવું જોઈએ ? કે જે જ્ઞાન વિભાવને જાણી રહ્યું છે, જે જ્ઞાન અત્યારે વિભાવને જાણી રહ્યું છે તે જ્ઞાનમાં જાણવાની શક્તિ છે. એ શક્તિને એ પોતાનું સ્વરૂપ જાણે. આમ લેવું છે.

મુમુક્ષુ :- જાણવાની શક્તિ એટલે જ્ઞપ્તિક્રિયા લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જાણવાની શક્તિ એટલે જ્ઞાનશક્તિ, જ્ઞાનગુણ, જ્ઞાયકપણું, જ્ઞાયકપણું.

મુમુક્ષુ :- જ્ઞપ્તિક્રિયા...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞપ્તિક્રિયા તો અહીંયાં જાણવાના પરિણામ એ જ જ્ઞપ્તિક્રિયા છે. જાણવાના પરિણામ છે એ જાણવારૂપ જ્ઞપ્તિક્રિયા છે. પણ જે જ્ઞાન વિભાવને જાણી રહ્યું છે તે જ જ્ઞાન વિભાવ બાજુ વળેલું હોવાથી તે જ્ઞાન પણ થોડું વિભાવ સાથે એકત્વ પામેલું વિભાવરૂપ પોતાને અનુભવતું હોવાથી તે જ્ઞાન પોતાનું સ્વરૂપ છે એમ કહેવાને બદલે તે જાણવાની શક્તિ પોતાનું સ્વરૂપ છે એમ કહે છે. ભાષા સાદી છે પણ વાત એટલી છીછરી નથી. થોડી ઊંડી વાત છે. આગળ એ પદ્ધતિથી વાત લીધી છે.

મુમુક્ષુ :- શક્તિ એટલે સામાન્ય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શક્તિ એટલે શક્તિ. શક્તિ એટલે સામાન્ય તો ખરું પણ શક્તિ એટલે શક્તિ.

મુમુક્ષુ :- શક્તિ એટલે સામર્થ્ય ?

પૂજ્ય ભાઈશ્રી :- સામર્થ્ય.

બીજા પાને નીચે છેલ્લો પેરેગ્રાફ છે. '**જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી** (છે).' અહીંયાં એમ લીધું કે જે વિભાવને જાણે છે તે વિભાવને જાણવાની શક્તિને, તે ઉપયોગને અને તે જ્ઞાનને પકડાવ્યું નહિ અહીંયાં. કેમકે આ બાજુ વળેલું છે. એકત્વ કરી રહેલું છે. જે જ્ઞાન રાગ સાથે એકત્વ કરી રહ્યું છે એ જ્ઞાન તો ઊલટું પરિણમી રહ્યું છે-વિપર્યાસરૂપ પરિણમી રહ્યું છે એમ કહેવું છે. એ જ્ઞાનનું વલણ ઊંધું છે. એટલે એ જ્ઞાનમાં રહેલું જે જ્ઞાનતત્ત્વ છે, જ્ઞાનશક્તિ છે એ જ્ઞાનશક્તિને આત્મા પોતાની જાણે.

જો વિભાવથી ભેદજ્ઞાન કરવું હોય તો જ્ઞાન ઉપરથી જ્ઞાનશક્તિને પકડવી. જ્ઞાનમાંથી જ્ઞાનશક્તિને ગ્રહણ કરવી, સ્વપણે પોતા સ્વરૂપે. તો વિભાવથી ભેદજ્ઞાન થાય છે. નહિતર વિભાવથી ભેદજ્ઞાન થતું નથી. કેમકે જ્ઞાન એકત્વ કરી રહ્યું છે. જ્ઞાન પોતે જ રાગ સાથે એકત્વ કરી રહ્યું છે. એટલે એ જ્ઞાન છૂટું જ્ઞાન નથી. વિચારથી સમજવામાં આવે છે

કે જાણે છે તે જ્ઞાન છે... જાણે છે તે જ્ઞાન છે... જાણવાનું કાર્ય કરે છે તે જ્ઞાન છે. તપાસે તો એમ ખ્યાલ આવે છે. પણ એ જ્ઞાન રાગ સાથે કે જણાનાર એવા પરદ્રવ્ય સાથે એકમેક થઈને, તન્મય થઈને એકત્વપણે પરિણમી રહ્યું છે ત્યારે એનું જુદું સ્વરૂપ જાણવું હોય તો એના શક્તિરૂપ તત્ત્વને પકડવું જોઈએ. કેમકે શક્તિ કોઈની સાથે ભળતી નથી. પરિણમન ભળેલું છે પણ શક્તિ ભળતી નથી. એ વ્યક્ત શક્તિ છે. જ્ઞાનમાં વ્યક્ત શક્તિ છે. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે જાણવાની એક વ્યક્ત શક્તિ જ્ઞાનમાં છે. એ શક્તિને ગ્રહણ કરવી.

જ્ઞાનદર્શન ઉપયોગ દ્વારમાં શક્તિને જાણવી. એ એક જગ્યાએ આગળ આવી ગયું. જ્ઞાનદર્શન ઉપયોગ દ્વારમાં શક્તિને જોવી. જ્ઞાનદર્શન ઉપયોગને જોવા એમ નહિ પણ એની શક્તિને જોવી. આટલું જરા સૂક્ષ્મ છે એમ કહો તોપણ અહીંયાં એ વાત છે. ઊંડું છે એમ કહો તો પણ એટલી વાત છે. ઉપયોગ તો ખ્યાલમાં આવે છે કે આ જાણે છે તે જ્ઞાન છે... આ જાણે છે તે જ્ઞાન છે... પણ ત્યાંથી થોડુંક આગળ જવું પડે છે કે ત્યાં રહેલી જે શક્તિ, પરિણમન કરી રહેલી જે શક્તિ એ પોતાનું સ્વરૂપ છે. તેને આત્મા જાણે. તેને આત્મા પોતાનું સ્વરૂપ જાણે. પોતાનું જાણે એટલે પોતાની શક્તિને આત્મા પોતાનું સ્વરૂપ જાણે.

મુમુક્ષુ :- જ્ઞાનગુણ સુધી જવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણ. ગુણ છે પણ એકલો ગુણ એમાંથી પછી જુદો નથી પડતો ત્યાં. એ ગુણમય આત્મા જ આખો આવે છે એની અંદર. શક્તિ કહેતા એમાં ગુણમય આત્મા (આવે છે). કેમકે પોતાનું સ્વરૂપ જાણે એટલે પોતે એટલે આત્મા.

મુમુક્ષુ :- ...આ પોતાનું શરીર છે અત્યારે વર્તમાનમાં તો અજ્ઞાનતાથી એમ જ દેખાય છે કે આત્મા અને શરીર એકમેક છે એવી રીતે વિભાવ અને સ્વભાવને લેવાય ? એના સ્વભાવથી જ ભિન્ન પાડીએ તો ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા અને શરીર એક જગ્યાએ છે, પણ ભાવ અને...

મુમુક્ષુ :- સ્વભાવથી જુદા પાડીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવથી જ જુદા પડાય. બીજો તો ઉપાય જ નથી. એક ક્ષેત્રે હોવાથી, શરીર અને વિભાવ બંને એક ક્ષેત્રે હોવાથી એના સ્વભાવથી જ એને જુદા પાડવા રહ્યા. અહીંયાં પણ રાગ એવો શબ્દનો પ્રયોગ નથી કર્યો. પણ વિભાવભાવ એવું લીધું છે. એટલે વિભાવભાવમાં એના ભેદ તો રાગ, દ્વેષ, મોહ અનેક પ્રકારના વિભાવના ભેદ છે. પણ વિભાવ સામાન્ય લીધો છે. કેમકે અહીંયાં સ્વભાવ સામાન્ય લેવો છે. સ્વભાવમાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે અનેક સ્વભાવ છે. છતાં એક વિભાવ, આખો વિભાવ. બધાના ભેદરૂપ પણ અભેદપણે એક આખો વિભાવ. એમ સ્વભાવના ભેદરૂપ પણ એક આખો સ્વભાવ. આમ બે વિભાગ પાડવા છે. સ્વભાવ અને વિભાવના બે જુદા જુદા ભેદ પાડવા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વજન લેવું જોઈએ. પર ઉપરથી વજન ઉઠાવી લેવું જોઈએ. પરજ્ઞાનમાં જણાતું હોય તોપણ એણે પર ઉપરથી વજન તો ઉઠાવી લેવું જોઈએ. એ તો ત્યાં સુધી વજન ઉઠાવવાનું વિધાન છે કે પર જ્ઞાનમાં જણાય છે એવું જે જ્ઞેયાકારે થયેલું જ્ઞાન, તેના ઉપરથી પણ વજન ઊઠાવી લેવું. અને એકાકાર જે સામાન્ય જ્ઞાન છે તે હું, એમ સામાન્યનો આર્વિભાવ કરવો.

૧૫મી ગાથામાં સ્વાનુભૂતિરૂપ જિનશાસન પ્રગટ કરવા માટે, પોતાની અવસ્થામાં જિનશાસન ઊભું કરવા માટે જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરીને, કેમકે જ્ઞેયાકાર જ્ઞાન છે એમાં અનાદિથી જ્ઞેય લુબ્ધતા છે, જ્ઞેય પ્રત્યે આકર્ષણ છે. અને જ્ઞેયાકાર જ્ઞાન દ્વારા જ્ઞેય સાથે જ્ઞાનને સંપર્ક રહે છે, ભાવથી. દ્રવ્યથી તો દ્રવ્ય મળતું નથી પણ ભાવથી સંપર્ક રહે છે કે આ ગળ્યું છે, આ ઠંડું છે, આ ઠીક છે. એ સંપર્ક એને તોડવો હોય તો એણે એકાકાર જે જ્ઞાન સામાન્ય છે તેના અવલંબનમાં આવવું જોઈએ, તેના આવિર્ભાવમાં એણે આવવું જોઈએ. ભલે જ્ઞાનનું સ્વરૂપ જાણે કે જ્ઞાન સ્વપરપ્રકાશક છે. તોપણ એણે પરપ્રકાશકપણાને ગૌણ કરવું રહ્યું. એની મુખ્યતામાં સાધ્યની સિદ્ધિ નથી. એની મુખ્યતા તે એનું સાધન નથી. સ્વરૂપને સાધવાનું તે સાધન નથી. પણ જ્ઞેયાકાર જ્ઞાનને અથવા જ્ઞાનના પરપ્રકાશપણાને મુખ્ય કરતા જ્ઞાનમાં તે જ કાળે સ્વપ્રકાશકપણું

છે તે ગૌણ થઈ જશે. તો એ પોતાને સ્વપ્રકાશકમાં પોતાનું પ્રકાશન જ ગૌણ કરવાનું રહ્યું. તો પોતાને ભૂલીને એકાંત પરપ્રકાશન તો ચાલી જ રહ્યું છે. હવે જો તને એમ સમજાયું કે જ્ઞાનનું સ્વરૂપ તો સ્વપરપ્રકાશક છે તો એમાં કાંઈ મુખ્ય-ગૌણ કરવા જેવું ખરું ? કે હા. એમાં પરપ્રકાશનનો વિભાગ છે એને તારે ગૌણ કરવો અને સ્વપ્રકાશનનો જે સ્વભાવ છે એને મુખ્ય કરવો. સ્વભાવ તો ભલે બંને હોય તોપણ આને મુખ્ય કરવો. આટલો ભેદ છે એની અંદર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ આ કહેવા માટે જ તે. આ કહેવા માટે.

આગમના વિષયથી પર અધ્યાત્મનો વિષય છે. આપણે આ ચર્ચા ઘણીવાર ચાલે છે. જેમકે આગમના વિષયમાં રાગ છે એ જીવવિકાર છે. જીવનો દોષ છે એટલે જીવ ચૈતન્યવિકાર છે. છતાં રાગ પુદ્ગલ છે એમ કહેવું પડે છે. તો રાગ કાંઈ પુદ્ગલ પરમાણુ નથી, પુદ્ગલ દ્રવ્ય નથી. એના લક્ષે થાય છે તો એમ કહો કે એના લક્ષે થાય છે પણ એને પુદ્ગલ શું કરવા કહો છો ? એ જોર દેવું હોય ત્યારે એમ કહેવાય. જોર દેવું હોય ત્યારે એમ કહેવાય.

પાંચ મિનિટમાં જો ગાડી કે પ્લેન છૂટી જતું હોય તો એણે જે કામે જઈએ છીએ એ આખું કામ બગાડ્યું કે નહિ ? જે કામ માટે મુસાફરી કરવી છે એ આખું કામ બગડ્યું કે પાંચ મિનિટ બગડી ? તો પાંચ મિનિટ બગડી એમ કહેવું કે આખું કામ બગડ્યું એમ કહેવું ? હવે એ કહો. કોઈ દલીલ કરે કે પણ પાંચ મિનિટ બગડી છે એમ જ કહો ને તમે. આખું કામ બગડ્યું એવું શું કરવા કહો છો ? એમાં પણ વાસ્તવિકતા છે.

એમ આત્મા-સ્વરૂપ ઉપર વજન દેવું છે એ સ્વરૂપ સાધનાની વાસ્તવિકતા છે. અને એના માટે એક બીજી વાસ્તવિકતા છે એ ગૌણ કરવી પડે છે કે પાંચ મિનિટ જ ખરેખર તો મોડું થયું છે. પણ પાંચ મિનિટમાં સામે મુસાફરીનું વાહન છૂટી ગયું છે. તો વાસ્તવિકતા તો પાંચ મિનિટ જ મોડું થયું છે. પાંચ મિનિટ વહેલા આવ્યા હોત તો એમ ન થાત. પણ આખું કામ બગડ્યું છે એ પણ એક બીજી વાસ્તવિકતા છે. એટલે પાંચ મિનિટની કિંમત નથી, કામ આખું બગડ્યું છે એની

કિંમત છે એમ બતાવવું છે.

એમ અહીંયાં સ્વરૂપ ઉપર જીવનું બિલકુલ વજન નથી. તેનું આખેઆખું વજન પર ઉપર છે. અને પરના એકત્વમાં એણે જ્ઞાનની શક્તિ લગાડી છે, પરના એકત્વમાં એણે અનંત શ્રદ્ધાનની શક્તિ લગાડી છે. કેમકે શ્રદ્ધા ઓછી-વત્તી પરિણમતી નથી. અનંત શ્રદ્ધાની શક્તિ લગાડી છે અને પરના એકત્વમાં એણે આચરણને લગાડ્યું છે. પરના એકત્વમાં એણે પુરુષાર્થને પણ લગાડ્યો છે. તો એમાં બહુ મોટું નુકસાન છે. જીવનો અનંત સંસાર એમાંથી પાંગરે છે, અનંત જન્મ-મરણ પાંગરે છે. તો એમાં એના ઉપર એને ધક્કો મારવા માટે જરા જોર કરવું પડે છે. પક્કડ જેટલી મજબુત એટલું છૂટવા માટેનું જોર કરવું પણ એટલું જ જરૂરી છે. એટલું નહિ બલ્કે એથી વધારે જરૂરી છે.

ગળુ પકડ્યું હોય કોઈએ ગળ દાબવા માટે. તો જેટલા જોરથી ગળુ દબાતું હોય એથી વધારે જોરથી ધક્કો મારે તો પક્કડ છૂટે ને ? એમ આ જીવ મરણ કરે છે. પરની એકત્વશ્રદ્ધા, પરનું એકત્વજ્ઞાન એ બહુ મોટી પક્કડ છે. એના પ્રાણને રુંધે છે-જ્ઞાન-દર્શન પ્રાણને રુંધે છે. એને છોડાવવા માટે બહુ જોરથી ધક્કો મારવો પડે છે. તો એને એમ કહે છે કે રાગ તો પુદ્ગલ છે. અરે..! તારા ચૌદે ગુણસ્થાન પુદ્ગલ છે એમ કહે છે. ૫૦ કે ૫૫ ગાથામાં.

પર્યાય ઉપર વજન છે અને એની પક્કડ છે તો એને કહે છે કે એ પરદ્રવ્યં પરભાવં હેયં. ચારેય પર્યાય. ક્ષાયિક પર્યાય સુધીની વાત લઈ લીધી. એ કાંઈ આગમની દૃષ્ટિએ તો એવું નથી. એ તો એની જ પર્યાય છે. શુદ્ધ અને અશુદ્ધ વગેરે એની જ પર્યાયો છે. અને કોઈ દિવસ દ્રવ્ય વગર કાંઈ પર્યાય હોય નહિ, આગમજ્ઞાન તો એમ કહે છે. પણ આગમજ્ઞાનમાં વસ્તુ વ્યવસ્થા સમજવાની છે. જગતની અંદર વસ્તુવ્યવસ્થાનું પણ વિપરીત નિરૂપણ અને વિપરીત પ્રરૂપણ અનેક અન્યમતિઓ કરે છે. કે આત્મા આવો છે ને આત્મા તેવો છે. અને એનું વિજ્ઞાન પોતાની બુદ્ધિમાં આવ્યું એ પ્રમાણે નિરૂપણ કરે છે. એની સામે વસ્તુ વ્યવસ્થાનું નિરૂપણ જૈનાગમ પ્રમાણે, આગમ વ્યવસ્થાથી એણે બરાબર જાણી લેવું જોઈએ. એ જાણવું એટલે જ્ઞાન થઈ ગયું એવું કદી માનવું નહિ. આગમ અનુસાર વસ્તુ વ્યવસ્થાનું જાણવું થાય, સમજવું

થાય, જ્ઞાન થાય એટલે જ્ઞાન થયું એમ નહિ માનવું. સમજાવ્યા પછી એનો હેય જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરવો પડે છે. એને વિવેક કહે છે. એમાં ઉપાદેય તત્ત્વ ક્યાં સુધી ઉપાદેયતામાં આવે છે ? કે સર્વસ્વપણે ઉપાદેય તત્ત્વ જ ઉપાદેય છે અને સર્વસ્વપણે હેય તત્ત્વ તે હેય છે. એવું સર્વસ્વ લેવું પડે છે. પૂરેપૂરું એ લેવું પડે છે. અને વર્તમાનની પૂરી શક્તિથી એમ કરવું પડે છે. એ જ્યારે વર્તમાનની પૂરી શક્તિથી એમ કરવાનો વારો આવે છે ત્યારે એમ કરવા પાછળના જોરને બતાવવા માટે આવા અધ્યાત્મના વિધાનો આવે છે કે 'તું જ્ઞાતા છો અને છ દ્રવ્ય જ્ઞેય છે એવી તને અનાદિથી ભ્રાંતિ છે.' 'રાજમલજી'એ વાત કરી છે. એવી તને અનાદિથી ભ્રાંતિ છે. એ પણ શાસ્ત્ર છે અને શાસ્ત્રવચન છે. એનું અર્થઘટન તો કરવું પડશે ને. તું સ્વપરપ્રકાશક છો તેથી તું જ્ઞાતા છો અને અન્ય છ દ્રવ્યો તારું જ્ઞેય છે એ આગમવચન છે. અને તું જ્ઞાતા છો અને છ દ્રવ્ય તારું જ્ઞેય છે એવી અનાદિથી તને ભ્રાંતિ પણ છે એ પણ આગમવચન છે, એ શાસ્ત્રવચન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. 'રાજમલજી'એ વાપર્યો છે, 'રાજમલજી'એ વાપર્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, અર્થમાં નથી આવ્યું. પણ એ અર્થમાં બહુ ઊંચો અર્થ કર્યો છે એમ કહેવું જોઈએ. આધ્યાત્મિક અર્થ કર્યો ને એમણે ? આગમ પ્રમાણે અર્થ ન કર્યો. અધ્યાત્મ શૈલીથી (અર્થ કર્યો છે). આ શાસ્ત્ર જ અધ્યાત્મ શાસ્ત્ર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તપાસી લઈએ આપણે. જ્યારે વિષય સામે ચર્ચામાં આવ્યો છે તો જોઈ લેવું શું ખોટું છે ?

મૂળ શબ્દો શું છે ? ૨૭૧ છે ને ? ૨૭૦ જે કળશ છે... સાધ્ય સાધક અધિકાર છે. એટલે એક તો પ્રકરણ આત્માને સાધવાનું છે. પ્રકરણ પ્રમાણે અર્થ કરે છે તો બરાબર છે કે આત્માને સાધવાનું અહીંયાં પ્રકરણ ચાલે છે. ત્યાર પછી જે ૨૭૦ અને ૨૭૧ કળશ છે એ પહેલા 'અમૃતચંદ્રાચાર્યે' પોતાના અખંડ અને અભેદ સ્વરૂપને ભાવવા

માટે બહુ જોરથી કેટલીક વાત કરી છે.

'રાજમલજી'એ પદ્યના અર્થ કરવા ઉપરાંત અહીંયાં ગદ્યનો અર્થ પણ કર્યો છે. બહુ જોરદાર ભાવનાનો વિષય ચાલ્યો છે અહીંયાં ટીકાની અંદર 'અમૃતચંદ્રાચાર્ય'નો. '**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्धो एको ज्ञानमात्र भावोऽस्मि।**' જ્ઞાનમાત્ર. હું એક સુવિશુદ્ધ જ્ઞાનમાત્રભાવ છું. સ્વથી એકત્વ, પરથી વિભકત્વ એ વાત તો કહેવી છે અને એ વાત એમણે જ્ઞાનમાત્રમાં કહી છે. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ.. જ્ઞ... જ્ઞ... શું જાણવું એ અહીંયા લેવું જ નથી. જો એ લેવા જાય તો એનું જ્ઞાન ડહોળાઈ જાય એમ છે. આ સાધ્ય સાધક અધિકાર છે. જ્ઞાનને સાધવું છે. અહીંયાં જ્ઞાનની પ્રવૃત્તિ કેટલી છે એ પ્રકરણ નથી એમ કહેવું છે. અહીંયાં જ્ઞાનની પ્રવૃત્તિનું પ્રકરણ નથી કે જ્ઞાન સ્વને પણ જાણે, જ્ઞાન પરને પણ જાણે, જ્ઞાન જ્ઞાનને પણ જાણે, જ્ઞાન આનંદને પણ જાણે. એ અહીંયાં વિષય નથી.

અહીંયાં તો '**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्धो एको ज्ञानमात्र भावोऽस्मि।**' આ વાત બહુ જોરથી 'અમૃતચંદ્રાચાર્યે' ૨૭૧ કળશ પહેલા આગળ ટીકામાં કરી છે. એ અનુસાર 'રાજમલજી' અર્થ કરે છે. આગળ-પાછળ શું અનુસંધાન છે ? '**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**' અહીંયાં પણ જ્ઞાનમાત્ર જ્ઞાનમાત્ર લે છે. '**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि, ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**' અહીંથી કાઢ્યું છે. જ્ઞેય જ્ઞાનમાત્ર એટલે પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહને જાણપણા માત્ર. '**स नैव।**' હું જ્ઞેયરૂપ છું પરંતુ એવા જ્ઞેયરૂપ નથી. કેવા જ્ઞેયરૂપ નથી ? કે પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.

'**ભાવાર્થ આમ છે કે-હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારા જ્ઞેય - એમ તો નથી.**' એ વાત જે આચાર્યદેવને એમ કહેવી છે કે '**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**' આમાંથી એ કાઢ્યું છે. જે જ્ઞાન જ્ઞેયોને જાણે છે એવું માત્ર જ્ઞેયોને જાણનારું એવું જે જ્ઞાન તેવો હું નથી. એમાંથી આ કાઢ્યું છે કે '**જ્ઞેય-જ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ**

**એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્ય જ્ઞેય છે; પરંતુ એમ તો નથી,...'**

મુમુક્ષુ :- આ ટીકા કરી એમાં ..

પૂજ્ય ભાઈશ્રી :- .. શરૂઆતમાં જે વાંચ્યો છે એમણે એ ભાવાર્થ કરીને કળશનો ભાવાર્થ પહેલા લખી નાખ્યો છે. પછી એક એક શબ્દો 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના પકડીને અર્થ કરે છે. તો એમાં '**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**' એના ઉપરથી એ વાત કાઢી છે.

'**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः**' '**જ્ઞાન અર્થાત્ જાણવારૂપ શક્તિ, જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ અને જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર,...**' જ્ઞેય એટલે છ દ્રવ્ય એમ ન લીધું. જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ. પોતાની શક્તિ પોતાને જ્ઞાનમાં જ્ઞેય થાય છે. જ્ઞાનપર્યાયમાં પોતાની શક્તિ સ્વજ્ઞેયપણે જણાય છે તેને અહીંયાં જ્ઞેય કહી દીધું. આખા આત્માને જ્ઞાતા કહ્યો. જ્ઞાનના પર્યાયને જ્ઞાન કહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો સાધવું છે ને ? સાધ્યને કેવી રીતે સાધવામાં આવે છે એ પ્રકરણ ચાલે છે. એ પ્રમાણે આ બધી વાત છે.

'**ભાવાર્થ આમ છે કે-હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...**' અહીં વેદન લઈ લીધું, જોયું ! કે જાણવું... જાણવું... જાણવું... જ્ઞેય જ્ઞાન... જ્ઞેય જ્ઞાન... જ્ઞેય જ્ઞાનનો વિષય ચાલતો હતો. અધ્યાત્મમાં તો અહીંયાં જ્ઞાન એટલે વેદન પકડવું પડે છે. તો વાત બેસે છે. એટલે એમ કહે છે કે હું પોતાના સ્વરૂપનું વેદ્યવેદકરૂપે જાણું છું. '**તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય , એવી બે શક્તિઓથી માંડીને...**' જ્ઞાન અને જ્ઞેય જેવી બે શક્તિઓથી માંડીને '**અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા...**' એટલે આખો આત્મા. '**એવા નામભેદ છે, વસ્તુભેદ નથી.**' '**જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે, એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું.**'

... (એવા) સેંકડો કથન મળે છે કે જેમાં આગમની ટાંગ મારવા જાય તો ભૂલો પડી જાય. ત્યાં એણે આગમની ટાંગ લગાડવી જોઈએ

નહિ કે આગમમાં આમ કહ્યું છે ને.

એવો જ આ ક્ષેત્રભેદનો વિષય છે. રાગના ક્ષેત્ર જુદાં છે, પર્યાયના પ્રદેશો જુદાં છે, રાગના પ્રદેશો (જુદા છે). એ પણ અધ્યાત્મિક કથન છે. અધ્યાત્મ ભાવને ખેંચવાની વાત છે. એવી રીતે. જ્યારે ખરેખર અધ્યાત્મભાવનો આવિર્ભાવ થાય છે ત્યારે આગમ જ્ઞાન છે એ જ્ઞાન વિપરીત થતું નથી. જેમ કે પાણીનો પ્યાલો આપો એમ કહે ત્યારે એમાં વસ્તુ વ્યવસ્થાનું જ્ઞાન વિપરીત નથી થતું. કહેનારને બરાબર ખબર છે કે પ્યાલો પાણીનો નથી. પ્યાલો ઘન પદાર્થ છે અને પાણી તો પ્રવાહી પદાર્થ છે. પ્યાલામાં પાણી ભરવાની વાત છે. પણ પાણીનો પ્યાલો બોલવમાં, સમજીને બોલવામાં કાંઈ દોષ નથી. કેમકે જ્ઞાન ત્યાં ફરતું નથી. ભાષા બદલાય છે પણ જ્ઞાન બદલાતું નથી.

એમ આગમવ્યવસ્થાનું જ્ઞાન બદલાતું નથી. અધ્યાત્મની ભાષા બદલાઈ જાય છે કે રાગ પુદ્ગલનો છે, પર્યાય પરદ્રવ્ય છે. પરને જાણવું તે ભ્રાંતિ છે. એવી ભાષા આવી શકે છે પણ એમાં જ્ઞાન નથી બદલાતું. જ્ઞાન બરાબર જેમ છે એમ જાણે છે કે વસ્તુ વ્યવસ્થા શું છે. એમ જ્ઞાન બરાબર એના આગમની વસ્તુ વ્યવસ્થાને છોડ્યા વિના અધ્યાત્મ ભાવનો આવિર્ભાવ કરવા માટે ભાવ અને ભાષાનો પ્રયોગ થાય છે ત્યારે વસ્તુ સાધવામાં બરાબર સંતુલન રહે છે. જ્ઞાન વિપર્યાસને પણ પામતું નથી અને સાધ્યની સિદ્ધિ થાય છે.

'સમયસાર'ની ૩૯ ગાથાથી, ૩૮ ગાથા સુધી જીવને અસ્તિથી નિરૂપિત કર્યો છે. જીવ-અજીવ અધિકાર છે ને ? તો ૩૮ ગાથા સુધી જીવનું અસ્તિથી વર્ણન છે અને અજીવ અધિકાર ૩૯ ગાથાથી ૬૮ ગાથા સુધી જે બીજો અધિકાર (છે), એકમાં ને એકમાં પેટા ભેદ છે- અજીવ અધિકાર. એ જીવનું નાસ્તિથી વર્ણન છે. શું શું અજીવ છે ? કે આ ત્રિકાળી ચિત્શક્તિમાત્ર જીવ છે, એ સિવાયનું બીજું બધું અજીવ છે. એમ કરીને અનેક પર્યાયો ૨૯ બોલ સુધીની વાત લઈ લીધી. ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન. માર્ગણાસ્થાનમાં તો જ્ઞાનમાર્ગણા અને સમકિત માર્ગણા છે. તો કહે છે, એ જીવ નહિ. એને અમે અહીંયાં જીવ કહેતા નથી. એને અજીવના ખાતામાં નાખીએ છીએ. સમકિતને કેવી રીતે લઈ જવું ? એ કહેવાની પદ્ધતિ છે. અધ્યાત્મમાં એમ કહ્યા વિના

જે બતાવવા માગે છે, જે જોર દઈને જે વાસ્તવિકતા લાવવી છે...

મુમુક્ષુ :- નિર્વિકલ્પતા સાધી જ ન શકાય.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જ ન શકાય. થઈ જ ન શકાય એમ કહે છે.

તારા પરિણામ ઉપર વિકલ્પની પક્કડ એવી છે, જરાક તપાસી જોજે, કે કાઢ્યા જાતા નથી. છોડ્યા છૂટતા નથી. ક્યાં કેટલી ખાણ છે અને કેટલા નીકળે છે એ ખાણમાંથી એ તપાસે તો ખબર પડે એવું છે કે જીવને વિકલ્પથી છૂટવું એ સહેલી વાત નથી. ત્યારે એને નિર્વિકલ્પ થવા માટે આવા વચન આવ્યા છે અને તે પણ સાધક આત્માઓના શ્રીમુખેથી, ધર્માત્માઓના શ્રીમુખેથી આવા વચન આવ્યા છે તો ત્યાં એવો સંકેત પડ્યો છે, એવી વાત એ સૂચવે છે કે જીવનું કેટલું વજન અધ્યાત્મ તત્ત્વ ઉપર જાય તો અધ્યાત્મ ભાવ પ્રગટે, તો સ્વઆશ્રય થાય. સ્વઆશ્રય થવા માટે કેટલું જોર આવે છે, કેટલું વજન આવે છે એનો એની અંદર સંકેત રહેલો છે. ભાષામાં તો. ભાવ છે એ તો ભાવ છે. પણ ભાષામાં એ વાત સૂચિત કરવી છે. એ વાત બહુ ગંભીરતાથી સમજવા જેવી છે.

મુમુક્ષુ :- 'ધર્મદાસ ક્ષુલ્લકે' સપ્તમ દ્રવ્ય કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એથી (મોટો) ધડાકો કર્યો છે. ભગવાને આગમમાં છ જ દ્રવ્યો કીધા છે. તો કહે, નહિ, મૈં સપ્તમ દ્રવ્ય હૂં. જુદું પડવું છે તો. ભિન્ન પડવું છે ને ? પોતા ઉપર વજન લેવું છે તો હું સપ્તમ દ્રવ્ય છું. હવે ક્યાંય સાત દ્રવ્યની વાત નથી જૈનશાસ્ત્રમાં. તો કહે ના, મૈં સપ્તમ દ્રવ્ય હૂં. એવી કોઈ મસ્તીની વાતો છે. એટલે તો શું છે કે વિદ્વાનો છે એ આગમથી વસ્તુ વ્યવસ્થા સમજી શકે છે. કેમકે એ બુદ્ધિની પહોંચનો વિષય છે. અધ્યાત્મમાં કેવળ બુદ્ધિ લગાવાથી અધ્યાત્મ હાથમાં નથી આવતું. ત્યાં તો બુદ્ધિથી આગળનો એક વિષય ગ્રહણ કરવો પડે છે. ત્યારે અધ્યાત્મમાં આવી શકાય છે.

શું કહે છે (અહીંયાં) ? કે **'તે વિભાવને જાણવાની શક્તિને...'** વિભાવને જ્યારે જ્ઞાન જાણી રહ્યું છે ત્યારે તેમાં કોઈ શક્તિ કામ કરે છે. શક્તિ વિના વિભાવ પણ ન જણાય. જો જ્ઞાનમાં જાણવાની શક્તિ ન હોય તો વિભાવ પણ ન જણાય. એમ કહેવું છે. એ વિભાવની શક્તિને **'આત્મા પોતાની જાણે. જાણરૂપ (જ્ઞાનરૂપ) પરિણમન કરે.'** જાણરૂપ

પરિણમન કરે, જ્ઞાનરૂપ પરિણમન કરે. હવે અહીંયાં જાણરૂપ પરિણમન કરે એટલે જ્યાં પોતાને પોતાનું જે જાણવું થાય છે એ રૂપ પરિણમન કરે. પોતે પોતાને જે જણાઈ રહ્યો છે, જણાઈ રહ્યો છે એટલે અનુભવાઈ રહ્યો છે, વેદાઈ રહ્યો છે એ પરિણમન કરે.

'**જાણરૂપ (જ્ઞાનરૂપ) પરિણમન કરે. જ્ઞાનરસ પીએ,...**' એ પરિણમન કરવામાં પોતાના જ્ઞાનરસનો-જ્ઞાનની શક્તિનો અનુભવ કરે ત્યારે તે જ્ઞાનરસ પીએ. જેમ તૃષા લાગે અને સાકરનું ઠંડુ પાણી, મીઠું સાકરનું ઠંડું પાણી પીએ તો તૃપ્તિ થાય. એમ અહીંયાં જીવ જ્ઞાનરસ પીએ તો એને તૃપ્તિ થાય. એમ લેવું છે. '**જ્ઞાનરસ પીએ, વિભાવોને ન્યારા ન્યારા જાણે.**' જે અભ્યાસ કરવાનો છે એ સ્વભાવ અને વિભાવ વચ્ચેના જુદાપણાનો અભ્યાસ કરવાનો છે. બેની જાત જુદી છે. સ્વભાવ છે એ સ્વના વેદન સ્વભાવે, સ્વના વેદનરૂપપણાએ પ્રકાશરૂપ છે અને વિભાવ છે એ અંધકારરૂપ છે. વિભાવ છે એ જડ જેવો અંધકારરૂપ છે. ક્યાં જડ અને ક્યાં ચૈતન્ય ? ક્યાં પ્રકાશ અને ક્યાં અંધકાર ? આટલો મોટો તફાવત હોવા છતાં જીવ પોતાના સ્વપ્રકાશને જોતો નથી એટલે એને પ્રકાશ અને અંધારા વચ્ચેનો ખ્યાલ પણ આવતો નથી.

આમ કોઈ કહે કે અજવાળુ અને અંધારુ કાંઈ જુદુ જુદું છે એમ ન સમજાય એમ કેમ બને ? બેય એટલા પરસ્પર વિરૂદ્ધ છે કે અજવાળુ અને અંધારું જુદું પાડવું એમાં કઈ મોટી વાત હતી ? એ તો એક બહુ સામાન્ય વાત છે કે આ અજવાળુ અને આ અંધારું. એટલું બધું વિરૂદ્ધ એકબીજાનું સ્વરૂપ છે.

એમ વિભાવનું અને સ્વભાવનું એવું જ વિરૂદ્ધ સ્વરૂપ છે. જ્ઞાનનું સ્વરૂપ જુઓ અને રાગનું સ્વરૂપ જુઓ તો એકમાં અંધકાર છે અને એકમાં પ્રકાશ છે. આટલો મોટો ફેર છે. જીવ પોતે પોતાને ગમે તેટલો બુદ્ધિશાળી સમજતો હોય પણ એના બુદ્ધિનો આંક અહીંયાં છે, માપ અહીંયાં છે કે એક અંધકારસ્વરૂપ છે અને એક પ્રકાશસ્વરૂપ છે. એ બેને જુદાં નથી જાણી શકાતો ? આ તે કઈ જાતની બુદ્ધિ ? આમાં બુદ્ધિ કેટલી ? કેવડી બુદ્ધિ ગણવી એની ? કે પ્રકાશ અને અંધકારને જુદાં સમજી શકે તો એ બુદ્ધિ ચોકડી મૂકવા જેવી છે. કેટલો મોટો સ્વભાવમાં

ફેર છે !

જે તિર્યંચ છે, સમ્યગ્દૃષ્ટિ થાય છે એ ભેદજ્ઞાન કરીને થાય છે. તો પોતાની પર્યાયમાં જ્ઞાનશક્તિરૂપ જ્ઞાનતત્ત્વ અને બાકીનો બધો વિભાવ છે. વેદનથી પકડે છે એટલે એને સીધું પકડાય છે કે અહીંયાં આકુળતા છે. વિભાવમાં આકુળતા છે અને જ્ઞાનસ્વભાવમાં આકુળતા નથી. એનાથી એ જુદું છે. તો એનું જ્ઞાન એ ખરું જ્ઞાન છે, સાચું જ્ઞાન છે, વાસ્તવિક જ્ઞાન છે કે પ્રકાશ અને અંધકારને જુદાં પાડે છે. પણ અંગપૂર્વધારી વિદ્વાન થાય, અંગપૂર્વનું જાણવું થાય એને, પોતાના ક્ષયોપશમજ્ઞાનમાં પણ પરલક્ષી, બહિર્લક્ષી છે તો એ પોતાની જ પર્યાયમાં વિભાવ-સ્વભાવને જુદાં પાડી શકતો નથી. તો જ્ઞાન કોનું વધારે ? કે જે તિર્યંચ ચકલા, દેડકાએ પોતાના સ્વભાવ-વિભાવને જુદાં પાડ્યાં એનું જ્ઞાન વધારે છે. અંગપૂર્વધારીનું નહિ. આમ જ્ઞાનનું માપ છે.

મુમુક્ષુ :- માપ જ જુદાં છે. અગિયાર અંગ સુધી ભણ્યો તોય...

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને એવું દેખાય છે કે ઓહો..! ઘણું જ્ઞાન છે. આ તો ઘણું જ્ઞાન આમને છે, અહીંયાં તો એટલું બધું જ્ઞાન છે. જ્ઞાનની જાત કેવી હોય એ અહીંયાં નક્કી કરવી છે. જ્ઞાન જેને કહીએ એ જ્ઞાનની જાત કેવી હોય ? કે વિભાવની સાથે પોતે પોતાને જોડે નહિ. વિભાવને જાણે તોપણ વિભાવને જુદો જાણે. એ જ્ઞાન વિભાવને જાણશે. જે જ્ઞાન વિભાવથી જુદું પડશે તે વિભાવને નહિ જાણે એમ નથી, પણ વિભાવને પરસ્વરૂપે જાણશે. આમ છે.

પછી કોઈ દલીલ કરે કે આત્મામાં થાય છે ને ? કે આત્મામાં થાય છે એવું આગમ જ્ઞાન એને બરાબર છે. પણ જ્ઞાનમાં વિભાવ થતો નથી અને જ્ઞાનમાં એકત્વ કર્યું છે, સ્વભાવમાં એકત્વ કર્યું છે એટલે સ્વભાવમાં વિભાવ થતો નથી. જ્ઞાનના વેદનમાં વિભાવની નાસ્તિ છે. સ્વવેદનમાં સ્વસંવેદનમાં વિભાવની નાસ્તિ છે તેથી મારામાં વિભાવ નથી. એમ એને વિભાવ ઉપરથી મમત્વ ઊઠી જાય છે.

મુમુક્ષુ :- ક્યા વિભાવના પરિણામ થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદૃષ્ટિપણામાં વિભાવ થાય છે ત્યારે વિભાવની રુચિથી વિભાવ થાય છે, રાગની રુચિથી રાગ થાય છે. એટલે તો 'પૂજ્ય બહેનશ્રી'ના એક વચનમાં બહુ સરસ ટોન છે, એવો ધ્વનિ

છે કે પહેલાં રાગ જતો નથી. પહેલાં રાગની રુચિ મટે છે. વળી રાગની રુચિ તે જ સંસારની રુચિ છે. રાગની રુચિ છે તે જ ભવની રુચિ છે. શબ્દ તો એમ વાપર્યો છે. જે રાગની રુચિ છે તે ભવની રુચિ છે અને ભવની રુચિ છે તે સંસારની રુચિ છે. એવી રીતે વાત લીધી છે.

એટલે રાગને પોતાના જીવની અવસ્થામાં થાય છે એમ જાણવું એક વાત છે અને એને રુચિને, એ રાગ રુચે, પોતાની અવસ્થામાં થાય છે એટલે એને રાગ રુચે અને જણાય એ તદ્દન બીજી વાત છે. જેમાં આકુળતા છે, જે રાગમાં આકુળતા છે અને જેમાં દુઃખ છે એ તને રુચે છે ? આ કઈ જાતની વાત છે ? આ ઊંધાઈ છે.

વળી જીવની એક સમયની જે મિથ્યાદૃષ્ટિ સહિતપણે વિભાવપર્યાય છે, એક ન્યાયે એની પણ શક્તિ બહુ મોટી છે કે અંદર આત્મા અનંત શક્તિનો ધણી હોવા છતાં પરિપૂર્ણ શુદ્ધ ભગવાનસ્વરૂપે હોવા છતાં અને એનું સામર્થ્ય એવું છે કે એને કાંઈ કોઈ કરી શકે નહિ અને કાંઈ થઈ શકે નહિ એવો હોવા છતાં, સદાય શુદ્ધ રહેતો હોવા છતાં એક સમયની મિથ્યાત્વની પર્યાય એને ગણકારતી નથી. શું કરે છે ? એવા મહાન તત્ત્વને આ મિથ્યાત્વની પર્યાય ગણકારતી નથી. એની ઉપેક્ષા કરીને પ્રવર્તે છે. એ પણ એનું ઓછું જોર નથી. એટલે એ ખ્યાલમાં રાખીને એને જોરથી ધક્કો મારવો પડે છે, જાટકો મારીને એને ટાળીને છોડાવવી પડે છે. જોર કરવા માટે એને અત્યંત જોર કરવું પડે છે. પૂરું જોર એક બાજુ લઈ જાય ત્યારે માંડ ઉખડે છે. અને એ વગર ત્યાં વાસ્તવિક ઉપાય બીજો કોઈ નથી. આ જ વાસ્તવિક ઉપાય છે.

**'વિભાવોને ન્યારા ન્યારા જાણે. વિભાવરૂપ કર્મધારા, જ્ઞાનપરિણામરૂપ સુધાધારા...'** જુઓ ! જ્ઞાનપરિણામરૂપ જ્ઞાનધારા એમ ન લીધું. પણ જ્ઞાનપરિણામરૂપ અમૃતધારા એમ કહે છે. સુધાધારા. જ્ઞાનમાં અમૃત લીધું છે. જ્ઞાનરસ પીવડાવે છે ને ? જ્ઞાનરસ પી એમ કહે છે. 'ગુરુદેવ' પાસે એ વાત સાંભળવા એકવાર એવો પ્રસંગ આવ્યો. (આપણા એક મુમુક્ષુ) હોસ્પિટલમાં હતા. દેહ છૂટવાનો કાળ નજીક હતો. પોતે ઠેઠ સુધી ભાનમાં હતા. સુધ નહોતી ગઈ. અશક્તિ તો ઘણા વખતથી હતી. (સંવત) ૨૦૨૬ની સાલમાં આપણી પ્રતિષ્ઠા થઈ. ૯મી મે તારીખે પ્રતિષ્ઠા પૂરી થઈ અને ૩૧મી તારીખે એમણે દેહ

છોડ્યો છે. પ્રતિષ્ઠામાં તો બાજુના સ્કુલના મકાનમાં રહ્યા હતા. બહુ ભાવનાવાળા હતા. આગલે દિવસે વાત કરી કે 'ગુરુદેવ'ના દર્શન કરવા છે. શનિવાર હતો. ૩૧મીના રવિવાર આવતો હતો. રવિવારે તમે જાવ છો તો 'ગુરુદેવ'ને વિનંતી કરવી છે, 'ગુરુદેવ'ના દર્શન કરવા છે. તો એ દિવસે ૩૧મીએ દેહ છોડવો. મેં કીધું, હું તો જાવ છું પણ છોકરાવને મોકલજો. બે છોકરાવને મોકલજો 'ગુરુદેવ'ને વિનંતી કરવા. વ્યાખ્યાન પછી રૂમમાં ગયો. સાહેબ ! તબિયત ખરાબ થઈ ગઈ છે અને આપના દર્શન કરવા માટે વિનંતી કરી છે. સામાન્ય ખબર પૂછ્યા ઉપરથી ખ્યાલ આવ્યો કે શરીર તો બહુ ક્ષીણ થઈ જ ગયું હતું. આયુષ્યની તો કોને ખબર પડે કેટલું કાઢે ? (ગુરુદેવે કહ્યું), આપણે આમેય 'પાલીતાણા' જઈએ છીએ ને આજે 'ભાવનગર' જાશું. રવિવારે 'પાલીતાણા' પધારતા હતા 'ગુરુદેવ'. આજે 'ભાવનગર' જઈશું.

લગભગ આહાર કરીને પછી અહીંયાં બાર વાગ્યા આસપાસ આવ્યા હતા. બોલવાની તો શક્તિ નહોતી. કેમ છે ? પ્રસન્નતા વ્યક્ત કરી. 'ગુરુદેવ'ના દર્શન કર્યાં એટલે પ્રસન્નતા તો સહેજે થાય. દેહ છૂટવાનો હતો એટલે વેદના અશાતાની ઘણી હતી. અશાતાની વેદના શરીરમાં ઘણી હતી. આગલી રાતથી. એટલે રાતે લગભગ સૂતા નહોતા. અને એમાં આ એક લઢણ થઈ ગયું હતું દર્શન કરવાનું. એટલે બે વાગ્યા, ત્રણ વાગ્યા એટલે છોકરા દવાખાનામાં સાથે સૂતા હતા એને ઉઠાડે. મોડું ન થાય, હોં ! જલ્દી ઊઠજે. સવારે વહેલા 'સોનગઢ' જવાનું છે. પાછો તું જલ્દી તૈયાર થઈ જજે, જલ્દી ઊભો થઈ જજે, જલ્દી... એને તો ઊંઘ આવવાનો સવાલ નહોતો વેદના હતી એટલે. અડધી રાતથી છોકરાને વારંવાર જગાડે. જોજે પાછો સૂઈ જતો નહિ, ઊંઘી જતો નહિ. મોડું થાય નહિ. સવારે 'સોનગઢ' જવાનું છે.

'ગુરુદેવ' પધાર્યા. કેમ છે ? એમ પૂછ્યું. વાત કરી શકે એવી તો એમની શક્તિ નહોતી. પણ પ્રસન્નતા વ્યક્ત કરી. દવા લ્યો છો ? માથું ધુણાવ્યું. સહેજ માથું હલાવ્યું. બોલવાની શક્તિ નહોતી. દવા તો ઠીક હવે, 'જ્ઞાનસુધા રસ પીજે'. આટલા શબ્દ કહ્યા હતા એ વખતે. 'જ્ઞાન સુધારસ પીજે.' એક પદ આવે છે એવું. 'જ્ઞાન સુધારસ પીજે'. એ એકલું જ્ઞાન છે એ એટલું શાંત અને અમૃતસ્વરૂપ છે કે એનું આસ્વાદન

છે એ જ્ઞાનસુધારસ છે ખરેખર. એકલા ભિન્ન જ્ઞાનનું વેદન છે, આસ્વાદન છે એ જ્ઞાનસુધા છે. એને પી, એમ કહે છે. ભિન્ન પડીને એને પી. એનો અનુભવ કર. એ જ્ઞાનસુધારસ પીજે એમ કહ્યું ને એને બહુ પ્રસન્નતા થઈ. મોઢા ઉપર પ્રસન્નતા ઘણી આવી ગઈ. બસ, તે દિવસે સાંજે છ-સાત વાગ્યાના ગાળામાં શરીર છોડી દીધું હતું.

મુમુક્ષુ :- જ્ઞાનસુધારસ, જ્ઞાન અમૃત છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન અમૃત છે. વેદનનો વિષય છે ને ? એકદમ વેદનનો વિષય છે. પોતે જ વેદક છે, પોતે જ વેદ્ય છે. વેદ્યવેદક પોતે જ છે. એમ છે.

અહીંયાં કહે છે કે '**વિભાવરૂપ કર્મધારા,...**' આકુળતાની એક ધારા છે-પરિણતિ છે. અને '**જ્ઞાનપરિણામરૂપ સુધાધારા...**' અમૃતધારા.

મુમુક્ષુ :- પરિણામરૂપ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનપરિણામરૂપ. વેદન તો પરિણામમાં છે ને ? અમૃતનું વેદન તો પરિણામમાં હોય છે.

'**બંને ધારાને ન્યારી ન્યારી જાણે,...**' બંને ભિન્ન ભિન્ન સ્વભાવવાળી છે. એક દુઃખરૂપ છે, એક સુખરૂપ છે, અમૃતરૂપ છે. એ '**બંને ધારાને ન્યારી ન્યારી જાણે, પુદ્ગલ-અંશ આઠ કર્મ અને શરીર ભિન્ન છે,...**' પુદ્ગલ-અંશ આઠ કર્મ અને શરીર એ બધા પુદ્ગલના અંશો, પુદ્ગલનો ઠાઠ છે. એ ભિન્ન છે, જડ છે.

'**ચેતન ઉપયોગમય છે,...**' આ પદ્ધતિ બહુ સુંદર છે. જે વર્તમાન ઉપયોગ છે એ રૂપ શક્તિનું છે. જ્ઞાનમાંથી જ્ઞાનના વ્યાપાર ઉપયોગરૂપ થવું, જ્ઞાનના જ્ઞાનોપયોગરૂપ થવું એ શક્તિનું સ્વરૂપ છે. શક્તિને શુદ્ધ પરિણમન સ્વરૂપે જોવી. એટલે શુદ્ધપરિણમનશીલ જેનો સ્વભાવ છે એવા સ્વરૂપે એને જોવી. 'દીપચંદજી'ની કથન શૈલી જ એવી છે.

મુમુક્ષુ :- પાછળ ચોથી લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપશક્તિને જ્ઞાન દ્વારમાં જાણનલક્ષણ વડે જાણે. એ છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'પોતાના ભ્રમથી .. શુદ્ધ અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વતી શક્તિસહિત છે.' શુદ્ધ અશુદ્ધ બંને દશામાં જ્ઞાન તો શાશ્વતી શક્તિ સહિત છે. એની જે ત્રિકાળ શક્તિ છે એ રૂપ જ્ઞાન તો પોતાની શક્તિ સહિત જ છે. એટલે સ્વરૂપશક્તિને જ્ઞાન દ્વારમાં ગ્રહણ કરવી, પકડવી, જાણવી. અથવા તો શક્તિને શુદ્ધ પરિણમનશીલ સ્વભાવે જોવી. શુદ્ધ પરિણમનશીલ સ્વભાવે જોવી.

એ એક 'સમયસાર'નું બહુ વિશિષ્ટ પ્રકરણ છે આખું. ૪૭ શક્તિઓનું વર્ણન 'ગુરુદેવે' એવી પદ્ધતિથી કર્યું છે કે જ્યાં શક્તિને જોવા જાય છે ત્યાં એ રૂપ પરિણમન થઈ જાય છે. શક્તિ પરિણમી જાય છે. શક્તિને જોવા જાય છે કે હું તો શુદ્ધ પરિણમન સ્વભાવવાળો છું. ત્યાં એ શક્તિ એ રૂપે જ પરિણમી જાય છે. આટલું સાધ્ય સાધકપણું કેટલું નિકટ છે. ૪૭ શક્તિની એ રીતે શૈલી લીધી છે.

મુમુક્ષુ :- એમ કહેવું છે કે ભાવના પ્રમાણે શક્તિ પરિણમે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. શક્તિનું સ્વરૂપ કેવું છે ? શક્તિરૂપે રહેવું તે શક્તિનું સ્વરૂપ છે એમ જોવાને બદલે શુદ્ધ વ્યક્તિરૂપે પરિણમવાનો જેનો સ્વભાવ છે એવી શક્તિ છે. એમ જોવું. અને એમ જોતાં, શક્તિને એમ જોતાં પરિણમનમાં શક્તિ પરિણમી જાય છે. શુદ્ધપણે પરિણમી જાય છે. એવી શૈલી લીધી છે. બહુ અનુભવપૂર્ણ શૈલી છે.

મુમુક્ષુ :- ૪૭ શક્તિ ઉપરના પ્રવચનમાં પણ એવી શૈલી આવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ શૈલી આવી છે 'ગુરુદેવ'ની. ૪૭ શક્તિના પ્રવચનમાં માત્ર શક્તિની શક્તિરૂપપણે વ્યાખ્યા નથી લીધી. એ 'અમૃતચંદ્રાચાર્ય'ની વ્યાખ્યા કરવાની જે પદ્ધતિ છે (એવી જ પદ્ધતિ છે).

જેમ કે પ્રકાશશક્તિની વ્યાખ્યા કરી. તો '**સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ.**' એમ લઈ લીધું. તો સ્વસંવેદનમયપણે પરિણમવાનો જેનો સ્વભાવ છે એને પ્રકાશશક્તિ કહીએ. એમની જે આચાર્યદેવની કથન કરવાની પદ્ધતિ છે, એવી જ એ વ્યાખ્યાનની પદ્ધતિ એથી વધારે સ્પષ્ટ થઈને આવી છે. અને આખા 'સમયસાર'માં પણ એ ધ્વનિ છે કે આત્મા જ્યાં જ્યાં બતાવ્યો છે ત્યાં એવો ધ્વનિ ઊઠે છે, ભાષામાં એવો ટોન રહેલો છે. એ વિશિષ્ટતા છે. સૂત્રકર્તા આચાર્યની અને ટીકાકર્તા આચાર્યની, બંનેની એ વિશિષ્ટતા છે. અહીં સુધી રાખીએ...

## તા. ૮-૪-૧૯૮૬, પાના નં. ૮૩, પ્રવચન નં. ૧૪૬

પાનું-૮૩. પેરેગ્રાફથી પાંચમી લીટી. '**પુદ્ગલ-અંશ આઠ કર્મ અને શરીર ભિન્ન છે, જડ છે, ચેતન ઉપયોગમય છે,...**' આત્મા ચેતન છે, ઉપયોગમય છે. '**(એમ) એનામાં વિવેચન કરે.**' વિવેચન કરે એટલે પૃથક્કરણ કરે. ઉપયોગને પકડીને. જુદાં પાડવાનું સાધન લીધું છે કે પુદ્ગલ પરમાણુરૂપ આઠ પ્રકારના જે કર્મ છે અને શરીર છે એ તો પ્રગટ જડ છે અને ભિન્ન છે. આત્મા ચેતન ઉપયોગમય છે. ત્યાંથી જુદા પાડે. કર્મના પરમાણુમાં મારો ઉપયોગ નથી અને શરીરમાં પણ મારો ઉપયોગ નથી. શરીરમાં ઉપયોગ નથી. એ ઉપયોગમાં ઉપયોગ છે એવી પક્કડ આવે તો શરીરમાં ઉપયોગ નથી એમ લાગે. નહિ તો શરીરનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર આકાશના નિમિત્તે એક જ ક્ષેત્ર હોવાથી, આકાશનું બંને એક જ ક્ષેત્ર રોકતા હોવાથી અને જ્યાં જ્યાં ગમન-આગમન થાય છે ત્યાં પણ બંને સાથે રહેતા હોવાથી, તેમજ દેહાત્મબુદ્ધિના ગાઢ સંસ્કારને લીધે શરીરની શાતા-અશાતામાં પોતાની શાતા-અશાતા વેદાતી હોવાથી ઇચ્છાને અનુકૂળ કેટલાક શરીરના કાર્યો પણ ભજતા દેખાતા હોવાથી શરીર જડ છે અને ભિન્ન છે, શરીરમાં જીવનો ઉપયોગ નથી. જીવનું જ્ઞાન શરીરમાં નથી. એ જ્ઞાનને જુદું પકડ્યા વિના શરીરનું ખોખું જુદું દેખાય એવું નથી.

શરીર તો એક ચૈતન્યપિંડને ચૈતન્યહીરાને રહેવાની એક ડાબલી જેવું છે. શરીર એટલું નજીક છે કે શરીરમાં કાંઈ ફેરફાર થાય અને પોતાને ફેરફાર ન થાય એવું લાગતું નથી. છતાં ઉપયોગને પકડવામાં આવે, ચેતન ઉપયોગને પકડવામાં આવે, ઉપયોગની વ્યાપ્તિ જોવામાં આવે તો ઉપયોગ ઉપયોગમાં વ્યાપેલો છે, ઉપયોગની બહાર એક પણ શરીરના જડ પરમાણુમાં ઉપયોગની વ્યાપ્તિ નથી. આ થોડું અંદરના અભ્યાસથી નક્કી કરવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ઉપયોગમાં ઉપયોગની વ્યાપ્તિ ..

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ઉપયોગમાં વ્યાપેલો છે. પણ એક

પણ રજકણમાં ઉપયોગ વ્યાપેલો નથી. નખ ઉતરે છે એમાં ઉપયોગ વ્યાપેલો નથી. ચામડીની છોલ ઉતરે છે તો એમાં જુદી પડે છે કે નહિ ? એમાં કાંઈ ઉપયોગ વ્યાપેલો નથી.

મુમુક્ષુ :- કહે છે ને કે એકાકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાવથી. ભાવથી શરીરમાં એકાકાર થઈ ગયો છે એ ભાવથી. એવો ભાવ કર્યો છે કે હું શરીરમય છું, શરીર સ્વરૂપ છું. જેવું શરીર દેખાય છે એવો હું છું. એવો ભાવ જરૂર કર્યો છે. પણ અહીંયાં તો ભેદજ્ઞાન કરાવે છે. પ્રકરણ અહીંયાં એ ચાલે છે કે એનાથી ઊલટો ભાવ કરવો છે હવે. એ કેવી રીતે કરે ?

જે ભાવથી શરીરમાં એકાકાર થયો છે તેનાથી ઊલટો ભાવ તદ્દન કરવો છે એ કેવી રીતે કરે ? કે **'ચેતન ઉપયોગમય છે,...'** અને શરીર ઉપયોગમય નથી. ઉપયોગની સાથે તન્મયતાવાળું શરીર નથી. જ્ઞાનમય ઉપયોગ, એમાં જ ઉપયોગનું વ્યાપવું થાય છે અને એથી બહાર એક પણ રજકણમાં ઉપયોગનું વ્યાપવું થતું નથી. આમ ઉપયોગના વ્યાપવાપણા વડે પોતાનું અવલોન કરે તો એને શરીરનું ખોખું પોતાની બાજુમાં કોઈ પાડોશી રહે છે એ પ્રમાણે એને જુદું દેખાય, જુંદું લાગે, જુદું ભાસે કે શરીર જુદું છે અને ઉપયોગમય એવો હું ચૈતન્યસ્વરૂપી આત્મા જુદો છું. એવું એને જણાય.

'**(એમ) એનામાં વિવેચન કરે.**' એટલે એવું જુદાંપણું કરે, એવું પૃથક્કપણું કરે. જુદાપણું કરે એટલે શું ? પદાર્થ તરીકે તો પદાર્થ જુદાં જ છે. આત્મા જે ચેતનપદાર્થ છે એ તો ચેતનપદાર્થ તરીકે અચેતન જડ પરમાણુ સ્વરૂપે, પોતાનો સ્વરૂપનો, ચૈતન્યસ્વરૂપનો ત્યાગ કરીને ક્યારેય જડ પરમાણુરૂપે થયો નથી. જે સ્વરૂપે કરીને જુદાં છે, સ્વભાવે કરીને જુદા છે, વસ્તુપણાએ કરીને જુદા છે, દ્રવ્યથી જુદાં છે તેને જુદાં જાણવા છે. એક છે એને જુદા પાડવા છે એમ નથી. પણ જુદાં છે એને જેમ છે તેમ જાણવા છે.

મુમુક્ષુ :- ઉપયોગ એટલે જ્ઞાનની સ્વચ્છતા લેવી ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ એટલે જ્ઞાનનો પર્યાય, જ્ઞાનનો વ્યાપાર. સ્વચ્છતાનો ભલે વિચાર આમાં ન હોય પણ ચૈતન્યપણું, ઉપયોગમપણું અને અનઉપયોગમયપણું, જડપણું એમ બેને જુદું પાડવું

છે અહીંયાં. કેમકે સ્વચ્છતા લઈને આમાં શું પ્રતિબિંબ પડે છે એ વિચાર અહીંયાં નથી કરવો. ઉપયોગની સ્વચ્છતામાં કોનું પ્રતીબિંબ પડે છે એ અહીંયાં વિચારનો વિષય નથી કે અહીંયાં એવું કાર્ય કરવાનો અહીંયાં વિષય નથી.

અહીંયાં તો એ ઉપયોગમય પોતે છે અને ઉપયોગ વિનાના પરમાણુના સ્કંધરૂપ, જથ્થારૂપે દેહનો પિંડ છે. એક ચૈતન્યપિંડ છે, એક દેહનો પિંડ છે. એકમાં ઉપયોગ પ્રવર્તે છે, એકમાં ઉપયોગ નથી. એકમાં ઉપયોગમય જીવન છે, એકમાં ઉપયોગ નથી એવું અચેતનપણું છે. એ ઉપયોગને જુદો પાડે, ઉપયોગથી એનું જુદાંપણું જોવે.

મુમુક્ષુ :- ઉપયોગ એટલે જાણક, જાણક, જાણક સ્વભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે ઉપયોગ પ્રવર્તી જ રહ્યો છે, પોતે ઉપયોગમય છે, ચૈતન્યમય છે. એવા ચૈતન્યભાવને, માત્ર ચૈતન્યભાવને, માત્ર ઉપયોગને અવલોકીને, જેનામાં ઉપયોગ નથી વ્યાપતો એવું ભલે નજીકમાં રહેલું શરીર છે તોપણ એ ઉપયોગ વિનાનું જુદું છે, જડ છે એમ જોવે.

એમ જોવું હોય તો નખ ઉતરે છે. તો એમાં કાંઈ ઉપયોગ પોતાનો જાય છે. ત્યાં કાંઈ ઉપયોગનું વ્યાપવું થાય છે ? ચામડીની છોલ ઉતરી જાય છોલાઈને, તો એ જુદાં પરમાણુ જોવામાં આવે છે. ઉપયોગ ત્યાં સાથે જતો નથી. ત્યાંથી માંડીને કોઈ અંગ-ઉપાંગ કપાય જાય, છેદાય જાય, ભેદાય જાય તો એ જડ જુદો પડી જાય છે. આ ઓપરેશન કરીને કાપે છે કે નહિ ? અંદરના અવયવો કાપે છે, બહારના અવયવો કાપે છે. ઓપરેશન કરીને જુદું બતાવે છે. જુઓ, આ કાપેલું. ઉપયોગ ત્યાં નથી. એ તો જડ પરમાણુના સ્કંધો છે. ત્યાં ઉપયોગનું વ્યાપવું થતું નથી. જુદું પડે ત્યારે ઉપયોગ વ્યાપતો નથી. અરે..! જુદું નથી પડતું ત્યારે પણ એ પરમાણુમાં ઉપયોગ વ્યાપતો નથી. એનો પ્રવેશ નથી, દેહમાં ઉપયોગનો પ્રવેશ નથી. એમ લેવું છે.

મુમુક્ષુ :- દેહધારી ત્યાં ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો ચૈતન્યપિંડ છે એને ખબર પડે છે. કીડી ચાલે છે. ભાગે નહિ. કીડી ચાલે છે તોપણ ત્યાં ચૈતન્ય છે એને ખબર પડે છે. શરીરને ખબર કાંઈ નથી પડતી. આમ જુદું પાડવું છે.

ખબર પડે છે, જેને જ્ઞાન થાય છે, જે ઉપયોગની વ્યાપ્તિ છે એ પદાર્થ, ચૈતન્યમય પદાર્થ કોઈ જુદો પદાર્થ છે અને શરીર એ કોઈ જુદો પદાર્થ છે. બંનેને સ્વભાવથી એકદમ વિરૂદ્ધપણું છે. એક ચેતન છે અને એક જડ છે. બેને એકસરખાપણું છે નહિ.

'**વિવેચન કરે.**' એટલે જુદું પાડે, જુદું જાણે. '**જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડરૂપે રહે છે.**' એવી પ્રતીતિ કરે, ખાતરી કરે. એવી એની નિષ્ઠા થવી જોઈએ. એવો એનો વિશ્વાસ થવો જોઈએ કે શરીરનું ગમે તે થાવ તોપણ મારું કાંઈ થવાનું નથી. કોઈપણ શરીરની હાલત થવા છતાં આત્મા અખંડ ચૈતન્યસ્વરૂપી દ્રવ્ય છે એમાં ખંડિતતા અંશમાત્ર પણ થવાની નથી. હું અખંડ ચૈતન્ય દ્રવ્યરૂપે શાશ્વતપણે અનાદિઅનંત મારા સ્વરૂપમાં રહેલો છું. એવા મારા સ્વરૂપ અસ્તિત્વને જરા પણ હરકત પહોંચાડી શકે, બાધા પહોંચાડી શકે, જફા પહોંચાડી શકે, એવું કાંઈ થઈ શકવું અશક્ય છે. એમ પોતાના ચૈતન્ય ઉપયોગથી, ચૈતન્યદ્રવ્યને, ચૈતન્યમય જ્ઞાનમય ઉપયોગથી ચૈતન્યદ્રવ્યને જુદું જાણે, જુદું પ્રતીત કરે.

મુમુક્ષુ :- અત્યારે મડદું છે આ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મડદું જ છે. અત્યારે જ મડદું છે. જુદું પડે, દ્રવ્યથી જુદું પડે, ક્ષેત્રથી દ્રવ્ય જુદું પડે ત્યારે મડદું છે એમ નહિ. ક્ષેત્રથી દ્રવ્ય જુદું નથી પણ દ્રવ્યથી દ્રવ્ય જુદું છે. અત્યારે ક્ષેત્રથી દ્રવ્ય જુદું ભલે ન દેખાય પણ દ્રવ્યથી તો દ્રવ્ય જુદું છે. એને જુદું જાણવાનું સાધન ઉપયોગ છે.

એ તો અહીંયાં લીધું ને ? સાધન તરીકે ઉપયોગ લીધો. ૭૮ પાને પેરેગ્રાફ છે. '**ઉપાય પોતાના સ્વરૂપને પામવાનો,...**' એટલે પોતાના સ્વરૂપને અનુભવવાનો ઉપાય '**પોતાનો ઉપયોગ છે.**' પોતાના ઉપયોગને જોવે તો એમાં શરીરનો ઉપયોગમાં પ્રવેશ નથી અને શરીરમાં ઉપયોગનો પ્રવેશ નથી. આ જરા અભ્યાસ કરવા જેવો વિષય છે. શરીરની પ્રક્રિયાઓ આપોઆપ થાય છે. ઉપયોગ ઉપયોગમાં રહે છે. ઉપયોગ શરીરની કોઈ પ્રક્રિયાને કરતો નથી અને શરીર કાંઈ ઉપયોગને કરતું નથી. બસ, આ અભ્યાસવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- બધા જીવ છે, અત્યાર સુધી આ બધું...

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિથી ઊંધા સંસ્કારવશ દેહાત્મબુદ્ધિએ જ જીવ પરિણમે છે. ધર્મ કરે તોપણ મેં આમ કર્યું... મેં આમ કર્યું... મેં પૂજાના દ્રવ્યોને ચડાવ્યા, મેં સ્વાહા કર્યું, મેં સ્નાન કર્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું. બધી શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માનીને એણે ધર્મ કર્યો હોવાનું માન્યું. ધર્મ થયો નથી પણ ધર્મ થયો હોવાનું માની લીધું છે. પણ ચેતન અને જડની એકત્વબુદ્ધિ એ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન અજ્ઞાનરૂપ અધર્મ છે. એ જ અધર્મ છે. એ જ અનંત પરિભ્રમણનું મૂળ કારણ છે. નવા નવા દેહ ધારણ કરવાનું કારણ પણ પોતે દેહમાં એકત્વભાવે પ્રવર્તે છે એટલે નવા દેહ ધારણ કરે છે. દેહથી ભિન્ન ભાવે પરિણમે તો એને નવા દેહ આવવાનું કારણ થતું નથી. ભાવે છૂટે છે તો દ્રવ્યે છૂટી જાય છે.

મુમુક્ષુ :- દેહના પરમાણુ સાથે આત્માના પરમાણુ ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્માને પરમાણુ ક્યાં છે ? આત્મા તો એક અખંડ પ્રદેશી ચૈતન્યદ્રવ્ય છે. ચૈતન્યપિંડ એ આત્મા છે. એમાં કોઈ પરમાણુ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્માના પ્રદેશો. પરમાણુ નહિ પણ પ્રદેશો કહે છે, ક્ષેત્ર કહે છે. આત્માના ક્ષેત્ર ઉપર જાણવાનું કાર્ય થતું હોવાથી, આત્માના ક્ષેત્રમાં ઉપયોગરૂપ જાણવાનું કાર્ય થતું હોવાથી એને ખ્યાલ આવે છે. એમ છે. એ પ્રદેશ છે. આત્માના ચૈતન્યના પ્રદેશ છે ત્યાં. ત્યાં રહેલી ચામડી જાણતી નથી. કીડી ચાલે છે ચામડી ઉપર. એ ચામડીના પરમાણુ કાંઈ જાણતા નથી. અને નથી જાણતા એની ખાતરી કે ત્યાંથી છોલ ઉતરી જાય તો ખ્યાલ આવે છે કે આ તો કાંઈ નથી, માટી જ છે. જેમ પરમાણુની માટી છે એવી માટી જ છે. એટલે બે જાણનાર તત્ત્વ જુદું છે, ચૈતન્યતત્ત્વ જુદું છે એ ઉપયોગથી નક્કી કરવું જોઈએ. પોતાના ઉપયોગમાં પોતાનું અહંપણું, પોતાપણું જો લાગે તો ઉપયોગબહાર જે કાંઈ પદાર્થો છે એમાં પોતાપણું ન લાગે.

જીવ અન્ય પદાર્થમાં પણ પોતાપણું ક્યારે કરે છે ? કે પોતાના ઉપયોગમાં પોતાપણું રાખતો નથી ત્યારે કરે છે. શરીર તે હું એમ ક્યારે થાય છે ? કે જ્ઞાન તે હું છું, એવું એના જ્ઞાનમાં જ રહેતું નથી. એના

જ્ઞાનમાં જ જ્ઞાન તે હું એમ નથી રહેતું. ત્યારે એને જ્ઞાનમાં પ્રતિભાસિત થતાં, પ્રતિબિંબિત થતાં બીજા પદાર્થોને વિષે અહંપણું, હુંપણું થઈ આવે છે. એ એનો ભાવ, મિથ્યાભાવ છે. કેમકે બીજા પદાર્થો સ્વરૂપે તો આત્મા છે જ નહિ, થયો જ નથી.

મુમુક્ષુ :- આત્મામાં સ્પર્શ ગુણ નથી. એના ઉપરથી એમ નક્કી થાય કે આત્મા શરીર સ્પર્શતો નથી. કારણ કે સ્પર્શ ગુણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પર્શ ગુણ જ નથી. એક રજકણને આત્મા ક્યારેય સ્પર્શ્યો નથી.

મુમુક્ષુ :- જો સ્પર્શે તો એનામાં સ્પર્શ ગુણ સાબિત થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- સાબિત થઈ જાય. સ્પર્શને જાણવાની શક્તિ છે. સ્પર્શ ગુણની જે આઠ પર્યાયો છે, સ્પર્શ ગુણને આઠ પર્યાયો લીધી છે. સ્નિગ્ધ, રૂક્ષ, ભારેપણું, વજનપણું એવી જે એની આઠ પર્યાયો છે એને જાણવાની શક્તિ ઉપયોગમાં છે પણ પોતામાં સ્પર્શપણું નથી. અસ્પર્શ સ્વભાવી છે. '**अरसमरूवमगंधं**' એ ગાથા લીધી છે ને ? અલિંગગ્રહણની ગાથામાં એ જ વિષય છે.

આત્મા કોઈપણ પદાર્થને, બીજા ચેતનદ્રવ્યને સ્પર્શી શકતો નથી. બીજા અચેતન પરમાણુને પણ આત્મા સ્પર્શી શકતો નથી, આકાશને સ્પર્શી શકતો નથી, કોઈને સ્પર્શી શકતો નથી. સ્પર્શવાનો એનામાં ધર્મ નથી, ગુણ નથી, પર્યાય નથી, કાંઈ નથી. જગતનું નિરાલંબ ચૈતન્યતત્ત્વ પોતે પોતાની શાશ્વત હયાતી, એ રૂપ એનો સ્વભાવ છે એ સ્વભાવે રહેલો છે. બસ. એને કોઈની આવશ્યકતા નથી, ટકવા માટે, નભવા માટે, રહેવા માટે કોઈની આવશ્યકતાની એને જરૂર નથી.

મુમુક્ષુ :- ઉપયોગ શરીરમાં રહેતો નથી તો વિકલ્પમાં પણ એમ જ સમજવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પમાં પણ એમ સમજવું કે વિકલ્પ જુદો છે અને ઉપયોગ જુદો છે. એટલે વિકલ્પને જડ કહે છે. જેમ જડમાં ઉપયોગનો પ્રવેશ નથી, એમ રાગ અને વિકલ્પમાં ઉપયોગનો પ્રવેશ નથી. બંને જુદાં જુદાં છે. વિકલ્પ દુઃખરૂપ છે, ઉપયોગ દુઃખરૂપ નથી. ત્યાંથી તો ભેદજ્ઞાન કરાવે છે. ઉપયોગ છે એમાં દુઃખ નથી અને વિકલ્પમાં એકાંતે દુઃખ જ છે. સિવાય દુઃખ બીજું એમાં કાંઈ નથી.

મુમુક્ષુ :- ઉપયોગ ને વિકલ્પમાં...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ એટલે પરઅભિલાષરૂપ રાગ છે. એ રાગ છે એ બુદ્ધિપૂર્વક વિચારમાં ખ્યાલમાં આવે છે કે મને ખાવાનો રાગ થયો, મને બોલવાનો રાગ થયો, બોલવાનો વિકલ્પ થયો. ઈચ્છા થાય છે ને ? એ અને જ્ઞાન જુદી જુદી ચીજ છે. જ્ઞાન ઉપયોગ જુદી ચીજ છે, વિકલ્પ જુદી ચીજ છે. બેનો જાતિ સ્વભાવ તદ્દન પરસ્પર વિરૂદ્ધ છે. જેમ જડ અને ચેતન પરસ્પર વિરૂદ્ધ છે, એમ ઉપયોગ અને વિકલ્પનો સ્વભાવ પરસ્પર વિરૂદ્ધ છે. તદ્દન વિરૂદ્ધ છે. એકબીજાના ઘાતક સ્વભાવે રહેલા છે. વિકલ્પનું જોર વધે તો જ્ઞાનને ઘાતે, જ્ઞાનબળ વધે તો (વિકલ્પને) ક્ષીણ કરે. એકબીજાના ઘાતકસ્વભાવી છે. સામેસામા છે. એકબીજાને જરાપણ અનુકૂળ નથી. એવા વિરૂદ્ધ જાતિના ભાવો છે.

મુમુક્ષુ :- એક વિકારી ભાવ અને એક અવિકારી ભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- એક સ્વભાવરૂપ છે, એક વિભાવરૂપ છે. સ્વભાવ-વિભાવ જુદાં છે. એકમાં ચૈતન્યપ્રકાશ છે, ચૈતન્યનું વેદન છે. બીજામાં અંધકાર છે. અજવાળા અને અંધારા જેટલો એમાં ફેર છે.

'**જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડરૂપ રહે છે.**' જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડ સ્વરૂપે રહે છે. '**સદા (ક્યારેય) તેમાં ચેતનાનો પ્રવેશ ન થાય, ચેતના જડ ન થાય, એ પ્રત્યક્ષ સર્વ ગ્રંથો કહે છે, સર્વ જન કહે છે. જિનવાણી વિશેષ કરીને કહે છે. (તથા) પોતાના જાણવામાં પણ આવે છે.**' આટલી વાત લીધી છે. '**શરીર પ્રત્યક્ષ જડરૂપ રહે છે. સદા (ક્યારેય) તેમાં ચેતનાનો પ્રવેશ ન થાય,...**' પરમાણુમાં ઉપયોગનો પ્રવેશ થઈ શકતો નથી.

પાણી અને તેલ બંને પ્રવાહી છે. પણ તેના ડબામાં પાણી નાખો તો પાણી જુદું રહે અને પાણીની બાલદીમાં તેલના ટીપાં નાખો તોપણ તેલ જુદું રહે. બે એકસાથે ન રહે. પાણી વજનદાર છે, તેલ હળવું છે. એટલે એનું વિજ્ઞાન જે છે એ પ્રમાણે પાણી નીચે રહે છે. ભારે હોય તે નીચે બેસે, હળવું હોય તે ઉપર રહે છે. પાણીની બાદલીમાં તેલના ટીપા નાખો તો એ ઉપર ઉપર તરશે. એ નીચે નહીં જાય. પણ તેલના ટીપડામાં પાણી નાખો તો પાણી નીચે વયું જાશે, તેલ ઉપર રહેશે. કેમકે

એ વજનથી વધારે છે. પણ બે એક નહિ થાય. પણ બેય પ્રવાહી છે ને ? કે ભલે પ્રવાહી હોય તોપણ બંને પોતપોતાના સ્વરૂપે રહે છે. તેલના કુંડાળામાં પાણી પ્રવેશતું નથી.

એમ ઉપયોગના કુંડાળામાં જડ રજકણનો પ્રવેશ નથી, જડના કુંડાળામાં ઉપયોગ જાતો નથી. બેયની મર્યાદા છે. પોતપોતાના સ્વરૂપમર્યાદામાં બંને રહે છે. કોઈ પોતાના સ્વરૂપની મર્યાદા તોડીને બીજાની સાથે ભળી જાય એવું બની શકતું નથી, થઈ શકતું નથી.

મુમુક્ષુ :- પરસંયોગમાં સુખ-દુઃખ કેમ લાગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પનાથી. કલ્પના કરે છે. એક લાડવો ખાય ત્યારે કલ્પના કરે છે કે સારો લાગે છે. તે જ લાડવો ખાતા ખાતા આગળ વધે છે. આગ્રહ કરે છે ને જમાડે ત્યારે. હવે ઊલટી થાશે. ખવડાવશો તો ઊલટી થાશે. અરુચિ થઈ જશે. ઊલટી ક્યારે થાય ? અરુચિ થઈ આવે તો થાય. તો પહેલાં સુખ હતું. જેમ જેમ તું વધારે એને ગ્રહણ કર એમ વધારે તને સુખ વધવું જોઈતું હતું. તેના બદલે ક્યાં ચાલ્યું ગયું તારું સુખ ? કલ્પના વિંખાઈ ગઈ. કલ્પના હતી તે વિંખાઈ ગઈ.

સર્વત્ર, જીવ જ્યાં જ્યાં ખુશી થાય છે, પરસંયોગમાં જીવ જ્યાં જ્યાં ખુશી થાય છે, જ્યાં જ્યાં રાજી થાય છે, 'દીપચંદજી' કહે છે કે જીવ જૂઠી વિદ્યાના વિનોદ વડે પોતાને ઠગે છે. પોતાને ઠગે છે. જેમ બાળક હોય એને દાંત કઢાવવા માટે પોતે ખડખડ હસે. હસવું ન આવતું હોય. પણ જો તું હસ જોઈ. એમ કરીને પોતે ખડખડ હસે. એને ખબર છે કે ખરેખર કાંઈ હસવું આવતું નથી. એ એક જૂઠો દેખાવ કરે છે. એમ જો એનું જ્ઞાન જાગૃત હોય તો એને ખ્યાલ આવે કે આ જે ખુશી થવાપણું છે એ તદ્દન કૃત્રિમ-આર્ટિફિશીયલ છે. વાસ્તવમાં જીવ ખુશી થાય એવો કોઈ જગતમાં પ્રસંગ જ નથી. કોઈ ઉદય નથી, કોઈ પ્રસંગ નથી.

મુમુક્ષુ :- ખુશ ન થાય, પણ નાખુશ તો થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ નાખુશ પણ નહિ થાય. પછી ન ખુશ થશે, ન નાખુશ થશે. એમ અહીં આમાં આવે છે. ૮૫મા પાને છે.

**'પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે તે સર્વથા જૂઠ છે.'**

કાંઈક સાચું ખરું કે નહિ એમાં ? કે તે સર્વથા જૂઠ છે. જૂઠી વિદ્યાના વિનોદ વડે પોતાને ઠગે છે, એ વાત આગળ આવી ગઈ છે. આગળ આવી ગયું છે. કેટલામું છે ? પેરેગ્રાફની પહેલી લીટી છે એ. નીચે છે. ૮૫માં નીચે છે. ૮૫માં એ પેરેગ્રાફમાં જ છે નીચે.

**'જે ભાવને મનોહર જાણી મોહ કરે છે...'** જે પરભાવને, જે રાગાદિ ભાવને '**મનોહર જાણી મોહ કરે છે તે પોતાના આત્માને જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે છે. સકલ જગતચરિત્ર જૂઠું જ બન્યું છે, તે મોહથી જાણતો નથી.**' જેમ બાળક હસે તો કહે, શું કરે છે ? કે તમને હસાવે છે. એમાં એક વિનોદ કરે છે. એમાં હસવા જેવું કે હસવાનું કોઈ કારણ હોતું નથી. વગર કારણે હસે જ છે ને માણસ ? સામે કોઈ ખુશી થવાનું કારણ નથી. જે ભાવને તું મનોહર જાણે છે, તારા મનમાં સારો લાગે છે, એમાં તારી ઠગાઈ સિવાય બીજું કાંઈ થાતું નથી. આમ કહે છે. પણ મોહને લઈને એમ માનતો નથી, જાણતો નથી.

મુમુક્ષુ :- પરભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરભાવ છે.

મુમુક્ષુ :- વિકલ્પમાં પોતાપણાની પ્રતીતિ દર્શનમોહને દઢ કરે છે. તીવ્ર હોય છે ત્યારે જ આવું બને ને ?

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહ છે એટલે થાય છે. ઉપયોગને જુદો પાડવાને બદલે અથવા વિકલ્પ છે એ જ્ઞાનનું જ્ઞેય છે. વિકલ્પ પોતે જ્ઞાનસ્વરૂપે નથી, ઉપયોગસ્વરૂપે નથી પણ ઉપયોગમાં જણાતું એવું જ્ઞેય છે. તો જ્ઞેયનિષ્ઠ જ્યાં જ્ઞાન છે ત્યાં એને જ્ઞેયમાં હુંપણું થઈ આવે છે. એટલે કે ત્યાં ઉપયોગમય તે હું, જ્ઞાનમય તે હું, એમ પોતે જુદો હોવા છતાં પોતાને જુદો જાણતો નથી, પોતાને જુદો અનુભવતો નથી. પોતાને જુદો અનુભવવાનો પ્રયત્ન નિરંતર કરવો જોઈએ, એમ કહે છે.

.....સંયોગથી જુદો પાડવામાં આવે છે ત્યારે જ કાર્ય થાય છે, એ સિવાય કાર્ય થતું નથી.

મુમુક્ષુ :- ...જ્ઞાન થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન થાય છે. જ્ઞાન સિવાય કાંઈ થતું નથી. આત્માને જ્ઞાન સિવાય (કાંઈ થતું નથી). જ્ઞાનમાત્ર આત્મા છે. આ એક પક્કડ કરવા જેવો વિષય છે કે આત્મા એટલે હું જ્ઞાનમાત્ર છું. બસ. આ

સિવાય બીજું કાંઈ એને આથી આગળ વધવા જેવું નથી. તો એને જ્ઞાનનો આનંદ આવે. તો નિરાકુળતા થાય, જ્ઞાનમાં સુખનો નિરાકુળતાનો અનુભવ થાય. જ્ઞાનમાત્રપણે પોતાને જાણે અને વેદે તો.

મુમુક્ષુ :- છેલ્લા પાનાઓમાં બધી ટોચની વાત લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- ટોચની વાત લીધી છે. સમાધિ અધિકાર છે ને. શુદ્ધોપયોગનો સમાધિનો અધિકાર છે. અનુભવનો અધિકાર લીધો છે છેલ્લો.

જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે. ૩૮૧મો છે. '**જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે,...**' શાસ્ત્રો ભણીને શાસ્ત્રનો પારંગત થઈને '**વાદવિવાદ કરી જાણે,...**' ગમે એને હરાવી શકે. '**પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે,...**' ઘણી બુદ્ધિ વિશાળ હોય. ચારે બાજુથી વિચાર કરે. પ્રમાણથી, નયથી, નિક્ષેપથી લાગુ પાડે. અનેક તર્ક લાગુ પાડે. '**ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે,...**' અને જે એને સમજાણું છે એ જ વારંવાર વિચાર્યા કરે. મનને પાંચ ઇન્દ્રિયના વિષયમાં જોડવાને બદલે શાસ્ત્રજ્ઞાન જે એની ધારણામાં રહ્યું છે, ખ્યાલમાં રહ્યું છે, એમાં જ ઉપયોગને ફેરવ્યા કરે. ત્યાં સુધી કાંઈ પત્તો ખાય એવું નથી, એમ કહેવું છે.

'**પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ...**' હું જ્ઞાનમય છું, એમ પોતાના જ્ઞાનમય અસ્તિત્વને ગ્રહણ કરે નહિ, પકડે નહિ, વેદે નહિ, અનુભવવાનો પ્રયાસ કરે નહિ. અનુભૂતિસ્વરૂપ છે. જ્ઞાન તો પોતે જ અનુભૂતિસ્વરૂપ છે, એને અનુભવવાનો પ્રયાસ કરે નહિ. '**અને તદ્રૂપ પરિણમે નહિ...**' એ પ્રયત્નથી સફળ થઈને તે રૂપ તન્મય થઈને પરિણમે નહિ '**તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...**' જ્ઞાનમાં જે જ્ઞેય જણાયું તેમાં તન્મય, ભાવથી તેમાં તન્મયતા કરે છે તેથી છૂટો પડતો નથી. છૂટો ક્યારે પડે ? કે એનું તન્મયપણું છોડે ત્યારે.

'**તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે,...**' જે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતીબિંબિત થાય તે જ્ઞેયમાં તલ્લીન થઈ જાય છે. આમ છે. અરીસામાં મોરનું પ્રતિબિંબ છે. તારું લક્ષ મોરના પ્રતિબિંબ ઉપર છે કે તારું લક્ષ અરીસા ઉપર છે ? અરીસાના સ્વરૂપ ઉપર, અરીસા ઉપર તારું લક્ષ હોય તો પ્રતિબિંબ જાણવા છતાં ગૌણ

રહેશે. માત્ર પ્રતિબિંબનું જ લક્ષ કરીશ તો અરીસો ચૂકાઈ જશે. આ સીધી વાત છે. નિજમાં નિજને જાણ, નિજમાં પર પ્રતિબિંબિત થતું હોવા છતાં નિજમાં પરને તું ન જાણ. બસ, આટલી વાત છે. નિજમાં નિજને જાણ કે નિજમાં નિજ છે. નિજમાં પર નથી. ભલે પરનું પ્રતિબિંબ હોય તોપણ પર તો નથી. માટે પરને જોવાનું પ્રયોજન નહિ હોવાથી, પરને જાણવાથી જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી, તેથી એને ગૌણ કરી જા અને નિજમાં નિજને જાણ. આ નિજજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...પ્રતિબિંબ દેખાય છે કે અરીસાનો

પૂજ્ય ભાઈશ્રી :- એ અરીસામાં કોઈ એવો જ ધર્મ છે કે કોઈ પ્રતિબિંબ સામે આવે તો એની આકૃતિ ઊઠે.

મુમુક્ષુ :- સ્વચ્છતાનો જ વિકાર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છતાનું પરિણમન છે. સ્વચ્છતાનો એનો વિશેષ ભાવ છે. વિશેષ ભાવ છે. વિકાર નહિ પણ વિશેષ ભાવ છે. વિશેષ ભાવને છોડી દેવો છે. સામાન્ય ભાવને પકડવો છે.

મુમુક્ષુ :- સાથે સાથે સાતત્યને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું પ્રતિબિંબ છે એ વિશેષભાવ છે. વિશેષને ગૌણ કર, જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કર, સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કર. આ વિધિ છે. જેથી તને પ્રગટ જ્ઞાન અનુભવગોચર થશે. ત્યાં ટીકામાં એમ લખ્યું છે. ૧૫મી ગાથામાં. સામાન્યનો આવિર્ભાવ કરતા તને પ્રગટ જ્ઞાન અનુભવગોચર થશે. એટલે કે તને પ્રગટ આત્મા અનુભવગોચર થશે. આ જૈનશાસન છે. સમસ્ત જૈનશાસન અહીંયાં છે. આટલું બધું ચોખ્ખું કર્યું છે. આટલી હદે ચોખ્ખું મળવું મુશ્કેલ છે એટલું બધું ચોખ્ખું છે. 'ગુરુદેવે' વિષયને બહુ (સ્પષ્ટ કર્યો છે). અધ્યાત્મના વિષયને આટલો બધો ખુલ્લો કર્યો એ તો એમનું જ સામર્થ્ય છે.

**'જે જે બહારનું જાણે...'** હવે જ્યારે જ્ઞેયનિમગ્ન થઈ જાય છે, પ્રતિબિંબને જ કેવળ જાણે છે ત્યારે તેને કેવી ભ્રમણા થાય છે ? કે **'જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે.'** આમ જ્ઞાન આ બાજુ લંબાવે છે. જે જ્ઞેયનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડ્યું તો અહીંયાં જ્ઞાન સામે જોવાને બદલે, જ્ઞાનના પ્રતિબિંબ સામે જોવાને બદલે જ્ઞેય સામે જોવે

છે. એમાં તલ્લીન થાય છે. અને એ જ્યારે તેમાં તલ્લીન થાય છે ત્યારે એને એવો આભાસ થાય છે, ભ્રમણા થાય છે તે એમ જાણે કે '**જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય...**' એણે જ્ઞાન કર્યું... એણે જ્ઞાન કર્યું... એ મને જણાયું... એણે મને જણાવ્યું... એણે મારું જ્ઞાન કર્યું. આવો એક ઊંધો ખ્યાલ ઊભો થાય. જો શબ્દો ન સંભળાણા હોત તો જ્ઞાન ક્યાંથી થાત ? માટે શબ્દોથી જ્ઞાન થયું, આ વાંચ્યું તેથી જ્ઞાન થયું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ભૂલી જાય છે. પણ સામે બિંબ છે એને વળગી જાય છે. પોતાને ભૂલી જાય છે. 'આપ આપકો ભૂલ ગયે, ઈનસે ક્યા અંધેર ?' આવડું મોટુ અંધારું થાય છે. મણમાં નવ પાંચશેરીની ભૂલ. આઠ પાંચશેરીનો મણ થાય, આમાં નવ પાંચશેરીની ભૂલ છે. પોતાને જ આખેઆખો ભૂલી જાય છે.

મુમુક્ષુ :- ઘણું વાંચન કરીએ છીએ માટે જ્ઞાન થયું, એ સાવ ખોટી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- તદ્દન ખોટી વાત છે. વાંચતા-વાંચતા, ઘણું વાંચતા વાંચતા મૂઢ થઈ ગયા હોય એવા કેટલાય છે. એટલે એવું નથી કે ઘણું વાંચે માટે જ્ઞાન થાય છે. એ વાત ખોટી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય તો જ્ઞાનની જ છે. જેમાં પ્રતિબિંબ ઊઠે છે એ અવસ્થા તો જ્ઞાનની જ છે. જ્ઞેય તો ત્યાં આવ્યું જ નથી ને. જ્ઞેયનો થોડો પ્રવેશ થઈ ગયો છે ? પણ એનું લક્ષ જો માત્ર પ્રતિબિંબને જોવાનું રહે છે તો એનો ભાવ સામે વયો જાય છે. પરસન્મુખ થઈ જાય છે. જેનું પ્રતિબિંબ પડે છે ત્યાં ભાવથી જાય છે. આ મને દેખાય છે, આ મને દેખાય છે. એ રીતે છ દ્રવ્યને જાણે છે એને જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ કહ્યો છે. સંકર એટલે મિશ્રણ થવું. આ વર્ણસંકર પ્રજા નથી કહેતા ? સંકર એટલે મિશ્રણ થવું. અત્યારે આ વનસ્પતિમાં મિશ્રણ કરે છે કે નહિ જુદાં જુદાં બીજોની ? એને સંકર નામ જ આપે છે. એ સંકર એટલે મિશ્રણ થવું. એ એક સંસ્કૃત શબ્દ જ છે.

અહીંયાં શું કહે છે ? કે સંકરદોષ બે પ્રકારે છે. મિશ્રણ થવાનો. એક ભાવ્યભાવક સંકરદોષ અને એક જ્ઞેયજ્ઞાયક સંકરદોષ. જ્યાં પરને

રુચિભાવે ઈષ્ટ કરે છે કે આ મને બહુ સારુ લાગે છે. ત્યાં ભાવ્યભાવક સંકરદોષ છે. અને ખરાબ લાગે છે ત્યાં દ્વેષ કરે છે એ ભાવ્યભાવક સંકરદોષ છે. અને એવું ન કરે મુખ્યપણે, પણ એનાથી જ્ઞાન, એ છે તો જ્ઞાન, એને લઈને જ્ઞાન, એના આધારે જ્ઞાન, શબ્દના આધારે જ્ઞાન, શાસ્ત્રના આધારે જ્ઞાન, સાંભળવાના આધારે જ્ઞાન, એ જ્ઞેયજ્ઞાયક સંકરદોષ છે. એટલે ૨૭૧માં એ વાત લીધી છે કે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષને લઈને હું જ્ઞાતા અને છ દ્રવ્ય મારું જ્ઞેય એવી અનાદિની ભ્રાંતિ ચાલી આવી છે. ત્યાં જ્ઞેયજ્ઞાયક સંકરદોષ વર્ણવવો છે.

અહીંયાં કોઈ કોઈ વિદ્વાનો ભૂલ કરે છે. સ્વપરપ્રકાશક જ્ઞાન છે ને ? તો એમ કહે છે કે જ્ઞાન તો પરને જાણે. કેમકે પરપ્રકાશક એનો સ્વભાવ છે. એમાં દોષ શું ? તો કહે છે, એમાં દોષની સંભાવના ત્યાં છે કે સંકરદોષ કરે ત્યાં. પરને જાણવું તે દોષ નથી. પણ જ્ઞેયજ્ઞાયક સંકરદોષ તે જ્ઞાનનો જરૂર દોષ છે પાછો. એ બે જુદું પાડવું જોઈએ. પરનું પ્રતીબિંબ પડે એ તો જ્ઞાનની સ્વચ્છતા છે. પણ પર સાથે આ જણાય છે એમ કરીને એની સન્મુખ થઈ જાય છે, એમાં નિમગ્ન થાય છે, જ્ઞેય નિમગ્ન જ્ઞાન થાય છે ત્યારે સંકરદોષ જન્મે છે. એને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જાણે છે, જ્ઞાન જુદું રહે છે, જ્ઞેય જુદું રહે છે. ભલે જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડે તોપણ એ પ્રતિબિંબ ઝીલવાનો જ્ઞાનનો ધર્મ હોવા છતાં જ્ઞાન જ્ઞાનમયપણે છે. જરાપણ જ્ઞેયરૂપે થતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જાણે છે કે જણાય છે શબ્દપ્રયોગ ગમે તે કરો, પણ બે ભિન્ને ભિન્ન રહે છે એટલું બરાબર લક્ષમાં રહેવું જોઈએ. બસ. શબ્દપ્રયોગની સાથે કોઈ વાંધો નહિ લેવો. કોઈ આમ બોલે, કોઈ આમ બોલે.

એવો એક દૃષ્ટાંત 'શ્રીમદ્જી'એ લીધો છે. શાસ્ત્રમાં પણ આવે છે કે ચાંદની ભૂમિને પ્રકાશે છે. તો જે ચંદ્રનો પ્રકાશ છે એવી જ ભૂમિ જાણે કોઈ બીજુ રૂપ-એક સફેદ ચાદર ઓઢે છે એવું લાગે છે, તોપણ ચાંદની

ભૂમિરૂપ થતી નથી. બેને જુદાંપણું તો નથી. જ્યાં ચાંદની પ્રકાશ છે ત્યાં ભૂમિ છે અને ભૂમિ છે ત્યાં ચાંદનીનો પ્રકાશ છે એટલે તો ભૂમિનું રૂપ જુદું દેખાય છે. તોપણ ચાંદની ચાંદની છે અને ભૂમિ છે તે ભૂમિ છે. બેય જુદાં રહે છે.

એમ ભલે જ્ઞેય જ્ઞાયક સ્વપરપ્રકાશકપણાને લીધે અતિ નિકટ હોવા છતાં, જ્ઞાન અને જ્ઞેય અતિનિકટ હોવા છતાં બંને ભિન્ને ભિન્ન રહે છે. કોઈ એકબીજામાં ક્યારેય પ્રવેશ કરતા નથી. ક્યાં સુધી ? કે વિકલ્પ છે એ તો એટલો નજીક છે, કેમકે રાગ તો જીવના જ ચારિત્રગુણનો પર્યાય છે અને આ જ્ઞાનગુણનો પર્યાય છે જીવનો અને બેય એક એક ગુણ છે. બેય એકસાથે એક કાળે એક પદાર્થમાં એક ક્ષેત્રે પરિણમે છે. તોપણ રાગરૂપે જ્ઞાન થતું નથી. રાગ જ્ઞેયરૂપે રહે છે, જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે. જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન. બસ.

જેણે જ્ઞાન જુદું અને રાગ જુદું એમ જાણ્યું એને ભેદજ્ઞાન થયું. આ 'સોગાનીજી'ના જીવન પરિચયમાં આ વાત લીધી છે કે 'ગુરુદેવ'ના પ્રવચનમાં એમણે શું સાંભળ્યું ? કે જ્ઞાન જુદું છે અને રાગ જુદો છે. બસ, આ વાત એમણે સાંભળી છે. વાત તો ઘણી આવતી હતી પ્રવચનની અંદર, પણ સાંભળવા યોગ્ય વાત આ એક જ હતી કે જે એમણે સાંભળી. એમ કહેવું છે. અને એના ઉપરથી એ ભેદજ્ઞાનની ધારાએ ચડ્યા, આગળ વધ્યા અને અનુભવ લીધો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સામાન્ય વિશેષ તરીકે બે જુદાં છે. અરીસાનું જે સામાન્ય રૂપ છે અને પ્રતીબિંબનું જે વિશેષ રૂપ એ બંને એક થઈ ગયા નથી. જો બંને એક થઈ જાય ત્યારે પ્રતિબિંબનો નાશ થાય, તો અરીસાનો નાશ થાય. એટલે એક ક્ષેત્રે હોવા છતાં, એક પર્યાયે દેખાવા છતાં સામાન્ય અને વિશેષ તરીકે, સામાન્ય છે તે વિશેષ નથી અને વિશેષ છે તે સામાન્ય નથી. ભાવ ભિન્નતા તો લેવી જ જોઈએ.

શું કહે છે ? કે જ્યારે જ્ઞેયનિમગ્ન રહે છે, '**જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે,...**' ત્યારે એમ '**જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય. એવો ભાવ વેદ્યા કરે છે.**' એટલે કે એવો અનુભવ કરે છે

કે આ સંભળાય છે તેથી મને જ્ઞાન થાય છે, આ વંચાય છે તેથી મને જ્ઞાન થાય છે. જેને એમ લાગે કે વંચાવાથી કે સાંભળવાથી જ્ઞાન થાય છે, એને બીજો પદાર્થ જ્ઞાન સામે આવતા એની સારી-માઠી અસર પણ મને થાય છે એમ થયા વગર રહેશે નહિ. કાં તો એમ માનશે કે આની અસર મને બહુ સારી થાય છે. ફૂલની સુગંધ જણાતા એને એમ લાગશે કે આ સુગંધ બહુ સારી છે. દુર્ગંધ જણાતા આ દુર્ગંધ સારી નથી એમ જાણ્યા વિના એ રહેશે નહિ. કેમકે તેનાથી મને કાંઈક થાય છે, જ્ઞાન થાય છે. એ વાત ત્યાં ઊભી છે. એવું એ વેદ્યા કરે છે.

**'બધું ભણી ગયો,...'** શાસ્ત્રમાં બધા શાસ્ત્રો ભણી ગયો. **'ઘણા યુક્તિ-ન્યાય જાણ્યાં,..'** બુદ્ધિ ઘણી હતી એટલે યુક્તિ-ન્યાય પણ ઘણા જાણ્યાં. **'ઘણા વિચારો કર્યાં,...'** એ સંબંધીમાં વિચારો પણ બહુ કર્યાં **'પણ જાણનારને જાણ્યો નહિ,...'** જ્ઞાનની મૂળ ભૂમિ ઉપર જે અસ્તિત્વ ગ્રહણ કરવું છે, જ્ઞાનની મૂળ ભૂમિ જે સ્વરૂપ અસ્તિત્વ છે એ **'નજરમાં આવી નહિ તો તે બધું જાણ્યાનું શું ફળ ?'** એણે કાંઈ જાણ્યું નથી. **'શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.'** તે તો પ્રયોજન સિદ્ધ થયું નહિ. માટે એણે જે કાંઈ કર્યું, તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં જેટલો પરિશ્રમ કર્યો એ બધો નકામો ગયો.

મુમુક્ષુ :- ૩૮૧ ?

પૂજ્ય ભાઈશ્રી :- ૩૮૧ છે. 'બહેનશ્રીનાં વચનામૃત' ૩૮૧.

મુમુક્ષુ :- સામાન્ય અને વિશેષ એક થતાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એક થતાં નથી. તો એને સામાન્ય-વિશેષ એમ જુદાં કહેવાય નહિ, એક થાય તો. તો બેય એક થઈ ગયા.

મુમુક્ષુ :- ...તો પાછું નવું ચિતરામણ ઉપસે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપસે જ નહિ. અને સામે ઘડો હોય અને ઘડો તૂટી જાય તો અહીંયાં ચિતરામણ તૂટી જાય. એના કટકા થાય તો અરીસાના કટકા થવા મંડે. અહીંયાં અગ્નિ છે એ ઉષ્ણ છે, એનું પ્રતિબિંબ જો અહીંયાં એની અસર લેતું હોય તો અરીસો પણ ઉષ્ણ થવો જોઈએ. ત્યાં કાંઈ થતું નથી. એટલે એ ભિન્ને ભિન્ન ચીજ છે. જ્ઞેય જ્ઞાન ભિન્ન છે. અને જ્ઞેયાકાર જ્ઞાન અને સામાન્ય જ્ઞાન પણ ભિન્ન છે. અનુભવ કરવા યોગ્ય સામાન્ય જ્ઞાન છે, અનુભવ કરવા યોગ્ય જ્ઞેયાકાર

જ્ઞાન નથી. એમ છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને શુભાશુભ ભાવ ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીને પોતાને વેદવાનું તત્ત્વ હોય છે. શુભાશુભ ભાવ થતાં પણ એને છોડતાં એટલે કે પોતાને વેદતા એને છોડે છે. પોતાને વેદે છે ત્યારે એને છોડે છે. અને પેલો તો શુભાશુભને જ સ્વ સ્વરૂપે વેદે છે. એટલે એને સેવે છે, એ સંસાર વધારે છે.

શું કહે છે ? '**શરીર પ્રત્યક્ષ જડરૂપ રહે છે. સદા (ક્યારેય) તેમાં ચેતનાનો પ્રવેશ ન થાય,...**' ખાસ કરીને અશાતાના કાળમાં પ્રયોગ કરવા જેવો છે કે અશાતાની પર્યાય શરીરની છે, અશાતાની પર્યાય જ્ઞાનની નથી. ગુમડું થયું, એમાં પીડા થવા લાગી, તો એમાં જે પાક થાય છે, રસી થાય છે એ બધી પર્યાય અને અશાતા થાય છે એ શરીરની અવસ્થા છે, જીવની નહિ. જીવને તો ત્યાં જ્ઞાન થાય છે એટલી અવસ્થા છે. જ્ઞાનમાત્રપણું જીવનું છે. પછી એ અશાતાનું તીવ્રપણું, એ અશાતાનું મંદપણું બધું ભલે તને જણાય, પણ તું ભિન્ન રહીને જાણ. જાણ તો તું ભિન્ન રહીને જાણ. આ એક પ્રયોગ કરવા જેવો છે અને એ પ્રયોગ કરતા તને અશાતાનું દુઃખ નહિ થાય. અશાતાનો ખ્યાલ આવશે, અશાતાનું જ્ઞાન થશે પણ અશાતાનું દુઃખ નહિ થાય. અશાતા થાય અને અશાતાનું દુઃખ ન થાય, એવી આ જે દવા છે એનું મૂલ્ય થઈ શકે એવું નથી. અશાતા થાય છતાં અશાતાનું દુઃખ ન થાય, આ તે કેવી મોટી વાત છે !

મુમુક્ષુ :- અંદર ડુબકી મારે તો આનંદ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધારે એવું તો આનંદ થઈ જાય. અશાતા અશાતામાં પડી રહે, ઉપયોગ છૂટી જાય, ઉપયોગ આનંદમાં એકાકાર થઈ જાય. અને એવા ખાસ કરીને સૌથી વધુમાં વધુ અશાતા દેહ છૂટવાના કાળમાં, દેહ ત્યાગના કાળમાં હોય છે. પ્રાણ છૂટે છે તો કોઈ કોઈ મહાત્માઓ એવી અશાતાના કાળમાં નિજાનંદમાં, શુદ્ધોપયોગમાં આવી જાય છે. એને ખબર પણ પડતી નથી કે ક્યારે પ્રાણ છૂટી ગયા. પ્રાણનો ત્યાગ ક્યારે થયો એની એને ખબર પણ ન પડે. એ તો એના શુદ્ધોપયોગમાં આવી ગયા હોય એ વખતે. એ સમાધિમરણ છે.

મુમુક્ષુ :- ... શરીર છૂટે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ભિન્ન જ પડ્યા છે. સતત ભિન્ન જ રહ્યા છે.

મુમુક્ષુ :- દેહ છૂટે ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન નથી. પણ ઉપયોગ જ્યારે છૂટી જાય છે ત્યારે આનંદમય ઉપયોગ થઈ જાય છે. એટલે ખબર પડતી નથી કે શું થયું ? શરીરનું શું થયું એની ખબર પડતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ નથી એટલું. જાણકભાવ ઉપર લક્ષ નથી ત્યાં. લક્ષ વેદના ઉપર છે. આ મને વેદના થાય છે, એવા લક્ષમાં જાણકભાવની પ્રતીતિ નથી આવતી. લક્ષ જો જાણકભાવ ઉપર હોય કે આમાં જાણનાર ભાવ જુદો રહે છે, જાણનારની જાણવાના સ્વરૂપની જે મર્યાદા છે એમાં જ્ઞેય ભાવની મર્યાદા, અશાતા ભાવની મર્યાદા નથી. અશાતા વેદનાની જે મર્યાદા છે, એ કુંડાળામાં જાણકભાવ પ્રવેશ કરતો નથી. બંનેના (ક્ષેત્ર) જુદાં જુદાં છે. બંનેની દિશા જુદી જુદી છે, બંનેનો સ્વભાવ જુદો જુદો છે. બંનેના કાર્યો જુદા જુદા છે. બંનેના ભાવો જુદા જુદા હોવાથી એનું ક્ષેત્ર ભિન્ન છે એમ કહેવામાં આવે છે. વધારે ભાવની ભિન્નતા પકડવાની છે.

મુમુક્ષુ :- ...ફરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ફરી જાય છે. એક રાગના આધારે અશાતાનું વેદન છોડી શકે છે અને વીતરાગ પરમાત્મસ્વરૂપના આધારે એને અશાતાનું વેદન ન છૂટે ? અરે..! સહજમાત્રમાં છૂટે, એમ કહે છે. એક રાગના વિશિષ્ટ રાગના આધારે તને અશાતાનું વેદન તને ભૂલાઈ જવાય છે, છૂટી જાય છે. ૨૫ વર્ષે પરદેશથી આવ્યો અને કરોડો-અબજો મલ્ટીમીલિયોનર થઈને આવ્યો. ઠીક ! તો અશાતના ક્યાંય ચાલી જાય છે. એને માથું ફાટતું હતું, બધું ફાટતું હતું એ બધું વયું ગયું ઘડીકમાં. હરખ-હરખ થઈ ગયો એને. ક્યાં ગઈ એની અશાતા ? ઉપયોગ ફરી ગયો ત્યાંથી. અશાતા ઉપરથી એનો ઉપયોગ બદલાઈ ગયો. એક રાગના નિમિત્તે પણ ઉપયોગ બદલે અને અશાતાનો અનુભવ ન થાય તો વીતરાગ પરમાત્મા પોતે છે પરમ, પરમસ્વરૂપે છે, અનંત શક્તિનો મોટો એટમબોમ્બ છે. બેહદ સામર્થ્યથી વસ્તુ ભરેલી

છે. એ અનંત સુખમય પિંડના આધારે, અનંત આનંદના આધારે, આનંદના સમુદ્રમાં ડૂબે એને અશાતા ક્યાંથી થાય ? પ્રશ્ન જ નથી અશાતા થવાનો. એ તો સહજમાત્રમાં અશાતા ટળે છે.

એટલે તો મુનિને શરીરનું ભાન નથી રહેતું. આનંદસાગરના હિલોળે ચડ્યા હોવાથી શરીરનું ભાન એને રહેતું નથી. આ ઠંડી પડે છે કે ગરમી પડે છે કે કાંટો વાગ્યો છે કે શું વાગ્યું છે કે શરીરમાં રોગ થયો છે, કાંઈ ખબર પડતી નથી. ખબર પડે તોપણ નહિ પડવા જેવી પડે છે. ઉપયોગ ત્યાં ટકતો નથી. એટલો આનંદમાં આસક્ત જીવ છે કે ત્યાં ઉપયોગ રહેતો નથી. (અંદર) ચાલ્યો જાય છે. વિશેષ આવશે...

આત્મ-શ્રેયનો માર્ગ / ઉપાય અધ્યાત્મીક છે, સ્વ-આશ્રયી છે. પરંતુ સ્વ-આશ્રયની વિધિથી જીવ અનાદિથી અજાણ છે, તેનું જાણવું કાંઈક સત્સંગ અને સદ્ગ્રંથોથી થાય છે, ત્યાં પણ વિપર્યાસ અથવા કલ્પના થવાની સંભાવના રહી છે. તેમ ન થવા અર્થે, ગુણવાન મહાત્માઓ, અને જિનેશ્વરાદિ પુરાણ પુરુષો પ્રત્યે બહુમાનરૂપ ભક્તિ, નિષ્કામ ભાવે, થવામાં રહસ્ય છે. અનાદિ જિન-પ્રતિમાની સ્થાપનામાં પણ અધ્યાત્મનું જ રહસ્ય છે, જે અધ્યાત્મના વ્યામોહને અથવા શુષ્કતાને ઉત્પન્ન થતાં રોકે છે. અનેક જ્ઞાનીઓ અને મુનિઓએ આત્મઆશ્રયે પ્રાપ્ત બોધને પણ સહજ ભાવે, શ્રીગુરુ અથવા જિનેશ્વરની દેનરૂપે ગાયો છે. તે પણ ઉક્ત રહસ્યને જ દર્શાવે છે. અધ્યાત્મની તીખાશ યથાર્થપણે જ્યાં હોય છે, ત્યાં ઉચ્ચકોટીના-ઉત્કૃષ્ટ ભાવે ભીંજાયેલ ભક્તિભાવો જોવામાં આવે છે. આ નિશ્ચયવ્યવહારનો સુમેળ (સંધિ) છે.

(અનુભવસંજીવની - ૯૬૭)

## તા. ૧૨-૪-૧૯૮૬, પાના નં. ૮૨, પ્રવચન નં. ૧૪૭

... ચાલે છે. જડ અને ચૈતન્ય જુદાં છે. વિભાવ અને સ્વભાવ જુદાં છે. સ્વભાવ-પોતાનું સ્વરૂપ ભિન્ન છે તેનો ભિન્ન અનુભવ થઈ રહ્યો નથી તેથી અનુભવમાં ભિન્નતા કઈ રીતે પ્રગટ કરવી એ વિષય ચાલે છે.

**'દેખવા-જાણવાવાળો આ મારો ઉપયોગ તે જ મારું સ્વરૂપ છે.'** શું કહે છે ? કેવી રીતે જુદા પડવું ? **'દેખવા-જાણવાવાળો આ મારો ઉપયોગ તે જ મારું સ્વરૂપ છે.'** ભલે ઉપયોગ એક સમયનો (છે). ઉપયોગ એક સમયની અવસ્થા છે તોપણ જ્ઞાનની પ્રત્યક્ષતા અને જ્ઞાન જ્ઞાનને વેદે છે તે જ્ઞાનની વેદકતા, એના દ્વારા પોતાના સ્વભાવની સંભાળ થાય છે, સ્વરૂપ સાવધાની ત્યાંથી તે રીતે થઈ શકે છે. તે એક જ માત્ર વિધિનો પ્રકાર હોવાથી અથવા તે એક જ જુદાં પડવાનું સાધન હોવાથી, જ્ઞાન સાધન હોવાથી તે મારું સ્વરૂપ છે. જાણવું-માત્ર જાણવું તે મારું સ્વરૂપ છે અને વેદન અપેક્ષાએ મારા જ્ઞાનથી હું મને જ વેદું એવું મારું સ્વરૂપ છે.

એ રીતે **'ઉપયોગી અને અનુપયોગીને વિચારતાં જડ ચેતનની પ્રતીતિ થાય.'** જેમાં ઉપયોગ છે તે આત્મા છે, જેમાં ઉપયોગ છે તે આત્મા છે. શરીર ભલે એક ક્ષેત્રાવગાહી છે તોપણ અનુપયોગી છે. પ્રત્યક્ષપણે એમાં ઉપયોગનો અભાવ છે, જ્ઞાનનો અભાવ છે. તેને વિચારતાં એટલે ઉપયોગપણું અને અનુપયોગપણું પકડીને વિચારતા **'જડ ચેતનની પ્રતીતિ થાય.'** આત્મા ચૈતન્યસ્વરૂપી છે અને શરીરાદિ જડ છે એની ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રતીતિ થાય. જાણવું તો થાય પણ પ્રતીતિ થાય એમ લેવું છે. પ્રતીતિપૂર્વક જાણવું તે જાણવું સાચું છે. પ્રતીતિ ન હોય અને જાણવું તે જાણવું વાસ્તવિક-યથાર્થરૂપે જાણવું નથી. એટલે અહીંયાં પ્રતીતિ લીધી છે.

**'તેથી ઉપયોગી-અનુપયોગીને વિચારતાં જડ ચેતનની પ્રતીતિ થાય.'** અથવા જડની જડપણે, ચેતનની ચેતનપણે પ્રતીતિ થઈને

જાણવું થાય. પ્રતીતિપૂર્વક જાણવું થાય.

હવે અહીંયાંથી લે છે કે '**વિભાવ કર્મચેતના છે.**' જીવને રાગ, દ્વેષ, મોહ એ જે પ્રકારનો વિકાર ભાવ છે તે વિભાવ છે. એ કર્મચેતના છે. જે ચેતના કરું... કરું... કરું... ભાવે પરિણમે તે કર્મચેતના છે. કર્તૃત્વભાવે પરિણમતી ચેતના તે કર્મચેતના છે. પછી એ વિભાવ છે એટલે રાગનું કરવું અને વિભાવમાં પરપદાર્થના કાર્યનું કરવું, એવા બંને ભાવ પ્રવર્તે છે. '**વિભાવ કર્મચેતના છે.**' અહીંયાં કર્મ એટલે '**રાગદ્વેષમોહરૂપ ભાવકર્મ...**' કર્મ એટલે અહીંયાં દ્રવ્યકર્મ નથી લેવા. એ જડ અને ચેતનમાં જડના વિભાગથી જુદાં પાડ્યા. શરીર, નોકર્મ અને દ્રવ્યકર્મને જડની પ્રતીતિ કરીને જડરૂપે જાણ્યા, ઉપયોગમય ચેતનને ચેતનપણે જાણ્યો.

એ ઉપરાંત વિભાવ જે ભાવકર્મરૂપ રાગદ્વેષમોહરૂપ કર્મચેતના છે '**તેમાં ચેતના પરિણમે છે.**' વિભાવમાં ચેતના પરિણમે છે. કોઈપણ આત્માના ભાવમાંથી એ આત્મા પરિણમે છે એમ પકડવું છે. કર્મચેતનામાં પણ ચેતના છે. દ્રવ્યકર્મમાં ચેતના નથી પણ ભાવકર્મમાં ચેતના હોવાથી એને કર્મચેતના કહી. હરખ-શોકના પરિણામમાં પણ ચેતના હોવાથી તેને કર્મફળચેતના કહી. જ્ઞાનમાં જ્ઞાનચેતના હોવાથી તેને જ્ઞાનચેતના કહી. ભાવકર્મને રાગ-દ્વેષ-મોહને હુંપણે અનુભવે છે તે ભાવકર્મચેતના. હરખશોકના ફળને હુંપણે અનુભવે છે તે કર્મફળચેતના. જ્ઞાનને હુંપણે અનુભવે છે તે જ્ઞાનચેતના. આમ ચેતનામાં જેને ચેતે છે એટલે હુંપણે અનુભવે છે, ચેતે છે એટલે હુંપણે અનુભવે છે તેથી તેને જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના (કહેવામાં આવે છે). પણ એના પ્રકારના હિસાબે વિભાગ છે. પણ ત્રણેમાં ચેતના સામાન્ય છે. જો વિશેષને ત્યાં ન જોવામાં આવે તો ચેતના તેમાં સામાન્ય છે. એટલે હું... હું... હું... હું... હુંપણું કરવું એવું હુંપણું જે થયા કરે છે, પોતાની સત્તાની હયાતી ચૈતન્યપણે છે એ વાત એમાંથી સિદ્ધ થાય છે. આ એવી પદ્ધતિ લીધી છે. દૃષ્ટિકોણ છે.

મુમુક્ષુ :- કર્મચેતના છે એ તો મેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવમાંથી પણ સ્વભાવને કેવી રીતે પકડવો. એમ લેવું. છે વિભાવ, પણ વિભાવમાંથી સ્વભાવનું ગ્રહણ કેવી રીતે કરવું.

એ 'સમયસાર' ૧૩ ગાથામાં વિષય ચાલ્યો છે કે નવે તત્ત્વમાં ચૈતન્યજ્યોતિ છુપાયેલી છે. એમ ભાવકર્મમાં પણ ચેતના તો છુપાયેલી છે. જો ચૈતન્ય ત્યાં ન હોય તો ભાવકર્મ કોણ કરે ? આત્મા વિના રાગ-દ્વેષ-મોહ કોણ કરે ? તો આત્માનું અસ્તિત્વ તો ત્યાં પણ છે. પોતે પણ એ વિષય આગળ લીધો છે. કર્મ અને નોકર્મ ગુફામાં તો ક્યાંય મારો રાજા દેખાતો નથી. આ જે રાગ-દ્વેષ-મોહ છે એનું હલનચલન જોવામાં આવે છે. એ રાગ-દ્વેષ-મોહનું હલનચલન છે એ અંદર ચૈતન્યરાજા બેઠો છે એ દોરી હલાવે છે અને એ હલે છે. રાગ-દ્વેષ-મોહને નહિ જોતાં તે દોરીને પકડીને તેના હલાવનાર એવા ચૈતન્યરાજાને જો. એવી રીતે વાત લેવી છે. એ પણ એ પદ્ધતિ છે.

(પૃષ્ઠ-૭). '**કર્મકંદરા ત્રણ છે. પહેલી (શરીરાદિ નોકર્મ ગુફા.)**' કંદરા એટલે ગુફા. '**બીજી દ્રવ્યકર્મ ગુફા અને ત્રીજી ભાવકર્મ ગુફા. પ્રથમ નોકર્મ ગુફામાં પરિણતિ પેસી.**' પરિણતિ એટલે ઉપયોગ. પેસી એટલે એણે તપાસ કરી, અવલોકન કર્યું કે '**અમારો રાજા જોઉં.**' અહીંયાં છે ? અમારો ચૈતન્યરાજા બિરાજે છે ? તો '**ત્યાં તેને કાંઈ ન દેખાયું,...**' એકલા જડ પરમાણુ જોયા એણે. ત્યાં ચૈતન્યપણું એણે શરીરમાં ન જોયું. '**ચકરાવો થઈ રહ્યો...**' ચકરાવો થઈ રહ્યો એટલે બરાબર તપાસ કરી ચારે બાજુથી. '**તે પરિણતિ ફરવા લાગી.**' શોધવા લાગી. ફરવા લાગી એટલે આત્માને શોધવા લાગી.

'**ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તું શું શોધે છે ? ત્યારે તે (પરિણતિ) કહેવા લાગી કે મારા રાજાને શોધું છું.**' હું ચૈતન્યરાજાને શોધવા નીકળી છું. '**પણ તે ન જડ્યા. ત્યારે શ્રીગુરુએ કહ્યું કે તારો રાજા અહીં જ છે.**' ક્ષેત્ર તો અહીંયાં જ છે. જ્યાં શરીર છે ત્યાં જ ચૈતન્ય આત્મા છે. '**તારો રાજા અહીં જ છે. (હવે અહીંથી) પાછો ફરતો નહિ તું.**' અહીં ને અહીં તપાસ કર. '**અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં (તારો રાજા) વસે છે. એ (રાજાના) હાથની દોરી આ ગુફા સુધી આવી છે તો આ દોરી તેના હાથની હલાવી હાલે છે. જો તે ન હોય તો દોરી પોતાની મેળે ન હાલે. માટે વિચારીને આ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા.**' એ રીતે પરિણામમાંથી શક્તિને જોવાનો અહીંયાં પ્રકાર છે. પરિણામ

ઉપરથી આત્માની શક્તિને જોઈ લેવી. કેવી રીતે જોઈ લેવી, એ પ્રકારથી અહીંયાં વાત લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સાતમે પાને.

મુમુક્ષુ :- સાતમા પાને નીચે આગળ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી આગળ છે.

**'તેની (રાજાની) પરિણતિ જેવી જેવી થઈ તેવી તેવી વર્ગણા બંધાણી, ત્યાં પણ તેની (રાજાની) બનેલી સત્તાથી દ્રવ્યકર્મનું નામ પડ્યું તથા તેના ભાવોના નિમિત્તથી પુદ્‌ગલ અનેકવિધ કર્મના નામ પામ્યાં.'** ત્યાં સુધી જડથી ભિન્નપણું લીધું. હવે **'ભાવકર્મ ગુફામાં રાગદ્વેષ મોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે છે.'** શું લીધું ? **'ભાવકર્મ ગુફામાં રાગદ્વેષ મોહના પ્રકાશમાં...'** પ્રકાશમાં એટલે વેદનમાં **'છુપાયેલું સ્વરૂપ રહે છે. તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે.'** ચૈતન્ય પોતે રાગદ્વેષમોહ ભાવે પરિણમે છે તો ચેતના છે કે નહિ ? રાગદ્વેષને નહિ જોતાં ચેતનાને જો ત્યાં. આમ લેવું છે.

**'તેમાં તું ખોજ,...'** શોધ એમાં. રાગ-દ્વેષ-મોહ છે ત્યાં ચેતના છે એમાં ચેતનાને શોધ, ચેતનાને પકડ. **'ભય ન પામ, નિઃશંક જા, આ રાગદ્વેષમોહની દોરી સાથે જઈ ખોજ. (આ રાગદ્વેષમોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે.'** પ્રદેશ-સત્તા પકડાવે છે. જે પ્રદેશમાંથી રાગદ્વેષમોહ ઉત્પન્ન થાય છે એ ચૈતન્ય સત્તા છે એમાંથી રાગદ્વેષમોહ ઊઠે છે. કહે છે કે જ્ઞાન પણ એ જ સત્તામાંથી ઊઠે છે, ચેતના પણ એ જ સત્તામાંથી ઉત્પાદરૂપ થાય છે.

**'દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) નિજજ્ઞાનમહિમાને છૂપાવી બેઠો છે.'** આમ અંદરથી ચૈતન્ય પકડાવવું છે. **'આ ગુપ્તજ્ઞાન થયું...'** એટલે ગુપ્ત રહેલાનું જ્ઞાન થયું **'એટલે (તારો) નાથ છૂપાયેલો રહેશે નહિ. (ત્યાં તું) ચેતના પ્રકાશરૂપ ચિદાનંદ રાજાને પામી સુખ પામીશ. (આ તને મેં) નિજસુખનો ઉપાય કહ્યો. આ નિજસુખ તો નિજ ઉપયોગમાં કહ્યું.'** પાછો ત્યાંથી ઉપયોગ લઈ લીધો. ઉપયોગથી પકડ. સ્વભાવને

ઉપયોગથી તું ગ્રહણ કર. ઉપયોગમાં રહેલી જે જ્ઞાનની પ્રત્યક્ષતા અને ઉપયોગમાં રહેલી જે જ્ઞાનની વેદકતા, એને સૂક્ષ્મ અંતરંગ અનુભવ દૃષ્ટિથી અવલોકીને, અનુભવમાં જ્ઞાન આવી રહ્યું છે, જ્ઞાન જ જ્ઞાનને અનુભવમાં આવી રહ્યું છે, એવી અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી અવલોકીને-વેદનને પકડીને વેદનમયપણે સ્વનો અનુભવ કર, સ્વસ્વરૂપનો અનુભવ કર તો એ જ સ્વાનુભવ છે. સ્વાનુભવ કોઈ બીજી ચીજ નથી.

'**વિભાવ કર્મચેતના છે.**' અહીંયાં કર્મ એટલે '**રાગદ્વેષમોહરૂપ ભાવકર્મ તેમાં ચેતના પરિણમે છે. ત્યારે ચિદ્વિકાર થાય છે.**' જો ચેતના પરિણમતિ જ ન હોય તો ચિદ્વિકાર પણ ન હોય. ચિદ્વિકાર છે એ ત્યાં ચેતનાના અસ્તિત્વને સિદ્ધ કરે છે. ચિદ્વિકાર પણ ત્યાં ચેતનાના અસ્તિત્વને સિદ્ધ કરે છે. જો તારી દૃષ્ટિ વિકાર ઉપર છે તો તને ચેતના દેખાતી નથી. તારી દૃષ્ટિ ચેતના ઉપર છે તો તને વિકાર દેખાશે નહિ.

દૃષ્ટિ ક્યાં મૂકવી ? દૃષ્ટિ ક્યાં રાખવી ? દૃષ્ટિ એટલે ? દૃષ્ટિનું કાર્ય હુંપણું કરવું તે છે. હુંપણું ક્યાં સ્થાપવું એના ઉપર આખા પરિણામની દિશા બદલાય છે. રાગદ્વેષ ઉપર હુંપણું કરતા એટલે રાગદ્વેષ ઉપર દૃષ્ટિ મૂકતા જીવ બહિર્દૃષ્ટિ થઈને બહિર્મુખભાવે પરિણમે છે. ત્યાં જ રહેલી ચેતના ઉપર દૃષ્ટિ મૂકતા જીવ અંતર્મુખ થઈને ચેતનાના સાધકભાવે પરિણમે છે.

'**ચેતના પરિણમે છે. ત્યારે ચિદ્વિકાર થાય છે. આ ચિદ્વિકારને પોતાનો કરીને પોતાને મલિન કર્યો છે.**' પોતાનો કરીને એટલે એમાં મમત્વ કરીને, એમાં પોતાની હયાતીને જૂઠી રીતે સ્થાપીને પોતાને મલિન કર્યો, પોતાને મલિનપણે અનુભવ કરવા લાગ્યો. સર્વસ્વપણે રાગમયપણે, દ્વેષમયપણે પોતાનો અનુભવ કરવા લાગ્યો.

મુમુક્ષુ :- હુંપણું વિભાવમાં થાય છે એટલે મલિન થયો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે મલિન કર્યો. પોતાને મલિન કર્યો. એકાકાર મલિનભાવ સ્વરૂપે પોતાનો અનુભવ કરવા લાગ્યો એટલે કહ્યું કે પોતાને મલિન કર્યો.

મુમુક્ષુ :- ચેતના ઉપર હુંપણું સ્થાપે તો...

પૂજ્ય ભાઈશ્રી :- તો આખી દિશા બલાય જાય. આ એનો અંતર

અનુભવના અભ્યાસનો પ્રકાર રહેવો જોઈએ. આ રીતે એણે આત્માને અભ્યાસવો જોઈએ. રાગ, દ્વેષ, મોહ, જ્ઞાન બધું થાય છે પણ એમાં ચેતના સામાન્ય છે એ હું છું, એવો એનો અભ્યાસ ચાલવો જોઈએ. એ અંતર અભ્યાસ બહારની ઉપાધિમાં તન્મય થઈને થઈ શકતો નથી. બાહ્ય કાર્યોમાં, એની ઉપાધિમાં એકાકાર રહીને, એમાં હિત-અહિતપણું માનીને, એમાં લાભ-નુકસાન માનીને એને પ્રયોજનભૂત જાણીને આ અભ્યાસ નથી થઈ શકતો. એટલે એને એ રીતે અંદરમાં પહેલા નિવૃત્તિ લેવી પડે છે. આ અંતર નિવૃત્તિનો વિષય છે. અંદરમાં સૂક્ષ્મપણે રાગાદિ ભાવો થઈ રહ્યા છે ત્યારે પણ તે રાગ-દ્વેષ-મોહમાં પરિણમતિ જે ચેતના, ચેતના છે ત્યારે તે પરિણમે છે. રાગ-દ્વેષ ક્યારે પરિણમે છે ? બહુ સારો ટોન છે અહીંયાં. **'ભાવકર્મ તેમાં ચેતના પરિણમે છે. ત્યારે ચિદ્વિકાર થાય છે.'** વિકાર ક્યારે થાય છે ? ચેતના પરિણમે છે ત્યારે ચિદ્વિકાર થાય છે. તો તું ચેતનાને જોને. એમ કહે છે. જો તું ચેતનાને જો, એ અભ્યાસ કર કે આ હું-ચેતના તે હું, તો તારી દિશા બદલાશે. પહેલી દિશા બદલાય અને પછી દશા બદલાય. દિશાંતર થતાં દશાંતર થાય. એમ કહેવું છે.

મુમુક્ષુ :- પ્રેમથી કહે છે કે રાગદ્વેષ તો મેં કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એને પકડે છે એને જ પકડે છે. તો ચેતનાને ખોવે છે. સંભાળે ચેતનાને તો રાગદ્વેષ ઉપરનું લક્ષ ઉઠી જાય, રાગ-દ્વેષ ઉપરની દૃષ્ટિ ઉઠી જાય.

મુમુક્ષુ :- આ જ રીતે છે કે બીજી કોઈ રીતે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ જ રીત છે. ચેતના પકડવી જોઈએ.

**'કેવલજ્ઞાનપ્રકાશ આત્માનો વિલાસ છે. તેને સંભારતો નથી.'** એના ઉપર એનું વજન નથી, એમ કહેવું છે. કેમ એ ચેતનાને પકડતો નથી ? કે આત્મા કેવળજ્ઞાન સ્વરૂપી છે. અનંત જ્ઞાનસ્વરૂપી છે, એવો જે જ્ઞાનભંડાર છે, એવા અનંત ગુણનો રત્નભંડાર છે, અનંત ગુણરત્નોનો ભંડાર છે. એના ઉપર એનું વજન નથી. વજન એને બાહ્ય કાર્યો અને બાહ્ય ભાવો ઉપર છે એટલે એને સંભારતો નથી અથવા સંભાળતો નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન આત્માનો વિલાસ એટલે આત્માને રમવાનું, સ્થિર થવાનું, પરિણમવાનું સ્થાન તો કેવળજ્ઞાનપ્રકાશ છે. જો તું ચેતનાને ગ્રહણ કરીને તારા પરિણમનની દિશા અને લાઈન બદલી નાખ તો કેવળજ્ઞાનપ્રકાશ પ્રગટ થશે કે જે આત્માને રમવાનું એક રમ્ય સ્થાન છે. આત્મા પોતે એના પ્રદેશથી રમ્યપ્રદેશી છે. એ શબ્દ 'પૂજ્ય બહેનશ્રી' બહુ પ્રયોગ કરે છે. આત્મા નંદનવન છે, આત્મામાં ક્રિડા કરવા યોગ્ય આત્માનું સ્થાન છે. આત્માની શક્તિઓનો જે વૈભવ છે એ વૈભવ પણ કોઈ ચમત્કારિક અને આશ્ચર્યકારી વૈભવ છે. મહા વિભૂતિઓ ભરેલી છે, જેમાં કોઈ ખામી નથી. એવી ખામી વગરનું આ તત્ત્વ છે. તારે કાંઈ કોઈની કોઈ પ્રકારે કોઈ ચીજની કાંઈ જરૂર ન પડે એવું આ તત્ત્વ પરિપૂર્ણ છે. એવા તારા સ્વસ્વરૂપ ઉપર તારો મહિમા નથી, એની ઓળખાણ નથી, મહિમા નથી એટલે વજન જતું નથી. વજન જતું નથી એટલે ચેતનાને ગ્રહણ કરવાનો અંદરમાં અભ્યાસ પણ થતો નથી. એમ ને એમ ઉદયભાવમાં ચાલ્યો જ જાય છે, ચાલ્યો જ જાય છે, એનો પરિણમનનો પ્રવાહ રોક્યા વગર.

**'કેવલજ્ઞાનપ્રકાશ આત્માનો વિલાસ છે.'** જુઓ ! અહીંયાં હજી ચેતનાને ગ્રહણ કરવાની વાત આવે છે ત્યાં કેવળજ્ઞાનની વાત ઉપાડી. સીધું જ એમને પૂર્ણતાની ભાવના હોવાથી પરિપૂર્ણ દશા પણ નજીકમાં જોવામાં આવે છે.

મુમુક્ષુ :- પંચમકાળ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પંચમકાળ રહ્યો પંચમકાળમાં. અહીંયાં ધર્માત્માની દશામાં પંચમકાળ નથી. એને પંચમકાળ કેવો ? એને તો ધર્મ પ્રગટ થયો, એને અંદરમાં ચોથો કાળ પ્રગટ થઈ ગયો.

**'મોહવશથી ગ્રંથને સાંભળે છે તથા જાણે છે.'** એ પદ્ધતિ ખોટી પદ્ધતિ છે. મોહના આવરણમાં રહીને, મોહની પક્કડમાં રહીને, વ્યામોહથી પરપદાર્થના ઈષ્ટ-અનિષ્ટપણાના અભિપ્રાયમાં ઊભો રહીને એ અભિપ્રાય એમ ને એમ પક્કડ રાખીને ગ્રંથને સાંભળે છે, સદ્‌ગ્રંથોને પણ સાંભળે અને સદ્‌ગ્રંથોને ઉપયોગ લગાવીને જાણે કે અહીંયાં આમ કહે છે, અહીંયાં આવી અપેક્ષા છે, અહીંયાં આવી વિવિક્ષા છે, આ આમ કહેવા માગે છે, આ ગાથામાં આમ કહેવા માગે છે. એ બધું

**'મોહવશથી ગ્રંથને સાંભળે છે તથા જાણે છે.'**

મુમુક્ષુ :- મોહવશથી ન સાંભળવું તો કેવી રીતે સાંભળવું ?

પૂજ્ય ભાઈશ્રી :- મોહથી ખસીને સાંભળવું. મોહના વશમાં રહીને ન સાંભળવું, પણ મોહથી અળગા થઈને, જુદાં પડીને સાંભળવું જોઈએ.

મુમુક્ષુ :- એટલે આત્માનું લક્ષ કરીને સાંભળવું ?

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્ય સામાન્ય છે એમાં લક્ષ, એમાં હુંપણું એ આવવું જોઈએ. અને એની એક પરિણતિ થઈ જવી જોઈએ. આ તો મોહવશથી એટલે પરિણતિ તો મોહની ચાલે છે અને ઉપયોગ ઉપર ઉપરથી કામ કરે છે કે અહીંયાં શાસ્ત્રમાં આમ કીધું, આ શાસ્ત્રમાં આમ કીધું, અહીંયાં આમ કહ્યું. વાદવિવાદ, શાસ્ત્રના વાદવિવાદ ને લડાઈ કરે. પણ શેના (વશે) ? મોહવશથી. લેશે.

**'શરીર, વિણસશે,...'** શાસ્ત્ર વાંચે છે ત્યારે એને ખબર પડે છે કે શરીર છે એ વિણસી જવાનું છે. ભલે સોનાની ભસ્મ ખાય કે મોતીની ભસ્મ ખાય, હીરાની ભસ્મ ખાય પણ શરીર વિણસવાનું એટલે વિણસવાનું છે. **'શરીર વિણસશે. પરિવાર, ધન, સ્ત્રી, પુત્ર એ પણ રહેશે નહિ,...'** બધા પણ વખત થયે સ્ટેશન આવ્યું એટલે જેમ ગાડીમાંથી ઉતરતા જાય છે, પોતપોતાનું સ્ટેશન આવ્યું એટલે ટ્રેન છોડી દે છે. જે જગ્યા માટે મારામારી કરી હતી એ જગ્યા રોકવા ત્યાં રહેતો નથી. કોઈ આગ્રહ કરે કે ભાઈ ! બેસો ને. બેસોને. પણ ભાઈ ! મારું ગામ આવ્યું. આટલું બધું તો મમત્વ કર્યું, તકરાર કરી હતી. તો કહે, નહિ. હવે ઘર આવી ગયું. એ પણ જેમ સ્ટેશન આવે એમ ઉતરતા જાય છે, એમ પરિવારના સભ્યો પણ એનો ટાઈમ થાય એ પ્રમાણે ચાલવા માંડે છે. એમાં ઈચ્છા-અનિચ્છા કામ આવતી નથી. જાણે છે. આવું બધું શાસ્ત્રથી જાણે પણ મોહવશ રહીને જાણે છે.

**'પણ તેમના પ્રત્યે હેત કરે,...'** જાણે કે આ નથી રહેવાના. કાં હું નથી રહેવાનો કે આ નથી રહેવાના. **'પણ તેના પ્રત્યે હેત કરે,...'** પ્રીત કરે. કેટલું કરે ? કે **'નરકનો બંધ પડે, (એવા) અનંત દુઃખના કારણને સુખ સમજે છે.'** આટલી બધી હેત-પ્રતી કરે. ન કરવાના પરિણામ કરે, નરકમાં પોતે જાય એવા પરિણામ કરે. શાસ્ત્ર વાંચે ત્યારે ખબર કે આ

નહિ રહે. આ બધું વિનાશીક છે. કા હું જઈશ, કાં એ જશે. પણ પાછું એટલા મોહવશથી સાંભળે છે. પરિણામ એવા કરે (કે) નરકમાં જાય એવા પરિણામને કરે છે.

મુમુક્ષુ :- ઈષ્ટ-અનિષ્ટ કરે, અહીંયાં ખબર પડે પણ અહીંયાંથી જાય પછી...

પૂજ્ય ભાઈશ્રી :- ન છૂટકો હોય તોપણ જ્યારે ઈષ્ટ-અનિષ્ટપણું થાય ત્યારે ત્યાં તપાસ કરવી કે આ સારું કેમ લાગ્યું ? અને આ ખરાબ કેમ લાગ્યું ? પદાર્થ સારો છે ? કે પદાર્થ ખરાબ છે ? પદાર્થ તો જે છે તે છે. ગળપણમાં જે સ્વાદ ગળ્યાપણાનો છે એ સ્વાદને જાણવો એક વાત છે અને એને સારો જાણવો એ બીજી વાત છે. સારો જાણે તો સારો જ રહેવો જોઈએ. આગળ જતાં ખરાબ કેમ થાય છે કે હવે નહિ... હવે નહિ... હવે નહિ... કેમ થાય છે ? જો ગણપણ જ છે સારું તો એ સિવાય માણસ પછી બીજો કોઈ સ્વાદ જ ન લે. એકલો ગળપણનો જ સ્વાદ લે. તો કહે, ના, દાળ પણ જોઈએ, શાક પણ જોઈએ, પૂરી પણ જોઈએ, ફરસાણ પણ જોઈએ. શું કરવા બીજું જોઈએ ? એ તો સારું છે, સારું જ રાખ ને. કલ્પના થાય છે.

ઈષ્ટ-અનિષ્ટપણું એ જીવના વ્યામોહથી, જીવના ભ્રમથી ઉત્પન્ન થયેલો એક કલ્પનારૂપ ભાવ છે. વાસ્તવિકતા શું છે અને કલ્પના શું છે, આ બે વસ્તુ પોતાના ચાલતા ઉદયમાં પ્રયોગથી તપાસ કરીને, મિંઢવીને સ્પષ્ટ કરવી જોઈએ કે મને ભ્રમ થાય છે, વ્યામોહ છે એ જ મિથ્યાત્વ છે, એ ભ્રમ છે. અનંત સંસારનું, અનંત જન્મ-મરણનું બીજ અહીંયાં રહેલું છે. એની ગંભીરતા પણ આવવી જોઈએ. એ અનંત જન્મ-મરણનું બીજ આ મિથ્યાભાવમાં રહેલું છે. ઈષ્ટ-અનિષ્ટપણું કરવાથી તે કેટલા પરિણામ કયા પ્રકારના પોતાના અહિતરૂપ પરિણામ કરશે એનું કોઈ માપ પછી રહેતું નથી. અમાપ પરિણામ કરે છે. એટલે અભ્યાસે જાય છે. જ્યારે એ તપાસ કરે છે, પોતાના જ પરિણામની અને પદાર્થ વચ્ચેની કે આમાં કલ્પના શું અને વાસ્તવિકતા શું ? એ જોઈને, તપાસીને અભ્યાસ કરે છે તો ઈષ્ટ-અનિષ્ટપણું જરૂર મટે છે. જરૂર મટે છે એની ખાતરી એ...

માણસ એમ કહે ને ? કે કોઈ વૈદ એમ કહે કે આ રોગ તમારો

એક વર્ષે મટાડશું. ત્યારે પૂછે કે પહેલા બે-ત્રણ મહિનામાં કાંઈ ખબર પડશે કે અમને આ રોગ મટવાનો છે એવી તો ? હા. તારો રોગ જો મટે એવો રોગ હોય તો પહેલા મહિના, બે મહિનામાં તેનું મંદપણું, તેનું ઘટવાપણું પણ તેના પ્રમાણમાં તો ઉપસ્થિત થવું જોઈએ.

અહીંયાં કહે છે કે તારો મિથ્યાત્વનો રોગ છે એ મટવાની તને ખાતરી આપીએ છીએ. કે જ્યારે તું આવી તપાસ કરીશ, કે આમાં કલ્પનાનું જૂઠપણું શું છે ? અને વાસ્તવિકતા પદાર્થની શું છે ? એ પદાર્થ ઇષ્ટ પણ નથી અને પદાર્થ અનિષ્ટ પણ નથી. એ તપાસવાના કાળમાં તારો જે પદાર્થ પ્રત્યેનો રસ છે, ઇષ્ટ માનીને કે અનિષ્ટ માનીને ઉત્પન્ન થયેલો, એ રસ છે એ રોગ છે અને એના એ રોગ ઉપર પહેલો ઘા આવશે.

જ્ઞાનીઓએ તો ઘણી વાતો કરી છે આવા વિષય ઉપર કે સામાન્ય રીતે જેની જે પ્રકૃતિ (હોય) એ પ્રકૃતિનો એને રસ તીવ્ર ઉત્પન્ન થાય છે. પછી ક્રોધ હોય, મોહ હોય, લોભ હોય. જે કોઈ પ્રકૃતિ (હોય). તો જ્યારે આવા અંદરનાં સંશોધનના, ખોજવાના, તપાસવાના કાર્યમાં જીવ લાગે છે ત્યારે એનો એ પ્રકૃતિરસ છે એમાં મોટો ફેર પડે છે. એને પોતાને ખબર પડે છે કે આ પ્રકૃતિએ જેટલો રસ ચડી જતો હતો એ તપાસવા જતાં એનું મોળાપણું, એનું ફિક્કાપણું ભાવમાં તે જ કાળે, તાત્કાલિક વર્તમાનમાં જ એને અનુભવગોચર થાય છે. એના ખ્યાલમાં આવે એવી રીતે અનુભવગોચર થાય છે. જે પારો રસનો ચડી જતો હતો એ ચડતો નથી. એ એને ખબર ન પડે કાંઈ ? અને જે રસનો પારો ચડી જતાં એમાં દુઃખ ઘણું હતું, તીવ્ર દુઃખ હતું, અહીંયાં એ દુઃખની માત્રામાં પણ ફેર પડે છે. એટલે એને ખબર ન પડે એવું બનતું નથી. પણ અભ્યાસ એનો પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે, વારંવાર ચાલવો જોઈએ. જેટલો અભ્યાસ સતત એટલું કાર્ય પોતાનું નજીક છે. અથવા આજે, કાલે કે આવતીકાલે એવો સતત અભ્યાસ કર્યે જ છૂટકો છે. આ જ પુરુષાર્થનું પહેલું સોપાન છે-પગથિયું છે. એ વિના કદી પણ ભલે થોથાં વાંચી વાંચીને ગમે તેટલા વાંચી નાખે પણ અંતરંગ પુરુષાર્થ કર્યાં વિના કદી કાર્ય થવાનું નથી. એ વાત તો એના લક્ષમાં હોવી જ જોઈએ.

અહીંયાં તો કહે છે કે ગ્રંથ પણ સાંભળે છે અને સમજે છે, જાણે

છે એટલે સમજે છે પણ મોહવશથી સાંભળતો હોવાથી એક બાજુ ગ્રંથ સાંભળે છે, બીજી બાજુ નરકનો બંધ પડે એવા દુઃખના કારણને સુખ સમજે છે. ત્યાં ઈષ્ટપણું સમજે છે કે આ મારા લાભનું કારણ છે. આનાથી મને લાભ થાય છે. એને એ લાભ સમજે છે અને લાભ માને છે. '**આવી અજ્ઞાનતા મોહવશથી છે.**'

'**માટે જ્ઞાનપ્રકાશરૂપ મારો ઉપયોગ સદાય મારું સ્વરૂપ છે,...**' જુઓ ! ઉપયોગ ઉપર તો કેટલી વાત લે છે. '**જ્ઞાનપ્રકાશરૂપ...**' એટલે જ્ઞાન પ્રત્યક્ષપણે જ્ઞાનને વેદે એવો જે '**મારો ઉપયોગ...**' ઉપયોગ છે એવું જ મારું સ્વરૂપ છે. આ જ મારું સ્વરૂપ છે. જ્ઞેયને જાણે એવા જ્ઞાન ઉપયોગરૂપ મારું સ્વરૂપ છે એમ અહીંયાં કહેતા નથી. '**જ્ઞાનપ્રકાશરૂપ મારો ઉપયોગ સદાય મારું સ્વરૂપ છે,...**' જ્ઞાનનો જેમાં, માત્ર જ્ઞાનપણું, માત્ર જ્ઞાનનું... જ્ઞાનનું જ્ઞાનને વેદવાપણું અને પ્રત્યક્ષપણું જ્ઞાનનું (છે), એવું મારું સ્વરૂપ છે કે જે ઉપયોગની અંદર સ્પષ્ટ જોવામાં આવે છે. એટલે એવું મારું સ્વરૂપ છે. જેવો ઉપયોગ છે એવું મારું સ્વરૂપ છે એમ કહેવું છે. '**તેથી સદાય મારો સ્વભાવ મારામાં છે.**'

જેમ બાળકને બિલાડી બતાવીને બિલાડી ઓળખાવે. બિલાડીનું વર્ણન કરે કે એને શરીરે ચટ્ટાપટ્ટા હોય, ચાર પગ હોય, પૂંછડી હોય તો બાળક કદાચ બિલાડીને ન પણ સમજે. પણ બિલાડીને લાવીને ટેબલ ઉપર મૂકે કે જુઓ ! આને બિલાડી કહેવાય, જુઓ ! આને ચટ્ટાપટા દેખાય છે, આંખો એની આવી છે, કાન એના આવા છે, પૂંછડી આવી છે. તો બિલાડીનું જ્ઞાન કેવું ચોખ્ખું થાય ?

એમ ઉપયોગથી અહીંયાં આત્માને દેખાડે છે કે જુઓ ! આ જ્ઞાનપ્રકાશરૂપ ઉપયોગ જેવો છે તેવું તારું સ્વરૂપ છે. ઉપયોગને દેખાડે છે. જેવો જ્ઞાનપ્રકારૂપ ઉપયોગ છે એવો તારો ઉપયોગસ્વભાવી આત્મા છે. સદા ઉપયોગી છે. સદાય ઉપયોગ ધારણ કરે છે, સદાય ઉપયોગવાન છે. તેથી આત્મા પોતે એ સ્વરૂપે છે, તેથી એનો ઉપયોગ છે. એમ સીધું એનું મૂર્તિમંત સ્વરૂપ દેખાડે છે. એનું વર્ણન કરવાને બદલે દેખાડે છે. પદ્ધતિ એમની આ છે. કોઈ વિશેષ શૈલી હોય 'દીપચંદજી'ની તો આ વિશેષતાવાળી શૈલી છે. એ પ્રયોગત્મક ઢબથી, પદ્ધતિથી વસ્તુને દેખાડે છે. વસ્તુનું વિવરણ કર્યે જાય છે એવું નથી.

જુઓ ! આ ઉપયોગસ્વરૂપી આત્મા પોતે છે. એટલે તો આગળ એ લીધું ને ? જ્યાં ઉપાયની વાત લીધી. ૭૮ પાને. પેરેગ્રાફની પહેલી લીટી.

'**ઉપાય પોતાના સ્વરૂપને પામવાનો, પોતાનો ઉપયોગ છે.**' ઉપયોગ જે સ્વરૂપે છે એ સ્વરૂપે આત્મા છે. ઉપયોગસ્વરૂપી આત્મા છે. આત્માને પામવો એટલે આત્માનો અનુભવ કરવો, એનો ઉપાય પણ આ ઉપયોગ છે. ઉપયોગને પકડ્યા વિના ઉપયોગસ્વરૂપી આત્માનું જ્ઞાન કે અનુભવ થઈ શકે એવું નથી. બહુ સંદર પદ્ધતિ છે. '**માટે જ્ઞાનપ્રકાશરૂપ મારો ઉપયોગ સદાય મારું સ્વરૂપ છે, તેથી સદાય મારો સ્વભાવ મારામાં છે. કદી પણ જેનો વિયોગ ન થાય,...**' કેવો મારો સ્વભાવ છે મારામાં ? કે કદી પણ જેનો ત્યાગ ન થાય, કદી પણ જેનો વિયોગ ન થાય. એવો મારો સ્વભાવ શાશ્વત મારામાં છે.

જે '**અનંતમહિમા ભંડાર,...**' છે. અનંત મહિમાને ધારણ કરી રહેલો એવો અનંત મહિમાના ભંડાર સ્વરૂપ મારો સ્વભાવ છે. '**અવિકાર,...**' છે. જેમાં વિકારની ગંધ પણ નથી. વિકારનું નામનિશાન નથી. અવિકાર એમ કહેવું પડે છે. પણ ખરેખર વિકાર, અવિકારની અપેક્ષા જેને લાગુ પડતી નથી. એવું નામ પણ જેને લાગુ પડતું નથી. એક ન્યાય એવો છે કે એવું નામ પણ એને લાગુ પડતું નથી. કેમકે એ તો જે સ્વરૂપે જેવો છે તેવો છે. મૂળમાં તો જેવો છે તેવો જ સદાય શાશ્વત છે. અવસ્થાના વિકારને જોઈને એવો નથી એમ કહેવા માટે અવિકાર છે એમ કહેવામાં આવે છે.

'**અવિકાર, સારસરૂપ (સારસ્વરૂપ)...**' સાર એટલે હિત. સુખસ્વરૂપ. અનંત આનંદસ્વરૂપ '**દુર્નિવાર મોહથી રહિત થાય...**' જે અવસ્થાનો મોહ મટવો દુષ્કર છે તેથી તેને દુર્નિવાર કહેવામાં આવે છે. એવા '**દુર્નિવાર મોહથી રહિત થાય (એમ) અનુપમ આનંદઘનની ભાવના કરવી.**' શું અહીંયાં પદ્ધતિ લીધી છે એમણે ? કે એની ભાવનાથી એને સાંભળવો, એની ભાવનાથી એને વિચારવો, એની ભાવનાથી (ભાવવો). દ્રવ્યશ્રુતમાં ભાવશ્રુત છે એ ભાવનાસ્વરૂપે છે. દ્રવ્યશ્રુત નિમિત્તે ભાવશ્રુત છે એ ભાવનામય ચીજ છે. તેથી તેને ભાવશ્રુત કહ્યું છે. તેમાં ભાવનાથી સ્વ તત્ત્વને ભાવવામાં આવતું

હોવાથી તેને ભાવશ્રુત કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાન છે એને ભાવશ્રુતજ્ઞાન કેમ કહ્યું ? કે માત્ર તે સ્વરૂપને દૂર રહીને જાણે છે એમ નહિ, પણ એને ભાવે છે.

મુમુક્ષુ :- ભાવે છે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવે છે એટલે એના આસ્વાદને એ આસ્વાદે છે, પીએ છે, અમૃતરસને પીએ છે. એ તો એમણે ભાવશ્રુતની પરિભાષા કરતા અમૃતને પી એમ કહે છે. એવી વાત કરી છે.

મુમુક્ષુ :- ૮૧ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- ૮૧માં છે. બહુ નજીક છે એ તો. હા, બરાબર છે. '**વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ,...**' ઘણા દિવસ થઈ ગયા ને ? છે તો નજીક જ છે. પણ ઘણા દિવસ થઈ ગયા. '**ભાવશ્રુત, શ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણને કહ્યું, પરમાત્માને ઉપાદેય કહ્યો.**' દ્રવ્યશ્રુતે. '**પરમાત્માને ઉપાદેય કહ્યો.**' કેમકે કહેવાનું કામ દ્રવ્યશ્રુતનું છે. તો દ્રવ્યશ્રુતે પરમાત્માને ઉપાદેય કહ્યો '**તે જ રૂપ ભાવ...**' ઉપાદેયતારૂપ ભાવ. આ હું. એવા '**ભાવશ્રુતરસ, તેને પી.**' ભાવનાનો વિષય છે ને ? એટલે એમ કેહ છે એવા ભાવશ્રુતરસથી પોતાના સ્વરૂપના આસ્વાદનનો અનુભવ કર એટલે એના અમૃતનું પાન કર. એમ કહેવું છે. અમૃતપાન કર.

મુમુક્ષુ :- મોહ કેમ જાય એની રીત ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

અહીંયાં ભાવના કરવી એમ લીધું ને ? કે '**કદી પણ જેનો વિયોગ ન થાય,...**' અભેદ અનુભવસ્વરૂપ એમ કહેવું છે. કદી જેનો વિયોગ ન થાય એટલે જે અભેદ અનુભવસ્વરૂપ છે. પોતે જ અભેદ અનુભવસ્વરૂપ છે. એવા '**અનંતમહિમાભંડાર, અવિકાર, સારસરૂપ (સારસ્વરૂપ) દુર્નિવાર મોહથી રહિત થાય (એમ)...**' એ પ્રકારથી પોતાના '**અનુપમ આનંદઘનની ભાવના કરવી.**' આવા મહિમા અને સુખનો ઘનિષ્ટ આનંદઘન છે. ઘનિષ્ટ પિંડ છે એવી ભાવના કરવી. એ હું છું એમ ભાવવું. એ હું છું એમ વારંવાર ભાવવું.

'સમયસાર'માં તો ભાવનાનો આખો અધિકાર આવે છે. એ ભાવનાના અધિકારમાં આ શબ્દ વાપર્યો છે. વેદાંતમાં જે શબ્દ વાપરે છે

ને ? સંન્યાસ. પરભાવના સંન્યાસના ત્યાગની ભાવનાને નચાવવી. પરભાવના સંન્યાસની ભાવનાને નચાવે. સંન્યાસ એટલે ત્યાગ. અહીંયાં એમ કહ્યું કે મોહથી રહિત થાય. એટલી વાત નાખી દીધી. મોહથી જે પ્રકારે રહિત થવાય તેમ પોતાના નિર્મોહી તત્ત્વની ભાવનામાં આવીને આનંદઘનની ભાવના કરવી, ભાવના ભાવવી.

જે જીવ આત્માની ભાવના ભાવે છે તેને જ અનાત્મ ભાવનાનું જ્ઞાન થાય છે કે આ મારી ભાવનનો રોધક ભાવ, પ્રતિબંધક ભાવ આવો છે. ભાવના છે એ મૂળ બીજ છે. જેમ મોક્ષનું બીજ સમ્યક્ત્વ છે, મોક્ષનું બીજ સમકિત છે. એ સમકિતનું બીજ ભાવના છે. બીજી રીતે લઈએ તો. સમકિતનું બીજ છે એ ભાવના છે.

ખાસ કરીને 'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત'નો વિષય જો લઈએ, મુખ્ય વિષય લઈએ અથવા એમના પ્રવચનો થતાં હશે ત્યારે પ્રવચનોનો મુખ્ય વિષય લઈએ તો મુમુક્ષુને સમકતિ તો નથી, પણ ભાવના જે છે એ સમકિતનું બીજ છે. એટલે ભાવનાને કેન્દ્રસ્થાનમાં રાખીને વકતવ્ય આવ્યું છે. ભાવનાના વિષયને કેન્દ્રસ્થાનમાં રાખીને ઘણી વાતો કરી છે. એટલે કહ્યું કે જેને ચૈતન્યમાંથી ચૈતન્યની ભાવના, આંતરડીમાંથી ઉઠેલી આત્માની ભાવના, એ ભાવના થાય અને એ ભાવના ન ફળે (તો) ચૌદ બ્રહ્માંડને ફરવું પડશે. એવી વાત લીધી છે. એવી ભાવનાનો વિષય (છે). જેમ સમકિત થાય એને મોક્ષ થાય જ થાય. એમ જેને અંતરની સ્વરૂપ પ્રાપ્તિની ભાવના થાય એને સમકિત થાય જ થાય. એમ લેવું છે. ચૌદ બ્રહ્માંડ ફરી જાય. જો સમકિત ન થાય તો ચૌદ બ્રહ્માંડ ફરી જાય, એમ લીધું છે. એટલી તો ભાવનાની વાત લીધી છે.

પેલો તો શાસ્ત્રનો ગુણસ્થાનનો વિષય એવો છે કે ચોથા ગુણસ્થાને સમકિત થાય ત્યારે અભેદ અનુભવ થાય. જ્યારે એવો અભેદ અનુભવ થાય ત્યારે ગ્રંથિ ભેદ થાય. મિથ્યાત્વની ગ્રંથિ છેદાય જાય. મિથ્યાત્વની ગાંઠ છેદાતા એનો મોક્ષ થાય જ થાય. આ તો એક વસ્તુ પ્રસિદ્ધ શાસ્ત્રનો વિષય છે. પણ એ સમકિત થાય જ થાય. અને થયા વિના ન રહે એવી કોઈ ચીજ મુમુક્ષુદશામાં મુમુક્ષુને મળે ખરી ? કે હા, મળે. અને એ ચીજ છે એ આ ભાવના છે. 'અનુભવ પ્રકાશ'માં પણ અનુભવ કરાવવો છે ને ? એટલે ભાવનાનો વિષય ફેરવી ફેરવીને લે છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કારણ સમ્યક્ત્વ લીધું છે ...

પૂજ્ય ભાઈશ્રી :- કંઈક વચન તો છે એમનું. યાદ નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રનો આધાર...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવે' પ્રવચનમાં પણ એ વાત લીધી છે. 'શ્રીમદ્જી'ની. એ તો આ છે, 'કારણ ગણી સમકિત.' એ તો સત્પુરુષના વિષયની વાત છે. એને સમકિતનું કારણ ગણવું. જેને સત્પુરુષ પ્રત્યે અનન્ય ભાવે ભક્તિ છે એને સમકિતનું કારણ ગણવું. એ વિષય એમણે વળી બીજા દૃષ્ટિકોણથી મૂકી દીધો છે આખો. ભાવના છે એ અંતરંગનો વિષય છે. કોઈ જીવને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના અંતરમાં થઈ. એની બહારમાં શું ખબર પડે ? તો કહે છે, બહારમાં ખબર પડે. એ 'શ્રીમદ્જી'એ નાખ્યું કે જેને વિદ્યમાન સત્પુરુષ પ્રત્યે અનન્ય ભક્તિભાવ થયો, એ જીવને સમકિતનું બીજ ઉત્પન્ન થઈ ગયું, એને સ્વરૂપની ભાવના વર્તે છે. આ એમણે બાહ્ય ચિહ્ન નાખ્યું. છે ને ? આખું પત્તું છે. ભાવ એટલો તો યાદ રહી ગયો છે કે ત્યાં સત્પુરુષનો વિષય લેવા માગે છે.

મુમુક્ષુ :- પત્રમાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, આમાં છે. 'આત્મસિદ્ધિ'માં પણ છે. 'આત્મસિદ્ધિ'નું પદ છે. પત્રમાં તો ઘણે ઠેકાણે વાત લીધી છે.

'વર્તે સદ્ગુરુ લક્ષ, લહે શુદ્ધ સમકિત તે જેમાં ભેદ ન પક્ષ.' પછી એમાં કોઈ બીજી વાત નથી. બીજો ભેદ એટલે એમાં બીજી કોઈ વાત નથી. પછી એ સમકિતની વ્યાખ્યા કરી છે કે 'વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત, વૃત્તિ વહે નિજ ભાવમાં પરમાર્થે સમકિત.' પરમાર્થ સમકિત તો આ છે. પણ સમકિત કોણ લેશે ? કે જે સદ્ગુરુના લક્ષે વર્તશે તે. એ તો ત્યાં એટલું સ્પષ્ટ નથી. એક જગ્યાએ તો એ સ્પષ્ટ વાત છે. 'આત્મસિદ્ધિ'માં ક્યાંક છે. પણ સીધું તો હાથ નથી આવતું.

પત્રમાં તો ૭૫૧માં એ વાત સ્પષ્ટ કરી છે. પત્રમાં વાત છે ને એ તો ૭૫૧માં છે. '**આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારના સમકિત ઉપદેશ્યા છે.**' એટલે 'આત્મસિદ્ધિ'માં આ વાત અમે નાખી છે એમ પોતે જ કહ્યું છે. જો કે ૭૫૧ પત્ર છે એ 'આત્મસિદ્ધિ'ની રચના પછીનો પત્ર છે. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. '**આપ્તપુરુષના વચનની**

**પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્ત પુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.'** એનું નામ જ સમકિત આપી દીધું છે. પછી નીચે પોતે ચોખવટ કરી છે કે એ સમકિતનું કારણ હોવાથી એને સમકિત કહીએ છીએ. એ વાત એમણે ખુલાસામાં નાખી છે. પણ એને તો પહેલું સમકિત જ કહી દીધું છે કે એને સમકિત છે. ઠીક ! સમકિતનું કારણ જોઈને.

**'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.'** એટલે અહીંયાં નિર્ણય લઈ લીધો છે. એટલે ભક્તિ છે એ નિર્ણયનું કારણ અને નિર્ણય છે એ અનુભવનું કારણ. એમ કરીને પરમાર્થરૂપ... **'નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.' 'પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે; ભક્તિ કરવા યોગ્ય છે.'**

'શ્રીમદ્જી'ને તો એટલો બધો તત્ત્વ ઉપરનો ભાવ હતો કે નજીકના પાત્ર મુમુક્ષુઓ કોઈ પરમાર્થની વાત લખે તો એમ લખે તમારા વચનને અમારા નમસ્કાર છે. કોઈ એવી મુમુક્ષુ... 'સોભાગભાઈ' ને એ તો નજીકના પાત્ર હતા, કોઈ એવી તત્ત્વની, અંતરંગની વાત લખે તો એમ કહે, તમે આ વચન લખ્યું અમને બહુ પ્રમોદ થયો છે. તમારા આવા વચનને અમારા નમસ્કાર છે. એટલા બધા એ તો ભાવનાવાળા હતા. એવા પત્રો આવે છે. જેને આત્માના આત્મભાવના પ્રકાશક વચનો પ્રત્યે આટલો ભાવ આવે છે, એને પોતાનું સ્વરૂપ જે નિજ સ્વરૂપ છે એની ભાવના કેવી ઉગ્ર હોય ! આ ત્રિરાશી મૂકવાની વાત છે.

એ રીતે **'દુર્નિવાર મોહથી રહિત થાય (એમ) અનુપમ આનંદઘનની ભાવના કરવી. જડ અને...'** એટલે શું છે કે અહીંયાં શુષ્કજ્ઞાનથી કોઈ અભ્યાસ કરવાનો આ વિષય નથી. મુમુક્ષુઓનું હૃદય તો ભક્તિ અને ભાવનાથી ભીંજાયેલું હોય છે. આ એક મુખ્ય વાત છે. 'પૂજ્ય બહેનશ્રી'ની આ મુખ્ય વાત છે. અહીંથી આગળ ચાલવું પછી. ભાવનાવિહિનપણે કોઈ વાત નહિ. મૂળમાં ભાવના લેવી છે.

મુમુક્ષુ :- ભાવનાથી જો ભીંજાયેલો ન હોય તો બીજે રસ્તે ચડી જવાય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવિક જ છે. કારણ કે બીજો તો રસ પડ્યો જ છે ને પાછો. અનાદિનો બીજો રસ તો ઊભો છે. એ રસને તોડવા માટે બીજો વિરૂદ્ધ રસ આવે તો એ ત્રાજવાના પલ્લા જેવું છે. નહિતર એનું વજન છે એ ફરે નહિ. એ વજન ફરે નહિ ત્યાં સુધી કાંઈ એને સાચો માર્ગ હાથમાં આવે એવું બનતું નથી. (અહીં સુધી રાખીએ...)

લક્ષનું મહત્વ, બોધના પરિણમન અર્થે વિચારવા યોગ્ય છે. યથા, પરલક્ષવાળું જ્ઞાન, ૧૧ અંગ અને ૯ પૂર્વ સુધીનું હોવા છતાં સ્વાનુભવને સાધતું નથી. પરંતુ જેને 'સ્વરૂપ-લક્ષ' થયું છે, તે અલ્પ ઉઘાડવાન હોય તોપણ 'સ્વરૂપની પ્રત્યક્ષતા'ના અવલંબને સ્વરૂપને આરાધે છે. લક્ષ વગરના જાણપણામાં (યથાર્થ) નિજ સ્વરૂપ જ્ઞાનમાં ભાસતું જ નથી. તેથી તેનો મહિમા સહજ ઉત્પન્ન થતો નથી, વીર્યની દિશા પણ સ્વસન્મુખ થતી નથી. તેવી સ્થિતિમાં રાગનો અનાદિનો આધાર છે, તે ચાલુ જ રહે છે. તેથી તત્ત્વ વિચારમાં પણ મુખ્યપણે રાગની જ પ્રવૃત્તિ થાય છે. સ્વરૂપ-લક્ષમાં તો વેદન-પ્રત્યક્ષ દ્વારા આત્મરસ અને આત્મઆશ્રય (આત્મામાં 'હું પણા')નું બળ વૃદ્ધિગત થતું થકું આત્માને સાધે છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનનું મૂલ્યાંકન 'લક્ષ'ની ગણત્રીપૂર્વક હોવું / થવું તેમાં યથાર્થતા છે. અન્યથા અયથાર્થતા છે. (અનુભવસંજીવની - ૧૦૦૦)

## તા. ૧૩-૪-૧૯૮૬, પાના નં. ૮૩, પ્રવચન નં. ૧૪૮

... ભેદવિજ્ઞાનનો વિષય છે. કઈ રીતે ભેદવિજ્ઞાન કરવું. નીચેથી ત્રીજી લીટી. ૮૩ પાનું. '**જડ અને પરજીવરૂપ સર્વ પરનો અંશે-અંશ સ્વરૂપની ભિન્ન જાણી દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણમય મારું સ્વરૂપ છે. પ્રતીતિમાં એવો ભાવ કરતા પર ન્યારું ભાસે.**' જડ અને પરજીવરૂપ જેટલું જે કાંઈ છે-શરીર અને બીજા સંયોગો. પર જીવ એટલે અન્ય જીવો. જેની સાથે પૂર્વકર્મના ઉદયરૂપ સંબંધ થાય, પ્રસંગ પડે એવા સર્વ પર જીવો અને શરીરાદિ સર્વ જડ સંયોગો એ '**સર્વ પરનો અંશે-અંશ સ્વરૂપથી ભિન્ન જાણી...**' માત્ર ભિન્ન જાણવું એટલું અહીંયાં નથી લીધું. '**પ્રતીતિમાં એવો ભાવ કરતાં...**' પ્રતીતિપૂર્વક જાણવા છતાં. એવું ન કહ્યું કે આવો તું વિકલ્પ કર્યા કરજે. જડથી હું ભિન્ન છું, બીજા જીવોથી હું ભિન્ન છું એવું રટણ કરજે, એવો વિકલ્પ કરજે એમ નથી કહ્યું.

જાણવાના કાળે એની ભિન્નતા જાણજે અને ભિન્ન જાણવાના કાળે એની ભિન્નતાની પ્રતીતિ સહિત જાણજે. ઊલટી પ્રતીતિ જે અભિન્નતાની પડી છે, પરજીવ સાથે પોતાપણાની, મમત્વપણાની, શરીર આદિ સંયોગ જડ સાથે હુંપણાની, એ પ્રતીતિ એમ ને એમ રહે અનાદિની અને એમ કહે કે હું એને ભિન્ન જાણું છું. શરીર તો ભિન્ન જ છે. બીજા જીવ તો મારાથી ભિન્ન જ છે. તો એ જાણવું વિપર્યાસ સહિત છે. વિપરીતતા છૂટી નથી. પ્રતીતિમાં વિપરીતતા છૂટી નથી. પ્રતીતિમાં એકત્વ છે તો જાણવામાં (ભિન્નપણું) રહેશે નહિ. જાણવામાં ભિન્નપણું છે એ રહેશે નહિ. જાણવામાં પણ એકત્વ જ રહેશે. જાણવામાં ભિન્નત્વ નહિ રહે. કેમકે પ્રતીતિ એકત્વની છે. તો કહે, નહિ. જાણવામાં તો બરાબર ભિન્ન જણાય છે. તો એ વાત બંધબેસતી નથી.

મુમુક્ષુ :- પ્રતીતિમાં એટલે શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતીતિ એટલે હુંપણાનો ભાવ. હુંપણાનો ભાવ પોતાના જ્ઞાનસ્વભાવમાં, આત્મસ્વભાવમાં હુંપણું થવું એ પૂર્વક પરનું

ભિન્નપણું જણાવું જોઈએ. અને પરનું ભિન્નપણું જાણતાં પણ પર ભિન્ન જ છે એવો એક પ્રતીતિભાવ સાથે ભળવો જોઈએ. માત્ર જાણે કે ભિન્ન છે અને પ્રતીતિ અભિન્નતાની રાખે તો ભિન્ન જાણવું રહેતું નથી. એ વિષય એ વારંવાર લે છે. ઉપર પણ લીધું છે. પેરેગ્રાફ છે ને ? પાંચમી લીટી.

**'શરીર ભિન્ન છે, જડ છે, ચેતન ઉપયોગમય છે, (એમ) એનામાં વિવેચન કરે. જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડરૂપ રહે છે.'** ત્યાં પણ પ્રતીતિની વાત મૂકી છે. નીચેથી પાછું લેવું છે કે આ **'મારો ઉપયોગ એ જ મારું સ્વરૂપ છે. તેથી ઉપયોગી-અનુપયોગીને વિચારતાં જડચેતનની પ્રતીતિ થાય.'** ઉપયોગી-અનુપયોગીને વિચારતાં જડ અને ચેતનની પ્રતીતિ થાય. એની ખાસ પદ્ધતિ છે. એમાં વિશેષતા શું છે કે વિચારવામાં તો જીવ એવી રીતે વિચારે છે કે જડ અને ચેતન ભિન્ન છે. એવો વિચાર આવે છે, વિકલ્પ આવે છે પણ પ્રતીતિ ભળતી નથી. જ્યાં સુધી પ્રતીતિ સહિત એવું વિચારવું કે જાણવું ન થાય ત્યાં સુધી એ વિચાર કોઈ કાર્યગત થતો નથી અથવા એ વિચારનું કોઈપણ ફળ આવવું જોઈએ એ આવતું નથી. એટલે એ વાત સાથે ને સાથે લ્યે છે.

**'સર્વ પરનો અંશે-અંશ સ્વરૂપથી ભિન્ન જાણી...'** જ્યારે એક અંશમાં, એક રજકણમાં પણ સચેતનપણું નથી, શરીરના એક રજકણમાં, તો પછી કોઈ પણ રજકણમાં નથી. અંશે-અંશ કહીને એમ કહી દેવું છે કે કોઈપણ પ્રકારે ભિન્નપણું છે, કોઈપણ અંશે ભિન્નપણું જ છે. એવું **'ભિન્ન જાણી દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણમય મારું સ્વરૂપ છે.'** એ તદ્દન જુદાં ગુણ છે. જડથી તદ્દન જુદાં ગુણ હોય તો આ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એવું ક્યાંય જડમાં હોતું નથી કે જે ચેતનમાં થાય છે.

એવું **'મારું સ્વરૂપ છે. પ્રતીતિમાં એવો ભાવ કરતા પર ન્યારું ભાસે.'** પ્રતીતિસહિત એવો ભાવ થાય તો પર ન્યારું ભાસે. નહિતર બીજા જીવ અને જડ જુદાં છે એવો વિચાર આવે પણ એવું જુદાપણું ભાસે નહિ. ભાસવું એટલે લાગવું, લાગવું એટલે ભાસવું. વિચાર એમ કરે કે આ બીજા મારાથી જુદાં છે. શરીર મારાથી જુદું છે, જડ પદાર્થ

સંયોગો મારાથી જુદાં છે. પણ એવું લાગવું એક વાત છે. વિચાર થવો, કોરો વિચાર થવો, લાગ્યા વિનાનો વિચાર થવો બીજી વાત છે. બે વચ્ચે બહુ મોટો ફરક છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનની પ્રક્રિયા થાય તો જ પ્રતીતિ થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ભલે વિચારની પ્રક્રિયા શરૂ થાય પછી એમ થાય પણ છતાં વિચારની એ પ્રક્રિયા પર્યાપ્ત નથી એમ અહીંયાં લેવું છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનની પ્રક્રિયા શરૂ થાય તો જ પ્રતીતિ થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે તો ભેદજ્ઞાનમાં તપાસતા અંશે અંશ સ્વરૂપથી ન્યારા જાણે. એમ તપાસપૂર્વક ભેદજ્ઞાન કરે.

જેમ કે એક દૃષ્ટાંત લઈએ. કાંઈ નુકસાન થયું. કોઈ સંયોગિક નુકસાન થયું. લોકો નુકસાન ગણે એવું નુકસાન થયું. તો એમ વિચારે કે મારામાંથી શું ગયું ? હું ઉપયોગધારી જ્ઞાનમય આત્મા છું. મારામાંથી શું ગયું ? નુકસાન થયું ત્યારે કાંઈ ઘટી ગયું હોય, આ સોનું ચોરાઈ જાય છે ને. દાગીનો ચોરાઈ જાય. મારું ગયું. એમ લાગે છે ને ? તપાસ, તારામાંથી શું ગયું ? તારામાંથી કાંઈ ગયું ? લાભ થયો ત્યારે એ તપાસ કે તારામાં કાંઈ આવ્યું ? જેને લોકો લાભ કહે છે તો તારામાં કાંઈ આવ્યું ? તારામાં કાંઈ આવ્યું નથી. જ્ઞાનથી તપાસે તો જ્ઞાનની વ્યાપ્તિમાં તો જ્ઞાન જ વ્યાપેલું છે. અન્ય કોઈની વ્યાપ્તિ એમાં નથી. તપાસે તો માલુમ પડે એવું છે.

એમ માત્ર વિચાર નહિ, તપાસતો જાય, અવલોકન કરતો જાય તો એને પ્રતીતિ સહિત ભાસન ઉત્પન્ન થાય. તો એને પર જુદાં છે એવું ભાસે. ન ભાસે તો એવો કોઈ ઉપલક વિચાર છે ભેદજ્ઞાન સંબંધીનો, એ ઉપલક વિચાર કોઈ કાર્યકારી થતો નથી. એનું કોઈ ફળ નથી.

વિચાર પછી પણ ક્યાંથી આગળ ચાલવું છે એ વિચારવું જોઈએ. વિચારદશા, મન સહિતના સંજ્ઞી પંચેન્દ્રિય જીવને વિચારદશા તો ઉપલબ્ધ છે-પ્રાપ્ત છે. એ દશા તો એને નવી લાવવી છે કે કેળવવી છે એવું નથી. પણ જ્યાં એને સુખ-દુઃખનું પ્રયોજન લાગે છે ત્યાં એનો વિચાર ચાલ્યા જ કરે છે. જ્યાં એની જરૂરિયાત લાગે છે ત્યાં એની પ્રાપ્તિના વિચાર એને ચાલ્યા જ કરે છે. અને જરૂરિયાત નથી લાગતી એવો એક દિવસ નથી કે એક ક્ષણ નથી. આ જોઈએ કે તે જોઈએ એવું

નથી જોઈતું એવો એક દિવસ છે કે હવે કાંઈ નથી જોઈતું ? એટલે વિચારદશાની યોગ્યતા હોવાથી, સંજ્ઞીપણું હોવાથી વિચારો તો ચાલ્યા જ કરે છે. પણ એ વિચારની સ્થિતિમાં જ્યારે જીવ અને અજીવની ભિન્નતાના વિચારનું એ એક નવું પ્રકરણ શરૂ કર્યું અને પોતાના હિત કરવાની હિતબુદ્ધિએ એ પ્રકરણ શરૂ કર્યું ત્યારે એ વિચારદશામાં એને જરૂર વિષય બદલ્યો છે, તોપણ એટલું પર્યાપ્ત નથી.

એનું સાર્થકપણું ક્યારે છે ? કે જ્યારે એને એ જડ-ચેતન ભિન્ન ભાસવા લાગે. અને એ ભિન્ન ભાસવા ક્યારે લાગે ? કે એને વિશ્વાસ આવે ત્યારે. જ્યાં સુધી પ્રતીતિસહિત એવો ભાવ ન થાય ત્યાં સુધી શું છે ? કે જડમાં પણ સુખ છે, શરીરમાં પણ સુખ છે, પર જીવના સંયોગને લઈને પણ સુખ છે, આ જીવ મારા સંયોગમાં છે તેથી મને ઠીક છે, સુખ છે. કુટુંબ-પરિવારમાં એમ છે ને ? કે આ જીવ મારા સંયોગમાં છે એનાથી સુખ છે અને એનો વિયોગ થાય તો એનાથી દુઃખ છે. એ પ્રતીતિ પડી છે. એનો વિચાર કરવો પડે છે ? એ પ્રતીતિ પડી છે. તો પ્રતીતિ એમ ને એમ પડેલી રહે અને વિચાર ભિન્નતાનો કરે તો એમાં ભિન્નપણું નહિ ભાસે.

મુમુક્ષુ :- પ્રતીતિ તો આવે છે, ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ જ છે ને. પરમાં સુખબુદ્ધિની પ્રતીતિ તો ઊભી જ છે કે આનાથી સુખ છે, આ સંયોગો અનુકૂળ છે, આ સંયોગો મને પ્રતિકૂળ છે, શરીરનો રોગ મને પ્રતિકૂળ છે, શરીરની તંદુરસ્તી મને અનુકૂળ છે. એ જે પ્રતીતિ એવા સુખના વિશ્વાસ સાથે એનો વિકલ્પ થાય છે. એનો પણ વિકલ્પ તો થશે. એકલો ભેદજ્ઞાનનો વિકલ્પ સતત રહેવાનો છે ? વિચાર કરશે તો. એ તો ક્યારેક કરશે. અને બાકીનો જે વિકલ્પનો વ્યાપાર છે એમાં તો સુખના વિશ્વાસ સહિત વિચાર ચાલશે. પરદ્રવ્ય સાથેનો જે વ્યવહાર છે ખાવું, પીવું, ઊંઘવું ત્યાંથી માંડીને જેટલો વ્યવહાર છે એમાં તો પ્રતીતિ સહિત ચાલે. અને ભેદજ્ઞાનનો વિચાર પ્રતીતિ વિના ચાલે તો કાર્ય ક્યે દિવસે થાય ? કે કોઈ દિવસે કાર્ય ન થાય.

એટલે વિચારની સાથે જો તપાસતો જાય તો એને પ્રતીતિ સહિત જુદું લાગવા માંડે. એનો વિશ્વાસ બદલાઈ જાય. અહીંયાં તો પ્રતીતિ

હજી અનુભવ થયા પહેલાની વાત છે એટલે વિશ્વાસમાં ફેર પડે છે.

**'પ્રતીતિમાં એવો ભાવ કરતાં પર ન્યારું ભાસે.'** પર જુદું ભાસે, જુદું લાગે. **'વિભાવરૂપ ઉફદમલ (–ઔપાધિકભાવ) પોતાને ભ્રમથી થયો, તેથી ભ્રમ મટાડતાં વિભાવ ન થાય, સ્વભાવ પ્રગટે.'** જે વિભાવરૂપ ઔપાધિકભાવ થયો છે એ તો પરપદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો ભ્રમ થયો, વ્યામોહ થયો ત્યારે એને વિભાવ ઊપજે છે. વિભાવ એમ ને એમ થયો નથી પણ એના ભ્રમને કારણે વિભાવ ચાલુ ને ચાલુ રહ્યા કરે છે. જો ભ્રમ મટાડવામાં આવે એટલે કે ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પના છૂટી જાય, જ્ઞેય જ્ઞેયના સ્થાનમાં રહે, જ્ઞાન માત્ર જ્ઞાનના સ્થાનમાં રહે, એવું જ્ઞેય-જ્ઞાનનું પોતપોતાનું સ્થાન છે એથી આગળ ન વધે. આગળ વધે એનું નામ વિભાવ છે. જ્ઞેયને માત્ર જ્ઞેય જાણ્યા વિના 'આ ઠીક છે' એમ જાણવું તે વિભાવ છે. આ અઠીક છે એમ જાણવું તે પણ વિભાવ છે.

મુમુક્ષુ :- ઠીક છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ ભાવ થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... અભિપ્રાયમાં ઠીકપણું કલ્પી રાખ્યું, નિશ્ચિત કરી રાખ્યું છે. છે કલ્પિત, પણ વાસ્તવિક હોય એવો નિશ્ચય છે કે આ સારું નથી અને આ સારું છે. સારું છે તે મને સુખરૂપ છે અને સારું નથી તે મને દુઃખરૂપ છે. એવો જે એનો ઊંધો નિશ્ચય છે એ ઊંધો નિશ્ચય એને પોતાનું વાસ્તવિક સ્વરૂપ, જ્ઞાનાનંદ સ્વભાવ સ્વરૂપ છે એના અવભાસનને રોકે છે. પહેલાવહેલા એના ભાસનને રોકે છે કે આ જ્ઞાનમય ભિન્ન આત્મા હું છું, એવું જે એને લાગવું જોઈએ એ એને લાગવા દેતું નથી. નિશ્ચય બદલાય તો એ ભાસનપૂર્વક એનું ઇષ્ટ-અનિષ્ટપણું પણ ન થાય અથવા તો એમાં ભિન્નપણું ભાસે. ભિન્નપણું ભાસે તો એને ઇષ્ટ-અનિષ્ટપણું લાગે નહિ. જે જુદો છે, જે જુદી ચીજ છે એમાં મારે શું ? મારે કાંઈ નથી તો એમાં મારે સારું શું કે ન સારું એ વિચાર કરવાની જરૂર રહેતી નથી.

**'વિભાવરૂપ ઉફદમલ...'** મૂળ ભાષાનો શબ્દ રાખ્યો લાગે છે. ઢુંઢારીમાં ઉફદમલ એવો શબ્દ હશે. **'પોતાને ભ્રમથી થયો,...'** છે. ભ્રમ

એ કલ્પના છે. કલ્પના છે એમાં ઇષ્ટ-અનિષ્ટપણું આવ્યા વિના રહેતું નથી. અથવા વાસ્તવિક પદાર્થ જેવો છે તેવો માત્ર ભિન્ન જ્ઞેયરૂપ ભાસવો જોઈએ, એ વાસ્તવિકતાથી ખસીને કલ્પના થાય છે કે આ ઠીક છે. બસ એ અવાસ્તવિક છે. એ કલ્પિત છે. એ ભ્રમ છે અને અનંત જન્મ-મરણનું મૂળ ત્યાં છે. ભ્રમણામાં અનંત જન્મ-મરણનું મૂળ છે. પોતે જ્ઞાનમય પદાર્થ આત્મા છે એને એ સદંતર ભૂલે, જ્યારે ભ્રમ થાય ત્યારે એ સદંતર પોતે જ્ઞાનમય આત્મા છે એવું ભૂલી જાય. બે એને સાથે રહી શકે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું જ છે. જગતના પદાર્થો જગતના પદાર્થમાં છે. એવું દૃષ્ટાંત, આમણે બહુ દૃષ્ટાંત લીધા છે. 'ધર્મદાસજી ક્ષુલ્લકે' 'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં.

એક માણસ રણમાં એકલો બેઠો છે. એમાં એક રાજાની ફોજ ત્યાંથી પસાર થાય છે તો ખુશી ખુશી થઈ જાય છે. ફોજ આવતી દેખાય છે. એક વણઝાર. રાજા અને એનું લાવ લશ્કર. તો રાજી થઈ ગયો. એ એના રસ્તેથી પસાર થાય છે. આવ્યા ત્યાં સુધી એ રાજી થયો અને પછી એ તો ચાલતા જ છે. એ પછી એ રડવા લાગ્યો. જ્યાં એ આગળ ગયા તો. કેમ ? કે એનો મને સંયોગ થયો હતો એ પાછો વિયોગ થઈ ગયો. પણ એ તો એના રસ્તે નીકળ્યા હતા. તારે કાંઈ લેવા-દેવા હતું નહિ. તું રાજી થયો એ ખોટું અને તું રડે છે એ પણ ખોટું. એમ પરપદાર્થની બીજા જીવ અને અજીવની વણઝાર પરિણમતી-પરિણમતી સંયોગ-વિયોગરૂપ થયા કરે છે. આવે છે અને જાય છે... આવે છે અને જાય છે. આવે છે ત્યારે તને હરખ થાય છે અને જાય છે ત્યારે તને શોક થાય છે. એ પદાર્થ તો એના ગુણધર્મ અનુસાર સ્વતંત્ર પરિણમી રહ્યા છે. એનું ગમન-આગમન બધું એને લઈને છે. તારા વિકલ્પને, વિચારને, જ્ઞાન-દર્શનને, તારા અસ્તિત્વને આધીન કાંઈ નથી. લેવા કે દેવા કાંઈ. પેલો જેમ ખુશી થાય છે એમ આ ખુશી થાય છે. જેમ ઓલો નાખુશી થાય છે એમ આ નાખુશ થાય છે. આમ વાત બની છે. એવું દૃષ્ટાંત લીધું છે.

મુમુક્ષુ :- મારે લીધે નથી, એમ વાત બેસવી કઠણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ઘૂંટી નાખ્યું છે ને. બહુ દૃઢ કરી રાખ્યું છે.

દુકાનના થડા ઉપર બેઠો હોય અને ઘરાકને આંટીઘૂંટીમાં નાખીને સમજાવતો હોય અને ઘરાક પાછો સમજી જતો હોય અને પેટીમાં રૂપિયા આવી જતા હોય. હવે મારે લીધે નથી, માને કેવી રીતે બિચારા ? એવું છે. જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે. 'શ્રીમદ્જી'એ એક વચન લખ્યું છે કે આ જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે. સંયોગીક દૃષ્ટિથી જીવ જે પદાર્થને પરિણમનને (જોવે છે) ત્યારે એને આને લઈને આમ થાય છે અને આને લઈને આમ થાય છે એવું લાગે છે. વસ્તુતાએ ખરેખર એવું છે નહિ.

મુમુક્ષુ :- શ્રદ્ધાની વિપરીતતા સુલટે તો જ મોક્ષ પ્રગટ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- પાયો છે. શ્રદ્ધા મૂળ છે. દંસણં મૂલ્લો ધમ્મો. ધર્મનું મૂળ દર્શન છે. બહુ ઊંડી વાત છે. આચાર્યદેવે ગૂઢ વાત લખેલી છે. દંસણ મૂલ્લો ધમ્મો. એ પાયાની જ વાત છે. એમાં ફેરફાર થયા વિના બહારમાં ત્યાગ કરીને ચારિત્ર માને કે શાસ્ત્ર વાંચીને સમજે એને જ્ઞાન માને, એ બંને વાત જૂઠી છે. નથી ત્યાં જ્ઞાન નથી અને નથી ત્યાં ચારિત્ર. અને એ જ્ઞાન અને ચારિત્ર નહિ હોવા છતાં જ્ઞાન ક્રિયાંભ્યાં મોક્ષઃ એને મોક્ષનું કારણ માને. એ એક તો ભ્રમણા હતી એમાં થોડોક વધારો કર્યો. ભ્રમણા હતી એમાં ભ્રમ વધ્યો. એ પરિસ્થિતિ છે.

એટલે તો 'ગુરુદેવે' ૪૫ વર્ષ સુધી એ એક જ વિષય ઉપર, એક જ સબ્જેક્ટ એમણે રાખ્યો છે. વિષય જ બદલ્યો નથી. એટલું બધું વજન આપ્યું છે એ વિષયમાં. કેમકે જગતનું ધ્યાન બાહ્ય દૃષ્ટિ હોવાને લીધે આ અંતર દૃષ્ટિ ઉપર ગયું નથી અને જતું નથી જલ્દી. અને બીજે બધે તો એ ચાલે જગતમાં. પણ ધર્મના ક્ષેત્રમાં પણ, ધર્મના વ્યવહારમાં પણ એ બાહ્યદૃષ્ટિથી જ અનાદિથી પ્રવર્ત્યો છે. એથી એનું કલ્યાણ થયું નથી. કલ્યાણ કરવાનો એણે વિચાર કે અભિપ્રાય, ભાવ સેવ્યો છે પણ કલ્યાણ થયું નથી. એનું કારણ એ છે કે એણે મૂળમાંથી તો કાંઈ ફેરફાર કર્યો જ નથી.

'**પોતાને ભ્રમ થયો,...**' છે. વિભાવરૂપ ઔપાધિક ભાવ છે એ પોતાને ભ્રમથી થયો છે. '**તેથી ભ્રમ મટાડતા વિભાવ ન થાય, સ્વભાવ પ્રગટે.**' પ્રથમ સ્વભાવ પ્રગટે છે એ ભ્રમ મટાડતા પ્રગટે છે.

ભ્રમ એવો ને એવો રહે અને સ્વભાવ પ્રગટે એવું કદી બનતું નથી. એટલે સમ્યગ્દર્શન થતાં નિર્ભ્રાંત દશા અથવા નિર્ભ્રાંત માર્ગ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગને વીતરાગ માર્ગને નિર્ભ્રાંત માર્ગ કહેવામાં આવે છે. ભ્રાંતિરહિતપણું છે ત્યાં. સ્વપર પદાર્થો ભિન્નેભિન્ન જગતના જેમ છે તેમ જાણવા અને ઈષ્ટ-અનિષ્ટપણું (મટાડીને) રાગ-દ્વેષ ન થવા, ઈષ્ટ-અનિષ્ટપણું મટાડીને, રાખીને તો થાય જ તે. પણ ઈષ્ટ-અનિષ્ટપણું મટાડીને રાગ-દ્વેષ ન થવા એનું નામ નિર્ભ્રાંતપણું છે.

આમ તો જીવને ઉપાધિ જોઈતી નથી. ઉપાધિમાં એને પરિણામ ઉપર બોજો-ટેન્શન આવે છે. પણ ઉપાધિ મટાડવાનું મૂળ કારણ જ્યાં સુધી સેવે નહિ અને મૂળમાંથી ભ્રમ મટે ત્યારે ઉપાધિ મટે એવી દશામાં આવે નહિ, ત્યાં સુધી ઉપાધિ ન જોઈતી હોય તોપણ થયા વિના રહેશે નહિ. કેમકે જગતના પદાર્થો તો પરિણમનશીલ છે. સંયોગો એક બદલતી ચીજ છે અને એમાં ભ્રમને કારણે ઈષ્ટ-અનિષ્ટપણું થાય છે અને ઉપાધિ ઊભી થાય છે. હવે એ ભ્રમ મટે તો એની ઉપાધિ મટે અને ઉપાધિ મટે તો સુખી થાય. નહિતર સુખી થવાનો કોઈ ઉપટાય નથી.

‘**અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે.**’ આ ભ્રમનો પડદો એવો છે કે અનાદિથી તેનું જ્ઞાન અજ્ઞાનરૂપ થઈ ગયું છે. શાસ્ત્ર વાંચે, સમ્યગ્જ્ઞાનીનું શાસ્ત્ર વાંચે અને વાંચીને અર્થ બરાબર કરે તોપણ એનું જ્ઞાન અજ્ઞાનરૂપ થઈ ગયું છે. અહીં સુધી ભ્રમ કામ કરે છે. બરાબર જેવા શબ્દો છે, વાક્યરચના છે, સંસ્કૃત વ્યાકરણ પદ્ધતિસર એનો અર્થ કરે છે પણ ભ્રમ અંદરથી ગયો નથી. ‘**અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે.**’ અથવા અજ્ઞાનથી જ્ઞાન અવરાયેલું છે. તોપણ ‘**શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વતી શક્તિ સહિત છે.**’ બસ, આ એમની પદ્ધતિ છે શક્તિ બતાવવાની. પેલા પણે ચેતના લીધી. એ ચારિત્રની મુખ્યતાથી લીધી.

‘**ઉપયોગી-અનુપયોગીને વિચારતાં જડચેતનની પ્રતીતિ થાય.**’ ચેતનાની વાત લીધી હતી ને ? તેમાં ‘**કર્મ-રાગદ્વેષમોહરૂપ ભાવકર્મ તેમાં ચેતના પરિણમે છે.**’ એ રાગ-દ્વેષરૂપ ચારિત્રમોહનું પરિણમન છે અને બુદ્ધિગમ્ય થાય એવું પરિણમન છે, સમજી શકાય એવું છે, મનથી

પકડાય એવું છે. એમાં પણ ચેતના જ પરિણમી છે. ચેતનાને જો. રાગ-દ્વેષને ન જો પણ ચેતનાને જો. એમ અહીંયાં જ્યાં અજ્ઞાન છે, અનાદિનું અજ્ઞાન છે ત્યારે અવસ્થા અશુદ્ધ છે. પણ અવસ્થા શુદ્ધ હોય કે અવસ્થા અશુદ્ધ હોય, બંને દશામાં '**જ્ઞાન શાશ્વતી શક્તિ સહિત છે.**' જ્ઞાનની શક્તિને જો. શુદ્ધ-અશુદ્ધ અવસ્થાને ન જો. પણ જ્ઞાનની શક્તિને જો.

આ એક અંદર જવા માટેનો વિષય છે. અવસ્થા છે એ બાહ્ય તત્ત્વ છે અને ત્યાં જ રહેલી જે શક્તિ છે એ અંતર તત્ત્વ છે. અંતર તત્ત્વને અંતરદૃષ્ટિથી જો, બાહ્યદૃષ્ટિ છોડીને. પછી તને બાહ્ય પદાર્થોનું જ્ઞાન થશે પણ અંતરદૃષ્ટિપૂર્વક જ્ઞાન થશે તો એ બાહ્ય પદાર્થોના જ્ઞાનમાં તને વિભ્રમ નહિ થાય, ભ્રમણા નહિ થાય, કલ્પના નહિ થાય, વિભાવ નહિ થાય. એટલે એમની લખાણની પદ્ધતિમાં એક વિશિષ્ટતા આવી છે.

'**શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વતી શક્તિ સહિત છે.**' આગળ પહેલા વચનો ... જુદાં પાડ્યા છે ને એમાં એ વાત શ્રદ્ધા માટે લીધી છે. '**ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે, બંને અવસ્થામાં સ્વરૂપ...**' એટલે શક્તિનું સ્વરૂપ '**જેવું ને તેવું છે.**' '**ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે,...**' જ્ઞાન પ્રગટ્યું, સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું. અત્યાર સુધી જ્ઞાન ગુપ્ત રહ્યું હતું. અહીંયાં ગુપ્ત શબ્દ વાપર્યો છે ને ? અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે. તો કહે છે, જ્ઞાન પ્રગટે અને જ્ઞાન ગુપ્ત રહે એ તો અવસ્થાભેદ છે. ગુપ્ત અને પ્રગટ એ તો અવસ્થાનો ફેરફાર છે. બંને અવસ્થા કાળે સ્વરૂપ તો જેવું, શક્તિનું સ્વરૂપ તો જેવું ને તેવું છે. '**એવો શ્રદ્ધાભાવ એ સુખનું મૂળ છે.**' એમ કહેવું છે. સુખ અહીંથી પ્રગટશે. જો તારી શ્રદ્ધા શાશ્વત એકરૂપ સ્વરૂપ છે એને સ્વીકારશે, શ્રદ્ધશે તો સુખ ત્યાંથી પ્રગટશે. શુભ અને અશુભની વચ્ચે મુખ્યતા-ગૌણતા કરવાની તો અહીંયાં ચર્ચા જ નથી, પણ ગુપ્ત અને પ્રગટ, શુદ્ધ અને અશુદ્ધ એને ગૌણ કરાવી છે. અવસ્થાની શુદ્ધતા અને અશુદ્ધતાને ગૌણ કરાવી છે. આ વિશેષ વાત છે

મુમુક્ષુ :- એની શક્તિ છે એને જોવી ?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ છે એને જો. શક્તિમાં શુદ્ધિ-અશુદ્ધિની

અપેક્ષા લાગુ પડતી નથી. એ તો જેવી છે તેવી શક્તિ શાશ્વત છે. એમાં શુદ્ધ-અશુદ્ધપણું લાગુ પડતું નથી. અને એ શક્તિનું સ્વરૂપ છે એ મૂળ સ્વરૂપ છે. એને સ્વ સ્વરૂપે શ્રદ્ધામાં સ્વીકારવું એ સુખનું મૂળ છે. એ સમ્યક્ છે. ત્યાંથી સમ્યક્પણું ઉત્પન્ન થાય છે. એ સિવાય બાકી ગમે તે કરે, સમ્યક્પણું અવસ્થામાં આવતું નથી. એટલે આ માર્ગને સમ્યક્ માર્ગ પણ કહેવામાં આવ્યો છે. એની અંદર સમ્યક્પણું છે એ મુખ્ય છે. બાકી તો અસમ્યક્પણે પણ બહારની અંદર શાસ્ત્રજ્ઞાન અને બાહ્ય ત્યાગનું આચરણ જોવામાં આવે છે પણ સમ્યક્તા ન હોય તો એ મોક્ષમાર્ગમાં ખરેખર જીવ આવેલો જ નથી. એટલે એને મોક્ષમાર્ગ નહિ હોવાથી એને મોક્ષરૂપ ફળ પણ હોઈ શકતું નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ લીધું, નિગોદની દશા હો કે સિદ્ધ દશા હો..

પૂજ્ય ભાઈશ્રી :- એ અવસ્થાની શુદ્ધિ-અશુદ્ધિને ગૌણ કરાવી છે. આ મુદ્દો એટલો જ છે કે પૂર્ણ શુદ્ધતા કે પૂર્ણ અશુદ્ધતા એને ગૌણ કરીને શ્રદ્ધાથી આગળ વધાય છે મોક્ષમાર્ગમાં તો. મોક્ષમાર્ગમાં એવી શ્રદ્ધાના જોરે આગળ વધાય છે. સ્વરૂપની શ્રદ્ધાના જોરથી આગળ વધાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**'શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વતી શક્તિ સહિત છે.'** પ્રથમ એની શ્રદ્ધા કરવી. **'ચિદ્વિકારભાવ, ક્રોધાદિરૂપ થતાં થાય છે, તે જ ભાવને મટાડી પોતે નિર્વિકાર સહજ ભાવને, પોતાનામાં આચરણ-વિશ્રામ-સ્થિરતાના પરિણામ કરી, કરો.'** ચિદ્વિકાર, ક્રોધાદિરૂપ થતાં થાય છે. અથવા જે કર્મનો ઉદય છે એમાં તન્મયપણું થતાં થાય છે. તન્મયપણું ક્યારે થાય છે ? કે પોતાનું ભિન્નપણું એને સાવધાનીમાં રહેતું નથી. ભિન્નપણે સાવધાન થઈને ભિન્ન રહેવું જોઈએ એ ભાવ એને રહેતો નથી, ત્યારે એને ચિદ્વિકાર થાય છે. એવા ભાવને મટાડી **'પોતે નિર્વિકાર સહજ ભાવને, પોતાનામાં આચરણ-વિશ્રામ-સ્થિરતાના પરિણામ કરી, કરો.'** પોતે સ્વરૂપે કરીને સહજ નિર્વિકાર છે. તેના આશ્રયે, તેના ઉપર વજન આવીને એમાં સ્થિરતા થાય ત્યારે એને પોતાનું સ્વઆચરણ, સ્વરૂપાચરણ પ્રગટ થાય અને એમાં શાંતિ અને વિશ્રામ મળે, એમાં તૃપ્તિ થાય. બીજી કોઈ રીતે

ઉપાધિ ટળે નહિ અને જીવને અશાંતિ મટે નહિ.

મુમુક્ષુ :- જ્યારે વિકારભાવ ત્યારે તે જ વખતે આમ સાવધાન બનીને શક્તિને જોવી...

પૂજ્ય ભાઈશ્રી :- એણે ઉદયના કાળમાં પોતાની સાવધાની રાખવી જોઈએ. દુનિયામાં શું બને છે ? દૃષ્ટાંત લઈએ.

કોઈ એક માણસે નક્કી કર્યું હોય કે આ બરાબર છે. અને આ બરાબર છે એમ માનતા જ મને લાભ છે. પછી કોઈ માણસ એને સમજાવવા આવે ઊલટું-સુલટું અને ભ્રમમાં નાખીને એને નુકસાન પહોંચાડવા આવે તો જે પહેલેથી ચેતી ગયો છે અને ખ્યાલ છે કે આવું કો'ક સમજાવાને અને ભ્રમમાં નાખવા આવે તો મારે ખસવાનું નથી. એને શું કહે છે આપણી ચાલુ ગુજરાતી ભાષામાં ? કે ભાઈ ! એનું કાળજું પાકું છે. એ એની વાતમાં ફરશે નહિ. એટલે એને જે અંદરથી નક્કી કર્યું છે કે આ જ બરાબર છે, એને હજાર વાત બીજી કરે છે તો ફરતો નથી માણસ. એ બરાબર ચોક્કસ રહે છે. તો એનું જ્ઞાન, શ્રદ્ધાન એ જગ્યાએ બરાબર પક્કડ રાખીને પ્રવર્તે છે. બીજી વાત આવે છે ખરી, એમાંથી ખસવાની બીજી વાત ઊભી થાય છે ખરી, પણ પોતે પોતામાંથી ફેરફાર કરતો નથી.

એમ ઉદય તો પૂર્વકર્મ (અનુસાર) ભાવનો ઉદય તો આવવાનો જ છે. અનેક પ્રકારે બહારમાં ફેરફાર થવાના છે. પણ પોતે શાશ્વત જ્ઞાનાનંદમય શક્તિ સ્વરૂપે જેવો છે તેવો જ રહે છે. એમાં કાંઈ આઘું પાછું થઈ શકતું નથી. કોઈ કાંઈ લઈ જઈ શકતું નથી, કોઈ દઈ જઈ શકતું નથી. એમ જ્યાં પોતાનું કાળજું સાબુત રાખે તો એને બીજી ઉપાધિ આવે નહિ. નહિતર ઉપાધિમાં એવો એકમેક થઈને ઘેરાઈ જાય કે જાણે આખો આત્મા દટાઈ ગયો હોય ઉપાધિના ડુંગરામાં, એ પરિસ્થિતિ આવી જાય.

દુનિયામાં તો એ નરી આંખે દેખાય એવું છે. સામાન્ય રીતે આ દેશમાં તો બાપ-દાદાની શ્રીમંતાઈ કો'કને જ હોય છે. સામાન્ય પરિસ્થિતિમાંથી જ લોકોને કાંઈક બહારની સંયોગોની અનુકૂળતા થઈ ગઈ હોય છે ત્યારે એને એક તો ભ્રમ છે કે હું પરનું કરી શકું છું અને એમાં એણે જે કાંઈ ઉદયને અનુસરીને પરિણામ કર્યા એમાં સરખું

પડ્યું. પણ એનો ભ્રમ છે એ દઢ થઈ જાય છે. મારી આવડત, મારી મહેનત, મારી હોંશિયારી, મારી ચતુરાઈ એને લઈને મેં આ બધું સરખું ગોઠવી નાખ્યું. બધું સરખેસરખું થઈ ગયું.

પછી સંયોગોની તો અનુકૂળતા થઈ ગઈ હોય છે પણ ઉપાધિ એટલી બધી વધી ગઈ હોય છે. શાને કારણે ? કે એનો ભ્રમ છે એ બરાબર દઢ થઈ ગયો. જલ્દી છૂટે નહિ (એવી ગાંઠ મારે). કેમકે હાથ લપસી ગયો. એમાં પાછું એના ઉપર તેલ રેડે. એ ગાંઠ કેવી મજબુત થાય ? હીરની દોરી, એની ગાંઠ મારે અને ઉપર રેડે તેલ. પછી એ ગાંઠ છોડવી કેવી રીતે છૂટ્ય ? છોડી છૂટે નહિ.

એમ જીવને બહારમાં સંયોગોની અનુકૂળતા થવા છતાં સુખ નથી મળતું અને ઉપાધિગ્રસ્ત સ્થિતિમાં જીવો જોવામાં આવે છે એનું કારણ શું ? તેલે રેડેલું છે. એટલે સંયોગોની અનુકૂળતા હોય છે. ૨૦ વર્ષ, ૨૫ વર્ષ, ૫૦ વર્ષ પહેલાંની પોતાની સ્થિતિને સરખાવે તો એને એમ લાગે કે આપણને તો ઘણું સારું છે અને ઘણી અનુકૂળતા છે. અંદરમાં ? કે ક્યાંય સખ નથી. આ સ્થિતિમાં નરી આંખે આ વસ્તુ તો અત્યારે દેખાય એવું છે. ચોખ્ખેચોખ્ખું.

એ ક્યારે મટે ? કે એવા પ્રકારની ભ્રમણાના પરિણામને મટાડતા, વિભાવને મટાડતા નિર્વિકાર સહજ ભાવને પામે, પોતાનામાં આચરણ કરે. નિર્વિકાર ભાવરૂપ પરિણમન કરે, એમાં સ્થિર રહે, એમાં વિશ્રામ કરે. એવા પરિણામ કરીને કરો '**જે બાહ્યમાં પરિણામ ઊઠે છે તે અશુદ્ધ છે,...**' પરદ્રવ્યની સાથે સંબંધ કરતા પરિણામ, પરદ્રવ્યની સાથે જોડાતા પરિણામ બહારમાં બાહ્ય દિશામાં જાય છે '**તે અશુદ્ધ છે, તે પરિણામનો કરનાર અશુદ્ધ થાય છે.**' તે પરિણામ અશુદ્ધ છે અને પોતાને પણ અશુદ્ધ, આખેઆખો અશુદ્ધતામાં વિભાવમાં ઉપાધિમાં ડૂબાડે છે. એટલે પોતે અશુદ્ધ થાય છે.

'**ચેતના નામ (ચેતનાભાવ)...**' ચેતના નામ એટલે અહીંયાં '**(ચેતનાભાવ) બાહ્ય વિકારમાં ન આવે. ઉપયોગરૂપ પોતાની આ જ્ઞાયકશક્તિને યથાર્થ (બરાબર, નિશ્ચયથી) જાણો તો નિજરૂપ સ્થિર થાય.**' ચેતના નામ અથવા ચેતનાભાવ બાહ્ય વિકારમાં ન આવે. અહીંયાં સૂક્ષ્મતા એ છે કે વિભાવને સ્વભાવને જુદાં જોવા છે. એક

જગ્યાએ છે છતાં. વિભાવરૂપે ચેતના પરિણમી રહી છે તેથી તેને કર્મચેતના કહીએ છીએ. પણ છતાં ચેતના જુદી અને ભાવકર્મ વિભાવ જુદો. બેને જુદાં જુદાં જાણવા જોઈએ. ચેતનાને શક્તિરૂપ જાણવી જોઈએ અને વિભાવને વિભાવ જાણવો જોઈએ. એટલે જ્ઞાયકશક્તિ લીધી છે.

'**ઉપયોગરૂપ પોતાની આ જ્ઞાયકશક્તિને યથાર્થ** (**બરાબર, નિશ્ચયથી**) **જાણો...**' એનું સ્વરૂપ જેવું છે તેવું જાણો. માત્ર ચેતવું, માત્ર જાણવું એવું એનું સ્વરૂપ જાણો '**તો નિજરૂપ સ્થિર થાય.**' તો એ વિભાવમાં ન જતાં પોતાના નિજરૂપે સ્થિર થાય. એનું સ્વરૂપ જાણતાં. સ્વરૂપને બનાવવું નથી. પોતાનું સ્વરૂપ તો જેવું છે તેવું છે. તો જેવું છે એવું જાણતાં પોતે પોતામાં સ્થિર થાય છે. હવે આમાં બીજી શું તકલીફ છે ? એટલી એક મહેનત કરવાની છે કે સ્વપર પદાર્થનું સ્વરૂપ ભ્રમથી અન્યથા જણાય છે. હવે મારે નિર્ભ્રાંત થઈને સ્વપર પદાર્થનું સ્વરૂપ જેવું છે તેવું જ જાણવું છે. એમાં જેવું છે એવું નહિ જાણતા આઘીપાછી થઈને જે કલ્પના થાય છે એ બહુ મોટું વિપરીતપણું છે, તને દુઃખનું કારણ એ છે, જન્મ-મરણનું કારણ છે એવું અનિષ્ટ જાણીને, એને અનિષ્ટ જાણીને એ ભ્રમણાને એણે મટાડવી જોઈએ.

'**ઉપયોગરૂપ પોતાની આ જ્ઞાયકશક્તિને...**' જો. જ્ઞાયકશક્તિને આમ ઉપયોગની સાથે લે છે. એટલે સાકાર છે એમ કહેવું છે. જે જ્ઞાનનું સ્વરૂપ છે એ સાકાર છે. પ્રગટ છે, સાકાર છે, અનુભવગોચર છે. અનુભવમાં જેવું સ્વરૂપ છે એવું ચોક્કસ જ્ઞાનમાં આવે છે, ઉપયોગથી જોતાં. એટલે એને અહીંયાં ઉપયોગરૂપ શક્તિ કહી દીધી છે. એનું સાકારપણું આવે છે. બીજા ગુણોમાં એવું નથી પકડાતું. જેવો જ્ઞાનગુણથી સ્વરૂપ પકડવામાં સાધન થાય છે, ઉપયોગથી જે સાધન થાય છે, કોઈ ગુણથી એટલું ચોક્કસ સ્વરૂપ જ્ઞાનમાં અવભાસિત થતું નથી, પ્રતિભાસિત થતું નથી. એટલે જ્ઞાનથી વાત, ઉપયોગથી વાત લેવામાં આવે છે. '**ઉપયોગરૂપ પોતાની આ જ્ઞાયકશક્તિને યથાર્થ** (**બરાબર, નિશ્ચયથી**) **જાણો તો નિજરૂપ સ્થિર થાય.**' જાણે તો પોતે પોતામાં નિજ સ્વરૂપે નિજ ભાવે સ્થિર થાય અને ભ્રમણાથી આઘો-પાછો વિભાવ કરે નહિ.

**'ચેતન-ઉપયોગની પ્રતીતિ કરતાં કરતાં...'** ચેતન એટલે ઉપયોગ. ઉપયોગ એટલે ચેતન. એમ લેવું છે. **'ચેતન-ઉપયોગની પ્રતીતિ કરતાં કરતાં પરથી સ્વામીત્વ મટાડી મટાડી,...'** આ બે વખત એટલા માટે લે છે કે અભ્યાસ કરવો છે, વારંવાર એનો અભ્યાસ કરવો છે. એમ વિકલ્પ કરતા કરતા એમ ન લીધું. વિચાર કરતા કરતા એમ ન લીધું. પ્રતીતિ લેવી છે. તેમ ઉપયોગની પ્રતીતિ કરતાં કરતાં એમ. હું ઉપયોગમય, ઉપયોગસ્વભાવી, ચેતનસ્વભાવી હું આત્મા છું એમ પ્રતીતિ કરતાં કરતાં હું રાગનો, શરીરનો કે સંયોગનો ધણી નથી, સ્વામી નથી, એમાં મમત્વ કરનારો હું નથી, એમ સ્વામીત્વ મટાડી મટાડી **'સ્વરૂપરસાસ્વાદ ચઢતો ચઢતો જાય.'** પોતાના જ્ઞાનનો રસ ચઢે, જ્ઞાનનો આસ્વાદ આવે એ ચઢતો ચઢતો જાય.

**'ત્યારે શુદ્ધ ઉપયોગ-સ્વરસ પૂર્ણ વિસ્તારને પામે, ત્યારે કૃતકૃત્ય થઈ રહે.'** આ અનુભવની વિધિ બતાવી છે. ચેતનાને પકડીને ઉપયોગથી ચેતન દ્રવ્ય, ઉપયોગથી ચેતન દ્રવ્યને ગ્રહણ કરીને પ્રતીતિમાં આ જ છું, આવો જ છું, આ એનો વિકલ્પાત્મક ભાવ છે. છે નિર્વિકલ્પ. ભાવ એવો પ્રતીતિનો ભાવ નિર્વિકલ્પ છે પણ એને વિકલ્પપૂર્વક જો વચનમાં લેવો હોય તો આવો જ છું, એમ ઉપયોગ દ્વારા ચેતનની પ્રતીતિ કરવામાં આવે અને એ પ્રતીતિ કરતાં કરતાં, એ પ્રતીતિ દૃઢ કરતાં પરથી સ્વામીત્વ મટાડી, જ્યારે સ્વરૂપની પ્રતીતિ થાય કે હું આવો, ત્યારે જ્યાં એથી બીજી વાત છે, રાગનો વિષય શરીર અને સંયોગો એ તો ચોખ્ખે ચોખ્ખા અચેતન છે.

કહે છે કે મારામાં સ્વપરપ્રકાશપણું હોવાને લીધે પ્રતિબિંબ એનું પડે છે. તેથી મારે શું ? આ પદાર્થનું પ્રતિબિંબ પડો કે તે પદાર્થનું પ્રતિબિંબ પડો, કાળો પદાર્થ પ્રતિબિંબિત થાય કે ધોળો પદાર્થ પ્રતિબિંબિત થાય, વાંદરો પ્રતિબિંબિત થાય કે મોર પ્રતિબિંબિત થાય. ચેતનને શું છે ? કે ચેતન તો એક ચૈતન્ય અરીસો છે. જેમાં અગાધ-અખૂટ શાંતિ ભરી છે. એનું એને-શાંતિનું આકર્ષણ છે. એ પ્રતિબિંબ પડવાને લીધે જેનું પ્રતીબિંબ પડે છે એમ બહાર જવાય છે કે આ ઠીક છે અને આ અઠીક છે. તો એની ઉપાધિ એને આવ્યા વિના રહે નહિ.

માણસને મૂંઝવણ એ થાય એવું છે કે પણ તો પછી બધા

જરૂરિયાતવાળા કામો કરવા કેવી રીતે ? વેપાર, ધંધો, અનેક પ્રકારના કૌટુંબિક વ્યવહાર, આ બધું કેવી રીતે કરવું ? તું કરે છો એ ભ્રમણા છે. તને જણાઈ રહ્યું છે. તું કરે છો એ તને ભ્રમણા છે. એ થઈ જ રહ્યા છે.

'ગુરુદેવ'નું દૃષ્ટાંત આપીએ. 'ગુરુદેવે' નાની ઉંમરમાં ૧૫ વર્ષની ઉંમરે નિર્ણય કરી નાખ્યો કે ગૃહસ્થાશ્રમમાં જવું નથી અને કોઈ સારા એવા કોઈ ગુરુનો ભેટો થાય તો પોતાના કલ્યાણ અર્થે એમના ચરણમાં રહેવું છે એટલે દીક્ષા લઈ લેવી છે. તો આ બધું પાછળ શું થાશે ? શરીરનું શું થાશે ? ભરણપોષણનું શું થાશે ? કુટુંબનું શું થાશે ? એની કેમ ઉપાધિ ન કરી ? અને ન કરી એટલે બીજું શું નુકસાન થઈ ગયું ?

અહીંયાં એમ કહે છે કે તું સાવધાન થઈને તારા સ્વરૂપને સંભાળ. બસ, આટલું કર તો પર્યાપ્ત છે. બાકીનું બધું આપોઆપ છે. બાકીનું બધું આપોઆપ છે. એવા દૃષ્ટાંતો છે કે કોઈ એવા કુટુંબ હોય છે કે જે જીવનભર જેને આપણે કહીએ કે સ્ટ્રગલ. સ્ટ્રગલ એટલે શું ખેંચાખેંચી (કરી હોય) પણ ક્યાંય સરખાય આવે નહિ. પૂર્વકર્મ એવા હોય કે અનેક ઉપાધિ કરે પણ બધે અવળું.. અવળું.. પડે. જરાક સવળું પડે ત્યાં અવળું પડી જાય. અને ઉપાધિમાં ને ઉપાધિમાં, ગરીબાઈમાં ઘરનો મુખ્ય માણસ ચાલ્યો જાય પછી સરખાય શરૂ થાય. બહારમાં. હવે ઓલાએ ક્યાં સુધી માન્યું હતું ? મર્યો હતો ત્યાં સુધી એમ માન્યું કે હું કરી દઉં... હું કરી દઉં... હું કરી દઉં... હું કરી દઉં. પણ તારાથી કાંઈ ન થયું. એવા અનેક દૃષ્ટાંતો બને છે. એટલે એ જીવને ભ્રમ છે. હું કરું છું, હું સાવધાની રાખું છું, હું સંભાળ રાખું છું અને મારી સાવધાનીને લઈને આ થાય છે એ જીવને બહુ મોટી ભ્રમણા છે.

જ્યાં સુધી એ સાવધાની છૂટે નહિ ત્યાં સુધી એને અંદર આવવાનો પ્રવેશ પ્રતિબંધિત છે. અંદર પ્રવેશ તો સ્વરૂપની સાવધાનીથી થાય છે. આ એક જ મોટી શરત છે જે જીવને આકરી પડે એવી છે. કે સ્વરૂપ સાવધાની સિવાય અંતર દૃષ્ટિની, અંતર પરિણમનની સ્વરૂપ સાવધાની સિવાય અંદરમાં જરા પણ પ્રવેશ નહિ. અંતર સાવધાની એને બહિર્મુખ નહિ થવા દે અને બહારની સાવધાની એને અંતર્મુખ નહિ થવા દે. આ ચોખ્ખે ચોખ્ખો વસ્તુના સ્વરૂપ અનુસરીને, સ્વરૂપને

અનુસરીને વસ્તુ વિજ્ઞાનનો નિયમ છે. એ આજે અંગીકાર કરે કે અનંત કાળે અંગીકાર કરે આ સિદ્ધાંતને અંગીકાર કર્યે જ છૂટકો છે. એ સિવાય બીજો કોઈ ઉપાય આની અંદર નથી.

'**પરથી સ્વામીત્વ મટાડી મટાડી,...**' સ્વામીત્વ ક્યારે મટ્યું ગણવું ? કે પરપદાર્થનો ત્યાગ કરે ત્યારે સ્વામીત્વ મટાડી દીધું ? છોડી દીધું ? દાન દઈ દીધું ? સાવધાની છૂટે એ એનું લક્ષણ છે. પરનું સ્વામીત્વ છૂટવાનું લક્ષણ એ છે કે એને પરની સાવધાની છૂટે. સાવધાની છૂટે તો એને સ્વામીત્વ છૂટ્યું ગણવું. જ્યારે સ્વામીત્વ છૂટે ત્યારે '**સ્વરૂપરસાસ્વાદ ચઢતો ચઢતો જાય.**' ત્યારે પોતાના સ્વરૂપનો, જ્ઞાનરસ, ચૈતન્યરસ અથવા શાંત અમૃતરસ એને ચઢતો ચઢતો જાય. એ રસની વૃદ્ધિ થાય. આ વિભાવરસ તૂટતો જાય, આત્મરસ છે એ ચઢતો ચઢતો જાય ત્યારે શુદ્ધઉપયોગ થાય. વિકલ્પ પણ ઉત્પન્ન ન થાય એવી દશા આવે. વિકલ્પ ઉત્પન્ન ન થાય એવો નિર્વિકલ્પ દશામાં જે ઉપયોગ શુદ્ધ સ્વરૂપને અવલંબીને સ્થિર થઈ જાય અંદરમાં, ત્યારે એને શુદ્ધઉપયોગ થયો એ શુદ્ધોપયોગની દશા કહેવામાં આવે છે. એ ધર્મ છે. ઉપયોગ તે ધર્મ, એમ લીધું છે. ઉપયોગ તે ધર્મ એમ લીધું છે. ઉપયોગમાં આવ. '**ત્યારે શુદ્ધ ઉપયોગ-સ્વરસ પૂર્ણ વિસ્તારને પામે, ત્યારે..**' એને બરાબર સારો એવો રસ પરિપક્વરસ થયો છે. અને ઉપયોગપૂર્વક વ્યાપી ગયો છે, અસંખ્ય પ્રદેશે વિસ્તારને પામ્યો છે. '**ત્યારે કૃતકૃત્ય થઈ રહે.**' એમ થઈને હવે જાણે મારે કાંઈ ઉપાધિ કરવાની નથી. કરવા યોગ્ય બધું થયું એવા ભાવમાં રહો.

'**આ શ્રી જિનેન્દ્રશાસનમાં સ્યાદ્વાદવિદ્યાના બલથી નિજજ્ઞાનકલાને પામી અનાકુલ પદને પોતાનું કરે.**' અહીંયાં ભગવાનના શાસનની વાત લીધી છે કે આવો શુદ્ધોપયોગ થાય તે ખરેખર જિનેન્દ્રનું શાસન થયું. લ્યો ! સમસ્ત જિનશાસન. શુદ્ધોપયોગની વાત આવી તો કહે છે, જિનશાસન આ છે. '**શ્રી જિનેન્દ્રશાસનમાં...**' નિજજ્ઞાનકલાને પામવું એ જિનેન્દ્રનું શાસન છે. શાસન એટલે આજ્ઞા આ. મૂળ સંસ્કૃત શબ્દ છે. ચાલુ સંસ્કૃતમાંથી ઉતરેલી ભાષામાં આ શબ્દ ગુજરાતીમાં છે, હિન્દીમાં છે પણ મરાઠીમાં એનો વધારે પ્રયોગ છે. પર્યાય શબ્દનો પ્રયોગ, શાસન શબ્દનો પ્રયોગ

મરાઠીમાં ઘણો છે. આપણે એમ કહીએ કે અત્યારે ગુજરાતનું રાજ્ય ચાલે છે. તો મહારાષ્ટ્ર શાસન એમ એ લોકો કહે છે. જેની આજ્ઞા ચાલે જેનામાં. તો આ જિનેન્દ્રના શાસનમાં જિનેન્દ્રની આજ્ઞા શું છે ? કે તું શુદ્ધ ઉપયોગરૂપે તારામાં કૃતકૃત્ય થઈને રહે. આ જિનેન્દ્રના શાસનમાં આજ્ઞા છે. આ એક જ આજ્ઞા છે. એથી બહાર જવાની આજ્ઞા નથી. એટલે બહાર જવાનો નિષેધ છે.

મોક્ષમાર્ગી જીવને ચારિત્રમોહના પરિણામથી અલ્પ રાગ-દ્વેષ થાય ને પરિણામ જેટલા અંશે બહાર જાય છે એનો એને નિષેધ આવે છે. કેમ નિષેધ આવે છે ? કે ભગવાનની આજ્ઞા બહાર એને જાવું નથી. એટલે તો દીક્ષાકાળમાં જે પ્રતિજ્ઞાઓનો વિષય ચાલે છે-વિધિ-પ્રતિજ્ઞાની વિધિ ચાલે છે ત્યાં મુનિરાજને, નવદીક્ષિત મુનિરાજને આ પ્રતિજ્ઞા હોય છે કે હું દર્શન-જ્ઞાન-ચારિત્રપૂર્વક મારા શુદ્ધોપયોગમાં જ રહીશ, મારા શુદ્ધોપયોગથી હું બહાર આવીશ નહિ. આવી પ્રતિજ્ઞા લે છે. શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા લે છે. એ બહાર પેલી જે બહારની જે વ્યવહારની વિધિ છે પંચ મહાવ્રતની, એની બહાર વ્યવહારે ન જવું. વ્યવહારે તો એની બહાર પણ ન જવું. પણ નિશ્ચયથી તો હું એ વ્યવહારમાં પણ આવીશ નહિ, એવી એક પ્રતિજ્ઞા ત્યાં લેવામાં આવે છે. કેવી કેવી વાત છે ! એ પ્રતિજ્ઞા મૂળ પ્રતિજ્ઞા છે. એટલે એ પોતે પંચ મહાવ્રતના પરિણામમાં બહાર આવે છે એનો એને નિષેધ આવે છે. કેમકે ઉત્કૃષ્ટ જે આજ્ઞા છે એ આ શુદ્ધોપયોગમાં રહેવાની છે. એટલે વ્યવહારના પરિણામનો નિષેધ છે. એને નિશ્ચય કહેવામાં આવે છે.

**'આ શ્રી જિનેન્દ્રશાસનમાં સ્યાદ્વાદવિદ્યાના બલથી...'** એટલે વચનોમાં જે મર્યાદા છે એ જ્યાં ત્યાં જે-તે મર્યાદાથી કહેવા માગે છે તે અનુસાર. એ ટૂંકાણમાં કહી દીધું. 'જ્યાં જ્યાં જે યોગ્ય છે તહાં સમજવું તેહ' એ સ્યાદ્વાદનો અર્થ છે કે અહીંયાં આ જ યોગ્ય છે, વ્યવહારે આ જ યોગ્ય છે, નિશ્ચયે આ જ યોગ્ય છે. એમાં બીજું આઘું પાછું કરે નહિ. કેટલાક નિશ્ચયની મુખ્યતા કરવા જતાં વ્યવહારમાં ભૂલે છે એ સ્યાદ્વાદને નથી સમજ્યા. વ્યવહારની મુખ્યતા કરતા જે નિશ્ચયને ભૂલે છે એ પણ સ્યાદ્વાદ નથી સમજ્યા.

સ્યાદ્વાદ વચન દ્વારા વસ્તુસ્વરૂપને જાણીને માર્ગની અંદર સમતોલ

સમતોલ દશામાં રહે. જ્યાં જે યોગ્ય છે ત્યાં તે સમજે અને ત્યાં તે સમજીને તેવું જ તેને આચરણ થાય. અન્યથા થાય નહિ. એવું '**સ્યાદ્વાદવિદ્યાના બલથી નિજજ્ઞાનકલાને પામી...**' પોતાના જ્ઞાનથી પોતાના જ વેદનને ગ્રહણ કરવું, જ્ઞાનમાં રહેલા જ્ઞાનવેદનને વેદવું તે ખરેખર જ્ઞાનકળા છે. જ્ઞાનની કળા શું ? જો જ્ઞાન પોતામાં રહેલા પોતાના જ્ઞાનવેદનને ચૂકે છે તો એ અજ્ઞાનદશામાં આવે છે.

મુમુક્ષુ :- એ જ્ઞાનકળા નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનકળા નથી. પછી ભલેને દુનિયા આખીની ચતુરાઈ હોય એનામાં અને શાસ્ત્રમાં પારંગતપણું હોય પણ એમાં જ્ઞાનકળા નથી. કેમ ? કે ભાઈ તારા જ્ઞાનમાં રહેલું જે તારું સંવેદન, સ્વસંવેદન, એ સ્વસંવેદથી તું ચ્યુત થયો થકો જેટલો ઉઘાડ જ્ઞાનમાં જાય છે એ બધો તું બહારની દિશામાં આગળ વધે છો. એ તને હિતનું કારણ નથી, બલ્કે તને અહિતનું કારણ છે.

'**નિજજ્ઞાનકલાને પામી...**' સ્વરૂપમાં પોતામાં રહેવાનું કારણ નિજજ્ઞાનકળા છે. જે જ્ઞાનમાં રહેલું જ્ઞાનમય વેદન છે એનું ગ્રહણ થવું, એની પ્રત્યક્ષતાથી અને એની વેદકતાથી એનું ગ્રહણ થવું એવી જે જ્ઞાનકળા છે એ જ્ઞાનકળાને પ્રાપ્ત કરવી એટલે અનુભવ કરવો અને અનાકુળ ભાવે પોતાનું વેદન કરે. ત્યારે એને આકુળતા ન થાય. ભ્રમણામાં ઉપાધિ થાય ત્યારે આકુળતા થાય. નિરાકુળ શાંત દશાને પ્રાપ્ત થવા માટે એને સ્વસંવેદનમાં આવવું જોઈએ.

શુદ્ધોપયોગના કાળમાં તો સ્વસંવેદન એટલું બધું ઉભરાયને બહાર આવે છે. એટલે એને ત્યાં કૃતકૃત્યદશા કહેવામાં આવે છે. એ સ્વરસ પૂર્ણપણે વિસ્તાર પામી ગયો ત્યાં. પરિણતિમાં સ્વસંવેદન છે એ સ્વસંવેદનની પ્રશંસા કરવાને બદલે ઉપયોગના સ્વસંવેદનની પ્રશંસા કરી છે. કેમકે ત્યાં સ્વરૂપના આસ્વાદથી સ્વરસ-આત્મસ ઘણો ચડ્યો છે અને ઉપયોગ શુદ્ધ થયો છે. વિકલ્પને ઉત્પન્ન થતો બંધ કરી દીધો. પોતાના અનાકુલ પદને પોતાનું કરે.

'**અહીં સર્વ કહેવાનું તાત્પર્ય આ છે કે...**' બધાનો સારાંશ લે છે. '**કે પરને પોતાનું કરવાનું સર્વથા મટાડી સ્વરસ રસાસ્વાદરૂપ શુદ્ધ ઉપયોગ કરો.**' બસ, શુદ્ધોપયોગ કરો આ અમારું તાત્પર્ય છે. ભલું તો

એ છે કે શુદ્ધોપયોગમાં તમે રહો. આ અમારું વચન વ્યવહારથી કથન છે. આગળ કહી ગયા છે. આ અમારું વચન વ્યવહારથી કથન છે. કેમકે એ તો આદેશ છે. બાકી તો જેને એ પ્રકારે અંતર પુરુષાર્થ ઉત્પન્ન થાય છે ત્યારે આ દશામાં એ શુદ્ધોપયોગમાં આવે અને ત્યારે એને પોતાના અનાકુળપદનો અનુભવ થાય. શાંતિ મળે. ત્યાં સુધી શાંતિ મળે એવું નથી. (અહીં સુધી રાખીએ...)

જે પરિણામો વિષય-કષાયમાં લાગે છે, તે અશુદ્ધ અર્થાત્ મેલા થાય છે. તે જ પરિણામોને નિજ નિરંજન તત્ત્વમાં લગાવવાથી, પવિત્ર અને શાંત-નિરંજન થાય છે. નિરંજન પરમતત્ત્વમાં એકરસ - સમરસ પરિણામ ન થાય ત્યાં સુધી જ દેહની વાસના જીવને સતાવે છે. તેથી ગુણનિધાન પરમપદનું એકનું જ ધ્યાન કરવા યોગ્ય છે. તે જ સાર છે અને પરમાર્થ છે. (અનુભવસંજીવની - ૯૯૧)

બુદ્ધિની વિશાળતા અને ઉદારતા સત્યનો સ્વીકાર કરે છે. તે સ્વીકાર થવામાં મધ્યસ્થતા હોવી અતિ આવશ્યક છે. જે જીવ મધ્યસ્થ હોય તે પોતાના નિર્ણયથી વિરુદ્ધ વાતને વિચારી શકે છે, સ્થિર ચિત્તથી વિચારી યોગ્ય અયોગ્ય સમજી શકે છે. યથાર્થતાની પ્રાપ્તિમાં મધ્યસ્થતાનું મહત્વપૂર્ણ યોગદાન છે. તેથી મુમુક્ષુએ અભિપ્રાયપૂર્વક મધ્યસ્થતા ધારણ કરવી યોગ્ય છે. મધ્યસ્થતાના અભાવમાં પોતાના અભિપ્રાય વિરુદ્ધ હકીકત, સત્ય હોય તોપણ તેનો નિષેધ આવે છે. તેથી સહજ અસરળતા થઈ જાય છે, અને નિષ્પક્ષપણે વિચારવાની યોગ્યતા હાનિ પામવાથી અયથાર્થ નિર્ણય લેવાય જાય છે. (૯૯૨)

(અનુભવસંજીવની - ૯૯૨)

## તા. ૧૪-૪-૧૯૮૬, પાના નં. ૮૪, પ્રવચન નં. ૧૪૯

પાનું-૮૪. **'અહીં સર્વ કહેવાનું તાત્પર્ય આ છે...'** ત્યાંથી. **'અહીં સર્વ કહેવાનું તાત્પર્ય આ છે કે પરને પોતાનું કરવાનું સર્વથા મટાડી સ્વરસ રસાસ્વાદરૂપ શુદ્ધ ઉપયોગ કરો.'** પર પદાર્થને, પરને પોતાનું કરે અથવા પરને પોતા સ્વરૂપ અનુભવે ત્યારે પોતાને પોતાનો અનુભવ થવો શક્ય નથી. પોતાને પોતાનો અનુભવ ત્યારે જ થાય કે પોતામાં જ પોતાપણું થાય અને પોતાથી અન્ય એવા દ્રવ્ય-ભાવમાં પોતાપણું ન થાય તો જ પોતાના સ્વભાવનો અનુભવ અથવા રસાસ્વાદ આવે. અન્ય દ્રવ્ય-ભાવને પોતા સ્વરૂપે અધ્યાસિતપણે અનુભવતા ઉપયોગ અશુદ્ધ થાય છે અથવા પરિણામમાં ભાવમલિનતા ઊપજે છે. ત્યારે પોતાનો શુદ્ધ સ્વરૂપનો આસ્વાદ, ગુણોનું શુદ્ધ પરિણમન નહિ હોવાથી, શુદ્ધ પરિણમનનો અનુભવ નથી પણ ગુણોના અશુદ્ધ પરિણમનનો ત્યાં અનુભવ છે. એવું વિપરીતપણું **'સર્વથા મટાડી સ્વરસ રસાસ્વાદરૂપ શુદ્ધઉપયોગ કરો.'** શુદ્ધોપયોગનું વિશેષણ લગાડ્યું છે કે જે શુદ્ધોપયોગમાં નિજ ચૈતન્યરસનો આસ્વાદ આવે, આનંદરસનો આસ્વાદ આવે એ ઉપયોગને શુદ્ધોપયોગ કહીએ.

**'રાગદ્વેષ વિષય-વ્યાધિ (પાઠાન્તર-વિષમવ્યાધિ)...'** રાગ-દ્વેષ અથવા દુઃખમય પરિણમન **'તેને મટાડી મટાડી પરમપદ અમર થાય છે.'** જેમ જેમ રાગ-દ્વેષનો અભાવ થાય છે, જેમ જેમ વિષમતાનો અભાવ થાયછે, તેમ તેમ પરમપદનો વિશેષ વિશેષ અનુભવ થાય છે. પરમપદ તો શાશ્વત જ છે પણ પોતાની શાશ્વતતાનો અનુભવ થાય છે. પરમપદ તો શાશ્વત જ છે. પરમપદ કોઈ અશાશ્વત નથી. પણ પોતે ભાવમરણને અનુભવે છે અને દ્રવ્યમરણમાં પણ મરણતુલ્ય, નાશતુલ્ય અનુભવ કરે છે. પોતાના નાશનો અનુભવ, નાશ થાય એવા દુઃખપૂર્વક કરે છે. તોપણ વસ્તુનો તો નાશ થતો નથી. વસ્તુ શાશ્વત છે. એની શાશ્વતતાનો અનુભવ છે. ત્યારે પરમપદ અમર થયું એમ કહેવામાં આવે છે. છે તો અમર જ. પણ અમરપણાના અનુભવને અમર થયો એમ

કહેવામાં આવે છે.

જેમ કે આત્મા મૂળ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પણ જ્યારે પોતાના નિજ પરમાત્મ સ્વરૂપનો પરમાત્મસ્વરૂપે અનુભવ થાય છે, અનુભવ થાય છે એમાં પરમાત્મસ્વરૂપે અનુભવ થાય છે ત્યારે તે પરમાત્મા થયા. જ્ઞાની પરમાત્મા થયા એમ કહેવામાં આવે છે. જ્ઞાની પરમાત્મા થયા એમ કેમ કહ્યું ? કે પોતાનું જે પરમાત્મસ્વરૂપ છે એનો એ સ્વરૂપે અનુભવ કર્યો કે હું પરમાત્મા છું. તેથી એ થયા એમ કહેવામાં આવે છે. એ પહેલા દીનપણું હતું. પોતે પરમસ્વરૂપે હોવા છતાં, પરમોત્કૃષ્ટ તત્ત્વ રૂપે હોવા છતાં દીનપણું હતું એટલે એને પરમાત્મપણું હોવા છતાં નહિ હોવા બરાબર હતું.

**'તેને મટાડી મટાડી પરમપદ અમર થાય છે. અતીન્દ્રિય, અખંડ, અતુલ, અનાકુલ સુખને પોતાના પદમાં સ્વસંવેદન-પ્રત્યક્ષથી વેદો.'** પોતાનું સુખ કેવું છે ? કે એક તો અતીન્દ્રિય છે. ઇન્દ્રિય દ્વારેથી પરિણમન પાછું વળીને અંતર્મુખ થાય છે એવા પરિણમનને અહીંયાં અતીન્દ્રિય પરિણમન કહ્યું છે કે જેનું કોઈ બહિર્ભાવે પરિણમન નથી. બાહ્ય ઇન્દ્ર દ્વારે ઉપયોગ બહાર જતો નથી. ઉપયોગ અંતર્મુખ થઈને અતીન્દ્રિય ભાવ ધારણ કરે છે એટલે સર્વ પ્રદેશે પ્રદેશેથી પોતાના જ્ઞાન અને આનંદનું પ્રત્યક્ષ સ્વસંવેદન થાય છે.

તે '**અખંડ...**' છે, તેમાં ખંડખંડપણું નથી એટલે પરિણતિ જ્ઞેયને બદલતી નથી, જ્ઞાન જ્ઞેયને બદલતું નથી. સ્વ જ્ઞેયને એકધારાએ અનુભવે છે. '**અતુલ,...**' છે. જેની કોઈ તુલના થઈ શકે એવું કોઈ જગતમાં ઉપમાને લાયક તત્ત્વ નથી, પદાર્થ નથી. '**અનાકુલ સુખને...**' જેમાં આકુળતાનો નાશ થયો છે, અભાવ થયો છે. એવા સુખને અસ્તિથી બતાવી નથી શકાતું એટલે નાસ્તિથી બતાવે છે. આકુળતાનો જેમાં નાશ થઈ ગયો છે એવા સુખને '**પોતાના પદમાં...**' એટલે પોતે જ એ સ્વરૂપે છે એમ '**સ્વસંવેદન-પ્રત્યક્ષથી વેદો.**' એમ કહીને એ કહ્યું કે એવો વિચાર માત્ર છે એ અનુભવ નથી. હું આત્મા છું, પૂર્ણ પરમાત્મા છું એવો જે મન સહિતનો વિકલ્પ વિચાર છે એ ખરેખર વેદન નથી અથવા એ અનુભવ નથી. પણ અતીન્દ્રિય સુખને અનાકુળ ભાવે પોતાના સ્વરૂપે સ્વસંવેદનથી (વેદે). લક્ષ ત્રિકાળી પરમાત્મતત્ત્વ

ઉપર જતાં, દૃષ્ટિ એના ઉપર જતાં એટલે હુંપણું એમાં થતાં જ્ઞાન પોતાનું પોતાના વેદનમાં આવે અને અન્ય વેદનનો અધ્યાસ છૂટી જાય. વાસ્તવિક જે પોતાને પોતાનું વેદન થઈ રહ્યું છે ત્યાં જ્ઞાન એકાગ્રપણે પ્રવર્તે અને પરોક્ષભાવ જ્યાં નાશ પામે. પરોક્ષપણું તો ઇન્દ્રિયોના માધ્યમથી ઉત્પન્ન થાય છે. પોતાને પોતાનું વેદન છે એમાં કોઈ નિમિત્ત નથી વચ્ચે એટલે એ પ્રત્યક્ષ વેદન છે. એવું પ્રત્યક્ષ વેદન થાવ. એવી ભાવના અહીંયાં ભાવી છે. સર્વ જીવો આવા નિરાકુળ સુખને પોતાના પદમાં, પોતાના સ્વરૂપમાં સ્વસંવેદન પ્રત્યક્ષથી વેદો.

'**સર્વ સંત-મુનિજન પંચપરમગુરુ સ્વરૂપનો અનુભવ કરે છે.**' જે કોઈ સમ્યક્ પ્રકારે શાંત થયા તે સંત. સમ્યક્ પ્રકારે જેને અંતરની શાંતિ ઉત્પન્ન થઈ તે સર્વ સંતો '**મુનિજન પંચમપરમગુરુ...**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુનિ એ પંચપરમગુરુ, પંચપરમેષ્ઠી પોતાના અનાકુળ સુખને પોતાના પદમાં સ્વસંવેદનથી પ્રત્યક્ષપણે વેદે છે, અનુભવ કરે છે. તેથી તે સંત અને મુનિજન અથવા પંચમપરમગુરુ કહેવાયા છે. બીજું કોઈ કારણ એમાં નથી.

એ આત્માઓને મહાન આત્માઓ એટલા માટે કહેવામાં આવે છે કે એ સ્વસંવેદનમાં બિરાજમાન છે માટે. જે સ્વસંવેદનમાં બિરાજમાન છે તે સંત છે, એને મહાન આત્મા કહેવામાં આવે છે. કેમકે પોતાના મહાનપદનો અનુભવ કરે છે. દીનતા કરતા નથી. જડ પદાર્થની આવશ્યકતા, જરૂરિયાત, સુખનું કારણ અથવા જડ પદાર્થમાં સુખબુદ્ધિ અથવા સુખાનુભવ, સુખનો વિશ્વાસ એ બધું એણે ખલાસ કર્યું છે. એટલે તે તે પ્રકારે થતી દીનતાનો પણ એમાં નાશ છે અને પોતાની મહાનતાનો અનુભવ કરે છે.

શું કાર્ય કરે છે ? પંચ પરમેષ્ઠી શું કાર્ય કરે છે ? જ્યારે શુભાશુભનો નિષેધ કર્યો ત્યારે એ શુભાશુભનો નિષેધ કરવા પાછળ સ્વદ્રવ્યનો અનુભવ કરાવવાનો દૃષ્ટિકોણ હતો. તદ્અનુસાર શુભાશુભનો નાશ થયો તો હવે કરે શું ? નથી શુભકાર્ય કરતા જોવામાં આવતા, નથી અશુભ કાર્ય કરતા જોવામાં આવતા. તો શું કરે છે ? કે પોતાના સ્વસંવેદનને કરે છે, સ્વરૂપનો અનુભવ કરે છે.

'**માટે મહાજનો જે પંથને પકડીને પાર થયા તે જ**

**અવિનાશીપુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂલ છે.**' બીજો માર્ગ જુદો ચીલો ચાતરવો નહિ. એમ કહે છે. '**માટે મહાજનો જે પંથને પકડીને પાર થયા...**' જે ઉપાય અને જે માર્ગે આ પંચમરમગુરુ, સર્વ સંત મુનિજનો એ બધા મહાજન કહ્યા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ મહાજન થઈ ગયા. જેટલા સમ્યગ્દૃષ્ટિ છે તે બધા મહાજન છે. સમાજની અંદર તો આ વાણિયા શ્રીમંત હોય એને મહાજન કહેવામાં આવે છે ને ? ભાઈ, આ મહાજન છે, અમારા ગામનો આ મહાજન છે. પાંચ ડાહ્યા માણસો ભેગા થાય અને વિવેકબુદ્ધિએ કામ કરે તો એને મહાજન કહેવામાં આવે. અથવા ગામનું હિત જોવે છે, સર્વનું હિત જોવે છે, પોતાનું પણ હિત જોવે છે એને પણ મહાજન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જુદાં ચીલે ચડી ગયા હોઈએ પછી જ્ઞાનીની વાત સાંભળીએ, તો જે વિશ્વાસ થવો જોઈએ એ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ નથી થતો એનું કારણ શું છે કે પોતાનું હિત કેવી રીતે થાય છે,... પોતાનું હિત જ કરવું છે જેને એને વિશ્વાસ આવે છે. વિશ્વાસ ક્યારે આવે અને વિશ્વાસ ક્યારે ન આવે ? કે જેને પોતાનું એકમાત્ર હિત કરવાનું લક્ષ છે એને તો સત્ય વચન ઉપર વિશ્વાસ આવે છે અથવા વચનની સત્યતા ઉપર એને બહુમાન આવ્યા વિના રહેતું નથી. જેને હિત-અહિતનો વિચાર નથી, વિવેક નથી અને ખોટો રસ્તો પકડ્યો છે ત્યાં પણ મમત્વ કરવું છે અથવા ખોટે રસ્તે ભૂલ થઈ છે એ ભૂલ સ્વીકાર થવામાં પોતાને માન-અપમાનનો વિષય આડો આવે છે. કાંઈપણ થાય છે, કોઈપણ પ્રકારે. જે ખોટો માર્ગ છોડવા માગતા નથી એને હિત-અહિતનો વિવેક નથી પોતાને. પોતાનું ભવિષ્ય ક્યાં છે એનો એ વિવેક કરતો નથી.

એટલે કોઈપણ બીજા માર્ગને નહિ અવલંબીને, એમ કહેવું છે. મહાપુરુષો, તીર્થંકરો આદિ, ગણધરો આદિ, પંચ પરમેષ્ઠી જે પંથે પાર થયા, જે પંથે આગળ ચાલીને નિર્વાણ સુધી પહોંચ્યા '**તે જ અવિનાશીપુરનો પંથ...**' અવિનાશપુર કહ્યું છે. સિદ્ધાલય છે એ શું છે ? આ જગતમાં એક જગ્યાએ અવિનાશપુર છે. બાહ્ય ક્ષેત્રથી લઈએ તો.

સિદ્ધાલય છે એ અવિનાશપુર છે. ત્યાંથી કોઈ નીચે આવતા નથી. બહારમાં એ છે અને અંદરમાં પોતાનો આત્મા અવિનાશપુર છે. પોતાનું સ્વરૂપ જ અવિનાશપુર છે. એનો પંથ એટલે અંતર્મુખ થવું એ જ '**જ્ઞાનીજનોએ...**' એટલે વિવેકી પુરુષોએ '**પકડવો...**'

જેને પોતાને હિત કરવું છે એવું જેણે વિચાર્યું છે એ જ્ઞાનીજન છે. પોતાના અહિતથી જે પાછો વળવા માગે છે તે જ્ઞાનીજન છે. ચોખ્ખી વાત એ છે. એવો '**અવિનાશપુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂલ છે.**' એ રસ્તો પકડવો એણે અનંત કલ્યાણનું મૂળ પકડ્યું. એટલે સમ્યગ્દર્શનને અનંત કલ્યાણનું મૂળ કહેવામાં આવે છે. ત્યાંથી રસ્તો બરાબર શરૂ થાય છે. તેથી તેને અનંત કલ્યાણનું મૂળ કહેવામાં આવે છે. જોકે ત્યાં આવે છે એ કોઈ સંતોષ પકડતા નથી. તે એમ કહે છે કે આ માર્ગ તો છે પણ બહુ જઘન્ય છે. જરાક ગતિથી, જો રસ્તો સાચો મળ્યો છે અને અવિનાશપુરનો આ સાચો ખરેખર પંથ છે તો શા માટે એમાં સારી એવી ગતિ કરીને આગળ ન વધવું ? આ ત્યાં નવો ભાવ આવે છે.

એટલે એ મુનિદશાની ભાવનામાં આવે છે કે રાજમાર્ગ તો એ છે કે જ્યાં સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને એકલું એક આત્મકલ્યાણ સિવાય બીજું કોઈ કાર્ય જેને માથે ન હોય. કેમકે જ્યારે બીજા કાર્યની કિંમત નથી. જગતના કોઈપણ કાર્યની જેની આગળ કિંમત નથી અથવા જગતના સર્વ કાર્યો અનિષ્ટ ફળના દેનારા છે, દુઃખફળના દેનારા છે એમ જેણે જાણ્યું, માન્યું, સ્વીકાર્યું એને બીજા કાર્યોની કિંમત ગઈ છે તેથી પોતાનું કાર્ય એ સારી રીતે કરવા માગે છે. એટલે એને ધીમું પોસાતું નથી. જઘન્યભાવ પોસાતો નથી.

જીવ જ્યાં મુનિદશામાં આવે છે ત્યારે એ કેવળજ્ઞાનને જોવે છે કે આ પણ ધીમી ધાર પડે છે. અંદરનો દરિયો છે એની પાસે મુનિદશા છે એ પણ ત્રુટક-ત્રુટકપણું થાય, વચ્ચે છઠ્ઠું ગુણસ્થાન આવે, પંચ મહાવ્રતનો વ્યવહાર આવે એ વાત એમને પોસાતી નથી. એ તો એવી શ્રેણી માંડીને ઉપયોગ ગયો તે ગયો, પાછો વળ્યો નહિ. બહુ ભાવવાહી શૈલી છે. પંચમકાળ તો યાદ પણ ન આવે એવું થઈ ગયું છે. એ જ હાથમાં આવ્યું.

**'મુનિરાજ તો કહે છે :- અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો,...'** ૪૧૫ બોલ છે. **'અનંત અમૃતરસથી ભરેલો અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.'** ચતુર્થ ગુણસ્થાનની અપેક્ષાએ પ્રચુર સ્વસંવેદનમાં મુનિ છે. એને પ્રચુર સ્વસંવેદન કહે છે. પણ ઉપયોગ સાતમામાંથી પાછો સવિકલ્પ દશામાં છઠ્ઠામાં આવે છે તો એ એમને ધીમી ધાર લાગે છે. એ પ્રચુર નથી લાગતી.

**'અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'** કોઈ સમયે અધુરું જોઈતું નથી. **'એ પૂર્ણ દશામાં સાદિ-અનંતકાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'** પૂરું અમૃત પિવાય છે છતાં ઘડો પણ પૂરેપૂરો ભરેલો જ રહે છે. ઘડો અધૂરો રહેતો નથી. ઘડો પૂરેપૂરો ભરેલો જ રહે છે.

**'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય...'** પૂરું અમૃત પિવાય છે. કેવળજ્ઞાનના કાળમાં પૂરું અમૃત પિવાય છે પણ ઘડો પૂરેપૂરો એમ ને એમ રહી જાય છે. **'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન ! આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ.'** મુનિદશામાં પૂર્ણતાની એ રીતે ભાવના ચાલુ જ રહે છે.

એક બીજું ૪૦૨ છે. **'જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે.'** પ્રતિક્રમણની કોઈ વાત ચાલી હશે એમાંથી લીધું છે. સર્વથી ઉત્તમ પ્રતિક્રમણ કહ્યું કે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું જે છેલ્લી પરાકાષ્ઠાનું શુક્લધ્યાનની શ્રેણીવાળું ધ્યાન છે તે ઉત્તમ પ્રતિક્રમણ છે. **'આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદિ ઉત્પન્ન જ ન થયા;...'** દોષથી એવા પાછા વળ્યા કે એક અંશે પછી દોષ ઉપજ્યો નહિ. **'છેક શ્રેણી માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો !'** એવી શ્રેણી માંડી દીધી કે પૂરેપૂરો સુખનો સાગર અંદરથી ઊછળ્યો.

**'અંતર્મુખતા તો ઘણીવાર થઈ હતી,...'** એ પહેલા ક્ષણે ક્ષણે

મુનિદશામાં અંતર્મુખપણું તો ઘણીવાર થયું હતું. '**પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટીની ! આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ,...**' પછી પાછો વળ્યો નહિ. '**પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્ય પદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.**' તેવો જ પ્રસિદ્ધ કરી લીધો. જેવો હતો એવો જ બહારમાં રહી ગયો. સદશ્ય દશા થઈ ગઈ. આ અંતર્મુખનો માર્ગ છે. એમ લેવું છે.

કોઈ તબક્કે સંતોષ પકડવાનો ક્યાંય પ્રસંગ આવતો નથી. એટલે પર્યાયનો વિસ્તાર, શુદ્ધ પર્યાયનો મહિમા એ વગેરે અનેક જગ્યાએ આવતો હોવા છતાં પર્યાયદૃષ્ટિ નહિ થવાનું કારણ આ છે કે કોઈ પર્યાયે સંતોષ માનવાનો પ્રસંગ રહેતો નથી.

'**માટે મહાજનો જે પંથને પકડી પાર થયા તે જ અવિનાશીપુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂલ છે.**' અહીંયાંથી અનંત કલ્યાણનો માર્ગ છે અને એ અંતર્મુખ થઈને પરિપૂર્ણ અંતર્મુખ રહે તે રસ્તો પકડવો જોઈએ.

મુમુક્ષુ :- અહીંયા પહેલાં થોડી શુદ્ધિની પર્યાય હતી પછી વધારે શુદ્ધિની પર્યાય થઈ, બેમાં કમ્પેરિઝન...

પૂજ્ય ભાઈશ્રી :- કમ્પેરિઝન એટલે જ્ઞાન થાય. શુદ્ધિ વધી હોય, આનંદ વધ્યો હોય, સુખની પરિણતિ વધી હોય એનું જ્ઞાન થાય છે. પણ ત્યાં એની દૃષ્ટિ નીચે નથી જતી. પહેલાં કરતા તો હવે હું પરિણામ અપેક્ષાએ સારો છું, એમ જોવાનું નથી બનતું.

જેમ દુનિયામાં શું કરે છે માણસ ? કે વૈભવ મળે છે તો બીજો જે પોતાથી આગળ છે એની સામું જોવે છે. કે નીચે જોવે છે ? જેને આગળ જવું છે એ તો જોવે છે કે હું હજી આના કરતા પાછળ છું. એમ જોવે છે ત્યારે એનો પ્રયત્ન રહે છે. નહિતર એનો પ્રયત્ન રહી શકે નહિ. અને જેને પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ, જ્ઞાન પરિપૂર્ણ, આનંદ પરિપૂર્ણ, સુખ સ્વરૂપ જોયું એને એથી ઓછી ઊણી દશા શું કરવા પોસાય ?

તમને ભંડાર દેખાડે કે આ મિષ્ટાનનો ભંડાર છે. ભૂખ કકડીને લાગી છે પણ પૂરું ખાવા નથી દેવું. એમ કોઈ કહે તો ? પૂરું નહિ મળે. બટકું મળશે આની અંદરથી. કેમકે જે દશા છે, છદ્મસ્થની દશા છે એ

પૂર્ણ દશાની અપેક્ષાએ અનંતમા ભાગે છે. જેણે પરિપૂર્ણ કેવળજ્ઞાન જોયું, પરિપૂર્ણ આનંદ ભરેલો જોયો એને જરાક મળે એ કેમ પોસાય ? અને જો એને પોસાઈ ગયુ કે સંતોષાઈ ગયું તો એણે પૂર્ણ જોયું છે એ વાત રહેતી નથી. સીધો જ મિથ્યાત્વમાં આવી જાય.

દ્રવ્યલિંગી મુનિનો દોષ જ અહીંયાં રહે છે ને. એક તો એને સ્વરૂપનો નિર્ણય અન્યથા કલ્પિત થયો છે. તેથી સમ્યક્ સન્મુખતા આવી નથી. પણ કષાયની મંદતા એટલી બધી છે અને શાસ્ત્રજ્ઞાનનો ઉઘાડ પણ એટલો બધો છે કે એને એમ થાય છે કે આ જ જ્ઞાન છે, આ જ સુખ છે અને આ જ ચારિત્ર છે. અને હું ઘણું કરું છું એમ એને લાગે છે. કેટલું હું કરું છું, ઘણું કરું છું. જગતના જીવો કરી નથી શકતા એવા દુર્ધર તપને તપું છું. અને હું ઘણું કરું છું એમ એને લાગે છે. સાચા મુનિને ઘણું બાકી છે એમ લાગે છે. ખોટાને ઘણું કરું છું એમ લાગે છે, સાચાને ઘણું બાકી છે એમ લાગે છે. બસ. ફેર ઊલટો-સુલટો અહીંયાં છે.

મુમુક્ષુ :- .. સમ્યગ્દર્શન ચાલુ જ રહે છે. એને અનુભવ યથાર્થ થઈ જાય છે ત્યારે એને શું ...

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ બદલાઈ જાય છે. શુભની રુચિ થઈ જાય છે. રુચિ ફરે છે એટલે પરિણમન પલટો ખાઈ જાય છે. જે અનંત શાંતિનો પિંડ રુચવો જોઈએ એના બદલે એને શુભભાવ પણ રુચવાનું શરૂ થઈ જાય છે. શુભની રુચિ થઈ જાય છે. શુભ તો ચાલુ રહે છે મોક્ષમાર્ગીને, ધર્માત્માને પણ શુભની રુચિ હોતી નથી. જ્યારે અહીંયાં શુભની રુચિ શરૂ થાય એટલે પેલી દશા થઈ ગઈ. કેમકે શુભ છે એમાં આકુળતા છે, એમાં દુઃખ છે. દુઃખ રુચ્યું એને સુખ અરુચ્યું. રુચિમાં પરસ્પર બે વિરૂદ્ધ વિષય રુચે એવું પોષાણ હોતું નથી, એવું બનતું નથી.

મુમુક્ષુ :- મુનિ મિથ્યાદષ્ટિ થઈ ગયા ... અનુભવ ક્યાં .. સહિત ન થાય...

પૂજ્ય ભાઈશ્રી :- મુનિ મિથ્યાદષ્ટિ ન થાય અને અનુભવ ચાલ્યો જાય ?

મુમુક્ષુ :- શુદ્ધોપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગમાં છઠ્ઠા ગુણસ્થાને આવે. હા છઠ્ઠા ગુણસ્થાને આવે.

મુમુક્ષુ :- ત્યારે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે તો પરિણતિ રહી જાય છે. પરિણતિ રહી જાય છે. પોતાની પુરુષાર્થની નબળાઈને લીધે, અશક્તિને કારણે ઉપયોગ સ્થિર રહીને, વિશેષ સ્થિરતા વધીને, શ્રેણી માંડીને પૂર્ણતા સુધી જાય. સાતમા ગુણસ્થાને ઉપયોગ શુદ્ધ થયો. વિશેષ ઉગ્રતા આવીને આઠમું, નવમું, દસમું, અગિયારમું એમ પકડે, સમયે સમયે શુદ્ધિમાં આગળ વધે તો તો પૂર્ણતાને રસ્તે જાય. જો આગળ ન વધે, એવી શક્તિ ન હોય સ્થિરતા થવાની તો પાછો આવે.

મોક્ષમાર્ગમાં મોક્ષમાર્ગને વિષે આ એક નિશ્ચિત વાત છે કે કાં આગળ વધે, કાં પાછળ જાય. કાં આગળ વધે, કાં પાછળ જાય. કેમકે પરિણમન પોતે ચાલ છે. કોઈ એક દિશાની ચાલ છે. કાં આ દિશામાં જાય ને કાં આ દિશામાં જાય. જે સમ્યક્ અંતર્મુખની દિશા પુરુષાર્થથી આવી એ પુરુષાર્થ એટલો પર્યાપ્ત નહોતો કે આગળ વધીને પાછું આઠમું, નવમું, દસમું, બારમું ગુણસ્થાન પકડે. એવી સ્થિરતા વૃદ્ધિગત ન થાય તો સાતમામાં એ રહી ન શકે. સાતમામાં આવ્યા છતાં આઠ, નવ, દસમાં જવાની પરિસ્થિતિ ન ઊભી થાય તો સાતમામાં ન રહી શકે. એ છઠ્ઠામાં આવે. પણ છઠ્ઠામાં આવતા જ એને છઠ્ઠામાં રહેવું નથી. પુરુષાર્થ ઊભો છે હજી. વળી સાતમામાં જાય છે. છઠ્ઠું કાંઈ પોસાતું નથી. એ તો પ્રત્યક્ષ દુઃખદાયક દશા છે. મુનિરાજને પંચ મહાવ્રતના વિકલ્પવાળી દશા તો પ્રત્યક્ષ દુઃખદાયક છે. એટલે વળી સાતમામાં આવી જાય.

**'ચેતનાપરિણામ ચેતનદ્રવ્યમાં લીન થતાં જ્ઞાનજ્યોતિનું અચલપદ ઉદ્યોત થાય છે.'** ચેતના પરિણામ ચેતનદ્રવ્યમાં લીન થતાં જ્ઞાનજ્યોતિનું અચલપદ ઉદ્યોત થાય છે. એટલે કે પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. જે શક્તિરૂપ ગુપ્તતત્ત્વ હતું તે પરિણામ લીન થતાં પોતાની અનંત જ્ઞાનજ્યોતિનું શાશ્વત અચળપદ છે એનો અનુભવ થાય છે, એને પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. અનુભવ થયો એને પ્રગટ થયું એમ કહેવામાં આવે છે.

વળી પાછું નીચેથી ઉપાડ્યું. અહીંથી. તેથી **'એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં જાણનલક્ષણ વડે (જ્ઞાનલક્ષણવડે) જાણે,...'** શું લે છે ? તેથી **'એકદેશ ઉપયોગ શુદ્ધ કરી...'** અહીંયાં એકદેશ ઉપયોગ શુદ્ધ કરીને એટલે કે જાણન લક્ષણ દ્વારા લક્ષને જાણવું છે, ઓળખવું છે એટલી નિર્મળતા પ્રાપ્ત કરીને. એને એકદેશ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. અનુભવમાં એકદેશ શુદ્ધ ઉપયોગ છે. અથવા ...

જે ભૂમિકાની નિર્મળતા છે એ નિર્મળતામાં પોતાને લક્ષણ દ્વારા જાણે. જ્ઞાનલક્ષણ પ્રસિદ્ધ છે, પ્રગટ છે એ જ્ઞાનદ્વાર છે. અંતર્મુખ થવા માટે જ્ઞાનદ્વાર છે. એ જ્ઞાનના દરવાજામાં આવીને ઊભો રહે તો ત્યાં કારણપરમાત્મા સ્વરૂપશક્તિપણે સદાય ઊભો છે. સદાય ઊભો છે નહિ, એનો દરવાજો ખખડાવે છે કે હું કાયમ અહીંયાં ઊભો છું. ફક્ત એકદેશ ઉપયોગની શુદ્ધતા થવી ઘટે છે. આટલી વાત છે. એકદેશ ઉપયોગની શુદ્ધતા.

એટલે કે જે ભાવમલિનતા છે, વિભાવરસની રંજકતા છે, જેનાથી ઉપયોગ વિભાવરસે રંગાઈ ગયો છે એમાં એને સ્વરૂપશક્તિના દર્શન થતાં નથી. જ્ઞાનઉપયોગ સદાય પ્રસિદ્ધ હોવા છતાં, જ્ઞાન ઉપયોગ સદાય પ્રવર્તમાન હોવા છતાં, સમયે સમયે પ્રગટ થતો હોવા છતાં અને એમાં સ્વરૂપશક્તિ વિદ્યમાન હોવા છતાં પોતાની મલિનતાને લઈને, ભાવમલિનતાને લઈને, વિભાવરસની મલિનતાને લઈને એને પોતાની શક્તિના દર્શન થતાં નથી. એટલે આ શરત નાખી.

ઉપયોગ છે. ઉપયોગમાં સ્વરૂપશક્તિ વિદ્યમાન છે. એને જાણી શકવાની સંજ્ઞી પંચેન્દ્રિય જીવને પર્યાયમાં શક્તિ પણ છે. પ્રયોજનભૂતને ગ્રહવું એવી શક્તિ છે. એટલે પુરુષાર્થ પણ છે. એક ભાવમલિનતા દૂર થવી જોઈએ. રાગરસ છે, વિભાવરસ છે એ સમ્યક્ પ્રકારે અથવા સાચા દૃષ્ટિકોણથી, પોતાના હિતના દૃષ્ટિકોણથી વિભાવે ફિક્કો પડી જવો જોઈએ. તો એને ભૂમિકાની મલિનતા હટે, એને અહીંયાં એકદેશ ઉપયોગ શુદ્ધ કર્યો એમ કહેવામાં આવે છે.

**'એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપ શક્તિને...'** જિજ્ઞાસાના કાળમાં આટલું થાય છે. જો સ્વરૂપપ્રાપ્તિની અપૂર્વ ભાવના સહિત

સ્વરૂપને ઓળખવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો એને ભૂમિકાની નિર્મળતા આવે. જેને સમ્યગ્દર્શનને યોગ્ય પાત્રતા કહેવામાં આવે છે. એ પ્રકારે '**સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં...**' જ્ઞાનદ્વારમાં જ્ઞાનશક્તિ શું છે એને જોવું. જ્ઞાન ઉપયોગમાં જ્ઞાનશક્તિ શું છે ? આ શક્તિને જોવી. કેમકે કાર્ય તો શક્તિ હોય તો થાય. શક્તિ ન હોય તો કાર્ય થાય નહિ. એ સ્વરૂપશક્તિને જાણવાનું જેનું લક્ષણ છે તે લક્ષણથી તે આખી શક્તિનું ગ્રહણ કરે.

એક દિવાસળીની પ્રગટ દશામાંથી ટોપકામાં રહેલી શક્તિને પણ જોવે છે. અથવા દિવાસળીની પ્રગટ જાળ ભલે આટલી છે, દીવા જેટલી છે, પણ શક્તિ કેટલી છે ? કે અનંત દાહ્યને બાળે. બળવાયોગ્ય એવા અનંત પદાર્થને બાળી શકે એટલી શક્તિ છે. એટલે તો લોકો ડરે છે કે નહિ ? ભાઈ ! અહીંયાં આ ઘાસનું ગોડાઉન છે અથવા આ પેટ્રોલની ટાંકી છે. અહીંયાં તિખારો પણ આવવો જોઈએ નહિ. કેમકે એ તિખારો નથી. એ તિખારામાં અનંત શક્તિ છે કે જે બધાને ભડકે બાળી નાખે.

એમ ઉપયોગ ભલે છદ્મસ્થનો, મિથ્યાદષ્ટિનો. છદ્મસ્થનો એમ નહિ, મિથ્યાદષ્ટિનો ઉપયોગ છે, પણ એ ઉપયોગમાં જ્ઞાનશક્તિ વિદ્યમાન છે. જો એની શક્તિના દર્શન થાય કે આ અનંત જ્ઞેયને જાણે એવું અહીંયાં લક્ષણ છે તો એને સમ્યક્ સન્મુખતા થાય. સીધી જ તે.

અથવા ઉપયોગ દ્વારમાં જો શક્તિના દર્શન થાય તો એ જ વખતે એને સંસ્કાર પડી જાય. સમ્યક્ સન્મુખતા એ નિયમબદ્ધપણે આત્માના સંસ્કારને લાવે છે. અને સ્વરૂપના સંસ્કાર, સ્વરૂપના સંસ્કાર એ સ્વરૂપના અનુભવનું કારણ છે. 'દીપચંદજી'નું બહુ વજન છે અહીંયાં. આ વિષય તો એમણે આગળ પણ અનેકવાર જુદી જુદી રીતે લીધો છે. અહીંયાં હવે ગ્રંથ પૂરો કરે છે તો પાછા ફેરવીને વાતને લે છે. અને પછી કહેશે કે અમે આ ફરી ફરીને કહીએ છીએ કે એનું કારણ છે કે જીવ છે એ બહુ ભૂલ્યો છે, જાગતો નથી. માટે અમે આ ફરી ફરીને કહીએ છીએ.

મુમુક્ષુ :- ૮૫ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- છે ને ૮૫ પાને ? પહેલાં પેરેગ્રાફમાં જ છે.

**'શુદ્ધસ્વરૂપ પોતે પરમાં ખોજ કરે તો ન પામે. વારંવાર એટલા માટે કહેવામાં આવે છે...'** પાંચમી લીટી. ૮૫ પાને પાંચમી લીટી. **'વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે અનાદિનો અવિદ્યામાં ખૂંચી રહ્યો છે,...'** એવો અજ્ઞાનભાવે મોહથી ફસાઈ ગયો છે. **'મોહની અત્યંત નિબિડ ગાંઠ પાડી છે.'** દર્શનમોહની ગાંઠ કેવી પડી છે ? હીરની દોરીને ગાંઠ મારીને તેલનું ટીપું રેડ્યું છે. ગાંઠ છૂટે નહિ. એવી નિબિડ ગાંઠ પડી છે એટલે વારંવાર આ વાત અમે કરીએ છીએ. વારંવાર વાત શું કરવા કરીએ છીએ ? કે અમારું પરિણમન પણ વારંવાર આ રીતે પરિણમે છે. માટે જે અમારા પરિણમનમાં ચાલે છે એ કહીએ છીએ. અમારે બીજું કહેવાનું કોઈ પ્રયોજન નથી.

મુમુક્ષુ :- બીજા પાને આ જ વાત લખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં છે.

**'અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડ્યો છે. મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે.'** જે પહેલા વાત કરી એ હવે છેલ્લે વાત કરે છે. આ કહેવાની પાછળ તારા દર્શનમોહને ઢીલો કરીને, ફિક્કો કરીને જ્યાં પોતે સ્વરૂપસન્મુખ થાય છે ત્યાં ભલે ઉપયોગ મિથ્યાત્વનો છે, મિથ્યાત્વ સહિતનો છે પણ દર્શનમોહની અંદર ઘણી મોળાશ આવી ગઈ છે. એટલે જ્ઞાન જાણવામાં જે વ્યામોહપૂર્વક જાણતું હતું કે આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે, એમાં ફેર પડવા માંડ્યો. એ જ્ઞાન એમ વિચારે છે કે નહિ ઈષ્ટ-અનિષ્ટપણું નહિ જોઈએ. પદાર્થ જેવો છે એવો હું જાણું. એની મહેનત ચાલે છે, એનો પ્રયત્ન ચાલે છે કે જેવો પદાર્થ છે એવા પદાર્થને, પદાર્થને જેવા છે તેવા જ સ્વરૂપે જાણું એ મારો ધર્મ છે. ઈષ્ટ-અનિષ્ટપણે જાણવાનો મારો ધર્મ નથી. એટલે દર્શનમોહ જ્યાં મંદ થયો ત્યાં એનું જ્ઞાન છે એ એકદશ શુદ્ધ થયું એમ કહે છે. નિર્મળતા, ભૂમિકાની નિર્મળતા છે.

એકદેશ જ્યાં જ્ઞાન નિર્મળ થયું ત્યાં એ ઉપયોગ દ્વારમાં શક્તિને ઓળખે છે. શક્તિની એને ઓળખ આવે છે કે આ શક્તિ કેવડી-કેટલી ? કે અનંત-બેહદ છે. અને એ એના પ્રયોગથી એને સમજાય છે કે જ્ઞાન ક્યાંય ભળતું નથી. જ્ઞાન ક્યાંય ભળતું નથી. જ્ઞાન જ્ઞાન જાણનલક્ષણ જે છે- જાણવું... જાણુવં... જાણવું... જાણવું... જાણવું.. જાણવું...

જાણવું... બસ, જાણવું જાણવું જ રહ્યા કરે છે. જ્ઞાનમાં સિવાય જાણવું તો કાંઈ છે જ નહિ. બીજું કાંઈ છે નહિ. અને એ જાણવું-જાણવું છે એ જ્ઞાનની જ્યોતિ છે. એ જ્યોતિ ક્યારે પણ નાશ પામતી નથી. એ જ્ઞાનજ્યોતિને કોઈ ઓલવી શકતું નથી. પોતાની અનંત શક્તિ વ્યક્ત ભલે નથી થઈ પણ શક્તિ મોજૂદ છે એનો વિશ્વાસ, એનો પરિચય, એની ઓળખાણ એને પહેચાન થઈ જાય છે. શક્તિની અનંતતાની ઓળખાણ થઈ ગઈ. એને એકલી જ્ઞાનશક્તિ ત્યાં નથી જણાણી પણ આખો આત્મા જેની અંદર સુખ છે, એ અનંત સુખશક્તિ પણ એને સાથોસાથ જણાય જાય છે.

જ્ઞાનને ઓળખતા સુખ પણ ઓળખાય જાય છે. આ એક વિશિષ્ટતા છે. અને જેને અનંત સુખનો ભંડાર મારામાં છે એવો પત્તો લાગે, એવા પરિણામને એ અનંત સુખના ભંડારનું આકર્ષણ કેટલું રહે ! કે એવો જ એનો પ્રકાર જ કોઈ અલૌકિક જુદો પ્રકાર આકર્ષનો ઊભો થાય છે કે જેથી ત્યાં પરિણામને સ્વરૂપસન્મુખ થયા એમ કહેવામાં આવે છે. અથવા ત્યાં પરિણામ મર્યાદામાં આવી ગયા. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ મર્યાદામાં આવીને પછી એકાકાર-એકાગ્ર થઈને અનુભવ કરે છે. તે મર્યાદામાં આવી એટલે સન્મુખતામાં આવી.

'પરમાગમસાર'માં પણ સ્વરૂપ સન્મુખતાનો વિષય ચાલે છે ત્યાં ત્યાં સંસ્કારની વાત લીધી છે. એ જ વાત વચનામૃતમાં 'પૂજ્ય બહેનશ્રી'એ લીધી છે. જ્યાં સન્મુખતાની વાત આવી છે ત્યાં સંસ્કારની વાત લીધી છે. એકસરખી વાત બેય જગ્યાએ આવી છે. સન્મુખતાનો વિષય આવ્યો છે કે જે જીવ એક વખત સ્વરૂપસન્મુખ પણ થાય, કદાચ એ સન્મુખતામાં આગળ વધીને અનુભવ સુધી ન પહોંચે અને આયુષ્ય પૂરું થવાનો કોઈ કાળ હોય તો અન્ય ભવમાં સંસ્કાર બળે પામી જાય. એટલી મહેનત જેણે કરી, એકદેશ શુદ્ધોપયોગ કરીને ભૂમિકાની નિર્મળતા કરીને એકવાર સંસ્કાર નાખ્યા આત્મામાં, એ આત્માના સંસ્કાર પણ જેવી તેવી ચીજ નથી. હીરાની રજ છે એ પણ કેરેટમાં જોખાય છે. ગ્રામમાં અને તોલામાં જોખાતી નથી. એટલે એ સંસ્કાર પણ એવી જબરજસ્ત ચીજ છે કે એને ભવિષ્યમાં નિમિત્ત વગર જાગૃતિ આવે છે. તિર્યંચમાં જાય, નારકીમાં જાય. કોઈ નિમિત્ત ન

મળે એટલે જાગૃતિ આવે અને પામી જાય.

એ '**સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં જાણનલક્ષણ વડે (જ્ઞાન લક્ષણ વડે) જાણે,...**' એ આ સ્વરૂપ નિર્ણયનો વિષય લીધો છે અહીંયાં 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં. ત્યાં થોડી ચર્ચા વિશેષ કરી છે. '**પોતાનો લક્ષ્યલક્ષણ પ્રકાશ પોતામાં ભાસે ત્યારે સહજ ધારાવાહી નિજશક્તિ વ્યક્ત (પ્રગટ) કરતાં કરતાં સંપૂર્ણ વ્યક્તતા કરે ત્યારે યથાવત્ જેવું તત્ત્વ છે તેવું પ્રત્યક્ષ જાણે.**' જ્યાં શરૂઆત થઈ ત્યાં પૂર્ણતાની વાત સાથે સાથે લઈ લે છે. એમાં પંચમઆરો સ્મરણમાં રહેતો નથી, યાદદાસ્તમાં નથી રહેતો.

'**પોતાનો લક્ષ્યલક્ષણ પ્રકાશ પોતામાં ભાસે...**' લક્ષણ પણ પોતામાં તદ્અનુસાર લક્ષ પણ પોતામાં, ત્રિકાળી લક્ષ પણ પોતામાં. તેનો પ્રકાશ એટલે તેનું સંવેદન પોતામાં ભાસે, તેનો અનુભવ પણ પોતામાં ભાસે. હજી તો ભાસવું છે, હોં ! કારણ કે આ તો ઓળખાણ છે ને ? એટલે ભાસનમાત્ર છે. '**ત્યારે સહજ ધારાવાહી...**' પછી ધારા ઉપડે છે. '**નિજશક્તિ વ્યક્ત (પ્રગટ) કરતાં...**' તે ભાસન પછી ધારાવાહીપણે નિજશક્તિનો અનુભવ થાય, ધારાવાહીપણે એના અનુભવમાં રહે એટલે અનુભવથી જ્ઞાનધારા ફૂટે. પાતાળ જેમ ફૂટીને અંદરથી આ પ્રવાહી પેટ્રોલ, પાણી આવે છે. પાતાળ ફૂટીને. એમ ગ્રંથીભેદ થઈને જ્યાં ધારાવાહી નિજશક્તિ વ્યક્ત થાય, પ્રગટ થાય. તો એ પ્રગટ કરતા કરતા એ પ્રગટપણામાં આગળ ને આગળ વધતા સંપૂર્ણ વ્યક્તતા કરે, પૂર્ણતા આવી ગઈ. સીધી વાત પૂર્ણતાની આવી ગઈ. આગળ સાધકદશામાં અટકશે, પછી અત્યારે પંચમકાળ છે એટલે પૂરું નહિ થાય, પછી ક્યાંક મહાવિદેહમાં જઈને પૂરું કરશે, એવું કાંઈ લેતા નથી.

પૂર્ણતાની ભાવના અને પૂર્ણતાનું પ્રત્યક્ષપણું એ બે એકસાથે થતાં એનો રસ બહુ વધે છે. અહીંયાં શું થાય છે ? કે એક તો એને ભાસનમાં પ્રત્યક્ષ ભાસન છે કે હું પૂર્ણ છું અને પૂર્ણ થઈને જ રહીશ. અને એ પૂર્ણ થઈને રહીશ એનું જે ભાવનાનું બળવાનપણું છે અને વર્તમાનમાં પ્રત્યક્ષ પૂર્ણતા જે એને ભાસનમાં છે, એ બંનેનો એવો સુમેળ છે કે ત્યાં અત્યંત રસ ઊપજે છે. જેથી સંપૂર્ણ વ્યક્તતા થશે એ વાત સીધી ત્યાં

આવી જાય છે. '**ત્યારે યથાવત્ જેવું તત્ત્વ છે...**' જેવું પૂર્ણ તત્ત્વ છે '**તેવું પ્રત્યક્ષ જાણે.**' પ્રત્યક્ષ જાણે. જેવું કેવળજ્ઞાનમાં જાણ્યું છે અથવા શ્રુતજ્ઞાનમાં પહેલા જાણ્યું એવું જ પ્રગટ પ્રત્યક્ષ કરી લે તું, એને પ્રત્યક્ષ જાણ એમ કહ્યું.

'**દેખો ! કોઈ ભગલવિદ્યા વડે કાંકરાને નીલ, હીરા, મોતી દેખાડે છે,...**' આ આવે છે ને ? હિપ્નોટીઝમ કરે છે. દષ્ટિભ્રમ ઉપજાવે છે. અનેક જાતના કાંકરા હોય એને એમ કહે છે કે જો આ હીરા છે, આ મોતી છે, આ નીલમણિ છે. તો એને એવું જ દેખાય. જેની દષ્ટિ ઉપર એ અસર આવે એને એવું જ દેખાય. કાંકરાને એ રત્નો જોવા લાગે. ભગલવિદ્યા એટલે એવી જાતની મેલી વિદ્યા છે. એને ભગલવિદ્યા કહે છે. એ કોઈ અધ્યાત્મવિદ્યા નથી.

'**સાવરણીના તૃણને સર્પ કરી દેખાડે છે,...**' સાવરણીનું તણખલું ખાલી પડ્યું હોય તો એને કહે કે મોટો સર્પ પડ્યો છે અહીં. તો એને સર્પ દેખાય. એ તણખણામાં એને સર્પની ભ્રાંતિ થાય. '**ત્યાં વસ્તુ લોકોને સાચી દેખાય છે...**' જેવા સાચા રત્નો હોય એવો જ એને દેખવામાં આવે છે. જેવો સાચો સર્પ હોય એવું જ એને દેખાય છે, એવું જ એને જોવાય છે. ત્યાં સાવ સાચું હોય એવું લાગે. '**પણ તે સાચી નથી.**' એમાં કાંઈ સાચું નથી. થોડુંક સાચું હશે કે નહિ ? નહિ. કાંકરામાં જરાય રત્નપણું નથી ? અને સાવરણીના તણખલામાં જરાય સાપ નથી ? કે જરા પણ નથી.

'**તેમ પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે તે સર્વથા જૂઠ છે.**' આમ છે. આનેથી મને સુખ, આ સાધન મારા સુખનું, આ સંયોગ મારા સુખનો, શરીરથી માંડીને જેટલા સંયોગો અને કષાયની મંદતામાં આકુળતા ઘટીને થતો અનુભવ, દુઃખમાં થતો સુખનો અનુભવ એ મિથ્યાત્વની ભગલવિદ્યા છે, એમ કહે છે. મેલી વિદ્યા છે. મિથ્યાત્વની એ મેલી વિદ્યા છે. એને કાંકરામાં રત્નો દેખાય છે. જડ પદાર્થમાં સુખની ગંધ પણ નથી. તો એને ત્યાં સુખ દેખાય છે. જડપદાર્થમાં તો સુખની ગંધ પણ નથી તોપણ એને ભર્યું...ભર્યું... ભર્યું.. લાગે છે. કે આ મારું ભર્યું ઘર છે, આ મારું ભર્યું ભાદર્યું કુટુંબ છે અને આ બધું છે. આ બધું છે એટલે મને સુખ છે. મને આ બધું છે, મને આ બધું છે

એમ જે રહ્યા કરે છે, એમાં એને પોતે છે એવું પોતાનું શુદ્ધ અસ્તિત્વ ભાસતું નથી. આ બધું મને છે એમાં પોતે છે એ ભાસતું નથી. પોતાના અસ્તિત્વને ચૂકી જાય છે.

મુમુક્ષુ :- ...સ્યાદ્વાદ વિદ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્યાદ્વાદ વિદ્યાથી... ઉપર લીધું છે.

'**આ શ્રી જિનેન્દ્રશાસનમાં સ્યાદ્વાદવિદ્યાના બળથી નિજજ્ઞાનકલાને પામી અનાકુળ પદને પોતાનું કરે.**' કેવા મીઠા વચનો છે !

મુમુક્ષુ :- ઓલી ભગલવિદ્યા અને આ સ્યાદ્વાદ વિદ્યા બે સામે સામી છે.

પૂજ્ય ભાઈશ્રી :- સામી સામી વિદ્યા છે. સ્યાદ્વાદ વિદ્યા છે એ આત્માને નિર્મળ કરવાની વિદ્યા છે. સ્યાદ્વાદ વિદ્યાથી મોહની મલિનતા ધોવાઈ જાય છે. અને મિથ્યાત્વની વિદ્યામાં-ભગલવિદ્યામાં મોહ છે એની મલિનતા ગાઢ થતી જાય છે. આમ ઊલટું-સુલટું છે. એક ચૈતન્યના પ્રકાશને પ્રગટ કરે છે, એક ચૈતન્યના પ્રકાશને ઓલવે છે, બીડી દે છે.

'**તેમ પરમાં નિજપણું માની...**' ત્યાં પણ એ જ વાત કરી છે ને ? '**તાત્પર્ય આ છે કે...**' તરત જ એ વાત લીધી છે. '**પરને પોતાનું કરવાનું સર્વથા મટાડી...**' અહીંયાં એ જ વાત કરી. '**પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે તે સર્વથા જૂઠ છે.**' પરનું પ્રતિબિંબ તારામાં પડે છે એમાં તું તને જોને પણ. અરીસામાં અરીસાને જોને. અરીસામાં પ્રતિબિંબ દેખાતું હોય તો એને ગૌણ કરી જા. જોવાનું એને ગૌણ કરી જા. અને તને જોવાનું તું મુખ્ય કર. બસ, મુખ્ય ગૌણ તો ચાલે જ છે. અત્યારે તું પ્રતિબિંબને મુખ્ય કરવા જતાં પરની મુખ્યતા કરી જા છો. જ્ઞાન પર બાજુ તારું ખેંચાય જાય છે. પ્રતિબિંબને મુખ્ય કરતાં જેનું પ્રતિબિંબ પડે છે એ બિંબ બાજુ તારા પરિણામ ખેંચાય જાય છે અને એ પરમાં નિજપણું થઈ જાય છે.

'**પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે...**' વેપારીને સરવૈયામાં નફો વધે ત્યારે એને રસ આવે કે ન આવે ? કે ચાલો, આ વખતે સરવૈયું સારું છે. એક તો જીવે શું કર્યું કે અનેક જાતની ભવિષ્યની

કલ્પના બહુ કરે છે. બહારમાં સુખ, પરમાં સુખની કલ્પનાથી હું આમ કરીશ... આમ કરીશ.. આમ કરીશ... આમ કરીશ. એમાં એમ કરવા માટેના અનુકૂળ સંયોગો ઊભા થાય એટલે એનો પછી રસ ચડ્યા વિના રહે નહિ. એ રસ શું કરે ? કે એ રસ છે એ ભગલવિદ્યા છે. એ એને કાંકરામાં રત્નો દેખાડે છે. કાંકરામાં રત્નો દેખાડે છે એટલે કાંકરામાં સુખ કલ્પાવે છે. અને સાવરણીના તૃણમાં સર્પ દેખાડે છે એટલે કે એને પ્રતિકૂળતામાં ભય પમાડે છે. કોઈ પ્રતિકૂળતા ભયનું કારણ નથી, કોઈ અનુકૂળતા સુખનું કારણ નથી. બે દૃષ્ટાંત એના મેળથી આપ્યા છે.

જરાક પ્રતિકૂળતા થાય તો એને ભય થઈ આવે છે. એ તો સાવરણીનું તણખલું છે. એમાં ક્યાંય સર્પ નથી કે તને કાંઈ કોઈ કરડે એવું નથી. તણખલું સહેજ અડે તો એને એમ થાય કે સર્પ કરડ્યો. એમ થોડીક પ્રતિકૂળતા નજીક દેખાય તો એને ભય ઉત્પન્ન થાય છે. એ મોહને વશ થાય છે. એ સર્વથા જૂઠ છે.

**'સુખનો પ્રકાશ પરમ અખંડ ચેતનાના વિલાસમાં છે.' 'પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે તે સર્વથા જૂઠ છે.'** પોતાની વ્યાપ્ય-વ્યાપકતાને તપાસે કે પોતે કેટલામાં વ્યાપ્યો છે. જો ધ્યાનથી તપાસે તો દેહમાં પણ પોતે વ્યાપ્યો નથી એમ એને જણાશે. પરમાં પોતાપણું માને છે ત્યાં તો એ પોતે પરમાં વ્યાપતો હોય અને પર પોતામાં વ્યાપતું હોય એવો એને અધ્યાસ થાય છે. પણ પોતાની વ્યાપકતાને બરાબર જ્ઞાનવેદનથી પકડીને તપાસે કે મારી વેદકતા કેટલામાં છે ? જેટલામાં હું વ્યાપું એટલામાં જ મારું વેદન છે. જેટલામાં મારું વેદન છે એટલામાં જ હું વ્યાપું છું. એથી આગળ મારી વ્યાપકતા ક્યાંય નથી. તો શરીરમાં પણ જીવની વ્યાપકતા નથી. એ ખોખું છે. જડ પરમાણુની રચનાવાળું એ ખોખું છે કે જેમાં આત્મા એક રજકણમાં વ્યાપ્યો નથી.

પરમાં પોતાપણું માની સર્વથા જૂઠથી સુખ કલ્પે છે. પરંતુ સુખનો પ્રકાશ એટલે સુખનો પ્રગટ અનુભવ થવો એ તો **'પરમ અખંડ ચેતનાના વિલાસમાં છે.'** પોતાનું જે અખંડ ચૈતન્યસ્વરૂપ એમાં પરિણામ ઉછળે, પરિણામ ત્યાં જઈને ઉછળે તો એમાં સુખનો વિલાસ ઉત્પન્ન થાય છે. ત્યાં સુખની મોજ ઉછળે છે.

૪૭ શક્તિનું વર્ણન કરતાં 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં એમ કહેતા કે ઉછાળ તારા પરિણમનને તારા સુખના સમુદ્રમાં. અથવા સુખનો પહાડ જે અખંડ આત્મા છે એ સુખના દરિયાને ઉછાળ સુખના પહાડ ઉપર. ધોઈ નાખ આખા પહાડને. પાણી... પાણી... પાણી.. કરી નાખ એને. એમ પરિણામને અંતર્મુખ ઉછાળ. એવું પરિણામ અંતર્મુખ ઉછળે એવું જ તારું મૂળ સ્વરૂપ છે. બીજી રીતે તારું કોઈ સ્વરૂપ નથી.

એટલે કહ્યું કે '**સુખનો પ્રકાશ પરમ અખંડ ચેતનાના વિલાસમાં છે. શુદ્ધ સ્વરૂપ પોતે પરમાં ખોજ કરે તો ન પામે.**' પોતે શુદ્ધ સ્વરૂપ છે. સુખની ખોજ પરમાં કરે, પોતાની ખોજ પરમાં કરે, પોતાની ખોજ શુભાશુભભાવમાં કરે તો કાંઈ હાથમાં આવે એવું નથી. જ્ઞાનલક્ષણથી સ્વમાં ખોજ કરે તો એને પત્તો લાગે એવું છે. વિશેષ લઈશું...

સર્વજ્ઞ સ્વભાવના અવલંબને આત્મારૂપ થયેલા ધર્માત્માને કેવળજ્ઞાનની લબ્ધિ પ્રગટ થાય છે. તેમાંથી આશ્ચર્યકારી ભાવો / ન્યાયો પ્રગટે છે. તેથી બાર અંગ - સંપૂર્ણ દ્રવ્યશ્રુતધારી જે ન્યાયો કાઢે તે સમકિતી ધર્માત્મા કાઢી શકે છે. લબ્ધિમાંથી ઉપયોગ, વગર વિકલ્પે થઈ જાય છે. આ લબ્ધજ્ઞાન નથી, પણ સાધક અવસ્થામાં પ્રગટ થયેલી ઋદ્ધિ છે. લબ્ધજ્ઞાન તો શ્રુતજ્ઞાન પર્યાયનો અંશ છે, અવયવ છે, જે ઉપયોગપૂર્વક થયેલી પરિણતિ છે. તે જ્ઞાનીઅજ્ઞાની બંન્નેને સદાય હોય છે. જ્ઞાનીને સ્વરૂપાકાર - સ્વરૂપના વેદનરૂપ હોય છે. તે સ્મૃતિ કે ધારણારૂપ નથી. (વિચાર અને ધારણામાં સ્વરૂપને અનુભવવાનું સામર્થ્ય નથી. પરંતુ અતિન્દ્રિય પ્રત્યક્ષ શુદ્ધોપયોગથી પ્રાપ્ત લબ્ધજ્ઞાનની 'જ્ઞાનધારા' છે. અજ્ઞાનીને ઉદય અનુસાર વિભાવરસયુક્ત વિભાવરૂપ કર્મધારા છે.

(અનુભવસંજીવની - ૧૦૧૩)

## તા. ૧૫-૪-૧૯૮૬, પાના નં. ૮૪, પ્રવચન નં. ૧૫૦

**'સુખનો પ્રકાશ પરમ અખંડ ચેતનાના વિલાસમાં છે. શુદ્ધસ્વરૂપ પોતે પરમાં ખોજ કરે તો ન પામે.'** શુદ્ધ સ્વરૂપ પોતે પોતામાં રહેલું પોતાનું મૂળ તત્ત્વ એ શુદ્ધ સ્વરૂપ છે. **'પરમાં ખોજ કરે તો ન પામે.'** પોતાના મૂળ તત્ત્વને પોતામાં ખોજે તો પામે. પોતાની બહાર ગમે તેટલી ખોજ કરે તો ન પામે. એમ કહે છે કે જેટલી બાહ્ય ક્રિયા છે એ સર્વ બાહ્ય ક્રિયામાં ક્યાંય પણ આત્મા નથી. આત્માનું તત્ત્વ ત્યાં નથી. પછી શરીરની ક્રિયા હોય, શાસ્ત્રમાં ખોજે તો શાસ્ત્રમાંથી પણ ન મળે, મંદિરમાંથી ખોજે તો મંદિરમાંથી પણ ન મળે. શુદ્ધ સ્વરૂપ પોતે છે અને પોતાની અંતરખોજ પોતામાં કરે તો પોતે પોતાને પામે.

સવાલ એટલો છે કે પોતે પોતાની ખોજ કરે છે કે કેમ ? અથવા જે જીવ પોતાને દોષનો નાશ થાય અને ગુણ પ્રગટ થાય એવા ઉપાયને શોધતો હોય તો અંદરમાંથી જ એનું સમાધાન થાય એવું છે. શાસ્ત્રમાં ભલે એ વાત પ્રસિદ્ધ છે તોપણ શાસ્ત્રની વાત અંતરખોજ વિના જે પ્રકારે સમજાવી યોગ્ય છે તે પ્રકારે સમજાતી નથી. શાસ્ત્રમાં તે વાત સ્પષ્ટ કરી છે કે સમજાય છે ક્યારે ? કે પોતે તદ્અનુસાર અંતરખોજ કરે છે ત્યારે. નહિતર બાહ્ય દૃષ્ટિથી કે પરલક્ષથી આ વિષય સમજવામાં આવતો નથી.

**'વારંવાર એટલા માટે કહેવામાં આવે છે...'** કારણ કે ફરીને વાત ઉપાડીને ? લક્ષલક્ષણથી જાણે. જ્ઞાનદ્વારમાં એકદેશ ઉપયોગ શુદ્ધ કરી જાણન લક્ષણ વડે જાણે એમ જે કહ્યું એમાં ફરીને એ વાત આટલી આટલી વાર કરતા એટલું કહ્યું કે **'વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે અનાદિનો અવિદ્યામાં ખૂંચી રહ્યો છે, મોહની અત્યંત નિબિડ ગાંઠ પાડી છે.'** અનાદિથી અજ્ઞાન અને મોહ અને એ અજ્ઞાન મોહનો રસ, દર્શનમોહનો રસ અત્યંત વધેલો છે. જીવના સ્વરૂપવિજ્ઞાન અનુસાર જીવ જે જે પ્રકારના પરિણામ કરે છે એ પરિણામના સંસ્કારને પણ એ ધારણ કરે છે. એટલે કોઈપણ જીવ પૂર્વ સંસ્કાર વિનાનો નથી. પણ તે

બધા સંસ્કાર અજ્ઞાન અને મોહના છે. જેટલા છે એ બધા અજ્ઞાન અને મોહના સંસ્કાર છે. એની અંદરમાં ગાંઠ પડી ગઈ છે. વર્તમાનમાં પ્રસિદ્ધપણે એટલું ન દેખાતું હોય તોપણ અથવા પ્રસિદ્ધપણે વર્તમાનમાં કષાય મંદ દેખાતો હોય, શાસ્ત્રજ્ઞાનનો ઉઘાડ દેખાતો હોય તોપણ અનાદિનું અજ્ઞાન અને અનાદિના દર્શનમોહનો રસ, એની જે અંદરમાં ગાંઠ છે એ ગાંઠ ઘણી દઢ અને ઘણી કઠણ થયેલી ગાંઠ છે. નિબિડ ગાંઠ છે. નિબિડ એટલે કઠણ, ઘન, ઘનિષ્ટ.

વિપરીતતાના સંસ્કાર ઘનિષ્ટપણે પડેલા છે એમ કહેવું છે. એને નિબિડ ગાંઠ કહી છે અહીંયાં. અને તેના પરિણામ સ્વરૂપે સ્વપદની ભૂલ થઈ છે. પોતાનું સ્થાન ક્યાં છે ? પોતાનું સ્વરૂપ કેવું છે ? એની ભૂલ થઈ છે. પૂર્વ સંસ્કાર વશ જે જે ગતિમાં, જે જે ઉદયમાં જે જે સ્થાનને પામે છે ત્યાં તેવો, તેટલો હું એમ માનીને જીવન ચાલે છે, પરિણમન ચાલે છે. હું અત્યારે મનુષ્ય, હું અત્યારે ફલાણો-ફલાણો. આટલું મારું કર્તવ્ય. આ મારું જગત, આ મારી સૃષ્ટિ. અને અહીંયાં મારું સ્થાન. એ બધામાં એણે પોતાનું એક સ્થાન નક્કી કરેલું છે. એ સ્વપદ છે. એ સ્વપદ એણે ભૂલથી જૂઠું-ખોટું નક્કી કર્યું છે. ખરેખર પોતે એવો નથી. એવા '**સ્વપદની ભૂલ થઈ છે.**'

હવે એ સ્વપદની ભૂલ થઈ છે તે ટાળવા માટે '**ભેદજ્ઞાનથી અમૃતરસ પીએ તો અનંતગુણધામ, અભિરામ આત્મારામની અનંતશક્તિનો અનંત મહિમા પ્રગટ કરે. એ આ સર્વ કથનનું મૂળ છે.**' ગ્રંથ પૂરો થાય છે એટલે વારંવાર તાત્પર્ય પણ બતાવતા જાય છે. સર્વ કથનનું મૂળ કહો કે સર્વ કથનનું તાત્પર્ય કહો. ભેદજ્ઞાનથી અમૃતરસ પીએ, ભેદજ્ઞાનપૂર્વક પોતાના સ્વાનુભવમાં આવે અને પોતાના સ્વભાવ આનંદસ્વભાવરૂપી અમૃતરસને પીએ એટલે એકવાર પણ જો અનુભવમાં આવે તો પોતાનો અનંત મહિમા, જોકે અનુભવ અનંત મહિમાપૂર્વક થાય છે, પણ અનંત મહિમાવંત સ્વરૂપ ત્યાં સાક્ષાત્ અનુભવગોચર થાય છે. ત્યાં અનંત મહિમા પ્રગટ કર્યો.

'**અનંતગુણધામ,...**' અનંત અનંત ગુણનું નિધાન '**અભિરામ,...**' જ્યાં શાંતિ અને તૃપ્તિ થાય એવો જે આત્મારામ, અભિરામ તેની અનંત, બેહદ શક્તિનો અનંત અનંત મહિમા પ્રગટ કરે

એટલે પ્રગટપણે અનુભવગોચર કરે. એનો પ્રગટ અનુભવ થાય. એવું થાય એટલા માટે આટલું બધું કથન કરીએ છીએ. એમ કહે છે.

જીવને સ્વાનુભવમાં લાવવા માટે આ કથન કરીએ છીએ. જેટલો વિસ્તાર કરીએ છીએ. બાર અંગ પર્યંતનો, બાર અંગ પર્યંતનો. અગિયાર અંગ અને ચૌદ પૂર્વ, બારેય અંગ પર્યંતનો જેટલો વિસ્તાર ગણધરદેવે કર્યો એ બધો વિસ્તાર, તમામ વિસ્તાર આ એક સ્વાનુભવ કરાવવા માટે છે. તેથી સ્વાનુભવને બાર અંગનો સાર કહેવામાં આવે છે. સ્વાનુભવ થાય તેને અનુલક્ષીને, તે વાત લક્ષમાં રાખીને સર્વ કથન વિસ્તાર છે એમ સમજવું. એટલે સર્વ કથનનું વલણ સ્વાનુભવ થવા અર્થે થાય એવું અર્થઘટન વિચારવું જોઈએ.

'શ્રીમદ્જી'એ માર્ગદર્શન આપ્યું છે કે જ્ઞાનીના વચનોને લૌકિક અર્થમાં ઉતારવા નહિ. કેમકે જ્ઞાનીને લોકદૃષ્ટિ ખતમ થઈ છે, ખલાસ થઈ છે. એટલે લોકદૃષ્ટિપૂર્વક તો એમણે કોઈ લોકદૃષ્ટિકોણ રાખીને તો કોઈ વાત એમણે કરી નથી. એથી કોઈ વચનવ્યવહાર એવો હોય તોપણ, એવો લાગે કે આમાં કાંઈક લોકદૃષ્ટિની વાત આવે છે, લોકદૃષ્ટિએ વિચારવા જેવી વાત આવે છે, તોપણ જ્ઞાનીના કથનોને લોકદૃષ્ટિમાં ઉતારવા નહિ. અલૌકિક દૃષ્ટિથી એનું અર્થઘટન કરવું. અથવા અલૌકિક દૃષ્ટિ એટલે કે સ્વરૂપ અનુસંધાન થાય એ રીતે અહીંયાં અર્થ કેમ નીકળે છે એટલું જોવું. એ પ્રકારે જોવું. બહાર જવા માટે કાંઈ કહેતા નથી. અંદર જવાય એ માટે કહે છે. એટલું લક્ષમાં રાખીને અર્થઘટન કરવું યોગ્ય છે. અને તો ભૂલ થતી નથી. એ વખતે બધા શાસ્ત્રો સમજાય એવું છે. અને એ લક્ષ ન હોય તો શાસ્ત્રવચનમાં પણ ક્યાંયને ક્યાંય પરસ્પર વચનવિરોધ છે એવું ભાસે એવી પણ પદ્ધતિ છે. કથનની પદ્ધતિ એવી છે. એવા કથનપદ્ધતિના વચનો આવે છે કે પરસ્પર વિરોધાભાસ લાગે. પણ આ એક લક્ષથી જો વિચારવામાં આવે તો ક્યાંય પણ વચનવિરોધ રહેતો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રી' માટે જે ઉદ્ગારો કીધાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એમનો ઉપકાર છે એમ ઉતારવું.

સામાન્ય રીતે તત્ત્વની વાત કરનારા બધા જ્ઞાનીઓ હતા. તો કોઈપણ નવા માણસ માટે કે જૂના માણસ માટે, કોઈપણ માણસ માટે

એવા અભિપ્રાયપૂર્વક એમના વચનો અથવા એમનો સમાગમ કરવામાં આવે કે આ જ્ઞાનદશાને પ્રાપ્ત છે, અને તેથી આપ્ત છે, વિશ્વસનીય છે અને એમના વચનો દેશનાલબ્ધિ અને સંસ્કારના નિમિત્ત કારણ છે. એટલો મહિમા રાખીને સાંભળવામાં આવે તો એની કોઈ બીજી અસરથી જીવ ગ્રહણ કરે છે. અને એવી રીતે ન સાંભળવામાં આવે તો કેટલીક ઉપેક્ષા વૃત્તિથી સાંભળવામાં આવે તો એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો ત્યાં પ્રકાર ન ભજે. એટલે મુમુક્ષુઓને એટલો વિશેષ ઉપકાર કરતા ગયા છે.

એ તો આપણે ઘણીવાર એ વાત લઈએ છીએ કે 'ગુરુદેવે' શુદ્ધાત્મા બતાવ્યો, સમજાવ્યો અને સંભળાવ્યો. એ તો એમનો સીધેસીધો અનુપમ ઉપકાર છે. એ ઉપકારની કોઈ ઉપમા આપી શકાય એવું નથી. એ ઉપકાર ઉપરાંત આ એક બીજો ઉપકાર કર્યો કે આંગળી ચીંધતા ગયા કે હજી પણ પામવું હોય તો એક ઠેકાણું છે. એ વિશેષ વાત છે. નહિતર જીવ બીજા દૃષ્ટિકોણથી સાંભળે તો એને વિષયની ગંભીરતા ભાસવી જોઈએ એટલી ન પણ ભાસે. અથવા જેટલી હિતબુદ્ધિએ જિજ્ઞાસામાં આવીને સાંભળવું જોઈએ એટલું સાંભળવાનું ન બને અથવા સમાગમનું એટલું આકર્ષણ અને મૂલ્ય થવું જોઈએ એવું ન થાય અને કોઈને કોઈ પ્રકારે બહુમાન અને ભક્તિમાં ક્ષતિ ન રહે એમ કહેવા પાછળનો આશય છે.

બહુ મોટી વાત કરી છે. જીવોના હિત માટે, મુમુક્ષુજીવોના હિત માટે ગણીએ તો બહુ મહત્વની અને બહુ મોટી વાત કરતા ગયા છે. કેમકે પ્રથમ તો જીવને ઓળખાણ થવી જ મુશ્કેલ છે. એકદમ આત્માર્થી થઈને તરવાના માર્ગને શોધતો હોય, છૂટવાની વિધિને ગોતતો હોય, શોધતો હોય, ખોજ ચલાવતો હોય એવા જીવને એ જ વિષય વાણીમાં રહસ્યમય રીતે આવતો હોય એ રહસ્ય એને ત્યારે પકડાય છે અને જ્યારે એને એ રહસ્ય પકડાય છે ત્યારે એને કહેનારની અંતર પરિણતિની પણ પ્રતીત આવે છે અને ત્યારે એને ઓળખાણ થાય છે. અને ત્યારે 'ગુરુદેવ' કહેવા ધારે છે એટલો મહિમા તો ખરેખર ત્યારે આવે છે. કીધે આવતો નથી. પણ ખરેખર તો ત્યારે આવે છે. પણ આવો મહિમા આવશે જો તું યથાર્થપણે સત્સમાગમાં રહીશ તો. એમ

કહેવા માગે છે. વાત બહુ મોટી છે. સામાન્ય વાત નથી.

શું કહે છે ? કે '**ભેદજ્ઞાનથી અમૃતરસ-પીએ તો અનંતગુણધામ,..**' પોતાનું સ્વરૂપ જુદું જ્ઞાન તારવીને. છૂટું. ભેદજ્ઞાનથી એટલે એકલું જ્ઞાન, જુદું જ્ઞાન, છૂટું જ્ઞાન, માત્રજ્ઞાન. એ જ્ઞાનને પોતાના જ્ઞાનને જુદું પાડે તો અંદર આનંદ અને સ્વસંવેદનરસ છે એનો અનુભવ-આસ્વાદ થાય. આસ્વાદ થાય એ તો આસ્વાદનો વિષય રહ્યો, પણ લક્ષમાં રહેલું જે અનંતગુણધામ, જે ઠરવાનું સ્થાન એવું આત્મતત્ત્વ, જે અનંત મહિમાવંત છે, જેનામાં અનંત શક્તિ હોવાને લીધે તે અનંત મહિમાવંત છે, તે એને પ્રગટપણે અનુભવગોચર થાય. એનો પણ પ્રગટ અનુભવ થાય એમ ત્યાં કહેવામાં આવે છે. આસ્વાદ તો આનંદ અને સ્વસંવેદનનો છે. પણ સાથે સાથે હું આવો છું, અનંત ગુણધામ હું આવો છું. એવું પણ પ્રગટપણે એને અનુભવમાં આવે. એવું થાય, એ સ્થિતિએ જીવ પહોંચે એ આ સર્વ કથનનું મૂળ છે. પછી શાસ્ત્ર નાનું હોય કે શાસ્ત્ર મોટું હોય, કોઈપણ જ્ઞાનીની કે કોઈપણ આચાર્યની કૃતિ હોય, રચના હોય એ સર્વ કથનોનું તાત્પર્ય આટલું જ છે. અહીંયાં આવવા માટે બધી વાત કરી છે. તેથી એ એક જ દૃષ્ટિકોણથી તમામ શાસ્ત્રવચનોને વિચારવા જોઈએ. સમસ્ત વચનોનું અર્થઘટન એ રીતે કરવું ઘટે છે.

'**પર પરિણામને દુઃખધામ જાણી...**' પરની સાથે સંબંધ ધરાવનારા અથવા સ્વભાવ જાતિના નહિ એવા પરિણામ એ પરપરિણામ છે. પરની સાથે એકત્વ કરનારા, વિભાવ જાતિના પરિણામ, સ્વભાવજાતિના નહિ પણ વિભાવજાતિના પરિણામ તે પરપરિણામ છે. તેને દુઃખધામ જાણીને, એ દુઃખનું સ્થાન જાણીને '**પરની માન્યતા મટાડી સ્વરસનું સેવન કરવું...**' આ ભલામણ કરી છે. પરની માન્યતા એટલે પર તે હું, રાગ તે હું, દેહ તે હું, સંયોગોમાં સચેત, અચેત, સચેત-અચેત મિશ્ર એવા સંયોગોમાં મમત્વ થવું એ બધી પરની માન્યતા છે. એ માન્યતા દુઃખધામ છે. ત્યાં સુખની ગંધ પણ આવે એવું નથી. ભલે જીવ આત્માને જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે પણ ત્યાં સુખનો અંશ પણ મળે એવું નથી.

પરપરિણામ અને પરમાન્યતા એકલું દુઃખનું જ ધામ છે, દુઃખનું

ગોદામ છે, દુઃખની ખાણ છે એ તો. કેટલું દુઃખ એમાંથી ઉત્પન્ન થાય ? કે જેનો હિસાબ ન કરી શકાય એટલું દુઃખ એમાંથી ઉત્પન્ન થાય છે. આજે મટાડે, કાલે મટાડે, લાખ વર્ષે મટાડે, કરોડ વર્ષે મટાડે, અનંત કાળે મટાડે. મટાડે છૂટકો છે.

'**સ્વરસનું સેવન કરવું...**' આત્મરસનું સેવન કરવું. ભેદજ્ઞાનથી જ્ઞાનને જુદું પાડીને જ્ઞાનરસનું સેવન કરવું. જ્ઞાનરસનું સેવન કરવું એમ કહો કે આત્મરસનું સેવન કરવું એમ કહો, બધી એક વાત છે. '**સ્વરસનું સેવન કરવું અને (પોતાના) નિદાન પર (લક્ષ્ય પર) દૃષ્ટિ કરવી.**' એટલે કે પોતાનું નિદાન એટલે સ્વસ્વરૂપ એ પોતાનું નિદાન છે. એ શબ્દ આત્મસિદ્ધિમાં 'શ્રીમદ્જી'એ વાપર્યો છે. 'ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન, અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન.'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'વૈરાગ્ય આદિ સફળ જો જો સહ આતમજ્ઞાન' એક તો આત્મજ્ઞાનીના વૈરાગ્ય સફળ છે. વૈરાગ્ય આદિમાં જપ, તપ, સંયમ જે કાંઈ પૂજા, ભક્તિ જેટલા કોઈ બાહ્ય સાધન કહેવામાં આવે છે, આદિમાં બધા લઈ લેવા. એ કોને સફળ છે ? જેને આત્મજ્ઞાન છે. બીજા કોને સફળ છે ? કે જેને આત્મજ્ઞાનની પ્રાપ્તિનું નિદાન એટલે ધ્યેય છે તેને. જે પૂર્ણતાના ધ્યેયે ચડ્યો છે અને જેણે સ્વરૂપ લક્ષ કર્યું છે, અહીંયાં લક્ષ લીધું છે નિદાન. બે અર્થ એના થાય છે. નિદાન એટલે પૂર્ણતાનું ધ્યેય અને નિદાન એટલે પરિપૂર્ણ સ્વરૂપ આશ્રયસ્થાન. એને પણ નિદાન કહેવામાં આવે છે.

'વૈરાગ્ય આદિ સફળ જો જો સબ આતમજ્ઞાન, તેમ જ આતમજ્ઞાનની પ્રાપ્તિ તણા નિદાન.' આત્માની પ્રાપ્તિનું જેને નિદાન છે એના એ વૈરાગ્ય આદિ સફળ છે. એ સિવાય બાકી બધી સમજણ વગરની બાહ્ય ક્રિયા કોઈની સફળ થતી નથી. બહુ લાઈનદોરી ઘણી સીધી આપી છે. 'ગુરુદેવશ્રી'એ તો આ બધા કાવ્યો ઉપર પણ પ્રવચનો કર્યાં. 'આત્મસિદ્ધિ' ઉપરના પ્રવચનો બહુ સારા આવ્યા.

'**(પોતાના) નિદાન પર (લક્ષ પર) દૃષ્ટિ કરવી. દુઃખનું મૂળ એવા વિનશ્વર પરનું અનાદિથી સેવન કર્યું...**' છે. સ્વરસનું કોઈ કાળે એક ક્ષણ પણ સેવન કર્યું નથી. એક ક્ષણ પણ આત્મરસનું, ચૈતન્યરસનું,

આનંદરસનું સેવન કરે તો એના અનંત જન્મ-મરણના ભુક્કા બોલી જાય. એક ક્ષણમાં એટલી તાકાત છે. વસ્તુની તાકાતની તો કોઈ વાત જ થાય એવું નથી. પણ જે વસ્તુના એક ક્ષણમાત્રના અનુભવમાં જન્મ-મરણની શૃંખલા તૂટી જાય છે.

**'દુઃખનું મૂળ એવા વિનશ્વર પરનું...'** બદલતા સંયોગો, નાશ પામતા સંયોગો એ વિનશ્વર પર છે. કોઈ સંયોગો સ્થિર નથી. શરીર પણ સ્થિર નથી. સમયે સમયે પલટનહાર છે. કોઈ પરમાણુ કોઈ સમયે પર્યાયાંતર થતો નથી, રૂપાંતર થતો નથી એવો એક સમય પણ નથી. **'એવા વિનશ્વર પરનું...'** આમ તો મૂળ પદાર્થે તો કોઈ વિનશ્વર નથી. પણ એના પર્યાય તો બધા વિનશ્વર છે ને ? એવા વિનશ્વર પરનું, અન્ય પર્યાયો, અન્ય જીવ અને અન્ય પુદ્ગલની નાશ થતી પર્યાયોનું અનાદિથી સેવન કર્યું છે. એટલે એને પામવા માટે, એમાં અભેદ થવા માટે, એમાં એકમેક થવા માટે એણે અનાદિથી પ્રયત્ન કર્યો છે, એ પ્રયત્ન એને દુઃખનું મૂળ થઈ પડ્યો છે. અથવા દુઃખની ખાણમાં ધકેલી દેવામાં આ એક જ કારણ છે કે એણે પરપદાર્થને જ સેવવો છે, પરપદાર્થને જ ગ્રહણ કરવો છે અને પરપદાર્થથી એને છૂટવું પડવું નથી.

જે પરપદાર્થથી ભાવે છૂટા થતાં અને દ્રવ્યે છૂટાં થતાં નિર્વાણ અથવા મોક્ષપદ ગણવામાં આવે છે, એ જ પદાર્થથી બહારમાં વિયોગ થતાં જીવોને દુઃખ થાય છે. કેમકે એને સંયોગ જોઈએ છે. એટલે એની ઈચ્છા વિરૂદ્ધ કાર્ય થાય છે તો એને દુઃખ થઈ આવે છે કે મારું લુંટાઈ જાય છે, મારું લઈ જાય છે. જાણે પોતામાંથી કાંઈ ચાલ્યું જતું હોય એવું એને દુઃખ થઈ જાય છે.

એ અનાદિથી પરનું સેવન કર્યું. વિનશ્વર એવા પરનું અનાદિથી સેવન કર્યું તે દુઃખનું મૂળ છે. એણે દોડ લગાવી, વિનશ્વર એવા પરને શાશ્વત કરવા માટે દોડ લગાવી કે આ મારું છે અને મારાથી ખસવું જોઈએ નહિ. દેહ મારો છે અને તે છૂટવો જોઈએ નહિ. આ સંયોગો મારા છે અને તે છૂટવા જોઈએ નહિ. એ પ્રકારે એણે દુઃખમૂળને સેવ્યું છે અને **'તેથી જન્માદિ દુઃખ થયાં.'** જન્માદિ દુઃખ થયાં. જન્મ, મરણ, અશાતા, મૂંઝવણ, અસમાધાન એ બધાં અનંત પ્રકારના દુઃખ વિનશ્વર એવા પરનું સેવન કરવા જતાં ઉત્પન્ન થયા છે.

આગળ એક એવું વચન એમણે લીધું છે કે પર રુચિથી, પરની રુચિથી પરનું સેવન કરે ત્યારે એને મિથ્યાત્વ જ્વર ઉત્પન્ન થાય છે. પર રુચિથી પરનું સેવન કરતા મિથ્યાત્વ જ્વર ઉત્પન્ન થાય છે. અને એ જ્વર છે એ એને દુઃખદાયક છે.

મુમુક્ષુ :- આઠ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- આઠ ?

'**આ પરિણામભૂમિકામાં મોહ...**' પેરેગ્રાફથી લેવું છે ? '**આ પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઈ વિવેકમલ્લને જીતી જયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે. તેથી પોતાની સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી. વિવેકમલ્લનું જોર થતાં અવિવેક હણ્યો જાય. ત્યારે નિજનિધિ વિલસે, પરરુચિરૂપ ખોટો આહાર સેવતાં...**' આ પર રુચિ છે એ અપથ્ય આહાર ખાય છે. ન ખાવા યોગ્ય ખાય તો એને તાવ આવે, આવે ને આવે. આ ઉનાળો હોય છે ને ? ઉનાળામાં આંબલી ઉપર થાય કાતરા. ખાટા. છોકરાવને તો ખાટું ભાવે. છોકરવાને વધારે ભાવે. ભાવે છે એટલે કેટલું ખાય એનો કોઈ મેળ નહિ. રુચિથી ખાય એટલે પછી તો વિશેષ જ ખવાય ને. આવે પછી બરાબર. કેમ આટલો બધો તાવ આવ્યો ? તો વૈદ્ય એમ કહે કે ભાઈ આંબલી ઉપર ચડી ગયા લાગે છે. ત્યારે તો કાંઈ ખબર પડે નહિ. .. આંબલી હોય. આંબલીયા થાય છે. ઈમલી-ઈમલી કહે છે ને ? ખાટી.

એ '**પરરુચિરૂપ ખોટો આહાર સેવતાં...**' એ જે પરરુચિ છે એ ખોટો આહાર છે. એનું સેવન એટલે એનો અનુભવ કરે છે ત્યાં એને ઠીક પડે છે. પરરુચિ. કુતુહલ કરે છે ને ? એ પરરુચિ છે ને ? ઠીક પડે છે. ત્યાં એનો સમય નિર્ગમન થાય છે. એને મિથ્યાત્વ જ્વર આવે છે. મિથ્યાત્વનો તાવ એને આવ્યા વગર રહે નહિ. આમ છે. એમ કેમ કહ્યું ? એ પરિણામ એટલું બધું તો કષાયવાળું નથી દેખાતું. દેખાય છે ? પરરુચિમાં...

જ્યારે જીવ કુતુહલ કરે છે કોઈ પરપદાર્થને વિષે, ત્યારે એ કોઈ બીજી ઉપાધિની અંદર ઘેરાયેલો તો નથી હોતો. ત્યારે તો એને બીજો ફંદ કુતૂહલનો સૂઝે છે. તો એ સમયમાં એને પોતાના અનંત ગુણધામ

આત્માની ઉપેક્ષા ન થાય એ એક મહત્વનો વિષય છે.

ઘરમાં અરિહંત પરમાત્મા કે સિદ્ધ પરમાત્મા બિરાજમાન હોય એની સામું ન જુએ અને બારણે જોયા કરે. કોણ ટ્રાફિકમાંથી આવે છે અને જાય છે, કોણ આવ્યું અને ગયું ? કોણ આવ્યું અને કોણ ગયું ? પણ એ તો આખો દિવસ ચાલવાનો જ છે ટ્રાફિક. રસ્તા ઉપર જોયા કરે તો પોતપોતાના કામે નીકળેલા મનુષ્ય અને ઢોર તો આખો દિવસ આવાગમન કરવાના જ છે. હવે તારે ભગવાન સામે જોવું નથી અંદર બેઠેલા અને કુતૂહલથી કોણ ગયું અને કોણ આવ્યું, કોણ ગયું અને કોણ આવ્યું. પણ હવે એ તો એમ ને એમ જ ચાલવાનું છે. તું જોતા થાકી જઈશ. ટ્રાફિક બંધ રહેશે નહિ. પણ એ બહુ ગંભીર ભૂલ છે.

જે પરમાત્માની ઉપેક્ષા થાય છે, ભેદજ્ઞાનનો અવસર છે, બાહ્ય નિવૃત્તિ મળી તો અંતર નિવૃત્તિનો સદ્‌ઉપયોગ કરવા જેવો છે. ઉપયોગને ભેદજ્ઞાનના પ્રયત્ન અને પુરુષાર્થમાં લગાવવા જેવો છે. અને એ રીતે પોતાના નિજ પરમાત્માની અપેક્ષા કરવા જેવી છે, એના બદલે ઉપેક્ષા થાય છે. એટલે મિથ્યા જ્વર આવ્યો. અને મિથ્યાત્વ જ્વર આવ્યો ત્યાં વિવેક એનું જ્ઞાન છે એમાં એ વિવેકને ખોઈ બેસે છે.

**'ત્યારે વિવેક નિર્બળ બન્યો. તેથી સ્વ-આચારરૂપ પારાને...'** જુઓ ! હવે આ પારાની દવા છે એ એક એવી દવા છે, બહુ રાસાયણીક પ્રક્રિયા છે અને બહુ મોટું દર્દ દેખાતું હોય, જબરજસ્ત દર્દ દેખાતું હોય, જો લાગુ પડે-પારો લાગુ પડે તો મટી જાય. શરીરમાં પાણી ભરાણા હોય, એમ કહે છે વૈદો, એનો સોજો આવે, પગ હાથી જેવો થઈ ગયો હોય પણ જો પારાની ભસ્મ એને આપે એટલે ગણતરીના દિવસોમાં માણસ રોગને જોઈને ભડકે એ રોગ એકદમ નોર્મલ દશામાં જોવામાં આવે.

અહીંયાં કહે છે કે એ સ્વરુચિ છે **'તેથી સ્વ-આચારરૂપ પારાને શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી (શુદ્ધ કરી) તેનું સ્વન કરે...'** આ બધી વૈદકના જ્ઞાનની ઉપમા સાથે સાથે આપે છે. આ જડીબુટ્ટી આવે છે ને જંગલમાં ? એને પારાની સાથે આપો. પુટ આપો. સ્વ આચાર છે તે પારો છે, સ્વરૂપ આચારણ તે પારો છે. તે સ્વરૂપ આચરણને કોનું પુટ આપવું ? શ્રદ્ધરૂપી બુટ્ટીનું પુટ આપવું. શ્રદ્ધાના જોરથી એને

ઘસારો આપવો.

**'તો વિવેકમલ્લ, મિથ્યાજ્વર મટાડી સબલ થઈ અવિવેકને પછાડે,...'** અનાદિની જે મિથ્યાત્વની ગાંઠ પડી છે, મોહની અને અજ્ઞાનની નિબિડ ગાંઠ છે એને ખલાસ કરે. **'ત્યારે આનંદ નિધિનો વિલાસ (સ્વયં) થાય. સ્વઆચાર શું ? શ્રદ્ધા કઈ રીતે થાય ? તે કહેવામાં આવે છે :-'** એ રીતે ફેરવી ફેરવીને અધ્યાત્મ ભાવોને સ્પષ્ટ કર્યા છે. ભલે વિષય તેનો તે છે પણ એના પડખાં ઘણા છે, એમાં મૂળ ઘણાં છે, એમાં ભાવ ઘણા છે. એ અનેક શબ્દો દ્વારા એને સ્પષ્ટ કરે છે અને વ્યક્ત કરે છે. તેનું તે છે એટલે કંટાળો લાવવા જેવું નથી. પણ તેનું તે છે એમાં ઘણી નવીનતાઓ છે અથવા એમાં આત્મહિત થાય એવું ઘણું ઘણું વૈભવયુક્ત, આત્મવૈભવયુક્ત નિધાન ભરેલું છે એ રીતે એને જોવા જેવું છે.

મુમુક્ષુ :- આ ગ્રંથ જ એવો છે કે કોઈપણ પેરેગ્રાફ લઈએ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગમે તે પેરેગ્રાફથી ઉપાડો, ગમે ત્યાંથી કોઈપણ પાનું ખોલીને વાંચવાનું શરૂ કરો એટલે એમાં અનુભવરસ ભર્યો છે. આ એક ગ્રંથની વિશેષતા છે. એ વાત સાવ સાચી છે.

મુમુક્ષુ :- રસ જળવાતો હોય એવું જ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મેં તો કેટલીવાર વાંચ્યો છે એનો હિસાબ નથી. ટ્રાવેલિંગમાં તો હંમેશા હું આ જ રાખું. મારી પાસે હોય. ગમે તે પાનું ખોલો. એક પેરેગ્રાફ ઉપર તમે એના ઊંડાણમાં જાવ એટલે કલાકો ક્યાં નીકળી જાય એ ખબર પડે નહિ. એટલો બધો (રસિક વિષય છે). અધ્યાત્મનો ગ્રંથ છે ને ! એવી જરૂર નહિ કે ગમે ત્યાંથી વાંચો તો વિષય અધૂરો લાગે. એવી જરૂર નહિ કે એની લિંક મેળવવી પડે. આગલું-પાછલું પહેલા વાંચો પછી પાછું સરખું ચાલે. એમ નહિ. ગમે તે પાનું ખોલીને ચલાવો. મંથન બરાબર ચાલે. આત્મચિંતન, મંથન ચલાવો તો બરાબર ચાલે. એવો આ સુગમતાવાળો ગ્રંથ છે. નાનો પાછો નાનો ગ્રંથ છે. હેન્ડી છે. એમ નથી કે મોટું થોથું હોય તો ક્યાં લઈને ફરવું ?

મુમુક્ષુ :- 'ચિદ્વિલાસ' જે ગ્રંથ છે એમાં જરાક સૂક્ષ્મ વાત છે, એ આમ સૂક્ષ્મ પડે છે અને 'અનુભવપ્રકાશ'...

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ પડે અને એમાં શું છે કે સિદ્ધાંત વિષય મુખ્ય છે. 'ચિદ્વિલાસ'ની અંદર સૂક્ષ્મ સિદ્ધાંતિક વિષય મુખ્ય છે અને અહીંયાં અનુભવનો વિષય મુખ્ય છે.

મુમુક્ષુ :- .. આમાં જરા વધારે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ વધારે અનુકૂળ પડે. જેને અધ્યાત્મની રુચિ હોય એને આ વધારે અનુકૂળ પડે. રુચિને પોષણ મળે એવો ગ્રંથ છે. પેલો સિદ્ધાંત વિષયક ગ્રંથ છે. જેને વસ્તુ સ્વરૂપના સિદ્ધાંતો વિચારવા હોય, સૂક્ષ્મ સિદ્ધાંતો છે જરૂર, એના માટે એ ગ્રંથ ઘણો ઊંચો અને ઘણો સારો છે. પણ જેને રસ લેવો હોય (એને માટે તો આ ગ્રંથ વિશેષ ઉપયોગી થાય એવો છે). વિચારણામાં જાવું એક વાત છે અને રસ લેવો બીજી વાત છે. વિચારણામાં તો શું છે કે અનિર્ણયની દશામાં વિચારણા થોડી વિચારણાની જગ્યા છે. થોડી નિર્ણયની સ્થિતિ હોય તો રસ લેવાનું વિશેષ કાર્યકારી છે. એટલે પોતાને શું અનુકૂળ પડે છે એ પોતાએ વિચારી લેવું જોઈએ.

**'દુઃખનું મૂળ એવા વિનશ્વર પરનું અનાદિથી સેવન કર્યું...'** આ જીવે શું કર્યું છે ? અને કેમ એને અત્યાર સુધીમાં અનંત જન્મ-મરણ અને અનંત દુઃખ થયા ? અશાતાના દુઃખ તો એટલા બધા ખુલ્લા ઇન્દ્રિયજ્ઞાનથી સમજાય એવા દુઃખ છે, દેખાય એવા દુઃખ છે કે એને જોઈને ખબર પડે, હોસ્પિટલની મુલાકાત લે તો. એમાં પણ આ જે હાડકા ભાંગેલા હોય છે ને ? ઓર્થોપેડિક વોર્ડની જો મુલાકાત લે તો ત્યાં શું હોય છે ? મોટા ભાગે એક્સીડન્ટના કેસ આવે છે. એક્સીડન્ટમાં આઘાત થાય છે. ભાઈને રાખ્યા હતા 'જયપુર'ની ઓર્થોપેડિક મોટી હોસ્પિટલ છે. એટલે ઘણા બેડ હતા વોર્ડની અંદર. આઘાતની અંદર માનસિક આઘાત ઘણો લાગ્યો હોય. એટલે દિવસો સુધી તો માણસ બડબડતા હોય છે. ભાન ન હોય અને બોલ.. બોલ.. બોલ.. કરતા હોય છે આઘાતને વશ. અને જરાક આમ એને અડાય નહિ. પગ ભાંગી ગયો હોય અને સહેજ અંગુઠાને અડે ત્યાં રાડ નાખે. એટલી હાડકાની પીડા જરા વિશેષ હોય છે. એવા ન જોઈ શકે એવા અશાતાના દુઃખ ક્યાંથી ઉત્પન્ન થયા ? કે અજ્ઞાન અને મોહથી જીવે વિનશ્વર એવા પરનું સેવન કર્યું તેનાથી થયા. બીજું કોઈ કારણ નથી. પોતાનું જ કારણ છે.

એવા '**જન્માદિ દુઃખ થયાં. હવે નરભવમાં સત્સંગથી તત્ત્વવિચારનું કારણ મળ્યું,...**' જુઓ ! જાણે નવી જ લાઈન શરૂ કરતા હોય. કોઈ પણ ભૂમિકાના, નવી ભૂમિકાના જીવને, કે ભાઈ ! આ તારો ભૂતકાળ છે, આ સર્વ જીવોનો ભૂતકાળ છે. કોઈ એક જીવને અનુલક્ષીને આ વાત નથી. દૃષ્ટાંત ગમે તે હોય. સર્વ જીવોનો પોતાનો ઈતિહાસ જ આ છે કે અનંત દુઃખ એણે ભોગવ્યા. હવે આ મનુષ્યભવ આવ્યો. નરભવ એટલે મનુષ્યભવ. નરભવ એટલે પુરુષ એકલું નહિ.

હવે આ મનુષ્યભવ મળ્યો. સત્સંગથી જ્યાં સત્‌નો પ્રકાશ થાય એવો સંગ તે સત્સંગ છે. સત્ પ્રગટ થાય, સત્‌ની પ્રાપ્તિ થાય, જ્યાં સત્‌ની વિચારણા હોય એવો જે સત્સંગ, એના સંગથી તત્ત્વવિચારનું કારણ મળ્યું. તારા નિજતત્ત્વના વિચારનું કારણ તને મળ્યું. કારણ એટલે નિમિત્ત મળ્યું. ભાઈ ! જે અત્યાર સુધી જે પરિણામ કર્યા એ તો બધા એકલા દુઃખદાયક પરિણામ કર્યા. હવે જો તારે દુઃખથી મુક્ત થવાની ખરેખરી ભાવના હોય તો આ સત્સંગ તને ઉપકારી છે. જો એ ભાવનામાં ન આવ્યો હોય તો સત્સંગ પણ નિષ્ફળ જતા વાર લાગશે નહિ.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી' સત્સંગની વાત કરી, આમાં પણ જગ્યા જગ્યાએ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિષય એ છે. મુમુક્ષુને બીજી શું પરિસ્થિતિ છે ? અનાદિથી રઝળતો, આથડતો, ભટકતો જીવ એને બીજો આધાર શું છે ? પોતાની મેળે જો મળી જતો હોય તો તો અનંતાને મળી ગયો હોત. પણ એ વસ્તુ સ્થિતિ નથી. 'એહી અનાદિ સ્થિત. પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.' સ્થિત એટલે વસ્તુસ્થિતિ એ છે. દેશનાલબ્ધિ વિના કોઈને અંતરનો માર્ગ મળતો નથી. એવો જીવનો એક નિમિત્ત નૈમિત્તિક સ્વધર્મ છે. એ જીવની વસ્તુસ્થિતિ છે, એમ કહેવું છે.

'**હવે નરભવમાં...**' એટલે અત્યારે લઈ લેવું. નરભવ એટલે અત્યારે. હવે અત્યારે '**સત્સંગથી તત્ત્વવિચારનું કારણ મળ્યું,...**' નિજતત્ત્વને વિચારવાનું નિમિત્ત મળ્યું '**તો પછી શા માટે અનાદિના ભવસંતાનની બાધાના કરનાર પરભાવને સેવીએ ?**' જ્યારે એ

સત્સંગમાં એમ કહેવામાં આવ્યું કે પરનું સેવન કરતાં તને જન્માદિ દુઃખ થયાં તો એવા અનાદિની ભવસંતાન એટલે ભવની પરંપરા, સંતાન એટલે એક પછી એક પછી એક થયા કરે એ પરંપરા ચાલ્યા કરે એને ભવસંતાન કહે છે. પરિણામ સંતતિ કહે છે ને ? એક પછી એક પરિણામ થાય છે એટલે એને પરિણામ સંતતિ કહેવામાં આવે છે, તો અનાદિથી જે ભવોની પરંપરા થાય છે અને અનેક બાધા એટલે દુઃખને ઉત્પન્ન કરે છે, એવા પરભાવને શા માટે સેવીએ ? અથવા એની રુચિ શા માટે કરીએ ? થઈ જાય બીજી વાત છે અને રુચિથી કરવા તે તદ્દન બીજી વાત છે. પોતે રુચિથી કરે તે બીજી વાત છે અને થઈ જાય તે તદ્દન બીજી વાત છે.

**'જેનાથી આ અખંડિત, અનાકુલ, અવિનાશી, અનુપમ (અને) અતુલ આનંદ થાય તે જ ભાવ કરીએ.'** બે વચ્ચે આટલો મોટો તો ફેર છે. એક ભાવ પરભાવનું સેવન અનંત દુઃખનું મૂળ અને એથી વિરુદ્ધ સ્વભાવિક ભાવ કરે તો જેમાંથી અતુલ આનંદ થાય. ખંડિત ન થાય, આકુળતા ન થાય, નાશ ન થાય, જેની કોઈ ઉપમા આપી શકાય નહિ અને જેને કોઈથી તોળી શકાય નહિ. અતુલ. જેની કોઈ બરાબરી ટર્મ ન હોય. બરાબરી કરી શકાય એવી કોઈ વાત હોય નહિ. એકેય રીતે. આનાથી આટલું તો વધારે એમ પણ નહિ અને બરાબર પણ એમ પણ નહિ. આ આટલું અને પછી આનાથી વધારે આ. એવી કોઈ વાત જગતમાં નથી. મનની શાંતિ પછી આત્માની શાંતિ તો મનની શાંતિની આટલી ડિગ્રી, ૨૫ ડિગ્રી અને આત્માની શાંતિ ૧૨૫ ડિગ્રી. નહિ. એવી ઉપમા પણ લાગુ પડતી નથી.

**'જેનાથી આ અખંડિત, અનાકુલ, અવિનાશી, અનુપમ (અને) અતુલ આનંદ થાય તે જ ભાવ કરીએ.'** પેલા ભાવ શા માટે કરીએ ? આમાં શું છે ? મૂલ્યાંકન છે. કેટલો લાભ અને કેટલું નુકસાન એ જો સમજણથી બરાબર તેની સમજણ સાચી સમજણ આવે તો પરિણામ સાચી દિશામાં આપોઆપ લાગે અને ખોટી દિશામાંથી છૂટી જાય. અને નહિતર કોઈ રીતે અનાદિની જે ગાંઠ પડી છે એને વિંટળાઈને જે પરિણામ થાય છે એ છૂટી શકે એવું નથી.

ઉપર વાત આવી ને કે **'ભેદજ્ઞાનથી અમૃતરસ-પીએ...'** પણ

ભેદજ્ઞાન થતું નથી એનું શું કરવું ? આ પ્રશ્ન થાય એવો છે. જે છૂટવું મુશ્કેલ છે એનું કારણ છે કે જે એનું મૂલ્યાંકન આવવું જોઈએ, કિંમત આવવી જોઈએ, અનંત દુઃખનું કારણ અને અનંત સુખનું કારણ બે જાતિના પરિણામ છે. આ પરિણામથી અનંત દુઃખ, આ પરિણામથી અનંત સુખ. અનંત સુખ એટલે સાક્ષાત્ સિદ્ધપદની પ્રાપ્તિ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો.' એવી જે સ્થિતિ એ કોઈ નાનું-સુનું કામ તો નથી. મોટું કામ છે અને મોટા કામ પ્રારંભ પણ એટલા જ જોરથી, એટલો જ મોટો મહિમા આવીને થાય તો જ પ્રારંભ થાય અને નહિતર બીજી રીતે એની શરૂઆત પણ થઈ શકતી નથી.

જે જે જીવો સંસારનો ઉન્માર્ગ છોડીને સમ્યક્ માર્ગમાં પ્રવેશ જે જે જીવોએ કર્યો છે તે તમામ જીવોએ બહુ જોરથી પ્રવેશ કર્યો છે અને આગામી કાળમાં પણ એ જ પરિસ્થિતિ છે. આનો પ્રવેશ એવો છે કે એટલું જોર આવ્યા વિના એ પ્રવેશ થતો નથી. જે પક્કડ ઊંધી છે એને છૂટવા માટે એટલું જોર આવ્યા વિના બીજો કોઈ મિથ્યાત્વની પક્કડમાંથી છૂટવાનો ઉપાય નથી. એટલે અધ્યાત્મના કેટલાક વચનો ઘણા એવા વજનવાળા આવે છે, એટલા વજનવાળા આવે છે કે કોઈવાર તો એમાં સિદ્ધાંતજ્ઞાનવાળાને મુંઝવણ થઈ જાય. સિદ્ધાંતજ્ઞાન સમજ્યો હોય પણ અધ્યાત્મનો વિષય જે રીતે ઘડ બેસવી જોઈએ એ રીતે ન બેસે તો એને એમ થાય કે આમ કેમ કહે છે ? કે ચૌદે ગુણસ્થાન જીવના નથી એમ કહે. જે જીવ ઉપર વજન લઈ જવું છે, જેને જીવતત્ત્વ તરીકે આશ્રયસ્થાનમાં લેવું છે એને ગ્રહણ કરવા માટે એમ કહે કે ચૌદે જીવસ્થાન, ચૌદેય માર્ગણાસ્થાન, ચૌદે ગુણસ્થાન જીવના નથી. જીવ કોઈ બીજી ચીજ છે. એમ કરીને લઈ લે.

ચૌદે ગુણસ્થાન તો અરિહંતનું ગુણસ્થાન આવી ગયું. ચૌદ ગુણસ્થાનમાં. સયોગી કેવળી અને અયોગી કેવળી એને અજીવમાં નાખ્યા. શેમાં ? અજીવના સ્થાનમાં નાખ્યા. એવું જીવતત્ત્વ કોઈ છે. એનાથી પર છે, એનાથી કોઈ બીજું છે એમ લઈ લેવું છે. એ વિષય 'નિયમસાર'માં લીધો કે ચારેય ભાવોને અગોચર છે. ક્ષાયિકભાવ છે એની અંદર. ચાર ભાવમાં ક્ષાયિકભાવ છે. ચારેય ભાવાંતરોથી તે

અગોચર છે એવો કારણપરમાત્મા છે. એમ કરીને વાત લીધી છે.

એટલે એટલું વજન ક્યારે જાય ? એવું પોતાનું આશ્રય સ્થાન છે એના ઉપર વજન ક્યારે જાય ? આ વિચારવા યોગ્ય છે. એને પોતાનો અનંત દુઃખનો ભૂતકાળ દેખાય. ચલચિત્રની જેમ. પિક્ચર જોવે એવી રીતે. અહીંથી ગયો... અહીંથી ગયો... અહીંથી ગયો... અહીંથી ગયો... 'શ્રીમદ્જી' માટે એમ કહેવાય છે. સાત વર્ષે એમને જાતિસ્મરણ જ્ઞાન થયું ત્યારે અનેક ભવોનું જ્ઞાન થયું. માત્ર પાછલા ભવનું જ્ઞાન નથી થયું પણ અનેક ભવોનું એમને જ્ઞાન થયું. પણ એમણે વાત બહુ ખોલી નથી. લોકો બીજી રીતે બહુ ચોંટી પડે, વળગી પડે, ચમત્કાર જાણીને. એટલે ઘણું ગોપવી નાખ્યું. તો એમણે સત્સંગથી પોતે માર્ગને ભૂતકાળમાં કેમ પામ્યો હતો, કેવા વૈરાગ્યમાં આવીને પામ્યો હતો એ પણ એને દેખાયું અને ક્યાં ક્યાં કેવી રીતે ભૂલ કરીને આખડ્યો હતો અને દુઃખી થયો હતો, કેવા કેવા દુઃખ ભોગવ્યા હતા એ પણ દેખાણું.

જ્યારે એમની વિચારણા શરૂ થઈ, સાત વર્ષે જાતિસ્મરણ થયું, પણ વિચારણા તો બાર વર્ષ પછી લગભગ શરૂ થઈ હોય, શરૂઆત થઈ હોય એવું લાગે છે. પંદર વર્ષે તો એ વિચારણા પરિપક્વ સ્થાન, પરિપક્વ વિચારની ધારા હોય એવી વિચારણા એમની જોવામાં આવે છે. રાત્રી વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, ભાવનિંદ્રા ટાળીને સુપ્રભાત થયું ભાવનિંદ્રા ટાળો. ત્યાંથી શરૂઆત કરી છે એમણે. મોહનિંદ્રા ટાળો. એ જે સ્થિતિ હતી ત્યારે એમ સંભળાય છે કે સર્વસંગ પરિત્યાગ કરીને એકાંતે આત્માને જ સાધવા માટે પરિવારથી છૂટા થઈ જવાની માગણી નાની ઉંમરમાં એમના માતા-પિતા પાસેથી લીધી હતી. એમ સંભળાય છે. એ લોકોએ રજા ન આપી. અને પોતાનું પણ એટલું બળવાનપણું નહિ. પણ વિચારણામાં એ વિષય આવી ગયો હતો. એટલે એમનો જે વૈરાગ્ય છે એ ત્યારથી ઉત્પન્ન થયેલો.

તોપણ.. આટલી વિચારધારા, આટલા સંસ્કાર પૂર્વના, આટલો ઉઘાડ, એટલી નિર્મળતા (હતી તોપણ) ચોવીસ વર્ષે અનુભવનો પત્તો લાગ્યો. એવો વિષય છે. જેના પ્રારંભમાં આ પરિસ્થિતિ છે. જેને સર્વોચ્ચ પદ સિદ્ધપદ હાંસલ કરવું છે એને તો એની કેટલીક કિંમત આવે અને કેટલો એ પાછળ લાગી પડે. પૂરી શક્તિથી, પૂરેપૂરો પાછળ

લાગે ત્યારે કાંઈક એને અંદર અવકાશ થાય એવું છે. માર્ગનો અવકાશ થાય એવું છે. માર્ગ મળવો તો હજી આગળની વાત છે પણ માર્ગ માટે કાંઈક અવકાશ થાય એવું, જગ્યા થાય એવું હોય તો એક વખત તો એ પૂરેપૂરો પાછળ પડી જાય ત્યારે. બાકી તો બીજો કોઈ એની અંદર ઉપાય છે નહિ.

મુમુક્ષુ :- કેટલો બધો પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું છે કે બીજે રુચિનો પથારો છે એટલે એટલો બધો... એટલો બધો.. એમ લાગે. એમ લાગ્યું કે આ જ છે એ બીજું શું કરવા (કરે) ? એની પાછળ કેમ ન લાગે ? જ્યારે સોનાની ખાણ દેખાડે પછી ઉકરડામાં આળોટવા કોણ જાય ? સીધી વાત છે ને ? એ તો જ્યાં દુર્ગંધમાં પણ સુગંધ લાગે છે ત્યાં સુધી તો બીજો ઉપાય નથી. પણ ખરેખર જ્યાં આત્મા નંદનવન છે, અનંત શાંતિ ભરી છે અને પોતે પોતાને જેને એમ કહે કે સ્વવશનો વિષય છે, પોતાના સ્વવશનો વિષય છે, કોઈ પરાધીન વિષય નથી એવું લાગે પછી શા માટે પાછળ ન પડે ?

મુમુક્ષુ :- બધી ..

પૂજ્ય ભાઈશ્રી :- પહેલામાં પહેલો મુદ્દાનો વિષય હોય (તો આ છે). એટલા માટે આ વાત લીધી છે કે અનંત જન્માદિ દુઃખ થયા, હવે અનંત સુખની પ્રાપ્તિનું નિમિત્ત પણ મળ્યું છે. તારી શક્તિ પણ વિચાર કરવાની બરાબર પરિપક્વ શક્તિ છે તારી પાસે. સાધન પણ છે. માલ છે અને માલ ખરીદવાના પૈસા પણ છે. હવે તારે લેવું ન લેવું એ તો તારા વિવેકનો વિષય છે. બીજું કાંઈ નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સબ અવસર આ ચૂકા હૈ. 'ગુરુદેવ' કહેતા ને સબ અવસર આ ચૂકા હૈ.

**'તો પછી શા માટે અનાદિના ભવસંતાનની બાધાના કરનાર, પરભાવને સેવીએ ? જેનાથી આ અખંડિત, અનાકુલ, અવિનાશી, અનુપમ (અને) અતુલ આનંદ થાય તે જ ભાવ કરીએ.'** આ સામેસામી સરખામણી સુખ-દુઃખની લીધી છે. આ સરખામણી વિચારની ભૂમિકમાં યથાર્થ રીતે, સાચી રીતે ન થાય તો પછી આ

માર્ગમાં તો એકેય ડગલું આગળ વધવાનો પ્રશ્ન રહેતો નથી. ગ્રંથ પૂરો કરતા કરતા પણ મુળ મુદ્દો સ્પષ્ટ કરતા જાય છે.

**'જે ભાવને મનોહર જાણી મોહ કરે છે...'** જે પરભાવને. ભાવ એટલે અહીંયાં સ્વભાવ નહિ. પણ જે પરભાવને **'મનોહર જાણી મોહ કરે છે...'** અથવા જે ભાવો એને સારા લાગે છે. જે ભાવોમાં એને રહેવું ગમે છે. આત્મિક ભાવો સિવાયના સંસારના જે કોઈ પરિણામ છે, શુભાશુભ કોઈપણ પરિણામ છે. ચાલો, અશુભ નહિ ને શુભ તો કરીએ છીએ, ભક્તિના ભાવ તો કરીએ છીએ, આ તો કરીએ છીએ. જે પરભાવને **'મનોહર જાણી મોહ કરે છે તે પોતાના આત્માના જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે છે.'** પોતાની ઠગાઈ કરે છે. બીજું કાંઈ આમાં થાતું નથી. જ્યાં સુખ નથી, આનંદ નથી, શાંતિ નથી ત્યાં એણે ઠીકપણું માન્યું, ઠગાઈ ગયો છે. પોતે જ પોતાથી ઠગાઈ ગયો છે. વિશેષ લઈશું...

પરમગુરુ શ્રી તીર્થંકર સર્વજ્ઞદેવ અને નિર્ગ્રંથ ગુરુ ભાવલિંગિ સંત - આ બે પદ ઉપદેશકનાં છે. અંતરબાહ્ય દશાને લીધે તેઓનો ઉપદેશ અને દશા બંન્ને અવિરોધપણું પામે છે. તેમ જ્ઞાની ધર્માત્મા જાણે છે, પોતે માર્ગ જોયો હોવાથી ધર્માત્મા નીચેના ગુણસ્થાનેથી માર્ગ (જિજ્ઞાસુને) દર્શાવે છે. પરંતુ ઉપદેશકપણું કરતા નથી. તો પછી જે મુમુક્ષુ હજી માર્ગથી અજાણ છે, ને જે હજી ઉપદેશ લેવા પાત્ર છે, તે ઉક્ત મર્યાદાના અજ્ઞાનને લીધે ઉપદેશક થઈ વર્તે તો, સ્વચ્છંદી થઈ, પોતાને મોટું નુકસાન કરે તે નિઃસંદેહ છે. વિદ્વાન વક્તાએ નુકસાનથી બચવા માટે આ વાત ગંભીરતાથી વિચારણીય છે.

(અનુભવસંજીવની - ૧૦૦૯)

## તા. ૧૬-૪-૧૯૮૬, પાના નં. ૮૫, પ્રવચન નં. ૧૫૧

**'જે ભાવને મનોહર જાણી મોહ કરે છે તે પોતાના આત્માને જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે છે. સકલ જગતચરિત્ર જૂઠું જ બન્યું છે, તે મોહથી જાણતો નથી.'** શું કહે છે ? જગતમાં જે પ્રકાર ચાલી રહ્યો છે, વર્તી રહ્યો છે, જેઓને ખબર નથી કે પોતે જ્યાં સુખ જાણીને હોંશ કરે છે, રસ લે છે, મનને સારું લાગે છે એવા પ્રસંગમાં ઠીક લાગે છે એટલે મોહ કરે છે, મોહ કરે છે એટલે ઠીક લાગે છે, એ ખરેખર ત્યાં દુઃખી થતો હોવા છતાં સુખી થતો હોવાનો અનુભવ કરે છે. વાસ્તવિકપણે દુઃખી થતો હોવા છતાં સુખી થવાનો અનુભવ કરે છે. અજ્ઞાનથી પોતે પોતા વડે ઠગાય છે.

ખરેખર આત્માને શાંતિ કે સુખ ઊપજતું હોય અને તૃપ્તિ થતી હોય તો તો ત્યાં એને કાંઈક મળે છે, શાંતિ મળે છે, સુખ મળે છે. પણ અતૃપ્તિ મળે છે, આકુળતા મળે છે અને છતાં એમાં સુખની કલ્પના કરે છે. તે જૂઠી અવિદ્યા એટલે જૂઠા અજ્ઞાનથી, કાલ્પનિક વિનોદ વડે, કલ્પનાના સુખ વડે ઠગે છે. જેમ નાના બાળકને કહે કે જો હું તને હસાવું છું. એમ કરીને ખડખડ હસે. કાંઈ હસવાનું કારણ હોતું નથી. કારણ વગર જ એક ફાલતુ ચેષ્ટા હોય છે. એવું જ અહીંયાં ખરેખર સુખનું, શાંતિનું, કોઈ કારણ આનંદનું કોઈ કારણ નહિ હોવા છતાં એવી એક કલ્પના કરવામાં આવે છે. વસ્તુ સ્વરૂપના પરિણમનથી જોવામાં આવે તો જીવ અને અજીવને તદ્દન ભિન્નતા છે. જગતની અંદર જેટલા સુખના કારણો, સુખના સાધનો, સુખના પ્રસંગો જે કાંઈ છે તે આખા જગતનું ચારિત્ર જૂઠું જ બન્યું છે, એમ કહેવું છે. સર્વત્ર. એક વચનમાં આખું જગત આવરી ગયું છે.

**'સકલ જગતચરિત્ર જૂઠું જ બન્યું છે,...'** કોઈ એમ કહે કે અમે સારા કપડા પહેરીએ તેથી અમને સુખ થાય, કોઈ એમ કહે કે અમે કોઈ સારા રત્નજડીત દાગીના પહેરીએ તો સુખ થાય. કહે છે કે એ બધી કલ્પનામાત્ર છે. આખું જગતનું ચરિત્ર જૂઠું જ બન્યું છે. એ બધું જૂઠે

જૂઠ છે. જ્ઞાનીની દૃષ્ટિમાં કહેવાતા સુખી અથવા પોતાને સુખનો અનુભવ કરતા દેખાતા જીવો એ વખતે હોંશ, ઉત્સાહમાં દેખાય છે ને ? સુખમાં દેખાય છે, એ જ્ઞાનીની નજરમાં દુઃખી દેખાય છે. નજરનો ફેર છે. એને એ દુઃખી જોવે છે કે આનાથી આ સુખ માને છે. કલ્પના માત્ર સુખની કરે છે. આ વખતે પણ દુઃખી છે અને આના ફળમાં પણ એ દુઃખી જ છે.

એવા સુખના, માનેલા સુખના પ્રસંગમાં જીવ જે કાંઈ પ્રકારે રસ લે છે એ એક એને ખરેખર ઝેર ચડે છે અને ખબર પડતી નથી એના જેવી વાત છે. ઉંઘમાં કોઈ ઝેરી પ્રાણી કરડી જાય ત્યારે ઝેર ચડે અને ખબર ન પડે, પણ જ્યારે વેદના શરૂ થાય ત્યારે ખબર પડે. એમ એવા હોંશના પ્રસંગમાં જ્યારે જીવને ઝેર ચડે છે એની ખબર રહેતી નથી. પાછળથી એની એને ખબર પડે છે, એનું ફળ આવે છે ત્યારે.

મુમુક્ષુ :- મુનિને કેવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- જગતમાં કોઈ સુખી હોય તો મુનિ જ છે. બીજું કોઈ સુખી નથી. એગંત સુહી મુનિ વીતરાગી. એ એક જ સુખી છે. રાજા, શેઠિયા, સગવડતાવાળા, પૈસાવાળા, માનવાળા, પદવીવાળા, અધિકારવાળા બધાય પૂરી ઉપાધિથી ઘેરાયેલા, દુઃખના ડુંગરામાં, ઉપાધિના ડુંગરામાં દટાયેલા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વાસ્તવિકતા તપાસવી. આપણે પણ ક્યાંક તો છીએ. ભલે ઓછા-વત્તા પ્રમાણમાં પણ ક્યાંક તો છીએ. તો ત્યાં દુઃખ કેટલું છે એ વિચારવા જેવું છે. કેમકે જેને બહારમાંથી સુખ લેવું છે એને જગતના અનેક પદાર્થોને પોતાની ઈચ્છાને અનુકૂળ પરિણમાવવા (છે). બરાબર છે ? આ તો વાસ્તવિકતા છે. આમાં કાંઈ દલીલ ચાલે એવું છે ? હવે અનેક પદાર્થોને અસંખ્ય પરમાણુ, અનંત પરમાણુ, અનેક જીવોને પોતાની ઈચ્છા અનુસાર પરિણમાવવા એ વાત કેટલી શક્ય છે ? અને એ ઈચ્છા અનુસાર પરિણમતા નથી એની ઉપાધિ એને આવ્યા વિના રહે નહિ. આ આમ ચાલવા જોઈએ એમ ચાલતા નથી, આ આમ ચાલવા જોઈએ એમ ચાલતા નથી. નજીકમાંથી લઈએ, પરિવારમાંથી લઈએ, સગાસંબંધીમાંથી લઈએ, મિત્રો, સમાજમાંથી, પોતાના

સમાજમાંથી લઈએ (તો) આ જીવની ઈચ્છાને અનુકૂળ કેટલા ચાલે છે ? કાગળ, પેન્સિલ લઈને બેસી જાવ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અનુકૂળ ચાલે ત્યારે કેટલા ચાલે છે એનો હિસાબ-કિતાબ મૂકવો. જ્યારે અનુકૂળ ચાલે છે ત્યારે મૂકવો. એટલે ખ્યાલ આવી જશે કે કેટલા અનુકૂળ ચાલે છે. જ્યારે અનુકૂળ ચાલતા દેખાયને ત્યારે હિસાબ મૂકવો આપણે. અને અનંત પરમાણુમાંથી કેટલા પરમાણુ ચાલે છે ? આ શરીરના પરમાણુથી માંડીને બીજા સંયોગો છે (એમાંથી કેટલા ચાલે છે ?)

શાસ્ત્રમાં એ સિદ્ધાંત એક લીધો છે કે કોઈને પૂરું પુણ્ય હોતું નથી. પુણ્યની પૂર્ણતા નથી. પવિત્રતાની પૂર્ણતા છે. પુણ્યની પુણ્યતા કોઈને નથી. અત્યારે તો જો કે કાળ જ ઊંધો છે. પણ જે દિ' પુણ્યકાળ હતા ત્યારે પણ કોઈને પૂરું પુણ્ય નથી હોતું. અત્યારે તો એક સાંધે ને તેર તૂટે એવું હોય છે. કેવું ? એક સાંધે અને તેર તૂટે. એવી પરિસ્થિતિ હોય છે. પણ અમસ્તું જગતની અંદર કોઈને પૂરું પુણ્ય હોતું નથી. એટલે એને જે અધૂરાશ લાગે છે એમાં કેટલી અધૂરાશ લાગે છે ? કે એની ઈચ્છા પાસે તો અનંતમે ભાગે અનુકૂળ ચાલે છે.

આ પરિસ્થિતિમાં જીવ પોતાની ઉપાધિનો વિચાર કરે, આ મને અનુકૂળ છે એ પણ ઉપાધિ છે. પ્રતિકૂળમાં તો જીવ ઉપાધિ સમજી શકે એવી વાત છે કે પ્રતિકૂળતામાં અણગમો ઊભો થાય છે. પણ અધ્યાત્મના પ્રકરણમાં તો મને આ અનુકૂળ છે એ જીવનો ઉપાધિ ભાવ છે. જ્ઞાતા-દ્રષ્ટા નિરુપાધિકસ્વભાવી એવો જીવ, એને માત્ર જ્ઞાતાપણે રહેવું એ નિરૂપાધિક ભાવ છે અને આ અનુકૂળ છે એ કલ્પના થવી એ એને ઉપાધિ ભાવ છે. હિસાબ કેવી રીતે કરશે ? એ ઉપાધિ છે એને.

એટલે જ્યાં ઉપાધિમાં સુખ મનાય છે એ સોજાને તંદુરસ્તી માનવા બરાબર છે. શરીરમાં સોજો આવે ત્યારે તંદુરસ્તી માનવા બરાબર છે. ભલેને રોગ હોય પણ અમે તંદુરસ્તી માનીએ છીએ ને. માન. પરિસ્થિત બગડવાની છે. એમાંથી પરિસ્થિતિ સુધરવાની નથી. કોઈ એમ કહે, ભલે જ્ઞાનીઓ અમને દુઃખી કહે. ચાલો. કોઈ એમ કહે, ઉપેક્ષા કરે કે જ્ઞાનીઓ ભલે દુઃખી કહે, ભગવાન પણ ભલે દુઃખી કહે.

જ્ઞાનીઓ કહે કે ભગવાન કહે એક જ છે. અમે તો મજાના સુખી છીએ. કહે છે કે એ સોજાને તંદુરસ્તી માની છે, રોગને તંદુરસ્તી માની છે એનું ફળ સારું આવવાનું નથી. એ પરિસ્થિતિ આખી એવી હદે પહોંચશે કે તને આ સમજાવું સહેલું પડશે નહિ.

એક બીજો ચોખ્ખો હિસાબ છે કે કોઈપણ અનુકૂળ અથવા ઇષ્ટ માનેલા પદાર્થનો વિયોગ થાય છે ત્યારે માણસને દુઃખ થાય છે. જેમકે પૈસા જાય છે ત્યારે દુઃખ થાય છે, પરિવારમાંથી કોઈ જાય છે ત્યારે દુઃખ થાય છે. થાય છે કે નહિ ? એમાં એનું કારણ તપાસે. શું કરવા થયું ? કોઈને થાય તો થાય છે ? બીજાની એ પરિસ્થિતિ ઉપર દુઃખ થાય છે ? પોતાને થાય છે એનું કારણ પોતે તપાસે કે મને શા માટે થયું ? કે એના સંયોગમાં જે આ મને ઠીક છે, આ છે તો મને ઠીક છે એની સચેત કે અચેત પદાર્થની હયાતીમાં જે મીઠાશ લીધી છે, એ ત્યારે જ ઝેર ખાધું છે. રસ લઈ લીધો છે ત્યારે તો ઝેર ખાધું છે. પણ ત્યારે મીઠાશની કલ્પનામાં એને કડવાશ નહોતી દેખાતી. આ છે તો ઠીક છે એના વિયોગમાં એને એના જ પ્રમાણમાં દુઃખ ઉત્પન્ન થયા વિના રહેવાનું જ નથી.

જે સંયોગથી સુખની મીઠાશ લીધી છે એ જ સંયોગનો વિયોગ નિશ્ચિત છે અને એનું દુઃખ પણ નિશ્ચિત છે. આ જે હકીકત છે, આ જે સત્ય છે એને દૂર કરી શકાય એવું નથી. એને જ્ઞાનદૃષ્ટિ સિવાય, અનુભવમાં આવ્યા સિવાય બીજી કોઈ રીતે દૂર કરી શકાય એવું નથી. પોતાની રીતે તો દૂર કરી શકાય એવું છે જ નહિ કે મારે સુખ જોઈએ આવું, પણ મારે એકલું સંયોગનું સુખ જોઈએ પણ વિયોગનું દુઃખ ન જોઈએ એમ કોઈ કહે તો એમ નહિ ચાલે. સિવાય કે સંયોગમાં કે વિયોગમાં પણ તું એક જ જ્ઞાનદૃષ્ટિએ રહી શકે તો. બીજો કોઈ એનો ઉપાય નથી. લૌકિક માર્ગે એનો કોઈ ઉપાય નથી. અલૌકિક પારમાર્થિક માર્ગે જ એનો એકમાત્ર ઉપાય છે, બીજો એનો કોઈ ઉપાય નથી.

એટલે '**જે (પર)ભાવને મનોહર જાણી મોહ કરે છે...**' હોંશ કરે છે, રસ લે છે તે તે જ કાળે પોતાના આત્માને ઠગે છે અને આ રીતે આખું જગતનું જે ચરિત્ર ચાલે છે, જગતના જીવો જે પરિણમે છે એ જૂઠું જ બન્યું છે. એની સમજણ જીવને મોહને લઈને થતી નથી. એ

સમજવું જે છે, એ પ્રકારની જે સમજણ છે, જ્ઞાનદૃષ્ટિથી જોવાની જે પદ્ધતિ છે એ કેમ નથી જીવને ? કે મોહને લીધે નથી. એની કલ્પનાને લીધે નથી.

'**જો સ્વરસસેવન** (કરે) **તો પરપ્રીતિની રીતિ રંચ પણ ન ધારે,...**' શું કહે છે ? કે એક વખત પણ જો આત્મા પોતાના સ્વરૂપના અમૃતરસનું સેવન કરે, શાંત નિરાકુળ રસનું સેવન કરે, અનુભવ કરે '**તો પરપ્રીતિની રીતિ...**' પરપદાર્થની પ્રીતિ કરવી, પરપદાર્થ પ્રત્યે પ્રીતિ કરવી, મોહ કરવો સુખ માનવું એવી રીતિ જરાય ન કરે. કેમકે એમ કરવા જતાં એને પ્રત્યક્ષ દુઃખની ઉત્પત્તિ જોવામાં આવે છે. પરપ્રીતિ થતાં દુઃખ ઉત્પન્ન થાય છે, ઉપાધિ આકુળતા ઉત્પન્ન થાય છે, એ રીત એને સમજાય જાય છે. અંદરમાં પોતાના અનાકુળ આનંદ શાંતરસની રીત પણ એને સમજાય જાય છે. સુખનો અને દુઃખનો અનુભવ બંને તાત્ત્વિક રીતે એની સમજણમાં છે, તેથી તે ઊલટી રીતને પછી ધારણ કરતો નથી. '**પરપ્રીતિની રીતિ રંચ પણ ન ધારે,...**' જરાય ન ધારે. ઉત્સાહે કરીને, હોંશ કરીને, ઇચ્છાએ કરીને ન ધારે.

એકવાર થોડા વખત પહેલા જ 'પૂજ્ય બહેનશ્રી' સાથે પ્રશ્ન ચાલ્યો હતો કે ચક્રવર્તીઓને અને બધાને વૈભવ ઘણો હોય છે. લોકો એમ સમજે છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી. સમ્યગ્દૃષ્ટિ પણ છે અને બહારમાં સુખી પણ છે. જ્ઞાની પણ છે અને બહારની અંદર બધા પ્રકારનું સુખ પણ છે. તો એમને એ સુખ છે ને ? સુખી છે કે નહિ એ ? યુદ્ધ કરે તોપણ એમને એવો બંધ ન થાય, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં તિર્યંચ અને નરકગતિનો બંધ પડે એવો બંધ એમને પડે નહિ. કેટલી સગવડતા ! અને કરતા જોવામાં આવે છે. ભાઈ ! એ દૃષ્ટિથી એમને જોવા જેવા નથી, એ દૃષ્ટિથી એમની મુલવણી થાય એવું નથી. એ આવી પડેલી વાત છે.

જેમ કોઈ ઉત્સર્ગ-પરિષહ આવી પડે છે તો એના માટે પ્રયત્ન કરે છે ? ઉત્સર્ગ-પરિષહ આવી પડે છે અને એ વેદવો પડે છે. એમ આ પુણ્યનો ઉદય આવી પડેલો અનુકૂળતાની દૃષ્ટિએ વેદતા નથી પણ જેમ તેમ કરીને પૂરું કરવાની દૃષ્ટિએ વેદે છે. એમ છે ખરેખર. બહુ સારો દૃષ્ટિકોણ છે.

એમનો અંતરંગ દષ્ટિકોણ શું છે ? જ્ઞાનીને અનુકૂળતા થઈ તો એનો અંતરંગ દષ્ટિકોણ શું છે ? કે આવી પડેલી વાત છે. જોઈએ છે એ વાત નથી. પણ માથે આવી પડેલું છે એ જેમ તેમ પૂરું કરવાની વાત છે. અંદરમાં તો એમને પોતાનું સ્વરૂપ સાધવું છે તે એકમાત્ર ધ્યેય છે અને એકમાત્ર કામ છે. બીજું કોઈ ધ્યેય કે બીજું કોઈ કામ છે નહિ.

જગતના જીવોને સંયોગોની પ્રાપ્તિ કરવી, સંયોગની જાળવણી કરવી, સંયોગોમાં રુચિ કરવી એ એકમાત્ર ધ્યેય છે અને મોક્ષમાર્ગે ચડેલા જીવને-ધર્માત્માને એક આત્મહિત પરિપૂર્ણ શુદ્ધ થવું એ એક જ એનું ધ્યેય છે. આત્મકાર્ય કરવું અને એમાં પૂર્ણ થવું એ એક જ ધ્યેય છે. બેના ધ્યેયમાં મોટો ફેર છે. એટલે બંનેના પરિણમનની ચાલની અંદર મોટો ફેર છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને... પુણ્ય અને પાપના ઉદય...

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમાં આવે. પુણ્યના અને પાપના બેય પ્રકાર ઉદયમાં આવે છે અને બેય આવી પડેલા છે. પૂર્વકર્મને હિસાબે બંને આવી પડેલા છે. બંનેમાંથી એકેયની પણ ચાહના હોય તો તે જ્ઞાની નથી. એવી ચાહના અજ્ઞાની અજ્ઞાનપણે કરે છે ત્યારે એ ચાહના કરે છે નહિ પણ ખરેખર ઝેર ખાય છે. એમ છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિપણામાં બીજાં બીજાં ભાવો ન થઈ જાય એની જાગૃતિ રાખવી એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદષ્ટિપણામાં તો જીવને પરિણામ ઉપર કંટ્રોલ નથી. એટલે એને મિથ્યાદષ્ટિપણું મટાડીને સમ્યગ્દષ્ટિપણું કેમ થાય એ રસ્તો પકડવો જોઈએ. મિથ્યાદષ્ટિ રહીને એ પરિણામ ઉપર નિયમન કરી શકશે એમ નહિ બની શકે. કેમકે જાગૃતિ, જ્ઞાનની જાગૃતિ તો તે છે કે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું. એ જ જ્ઞાનીની જાગૃતિ છે. બીજા પરિણામને આવવા ન દઉં એવી જાગૃતિથી પરિણામ ન બીજા આવે એવું બનતું નથી. કેમ ? કે પૂર્વકર્મનો ઉદય છે અને એની સાથે જોડાયા પછી તો એને ખબર પડે છે કે મને આ પરિણામ થયા. પરિણામ થયા પહેલા ખબર નથી પડતી. થઈ ગયા પછી અસંખ્ય સમયનો ઉપયોગ છે. અસંખ્ય સમયે છદ્મસ્થને ખબર પડે છે, કેવળી તો છે નહિ કે સમય સમયની ખબર પડે.

એટલે આ પરિણામને ન આવવા દઉં એ મિથ્યાદૃષ્ટિ નહિ કરી શકે. એવી જાગૃતિ થઈ શકતી નથી કે રહી શકતી નથી કે હોઈ શકતી પણ નથી. પણ જે જીવ 'હું જ્ઞાનમાત્ર છું' એમ જાગૃત છે એને સહેજે બીજા પરિણામ રોકાય જાય છે અથવા થાય તો અરસપણે ઉત્પન્ન થાય. પૂર્વકર્મને લઈને પૂર્વકર્મના ઉદયમાં અશક્તિવશ જોડાણ થાય તો અરસપણે થાય. એમ જાગૃતિ છે. કારણ કે સમ્યગ્જ્ઞાન એ જ એક એવું જ્ઞાન છે કે જેને કષાય ઉપર એ કંટ્રોલિંગ વાલ મૂકી દીધો છે. મર્યાદિત થઈ ગયા છે. અનંતાનુબંધીનો તો ગયો પણ બાકીની પણ જે ત્રણ જાત રહી એમાં કંટ્રોલ છે, પોતાને જાગૃતિ છે.

એટલે તો કહ્યું કે '**જો સ્વરસસેવન** (કરે)...' પોતાના સ્વરૂપનું અનુભવન કરે, શાંતરસનું, આત્મરસનું, ચૈતન્ય અમૃતરસનું સેવન કરે '**તો પરપ્રીતિની રીતિ...**' અમૃત પીએ એ ઝેર પીવા કેમ જાય ? થોડું પીવે કે નહિ ? કે રંચ પણ ન કરે, રંચ પણ ન ધારે. કોઈ એમ કહે કે આ ઝેર છે. ચાખવું હોય તો ચાખજો. ખાવા જેવું તો નથી. ચાખે ખરો ? કેવુંક હશે ? જરા જોઈ તો લઈએ. ઝેરના પારખા ન હોય.

'**(અને) અનંતમહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે (પોતારૂપ) અનુભવે.**' પરપ્રીતિની રુચિ તો ન ધારે પણ અનંતમહિમા ભંડારને-પોતાનું નિજ સ્વરૂપ જે અનંત મહિમાનો ભંડાર છે, જેનો મહિમા તોળ્યો તોળી શકાય એવો નથી. 'સોગાનીજી'એ એક વાત લીધી છે કે એક બાજુ મારો આત્મા છે, ત્રાજવાના એક પલ્લામાં મારો આત્મા છે અને બીજા પલ્લામાં આખું જગત છે. મારું પલ્લું બેસી જાય છે. ઓલું તો ઉલ્રી જાય છે. આખું જગત જેના ઉપર બેઠું છે એ પલ્લું છે એ ઉલાળી મૂક્યું છે. એટલો પોતાને પોતાના અનંત મહિમાના ભંડારનો મહિમા છે.

'**અનંતમહિમાભંડારને...**' આમ કહે કે ભગવાનથી કોઈ ઊંચું નથી. જેણે જે ભગવાનને માન્યા હોય. સર્વજ્ઞને ઓળખે એની તો બીજી વાત છે. પણ જેણે જે ભગવાનને માન્યા છે. ભગવાનથી કોઈ જગતમાં ઊંચું નથી. પણ આ તો નિજ ભગવાનની જ વાત છે. એનાથી કોને ઊંચું ગણવાનું રહ્યું ? પોતે જ સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ છે. સિદ્ધની મૂર્તિ જ અંદરમાં પોતે છે. એનું વજન કેટલું ? કે એની પાસે

કોઈનું વજન આવવાનો પ્રશ્ન રહેતો નથી.

એવા '**અનંતમહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે (પોતારૂપ) અનુભવે.**' જ્ઞાનચેતનામાં જ્ઞાનથી પોતાના નિજજ્ઞાનથી અનંતમહિમાભંડારને નિજસ્વરૂપને અનુભવે, પોતારૂપે અનુભવે, પોતાપણે અનુભવે. અને '**જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું. એવો નિશ્ચય ભાવનામાં કરે તો તે તરે ને તરે જ.**' જુઓ! આ મોક્ષમાર્ગનો પ્રેક્ટિકલ છે. મોક્ષમાર્ગી જીવને પરિણમનનો પ્રયોગ શું ચાલે છે ? બહુ ટૂંકી ભાષામાં અને છતાં એકદમ સચોટ વાત મૂકી છે.

આ '**જે જે ઉપયોગ ઊઠે છે...**' બધું જ્ઞાનમયપણે છે. જે ઉપયોગ ઊઠે છે એ જ્ઞાન પોતાને વેદતું ઉત્પન્ન થાય છે, પોતાને વેદતું ઉત્પન્ન થાય છે-પોતાને અનુભવતું ઉત્પન્ન થાય છે. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. '**જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું.**' હું છું એટલે એમાં સ્વપણું આવ્યું. '**એવો નિશ્ચય ભાવનામાં કરે...**' એટલે એવો નિશ્ચય, એવું દઢપણું એકાગ્રતાથી કરે તો તે જીવ તરે ને તરે જ. આમાં નહિ તરવાનું ક્યાંય કારણ રહેતું નથી. એ તરે ને તરે જ. એ તરતો જ છે. એ જીવ સમયે સમયે તરતો જ છે. એ તરતો જીવ તરી ગયો. એ તરતો છે એ બૂડતો નથી.

જેને તરતા આવડે છે. તરતો તરતો જે કિનારા નજીક આવે છે. મોજથી પાણીમાં (તરે છે) એમાં પ્રશ્ન શું કે એ પાણીમાં કેમ છે ? એ તો તરે છે. જેને તરતા આવડે છે, પાણીમાં જે તરે છે અને તરીને કિનારા બાજુ આનંદથી આવતો જાય છે. એ પાણીમાં કેમ છે, એ કાંઈ પ્રશ્ન છે ? એ તો તરતો છે. તરતો છે અને તરી ગયેલો જ એને જોવામાં આવે છે.

આ એક વાક્ય બહુ સારું લીધું છે. એકદમ મોક્ષમાર્ગી જીવનું પરિણમન એક્ઝેટ શું છે એ વાત અહીંયાં લીધી છે. '**જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું.**' જ્ઞાનમયપણે જે જીવન છે, સ્વસંવેદનમયપણે જે પરિણમન છે એનો અહીંયાં ચિતાર છે. એક જ વાક્યની અંદર આખી વાત મૂકી દીધી છે. એ એમને પોતાનું સામર્થ્ય છે, અનુભવનું સામર્થ્ય છે, કહેનારનું. '**જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું એવો નિશ્ચય ભાવનામાં કરે તો તે તરે ને તરે જ.**' એ નહિ તરવાનો પ્રશ્ન રહેતો નથી. એ ક્યાંય

બંધાતો નથી. પોતાના ઉપયોગમાં પોતાના સ્વરૂપમાં પોતાપણું જ અનુભવમાં દૃઢ થાય છે, વિજ્ઞાનઘનપણે થતો જાય છે આત્મા, એ તરે ને તરે જ. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની એવી ભાષા આવી છે કે આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. ઘનિષ્ટ પરિણમન થતું જાય છે. તે તરે ને તરે જ.

**'અનાદિનો વિચાર કરે. અનાદિથી પરમાં પોતાને જાણી દુઃખ સહ્યું.'** આ વિચાર કરવો અને સાથે સાથે એના ભૂતકાળનો એ વિચાર કરે. અનાદિ એટલે ભૂતકાળમાં જે ચાલી ગયેલો કાળ છે. એ **'અનાદિનો વિચાર કરે.'** તો અનાદિથી આ જીવે પણ એક જ કાર્ય કર્યું છે. જે-તે અન્ય પદાર્થો સંયોગમાં આવ્યા, પરપદાર્થોનો સંયોગ થયો તેમાં પોતાને જાણીને દુઃખ સહ્યું છે. એ પદાર્થ ન તો કદી એના થયા છે, ન તો કદી થવાના છે. ભૂતકાળનો વિચાર કરે તો કયો પદાર્થ પોતાનો થયો છે અત્યારે ? આ પહેલાના ભવમાં કુટુંબ હતું એમાંથી કોણ અત્યારે છે ? એવા અનંત કુટુંબો થયા એમાં કોણ છે ? બીજા અનંત સંયોગો થયા એમાં કોણ છે ?

અનંત પદાર્થોમાં અનંત કાળથી સચેત-અચેત પદાર્થોમાં અનંત વાર તીવ્ર રસે કરીને મમત્વ કર્યું, દુર્ગતિ પામ્યો, દુઃખી થયો, દુઃખ સહ્યું. એ દુઃખ સહ્યું એનું શું સાર્થકપણું છે ? માણસ એમ કહે કે અમે આટલું આટલું તમારા માટે કર્યું, હવે કાંઈક તમે અમારા માટે તો કરો. એમ કહે છે ને ? તો તેં પરપદાર્થ માટે અનંતું દુઃખ સહ્યું. શું સાર્થકપણું છે અત્યારે ? હવે અત્યારે પરપદાર્થ માટે મમત્વ કરીને ગમે તેટલું કર એનું ભવિષ્યમાં શું સાર્થકપણું રહેશે ? કાંઈ નહિ. જેમ એ અનંત કાળનું નિરર્થક ગયું એમ આ કાળનું પણ નિરર્થક જશે. એમ કહ્યું.

**'અનાદિનો વિચાર કરે. અનાદિથી પરમાં પોતાને જાણી દુઃખ સહ્યું. હવે શ્રી ગુરુએ એવો ઉપદેશ કહ્યો છે તેને સત્ય કરી માનતાં જ શ્રદ્ધાની મુક્તિનો નાથ થાય છે, માટે ધન્ય છે સદ્‌ગુરુને જેમણે ભવ-ગર્ભમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો.'** ગુરુને વચ્ચે લીધા. એમની શૈલી છે. પહેલેથી એ શૈલી આવે છે. શરૂઆતમાં છે ને એ. બહુ શરૂઆતથી એ લેતા આવ્યા છે. શ્રીગુરુ કરીને વાત લે છે. ... એમના પ્રસાદથી માર્ગને પામ્યો. શ્રીગુરુએ માર્ગને સુગમ કર્યો છે. એ વાત છે.

મુમુક્ષુ :- એમના પ્રસાદથી પામ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એમના પ્રસાદથી હું માર્ગને પામ્યો છું. સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે. સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે. ત્યાંથી લીધું છે. પોતાને ખ્યાલ છે ને. માર્ગ શોધવા માટે જે મહેનત કરી છે, દુર્ગમ માર્ગ આટલો સુગમ છે એ શ્રીગુરુના નિમિત્તે ખ્યાલમાં આવ્યું છે.

હવે શ્રીગુરુએ એવો ઉપદેશ કહ્યો છે એના ઉપર એક પદ છે. બનતા સુધી 'ભગવતીદાસજી'નું હશે. '**ભૈયા જગવાસી તૂ ઉદાસી હવૈ કૈ જગતસૌં; એક છ મહિના ઉપદેશ મેરો માનુ રે;...**' શ્રીગુરુ કહે છે કે હે ભાઈ ! બહુ મીઠી જબાન છે. '**ભૈયા જગવાસી...**' હે જગતના વાસી ભૈયા ! તું જગતથી ઉદાસ થઈને, જગતની ઉપેક્ષા કરીને, જગતની દરકાર છોડીને. જગતની એટલે તારા સંયોગની. જગત એટલે તારું જગત છે એ મર્યાદિત છે. જેમ ... છે, જેના ઉપર તારી દૃષ્ટિ પડી છે, જેમાં મમત્વ કર્યું છે.

તેનાથી '**એક છ મહીના ઉપદેશ મેરો માનુ રે;...**' એક છ મહિના જરાક ખસી જા તું. વધારે તને કહેતો નથી. પછી તો કહેવું નહિ પડે એમ કહે છે. પહેલાં છ મહિનાની વાત છે. પછી નહિ સમજાવું પડે કે તારું હિત ક્યાં છે અને તારું અહિત ક્યાં છે. એ સમજાવું પડશે નહિ. પહેલાં એક છ મહિના તારા તમામ સંયોગથી અને સાવધાનીના જેટલા સ્થાન અને સ્થળ છે એમાંથી સાવધાની ઉઠાવી લઈને એને ઉદાસ થવું એમ કહે છે. એ ઉપાધિથી અંદરથી ઉપયોગને નિવૃત્ત કરીને '**એક છ મહીના ઉપદેશ મેરો માનુ રે;...**' છ મહિના માટે મારી વાત સાંભળ.

'**ઔર સંલ્પવિકલ્પકે વિકાર તજિ,...**' આ તો વધુમાં વધુ લિમિટ મારી છે. જ્ઞાન અને વીર્યના ઉઘાડવાળા જીવને તો છ મહિના પણ લાગતા નથી. એ તો ઘણો મંદ હોય, જ્ઞાનમાં મંદ હોય, પુરુષાર્થમાં મંદ હોય એને છ મહિના લીધા છે. બાકી જરાક તેજીવાળો છે એને તો સાવધાની છૂટતા જ અંદરમાં વિકાસ થતા વાર લાગતી નથી. છ મહિના તો એ ઘણો ભૂલ્યો હોય એની વાત છે. ઘણો અત્યંત. ...

'**ઔર સંકલ્પવિકલ્પકે વિકાર તજિ,...**' એટલે એમ કે અત્યારે જે સમજણનો ઉઘાડ અને પુરુષાર્થનો ઉઘાડ છે એના માટે તો પંદર દિ'

મહિનો બસ છે. એમ ગણો તો. ખાલી એટલો જ ટાઈમ દેવાનો છે. આમ માણસ એમ કહે કે ભાઈ, એને છોકરા ભણતા હોય તો કહે બાર મહિને એક મહિનાનું વેકેશન આપો. ચાલુ કામમાંથી નિવૃત્તિ જોઈએ છે. ભણતરની ઉપાધિમાંથી. સરકારી નોકરી કરતો હોય તો કહે એને રજા આપો. બાર મહિને દોઢ મહિનાની રજા આપો. વેપારી વેપાર કરતો હોય તો એ મજૂરને રજા લેવી ગમતી નથી. કેમકે એની રુચિ એટલી બધી પડી છે કે બારેબાર મહિના હોમાયેલો રહે છે. પણ છતાં કોઈ લહેરીલાલા હોય તો એમ થાય કે ચાલો ઉનાળો છે, હિલસ્ટેશન ઉપર ચાલ્યા જઈએ. મહિનો-પંદર દિ' કુટુંબ-પરિવાર સાથે.

હવે અહીંયાં એમ કહે છે કે તારા જગતમાંથી પંદર દિ'-મહિનાનું વેકેશન તો લ્યે. એક વખત ભૂલી જા બધાને. જુદો પડીને એક આત્મહિત ખાતર બધી ઉપાધિ(થી દૂર થઈ જા). ક્ષેત્રથી દૂર જાય તો ઉપાધિ દૂર કરે નહિ. આ તકલીફ છે. બહારમાં નિવૃત્તિ લે. પણ ઉપાધિની બખોલમાં સલવાયેલું માથું હોય. માથું છૂટું થાય નહિ. કામ શું કરે ? માથામાં બધું ભર્યું હોય એ ઉપાધિમાંથી નિવૃત્ત થયા વિના, ઉદાસ થયા વિના એની કિંમત કાઢી નાખ્યા વિના, છોડી દીધા વિના કોઈ રીતે એને ઉપદેશની અસર લાગે નહિ.

'**ઔર સંકલ્પવિકલ્પકે વિકાર તજિ, બૈઠિકેં એકાન્તમન એક ઠૌર આનુ રે.**' એક જગ્યાએ આવ. ઠૌર એટલે સ્થાન. એક એવી જગ્યાએ આવ. અંદરમાં, હોં ! કે તમામ પ્રકારના સંકલ્પ-વિકલ્પ વિકાર તજીને એકાંતમને એક બાજુ બેસ. જ્યાં તારું સ્વરૂપ છે, જ્યાં તારું જ્ઞાન છે. બીજું બધું તને ન સમજાય પણ જ્ઞાન તો સમજાય એવી ચીજ છે. ભલે અત્યારે તને સુખ નથી, શાંતિ નથી પણ જ્ઞાન તો છે, છે ને છે જ. અને એ જ્ઞાનમાં સુખનો સાગર ભરેલો છે. શાંતિનો સાગર ત્યાં છે.

'**બૈઠિકેં એકાન્તમન એક ઠૌર આનુ રે. તેરા ઘટ સર તામૈં તૂ હી હૈ કમલ તાકૌ, તૂ હીં મધુકર હવૈ સુવાસ પહિચાનુ રે;...**' તારા ઘટમાં, અંદરમાં, તારા અંતરમાં એક શાંત જળની સરીતા છે. નદિ. શાંતજળની નદી છે. તેમાં તારું એક કમળ છે અને એ કમળનો તું જ ભમરો છો. એ તું તારી સુવાસને લે. મધુકર એટલે ભમરો. તારી સુવાસને ઓળખીને તારામાંથી તારી સુવાસને તું લે. તારામાં શાંતરસની સરીતા છે. એમાં જ

પરિણમનરૂપી કમળ છે, એનો જ ભ્રમર થઈને એમાં જ એકાગ્ર થઈને તારી સુવાસને, શાંત સુવાસને તું ગ્રહણ કર. એક લીટીમાં તો કેટલું નાખ્યું !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- છે એક પદ છે.

મુમુક્ષુ :- સમયસાર નાટકનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક. 'સમયસાર નાટક' 'બનારસીદાસ'નું છે.

**'તેરો ઘટ સર તામૈં તૂ હી હૈ કમલ તાકૌ, તૂ હી મધુકર હવૈ સુવાસ પહિચાનુ રે; પ્રાપતિ ન હૈ હૈ કછુ એસૌ તૂ વિચારતુ હૈ, સહી હવૈ હૈ પ્રાપતિ સરૂપ યૌંહી જાનુ રે.'** અજીવદ્વાર. જે 'સમયસાર'ની ૩૯થી ૬૮ ગાથાનો અધિકાર છે-અજીવદ્વાર. **'પ્રાપતિ ન હૈ હૈ કછુ એસૌ તૂ વિચારતુ હૈ,...'** તને એમ લાગે છે, તું એમ વિચારે છો કે મને કાંઈ પ્રાપ્તિ નથી હું શું કરું ? મને કાંઈ પ્રાપ્તિ તો થઈ નથી. ધર્મની પ્રાપ્તિ તો મને, શાંતિની પ્રાપ્તિ તો થઈ નથી.

**'પ્રાપતિ ન હૈ હૈ કછુ એસૌ તૂ વિચારતુ હૈ, સહી હવૈ હૈ પ્રાપતિ...'** ત્યાં જ પ્રાપ્તિ થવાની જગ્યા છે. **'સરૂપ યૌંહી જાનુ રે.'** એવું તું સ્વરૂપ જાણ કે તારામાંથી જ તને તારી પ્રાપ્તિ થાય છે. જ્યાં પ્રાપ્તિ નથી થઈ એવું લાગે છે ત્યાં જ પ્રાપ્તિ થવાની જગ્યા છે. અસ્તિ પકડાવે છે. **'હૈ કછુ એસૌ તૂ વિચારતુ હૈ, સહી હવૈ હૈ પ્રાપતિ...'** તે જ પ્રાપ્તિ છે. તારું હોવાપણું વિચાર તે જ પ્રાપ્તિ છે. તારા હોવાપણાનું અવલોકન કર એ જ પ્રાપ્તિ છે. બીજી કોઈ પ્રાપ્તિ નથી. જ્ઞાનમયપણે તારી હયાતીનું અવલોકન કર એ જ તારી પ્રાપ્તિ છે. બીજી કોઈ પ્રાપ્તિ નથી. આટલી જ પ્રાપ્તિ છે. એક ..માં તો કેટલું નાખે છે ! આવો ઉપદેશ શ્રીગુરુએ કહ્યો છે. એમ કહેવું છે. 'બનારસીદાસ'નું પદ ઉદ્ધરણ કર્યું છે.

**'એવો ઉપદેશ શ્રીગુરુએ કહ્યો છે. તેને સત્ય કરી માનતાં જ...'** એના ઉપર વિશ્વાસ મૂકતા જ, એને સાચું માનતા **'શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે,...'** શ્રદ્ધાથી. જ્યાં શ્રદ્ધા પ્રગટ કરે, પોતાના સ્વરૂપની શ્રદ્ધા થાય (ત્યાં) ત્રણ લોકનો નાથ થયો. શ્રદ્ધાએ તો ત્રણ લોકનો નાથ થયો. દીનતા ચાલી જાય છે. નિજ સિદ્ધપદની શ્રદ્ધા છે એમાં શ્રદ્ધાએ

ત્રણ લોકનો નાથ છે અને શ્રદ્ધાએ કોઈ પ્રકારે દીનતા નથી. ચારિત્રની વાત નગણ્ય છે, ગણવા યોગ્ય રહેતી નથી. મુનિને નવ કોટીએ બધા પચખાણ હોય છે. એ ચારિત્ર અપેક્ષાએ છે. સમ્યગ્દ્દષ્ટિને શ્રદ્ધાએ બધું જ નવ કોટીએ છે. એક પોતાનો આત્મા જ શ્રદ્ધામાં છે અને બાકી બધું નવ કોટીએ ત્યાગ છે. એવી શ્રદ્ધા હોય છે.

મુમુક્ષુ :- મુક્તિનો નાથ થયો તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાથી તો થાય છે. એમ કીધું.

બહારમાં એમ જ કહેવાય છે. જેની જ્યાં શ્રદ્ધા હોય છે એ એનો આત્મા ગણવામાં આવે છે. જ્યાં જેને શ્રદ્ધા છે તે તેને સુખ મળવાનું ઠેકાણું છે અને તે તેનો આત્મા છે. સુખ તો આત્મામાંથી મળે છે ને ? ઊંધાઈમાં એમ જ છે. જ્યાં એણે સુખનું ઠેકાણું કલ્પ્યું છે, નિશ્ચય કર્યો છે એ જ એનો આત્મા છે, એ એનું સર્વસ્વ છે.

**'શ્રીગુરુએ એવો ઉપદેશ કહ્યો છે તેને સત્ય કરી માનતાં જ...'** સત્ય કરીને માનતા એટલે વિશ્વાસ લાવીને શ્રદ્ધા કરે. તર્ક-કુતર્ક કરીને અટકે નહિ. તર્ક-કુતર્ક કરીને અટકે નહિ. વિચારણાની પદ્ધતિ સવળી કઈ છે ? કે નિર્ણયની દિશામાં પ્રયત્ન કરે. જે કાંઈ શાસ્ત્ર વચન, સત્પુરુષના વચન (છે) એને સત્ય માનીને નિર્ણયની દિશામાં પ્રયત્ન કરે તો ઠેકાણે વાત આવે. એ તર્ક-કુતર્ક, વિતર્ક કર્યા કરે તો કોઈ દિવસ એ વાત એને પલ્લે પડે નહિ.

મુમુક્ષુ :- ગુરુના વચનમાં શંકા કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- શંકા કરે તો પોતે ક્યાંયનો ક્યાંય ચાલ્યો જાય.

નિર્ણયની દિશામાં પ્રયત્ન કરે. વિચારવાની પદ્ધતિ કેવી હોય... એ (બહેનશ્રીનાં વચનામૃત-૪૦૬) છે. **'જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છો. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.'** મૂળ સ્વરૂપની શ્રદ્ધા કરવાની છે ને ? અત્યાર સુધીમાં જે કાંઈ કર્યું એમાં તેં એકત્વ માનીને દુઃખી થયા સિવાય બીજું કાંઈ કર્યું નથી. અને એવી એકત્વની માન્યતાના એક જ કારણે તારું અનંત કાળનું પરિભ્રમણ છે. તો જે ધરી છે, પરિભ્રમણની જે ધરી છે એ એકત્વની માન્યતા છે. અને એ ધરી છે એ પણ તારા મૂળ સ્વરૂપમાં તો નથી. એના અભાવસ્વભાવે છે. અને આ જે શુભાશુભ ભાવો થઈ રહ્યા છે તે

પણ તારું સ્વરૂપ નથી.

**'આ જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે.'** આત્માના સત્ય સ્વરૂપને વિષે આ જ્ઞાની અને અનુભવી પુરુષોનો નિર્ણય છે. **'તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિને વ્યવસ્થિત કર્યા વિના...'** આ શબ્દ બહુ સરસ છે. **'મતિને વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે.'** શંકા કરવી તો એક બાજુ રહી, પણ મતિને વ્યવસ્થિત કર્યા વિના તને તર્ક ઉઠશે. એકવાર મતિને વ્યવસ્થિત કર. આ શું કરવું ? બહુ માર્મિક વિષય લીધો છે.

મારે મારું હિત કેમ થાય એટલું જ જોવું છે. મારો મતલબ, મારું પ્રયોજન, મારું હિત થાય એટલી જ વાત છે. આ સિવાય આડીઅવળી વાતમાં મારે ક્યાંય પડવું નથી. એને તર્કવિતર્ક ઓછા ઉઠે છે, શંકા-કુશંકા એને હોતી નથી. મતિને વ્યવસ્થિત કર એમ કહે છે. તારા હિતના માર્ગને માટે, તારા હિતના ધ્યેયને માટે, હિતના લક્ષે મતિને વ્યવસ્થિત કર. મતિને વ્યવસ્થિત કર્યા વિના તું ગમે એટલો ઉઘાડવાળો હોઈશ તો તર્કવિતર્કમાં ચાલ્યો જઈશ. બહુ ઊંડું માર્ગદર્શન છે એ બહુ સુંદર છે. અને પાર નહિ આવે. શાસ્ત્રનો વિષય એવો દરિયા જેવો બહોળો છે, સમુદ્ર જેવો, પાર નહિ આવે. માટે તારું મૂળ સ્વરૂપ જે નિરાલંબ નિરપેક્ષ નિર્વિકાર તારું જે સ્વરૂપ છે એના નિર્ણયની દિશામાં તું પ્રયત્ન કર. એ એક જ તારા હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

એટલે વર્તમાન તારે જેટલું કરવા યોગ્ય કાર્ય છે, તારો પુરુષાર્થ છે એ નિર્ણયની દિશામાં લગાવી દે. નિર્ણય યથાર્થ થયા વિના દિશા સાચી નહિ મળે. દિશા સાચી હાથમાં નહિ આવે. એ પહેલાં જેટલું કર્યું એ બીજી દિશામાં અત્યાર સુધી કર્યું છે .. એમ કહ્યું. બોલ બહુ સાદો છે એટલે જલ્દી ધ્યાન જાય એવું નથી. પણ છેલ્લા બે ત્રણ વચનો બહુ સરસ છે. શરૂઆત બહુ સાદિ ભાષામાં છે. **'તું અનાદિ-અનંત પદાર્થ છો. જાણવું તારો સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી. જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી; નહિ જાણનાર તે કદિ જાણનાર થતા નથી; સદા સર્વદા ભિન્ન રહે છે.'** છતાં **'જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.'** જે શુભાશુભભાવો થયા જ કરે છે **'એ પણ**

**તારું અસલી સ્વરૂપ નથી.-આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર.**' બસ. અને એ પ્રયત્ન કરવા અર્થે મતિને વ્યવસ્થિ કર. નહિતર તર્ક-વિતર્કમાં ચાલ્યો જઈશ. શું કહે છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય કરવાની પહેલી વાત છે. (સમયસાર, ગાથા-૧૪૪) પ્રથમ તો દ્રવ્યશ્રુત દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. નિશ્ચય કરવો એમ કહો કે નિર્ણય કરવો એમ કહો. બે એક જ વાત છે.

મુમુક્ષુ :- અહીંયાં ભાવના શબ્દ લીધો છે. એવો નિશ્ચય ભાવનામાં કરે તો તરે જ તરે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો શું છે કે ત્યાં તો મોક્ષમાર્ગી જીવનું પરિણમન છે. એટલે ત્યાં ભાવના એટલી એકાગ્રતા છે. અને એને નવો નિર્ણય નથી કરવાનો. એને પેલો નિર્ણય અને અનુભવ થઈ ચૂક્યો છે. એટલે ત્યાં તો દઢતા થાય છે. એકાગ્રતામાં દઢતા વધે એમ લેવું છે. દરેક જગ્યાએ પ્રકરણ પ્રમાણે જુદો જુદો અર્થ થાય. એમાં શું છે કે એક જ પેરેગ્રાફમાં કેટલીય વાતો લઈ લે છે. ઘડીક જ્ઞાનીની, ઘડીક અજ્ઞાની, ઘડીક જ્ઞાનીની, ઘડીક અજ્ઞાનીની. પ્રકરણ બદલાય જાય છે આખું. વિષય બદલાઈ જાય છે.

જેમકે '**અનંતમહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે (પોતારૂપ) અનુભવે.**' અહીં તો અનુભવ થઈ ગયો, નિર્ણયપૂર્વક અનુભવ થઈ ગયો. એટલે અનિર્ણયમાંથી નિર્ણય કરવો એ પ્રશ્ન અહીંયાં નથી. કેમકે અનુભવ થઈ ગયો. હવે જે અનુભવ થઈ ગયા પછી જે પરિણમન ચાલુ છે એમાં સમયે સમયે ઉપયોગ ઊઠે છે. જ્ઞાની વિચાર-ચિંતવનમાં રહે છે એમ નથી કહેતા. જ્ઞાનીનું પરિણમન બતાવે છે. આ એની મૂળ પરિણતિ છે. જે જે ઉપયોગ ઊઠે તે હું છું. '**જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું.**' એમ એ જ્ઞાનમયપણે, જ્ઞાનમય હું છું એટલે જ્ઞાનમયપણે દઢતા અને એકાગ્રતા વધારે છે. એને પોતાની ભાષામાં એમ કહ્યું કે '**એવો નિશ્ચય ભાવનામાં કરે...**' અને એવી દઢતા અને એકાગ્રતા અંતરંગમાં જેની ઘટ્ટ થતી જાય છે એ તરે ને તરે જ. એ

આખો તરવાનો માર્ગ કઈ રીતે છે અથવા એ કઈ રીતે તરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે ઉપયોગ તો ક્યારેક આવે છે. પણ પરિણતિમાં પણ જે ઉપયોગ છે તે હું છું. જે જે આ ઉપયોગ ઊઠે છે તે હું છું. એટલે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એ જ્ઞાનભંડારમાંથી થાય છે. અંદર જે જ્ઞાનસ્વભાવ છે, અપરિમિત બેહદ જ્ઞાનભંડાર છે એમાંથી જ્ઞાનના તરંગો આવે છે. જ્ઞાનનો ઉપયોગ છે એ તો જ્ઞાનનો તરંગ છે. આખો જ્ઞાનનો સમુદ્ર ભર્યો છે એના ઉપરના એ તરંગો છે. પણ અનુભવ ચેતના એમાં છે. અનુભવની જે ચેતના છે એ એમાં છે. એનો જે સામાન્ય છે એમાં અનુભવ નથી એટલે એ જે તરંગ છે એ તરંગ અંદર બાજુ લે છે. આ હું છું... આ હું છું.. આ હું છું... એને પોતાના સ્વરૂપનું જ દઢીકરણ થાય છે. અથવા પોતે પોતાના સ્વભાવને ઘટ્ટ કરે છે. એવા ... એ પરિણતિમાં એવું પરિણમન ચાલુ છે અને ઉપયોગમાં વિશેષે કરીને થાય છે. એમ છે. ઉપયોગમાં એ વિશેષે કરીને થાય છે. વિશેષ લઈશું...

જ્ઞાનીને સ્વરૂપલક્ષે મુનિદશાની, પૂર્ણદશાની ભાવના હોય છે. તેથી સ્વરૂપ-આશ્રય હોય છે. તેમાં ફેર પડતો નથી, અને યથાર્થતા જળવાઈ રહે છે. તેથી મુમુક્ષુને પણ પર્યાય લક્ષે કોઈ ઉચ્ચ કોટીની પર્યાય-પ્રાપ્તિની (સમ્યક્‌દર્શનસ્વાનુભવ-વિ.) ભાવના ન થવી જોઈએ. કારણ કે સ્વરૂપ લક્ષે સહજ ઉપર ઉપરની પર્યાય પ્રગટે છે. પર્યાય લક્ષે પર્યાયનું કતૃત્ત્વ થઈ જાય છે, તે વિપરીતતા છે. વિપરીતતા કે કતૃત્વ દઢ ન થાય તેવી સાવધાની ન રહે તો દર્શન મોહ મંદ થવાને બદલે તીવ્ર થઈ જાય છે. (અનુભવસંજીવની - ૧૦૨૦)

## તા. ૧૮-૪-૧૯૮૬, પાના નં. ૮૬, પ્રવચન નં. ૧૫૨

... પામરતા સહિત પરિભ્રમણ કર્યુ છે. શ્રીગુરુએ પોતાનું પરમોત્કૃષ્ટ સ્થાન અથવા સાક્ષાત્ સિદ્ધપદ બતાવ્યું છે, દર્શાવ્યું છે. તેને સત્ય કરીને માનતાં. એ જ સત્ય છે એમ સ્વીકારતાં. એવી ભાષા લીધી છે. માનતા એમ નહિ, એ સત્ય છે એમ જાણીને માન્યું. સત્ય કરીને સત્ય જાણીને માન્યું. સત્યને પીછાણીને-સત્યને ઓળખીને જાણ્યું. શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે. ત્રણ લોકનું, ત્રણે જગતનું ઉત્કૃષ્ટ, સર્વોત્કૃષ્ટ પદ બતાવ્યું. એ પદનો અનુભવ કરાવ્યો. ખરેખર તો એ પદનો અનુભવ કરાવ્યો. થયો છે પોતાના પુરુષાર્થથી, પણ એ પદ દર્શાવ્યું ન હોત તો ... એ જ દીનતામાં કોને ખબર છે કેટલા અનંત કાળ સુધી પરિભ્રમણ કરત, એનો અંદાજ એ માપે છે.

.. અનંત દુઃખનો નાશ કરીને અનંત સુખની પ્રાપ્તિના ... કરાવ્યા. અથવા અનંત સુખ પ્રાપ્ત થઈને... અનુભવમાં તો એમ જ છે કે અનંત સુખનો ભંડાર હું જ અત્યારે છું. વેદન ભલે ઓછું છે, પણ અનંત સુખનો ભંડાર તો પોતાના કબજામાં છે. એવી સ્થિતિએ જેણે મૂકી દીધા તેવા શ્રીગુરુ પ્રત્યે અતીવ ભક્તિ અને બહુમાન આવ્યા વિના રહેતાં નથી. ... થોડા શબ્દો છે, પણ ભાવ ઘણો ભરેલો છે.

માટે ધન્ય છે સદ્‌ગુરુને કે જેમણે ભવભ્રમણમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો. તે .. ધન્ય છે, શુદ્ધાત્મા બતાવનારને ધન્ય છે. ભવરહિત પદ બતાવનારને ધન્ય છે. કે જેમણે કોઈપણ પદાર્થ, કોઈપણ પ્રકારની સ્પૃહા વિના માત્ર નિષ્કારણ કરુણાથી ભવભ્રમણમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો. અનંત ભવભ્રમણમાંથી નીકળવાનો રસ્તો બતાવ્યો. આ ઉપાય બતાવ્યો એના ઉપર આખો આધાર છે.

ભવભ્રમણથી હું કઈ રીતે છૂટું ? ભવભ્રમણનું કારણ શું છે ? મારા પરિણામમાં ભવભ્રમણનું કારણ શું છે ? અને મારા જ પરિણામમાં એવા ભવભ્રમણના કારણથી છૂટવાનો માર્ગ-ઈલાજ શું છે ? ઉપાય શું છે ? આ વિષય ઉપર જે વિશેષ એકાગ્ર હોય, જેનું લક્ષ ગયું

હોય અને એ જ વિષય જ્યારે અનુભવી સદ્‌ગુરુ પાસેથી સમજવા મળે છે, ત્યારે એને એ સદ્‌ગુરુના વચનમાં માર્ગની વિધિનું ગંભીર રહસ્ય એને સમજાય છે. એ સમજતો હોવાને લીધે એને એનો મહિમા આવે છે. અથવા તો એ સમજતો હોવાને લીધે શ્રીગુરુ ક્યાં ઊભા છે ? કેવી રીતે પરિણમે છે ? એનું અંતર સ્વરૂપ શું છે ? અંતરંગ પરિણતિ શું છે એવી ઓળખાણ એને થઈ છે અને તેને લઈને જેને એનો મહિમા હૃદયગત થયો છે, તે મહિમા માટે એને એના તુલ્ય બીજી કોઈ વાત દેખાતી નથી.

સમુદ્રમાં ડૂબતા કોઈ બચાવે, એવા ભવસાગરમાંથી, અનંત ભવમાંથી ડૂબતા ડૂબતા બચાવ્યા છે એવો જેને અનુભવ પોતાને થાય છે. ખરેખર મને ડૂબતો બચાવ્યો છે. ત્યારે એને માર્ગ શું છે, માર્ગની વિધિ શું છે, તરવાનું કેમ થાય છે, ડૂબવાનું કેમ થાય છે, આ બધો પ્રકાર ઉત્પન્ન થાય છે ત્યારે એને ખરેખર મહિમા આવે છે. શ્રીગુરુનો મહિમા ત્યારે એને સાચો આવે છે.

મુમુક્ષુ :- ઉપદેશને સત્ય કરી...

પૂજ્ય ભાઈશ્રી :- સત્ય કરી એટલે ઉપદેશની સત્યતા પીછાણીને. ઉપદેશ કહ્યો છે તેને સત્ય કરી માનતા શ્રદ્ધા .. એમ ને એમ માને છે, ઓઘેઓઘે માને છે એમ નહિ. સત્ય તરીકે (માને છે). આ જ સત્ય છે, પરમસત્ય છે આ. પરમહિતની વાત છે. અનંત કાળમાં નહિ મળેલી ચીજ મળી અને તે પૂરી મળી છે. હવે કાંઈ મેળવવા માટે બાકી રહેતું નથી. ... પાંચ-પચ્ચીસ લાખની લોટરી લાગે તો ઘણું મળી જાય.

આ તો અનંત કાળનું દુઃખ નિવારણ થઈ ગયું. અનંત શાંતિના સાગરમાં ... હવે પછી કોઈ સમસ્યા રહેતી નથી. હવે પછીના આગામી અનંત કાળ પર્યંત કોઈ સમસ્યા રહેતી નથી. એવી પરિસ્થિતિમાં જેને સત્ય સમજાય છે .. મહિમા. .. કે કોઈ પરમાત્મા, દિવ્ય ચૈતન્યમૂર્તિ પરમાત્મા દેહધારીપણે થયા છે અને મારો ઉદ્ધાર કરવા અહીંયાં પધાર્યા છે, એમ એને લાગે. મારો ઉદ્ધાર કરવા પધાર્યા છે. એ તો એના રસ્તે આવે છે પણ એને એમ લાગે છે કે આ જે કારણ બન્યું છે એમાં નક્કી મારું હિત થવાનું કારણ છે. નહિતર આમ બને નહિ.

કેમકે પોતાના ભૂતકાળના પરિણામની Line પણ એ સમજે છે કે

આ જગતમાં જગતના પદાર્થો મેળવવા માટેની મહત્વકાંક્ષાઓ કેવી કેવી ઉત્પન્ન થઈ હતી અને એની પાછળ કેટલા રસથી મારી દોડ હતી, એ પણ પોતાના પરિણામથી તો સમજી શકે છે. પોતાના અનુભૂત થયેલા પરિણામ છે. અને એની પાછળ ગયો હોત તો કેટલા જન્મ-મરણ કઈ કઈ ગતિમાં, ક્યાં ક્યાં કેવી રીતે ચોર્યાશી લાખ યોનિના વંટોળિયામાં પડવાનું થાત. હવે અત્યારથી જ શાંતિની શરૂઆત થઈ અને અનંત શાંતિ હાથવેંતમાં છે. આ બધો અંદાજ એકસાથે વગર વિચાર્યે અભેદ ભાવે ગ્રહણ થાય છે. આટલો લાંબો લાંબો વિચાર.. એટલા વિચાર વિના અભેદપણે બધા જ્ઞાનનો સ્વીકાર થઈ જાય છે તેનો સરવાળો ભક્તિમાં પરિણમે છે. એ બધી અભેદતાનો Total-બધો સરવાળો શ્રીગુરુ પ્રત્યેની ભક્તિમાં પરિણમી જાય છે.

એટલે તો 'શ્રીમદ્જી'એ ત્યાં સુધી કહ્યું કે 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ પરોક્ષ જિન ઉપકાર.' જિનેન્દ્રના પરોક્ષ ઉપકારને એક બાજુ મૂક્યો. શું રહસ્ય છે આની પાછળ ? જિનેન્દ્ર તો તેરમા ગુણસ્થાને છે. પરોક્ષ છે. પ્રત્યક્ષ અને પરોક્ષમાં જે ઉપકાર થાય છે એનો એટલો મોટો ફેર છે કે પ્રત્યક્ષતા .. થઈ જાય છે. એટલો પરોક્ષ .. ઉપકાર છે.

એટલે '**તેને સત્ય કરીને માનતાં...**' તે સત્ય સમજાતા '**શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે,...**' ભલે નિર્વાણપદ પછી સિદ્ધ થશે. અત્યારે જ મુક્તિનો નાથ થાય છે. હું મુક્ત થવાનો છું એવી શંકા એને રહેતી નથી.

'ગુરુદેવ' શરૂ શરૂના પ્રવચનોમાં 'સોનગઢ'માં નિવાસ કર્યો ત્યારે આ વિષય બહુ લેતા કે આ એક એવી વાત છે, પરમસત્યની વાત એવી છે કે પાત્રજીવ એને સાંભળે તો એને સાંભળતા અંદરથી મુક્તિના ભણકાર વાગે છે. અંદરથી મુક્તિના ભણકાર આવી જાય. એને શંકા ન થાય કે ક્યાંક મારી દુર્ગતિ થશે તો ? એને શંકા ન થાય કે કોને ખબર છે ક્યારે મારો નિવેડો આવશે ? હવે મારી મુક્તિ દૂર નથી એવા ભણકાર એને આવી જાય. આ ... છે.

જેણે સત્ય કરીને માન્યું છે એનું ચિહ્ન શું ? એનું Symptom શું ? કે સત્ય કરીને માન્યું છે. સત્ય કરીને માન્યું છે અમે ક્યાં ખોટું કહીએ છીએ. ? .. બરાબર છે, પ્રમાણ વચન કહીએ છીએ. એમ નહિ,

અંદરથી તને ભણકાર આવે, મુક્તિનો ભણકાર આવે. એ એનું એક ચિહ્ન છે. અને એ એક પ્રગટ પાત્રતાનું, વર્તમાન પાત્રતાનું લક્ષણ છે.

એને સદ્ગુરુ પ્રત્યે કેટલી ભક્તિ આવે એનો હિસાબકિતાબ માંડવા બેસતો નથી. સર્વાર્પણબુદ્ધિ .. સમજીને એ કરે છે. એ પ્રકારનો. જે સર્વ સુખનું નિમિત્ત બન્યા એને માટે .. સર્વાર્પણપણું ન આવે તો શું આવે ? ત્યાં તો ઓછું આવવાનો પ્રશ્ન નથી. પૂર્ણ પદ, પૂર્ણ શાંતિ પૂર્ણતા આવવાની છે તો અહીંયાં પણ એને પૂર્ણ (સર્વાર્પણ બુદ્ધિ આવે છે). આ સીધેસીધી વાત છે. ... જે કાંઈ છે એ ઓછું પડે. એમ નથી થતું કે આ તો વધારે થઈ ગયું. એને ઓછું લાગે છે. મૂળ વાત તો એ છે.

મુમુક્ષુ :- અનંત તીર્થંકર સાથે સરખામણી કરી આ પણ ઓછું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- .. વાત છે. ઉડાડવાની વાત છે એમ નહિ. ચાલો, અનંત શબ્દ બધે લગાડી દ્યો એમ નથી. મારે માટે તો અનંત તીર્થંકરથી અધિક છે, એટલી ગંભરીતા ભરી છે. શું થયું ? કેટલો નફો થયો, કેટલો લાભ થયો, એ કહેનાર .. એને .. મને શું મળ્યું છે. પછી એને એક બાજુ અનંત તીર્થંકરના પરોક્ષ ઉપકારને.. એ આગળ વાત લીધી. અનંત તીર્થંકર તો પરોક્ષ ઉપકારી જ છે ને. ભલે અનંત તીર્થંકરો થઈ ગયા તે ઉપકારી છે. માર્ગની પરંપરા ચાલુ જ છે. એમનો ઉપકાર વર્તે છે. જેમ આપણે કહીએ કે ભગવાન 'મહાવીરસ્વામી'નું શાસન પ્રવર્તે છે. ૨૫૦૦ વર્ષ પહેલા તેઓ થયા તો તેઓશ્રીની દિવ્યધ્વનિ ... ગણધરોએ શાસ્ત્રો રચ્યા, આચાર્યોએ મહામુનિઓએ પરંપરાએ .. જાળવી રાખી અને એ જ પ્રકારે એ પરંપરા ચાલતા ચાલતા અત્યાર સુધી આપણને આ લાભ મળે છે. ... એ બધા અનંત તીર્થંકરોથી આગળ એક વાત લઈ લીધી. ... વાત છે, કોઈ ... વાત છે, કોઈ ઉપમા આપવાની વાત છે, એમ નથી.

એ જાણે છે કે મને શું લાભ થયો. અનંત તીર્થંકરોની શાસન પરંપરા ચાલતી હોવા છતાં જે લાભ નથી મળ્યો એ લાભ મને મળ્યો. મારો તો નિવેડો આવી ગયો. અનંત તીર્થંકરો કરતાં એટલી મુખ્યતા (અને એટલી ભક્તિ) આવે છે. ... અહીં તો બહુ ટૂંકામાં કહ્યું છે.

**'માટે ધન્ય છે સદ્‌ગુરુને કે જેમણે ભવગર્ભમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો.'** 'શ્રીમદ્‌જી'ના પત્રો જુઓ તો ઠામ ઠામ આ વિષય ઉપર બહુ વજન છે. એનું કારણ એ છે કે એમને પણ એ પ્રકારે એ અનુભવ થઈ ગયો છે. ..એમ લીધું ને ? જ્ઞાન તેથી અમે પામ્યા હતા. તેથી ત્રણે કાળે આ જ માર્ગ છે. બીજો કોઈ આમાં ઉપાય છે નહિ. **'તેથી શ્રીગુરુના જેવા કોઈ ઉપકારી નથી.'** ઠીક ! એ જ વાતને ખોલીને મૂકો તો તીર્થંકર, કોઈની જગ્યાએ અનંત તીર્થંકર મૂકી દ્યો. અપેક્ષા રાખી છે ?

**'તેથી શ્રી ગુરુના જેવા કોઈ ઉપકારી નથી. એમ જાણી શ્રીગુરુની પ્રવચનપ્રતીતિથી પાર થવું.'** તેથી શ્રીગુરુના વચનમાં પૂરી પ્રતીતિ આવી એમ લાવીને પાર થવું. સંસારથી પાર થવું. બહુ ગૂઢ વાતો લખી છે. થોડા વચનોમાં પણ 'દીપચંદજી'એ .. વાતો લખી છે. .. વક્તવ્ય આપતા. ... આપણે આપણા ઉપકારી શ્રીગુરુનો .. ભગવાન ... ... ખરેખર તો અનંત તીર્થંકરથી અધિક છે. એ વાત લક્ષમાં લીધી નથી. આ તો આપણે બહારમાં તો મર્યાદિત બધું કાર્ય થઈ શકે. બહારમાં શું થઈ શકે ? બહારમાં પુણ્ય કેટલા ? બહારના કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી ? ગજુ કેટલું આપણું ? અનંત વાર સ્થાપના કરો તોપણ ઓછુ લાગે. ... એ તો કોઈ પરિસ્થિતિ .... હવે વર્તમાનમાં જીવની સ્વકાર્ય કરવાની શક્તિ છે અને એ શક્તિનો સદુપયોગ થવાને બદલે દુરુપયોગ થઈ રહ્યો છે. એ વિષે..

**'જેટલો અનુરાગ વિષયોમાં કરે છે,...'** આ જીવ જેટલો અનુરાગ વિષયોમાં કરે છે, જેટલો અનુરાગ પોતાની અનુકૂળતા માટે કરે છે, જેટલો અનુરાગ પોતે પોતાના બાહ્ય જીવન માટે કરે છે. એમાં **'મિત્ર, પુત્ર ભાર્યા, ધન, શરીરમાં કરે છે...'** આ રાગના નિમિત્તો છે. મિત્ર છે, પુત્ર છે, પત્નિ છે, ધન છે, શરીર છે. કહે છે, **'તેટલી રુચિ, શ્રદ્ધા, પ્રતીતિભાવ, સ્વરૂપમાં તથા પંચપરમગુરુમાં કરે તો મુક્તિ અતિસુગમ થાય...'** થોડી સુગમ થાય એમ નહિ, અતિસુગમ થાય. જેટલી શક્તિથી એ બાહ્ય સંયોગોમાં મિત્ર, પુત્રાદિ અને શરીરમાં રુચિ કરે છે, પુરુષાર્થ કરે છે, તેથી એને પ્રતીતિ આવે છે કે આ મને ફાવે છે, આ મને ઠીક છે, આ મને અનુકૂળ છે, મને આમ હોય. એટલું જ જો એ સ્વરૂપમાં

કરે અથવા એટલું જ પંચપરમગુરુમાં કરે તોપણ એને મુક્તિ અતિસુમગ થાય. હવે મુક્તિનો માર્ગ અઘરો છે, કઠણ છે કે સહેલો છે, આ એણે વિચારવું રહ્યું. જેટલી શક્તિ છે એ શક્તિની દિશા જ ખાલી બદલવામાં આવે, નિમિત્તો જ બદલાય તોપણ મુક્તિ અતિ સુગમ છે. આટલી બધી મુક્તિ સુગમ છે.

આમાં પોતાનું અવલોકન હોય તો સમજાય. જેટલા જોરથી એ વર્તમાન ઉદયમાં પ્રવર્તે છે, આ તો બધા નિમિત્ત છે. આ મિત્ર, પુત્ર, ભાર્યા અને શરીર એ તો બધા ઉદયના નિમિત્ત છે. પણ કેટલા ઉદયથી, કેટલા રસથી એ ધસે છે એનું અવલોકન કરે અને ત્રિરાશિ મૂકે, એનું ગણિત મૂકે કે આ જ શક્તિને જો આ બાજુ વાળવામાં આવે તો મુક્તિ તો સહજ જ છે, સરળ છે. એ કોઈ એટલી મોટી વાત નથી. જ્યાં અઘરું લાગે છે...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઓળખાણમાં થઈ ગયું. આ તો ઓળખાણ થવામાં એટલી ... જેટલો ઉદમાં રસ છે અથવા જેટલો પ્રેમ, જેટલી લાગણી, જેટલું મહત્ત્વ કુટુંબ પરિવાર આદિમાં છે, એથી અધિક જો એને સત્પુરુષ પ્રત્યે આવે તો હજી ઓળખાણ થાય. તેથી માત્રા ઓછી હોય તો એને ઓળખાણ પણ ન થાય. આ એનું Thermometer છે. એનું Meter આપી દીધું. ઓળખાણ થવા માટેનું.

મુમુક્ષુ :- સરખે સરખો પ્રેમ રાખે તોપણ ન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સરખો તો રહેવાનો પણ નથી. સરખો રાખવો એમ કરવા જશે એ ઢળશે ઉદયમાં. સરખો શા માટે ? બેય સરખા છે ? એક દુર્ગતિનું કારણ છે અને એક મુક્તિનું કારણ છે. કેવી રીતે સરખો રાખવાનું કારણ શું ? કઈ તુલના અને કયા ગણિતથી સરખું રાખવાની વાત છે ? કાં તો અજ્ઞાનપણે ઉદયમાં વધારે ઢળે અને કાં તો પોતાના હિતના લક્ષે એ સાચા જ્ઞાન પ્રત્યે વધારે ઢળે. બેમાંથી એક જ બને. સરખું રહેવાનો કોઈને પ્રશ્ન નથી. કેમકે ગણિત સરખું નથી. એક દુર્ગતિનું કારણ છે, એક મુક્તિનું કારણ છે. એક ચાર ગતિનું કારણ છે અને એક મુક્તિનું કારણ છે. એક ચાર ગતિથી છૂટવાનું કારણ છે. ચોખ્ખે ચોખ્ખું છે. એમાં કોઈ વિવાદાસ્પદ .. નથી. જે કોઈ ઉદયગત

પરિણામો છે એને લઈને પરિભ્રમણ છે, એ કોઈ વિવાદનો વિષય છે ? કે ના, ના. એમાંથી પણ મુક્તિ થઈ જાય તો .. થાય એને. એવું કાંઈ બને એવું નથી.

'**તેટલી રુચિ, શ્રદ્ધા, પ્રતીતિભાવ, સ્વરૂપમાં તથા પંચપરમગુરુમાં કરે તો મુક્તિ અતિસુગમ થાય...**' મુક્તિ સુગમ થાય એટલું નથી લખ્યું. '**મુક્તિ અતિસુગમ થાય...**' એકદમ સહેલી છે. ફક્ત તારી શક્તિનો જે વ્યાપાર છે એની દિશા ફેરવી નાખ, એનું સ્થાન બદલી નાખ. મુક્તિ અતિ સુગમ છે. જે અઘરું લાગે છે એ તો ઊંધી રુચિને લીધે લાગે છે. ઊંધી રુચિનું લક્ષણ છે કે અઘરા અઘરાપણું લાગે છે, કઠણ લાગે છે. એ ઊંધી રુચિનું લક્ષણ છે.

ઊંધી રુચિના કેટલાક લક્ષણો છે. રુચિ જલ્દી ન સમજાય પણ લક્ષણથી પકડાય. અઘરું લાગે તો સમજવું કે રુચિ ઊંધી ચાલે છે. પછી કરીશ, હમણાં નહિ, હમણાં નહિ, પછી કરીશ, આટલું કર્યા પછી કરીશ, આટલું કર્યા પછી કરીશ એમ થયા કરે તો સમજવું કે રુચિ ઊંધી છે. અવકાશ હોય, નવરાશ હોય, સમય હોય અને આત્મહિત પ્રત્યેની પરિણામધારાનો પ્રયત્ન અને પ્રયાસ ચાલવાને બદલે કુતૂહતલથી અન્ય વિષયોમાં જાય તોપણ આ બધી ઊંધી રુચિને પકડવાના પ્રસંગો છે. ત્યાંથી પોતાની રુચિને એ સમજી શકે.

'**તેટલી રુચિ, શ્રદ્ધા, પ્રતીતિભાવ, સ્વરૂપમાં તથા પંચમપરમગુરુમાં કરે તો મુક્તિ અતિસુગમ થાય...**' એના ઉપર એક પદ લખ્યું છે.

**જૈસિ ભક્તિ હરામમૈં તૈસિ જિનમેં હોય;**<br>**ભેદજ્ઞાનતૈં સહજલહિ પરમાતમ પદ સોય.**

'**જૈસિ ભક્તિ હરામમૈં...**' આ બહારના પદાર્થોની ઉપમા આપી દીધી. હરામના સ્થાનમાં મૂકી દીધા. નકામું. હરામ એટલે નકામું. તે વ્યર્થ છે. જે ઉદયમાં તારી શક્તિનો પ્રયોગ અને ઉપયોગ છે એનું સાર્થકપણું શું ? કે એનું કોઈ સાર્થકપણું તારા આત્મહિતાર્થે તો જોવામાં આવતું નથી. અહિત થાય છે એટલી વાત ચોક્કસ છે. હિત થવાનો તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. એકલી નુકસાનની બાજુ છે. પણ એટલી જ ભક્તિ જો જિનેન્દ્રમાં હોય તો ભેદજ્ઞાનથી સહજપણે પરમાત્મપદને

પ્રાપ્ત કરે એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે.

**'પંચપરમગુરુનો રાગ પણ એવો છે-જેમ...'** પંચપરમગુરુનો રાગ પણ એવો છે **'જેમ સંધ્યાની લાલાશ સૂર્યની અસ્તતાનું કારણ છે, પ્રભાતની સંધ્યાની લાલાશ સૂર્યોદયને કરે છે...'** બે પ્રકારે લાલાશ સવારે અને સાંજે આકાશમાં આવે છે. એમ જ્યારે સૂર્ય અસ્ત થતો હોય ત્યારે પાછળથી અંધકાર આવે છે અને જ્યારે સૂર્યોદય થતો હોય એની લાલાશ હોય ત્યારે પોતાનો પ્રકાશ વધીને દિવસ થાય છે. અંધકારને બદલે પ્રકાશ વધે છે. એ બે પ્રકારે જે લાલાશ છે, તેમ રાગની બે વાત લીધી છે. રાગ તો તું ઉદયગત પ્રસંગોમાં પણ કરે છો, કુટુંબ-પરિવારમાં પણ કરે છો અને રાગ પંચપરમગુરુમાં પણ કરે છો. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પણ રાગ થાય છે અને વર્તમાન કાર્યો ઉદયના પ્રસંગો પ્રત્યે તને રાગ થાય છે. તો બંને રાગ છે પણ રાગ રાગમાં ફેર છે. એકની પાછળ ચાર ગતિ છે. અને આ રાગ છે એ તને રાગ છોડીને વીતરાગતામાં જવાનું કારણ થશે. કેમકે દેવ-ગુરુ અને શાસ્ત્ર વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર હોવાથી તે રાગ છોડાવા, પોતાના પ્રત્યેનો પણ રાગ છોડાવશે. એ એમ કહેશે કે મારા પ્રત્યે પણ રાગ કર્તવ્ય છે એવું મારું ફરમાન કે મારું વિધાન નથી. એટલે એ રાગ તને છોડાવશે. એટલે રાગ ટળવાનું એ નિમિત્ત છે.

**'તેમ વિવિધ (-પાંચપ્રકારના) પરમગુરુ વિના, શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે,...'** કેવળજ્ઞાનનું નુકસાન છે. પાંચ મિનિટ મોડું થયું કે આખું જીવન બગડી ગયું. વહેલું થયું કે મોડું થયું કોઈપણ કારણે કોઈ .. થાય પાંચ મિનિટનો ફેર પડ્યો, એક મિનિટનો ફેર પડ્યો, નહિતર આ .. એક મિનિટનો ત્યાં સવાલ છે ? આખા જીવનનો ત્યાં સવાલ છે. એમ અહીંયાં શરીરાદિનો રાગ એટલે ઉદયનો રાગ, ઉદયમાં તન્મયપણું, ઉદયમાં એકત્વ, ઉદયમાં લીનતા **'કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે,...'** તારા કેવળજ્ઞાનને ખોવાની વાત છે. આવડું મોટું નુકસાન છે. એ નુકસાન તને પોસાતું હોય તો તું જાણે, તને ન પોસાતું હોય તો વિચાર કરવા જેવો વિષય છે કે એ કેવળજ્ઞાનનું નુકસાન છે. એક સામાન્ય થોડું પણ નુકસાન બહારમાં .. પદાર્થોનું જાય છે તોપણ જીવને દુઃખ થાય છે. એકસાથે બધું જાય...

ક્યારે ? મૃત્યુ થાય ત્યારે. ત્યારે તો એને ઘણું દુઃખ થાય છે. ત્યારે આ કેવળજ્ઞાનનું નુકસાન છે. થોડું-જાજું નુકસાન નથી પણ કેવળજ્ઞાનનું નુકસાન છે. **'શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે, (અને) પંચમપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે.'**

.. જ્ઞાનમાં એનો જે મહિમા આવે એને જ્ઞાનમાં જે મહિમા આવે છે, પોતાને તરવાનું સાક્ષાત્ નિમિત્ત જોઈને મહિમા આવે છે. જાગૃતિમાં ફેર શું છે ? પંચપરમગુરુ આદિ, તીર્થંકર આદિ, .. અનંત વાર થયા છે. પણ જ્યારે જીવનું હિત થવાનું હોય છે ત્યારે એને એમ લાગે છે કે અનંત વાર મળ્યા છે પણ નહિ મળવા બરાબર મળ્યા છે. ઓઘસંજ્ઞાએ કે લોકસંજ્ઞાએ આ જીવે સમાગમ કર્યો છે. પણ આત્મહિતના લક્ષે જે એને એનો મહિમા આવે છે, ઓળખાણ આવે છે ત્યારે એને .. આવે. બે વચ્ચે મોટો ફેર છે. અહીંયાં રાગ... રાગ... રાગ... શબ્દ લે છે. ..

ગૂઢાર્થ એટલો છે કે જેને એમ લાગ્યું છે કે અનંત કાળમાં ભલે આવા સંયોગ થયા હશે, પણ આ વખતે જે આ વીતરાગી પંચપરમગુરુ, દેવ-ગુરુ-શાસ્ત્રનો સંયોગ થયો છે એ બહુ મોટી વાત છે. હવે નક્કી મારું છૂટવાનું ચોક્કસ થઈ ગયું છે. એ વખતે એને જે ઓળખાણ આવીને પ્રતીતિ આવે, એ અનંત કાળમાં નહિ આવેલો મહિમા, એવો મહિમા એને ઓળખીને કદી આવ્યો નથી. એ પ્રકાર ... અને આ છેલ્લો છે પછી. પછી એને એ પ્રકારમાં આવવાનું થતું નથી. પોતે ત્રણલોકનો નાથ થાય છે. પછી એને કોઈ પરિભ્રમણનો વિષય, સંયોગ-વિયોગનો વિષય રહેતો નથી.

**'શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે, (અને) પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે.'** ઠીક ! જો પંચપરમગુરુનો યોગ છે... નમસ્કાર મંત્ર છે ને ? પંચ મપરમગુરુનો નમસ્કાર મંત્ર છે. એ તો અનાદિથી છે. .. પ્રસિદ્ધ છે. એમાંથી આટલું કાઢ્યું. ... એ જે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એનું જે વીતરાગી સ્વરૂપ એ એની ખરેખર ઓળખાણ થાય, ઓળખાણપૂર્વક એનો મહિમા આવે તો કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. સીધું એમ લઈ લીધું. સમ્યગ્દર્શનના ઉદયનું કારણ છે એમ નથી લીધું. ઓલાપણે નુકસાન કેવળજ્ઞાનનું લીધું છે અને અહીંયાં નફો પણ

કેવળજ્ઞાનનો (લીધો છે). કેવળજ્ઞાન પ્રગટ થશે. એટલી વાત છે. કેમ લે છે ? એની કિંમત કરાવે છે. નફા-નુકસાનની કિંમત આંકવી જોઈએ. આટલો નફો છે અને આટલું નુકસાન છે. હવે જો તને ખરેખર સાચી સમજણ હોય તો તારા પરિણામ કઈ બાજુ વળે એ શીખવવું પડે એવું નથી.

રાગ કેવળજ્ઞાનનું કારણ, એની શબ્દ રચના, એની વાક્ય રચના એવી કરી કે રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. રાગમાં વીતરાગતાનું કારણ છે ? અહીંયા રાગ એટલે તું રાગમાં ઊભો છો, પણ તારા જ્ઞાનમાં સમજાઈને મહિમા આવે તો તું કેવળજ્ઞાનને પ્રાપ્ત થઈશ. જો તને પંચપરમગુરુમાં રહેલું વીતરાગી તત્ત્વ ઓળખાય, વીતરાગી તત્ત્વ તને સમજાય તો તને તારું પરમતત્ત્વ સમજાય એવું છે અને એ કેવળજ્ઞાનનું કારણ છે. ... કેવળજ્ઞાન સાક્ષાત્ જ છે. ત્યાં તો મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન તો વર્તે જ છે. ત્યાં તો કેવળજ્ઞાન વર્તે છે એટલે એ કેવળજ્ઞાનનું કારણ છે.

'**માટે વિશેષપણે પરમ ધર્મના દાતા (પ્રત્યે) પરમ ધર્મના અનુભવ (પ્રત્યે) રાગ સુખદાયક છે.**' કેવી વાત લીધી છે ! કેવો વિષય લીધો છે ! મહિમાનો વિષય. રાગ એટલે મહિમાનો વિષય. આટલો અધ્યાત્મનો ગ્રંથ છે, 'અનુભવપ્રકાશ' તો એકલા અનુભવનો ગ્રંથ છે, પણ ધર્મના દાતા પ્રત્યે શું હોય, આ વાત પણ એમણે કચાશ વગર કરી છે. કોઈ વાતની એમણે કસર રાખી નથી. એવી વાત લખી છે. પંચપરમગુરુનું નામ લીધું પણ સરવાળો અહીંથી લીધો પાછો. દાતા એટલે પ્રત્યક્ષ લેવો છે ને ?

'**માટે વિશેષપણે...**' ખાસપણે. આ વાત વિશેષતાવાળી છે. પંચપરમગુરુ તો પરોક્ષમાં છે. '**વિશેષપણે પરમ ધર્મના દાતા (પ્રત્યે) પરમ ધર્મના અનુભવ (પ્રત્યે)...**' એ દાતા પ્રત્યેનો રાગ એ ... પ્રત્યેનો રાગ છે એમ કહે છે. એની અંતર પરિણતિ ... છે. તરવાનો ઉપાય બતાવ્યો. એમના વચનોમાં આ વિધિ, આ રહસ્ય, આ ગંભીરતા ભરી છે. Light થાય એને ખબર પડે છે કે આ શું ચીજ છે ! ત્યારે એને એના પ્રત્યેનો જે રાગ છે એ સુખદાયક છે એમ લાગે છે. સુખદાયક છે એટલે ભવિષ્યમાં એને મુક્તિનું કારણ થાય છે.

'શ્રીમદ્જી'એ તો એને સમકિતનું નામ આપી દીધું. જે પ્રત્યક્ષ યોગમાં સદ્ગુરુ લક્ષે વર્તે છે એને પ્રત્યક્ષ કારણ સમજીને .. છે. ૧૩મી ગાથામાં આ વિષય લીધો છે. ૧૩મી છે ને ? ૧૭. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ' આ વિપરીત અભિનિવેષનો નિષેધ કરી નાખ્યો સાથોસાથ. 'સ્વચ્છંદ મત આગ્રહ ત્યજી' ત્રણ વાત લીધી. પોતાનો મત મૂકી દીધો છે, પોતાનો આગ્રહ મૂકી દીધો છે અને સ્વચ્છંદ મૂકી દીધો. આ ત્રણ પ્રકાર ... છે. ત્રણ ન હોય. આ ત્રણનો વિપર્યાસ છોડીને 'વર્તે સદ્ગુરુ લક્ષ. સમકિતી તેનેને ભાખ્યું.' એને જ અમે તો સમકિત કહીએ છીએ. 'કારણ ગણી પ્રત્યક્ષ' પ્રત્યક્ષ કારણ એ સેવે છે. આ ત્રણ છોડીને જે પ્રત્યક્ષ ધર્મના દાતા છે તેને અનુકૂળ વર્તે છે, તેને લક્ષે વર્તે છે, એને એ પ્રત્યક્ષ સમ્યગ્દર્શનનું કારણ સેવી રહ્યો છે, આ એમણે સીધી વાત કરી દીધી.

મુમુક્ષુ :- અહીં કેવળજ્ઞાનનું કારણ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- સમકિત કહો કે કેવળજ્ઞાનનું કારણ કહો. એક આવે અને બીજું ન આવે એવું તો ત્રણ કાળમાં બને નહિ.

બાર ગાથાથી એ વાત લીધી છે. નવ ગાથાથી એ વાતની ધૂન ઉપાડી છે એમ કહીએ તો ચાલે. નવમી ગાથા.. 'સેવે સદ્ગુરુ ચરણને ત્યાગી દઈ નિજપક્ષ' પોતાનો પક્ષ છોડી દઈને. પૂર્વગ્રહિત વાત છોડી દે, એનો આગ્રહ છોડી દે. 'સેવે સદ્ગુરુ ચરણને ત્યાગી દઈ નિજપક્ષ, પામે તે પરમાર્થને નિજપદનો લે લક્ષ.' તે પરમાર્થને પામશે અને પોતાના નિજપદનું લક્ષ એ કરશે. એક એકનો... હવે પછીની સત્તર સુધી .. એ વાત એક જ ધારી ઉપાડી છે.

'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ, અપૂર્વ વાણી પરમશ્રુત સદ્ગુરુ લક્ષણ યોગ.' જેને આત્મજ્ઞાન હોય, જેનું જ્ઞાન અથવા જ્ઞાન દર્શન જ્ઞાતા-દ્દષ્ટાપણે સમદર્શીપણે રહ્યું છે. માત્ર ઉદય પ્રમાણે જેનું વિચરવું છે, કર્તૃત્વ છૂટી ગયું છે. આમ કરવું ને તેમ કરવું જેની કર્મચેતના મટી ગઈ છે. 'અપૂર્વવાણી પરમ શ્રુત' શ્રુતનો વિષય નીકળતા જેની વાણીમાં અપૂર્વતાત ભાસે. આ વાત લીધી છે કહેનાર અને સાંભળનારના યોગની. જેમ પહેલા વાત થઈ કે પોતાની મુક્તિ ભાસે. એમ આત્મજ્ઞાનીની વાત સાંભળતા આ કોઈ અપૂર્વ વાત છે. મેં

અત્યાર સુધી સાંભળી હોય તોપણ નથી સાંભળી એવી કોઈ અપૂર્વ વાત છે. એવી એને અપૂર્વતા આશ્ચર્યકારી વિસ્મયતા સહિત એની અપૂર્વતા સમજાય, જણાય, ભાસે ત્યારે એને ખ્યાલ આવે છે કે આ બરાબર. આ મારા તરવાનું નિમિત્ત છે.

નહિતર શું છે કે આ રૂઢિ પ્રમાણે એમ કહે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય તો અમે ... નહિતર અમે .. સ્થાને .. નથી. એક રૂઢિ તરીકે ચાલતા પરંપરાનો વિષય છે. પણ પામવાના ઠેકાણામાં તો સમ્યગ્દૃષ્ટિની દેશનાલબ્ધિ નિમિત્ત છે. તો વર્તમાન પરિસ્થિતિ જોતા એક જ સ્થાન રહે છે, બીજું તો કોઈ સ્થાન નથી. હવે એને ઉડાડીને શું કરીશ તું ? ત્રણ સ્થાન છે ... એક સ્થાનમાં તું હવે શું કરીશ ? એને તારે ઉડાડવું હોય તો .. ગુણસ્થાન માપીને ..

'શ્રીમદ્જી'એ એ વિષય ઉપર બહુ વજન દઈ દીધું. 'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ.' આત્મજ્ઞાન હોય તો એને સદ્ગુરુનું લક્ષણ યોગ્ય છે. 'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ' જેની વાણીમાં પરમ શ્રુત આવે છે, અપૂર્વ વાણી આવે છે, આ સદ્ગુરુ .. યોગ્ય છે. એને સદ્ગુરુ તરીકે તું સ્વીકારી લેજે. સદ્ગુરુ એટલે આત્મહિતમાં નિમિત્ત તરીકે સ્વીકારજે. એને તું છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી માનજે એમ કહેવાનું નથી. પણ આત્મહિતના નિમિત્ત તરીકે સ્વીકાર કરવો અને એ પ્રકારે ભક્તિના સ્થાને એનો સ્વીકાર થવો. એમ લેવું. અને એવા 'પ્રત્યક્ષ સદ્ગુર સમ નહિ પરોક્ષ જિન ઉપકાર' .. 'એવો લક્ષ થયા વિના ઊગે ન આત્મવિચાર.' એને જ્યાં એટલું લક્ષ ન થાય કે અનંત તીર્થંકરોથી પણ આ પ્રત્યક્ષ સદ્ગુરુની બરાબર ઉપકાર નથી, તો એને આત્મહિતનો વિચાર પણ આવ્યો નથી. ઉગ્યો જ નથી એને. એ કાંઈક બીજા લક્ષે ધર્મક્ષેત્રમાં આવ્યો છે. આત્મહિતનો વિચાર ઊગ્યો છે અને આ ક્ષેત્રમાં આવ્યો છે એટલે સુધી પણ એની યોગ્યતા નથી.

કઈ ભાવનાથી આત્મહિતનો વિચાર આવવા યોગ્ય જે ભૂમિકા છે એ ભૂમિકામાં અહીંયાં પ્રવેશ થાય છે. નહિતર આ ભૂમિકામાં પ્રવેશ નહિ થાય. આગળની તો કોઈ વાત જ સ્વીકારવાની રહેતી નથી. એટલી બધી વાત કરી દીધી. એને આત્મહિતનો વિચાર પણ ઊગ્યો નથી. આ

લક્ષ ન હોય તો. એક એક કડીમાં આ વાત લીધી છે. 'સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિન રૂપ, સમજ્યા વણ ઉપકાર શો સમજ્યે જિનસ્વરૂપ.' ત્યાં પણ ...

'આત્માદિ અસ્તિત્વના જે નિરૂપક શાસ્ત્ર, પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ ત્યાં આધાર સુપાત્ર.' સુપાત્ર જીવને, સ્વચ્છંદ રહિત દૃષ્ટિવાળા જીવને એ શાસ્ત્ર છે એ નિમિત્ત થાય છે. નહિતર તો એને પણ નિમિત્ત થતાં નથી. અથવા 'સદ્‌ગુરુએ કહ્યા જે અવગાહન કાજ' સદ્‌ગુરુએ સૂચના આપી, તું આ વાંચજે, તારા માટે આ ઠીક છે. તારા માટે આ ઠીક છે. 'તે તે નિત્ય વિચારવા... .. રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોહ' સ્વચ્છંદ ઉપર બહુ વજન છે. 'પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિનવર...' સ્વચ્છંદ રાખીને કોઈ મોક્ષ પામ્યા છે એવું બનતું નથી.

'પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી સ્વચ્છંદ તે રોકાય, અન્ય ઉપાય કર્યા થકી પ્રાયે બમણો થાય.' એ સહેલામાં સહેલો ઉપાય લીધો સદ્‌ગુરુના સમાગમમાં જવાનો. પછી આ ૧૭ મી ગાથા લીધી. 'સ્વચ્છંદ મતઆગ્રહ ત્યજી વર્તે સદ્‌ગુરુ લક્ષ, સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ.' 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય, જાતા સદ્‌ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય'. 'જે સદ્‌ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન. ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' અહીં વધારે નાખ્યું કે આટલો બધો એ મહિમા કરતા કરતા એમ કહે છે કે જે જીવ કેવળજ્ઞાન પામે છે એને પણ એ ખ્યાલ આવે છે કે આ .. એનું નામ વિનય છે. એના જ્ઞાનમાં આવે છે. ભૂતકાળમાં આના નિમિત્તે પામ્યો હતો.

'એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી વીતરાગ, મૂળ હેતુ એ માર્ગનો સમજે કોઈ સુભાગ્ય.' એવો વિનયનો, ભક્તિનો, મહિમાનો માર્ગ કો'ક સદ્‌ભાગ્ય જીવને સમજાય છે. બાકી એ પ્રત્યક્ષ સદ્‌ગુરુનો શું મહિમા છે એ બહુ ઓછા જીવને સમજાય છે. પ્રત્યક્ષ યોગનો વિષય જે જીવને સમજાય છે એ જીવનો તો છૂટકો થઈ જાય છે. એ .. ગાથાઓમાં એ વિષય વિશેષ ... બહુ શરૂઆતમાં જ આ વિષય આવી જાય છે.

મુમુક્ષુ :- કહેવાતા પંડિતો આમાં પણ ... નિમિત્ત પ્રધાનતા..

પૂજ્ય ભાઈશ્રી :- ... શાસ્ત્રોમાં છે. વસ્તુસ્થિતિ આ છે. અથવા

આ એક માર્ગની વાસ્તવિકતા છે. કલ્પનાએ કરીને કોઈ જીવ માર્ગને પામે એવું તો બને નહિ. આ માર્ગની વાસ્તવિકતા છે.

મુમુક્ષુ :- પામવું છે એને માટે આ જ વાત સત્ય વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે કાળે આ ઉપાય છે. જુઓને ! કેવી ...

**'પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. માટે વિશેષપણે પરમ ધર્મના દાતા (પ્રત્યે) પરમ ધર્મના અનુભવ (પ્રત્યે) રાગ સુખદાયક છે.'** રાગ એટલે એનો મહિમા કરવા લાયક છે. એ ભૂમિકામાં એને એ મહિમા ન આવ્યો તો જરૂર એ જીવને પોતાના વર્તમાન ઉદયમાં એટલો બધો મહિમા છે કે ત્યાંથી ઉખડીને અહીંયા આવી શકતો નથી. આત્મામાં આવવાનો તો પ્રશ્ન જ નથી. પછી ઉદય ગમે તે પ્રકારનો હોય.

મુમુક્ષુ :- પરમ ધર્મના દાતા સંત..

પૂજ્ય ભાઈશ્રી :- એનો કોઈ પ્રશ્ન નથી. ધર્માત્મા છે. ધર્મ વિદ્યમાન છે. ધર્મ વિદ્યમાન છે અને એ ધર્મી વિદ્યમાન છે એ તાત્ત્વિક દૃષ્ટિએ તો ત્યાં પવિત્ર તત્ત્વ પ્રગટ થયું છે. બસ, આટલું જોવું. તાત્ત્વિક દૃષ્ટિએ જુઓ તો પવિત્ર તત્ત્વ, ત્યાં પ્રવિત્રતા પ્રગટ છે તાત્વિક રીતે. બસ. પવિત્રતાને નમન છે. પવિત્રતાનો આદર કર. ... સીધી વાત છે. તેથી તે મહિમા સુખદાયક છે. પોતાના સુખનું કારણ છે.

**'અર્થ (લક્ષ્મી) અનંત અનર્થને કરે છે, તે કોઈ અર્થની નથી;...'**

મુમુક્ષુ :- ધર્મ, અર્થ, કામ, મોક્ષ. એમાં અર્થ

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. કામ શબ્દ લીધો છે. ... ચાર પદ છે ને. એ વાત કરે છે. એ તો Paragraph પાડતા નથી ને એટલે વિષય બદલાય જાય છે.

ધર્મની વાત લીધી છે પહેલી કે ધર્મ છે અને ધર્મના દાતા છે એનો મહિમા... અનુભવ છે તે ધર્મ છે, અનુભવના દાતા સદ્ગુરુ છે, એનો મહિમા સુખદાયક છે. અને એની સામે આ લીધું, જગતના જીવોને પૈસા સર્વસ્વ છે. એ જ પરમેશ્વર છે, એનો મહિમા છે, તો એના ઉપર તો સીધો ધોકો માર્યો છે. **'અનંત અનર્થને કરે છે,...'** કેટલા ? અનંત અનર્થને કરે છે. એમાંથી તો એક પણ સાર્થક થવું, એક વાતનું સાર્થકપણું એમાં નથી.

જેની પાછળ આખું જગત દોડે છે, એક એવો જે પૈસો, એ જ્ઞાનીઓની નજરમાં એનું સ્થાન શું છે ? કે અનંત અનર્થનું કરનારું આ છે. અનંત અનર્થને કરે છે. ઊલટી-સુલટી આંકણી છે. ઊલટી-સુલટી છે એકદમ. એટલે ક્યારે પણ જ્ઞાની હોય છે એ બહારના શ્રીમંતોની, પૈસાવાળાની ખોટી પ્રશંસા કરતા નથી. એનું કારણ છે કે એને મૂળ કિંમત આવી નથી. જગતને કિંમત આવી છે એટલે જગત પ્રશંસા કરે છે. જ્ઞાનીની નજરમાં તો આ બીજી વાત છે. એ તો કહે, અનર્થનું કારણ છે. આ વિચારો પણ આની પાછળ જશે (તો) દુર્ગતિમાં ચાલ્યો જશે. એને એની કરુણા આવે છે તો રોકવા અને બચાવવા બે શબ્દ કહે છે. એને એની પાછળ દોડાવતા નથી.

**'અર્થ (લક્ષ્મી) અનંત અનર્થને કરે છે, તે કોઈ અર્થની નથી;...'** અર્થ નામ પ્રયોજન. તેનાથી કોઈ પ્રયોજન સરતું નથી. કેમ કોઈ પ્રયોજન સરતું નથી ? જગતના બધા કાર્યો પૈસાથી થાય છે. એ જેટલા કાર્યો પૈસાથી થાય છે એમાંથી એકેય કાર્ય આત્માનું નથી. આત્માનું કેટલું થાય ? આત્માનું તો એકેય કાર્ય થતું નથી. **'તે કોઈ અર્થની નથી;...'** આત્માનું કોઈ પ્રયોજન તેનાથી સરતું નથી.

**'અર્થ તો તે જ કે જે પરમાર્થને સાધે.'** કેવું સૂત્ર મૂક્યું છે ! અર્થ તો તેને કહીએ કે જે પરમાર્થને સાધે. આમ તો લક્ષ્મી એટલે પૈસો. પૈસાને લક્ષ્મી કહે છે. એનું મૂળ છે એ સંસ્કૃત ધાતુ લક્ષમ છે. જ્ઞાન. જ્ઞાન. કેવળજ્ઞાન લક્ષ્મી, જ્ઞાનલક્ષ્મી. ખરેખર તો એ આત્માનું જે જ્ઞાન છે એ આત્માની લક્ષ્મી છે. અહીંયાં એ અર્થ છે ખરેખર તો. આત્માનું જે જ્ઞાન તે અર્થ છે અને તે અર્થ એવો છે કે જે પ્રયોજનને સાધે છે. આમ છે. અર્થ તો તે જ કે જે પરમાર્થને સાધે. જે જ્ઞાન પરમાર્થને સાધે, પરમ પ્રયોજનને સાધે તે જ્ઞાન લક્ષ્મી સાચી. બાકી બધી 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો ધૂળ કહેતા હતા, ધૂળ છે. શું છે એ ? ધૂળ છે. અને શ્રીમંતો છે એ ધૂળના ધણી છે એમ કહેતા. શું કહેતા ? ધૂળના ધણી છે. એટલી તુચ્છતાથી એ વિષય લેતા.

**'અર્થ તો તે જ કે જે પરમાર્થને સાધે. તેના દ્વારા કામથી શું કામ ?'** કામ એટલે ઇચ્છા. ઇચ્છાથી શું કામ ? **'નિજ કામનાથી કામ, તે જ સુકામને સુધારે.'** કામના એટલે ભાવના. અહીંયાં નિજ કામના

એટલે નિજ ભાવના. નિજ સ્વરૂપ પ્રાપ્તિની કામના એટલે ભાવના.

મુમુક્ષુ :- 'પરમાત્મપ્રકાશ'ના પ્રવચન ચાલે છે એમાં આવું જ હતું.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે આ ચાર પદ લૌકિકમાં પ્રસિદ્ધ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અન્યમતમાં પણ પ્રસિદ્ધ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પણ દરેક પછી પોતપોતાની સમજણ પ્રમાણે એનું અર્થઘટન કરે છે. અહીંયાં તો બધું ... છે. અધ્યાત્મમાં ઉતાર્યું છે.

'**તેના દ્વારા કામથી શું કામ** ?' અથવા પૈસા દ્વારા જે કાંઈ ઇચ્છાઓ છે એનાથી શું કામ ? કે એ તો અનર્થને સાધે છે. દુર્ગતિમાં લઈ જાય છે. '**નિજ કામનાથી કામ,...**' પોતાના સ્વરૂપપ્રાપ્તિની ભાવના એ ખરી કામના છે. એ નિજ કામના છે. સ્વરૂપની કામના. તે જ કામ છે અને '**તે જ સુકામને સુધારે,...**' છે. તે જ પોતાના સુકામ એટલે પોતાની વર્તમાન પર્યાયને પવિત્ર કરે છે. સુધારે છે એટલે દોષનું નિવારણ કરે છે અને ગુણને પ્રગટ કરે છે. એ ખરેખર કામ છે. બાકી બધા જગતના કામ છે એ તો એકલા નુકસાનના કારણ છે. અવગુણને ઉત્પન્ન કરે છે અથવા એ બધા કામ દુઃખદાયક થઈ પડે છે. એ બધા કામ છે એનો સરવાળો દુઃખમાં આવે છે. ક્યાંય સુખનો સરવાળો આવતો નથી.

'**મિથ્યારૂપ ધર્મ અનંત સંસારને કરે, તે ધર્મ શાનો** ?' જે ધર્મ મિથ્યારૂપ ધર્મ છે એટલે સાચો ધર્મ નથી, નામ જેનું ધર્મ છે પણ ખોટો ધર્મ છે, આત્માને હિત નથી કરતો એવો ધર્મ છે, બંધનમાં નાખે એવો ધર્મ છે, ચાર ગતિમાં પરિભ્રમણ જન્મ-મરણને ઉપજાવે એવો ધર્મ છે, એ અનંત સંસારને કરે તે ધર્મ શાનો ? એને ધર્મ કહેવાય નહિ. જગતમાં ભલે ધર્મને નામે હજારો વાત ચાલતી હોય પણ જેનાથી સંસાર તરાય તે ધર્મ. ચાર ગતિમાં ફરવાનું થાય એને ધર્મ કહી શકાય નહિ. એ ધર્મ શાનો ? એમ કહે છે. એને ધર્મ કોણ કહે ?

મુમુક્ષુ :- અહીંયા ધર્મ એટલે પુણ્ય લેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યારૂપ ધર્મ એટલે કોઈપણ પ્રકારે ધર્મનું ગમે તે.. એ અધર્મ જ છે. અધર્મને ધર્મનું નામ આપવામાં આવ્યું છે. એનાથી ચાર ગતિ ફળે, અથવા જે રાગથી એકત્વ થાય, જેનાથી-

પરપદાર્થથી એકત્વ થાય એવું મિથ્યાત્વ, જ્ઞાન અને દર્શનમાં, શ્રદ્ધાનમાં અને જ્ઞાનમાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય, વસ્તુ સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે એ ભિન્ન-ભિન્ન સ્વીકારવામાં ન રહે એ ધર્મ શેનો ? એ કોઈ ધર્મ છે નહિ.

**'મિથ્યારૂપ ધર્મ અનંત સંસારને કરે, તે ધર્મ શાનો ? સર્વજ્ઞપ્રણીત નિશ્ચયનિજધર્મ છે.'** સર્વજ્ઞને લીધા. ખરેખર નિશ્ચય ધર્મ, સાચો ધર્મ સર્વજ્ઞએ નિરૂપણ કર્યો. એ વિના ધર્મનું નિરૂપણ હોઈ શકે નહિ. ....

'હું અનંત સામર્થ્યમય એકાકાર પિંડ-દળ છું' એવી દ્રવ્યદષ્ટિમાં પર્યાયદષ્ટિનો અભાવ છે. જ્ઞાનમાં અભિપ્રાય હંમેશા દ્રવ્યદષ્ટિ અનુસાર જ હોય છે. તેથી પર્યાય જણાય છે તો પણ તેમાં ફેરફાર કરવાની બુદ્ધિ થતી નથી, એટલે કે એમ જણાય છે કે હું અપરિણામી સદાય એકરૂપ રહેતો થકો, સ્વયં પરિણમતા પરિણામમાં ફેરફાર કરી શકતો નથી, અક્રિય છું તેવી વસ્તુસ્થિતિ અચલિત છે. આ દ્રવ્યના અનુભવમાં ધ્યેયની પૂર્ણતા અને માર્ગની નિઃશંકતા વર્તે છે, તેમજ વિચિત્ર વર્તતા પર્યાયમાં થતા ફેરફારનું સમાધાન પણ થઈ જાય છે. અશુભભાવમાં સહજ ખેદ, શુભ ભાવમાં થોડો ઉત્સાહ અને સ્વરૂપ લીનતામાં શુદ્ધતા જ્ઞાનીને થઈ આવે છે, તો પણ ક્યાંય ફેરફાર કરવાની 'બુદ્ધિ' થતી નથી, એ જ પૂર્વ જ્ઞાની ગુરુ વચનોનો સાક્ષાત્કાર છે. 'સબ આગમ ભેદ સો ઉર બસે' એવી દશા દ્રવ્ય-દષ્ટિ થતાં થાય છે. દષ્ટિ શ્રદ્ધાનો પુટ લાગવાથી પુરુષાર્થ આદિ ઉગ્ર થવાનો સહજ સ્વભાવ છે. (અનુભવસંજીવની - ૧૧૪૮)

## તા. ૧૯–૪–૧૯૮૬, પાના નં. ૮૬, પ્રવચન નં. ૧૫૩

પાનું-૮૬. નીચેના પેરેગ્રાફની પાંચમી લીટી. ... અનુસરવામાં આવે છે. એવા પ્રકારના પરિણામ લૌકિક પાપ જેવા ચોખ્ખા પાપના પરિણામ હોતા નથી. તોપણ તે તીવ્ર મિથ્યાત્વ સહિતના હોવાથી અનંત સંસારે કરે છે. અથવા સંસારમાં સંસાર પરિણામમાં થતાં અનેક પ્રકારના જે પુણ્ય-પાપના પરિણામ, એનું મૂળિયું મિથ્યાધર્મ છે. મિથ્યાધર્મને લઈને સંસાર પાંગરે છે.

મનુષ્યપ્રાણી તો કોઈને કોઈ ધર્મ મત અને સંપ્રદાયમાં હોય જ છે. પણ એ સમ્યક્ ધર્મ છે-સંસારથી તરાય એવો ધર્મ છે કે નહિ ? એ વાત, એ વિષય બરાબર પરીક્ષા કરીને, એના ઊંડાણમાં જઈને, એના તત્ત્વમાં જઈને એનો બરાબર નિશ્ચય કરવો ઘટે છે.

‘**મિથ્યારૂપ ધર્મ અનંત સંસારને કરે, તે ધર્મ શાનો ?**’ જે સંસારને વધારે, સંસાર પાંગરે તે ધર્મ શાનો ? તે ખરેખર ધર્મ નથી પણ એ અધર્મ છે. અહીંયાં કહે છે કે ‘**સર્વજ્ઞપ્રણીત નિશ્ચયનિજધર્મ છે,...**’ સર્વજ્ઞ પરમાત્માએ આત્માને કેવળજ્ઞાનમાં જેવો પદાર્થ છે એવા પદાર્થના મૂળ સ્વરૂપે જોયો છે. અને જેવો પદાર્થ છે તેવા જ તેના પરિણામ (થાય) એને ખરેખર નિશ્ચય નિજધર્મ કહેવામાં આવે છે. વસ્તુનો જેવો સ્વભાવ (છે) એ સ્વભાવ સ્વરૂપ જે પરિણામ (થાય) એ પરિણામને ધર્મ કહેવામાં આવે છે. એ નિશ્ચય નિજધર્મ છે. સર્વજ્ઞ પરમાત્માએ તો એવા ધર્મનું પ્રતિપાદન કર્યું છે. એ ધર્મ છે તે સત્યધર્મ છે. એ ધર્મ છે તે જીવનો નિજધર્મ અથવા આત્મધર્મ છે અને એ સિવાય ધર્મની જે કાંઈ માન્યતા છે એ મિથ્યારૂપ ધર્મની માન્યતા છે. અનંત સંસારને વધારનારી વાત છે.

‘**સર્વજ્ઞપ્રણીત નિશ્ચયનિજધર્મ છે, વ્યવહારરત્નત્રયરૂપ કારણ છે.**’ એવા નિશ્ચય નિજધર્મની સાથે સાથે એ નિશ્ચય નિજધર્મ બહારમાં કોઈપણ લક્ષણથી નથી જણાતો તેથી અહીંયાં એક મર્યાદા બાંધવામાં આવે છે કે એવા જીવને વ્યવહારના પરિણામ વ્યવહારરત્નત્રયરૂપ હોય

છે. તેને વિપરીત અભિનિવેશપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય, વિપરીત અભિનિવેષપૂર્વક એને નવ તત્ત્વનું શ્રદ્ધાન હોય, વિપરીત અભિનિવેશપૂર્વક એને પોતાના આત્મસ્વરૂપનું શ્રદ્ધાન હોય એવું જેને અનુસરતું સ્વપરપ્રકાશક વિવેકવાળું સમ્યગ્જ્ઞાન હોય, ગુણસ્થાન અનુસાર આચરણ હોય, એ પ્રકારે બહારમાં પણ એની મર્યાદામાં ન હોય તો અંદરમાં નિશ્ચયનિજધર્મ છે એ વાતને સ્વીકારવા જેવી રહેતી નથી. કોઈને માત્ર વ્યવહારરત્નત્રયરૂપ બાહ્ય પરિણામ હોય તો એને નિશ્ચયનિજધર્મ છે એમ પણ માનવું જોઈએ નહિ. તો પછી નિશ્ચયનિજધર્મ છે કે નહિ ? એથી આગળ એક વિષય વિચારવાનો, તપાસવાનો, જાણવાનો બાકી રહે છે.

'**વ્યવહારરત્નત્રયરૂપ કારણ છે, મોક્ષ તે જ કે જે ફરી કર્મ ન બાંધે,...**' જગતની અંદર મોક્ષને અનેક રીતે કલ્પનાથી વિચારવામાં આવ્યો છે. આસ્તિક્ય દર્શનો, જૈન સિવાયના આસ્તિક્ય દર્શનો મોક્ષને સ્વીકારે છે તોપણ એ એવા મોક્ષને સ્વીકારે છે કે જે ફરીને સંસારમાં જન્મને ધારણ કરે છે. જન્મ ધારણ તે જ કરે કે જેને આયુષ્યકર્મ વગેરે આઠેય પ્રકારના કર્મ બંધાયા હોય તે જન્માદિ ધારણ કરે.

વિચિત્ર વાત એ છે કે મુક્તિ થયા પછી જન્મ-મરણના ફેરા ટળે એમ કહે. એ લોકો એમ તો કહે. પણ પાછા જે ઈશ્વર હોય, મુક્તાત્મા હોય એને પાછા અવતાર અને જન્મનો સ્વીકાર કરે. આ એક વિચિત્ર વાત છે. અહીંયાં તો કહે છે કે મોક્ષ તો તે જ કે જે ફરીને કર્મ ન બાંધે. જે સંપૂર્ણ મુક્તદશામાં આવે એને ફરીને કર્મ બંધાય એવા વિભાવિક પરિણામ થાય એવું બની શકતું નથી.

'**(માટે) આમ વિચારવું કે-જેવી રીતે દીપકને મંદિરમાં ધરવાથી પ્રકાશ થાય તો સર્વ સૂઝે,...**' મંદિર કહો, ઓરડો કહો, નાનું કોઈ સ્થાન છે એવા સ્થાનમાં દીવો રાખવામાં આવે તો પ્રકાશ થાય અને પ્રકાશ થાય તો તે સ્થાનમાં રહેલા જે-તે પદાર્થો છે તે સૂઝે કે અહીંયા આ પડ્યું છે, અહીંયાં આ પડ્યું છે. મકાન, મંદિર, ઓરડો. જ્યાં જે-તે વસ્તુઓ પડી છે એ અંધારામાં ન દેખાય પણ પ્રકાશ દીવાનો રાખવામાં આવે તો ત્યાં જે-તે પદાર્થોનું અસ્તિત્વ જણાય છે. '**એમ જ્ઞાનીને જ્ઞાનપ્રકાશથી સર્વ સૂઝે.**' જ્યાં પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન

થયું કે હું એક સિદ્ધ સમાન એવો આત્મા છું, ત્યાં એને સર્વ સૂઝે છે. સર્વ વિવેક આવે છે. ત્યાં મને બંધન શું ? મુક્તિ શું ? દુઃખનું કારણ શું ? સુખનું કારણ શું ? અન્ય પદાર્થો, એની ભિન્નતા શું ? એનું સ્થાન શું ? મારું સ્થાન શું ? દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્થાન શું ? વ્યવહાર શું ? નિશ્ચય શું ? એ બધું સર્વ સૂઝે છે એને.

જ્યાં પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે, એવો સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થાય છે ત્યારે જ્ઞાનીને જ્ઞાનપ્રકાશથી સર્વ સૂઝે છે. એને બધો વિવેક આવે છે. એવું નથી કે જ્ઞાનીને આત્માનું જ્ઞાન થાય અને બહારનો વિવેક ન હોય એવું બનતું નથી. બધું જ્ઞાન બરાબર હોય છે. એક જાણવાના વિષયમાં ક્ષયોપશમજ્ઞાન એ ભલે ઓછું હોય, ફેરફારવાળું હોય, એનો અહીંયાં મુદ્દો નથી. પણ જ્યાં પ્રયોજનનો વિષય છે ત્યાં તો એને બરાબર સર્વ વિવેકવાળું યથાસ્થિત યોગ્ય જ સૂઝે છે. એમાં અહિતકર પરિણામને હિતકર માને, હિતકરને અહિતકર માને એવું કદી જ્ઞાનીને બનતું નથી.

**'જેવી રીતે દીપકને મંદિરમાં ધરવાથી પ્રકાશ થાય તો સર્વ સૂઝે, એમ જ્ઞાનીને જ્ઞાનપ્રકાશથી સર્વ સૂઝે.'** જ્ઞાનીને નિર્મળ જ્ઞાનમાં જે કાંઈ હિત-અહિતનો વિષય છે એનો બરાબર પ્રકાશ હોય છે. એનું બરાબર વિવેક અને સમજવું હોય છે. એ વિષયમાં એનું જ્ઞાન કદાપિ ભૂલ ખાતું નથી. **'કેવી રીતે ? જ્ઞાન વડે વિચારે-શરીરમાં ચેતન છે.'** શરીરમાં એટલે શરીર જે સ્થાનમાં છે તે સ્થાનમાં ચેતન છે. જ્ઞાન વડે વિચારે એટલે જ્ઞાન વડે જાણે, જ્ઞાન વડે જુવે. વિચારવાનો અર્થ અહીંયાં જ્ઞાનથી સીધું એ જોવે છે કે આ શરીર છે ત્યાં જે ચેતનપદાર્થ છે તે હું છું.

જેમાં **'દષ્ટિદ્વારથી દેખે છે, (જેમાં) જ્ઞાનદ્વારથી જાણે છે.'** જ્ઞાનદ્વાર એટલે ઉપયોગથી. દર્શન ઉપયોગથી દેખવાનું થાય છે, જ્ઞાન ઉપયોગથી જાણવાનું થાય છે. એવો એક જ્ઞાનમય ચૈતન્યપદાર્થ જ્યાં શરીર છે ત્યાં હું છું. એવા ચૈતન્યપદાર્થને જોવે. વિચારે એટલે જોવે. જોવે-અવલોકે. તર્ક કરે એમ નહિ. વિચારે એટલે તર્ક કરે એમ નહિ. વિચારે એટલે જોવે કે હું છું. અવલોકે. બે જુદો જુદો વિષય છે.

મુમુક્ષુ :- આપણે આત્મ અવલોકન આવશે હવે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો 'આત્મ અવલોકન' ગ્રંથ છે એમાં અવલોકન શબ્દ અનુભવના અર્થમાં એમ લેવો. એમણે આખા ગ્રંથમાં અનુભવના અર્થમાં લીધો છે. આપણે અવલોકવાનો અર્થ નિરિક્ષણ કરવું, જોવું, તપાસવું, અદ્ધરથી તર્ક કરીને વિચારવું એમ નહિ પણ જોઈને નક્કી કરવું, નિર્ણય કરવો એવો એક સામાન્ય અવલોકનનો અર્થ થાય છે. એ પણ થાય છે અને અવલોકનનો અર્થ અનુભવ પણ થાય છે. શાસ્ત્ર પરિભાષામાં અવલોકનનો અર્થ અનુભવ વિશેષપણે ખાસ કરીને કહે છે.

જોવે કે **'દષ્ટિદ્વારથી દેખે છે,...'** પોતે પોતાને જોવે કે પોતે દષ્ટિદ્વારથી દેખે છે. પોતે **'જ્ઞાનદ્વારથી જાણે છે.'** દ્વાર એટલે ઉપયોગ. જ્ઞાનોપયોગથી જાણે છે, દર્શન ઉપયોગથી પોતે દેખે છે. એમ પોતાના ચાલતા પરિણામને પકડીને, અનુભવને પકડીને જાણે. **'પોતાના ઉપયોગ વડે ચેતન છે.'** કેવી રીતે નક્કી કરે ? કે પોતાના ઉપયોગ વડે પોતે ચેતન છું એમ નક્કી કરે. ઉપયોગને લક્ષમાં લઈને, ઉપયોગથી ચેતનને નક્કી કરે. ઉપયોગમાં જે ચેતના છે (તે હું છું). ચેતના છે એનું મુખ્ય કાર્ય અનુભવ કરવાનું છે. ચેતનાનું મુખ્ય કાર્ય ચેતવાનું છે એટલે અનુભવ કરવાનું છે. તો જે સદાય અનુભવ કરી રહ્યો છે, અનુભવ કરવાનો જેનામાં ધર્મ છે, એવો અનુભૂતિસ્વરૂપ ચૈતન્યપિંડ તે આત્મા છે એમ પોતાને જાણે. એમ ચેતન ઉપયોગથી પોતાના ચેતનપણાને જાણે. ચૈતન્ય ઉપયોગથી ચેતનપણાને જાણે. એવું પોતાનું ચેતન સ્વરૂપ જાણે.

**'પોતે એવું જાણે કે દેહમાં દેહને દેખનારું મારું સ્વરૂપ ચેતનરૂપ છે.'** દેહ પોતે દેહને જાણતો નથી. શરીર શરીરને જાણતું નથી. શરીરમાં પોતાને જાણવાનો ધર્મ નથી. પરમાણુમાં પરમાણુને જાણવાનું કોઈ કાર્ય નથી. શરીર છે એમ જાણ્યું છે ને કે અજ્ઞાનથી હું શરીરસ્વરૂપે છું, આવો છું... આવો છું... એમ એ કલ્પના (કરે છે). જેવો શરીરનો દેખાવ છે એવો હું, એમ એણે કલ્પના કરી. તો કહે છે કે શરીર જાણતું નથી, પણ શરીરને જાણનારો ત્યાં કો'ક ચેતન જુદો છે. ચેતન જુદો, શરીર જુદું. એમ પોતે એવું જાણે કે **'દેહમાં દેહને દેખનાર મારું સ્વરૂપ ચેતનરૂપ છે.'** હું તો ચેતનસ્વરૂપે છે. દેહસ્વરૂપે હું બિલકુલ નથી. દેહ

એક પરમાણુના જથ્થાનો સંયોગ છે. જગતમાં અનંત પરમાણુઓ વિદ્યમાનતા ધરાવે છે, એમાંના કેટલાક પરમાણુનો જથ્થો આ દેહરૂપે નજીકમાં, સંયોગમાં છે. પણ એમાંના કોઈ રજકણરૂપે કે એ રજકણના કોઈ અંશરૂપે હું ચેતનસ્વરૂપી આત્મા બિલકુલ નથી. આમ દેહાત્મબુદ્ધિથી આખું વિરૂદ્ધ અને ઊલટું જ જાણવું છે.

**'મારું સ્વરૂપ ચેતનરૂપ છે. તો જડને હલાવે છે,...'** અથવા ચેતનના અસ્તિત્વમાં જડનું હલનચલન જોવામાં આવે છે. મડદાનું એ પ્રકારે હલનચલન જોવામાં આવતું નથી. ચેતનના સંયોગમાં, હલનચલન જે જોવામાં આવે છે એ તો ચેતનના સંયોગમાં જોવામાં આવે છે. મડદું એ રીતે હલનચલન કરતું નથી. ત્યાં પણ ચેતન પકડાવવું છે. અહીંયાં એવો સિદ્ધાંત નથી સમજાવવો કે જડ ચેતનને હલાવે છે કે નથી હલાવતું. એ વાત અહીંયાં વિચારવાની જરૂર નથી. એ દ્રવ્યાનુયોગનો સિદ્ધાંતિક જ્ઞાનનો વિષય અહીંયાં ચાલતો નથી.

અહીંયાં તો ચેતન છે તો ચેતનને લઈને એની ચેતના કેવી રીતે જણાય છે ? કે શરીરના હલનચલન ઉપરથી પણ ચેતનાને જોવી. શરીરના હલનચલન ઉપરથી પણ ચેતનાને જોવી કે એક મડદું હોય તો હલનચલન ન હોય. ચેતના સંયોગમાં હોય તો હલનચલન હોય. એમાંથી ચેતનાને લેવી. ચૈતન્યને જોવું.

**'ચેતન પ્રેરક છે.'** ઈચ્છા વગેરે છે ને ? એટલે એને નિમિત્તથી હલનચલનમાં પ્રેરક ગણવામાં આવે છે. જેમ મુનિ જોઈને ચાલે. મુનિ જોઈને પગ મૂકે. તો એ જોઈને પગ મૂકે એમ કહેવું છે ત્યાં એને બીજા જીવો પ્રત્યેની રક્ષા કરવાનો અહિંસાનો પરિણામ ત્યાં કેવી રીતે વર્તી રહ્યો છે એટલું જ બતાવવું છે. પગ મૂકી શકે, ન મૂકી શકે એ વિચારણા ત્યાં ચાલતી નથી અને એ વિષય પણ ત્યાં ચાલતો નથી. એટલે એ વાત વચ્ચે વિચારવામાં ન આવવી જોઈએ. તો કહેવા ધારે છે એ સમજાય.

એમ અહીંયાં જડ-ચેતનના સંયોગરૂપે આ મનુષ્યપણું છે તો એમાં જે શરીરનું હલનચલન, શરીરના હલનચલન, પ્રેરણા અનુસારનું હલનચલન (થાય છે) એ શરીરના સંયોગમાં રહેલા ચૈતન્યતત્ત્વને પ્રસિદ્ધ કરે છે. ચૈતન્યની હયાતી ત્યાંથી પકડવી છે. કહેવા પાછળ એવો

દૃષ્ટિકોણ છે. એ રીતે '**ચેતનપ્રેરક છે.**'

'**અચેતન અનુપયોગી જડ દેખતું નથી,...**' અચેતન અનુપયોગી જડ દેખતું નથી, '**જાણતું નથી એ પ્રસિદ્ધ છે.**' અચેતન અને અનુપયોગી. જેમાં ચૈતન્યપણું નથી, જેમાં જાણવાનો વ્યાપાર નથી એવું જે આ જડ શરીર તે દેખતું નથી, તે જાણતું નથી એ પ્રસિદ્ધ છે. જડ દેખતું-જાણતું નથી એ વાત તો પ્રસિદ્ધ છે. પણ જ્યાં સંયોગીક કાર્ય જોવામાં આવે છે ત્યાં જીવને ભ્રાંતિ થાય છે કે શરીરના કાર્યો હું કરું છું અને શરીરના માધ્યમથી બીજા પદાર્થોના કાર્યો પણ હું કરું છું. એમાં એકલું ચૈતન્ય, ભિન્ન ચૈતન્ય, છૂટું ચૈતન્ય જણાવું જોઈએ એ એને લક્ષમાં રહેતું નથી. ત્યાં અજ્ઞાન થાય છે. એ દુઃખનું મૂળ છે અથવા એ બંધનનું મૂળ છે. જ્યાં પદાર્થો ભિન્ન ભિન્ન હોવા છતાં એની ભિન્નતા ચૂકાઈ જવાય છે ત્યાં જીવને બંધન થાય છે. એ બંધનું કારણ છે.

'**અચેતન, અનુપયોગી જડ દેખતું નથી, જાણતું નથી એ પ્રસિદ્ધિ છે.**' આમ વિષય એટલો સૂક્ષ્મ ભલે ન લાગે પણ એને અનુભવ પદ્ધતિમાં લઈને સમજવો જોઈએ. પોતાના ચાલતા રોજિંદા અનુભવમાં એને ઉતારીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અથવા ચાલતા ઉદયમાં એ વાતને સાથે લેવી જોઈએ. તો એની સૂક્ષ્મતા શું છે એ પણ સમજાશે અને એ વિષયમાં ભૂલ થાય છે એ ભૂલ ટાળવામાં શું પુરુષાર્થ છે, શું પ્રયત્ન છે એ પણ ત્યાં સમજાશે.

જ્યારે એ ચાલતા ઉદયમાં ભિન્ન પડવાનો પ્રયત્ન કરે ત્યારે એને સમજાય છે કે ત્યાં પુરુષર્થને શું કાર્ય કરવાનું છે અને ત્યાં જ્ઞાનની સૂક્ષ્મતા, જ્ઞાનનો વ્યાયામ ત્યાં કેટલો છે ? કેટલી પ્રેક્ટિસ કરે, કેટલી એક્સરસાઈઝ કરે ત્યારે એ સિદ્ધ થાય એવી વાત છે. એ ત્યારે સમજાય.

અભ્યાસમાં પણ એમ આવે છે ને ? નિશાળની અંદર, કોલેજની અંદર જે અભ્યાસ હોય છે એમાં જે પ્રકરણ હોય છે એ પ્રકરણ અનુસાર નિરૂપણ કરી દે. પછી આખું પ્રકરણ પૂરું થાય એટલે એની એક્સરસાઈઝ પછી શરૂ થાય. એટલે એના ક્રોસ ક્વેશ્ચન ઊભા કર્યા હોય. તમને જે સમજાયું હવે અમે પ્રશ્ન પૂછીએ છીએ. કે અહીંયાં આનું કેમ થાય ? આ આમ કેમ થયું ? આનું કેમ ? આમ કેમ ? તો એ

અભ્યાસ બરાબર પાકો થાય અને એમાં ભૂલ ન રહે એના માટે એને એક્સરસાઈઝ કહેવામાં આવે છે.

એમ અહીંયાં પણ જે વાત સમજવામાં આવે છે એને જો ઉદયના કાર્યની અંદર, ઉદયના સમયે એને જો પ્રેક્ટિસમાં મૂકવામાં ન આવે તો એ વિષયની ખુબી જણાતી નથી. અથવા એ વિષય જે રીતે જાણવો જોઈએ, અનુભૂત થવો જોઈએ એ રીતે એ જાણવા કે અનુભવવામાં આવતો નથી.

**'અચેતન અનુપયોગી જડ દેખતું નથી, જાણતું નથી એ પ્રસિદ્ધ છે. જો શરીર દેખતું, જાણતું હોય તો જ્યારે જીવ ગત્યંતર થાય છે ત્યારે શરીર કેમ દેખતું નથી ?'** બીજી ગતિમાં જાય છે. જ્યારે જીવ આ શરીરનું સ્થાન છોડીને, ક્ષેત્ર છોડીને બીજી ગતિમાં ચાલ્યો જાય છે ત્યારે એ શરીરમાં કેમ હલનચલન, દેખવું-જાણવું, કોઈ કાર્ય, પ્રેરણા આદિ જોવામાં આવતું નથી ? એના ઉપરથી ભિન્ન ચૈતન્યના અસ્તિત્વને ગ્રહણ કરવું. ચૈતન્યની હયાતી જુદી છે, શરીરના દેહની-જડની હયાતી જુદી છે. આમ બેની હયાતી જુદી જુદી લેવી છે.

**'જો શરીર દેખતું, જાણતું હોય તો જ્યારે જીવ ગત્યંતર થાય છે ત્યારે શરીર કેમ દેખતું નથી ?'** અથવા આ આંખથી જોવે છે એમ માણસ કહે છે. એક્સીડન્ટ થઈને કોઈની આંખ નીકળી ગઈ. એવી રીતે એક્સીડન્ટ થયો કે આંખ એની નીકળી ગઈ. તો એ નીકળી ગયેલી આંખ જોશે કે નહિ જોવે ? જો આંખ જોવે છે તો એ આંખ જોશે કે નહિ જોવે ? આંખ જોશે નહિ. ભલે ગત્યાંતર નથી થયું. એ જીવ ત્યાં ને ત્યાં રહ્યો છે, એણે એ દેહ છોડ્યો નથી. પણ જડ શરીર જાણતું નથી અથવા જડ શરીર છે એમાં ચેતના નથી તો એ અનેક રીતે પ્રત્યક્ષ પ્રયોગથી પણ સિદ્ધ થઈ શકે એવી વાત છે.

અહીંયાં તર્ક માત્ર નથી. જો અને તો કરીને વાત લીધી છે કે જો શરીર દેખતું-જાણતું હોય ત્યારે તો ગત્યાંતર થાય ત્યારે કેમ દેખતું નથી ? એ તર્ક નથી. એ પ્રયોગ છે. આ પ્રયોગસિદ્ધ વાત છે કે અહીંયાં દેખવા-જાણવાનું કોઈ કાર્ય થતું નથી. ભલે દેહાત્મબુદ્ધિએ તેં દેહને આત્મા માન્યો છે પણ ચૈતન્યનું અસ્તિત્વ તારે સ્વીકારવું જ પડે એવી વાત છે. અનિવાર્ય વાત છે. કેમકે જીવ ગત્યાંતર થતાં દેહની પછી

અંતિમ સંસ્કાર, અંતિમ ક્રિયા કરી નાખવામાં આવે છે. દેહને આત્મા માન્યો છે તો તું દેહને રાખી લે. તું એમ કહે છે કે મારે તો દેહથી કામ છે. આત્માથી શું કામ થાય ? મને શું ખબર પડે ? આત્મા તો જણાતો નથી. દેહ જણાય છે અને દેહથી કામ થતાં જણાય છે. તો કોઈ દેહને રાખી શકતું નથી કે રાખતું નથી. દેહ રહેવા છતાં આત્મા નથી તો એ વ્યક્તિ નથી એમ ગણવામાં આવે છે. એનો અર્થ એ છે કે ત્યાં આત્માની કિંમત હતી, દેહની નહિ.

'**માટે આ દેખવા-જાણવા વડે પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ બરાબર નિશ્ચય કરી,...**' અહીંયાં વજન છે. પ્રત્યક્ષ ઉપર વજન છે. '**માટે આ દેખવા-જાણવા વડે...**' આ જેટલી વાત લીધી, કથનની અંદર જે વાત લીધી એ વિચારણાનો વિષય નથી, પણ જોઈને અવલોકીને નક્કી કરવાનો વિષય છે. એ ક્યાંથી કાઢ્યું ? કે પ્રત્યક્ષ નિશ્ચય કરે છે ત્યાંથી કાઢ્યું. જો વિચારમાં એકલી વિચારણા અને તર્કણાનો વિષય હોય તો પરોક્ષ નિશ્ચય થાય. અનુમાનથી. ત્યાં આમ છે માટે આમ હોવું જોઈએ અને આમ છે માટે આમ હોવું જોઈએ. આમ છે માટે આમ હોવું જોઈએ. માટે આમ છે માટે આમ હોવું જોઈએ. એ બધી પરોક્ષ વિચારણા અને તર્કણાનો વિષય થઈ ગયો. પણ અહીંયાં વિચારે એ શબ્દ લીધો છે છતાં એ વાત નથી એની ખાતરી અહીંથી થાય છે. એમની પદ્ધતિ કઈ છે ? શબ્દપ્રયોગ ગમે તે થાય, પણ એમની પદ્ધતિ શું છે ? કે પ્રયોગથી પ્રત્યક્ષ નક્કી કરવાની પદ્ધતિ છે.

'**માટે આ દેખવા-જાણવા વડે પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ બરાબર નિશ્ચય કરી, સ્વરૂપને ચેતન માની, અચેતનનું અભિમાન તજવું (તે) મોક્ષનું મૂળ છે.**' આમ લીધું. પ્રત્યક્ષ નિશ્ચય કરવો. પોતાની પ્રત્યક્ષતાથી જે નિશ્ચય થાય છે એ નિશ્ચયમાં ફેર પડતો નથી. જેમ કોઈએ કોઈ પદાર્થનું વર્ણન કર્યું અને એવો ભળતો પદાર્થ (સામે આવે), બિલાડીનું વર્ણન કર્યું અને વાઘ બતાવ્યો, વાઘનું વર્ણન કરીને બિલાડી બતાવે તો ભૂલ થાય કે આ વાઘ છે કે બિલાડી કેમ નક્કી કરવું ? પણ પદાર્થ સામે દેખાડે કે આ બિલાડી. પછી વાઘ આવે તો ભૂલ થાય નહિ. એમ પ્રત્યક્ષ જે દેખવા-જાણવાના ઉપયોગ વડે, દેખવા-જાણવાના પ્રત્યક્ષ લક્ષણ વડે જ્યારે ચેતનરૂપ પદાર્થનો નિશ્ચય કરવામાં આવે છે

એટલે પોતાના વ્યક્ત પ્રત્યક્ષ લક્ષણ વડે અવ્યક્ત પ્રત્યક્ષ સ્વરૂપનો નિશ્ચય કરવામાં આવે છે, અવ્યક્ત પણ પ્રત્યક્ષ છે, અવ્યક્ત છે એટલે એ પર્યાયરૂપ પ્રત્યક્ષ નથી, પણ એમાં શક્તિરૂપ પ્રત્યક્ષતા છે.

દિવાસળીની જાળ છે એ મર્યાદિત હોય છે પણ એની બાળવાની શક્તિ કાંઈ મર્યાદિત નથી હોતી, શક્તિ અમર્યાદિત હોય છે. એમ પ્રત્યક્ષ જ્ઞાનના ઉપયોગમાં પ્રત્યક્ષપણું મર્યાદિત છે પણ એની શક્તિ અમર્યાદિત પ્રત્યક્ષ છે આત્મા, અનંત પ્રત્યક્ષ છે. એવો એનો બરાબર સહજ પ્રત્યક્ષપણાનો બરાબર નિશ્ચય કરવામાં આવે અને તે રૂપે સ્વરૂપને ચેતનપણે સ્વીકારવામાં આવે, માનવામાં આવે તો ત્યાં અચેતનના અભિમાનનો ત્યાગ થાય. એ પ્રકારે અચેતનનું અભિમાન તજવું.

આમ તો લોકો કહે છે કે આઠ પ્રકારના મદ છે, મદ છે એટલે અભિમાન છે તે ત્યાગવા યોગ્ય છે. એટલે અભિમાન એટલે જ્યાં પોતાનું મૂળ અસ્તિત્વ નથી ત્યાં પોતાનું અસ્તિત્વ માનીને અહંપણું કરવું, અહંકાર કરવો, અહંપણું કરવું એને મદ અથવા અભિમાન કહેવામાં આવે છે. એમાં દેહમદ-શરીરમદ, રૂપમદ જે ગર્વ ગણવામાં આવે છે ને ? એવી રીતે સંયોગોનો મદ, કુળમદ, જન્મમદ, જ્ઞાનમદમાં ક્ષયોપશમનો મદ. બુદ્ધિનો. બુદ્ધિનું અભિમાન, ક્ષયોપશમનું અભિમાન. ત્યાં મૂળ અસ્તિત્વ નથી. એ તો એક પરલક્ષી ઉઘાડ છે. તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. વિભાવિક છે એ તો. એટલે જે સ્વભાવ સ્વરૂપ નથી એવો પોતાને અહંપણે કરવામાં આવે ત્યારે એને મદ કહેવામાં આવે છે. અને એનો ત્યાગ કરવાનું કહે છે. પણ અહંપણાનો ત્યાગ કરવો (એમ કહે છે) તો પોતાનું મૂળ સ્વરૂપ છે ત્યાં અહંપણું કર્યા વિના વાસ્તવિકપણે અસ્થાનમાં અહંપણું કર્યું છે તેનો ત્યાગ થઈ શકતો નથી કે એ છૂટી શકતું નથી.

પદાર્થનો સંયોગ છૂટે એટલે એનું અહંપણું છૂટી જાય છે એવું તો કાંઈ બનતું નથી. જો એમ હોય તો મરણ સમયે દેહત્યાગ થતાં દેહનું અભિમાન છૂટવું જોઈએ. પણ એવું તો કાંઈ બનતું નથી. દેહાત્મબુદ્ધિનો ભાવ રહી જાય છે. પણ પોતાના ચેતનરૂપ પ્રત્યક્ષ, પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ બરાબર નિશ્ચય કરીને સ્વરૂપને ચેતન માનીને, પ્રત્યક્ષ ચેતનાસ્વરૂપ માનીને અચેતનમાં અહંપણું તજવું તે મોક્ષનું મૂળ

છે. **'અચેતનનું અભિમાન તજવું (તે) મોક્ષનું મૂળ છે.'** અને અચેતનમાં અહંપણું કરવું તે બંધનનું મૂળ છે. આમ સામેસામું છે, પ્રતિપક્ષ છે. એક મોક્ષનું મૂળ છે તો એક બંધનનું મૂળ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન ...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલી સાદિ ભાષાથી વાત લીધી છે ! એકદમ સૂક્ષ્મતામાં ન જાય, તત્ત્વની સૂક્ષ્મતામાં ન જાય તોપણ એ પોતાનો સ્વરૂપ નિશ્ચય કરી શકે. દેહના જડ-ચેતનની ભિન્નતાથી સ્વરૂપનો નિશ્ચય કરી શકે એવી પદ્ધતિ અહીંયાં લીધી છે. એટલે બહુ સુગમ પદ્ધતિથી વાત લીધી છે અહીંયાં. એટલી બધી કોઈ અઘરી ભાષા નહિ કે એટલો બધો કોઈ અઘરો વિષય ન લાગે એવી રીતે અહીંયાં ભિન્ન પ્રત્યક્ષ ચૈતન્યને જુદા પાડવાની પદ્ધતિ લીધી છે.

'**(તે) મોક્ષનું મૂળ છે.**' એમ કહ્યું. '**શરીરવાસનાને ત્યાગીને પોતાનું સ્વરૂપ અવગાઢ કરી...**' ભાવનામાં '**પોતાનું સ્વરૂપ અવગાઢ કરી ચેતનસ્વરૂપ કરી...**' ભાવનામાં ચેતનપણે, '**(ચેતનસ્વરૂપપણે) ભાવવું.**' શું કહે છે ? કે અનાદિની જીવને દેહાત્મબુદ્ધિને લઈને હું શરીરવાળો છું, શરીરમાં હું વસેલો છું, એને શરીરવાસના કહેવામાં આવે છે. શરીરવાળો છું, શરીરમાં હું વસેલો છું, શરીરસ્વરૂપે જ હું છું, એવી જે દેહાત્મબુદ્ધિ, દેહથી એકત્વબુદ્ધિ એને શરીરવાસના કહેવામાં આવે છે. વસવું. વાસના એટલે વસવું. એમાં એકમેકપણે થઈને વસવું, રહેવું, થવું, એક (વાત). અથવા જેની સાવધાની રહ્યા કરે. જે પરિણામથી જે દેહની વારંવાર સાવધાની (રહે), દેહનું જાળવવું, દેહને સાચવવું, તેને સંભાળવું, તેની જ રક્ષા કરવી એ પ્રકાર છે એ બધી દેહવાસનામાં જાય છે. પણ શરીર નરમગરમ થાય, તબિયત નરમગરમ થાય ત્યારે તો સંભળાવું કે નહિ ? કે ત્યારે સંભાળે છે અને તંદુરસ્ત થાય ત્યારે તંદુરસ્તીને જાળવવા માટે સંભાળે છે અને અતંદુરસ્ત હોય ત્યારે તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે, એ બંને એક જ જાતિના પરિણામ છે. એની જાત જુદી જુદી નથી. પ્રકાર જુદો જુદો દેખાય તોપણ એની જાત કાંઈ જુદી જુદી નથી.

જેને પોતાના ચૈતન્યસ્વરૂપમાં અંતર સાવધાની કરવી છે એને શરીરની ઉપેક્ષા આવી જાય છે. જે શરીરની અપેક્ષા બુદ્ધિથી સાવધાની

રહે છે, એને શરીર પ્રત્યેની ઉપેક્ષા આવે છે. કેમકે અપેક્ષા કરી હતી એનો વિરૂદ્ધ ભાવ ઊભો થાય ને તો ઉપેક્ષા આવે છે. એને શરીરની ઉપેક્ષા થાય, પોતાના ચૈતન્ય સ્વરૂપની અવગાઢ ભાવનામાં શરીરની ઉપેક્ષા થાય ત્યારે એને શરીરવાસનાનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે. એમ પ્રકાર છે.

નહિતર હઠથી તો ઘણા તપ તપે છે. એ પ્રકાર નહિ. એ તો અન્યમતમાં પણ તપ તપે છે. હઠથી તો અન્યમતમાં પણ તપ તપે છે. એટલે એ કોઈ ખરેખર (તપ નથી). ત્યાં પણ એ લોકોને રોગ થાય તો દવા ન કરે. રોગ થાય તો દવા ન કરે. એવા હોય છે એ લોકો. અમારે એક મસ્તરામજી હતા. 'બોટાદ'ના. હાથ સડ્યો હતો. કાણું પડેલું. અહીંથી અહીં સુધી અંદર. અને અંદર ઈયળો પડેલી, જીવડા. આમ કરીને આમ કરે તો નીચે ખરે. તો પકડીને પાછા અંદર મૂકે. (એમ બોલે), ખા બચ્ચા ખા, તેરે ખાનેકી ચીજ હૈ. યહ તો તેરે ખાનેકી ચીજ હૈ તુમ ખાઓ ઉસકો. ઠીક ! એવા મસ્તરામ હોય છે. પણ આત્માનું જ્ઞાન કોઈ જુદી ચીજ છે.

અસ્તિથી વસ્તુના સ્વરૂપને, વસ્તુ સ્વરૂપના આનંદને લઈને અચેતનની ઉપેક્ષા થવી, દ્વેષ થવો એમ નહિ, પણ ઉપેક્ષા થવી, વીતરાગભાવથી. એ આમ બેય બાજુથી લેવાય છે. શરીરની ઉપેક્ષા કરીને સ્વરૂપની અવગાઢભાવના કરો અથવા સ્વરૂપની ભાવના અવગાઢ કરીને શરીરની ઉપેક્ષા કરવી. એમ પરસ્પર અપેક્ષિત વાત છે.

એ રીતે '**ચેતનસ્વરૂપ કરી (ચેતનસ્વરૂપપણે) ભાવવું.**' એટલે એમ કહે છે કે અનાદિની જે દેહાત્મબુદ્ધિ છે, એ દેહાત્મબુદ્ધિ એમ જ રહે અને ચેતનની ભાવના અથવા ચૈતન્યને ભાવવાનું થાય, ચૈતન્યને અનુભવવાનું થાય એવું બનવાનું નથી. આનો ત્યાગ થાય, દેહાત્મબુદ્ધિનો ત્યાગ થાય અને ચૈતન્યની અવગાઢ ભાવના થાય. બંને પરસ્પર વિરૂદ્ધ પરિણામ એકસાથે રહેવાના નથી. કેમકે રસ બંનેના વિરૂદ્ધ રસ છે.

મુમુક્ષુ :- ભાવવું એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવવું એટલે ભાવવું. વ્યાખ્યાથી જોવું એના કરતાં જ્યાં જ્યાં પોતાની ભાવનામાં તીવ્ર ભાવ થતો હોય, પરપદાર્થની

પણ ભાવના જ કરે છે ને ? વારંવાર શરીરની, સંયોગની, તીવ્ર રસથી ભાવના કરે છે કે નહિ ? ભાવનામાં નથી પરિણમતો આ જીવ એવું તો કાંઈ નથી. તો એ ભાવનામાં પરિણમે છે એ પોતાના પરિણામને પકડીને એનું સ્વરૂપ-ભાવનાનું સમજે કે અહીંયાં તો માત્ર વિષય બદલાય છે, પરના બદલે સ્વ વિષય થાય છે ત્યારે સ્વરૂપની ભાવના છે અને પર વિષયમાં પરની ભાવના છે, પણ ભાવના તો બંને જગ્યાએ સામાન્ય છે. એ રીતે ભાવના જોવી.

'**શરીરવાસનાને ત્યાગીને પોતાનું સ્વરૂપ અવગાઢ કરી ચેતનસ્વરૂપ કરી (ચેતનસ્વરૂપપણે) ભાવવું.**' આ કર્તવ્ય છે. આ પ્રકારે કાર્ય કરવું, આ વિધિએ કાર્ય કરવું. એમ લેવું. આ જીવે '**ઉજ્જડને વસ્તી માને છે...**' દેહ અચેતનમાં ચૈતન્યનું અસ્તિત્વ નથી, ચૈતન્યની વસ્તી નથી, ચૈતન્યનો વાસ નથી ત્યાં એણે ચૈતન્યનો વાસ માન્યો છે. અથવા કોઈ પર સંયોગોમાં પોતે નથી છતાં એણે પર સંયોગોમાં હુંપણું માનીને એને ભર્યું ભર્યું માન્યું છે કે આ બધું મને ઠીક છે. આટલો મારે સમાજ છે, આટલી મારે ઓળખાણ છે, આટલો મારે પરિવાર છે, આટલા મારા સંયોગો છે અને આ બધું મારે છે. આ બધું મારે છે એમાં પોતાનું છેપણું જાય છે. આ બધું છે એમાં પોતે નથી આવી જાય છે. અને પોતાના છેપણામાં એ બધું નથી એમ આવે છે. કોના અસ્તિત્વને સ્વીકારવું એના ઉપર આખો આધાર છે.

કહે છે કે જ્યાં પોતે નથી એવું બધું પોતાના અભાવરૂપ ઉજ્જડ છે. એને વસ્તી માની છે. ત્યાં એણે વસ્તી માની છે. આખી સૃષ્ટિ ત્યાં એણે રચી છે. આ મારી દુનિયા અને આ દુનિયાનો હું રાજા અને આ મારી દુનિયામાં મારી રીતે હું રહું છું અને હરું ફરું છું. એ એણે પોતાની વસ્તી માની લીધી છે.

'**ઉજ્જડને વસ્તી માને છે (અને) ચેતનવસ્તી...**' જેમાં અનંત ગુણ વાસ કરે છે. અનંત... અનંત... અનંત ગુણ, કોઈ છેલ્લો ગુણ નથી એટલા અનંત ગુણ છે. એવી '**ચેતનવસ્તીને ઉજ્જડ માને છે,...**' એ તો જાણે છે જ નહિ એમ ગણકારે છે. કેટલો અવગણે છે ? કે જાણે ચેતન તો છે જ નહિ. પોતાને અનંત દુઃખ થાય એવા રસ્તે જાય છે એનો અર્થ કે પોતાના અનંત સુખના અસ્તિત્વને, અનંત સુખમય

અસ્તિત્વને એ તિલતુષમાત્ર એક અંશે પણ એ સ્વીકારવા તૈયાર નથી. ત્યારે એ રસ્તો પકડે છે.

**'ચેતનવસ્તીને ઉજ્જડ માને છે,...'** ભ્રમણાથી. એવી ભ્રમણા થાય છે. **'એવી ભૂલ મટાડી તારી ચેતનાવસ્તી શાશ્વત છે ત્યાં વસે તો પોતાનું અનંતગુણનિધાન ન લૂંટાવે.'** નહિતર એના ગુણનિધાનને લૂંટાવે છે. એના ગુણના નિધાનને એ લૂંટાવે છે, સુખને લૂંટાવે છે. **'એવી ભૂલ માટાડી, તારી ચેતનાવસ્તી શાશ્વત છે...'** અનાદિઅનંત છે. પોતે અવગણીને એની નાસ્તિ માને તો પણ વસ્તુતાએ તો એની નાસ્તિ થઈ શકે એવું નથી. ફક્ત પોતે દુઃખ પામે અને પોતે પરિભ્રમણ કરે. બાકી વસ્તુતાએ તો વસ્તુ મૂળમાંથી અનંત શક્તિ સંગ્રહીને બેઠેલી વસ્તુ છે, એ કાંઈ એની મિથ્યા માન્યતાથી શક્તિનો નાશ થાય કે શક્તિને તોડીને વસ્તુનો નાશ થાય એવું તો બની શકવાનું નથી.

**'ચેતનાવસ્તી શાશ્વત છે ત્યાં વસે...'** ત્યાં હું છું એવો અનુભવ કરે. વસે એટલે છે એનો અનુભવ કરે. એટલું જ કામ છે. વસ્તુ બનાવવી છે કોઈ એવું નથી. વસ્તુ અનંતગુણ સંપન્ન છે એનો અનુભવ કરવો છે. **'ચેતનાવસ્તી શાશ્વત છે ત્યાં વસે તો પોતાનું અનંતગુણનિધાન ન લૂંટાવે.'** અને એમ ન કરે તો પોતાનું અનંતગુણનિધાન લૂંટાવે છે. આમ છે. જોકે ગુણનિધાન એવું છે કે લુંટાય છે તોપણ એમાંથી ગુણનિધાનમાંથી તો કાંઈ ઘટતું નથી. આ તો એક વસ્તુની જબરદસ્ત શક્તિ છે કે મૂળ સ્વરૂપમાંથી કાંઈ ઘટતું નથી. એક અવસ્થા ભોગવવાનો વિષય છે. ભોગવટાનો ભાગ અવસ્થામાં છે એટલે દુઃખને ભોગવે છે. દુઃખને ભોગવીને દુઃખી-દુઃખી થાય છે.

આ નારકીના દુઃખ હોય છે ને. એક સમયની અંદર પર્યાયાંતર થાય છે. એક કે બે સમયમાં પર્યાયંતર થાય છે. અહીં તો હજી નિર્ણય કરવો પણ હજી બાકી હોય કે આ છે કે નથી ? જીવે છે કે નથી જીવતો ? માણસ આ જીવે છે કે નથી જીવતો એમ નક્કી હજી કરવાનું બાકી હોય એ પહેલા ત્યાં દુઃખ શરૂ થઈ ગયા હોય.

બિલમાંથી એ જન્મે ત્યારે એટલી બધી વેદનાથી એ જન્મે કે ઉછળી-ઉછળીને તડફડીયા નાખીને કેટલી વાર તો પડે. ત્યારે એને એમ થાય કે આ સપનું છે કે સાચું છે ? છે શું આ ? આ તે શું છે કાંઈ ?

આવું તો કાંઈ હતું નહિ. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય છે. એટલે વિચાર આવે છે કે પણ આ છે શું ? આટલો બધો મોટો ફેરફાર ? આવું કાંઈ હતું નહિ ને એકદમ ક્યાં આવી ગયો હું ? આ સાચે આવ્યો છું કે કાંઈ સપનું છે ? કાંઈક જાગૃતિમાં આવવાનો વિચાર કરે છે ત્યાં એને અવધિજ્ઞાન થાય છે. નારકીને અવધિજ્ઞાન થાય છે. અવધિજ્ઞાનનો ઉપયોગ થાય છે. અવધિજ્ઞાનની લબ્ધિ તો થઈ છે એને પણ ઉપયોગ થાય છે. અને ખ્યાલ આવે છે કે અરે..! ક્યાં હતો અને કેવા કેવા ઊંધા પરિણામ કર્યા ? કેવા કેવા દુષ્ટ પરિણામ કર્યા કે જેને લઈને હું અત્યારે આવ્યો. એનો બરાબર એને ખ્યાલ આવે છે. પણ પછી કોઈ ઉપાય નથી.

બાણમાંથી તીર છૂટી ગયા પછી તો કાંઈ તીર પાછુ વળતું નથી. તીર હાથમાં છે ત્યાં સુધી છૂટે ન છૂટે બીજી વાત છે. છૂટી ગયા પછી તો એને ખ્યાલ આવે તો એ ખ્યાલ બધો નકામો છે. ત્યાં તો બધા ભેગા થઈ જાય મારવા. હજી વિચાર કરે ન કરે ત્યાં બધા ભેગા થઈ જાય એને મારવા માટે. અરે..! ભાઈ ! શું કરો છો ? એ કાંઈ સાંભળે નહિ. એ તો મારો... મારો... નવો આવ્યો. આ નિશાળમાં નથી નવા છોકરાને હેરાન કરતા ? એને કાંઈક એવી વૃત્તિ જ કુદરતી હોય છે નારકીને. કે નવો કોઈ આવ્યો તો કહે, મારો..મારો. માંડે મારવા. કેટલો મારે એનો કોઈ હિસાબ નથી. એ ચિત્ર દેખાડે તો કોઈ જોઈ શકે નહિ. એની વેદના સહન કરી શકે નહિ એમ નહિ, એની વેદના કોઈ જોઈ શકે નહિ. આવી પરિસ્થિતિમાં એક સમયમાં ફેરફાર થાય છે. શું કર્યું ? કે ચેતનાને ન સ્વીકારી. પોતાના પરમ પવિત્ર સ્વરૂપનો અનાદર કરતા એ બધા પરિણામ અને એ બધા એના ફળની ઉત્પત્તિ જોવામાં આવે છે. એ અનંત ગુણનિધાનને લૂંટાવે છે ત્યાં.

'**ચેતનવસ્તીને ઉજ્જડ માને છે, એવી ભૂલ મટાડી તારી ચેતનાવસ્તી શાશ્વત છે ત્યાં વસે...**' ત્યાં અનંત શીતળતા છે. અનંત શાંતિ છે, અનંત શીતળતા છે, અનંત સુખ છે અને અનંત આનંદ ભરેલો છે. ત્યાં વસે તો પોતાનું અનંતગુણનિધાન છે એના રાજમાં રાજ કરે. એ રાજને રાજે. અને નહિતર અનંતગુણનિધાનને લૂંટાવે.

મુમુક્ષુ :- પરદેશમાં ક્યાં આવી ચડ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવ પરદેશ છે એમ લીધું છે ત્યાં. જ્યાં સ્વભાવ છે ત્યાં વિભાવ નથી અને વિભાવ છે ત્યાં સ્વભાવ નથી. બે જુદી જુદી જાત છે. દેશ-પરદેશ જેવો આખો વિષય છે. સ્થાન જુદું. બહુ ભાવવાહી વિષય લીધો છે.

**'નિજધનનો ધની પરમ શાહ થાય,...'** જો ચેતના વસ્તીમાં વસે તો નિજધનનો ધણી થઈને પરમ શાહ થાય. એનું રાજ કરે. પરમ શાહ-બાદશાહ થાય. જેમ બાદશાહને કોઈની પરાધીનતા નથી. અને કોઈની પરાધીનતા હોય તો એને બાદશાહ કહેવાય નહિ. ખંડિયો કહેવાય એને. એને કાંઈ બાદશાહ કહેવાય નહિ. એમ આ ચૈતન્યરાજા જ્યારે પોતાના સ્વરૂપમાં નિવાસ કરે છે ત્યારે એને કોઈની પરાધીનતાનો, પોતાની સ્વાધીનતા આડે કોઈની પરાધીનતા એને થતી નથી.

**'નિજધનનો ધની પરમ શાહ થાય, ત્યારે અનંતસુખવ્યાપારમાં અવિનાશી નફો થાય.'** કેટલો નફો થાય ? કે અનંત સુખ એટલું ઊપજે કે ક્યારેય પણ એનો નાશ થાય નહિ. વસ્તુના સામર્થ્યનો એક અંદાજ મૂકવા જેવો છે. આમ તો અંદાજ આવે એવું નથી. પણ કેટલાક પ્રસંગો એવા છે કે વિભાવમાં જીવ ઊભો છે. હજી સમ્યક્ થયું નથી, અનુભવ થયો નથી. તોપણ સન્મુખ થવાના પ્રસંગમાં અથવા સ્વરૂપની અત્યંત રુચિના કાળમાં જો સંસ્કાર નાખે, અપૂર્વ જિજ્ઞાસાના કાળમાં પરમસત્‌ના શ્રવણમાં એને રુચિથી ત્યાં સંસ્કાર પડે તો એના ફળમાં આગળ વધીને કેવળજ્ઞાન લે. એ સંસ્કારને કોઈ ભૂંસાડી ન શકે. સાતમી નારકી એ પામ્યો ક્યાંથી ? જ્યાં રવરવ નરક છે, તમતમપ્રભા પૃથ્વી, રવરવ નરક છે, છેલ્લી હદની પ્રતિકૂળતાઓ. જેનું વર્ણન થઈ શકે એવું નથી. ત્યાં ક્યાંથી પામ્યો ? કે એ બધી ભીષણ વેદનાની વચ્ચે પણ સંસ્કારનું જોર એ આત્માનું જોર છે. એ અનંત શક્તિનો કણીયો છે. તો પછી શક્તિ કેટલી ? મૂળ વસ્તુમાં શક્તિ કેટલી ? એ સંસ્કારનું જોર હોય તો ત્યાં પામે. મૂળ વસ્તુમાં સામર્થ્ય કેટલું ? એ વિચારવા જેવો વિષય છે.

**'અવિનાશી નફો થાય.'** એમ કહ્યું ને ? જ્યારે પોતાના સ્વરૂપમાં બિરાજમાન થાય અને સ્વાનુભવ કરે ત્યારે અનંત સુખનો વ્યાપાર

એટલે ઉપભોગ થાય. અનંત આનંદ, પરમાનંદનો અનુભવ થાય કે જે પરમાનંદ એને અવિનાશીપણે સદાય ને સદાય સમાધિપૂર્વક (વેદાયા જ કરે). પાછો કોઈ એમાં આકુળતા-વ્યાકુળતા નહિ પણ સમપરિણામથી સમાધિપૂર્વક અનંત કાળ પર્યંત એના ભોગવટામાં એ રહી શકે. આવો લાભ થાય. નફો થાય એટલે આવો લાભ થાય.

કિંમત ન થઈ શકતી હોય તો વિસ્તાર કરી દેખાડે છે. તને આ ચીજની, આ માર્ગની કિંમત ન આવતી હોય, આ ઉપાયની તને કિંમત ન આવતી હોય અને હજી ઊંધો ઊંધો ઉપાય થતો હોય તો આ કિંમત થાય એના માટે એનો ખોલીને-ભેદ પાડીને કહેવામાં આવે છે. એનો ભેદ ખોલીને કહેવામાં આવે છે કે જો એક સંસ્કારમાં આટલી શક્તિ છે, એના અનુભવમાં આવે એમાં એને કેવળજ્ઞાન અને પરમાનંદ આવે જ આવે. આવો અવિનાશી લાભ નફો થાય, થાય ને થાય જ. એવી વસ્તુ ઉદાર છે.

માણસ કહે છે ને કે ઉદાર માણસને ત્યાં કોઈ આવે તો પાછો ન જાય. રાજા હોય છે એવા ઉદાર. ત્યાં એવા પણ માણસ હોય કે મહારાજશ્રી આને આપવા જેવું નથી, આ તો આવો છે ને તેવો છે. એને આપશો નહિ. કાઢી મૂકો, એને કાઢી મૂકો. તો એ મૂકે કે નહિ, મારે આંગણે આવ્યો છે. શું કહે ? મારે ત્યાં આવ્યો છે એ ખાલી હાથે જાશે નહિ. એમ કહે છે કે સ્વરૂપરાજાના ઘરે જે પરિણામ આવ્યું, એની નજીક આવ્યો, એની સમીપ આવ્યો, હવે એ પૂરો લાભ લીધા વિના, અવિનાશી નફો કર્યાં વિના પૂરું થાશે નહિ. વસ્તુ આવી ઉદાર છે. લ્યો ઠીક !

મુમુક્ષુ :- જીવ કેવા યથાર્થ ભાવ કરે તો સત્‌ના સંસ્કાર આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- સત્‌ના સંસ્કાર આવે. એક તો જાણે અપૂર્વ જિજ્ઞાસાના કાળમાં એ સંભવિતતા છે, તીવ્ર રુચિના કાળમાં એ સંભવિતતા છે અને સમ્યક્‌ સન્મુખમાં તો અવશ્ય નિર્ણય થાય, ઓળખાણ થાય ત્યારે તો નિયમબદ્ધપણે એને ત્યાં સંસ્કાર પડે જ પડે છે. એ નિયમબદ્ધ વાત છે. ઓલી તો ખબર પડે અને ન પણ પડે. જિજ્ઞાસા અને રુચિના કાળમાં તો એવો ખ્યાલ ન પણ જાય. અથવા એ સંસ્કાર પડે છે એટલો એના જ્ઞાનમાં એ વખતે ઉઘાડ નથી હોતો કે

સંસ્કાર પડ્યા છે કે નથી પડ્યા એની ખબર પડે પોતાને. એ ન પણ પડે. પણ અહીંયાં સમ્યક્ સન્મુખમાં તો એને સંસ્કારની ખબર પડે ને પડે જ. ન પડે એવું બને નહિ.

એ વિષય 'પરમાગમસાર'માં પણ આવ્યો છે 'ગુરુદેવ'ના વચનોમાં અને 'વચનામૃત'માં પણ આવ્યો છે. બોલ નંબર યાદ નથી. પણ બંને જગ્યાએ એક જ સરખી વાત આવી છે. જ્યા સમ્યક્ સન્મુખની વાત આવી છે ત્યાં એકસરખી જ વાત આવી છે. 'પરમાગમસાર'માં તો થોડોક ખ્યાલ છે. (પરમાગમસાર-૩૫૯) છે. જ્યારે ઓળખાણ થાય છે ત્યારે સ્વરૂપનું લક્ષ થઈ જાય છે. લક્ષ થાય છે, લક્ષ જીવને થયું છે, ઓળખાણ થઈ છે, લક્ષ થયું છે એની ખાત્રી શું ? એનો પુરાવો શું ? એ વિષય ઉપર અહીંયાં બોલ છે.

'**હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે.**' એટલે સાંભળતા લક્ષ જ્ઞાયકનું રહે. ન્યાય, તર્ક અને યુક્તિ ઉપર લક્ષ ન રહે પણ જ્ઞાયકનું લક્ષ રહે. '**તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે.**' લક્ષ ઉપરાંત થોડુંક જોર પણ રહે છે. કેમકે અહીંયાં સહજ પુરુષાર્થ શરૂ થયો છે. '**તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે.**' ઊંડું ચિંતવન-મંથન ચાલે છે ત્યારે પણ લક્ષ જ્ઞાયકનું રહે છે.

'**આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે...**' પોતે. '**એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય.**' અહીંયાં થયું હોય એની વાત નથી. ન થયું હોય અને '**જેટલું કારણ...**' એટલે પુરુષાર્થ '**આપવું જોઈએ એટલું કારણ ન આપી શકે તોપણ જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પડે અથવા ત્યાં પાડે કે જે સંસ્કાર કદી ફરે નહિ.**' આગળ જઈને એના ફળમાં અનુભવમાં આવે, આવે ને આવે જ. અહીંયાં સંસ્કાર પડે છે.

મુમુક્ષુ :- જગતનો સાક્ષી છું એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હું જ્ઞાયક છું, જગતનો સાક્ષી છું એમ

સન્મુખતામાં એવા સંસ્કાર પડે કે એ સંસ્કાર ફરે નહિ.

**'જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દઢ સંસ્કાર પડે કે એને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.'** અને એને કેવળજ્ઞાન થયે જ છૂટકો. સંસ્કારનો વિષય કેવળજ્ઞાનની સાથે અનુસંધાન ધરાવે છે. એ વિષય વચનામૃતમાં પણ એક જગ્યાએ આવે છે.

મુમુક્ષુ :- કેટલામો બોલ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ૩૫૯. અહીં સુધી રાખીએ.

આત્મા સુખનું અક્ષયપાત્ર છે. પ્રદેશે પ્રદેશે અનંત સુખ-શાંતિ ભર્યાં છે. ગમે તેટલું સુખ પીવાય, પરંતુ સુખધામમાંથી જરાપણ ઓછું થવાનું નથી. ફક્ત જીવને આ વિદ્યમાન સુખની પ્રતીતિ હોવી ઘટે છે. ભ્રાંતિગતપણે જે જે પ્રસંગોમાં અને પદાર્થોમાં સુખ ભાસે છે, તે સ્થિતિ આત્મામાં સુખની પ્રતીતિ થવામાં બાધક છે. સત્પાત્રતા આવ્યે ભ્રાંતિમાં ફેર પડે છે મોળી પડે છે અને પરભાવમાં દુઃખ લાગવાનું શરૂ થાય છે. સ્વરૂપ-સુખની શોધ ભ્રાંતિને મોળી પાડે છે. ત્યારે સુખને શોધતું જ્ઞાન નિજાવલોકનમાં 'જ્ઞાન સ્વયં સુખરૂપ છે' તેમ 'સુખખાણ'નો પત્તો મેળવી લ્યે છે. અવલંબનભૂત એવા સુખનિધાનના અસ્તિત્વને જોતાં- ગ્રહતાં, સુખ પ્રાપ્તિની અનાદિની અપેક્ષિત વૃત્તિ જોર કરે તે સહજ અને સ્વાભાવિક છે આ પ્રકારે આત્મિક સુખની ઉપલબ્ધિ છે. (અનુભવસંજીવની - ૧૦૧૬)

## તા. ૨૦-૪-૧૯૮૬, પાના નં. ૮૭, પ્રવચન નં. ૧૫૪

નીચેના પેરેગ્રાફથી.

**'અનાદિથી પરમાં પોતાને માન્યો, પરને ગ્રહણ કરતાં પરવસ્તુનો ચોર થયો.'** અનાદિથી પોતાનું સ્વસ્થાન ભૂલ્યો, પોતાના સ્વરૂપને ભૂલ્યો અને દેહાદિ પરપદાર્થમાં પોતાપણું કર્યું, મમત્વ કર્યું. પરપદાર્થને ગ્રહણ કરવાનો ભાવ, અભિપ્રાય રાખ્યો. થઈ શકતું નથી. પરપદાર્થને અજીવ પદાર્થને જીવ ગ્રહણ કરી શકતો નથી. પણ ગ્રહણ કર્યું હોવાનું માન્યું અને એ રીતે પારકી ચીજનો, પર ચીજનો પોતે ધણી થયો. એ જેમ પરવસ્તુને ગ્રહણ કરનાર, લેનાર ચોર છે એમ પોતે પણ પરનું ગ્રહણ કરીને ચોર થયો. બહારમાં કોઈ ચોર કહે, વ્યવહારમાં કોઈ ચોર કહે તો સહન ન કરી શકે. પણ અનાદિથી વર્તમાન સુધી પરપદાર્થમાં પોતાપણું કરે છે એ ચોરી જ છે, બીજું કાંઈ નથી.

તેના ફળમાં **'જગતમાં (જન્માદિના) દુઃખદંડને ભોગવે છે.'** જેમ બહારમાં ચોરી કરતાં તેના દંડને ભોગવે છે, એમ અહીંયાં પણ પરપદાર્થને પોતાના માનતા અનેક પ્રકારના જન્મ-મરણના દુઃખને ભોગવે છે. કુદરતનો કાનુન છે એ પ્રમાણે પણ એને દંડ ભોગવવાનો તો આવે જ છે. દુઃખદંડને ભોગવે છે જગતમાં, છતાં એ દુઃખનું કારણ શું છે ? દુઃખનું મૂળ શું છે ? શા માટે આ દુઃખ થયું ? એનો વિચાર કરતો નથી.

બહારમાં દુઃખ જોઈતું નથી તો દુઃખનો નાશ કરવાનો વિચાર કરે છે પણ એ ઉપલક વિચાર કરે છે. ઉપલક વિચાર કરે છે અથવા એના મૂળને શોધતો નથી. અથવા જે દૃષ્ટિએ એણે દુઃખ માન્યું છે અને જે દૃષ્ટિએ સુખ માન્યું છે એટલા પૂરતો જ પ્રયત્ન કરે છે. પોતાની સમજણ પૂરતો જ એ પ્રયત્ન કરી શકે છે. સમજણની બહારનો પ્રયત્ન તો કરે પણ કેવી રીતે ? અનિષ્ટ સંયોગ અને ઇષ્ટ વિયોગનું દુઃખ માન્યું છે. તો ત્યાં ઇષ્ટ સંયોગ થાય અને અનિષ્ટ વિયોગ થાય એવો પ્રયત્ન કરે છે. પણ એવો પ્રયત્ન કરવામાં પણ પરપદાર્થ ઉપર એનો અધિકાર નહિ

હોવાથી એ પ્રયત્ન ફક્ત એનો વિભાવ કરવામાં જ વ્યતીત થાય છે અથવા એ શક્તિ એ પ્રકારનો વિભાવ કરવામાં વપરાય છે, એ સિવાય એથી વધારે એનો કોઈ ઉપયોગ થઈ શકતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અહીંયાં પુરુષાર્થનો જ વિષય ચાલ્યો ને ? કે પુરુષાર્થ કેવો કરે છે ? કે આને હટાવું, આને મેળવું. એટલે એવા ભાવ કરવાનો પુરુષાર્થ કરે છે.

પોતે જે સ્વરૂપે છે એવું શ્રદ્ધવું, પોતે જે સ્વરૂપે છે એવો જ અનુભવ કરવો અને એવા જ ભાવમાં રહેવું. જેવું સ્વરૂપ છે એવા જ ભાવમાં રહેવું અને એવું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ માટે જે બળ જોઈએ, પરિણામની અંદર જે બળ જોઈએ એ એવા જ પરિણામ સ્વભાવી આત્માને જોતાં એવું બળ આવે છે અથવા એવું અનંતબળ આત્મામાં રહેલું છે એવા આત્માને સ્વીકારતા એવું બળ આવે છે. બળ આવે છે એટલે એ પ્રકારનું પરિણામની અંદર બળવાનપણું રહે છે કે પરિણામ ત્યાંથી અસ્થિર થઈને બીજા પ્રકારના ન થાય. એવું જે પરિણામમાં શક્તિનું વ્યાપવું, સ્વરૂપની રચનારૂપ શક્તિનું વ્યાપવું એ પુરુષાર્થ છે. અથવા જેવું સ્વરૂપ છે એવું શ્રદ્ધા જ્ઞાનમાં આવેગપૂર્વક રહેવું, જોરપૂર્વક રહેવું એ સહજ પુરુષાર્થનું સ્વરૂપ છે. એવો પુરુષાર્થ મને હો, એ ભાવના છે. એવું પરિણામ, એવું સબળ પરિણામ, બળવાન પરિણામ હો, એવો વિકલ્પ, એવો રાગ તે ભાવના છે. તે પુરુષાર્થ નથી. એવો પુરુષાર્થ હું કરું એમાં કર્તૃત્વ (ભાવ કરવા) કરતાં, એવું હો એમ લેવું છે. કેમકે વસ્તુ સહજ છે. વસ્તુનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ થતાં એનું અંદરથી જોર આવવું એ પણ સહજ છે. 'આવો જ છું' એમ જોર આવવું એ પણ સહજ છે અને એ સહજ પરિણમનમાં કરું-કરુંની કૃત્રિમતાનો અભાવ છે. કરું-કરુંની કૃત્રિમતા અને સહજપણું બંને વિરૂદ્ધ છે, બંનેને મેળ ખાતો નથી. એવું એ પરિણામ છે.

ભલે પુરુષાર્થમાં કરું કરું ન હોય પણ એવો પુરુષાર્થ હો એવી જે ભાવના, એવો પુરુષાર્થ સહજ હોય એવી જે ભાવના એમાં પણ સહજ કેમ થાય ? એ વિચાર આવવા યોગ્ય છે. કે સહજ તો પોતાના સ્વરૂપને-પ્રત્યક્ષ સ્વરૂપને પ્રત્યક્ષતાથી જ્ઞાનમાં લેતા એવું બળ ઉત્પન્ન

થાય છે. બીજી રીતે કહીએ તો જ્ઞાન જ પુરુષાર્થનું કારણ છે. સ્વરૂપનું જ્ઞાન, નિજ સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન એ જ સહજ પુરુષાર્થના ઉત્થાનનું કારણ બને છે.

મુમુક્ષુ :- સામાન્ય...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય પર્યાય છે. સામાન્યજ્ઞાન, જ્ઞાનસામાન્ય છે. જ્ઞાનવિશેષને ગૌણ કરીને જ્ઞાનસામાન્ય છે, જે વેદનસ્વરૂપે છે, પ્રત્યક્ષ સ્વરૂપે છે ત્યાંથી ત્રિકાળીની પક્કડ આવવી, એવા જ સ્વરૂપે રહેલા, આવો જ હું છું એમ ત્રિકાળી ઉપર આવવું એ સામાન્યનું ગ્રહણ છે. અથવા ત્રિકાળીના લક્ષે સામાન્યની ઉગ્રતા થવી અથવા સ્વસંવેદનનું વધવું તે સામાન્યનો આવિર્ભાવ છે. એમાં જેટલું બળવાનપણું છે એ પુરુષાર્થનું સ્વરૂપ છે.

'**વિવેક-રાજાનો અમલ (શાસન) થાય...**' વિવેક એટલે જ્ઞાન. જ્ઞાનને રાજા બનાવ્યો છે. બધા ગુણમાં જ્ઞાનને રાજાનું પદ આપ્યું છે. મુખ્ય છે ને ? '**વિવેક-રાજાનો અમલ (શાસન) થાય અને પરગ્રહણરૂપ ચોરી મટે ત્યારે પોતે શાહપદ ધરી સુખી થાય.**' વિવેક રાજાનો અમલ થાય એટલે જ્ઞાનનો વિવેક પોતાના સ્વપર હિતના સંબંધમાં જ્ઞાનનો વિવેક કામ કરતો થાય ત્યારે પોતાના પરગ્રહણરૂપ પરિણામમાં મલિન ભાવ થાય છે અને તે મલિન ભાવ તે મને દુઃખદાયક છે, એ રીતે સુખના નાશરૂપ નુકસાન એમાં છે. કેવું નુકસાન છે ? સુખનો જેમાં નાશ છે એવું નુકસાન છે, એવા મલિન ભાવને દુઃખદાયક જાણે. ક્યારે ? કે જ્યારે એનો વિવેક સબળ થાય ત્યારે.

રાજા તો ત્યારે કે રાજ કરે ત્યારે. નહિતર રાજા શેનો ? જ્ઞાનવિવેક રાજા ત્યારે કે જ્યારે જ્ઞાનનું સબળપણું હોય ત્યારે. જ્યારે જ્ઞાન પોતાના હિતને, અહિતને, સુખને, દુઃખને વિવેક કરી શકે અને બળવાનપણે વિવેક કરી શકે ત્યારે તે મલિન ભાવ કરતો મટે. ત્યારે તે પરભાવ કરતો મટે. '**ત્યારે પોતે શાહપદ ધરી સુખી થાય.**' ત્યારે એના પરિણામમાં પરાધીનપણું નથી આવતું. આ પદનો અર્થ એ છે. રાજા કોઈને પરાધીન નથી. એમ મુક્તભાવ છે એ પરાધીન ભાવ નથી, સ્વવશ પરિણામ છે.

'**પોતે શાહપદ ધરી સુખી થાય.**' એટલે કે મુક્તભાવમાં પોતે પોતાના સ્વરૂપના સુખમાં, સ્વરૂપના આનંદમાં મોજ કરે કે જે આનંદમાં

અને જે સુખમાં કોઈ પરાધીનપણું નથી. **'ત્યારે નિજપરિણતિ રમણીથી પોતાનું નિજ ઘર સ્થિર કરે.'** જેમ લૌકિકમાં પણ ગૃહસ્થ થાય છે ત્યારે એને ઘર બાંધ્યું એમ કહેવામાં આવે છે અને હવે એ એના ઘરે બરાબર વ્યવસ્થિત રહે છે એમ કહેવામાં આવે છે. એમ પોતાના સ્વરૂપમાંથી ઉત્પન્ન જ્ઞાન અને આનંદ પરિણતિથી પોતાના સ્વરૂપમાં સ્થિર રહે અને પરઘરમાં ન જાય, પરપદાર્થ પ્રત્યે પોતાના પરિણામ મલિન કરીને ભાવથી ન જાય, ત્યારે એણે પોતાનું ઘર બાંધ્યું, સ્થિર થઈને ઘર બાંધ્યું. ઠરીને ઠામ થયો.

**'અનાદિથી અસ્થિરપદનો પ્રવેશ હતો, તેને ત્યાગી અખંડ અવિનાશી પદમાં પહોંચે.'** અસ્થિરપદનો પ્રવેશ હતો એટલે અસ્થિર પરિણામમાં જ પોતે રહેતો હતો. 'શ્રીમદ્જી'નું એક વચન છે કે પરિણામની ચંચળતા એ જ વિષમતા અને દુઃખનું કારણ છે. પરિણામની અસ્થિરતા, પરિણામની ચંચળતા કહો કે અસ્થિરપદ કહો, એ દુઃખનું અને વિષમતાનું કારણ છે. અનાદિથી દુઃખી હતો, અસ્થિર પરિણામને લઈને. અસ્થિર પરિણામ કેમ થયા ? કે જે અસ્થિર પર્યાયો છે, વિશ્વના પદાર્થની પર્યાયો તો બધી અસ્થિર છે, એ અસ્થિર તત્ત્વમાં એને પ્રતીતિ હતી કે આ મને સુખનું કારણ છે.

ચલિત પદાર્થની પ્રતીતિ જીવના ઉપયોગને, પરિણામને અચલિત રહેવા દે નહિ. એ તો સીધી વાત છે. એ ચલિત પદાર્થની પ્રતીતિ એમ છે કે આ શરીર કાયમ રહેવાનું છે. ખ્યાલ આવે છે કે આયુષ્ય તો બધાના મર્યાદિત છે. એ સમજણબહાર નથી. પણ પ્રતીતિ નથી એવી. વિશ્વાસ તો એમ છે કે જાણે હું કાયમ રહેવાનો છું એમ સમજીને જ એ પ્રવૃત્તિ કરવા માગે છે. એ એને ચલિત પદાર્થમાં અચલિતપણાની પ્રતીતિ છે. પણ ચલિત પદાર્થમાં અચલિતપણાની પ્રતીતિ કરે એટલે એ પદાર્થ અચલિત થઈ જાય એવું તો બને નહિ. એનું ચલાયમાનપણું થતાં એને આઘાત પહોંચે છે. સંયોગો બદલે છે તો એને આઘાત પહોંચે છે કે અરે..! આ તો રહેવું જોઈતું હતું. કોઈપણ ભોગે આમાં ફેરફાર થવો જોઈતો નહોતો. પણ એવો ફેરફાર થયા વિના રહેતો નથી. એની ઊલટી પ્રતીત એને દુઃખનું કારણ થાય છે.

મુમુક્ષુ :- ત્યાં પરપ્રવેશમાં ગયો, અસ્થિરપદમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ અસ્થિરપદમાં પ્રતીતિથી પ્રવેશ કર્યો હતો. દઢ પ્રતીતિ કરી હતી કે આને હું સ્થિર રાખું, આ સ્થિર રહેવું જોઈએ. અસ્થિર ન થવું જોઈએ. પણ એવી ઊંધી પ્રતીતથી કાંઈ પદાર્થ એ પ્રતીતિને વશ થઈ જાય એવું તો કાંઈ બને નહિ. એવા ભાવને ત્યાગી, એવા પરિણામને ત્યાગી પોતાનું સ્થિર, અચલિત, અખંડ અવિનાશી પદમાં પહોંચે. અસ્થિરપદના પ્રવેશથી દુઃખી હતો. જો એને દુઃખનો અભાવ કરવો હોય તો તેનો ત્યાગ કરીને અખંડ અવિનાશીપદમાં પહોંચે. સ્થિર, ધ્રુવ અને સુખસ્વરૂપ છે, અનંત સુખસ્વરૂપ છે એમાં હુંપણું કરવું એ એમાં ભાવથી નિવાસ કરવા બરાબર છે. ભાવથી પરમાં હુંપણું કર્યું હતું ત્યારે પરમાં નિવાસ કર્યો એમ કહ્યું. થઈ શકતો નથી. દ્રવ્યે થઈ શકતો નથી પણ ભાવે (નિવાસ કર્યો એમ કહેવાય).

મુમુક્ષુ :- ભાવની .. કરવાનું

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનું તોફાન છે બધું. જેટલી ગડબડ છે એ ભાવની છે. પદાર્થ તો પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને કાંઈ જીવ અજીવ થાય નહિ અને અજીવ જીવ થાય નહિ. જીવ અજીવમાં ભળે નહિ અને અજીવ જીવમાં ભળે નહિ. પણ એવી પદાર્થની સ્વસ્વરૂપે રહેવાની જે પારિણામિકભાવરૂપ સ્થિતિ છે એની પ્રતીતિ આવવી એ બહુ મોટી વાત છે. અનંત કાળમાં એ એક અપૂર્વ છે.

**'સ્વરૂપનો અનુભવ એ સાક્ષાત્ શિવમાર્ગ (મોક્ષમાર્ગ) છે,...'** હવે અહીંથી થોડો અનુભવનો મહિમા કરશે. સ્વપદમાં પહોંચે અને સ્વરૂપનો અનુભવ કરે એ સ્વરૂપનો અનુભવ એ સાક્ષાત્ કલ્યાણનો માર્ગ છે. પોતે જ કલ્યાણમય છે અને એના ફળમાં પરિપૂર્ણ નિર્વાણરૂપ કલ્યાણ છે. એટલે એ કલ્યાણનો ઉપાય છે. સ્વરૂપનો અનુભવ કરવો એ પૂર્ણ કલ્યાણનો ઉપાય છે. પરિપૂર્ણ શિવનો એ માર્ગ નામ ઉપાય છે, ઈલાજ છે. તેથી **'સ્વરૂપનો અનુભવ એ શિવપદ છે,...'** એને જ શિવપદ, કલ્યાણપદ કહેવામાં આવે છે. જ્યાં કોઈ ઉપદ્રવ નથી. આધિ, વ્યાધિ, ઉપાધિનો કોઈ ઉપદ્રવ જ્યાં નથી.

'સમયસાર'માં તો ૨૦૬ નંબરની ગાથા છે. એટલું જ આ કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન છે. આમ લે છે. જેટલું આ જ્ઞાન છે

એટલું જ કલ્યાણ છે. જેટલું આ જ્ઞાન છે એટલું અનુભવનીય છે, અનુભવવા યોગ્ય છે તો આ જ્ઞાન જ છે. એમ જ્ઞાનથી આખો આત્મા લેવો છે. એટલે જ્ઞાનથી બધી વાત લે છે.

**'સ્વરૂપનો અનુભવ એ શિવપદ છે,...'** નિરામય પદ છે, કલ્યાણપદ છે. આવો **'અનુભવ ત્રિભુવન-સાર છે,...'** ત્રણ ભુવનમાં કોઈ સાર હોય તો આ અનુભવ છે. એ સિવાય આ ત્રણ ભુવનમાં એટલે આખા જગતમાં આ અનુભવ સિવાય બીજું બધું અસાર છે. એમ લેવું છે. આ એક જ કલ્યાણપદ છે, એ સિવાય બીજે બધે અકલ્યાણ છે. આ એક જ ત્રણ લોકમાં સાર છે અને બાકીનું બધું અસાર છે. સાર નામ સુખરૂપ છે અને અસાર નામ દુઃખરૂપ છે. 'રાજમલજી'એ પહેલા કળશમાં, કળશટીકાના પહેલા કળશમાં એ અર્થ કર્યો છે. સાર એટલે સુખરૂપ. 'સમયસાર' ત્યાં સારનો અર્થ કરવો છે. સાર એટલે સુખરૂપ અને અસાર એટલે દુઃખરૂપ.

**'અનુભવ ત્રિભુવન-સાર છે, અનુભવ અનંત કલ્યાણ છે,...'** થોડું કલ્યાણ નથી પણ એ અનંત કલ્યાણ છે. જીવને કલ્યાણ કરવાની ભાવના અનેક વાર થઈ છે, એવો ભાવ થયો છે પણ સ્વરૂપાનુભવ એ મારું કલ્યાણ છે, એ વાત એની સમજમાં આવી નથી. તેથી એણે જે-તે ભાવે, જે-તે દ્રવ્યભાવ, જે-તે ક્રિયાથી માનેલું કલ્યાણ તે તે પ્રયત્ન કર્યો છે. તે તે પ્રકારની ક્રિયાઓમાં ગયો છે. પણ **'અનુભવ અનંત કલ્યાણ છે, અનુભવ મહિમાભંડાર છે,...'** અનુભવનો જેટલો મહિમા કરવામાં આવે એટલો ઓછો છે. કેમકે એ નિર્દોષ, પવિત્ર અને વીતરાગી પરિણામ છે. અનુભવ છે એ વીતરાગી પરિણામ છે. અનંત ગુણ એમાં રહેલા છે. એક અનુભવની પર્યાયમાં અનંત ગુણ પ્રગટપણે રહેલા છે.

**'અનુભવ મહિમા ભંડાર છે, અનુભવ અતુલ બોધફળ છે,...'** અને આ અનુભવ છે એ જ્ઞાનનું ફળ, બોધનું ફળ કે જેની તુલના ન કરી શકાય એવા અતુલ બોધનું ફળ છે. જેને ઉપદેશ કહેવામાં આવે છે, બોધ કહેવામાં આવે છે. જેને અનુભવ થયો એને બોધનું અતુલ ફળ આવ્યું. જેની તુલના કરી શકાય નહિ એવું ફળ એને પ્રગટ થયું. **'અનુભવ અતુલ બોધફળ છે, અનુભવ સ્વરસરસ છે,...'** પોતાનો જે

આત્મરસ છે, સ્વરૂપમાં ચૈતન્યમાં રહેલો જે અમૃતરસ છે તે અનુભવરસમાં પ્રગટ થાય છે એટલે અનુભવને અમૃત કહેવામાં આવે છે. જે જીવ સ્વાનુભવ કરે છે તે જીવ સાક્ષાત્ અમૃતને પીવે છે. 'સમયસાર'ના કળશમાં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' એ વાત લીધી છે. **'स एव साक्षात् अमृतं पिवन्ति'** તે જીવ ખરેખર તે કાળે સાક્ષાત્ અમૃતનું પાન કરતો હોય છે. જ્યારે એ નિર્વિકલ્પ શુદ્ધોપયોગના અનુભવમાં આવે છે ત્યારે એ સાક્ષાત્ ઘટક... ઘટક... ઘટક... અમૃતનું પાન કરે છે.

'સોગાનીજી'એ પત્રમાં એ વાત લીધી છે કે જેમ કોઈ ઘણી તૃષા લાગી હોય અને શેરડીનો મીઠો રસ ઘટક ઘટક પીએ. એ ઉપમા પણ અહીંયાં હજી પૂરી પડે એવું નથી. એમ અનાદિનો દુઃખી જીવ દુઃખમુક્ત થઈને, પરિણામમાં રહેલા દુઃખથી મુક્ત થઈને નિરાકુળ આનંદ અમૃતને ઘટક ઘટક પીએ છે. તે **'અનુભવ સ્વરસ છે...'**

**'અનુભવ સ્વસંવેદન છે,...'** આવો અનુભવ છે તે પોતે જ સ્વસંવેદનસ્વરૂપ છે. નિજનું નિજને વેદન એવું જે સ્વસંવેદન છે તેને જ અનુભવ કહેવામાં આવે છે. અનુભવ અને સ્વસંવેદન બંને એક જ ભાવ છે, એક જ ચીજ છે. **'અનુભવ તૃપ્તિભાવ છે,...'** અને એ સ્વસંવેદનમાં જીવને અનાદિથી નહિ થયેલી એવી કોઈ અપૂર્વ તૃપ્તિનો અનુભવ થાય છે. જીવ ત્યાં તૃપ્ત-તૃપ્ત થાય છે. અનુભવ થતાં તૃપ્ત-તૃપ્ત થાય છે. કેમકે પરિણામ પોતામાં સમાણા. અંતર્મુખ થઈને પરિણામ પોતામાં સમાયા એટલે ત્યાં તૃપ્તિ થાય છે. એ સિવાય જગતમાં, અનુભવ સિવાય, સ્વાનુભવ સિવાય પરિણામમાં ક્યાંય પણ કોઈપણ કાળે કોઈ જીવને કોઈ રીતે તૃપ્તિ થાય એવું બની શકતું નથી.

મુમુક્ષુ :- એક સમયમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક ક્ષણના અનુભવની વાત છે. અનુભવનો ઉપયોગ અસંખ્ય સમયનો આવે છે. છદ્મસ્થનો ઉપયોગ જે જ્ઞેય ઉપર સ્થિર થાય ત્યાંથી બદલતા એને અસંખ્ય સમય લાગે .. એટલે અસંખ્ય સમય એ શુદ્ધોપયોગમાં રહે. જ્યારે શુદ્ધોપયોગ પ્રગટ થાય ત્યારે અસંખ્ય સમય પર્યંત રહે. એટલે એને સેકન્ડનો બહુ ઓછો ભાગ છે પણ એને ક્ષણ કહેવામાં આવે છે. ચાલુ ભાષામાં એને

અનુભવલક્ષણ કહેવામાં આવે છે. ત્યારે એને તૃપ્તિભાવ થાય છે. ત્યારે એ તૃપ્ત થાય છે. એ સિવાય જગતમાં જીવ અનાદિથી અતૃપ્ત છે. સંસારમાં પરિભ્રમણ કરતો જીવ અનાદિથી અતૃપ્ત છે. એટલે એને ક્યાંય ઠેકાણે પડતું નથી. વિષયથી વિષયાંતર, વિષયથી વિષયાંતર એ બદલ્યા જ કરે છે, વિષય બદલ્યા જ કરે છે પણ ક્યાંય એને તૃપ્તિ થતી નથી. એક સ્વરસ રસનું પાન કરતાં એને તૃપ્તિ થાય છે. એ સિવાય ક્યાંય તૃપ્તિ થતી નથી.

મુમુક્ષુ :- અનુભવમાં ઓછામાં ઓછો સમય અસંખ્ય સમય જ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- અસંખ્ય સમય. ઓછામાં ઓછો પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનમાં જઘન્ય ભાવે અનુભવ પ્રથમમાં પ્રથમ આવે ત્યારે અસંખ્ય સમય ટકે છે. પછી બહાર વિકલ્પમાં આવે. કોઈ આવે તો. કોઈ ન આવે તો એમ ને એમ પણ આગળ જાય. એવી શક્તિ છે જીવમાં. પણ પ્રાયઃ સવિકલ્પ દશામાં જીવ આવી જાય છે. ત્યારે એને પોતાના રસાસ્વાદ ઉપર જે વૈચારિક ઉપયોગ જાય છે કે આ શું થઈ ગયું ? શેનો અનુભવ થઈ ગયો ? તે પોતાના ચૈતન્યપિંડમાં પ્રદેશે-પ્રદેશે અખંડ ભાવે જ્ઞાનના સ્વસંવેદનનો અને આનંદ અમૃતનો અનુભવ થયો. તેવું એને વિચારથી પણ સ્પષ્ટ સમજવામાં આવે છે. એટલે પોતાનો અનુભવ પોતે સમજી શકે છે. સંજ્ઞી પ્રાણી છે ને એટલે મનથી પણ પોતાના અનુભવને પોતે સમજી શકે છે. કેમકે એ એના સ્મૃતિ જ્ઞાનનો વિષય છે. જ્ઞાનની સ્મૃતિનો વિષય થાય છે.

'**અનુભવ સ્વસંવેદન છે, અનુભવ તૃપ્તિભાવ છે, અનુભવ અખંડપદ સર્વસ્વ છે.**' એ અનુભવને જ અખંડપદ અથવા સર્વસ્વ કહેવામાં આવે છે. અખંડપદ જે ત્રિકાળી છે એ તો અનાદિઅનંત છે. અનાદિનું હતું, અત્યારે છે અને અનંત કાળ પર્યંત છે પણ એના ઉપર લક્ષ જઈને અનુભવ ન થાય તો તે હોવું નહિ હોવા બરાબર છે. અથવા એના ઉપર લક્ષ નથી ત્યાં સુધી અનાદિથી રાગ ઉપર અને પર ઉપર લક્ષ છે. ત્યારે એને પોતાના જ અખંડ પદનો અસ્વીકાર છે. હોવા છતાં એનો અસ્વીકાર છે કે હું એવો નહિ. હું મનુષ્ય છું એમાં હું આત્મા નહિ એમ આવી જાય છે. હું માણસ છું એમાં હું આત્મા નથી એમ આવે છે.

એટલે એનો અસ્વીકાર છે.

આત્માના જે વાચક શબ્દો છે એનું વાચ્ય છે એ આત્મા પોતે છે. અને જે જે વાચક શબ્દો છે એનું વાચ્ય એને પોતાના જ્ઞાનમાં ભાસ્યમાન થાય તો તો એને કોઈ શબ્દ પ્રત્યે નિષેધ આવવાનો પ્રશ્ન રહેતો નથી કે આત્માને આવો કેમ કહ્યો ? પણ એણે અન્યથા આત્માને સ્વીકાર્યો છે ત્યારે એને આત્માના કહેનાર શબ્દો જે હોય છે એ પણ એને રુચતા નથી, ત્યારે એ એનો નિષેધ કરે છે. રુચે નહિ ત્યારે એ એનો નિષેધ કરે છે.

એટલે સ્વરૂપની અરુચિવાળા જીવો, સ્વરૂપને બતાવનાર જે વાણી છે, જેને જિનવાણી કહેવામાં આવે છે, જિન સ્વરૂપને બતાવે તે જિનવાણી અથવા જિનસ્વરૂપના લક્ષે એના માધ્યમથી, એના નિમિત્તે પ્રગટ થયેલી વાણી તે જિનવાણી. તે જિનવાણીની અરુચિ ક્યારે થાય ? કે પોતે પોતાના સ્વરૂપનો તીવ્રપણે અસ્વીકાર કરે ત્યારે.

લીધું છે ને પાત્રતામાં ? કે પાત્ર જીવને જ્ઞાનીની વાણી પ્રત્યે, જ્ઞાનીની વાણી સ્વરૂપને બતાવનારી હોવાથી પરમપ્રેમ આવે છે. એકને પરમપ્રેમ આવે છે તો બીજાને અરુચિ થાય છે, એ બંનેની રુચિને સૂચવે છે. પાત્ર જીવ સ્વરૂપની રુચિવાળો હોવાથી એને પરમપ્રેમ આવે છે, સ્વરૂપની અરુચિ છે એને એનો કોઈને કોઈ પ્રકારે નિષેધ આવે છે.

‘**અનુભવ અખંડપદ સર્વસ્વ છે.**’ અહીંયાં તો અનુભવને જ સર્વસ્વ કહ્યું છે. ભલે તે પર્યાય છે-અવસ્થા છે તોપણ એને અહીંયાં સર્વસ્વ કહ્યું છે અને એ સર્વસ્વ કહેતા અનુભવનો આધારસ્તંભ છે એના ઉપરની દૃષ્ટિ છૂટતી નથી. તેથી ત્યાં પર્યાયદૃષ્ટિ થવાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે અનુભવ જ ત્યારે થાય છે કે એની દૃષ્ટિ ત્રિકાળી ઉપર સ્થિર થાય ત્યારે.

અનંત ચૈતન્યનો રસાસ્વાદ છે. રસનો આસ્વાદ આવે છે. પોતાના જ સ્વરૂપના રસનો આસ્વાદ આવે છે. આત્મરસનો આસ્વાદ છે તે અનુભવ છે. અનુભવ કોઈ કલ્પના નથી એમ કહેવું છે. અનુભવ છે એ કોઈ કલ્પના નથી. એ તો સાક્ષાત્ રસાસ્વાદ છે. ચૈતન્યરસનો એમાં આસ્વાદ આવે છે, જ્ઞાનનો આસ્વાદ આવે છે. એ ‘**અનુભવ વિમલરૂપ છે,..**’ જેમાં મલિનતા નથી એવા ભાવ સ્વરૂપે છે. વિમલ એટલે વિશેષે

મળરહિત. વિગતમળ. મળ જેનો નાશ થઈ ગયો છે. એવો અનુભવ વિમલરૂપ છે અથવા નિર્મળ પરિણામસ્વરૂપ છે. આત્માના કષાયના અભાવસ્વરૂપ (છે).

'આનંદઘનજી'એ ગાયું છે ને. 'પ્રબળ કષાય અભાવ.' કષાયનો પ્રબળપણે અભાવ થયો. જોરથી સ્વરૂપમાં લીન થતાં, પુરુષાર્થથી જોરથી સ્વરૂપમાં લીન થતાં જે કષાયનો પ્રબળપણે અભાવ થયો એને ધર્મ કહેવામાં આવ્યો છે, એને અનુભવ કહેવામાં આવે છે. એ અનુભવ વિમલરૂપ છે.

**'અનુભવ અચલ જ્યોતિરૂપને પ્રકટ કરનાર છે,...'** જ્ઞાનની જે સાદિઅનંત જ્યોતિ છે. જ્ઞાનજ્યોતિ જેને કહેવામાં આવે છે એ જ્ઞાનજ્યોતિને પ્રગટ કરનાર આ સ્વાનુભવ છે. પોતાના સ્વરૂપના અનુભવમાં સમ્યગ્જ્ઞાનની જ્યોતિ ઉદય થાય છે અને એ જ્યોતિ સ્વરૂપમાં સદાયપણે અચલિત રહે છે. તેથી તેને અચલજ્યોતિ કહેવામાં આવે છે.

કેટલો ઊંડો રસ લઈને સ્વાનુભવ પ્રગટ્યો છે એ એનો પુરાવો છે. અચલ જ્યોતિ છે. જે જ્ઞાનજ્યોતિનો કદી વિનાશ થતો નથી. સાદિઅનંત એ જ્ઞાનજ્યોતિ, સમ્યગ્જ્ઞાનની જ્યોતિ વિકાસ પામીને કેવળજ્ઞાનની જ્યોતિને પ્રગટ કરે છે કે જે કેવળજ્ઞાનની જ્યોતિ સાદિઅનંત કાળ પર્યંત પરિપૂર્ણ વિકાસરૂપ પ્રગટ રહે છે. એને પ્રગટ કરનાર આ મૂળમાં સ્વાનુભવ છે. એવી જ્ઞાનની જ્યોતિને, અચળ જ્યોતિને પ્રગટ કરનાર સ્વાનુભવ છે. અનુભૂતિ છે એ જ એને પ્રગટ કરનાર છે. આ અનુભૂતિનો મહિમા ગાવામાં આવે છે કે જેથી જીવને અનુભૂતિ સંપન્ન એવા ધર્મી પ્રત્યે પણ એને એનું બહુમાન કેવું હોવું જોઈએ એનો એને ખ્યાલ આવે કે અનુભવનો મહિમા કેટલો સત્શાસ્ત્રોમાં ગાયો છે. આગળ કહી ગયા પોતે. ગ્રંથ ગ્રંથોમાં, સદ્ગ્રંથોમાં અનુભવનો મહિમા ગાવામાં આવ્યો છે. ભગવાનની દિવ્યધ્વનિમાં પણ આ અનુભવની પ્રશંસા કરવામાં આવી છે.

**'અનુભવ અનુભવના રસમાં અનંતગુણો રસ છે,...'** અનુભવ અનુભવના રસમાં અનંતગુણો રસ છે. એટલે અનુભવનો જે રસ છે અનુભવમાં એમાં કેટલો રસ છે ? કે અનંતગુણ રસ છે. શબ્દો તો

શબ્દો છે. ભાવમાં તો જે અનુભવમાં ઉતર્યા છે એ જાણે છે કે આ પાયો કેવો નાખ્યો છે ? જેમ આ બહુમાળી મકાન બનાવે છે. જેટલા માળ નક્કી કર્યા હોય એના પ્રમાણમાં એનો પાયો નાખે છે. આ અનુભવનો પાયો એવો છે કે એમાં અનંત માળનું મકાન થાય છે. તોપણ એ પાયો તો એવો ને એવો જ મજબુત રહે છે. ઊલટાનો અનુભવ ગાઢ થાય છે, અનુભવ પરમ અવગાઢ થાય છે. એવો અનુભવમાં અનુભવનો જ અનંત ગુણનો રસ છે.

'**પંચપરમગુરુ અનુભવથી થયા અને થશે.**' બસ. જે પાંચ પંચ પરમેષ્ઠી થયા, અરિહંત પરમાત્મા થયા, સિદ્ધ પરમાત્મા થયા. શેનાથી થયા ? શું કરીને થયા ? સ્વાનુભવ કરીને થયા છે. એ પદનું બીજું કોઈ કારણ નથી. સ્વાનુભવને કારણે તે પંચ પરમેષ્ઠી થયા અને પંચ પરમેષ્ઠી થયા પછી પણ તે સ્વાનુભવમાં જ રહ્યા. સ્વાનુભવની બહાર કોઈ ગયા નથી. વચનામૃતમાં એક બહુ સુંદર એવી વાત આવે છે કે મુનિને એવી ભાવના થાય છે કે ક્યારે અમે એવા ઉપયોગમાં આવીએ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ. પછી પાછો આવવાનો પ્રશ્ન રહે નહિ. સાદિઅનંત કાળ ગયો તે ગયો. બસ. એવા અનુભવમાં અનંત ગુણનો રસ છે. એ પંચ પરમગુરુ અનુભવથી થયા. ભૂતકાળમાં અનંતા પંચ પરમેષ્ઠી થયા એ સ્વાનુભવના કારણે થયા અને ભવિષ્યમાં અનંતા પંચ પરમેષ્ઠી થશે તે પણ બધા સ્વાનુભવને લીધે થશે.

લોકો એમ માને કે અમુક ક્રિયા કરે, આમ કર્યું ને તેમ કર્યું ને જોગ કર્યો, સમાધિ કરી, ફલાણું કર્યું, આકરું ફલાણું તપ કર્યું એટલે થયું. બહારના તપને સિદ્ધિનું કારણ માને છે. અંદરનું અનુભવનું રહસ્ય શું છે એનાથી જગત અજાણ્યું છે. એના ઉપર એક પદ છે.

'**ગુણ અનંત કે રસ સબૈ અનુભવ રસકે માંહિ; યાતૈં અનુભૌ સારિખો ઔર દૂસરો નાહિ....**' અનંત ગુણનો રસ છે એ એક અનુભવરસમાં અનંત ગુણનો રસ પ્રગટ છે. તેથી આ વિશ્વને, આ જગતને વિષે અનુભવની બરાબર, અનુભવને તુલ્ય બીજી કોઈ વાત છે નહિ. '**પંચ પરમગુરુ જે ભયે જે હોંગે જગમાંહિ; તે અનુભૌ પરસાદતૈં યામૈં ધોખો નાહિં.**' એ એમની પોતાની જ 'જ્ઞાનદર્પણ'ની રચના છે. પદમાં રચના છે. એના ૧૫૩ અને ૫૪ પદનું ઉદ્ધરણ કર્યું છે.

મુમુક્ષુ :- જ્ઞાનદર્પણ પણ આપણે છપાવવું જોઈએ, બહુ સરસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઢુંઢારીમાં છે. ગુજરાતી ...

'**સકલ સંત, મહંત, ભગવંત અનુભવમાં લાગેલા છે.**' શું કરે છે ? સઘળા સંતો, મહંતો, ભગવંતો શું કરે છે ? એક જ કામ કરે છે. એ પોતાના સ્વાનુભવમાં લાગેલા છે. અનુભવની મસ્તીમાં પડ્યા છે. અનુભૂતિમાં મોજ કરે છે. આ એક જ કાર્ય એમનું છે. બીજું કોઈ એ કાર્ય કરતા નથી. લોકોમાં તો જગતના કાર્યો કરે, જગતના લોકોને મદદ કરે, દુઃખીયાના દુઃખ મટાડવાના કાર્યોમાં લાગે એને સંત-મહંત કહેવામાં આવે છે. લોકો ભગવંત એને જ કહે છે ને. ભગવાન આમ કરે ને આમ કરે.

'**સકલ સંત, મહંત, ભગવંત અનુભવમાં લાગેલા છે. માટે જે ગુણવાન છે તે અનુભવ કરો.**' હે ગુણીજનો ! એમ કહે છે. તમે તો અનુભવને કરો. તમારા ગુણને પ્રગટ કરો અંદરથી. આત્માના ગુણને વિકસાવવાનું, પ્રગટ કરવાનું એક સાધન સ્વાનુભવમાત્ર જ છે. બીજું કોઈ એનું સાધન નથી. '**માટે જે ગુણવાન છે તે અનુભવ કરો. સકલ જીવરાશિ, સ્વરૂપને અનુભવો.**' જુઓ ! એમની ભાવના છે. કોઈને બાદ કરતા નથી. જગતમાં તો પોતાની પ્રશંસા કરે એને લાભ આપે અને પોતાથી વિરૂદ્ધ જાય એને લાભ ન આપે. એમ કરે છે લોકો. અહીંયાં એ વાત નથી. અહીં તો કહે છે કે બધાય અમારી નજરમાં ભગવાનઆત્મા છે અને બધા જ એવા ભગવાનઆત્માનો અનુભવ કરો. આ અમારી ભાવના છે. અને ભગવાન આત્માનો અનુભવ કરીને બધા જ સુખી થાવ. બધાનો ઉપદ્રવ શાંત થાવ, બધાના દુઃખ શાંત થાવ અને બધા જ શાંતરસને પામો.

'**આ અનુભવપંથને નિર્ગ્રંથ સાધી સાધીને ભગવાન થયા.**' જે નિર્ગ્રંથો છે, જે વિતરાગી સંતો છે એ આ અનુભવના માર્ગને સાધી સાધીને પરિપૂર્ણ ભગવાનપદમાં પહોંચ્યા. એ નિર્ગ્રંથો તો સાધી સાધીને ભગવાન થયા પણ બહારમાં જેને પરિગ્રહ દેખાય છે એવા '**પરિગ્રહવાન સમ્યગ્દ્રષ્ટિ પણ ક્યારેક ક્યારેક અનુભવ કરે છે,...**' ઠીક ! આ ના પાડે છે ને લોકો ? ચોથા ગુણસ્થાને પરિગ્રહવાનને અનુભવ ન

થાય. 'ટોડરમલજી'એ પત્ર લખ્યો છે કે સમ્યગ્દષ્ટિ પણ ક્યારેક સ્વરૂપ અનુભવનો ઉદ્યમ કરે છે ત્યારે તે ધ્યાનમાં બેસે છે. એમ કરીને સવિકલ્પ દ્વારા વડે નિર્વિકલ્પ અનુભવનું વર્ણન કરવું છે, અનુભવની દશાનું, એ પહેલાના પૂર્વ પરિણામ, તે વખતના પરિણામનું વર્ણન કરવું છે તો ત્યાંથી સમ્યગ્દષ્ટિથી વાત લીધી છે. સમ્યગ્દષ્ટિ પણ ક્યારેક સ્વરૂપાનુભવ કરવાનો ઉદ્યમ કરે છે. બીજા તો ન સમજે, પણ જેના સાહિત્યમાં આ વાત પડી છે એ દિગંબરો સમજતા નથી. દિગંબર સમાજમાં પંડિતોને, સાધુઓને આ વિષયનો ખ્યાલ નથી. એવા વિદ્વાનો અને સાધુઓ થયેલા, માનેલા સાધુઓ. કેમકે એને પોતાને એ અનુભૂતિ નથી, અનુભૂતિથી અજાણ્યા છે, અનુભૂતિ કેવી હોય એ ખબર નથી. તો કહે (છે કે) પણ આ અમે સાધુ તો થયા જ છીએ. છતાં અનુભૂતિ નથી. તો એ બારમા ગુણસ્થાને કે ફલાણા ગુણસ્થાને થાય એમ કરીને અત્યારે એનો નિષેધ કરી નાખે છે.

મુમુક્ષુ :- ...વિચાર કરે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- ચારેય ગતિમાં થાય, સાતમી નારકી પર્યંત થાય. છેલ્લામાં છેલ્લી હદના પાપ કરીને સાતમી નારકીએ ગયો હોય, કનિષ્ટમાં કનિષ્ટ પરિણામ કરીને (ગયો હોય). ત્યાં પણ જો અંદરથી ફરે, સંસ્કાર કોઈ લઈ ગયો હોય, અંદરથી ફરે તો અનુભવ થાય છે. ત્યાં પણ અનુભવ થાય છે. મનુષ્યગતિમાં તો ઘણો વિવેક છે. ત્યાં તો મતિ ઘણી વ્યવસ્થિત થઈ શકે એવું છે.

**'પરિગ્રહવાન સમ્યગ્દષ્ટિ પણ ક્યારેક ક્યારેક અનુભવ કરે છે, તેઓ ધન્ય છે.'** જેઓ અનુભવ કરે છે તેઓ ધન્ય છે. તેઓ **'મોક્ષના સાધક છે.'** તે સાક્ષાત્ મોક્ષને સાધી રહ્યા છે. મોક્ષમાર્ગ દ્વારા, સ્વાનુભવ દ્વારા તે પરિપૂર્ણ મોક્ષને સાધી રહ્યા છે. પૂર્ણતાને પંથે પડેલા છે તેમને અહીંયાં ધન્ય ગણવામાં આવ્યા છે. **'પરિગ્રહવાન સમ્યગ્દષ્ટિ પણ...'** **'જે સમયે સ્વરૂપ અનુભવ કરે છે તે સમયે સિદ્ધ સમાન અમ્લાન આત્મતત્ત્વને અનુભવે છે.'** પોતાને. આત્મતત્ત્વને એટલે પોતાને કેવા અનુભવે છે ? બહારમાં પરિગ્રહ છે. લોકો એને એમ સમજે છે કે આ રાજા છે, કે તવંગર છે. કોઈ રાજા હોય અને કોઈ તવંગર હોય તો કોઈ બહારમાં નિર્ધન પણ હોઈ શકે ખરા. તો કોઈ તવંગર હોય કે

નિર્ધન હોય, પરિગ્રહવાન દેખાતા હોય કે અપરિગ્રહવાન હોય.

**'જે સમયે સ્વરૂપ-અનુભવ કરે છે...'** એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં પરિણમન કરે છે તે સમયે તે પોતાના આત્મસ્વરૂપને કે જે સિદ્ધપદસ્વરૂપ છે, તેને એ જેવું સિદ્ધપદસ્વરૂપ પોતાનું છે એવા જ સિદ્ધપદ સ્વરૂપે પોતાનો અનુભવ કરે છે કે હું પણ મારા સ્વરૂપે તો સાક્ષાત્ સિદ્ધ જ છું. એમાં જરા પણ એક અંશ માત્ર પણ ફેર નથી. 'યોગીન્દ્રદેવે' 'યોગસાર'માં તો એક એવી ગાથા લખી છે કે સિદ્ધપદમાં અને પોતાના આત્મામાં એક સહેજ માત્ર પણ ફેર માને તેને મિથ્યાત્વ જેવડું બીજું મોટું કોઈ જગતમાં પાપ નથી. એવડું પાપ એને ત્યાં લાગે છે. એવું બતાવ્યું છે ત્યાં.

પણ સિદ્ધપદ સ્વરૂપે છે. છે એનો અનુભવ છે કે નથી એનો અનુભવ છે ? સિદ્ધપદ કાંઈ બનાવવું નથી. એ તો છે જ. અનાદિઅનંત છે. સામું ન જોવે તોપણ છે અને સામુ જોવે તોપણ છે, છે ને છે. આમ છે. એવા સિદ્ધપદનો... સિદ્ધ સમાન કહ્યું એ તો ઉપરના જે સિદ્ધ છે એના સમાન એમ કહ્યું. પણ આ તો પોતે જ સાક્ષાત્ સિદ્ધ છે. તેવા સ્વરૂપનો, સિદ્ધ સ્વરૂપનો સાક્ષાત્ એટલે અપરોક્ષ અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ કરે છે. પાછું અનુમાન કરે છે એમ નથી કે હું સિદ્ધ સમાન છું. પ્રત્યક્ષ અનુભવ કરે છે કે જેવા સિદ્ધ છે એવો જ હું અત્યારે મારા સ્વરૂપે છું અને છું એમ નહિ એવો મને હું અનુભવમાં પણ આવી રહ્યો છું. છું પણ અનુભવગોચર છું. મારા સ્વાનુભવગોચર હું આવો છું. તેથી એ વિષયમાં કોઈ મારે અનુમાન કરીને નક્કી કરવું છે કે માનવું છે કે સ્વીકારવું છે એ વાત રહેતી નથી. અનુભવથી જ એની પ્રતીત આવે છે. એના અનુભવથી ઉત્પન્ન પ્રતીત છે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

એવા **'અમ્લાન...'** એટલે મલિનતા રહિત પૂર્ણ શુદ્ધ **'આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ સ્વરૂપ અનુભવમાં...'** અનુભવનું તારતમ્ય ભલે જઘન્ય એક દેશસ્વરૂપ છે, અંશ સ્વરૂપ છે. વિષય અંશસ્વરૂપ નથી. વિષય એવો જે પર્યાય અનુભવનો એ અંશસ્વરૂપ છે, એકદેશ સ્વરૂપ છે. એનો વિષય તો જેવો સિદ્ધ ભગવાનને અનુભવમાં વિષય છે, એવો જ અને એટલો જ છે. ઓછો-

વત્તો જરાય નથી.

**'એકદેશ સ્વરૂપ અનુવમાં સ્વરૂપ-અનુભવની સર્વસ્વ જાતિ પિછાણી છે.'** એટલે મુનિરાજને પ્રચુર સ્વસંવેદનમાં કેવો અનુભવ હોય એ અનુભવને સ્વસંવેદનની જાતિને પણ એણે પિછાણી છે. સમવસરણમાં બિરાજમાન અરિહંત પરમાત્મા કેવા પરિપૂર્ણ સ્વસંવેદનમાં બિરાજે છે, એની જાત પણ એણે પિછાણી છે અને સિદ્ધાલયમાં સ્થિત અનંત સિદ્ધાત્માઓ કેવા સ્વસંવેદનની અંદર બિરાજમાન છે એની જાત પણ એણે પિછાણી છે. ખાંડની ગુણીમાંથી બંબીથી ચપટી ખાંડનો નમુનો કાઢી આખી ખાંડની ગુણની જાત એણે પિછાણી છે કે આની અંદર આ જાતની ખાંડ ભરેલી છે. બંબી મારે ને ? એક બંબી ઉપર મારે, વચ્ચે મારે, નીચે મારે. ત્રણે જગ્યાએથી જુએ એકસરખી ખાંડ નીકળે છે (ત્યારે) આખી ગુણી આવી ખાંડની ભરેલી છે (એમ નક્કી કરે છે).

એમ અહીંયાં અનુભવ ભલે જઘન્યભાવે છે. પણ જે અનુભવ સ્વસંવેદન છે એ સ્વસંવેદન રસની મૂર્તિ જે છે એનો તો અનુભવ છે અને જેનાથી સ્વસંવેદન પ્રગટ છે અનુભવથી, તો એણે સર્વ જાતિને પિછાણી છે. એને મુનિરાજને કેવો અનુભવ હોય એટલે ભાવલિંગી સંત કેવા હોય એનું પણ એને જ્ઞાન થાય છે, દેવ કેવા હોય એનું પણ એને જ્ઞાન થાય છે. દેવ-ગુરુ બંનેનું જ્ઞાન એને સ્વાનુભવની અંદર આવી જાય છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- સિદ્ધને જેવો અનુભવ થાય છે એવો જ અહીંયાં અનુભવ થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ જાતિનો અનુભવ થાય છે. એમાં તારતમ્યતા જઘન્ય છે, પણ એવો જ અનુભવ છે. વિષય સરખો છે. વિષય કરનાર પર્યાયમાં અલ્પ બહુત્વ છે. અલ્પત્વ અને બહુત્વ પર્યાયમાં છે. પર્યાયના વિષયમાં અલ્પ બહુત્વ નથી. એ તો પરિપૂર્ણ શુદ્ધ અખંડ આત્મા જ છે.

મુમુક્ષુ :- તારતમ્યતા ભેદ એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- કાળ અને ભાવ બંને. કાળ અને ભાવ બંને. ભાવમાં જેટલી સ્થિરતા, જેટલી ઉગ્રતા, જેટલું જોર, જેટલું પૂર્ણ

વેદન, એમ તારતમ્યતા ઓછાવત્તા વેદનની છે. જેમ કોઈને ક્રોધ ઓછો આવે, કોઈને વધારે આવે. બંને ક્રોધ કહેવાય. પણ બેની તારતમ્યતા ફેર છે. કોઈ ઓછો ગુસ્સો કરે છે. તીવ્ર રસથી કરે છે. કોઈ વધુ રસથી કરે છે. એમ અનુભવનો રસ અહીંયાં જઘન્ય છે. અનુભવનો રસ એમાં જઘન્ય છે. ત્યાં પૂર્ણ રસ છે. પૂરેપૂરો. ભાવમાં પણ તારતમ્ય ભેદ છે. કાળ તો ઓછો હોય જ. જ્યારે રસ ઓછો હોય એટલે ઉપયોગ વિચલિત થઈ જાય. કાળ અને ભાવ બંનેમાં ફેર છે. પણ જાતમાં ફેર નથી, ક્વોલિટીમાં ફેર નથી, ક્વોન્ટિટીમાં ફેર છે. ક્વોલિટીમાં કોઈ ફેર નથી અને વિષય એકનો એક છે. જે ચોથા ગુણસ્થાને વિષય છે, તે જ પાંચમા ગુણસ્થાને છે, તે જ સાતમા ગુણસ્થાને છે, તે જ તેરમા ગુણસ્થાને છે, તે જ સિદ્ધદશામાં છે. કોઈને વિષયમાં ફેર નથી. પોતાનું પરિપૂર્ણ શુદ્ધ, સિદ્ધ, પ્રસિદ્ધ અખંડપદ છે એનો જ સર્વને અનુભવ છે. કોઈ જાજુ ખાઈ શકે છે, કોઈ ઓછું ખાઈ શકે છે. પણ ખાય છે તો એક જ ચીજને ખાય છે. સ્વાદ લે છે એ એક જ ચીજનો લે છે. એમ છે.

એ '**અનુભવ પૂજ્ય છે, પરમ છે,...**' પૂજ્ય છે. લ્યો, અનુભવ પૂજ્ય છે લીધું કે નહિ ? '**અનુભવ પૂજ્ય છે,...**' પવિત્ર છે એટલે પૂજ્ય છે. પરમ છે એટલે ઉત્કૃષ્ટ છે. તે '**ધર્મ છે, સાર છે, અપાર છે,...**' એનો છેડો આવે એવું નથી. કહેવા માગે તોપણ એક અનુભવની દશાને કહી શકે નહિ. એવી વાણીને પોતાની અશક્તિ જાહેર કરવી પડે છે કે મારામાં આને પૂરું કહેવાનાં સામર્થ્ય નથી.

'**સાર છે, અપાર છે, ઉદ્ધાર કરે છે,...**' જીવને સંસારમાંથી પરિભ્રમણ કરતો બંધ કરી દે છે. એક સિદ્ધાલયમાં શાશ્વત પદમાં સ્થિર કરે છે. તે '**અવિકાર છે,...**' શુદ્ધ છે. પાર વિનાનો પર્યાય છે. '**ભવપાર કરે છે,...**' અવિકાર છે એમ કહે પણ હજી તો ચોથા ગુણસ્થાને ? તો કહે ચોથા ગુણસ્થાને અનુભવની પર્યાયમાં વિકાર નથી. જે અંશમાં વિકાર છે એ અનુભવમાં નથી. એ અંશ અનુભવમાં નથી. એ પર્યાયઅંશ જુદો અને આ પર્યાયઅંશ જુદો છે. એમ કહેવું છે. શુદ્ધિમાં અશુદ્ધિ નથી અને અશુદ્ધિમાં શુદ્ધિ નથી. એમ લેવું છે.

તે '**ભવપાર કરે છે, મહિમાને ધરે છે,...**' અનંત મહિમાને ધરે છે. '**દોષને હરનાર છે,...**' સર્વ દોષનો એ નાશ કરનાર છે. દોષનો ધ્વંસક

છે. અને '**તેનાથી ચિદાનંદનો સુધાર છે.**' તેથી એ અનુભવથી ચૈતન્ય આનંદસ્વરૂપ આત્માનો સર્વ સુધાર થઈને પરિપૂર્ણ શુદ્ધતા થાય છે.

અહીંયાં ગ્રંથ પૂરો કરતાં 'દિપચંદજી'એ બે પદની રચના કરી છે. '**દેવ જિનેન્દ્ર મુનીંદ્ર સબૈ અનુભૌ રસ પીયકૈં આનંદ પાયૌ;...**' જે જિનેન્દ્રદેવ છે, મુનિન્દ્ર છે, બધા જ અનુભવરસ પીને આનંદ પામે છે. આત્માના અલૌકિક આનંદને પ્રાપ્ત કરે છે. '**કેવલજ્ઞાન વિરાજત હૈ નિત સૌ અનુભૌરસ સિદ્ધ લખાયૌ.**' અને એ આનંદ પીતા પીતા કેવળજ્ઞાનમાં બિરાજમાન છે. એ અનુભવરસને જ સિદ્ધ કહેવામાં આવે છે.

'**એક નિરંજન જ્ઞાયકરૂપ અનૂપ અખંડ સ્વસ્વાદ સુહાયૌ.**' એવો જે નિરંજન-ડાઘ વગરનો, મેલ વગરનો જે જ્ઞાયકસ્વરૂપ છે, જેની ઉપમા આપી ન શકીએ તેવો અનુપમ છે, અખંડ છે અને જે પોતાના જ સ્વાદરૂપે છે તે સુહાયો છે, તે ઈષ્ટ છે, તે ગમ્યો છે. '**તે ધન્ય હૈં જગમાંહિ...**' જગતમાં તે ધન્ય છે. '**સદૈવ સદા અનુભૌ નિજ આપકૌ ભાયૌ.**' 'ગુરુદેવ' તો સ્વાનુભવીની મહિમા કરતા એટલું કહેતા કે સમ્યગ્દૃષ્ટિ સ્વાનુભવ વિભૂષિત બળદ હોય અને એની ખરી વિષ્ટાને અડે તો એ વિષ્ટા ધન્ય થઈ ગઈ. જાવ. ઠીક ! કેટલો અનુભવનો મહિમા છે ! એ વાત છે એમાં.

'**યહ અનુભવપ્રકાશ જ્ઞાન નિજ દાય હૈ;...**' આ અનુભવનો પ્રકાશ નિજ જ્ઞાનને દેનારો છે. '**કરિ યાકૌ અભ્યાસ સંત સુખ પાય હૈ.**' એવા અનુભવનો અભ્યાસ કરીને સંતો સુખને પ્રાપ્ત કરે છે. '**યામૈં અર્થ અનૂપ સદા ભવિ સરદ હૈ;...**' જેની અંદર એવો પ્રયોજન પડ્યો છે, એવું અનુપમ પ્રયોજન છે કે જે ભવિને માટે, ભવ્યજીવને માટે યોગ્ય છે. '**કહૈ દીપ...**' 'દીપચંદજી' એમ કહે છે. પોતે દીપ એટલે 'દીપચંદજી'. '**અવિકાર આપ પદેકૌં લહૈં.**' એ અનુભવથી પોતાના નિજ અવિકાર પદને પ્રાપ્ત કરે છે.

'**ઈતિ શ્રી દીપચંદસાધર્મીકૃત અનુભવપ્રકાશ નામનો ગ્રંથ સંપૂર્ણમ્ ઈતિ શ્રી દીપચંદસાધર્મીકૃત અનુભવપ્રકાગ્રંથનો હિંદી ઉપરથી ગુજરાતી અનુવાદ સમાપ્ત.**'

## ભાવનગરમાં વિભિન્ન સમયે ચાલેલ અન્ય પ્રવચનો

## તા. ૧૬-૬-૧૯૯૦, પાના નં. ૧૪, પ્રવચન નં. ૧૫૫

... આ તો અન્ય દર્શન અને જૈનદર્શનની આપણે વિચારણા કરી. એટલું જરાક ટેલી કરશો એટલે ક્યાંય ભૂલ નહિ થાય.

મુમુક્ષુ :- ચોકડી પડતી જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ચોકડી પડશે. બાયફર્કેશન થઈ જશે. આ બરાબર, આ બરાબર નહિ. આ બરાબર, આ બરાબર નહિ. એની છટણી થઈ જશે. કાં તો સત્પુરુષ માર્ગદર્શન આપે અને નહિતર પોતાનો આત્મા આપે. એ સિવાય બીજો આમાં ઉપાય નથી. પછી વાંધો નથી.

હવે એમાં જે તુલનાત્મક વિચારસરણીનો જે વિચાર આવ્યો એમાં એ છે કે જગતની અંદર અનેક ધર્મોના પંથો છે-સંપ્રદાયો છે. અનાદિથી છે. તેમ છતાં આપણે આપણા ભરતક્ષેત્રનો જો વિચાર કરીએ તો આ ક્ષેત્રની અંદર પ્રથમ તીર્થંકર ભગવાન 'ઋષભદેવ'નો કાળ શરૂ થયો એ પહેલા અહીંયાં યુગલિયાના ક્ષેત્રો હતા. એટલે ધર્મ-કર્મનું કોઈ ક્ષેત્ર જ નહોતું. યુગલિયાના ક્ષેત્રમાં કોઈ ધર્મ-કર્મ નથી. એટલે એમાં ધર્મની મોક્ષ ગતિ નહોતી, કર્મમાં નરકની ગતિ નહોતી. બંને ગતિ નહોતી. છે મનુષ્ય જ બધા પણ એવી પરિસ્થિતિમાં એ કાળ પસાર થાય છે. એ ચોથા આરાના પ્રારંભમાં.

પછી જ્યારે 'ઋષભદેવ' ભગવાન પ્રથમ તીર્થંકર થયા એમણે દિવ્યદ્વિમાં મોક્ષમાર્ગ ખુલ્યો. જેવો દિવ્યધ્વનિમાં મોક્ષમાર્ગ ખોલ્યો તો જે પાત્રજીવો હતા એને અનુકૂળ વાત પડી. એને અંદરથી એના આત્માએ હકાર કર્યો. એ મોક્ષગતિમાં સીધાવા માંડ્યા. કેટલાક જીવો એવા હતા કે એ એમાંથી કોઈને વિરૂદ્ધતા લાગતી હતી કે આ કહે છે એવું ન હોય. તો કોઈ પોતાના મતિદોષથી અન્યથા સમજતા હતા, બીજી રીતે સમજી જતા હતા. જે કહેવા ધારતા હતા એ નહોતા સમજતા પણ બીજી રીતે સમજી જતાં હતા. એવા બે પ્રકારને લઈને

બીજા બધા ધર્મોની ઉત્પત્તિ થઈ અને ત્યારથી સાતમી નારકી ચાલુ થઈ.

હવે જે અન્ય મતોની ઉત્પત્તિ થઈ એ ઉત્પત્તિ સ્થાન પણ દિવ્યધ્વનિ છે અને મોક્ષમાર્ગની-ધર્મમાર્ગની ઉત્પત્તિ છે એ ઉત્પત્તિ સ્થાન પણ દિવ્યધ્વનિ જ છે. એટલા માટે બધા ધર્મમતોમાં કોઈ અમુક વાત સાચી હોય છે. કેમકે એણે ત્યાંથી જ પકડી છે એ વાત. જેમકે એક સાંખ્ય લઈએ આપણે. તો સાંખ્યમાં આત્મા નિત્ય છે એ વાત પકડી છે. તો જૈનદર્શનનો જે જ્ઞાતા હોય એ સમજી લે છે કે આત્મા નિત્ય છે એ વાત સાચી છે. પણ આ લોકો એ એક જ વાતને મુખ્ય કરીને બાકીનું જે ઉડાવે છે એ ભૂલ છે. એટલે એ બાદ કરે છે. એને એ સાંખ્યનું શાસ્ત્ર વાંચતા દોષ નથી થતો. આત્મા અનિત્ય છે તો બૌદ્ધદર્શન એના ઉપર ચાલ્યું ગયું. પરિણામથી ઉત્પાદ-વ્યય હોવાથી આત્માનું અનિત્યપણું પણ છે. પણ એકાંતે આત્મા નિત્ય નથી, એકાંતે આત્મા અનિત્ય નથી. જેણે એકાંત કર્યો તે અન્યમતમાં ગયો.

જૈનદર્શનના શાસ્ત્રોમાં પણ આ પરિસ્થિતિ છે. આ શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનીનું લખેલું હોવા છતાં જો પોતે સમજણફેર કરે ત્યારે એ વખતે પોતે અન્યમતમાં આવી જાય છે. ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. અન્યમત કહો કે ગૃહીત મિથ્યાત્વ કહો. આપણે ઓલાને સ્થૂળ પરિણામની અપેક્ષાએ એને ગૃહીત મિથ્યાત્વ કહીએ છીએ, અહીંયાં સૂક્ષ્મ પરિણામથી ગૃહીત મિથ્યાત્વ થાય છે. પણ વર્ગ અને ક્વોલિટી ? ક્વોલિટી એક જ. બે નથી ક્વોલિટી. ગૃહીત મિથ્યાત્વની ક્વોલિટી એક છે. પછી એમાં તીવ્રતા મંદતાનો ફેર છે ખાલી. એટલે ગૃહીત મિથ્યાત્વ તો સહેજે થઈ જાય, જો જીવ ભૂલ કરે તો. તત્ત્વજ્ઞાનના વિષયમાં ભૂલ કરે તો ગૃહીત મિથ્યાત્વ થતાં વાર ન લાગે. આ સીધી સાદી વાત છે.

એટલે એ દૃષ્ટિએ જ્યારે જેટલી વાતો સામે આવે ત્યાં આ જાતનું તુલનાત્મક જ્ઞાન હોય તો ક્યાંય જીવ ફસાય નહિ. કેમકે એને બરાબર ખ્યાલ આવે છે કે આમાં અહીંયાં ફેર પડે છે... અહીંયાં ફેર પડે છે... અહીંયાં ફેર પડે છે... એમ તુલનાત્મક દૃષ્ટિકોણ...

તુલનાત્મક દૃષ્ટિકોણમાં એક ભૂલ ક્યાં થાય છે ? જરાક એક લાલબત્તી જેવી વાત છે એ વિચારવા જેવી છે. અમારે ત્યાં એક ભાઈ

આવે છે. આપણા સ્વાધ્યાયમાં એ ભાઈ ક્યારેક આવે છે, ક્યારેક નથી આવતા. ક્યારેક આવે તો મહિનાઓ સુધી આવે, ન આવે તો મહિનાઓ સુધી ન આવે. મૂળ તો આ બાજુ વળેલા એમના મીસીસના હિસાબે. 'ગુરુદેવ' તરફ વળેલા. એ પણ એની સાથે સાથે આવતા જતા થયા. પછી 'ભાવનગર'માં ઓલો સંન્યાસ આશ્રમ છે ને પરિમલ પાસે ? ત્યાં પણ અવારનવાર જાય. કોઈ સંન્યાસી આવે. એનો સત્સંગ કરવા જાય. જશોનાથની અંદર કોઈ વિદ્વાન વેદાંતના આવે તો, સંન્યાસીઓ આવે તો એને પણ સાંભળવા જાય.

એકવાર રસ્તામાં મને રાત્રે મળી ગયા. મારા ઘર બાજુથી પરિમલ બાજુ જતા હશે. મને કહે, હું સંન્યાસ આશ્રમમાં ગયો હતો. બહુ સારા સંન્યાસી આવ્યા છે. બહુ સરસ વાત કરે છે. એમાં શું છે કે ઉપદેશની વાત બધી જ સારી હોય છે. બધા ધર્મની અંદર એટલી તો બુદ્ધિ તે તે ધર્મના ચલાવનારોએ વાપરી છે કે આત્માને પાપ કરવામાં કોઈ સપોર્ટ નથી કરવાનું. એ ધર્મનો વિષય નથી, અધર્મનો વિષય છે. અને સારા કાર્યો કરવા, સત્કાર્યો કરવા, આત્મગુણો કેળવવા, ક્રોધ ન કરવો, ક્ષમા રાખવી આ બધી વાત તો બધા જ ધર્મમતોમાં આવે છે. છતાં એ બધા ધર્મોમાં જો તુલનાત્મક ..

... દેહધારી છું એ ચાલી રહ્યું છે. હવે જ્ઞાનીપુરુષ એમ કહે છે કે તું ઉપયોગધારી છો. તો દેહધારી છું અને એને ઉપયોગધારી છું એ વાત સામે ટકરાવી જોઈએ. અને એ એવી રીતે ટકરાવી જોઈએ કે ઉપયોગધારી છું એનો વિજય થાય. દેહધારી છું એ છૂટી જાય. કેમ આવું બને છે ? જ્યારે હું ઉપયોગધારી છું તો પછી હું દેહધારી છું એમ જોઉં છું કેમ ? એવું અનુભવું છું કેમ ? અહીંયાં લડાઈ ચાલે. જ્યારે પોતાને એમ લાગે કે હું દેહધારી છું એ એક મારો અવિવેક થાય છે. કે જે અવિવેકનું ફળ સંસાર પરિભ્રમણ છે, જન્મ-મરણ છે. કારણ કે દેહધારીનું મરણ છે ને ? જે દેહધારી નથી એને મરણ શું અને એને જન્મ શું ? મરણ તો દેહધારીનું છે. સાચેસાચ મરી જતો હોય એવી રીતે પોતે બેશુદ્ધ થઈ જાય છે. મરતા પહેલા બહુભાગ મનુષ્યો બેશુદ્ધ કેમ થાય ? કે સાચેસાચ પોતે મરી જાય છે એવી જ એને કલ્પના થાય છે. સાચું જ લાગે છે. એટલું બધું દુઃખ થઈ આવે છે કે સુધસાન

ગુમાવી દે છે. એના જન્મ-મરણ છે. જે વિવેક થયો કે હું દેહધારી નથી, હું તો ઉપયોગધારી છું. તો આ વાત-દેહધારી છું એ છૂટી ન જાય ત્યાં સુધી એનું ઘર્ષણ ચાલે. જ્યારે બે વાત સામે સામી હોય તો ઘર્ષણ ચાલે. ક્યાં સુધી ઘર્ષણ ચાલે ? કે બેમાંથી એકનો નાશ થાય ત્યાં સુધી. દેહધારી છું એ ઘર્ષણ ચાલે.

૧૫૫ પત્રમાં કહ્યું ને કે દેહધારી અમે છીએ કે કેમ એ માંડ માંડ યાદ કરીએ ત્યારે અમને ખબર પડે છે. હજી તો ૨૪મું વર્ષ છે. ઉપયોગની ઉપયોગમાં રમણતા કેવી હશે ! ઉપયોગધારી પોતે ચૈતન્યપિંડ આત્મા છે. એમાં ઉપયોગની રમણતા કેટલી હશે ! હું ઉપયોગધારી કેવળ ચૈતન્યમૂર્તિ છું. શરીર ભૂલી જાય છે. પાડોશીને ભૂલી જાય છે. શરીર પાડોશમાં છે તો પાડોશીને ભૂલી જાય છે. એ તો પાડોશમાં રહેલું એક ખોખું છે. એને ભૂલી જાય છે.

મુમુક્ષુ :- આ બધી વાતોથી ખ્યાલ આવે આપણને લાગે જ્ઞાની કેવા હોય, કેટલી દશા સુધી એમની પોતાની સ્થિરતા હોય એટલે એક એક માપ આપણી સામે આવીને ઊભું રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાધ્યાય કરવામાં જો જ્ઞાનદશા સમજાય તો જ્ઞાનપ્રાપ્તિની રીત સમજાય છે. નહિતર સર્વથી સૂક્ષ્મ અને રહસ્યભૂત વિષય એ છે કે જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે એ વાતથી અનાદિથી અજાણ રહ્યો છે. ભૂતકાળમાં ગ્રંથો અને શાસ્ત્રો નથી વાંચ્યા એમ નહિ. અનંત વાર વાંચ્યા છે, પણ કાર્યની રીત જે છે, કઈ રીતે કામ થાય એથી પોતે અજાણ રહ્યો છે. અને એ જાણવાનો સુગમમાં સુગમ અને સહેલામાં સહેલો ઉપાય જ્ઞાનદશાને ઓળખવી. જ્ઞાનીની દશાને ઓળખવી.

મુમુક્ષુ :- ઉપયોગધારી છું, સાંભળીએ ત્યારે બરાબર લાગે છે પણ પછી તો દેહધારીનો જ વિકલ્પ થયા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિસ્મરણ થઈ જાય છે ને. એટલે શું કર્યું છે ? કે વાંચીએ-સાંભળીએ ત્યારે સ્મરણ કર્યું છે. સ્મરણનું વિસ્મરણ થાય. કારણ કે સ્મરણ પોતે વિસ્મરણ સહિત છે. જેમ જન્મ છે એ મરણ સહિત છે, સંયોગ છે એ વિયોગ સહિત છે. એમ સ્મરણ પોતે, સ્મરણના સિક્કાની બીજી બાજુ જ વિસ્મરણ છે. સાથે જ રહે છે. આ તો એક એ પ્રકારનું જ્ઞાન થવું જોઈએ કે જે સ્મરણ-વિસ્મરણથી પર

હોય. જેને સ્મરણ-વિસ્મરણની અપેક્ષા ન હોય. એવું જ્ઞાન કરવાની વાત છે. સ્મરણરૂપ જ્ઞાન અનેકવાર કર્યું અને અનેકવાર વિસ્મરણ કરી ગયો છે.

ઉપયોગધારી છું એમ અંદર પકડે તો એ ચાલ્યા કરે. પછી ઉપયોગ બીજે જાય તો અંદરથી ઓલું ન જાય. ઉપયોગધારી છું એમ કાંઈક અંદર પકડે. સ્વાધ્યાય તો ખરેખર એ વિષય છે. વાંચી જવું, સાંભળી જવું એ સ્વાધ્યાય નથી. પણ કાંઈક અંદર પક્કડ આવે. તો શું છે કે ઉપયોગ બીજે જાય તો અંદરની વાત ન જાય. ચાલ્યા કરે. ઉપયોગધારી છું, ઉપયોગધારી છું એ ચાલ્યા કરે.

ઉપયોગને પકડીને ઉપયોગધારી છું. ઉપયોગમાં હુંપણું એમ પકડીને ઉપયોગધારી છું એમ લેવું છે. સદા ઉપયોગધારી છું. ઉપયોગને પકડીને (વાત છે). નહિતર તો વિસ્મૃત થશે. ઉપરછલ્લુ ક્યાં સુધી રહે ? બીજું ખાવું, પીવું અને બીજી જે શરીરની જેટલી પ્રક્રિયા શરીરધારીપણે છે એ કાંઈ ઉપરછલ્લી નથી થતી. એ તો પકડીને કરે છે. એ બધી ક્રિયામાં તો શરીર તે હું એમ પકડીને કરે છે. અને ઉપયોગધારી છું એમાં ઉપયોગ મોજૂદ છે, હયાત છે છતાં એને પકડીને નથી કરતો. એમાં એ પ્રક્રિયામાં જ ફેર છે. પછી જે બીજી ક્રિયામાં આવે છે ત્યારે તો એને પકડી પકડીને કરે છે.

મુમુક્ષુ :- સમગ્રપણે.

પૂજ્ય ભાઈશ્રી :- સમગ્રપણે પકડે છે. ચારેકોરથી જાણે પકડ્યો હોય એવી રીતે દેહને પકડે છે.

સ્વાધ્યાયનો હેતુ એ છે. આવા ગ્રંથોનો જે સ્વાધ્યાય છે, જે અધ્યાત્મપ્રધાન અનુભવપ્રધાન ગ્રંથ છે, એના સ્વાધ્યાયની પદ્ધતિ એ છે. એક એક વાત આવે તો એક એક વાતમાં એના ઊંડાણમાં જાવું. પછી ભલે એકલા વાંચો કે સમૂહમાં વાંચો. એકલામાં વધારે ઊંડાણમાં જવાય છે. સમૂહમાં એટલું ઊંડાણમાં ન જવાય. કેમકે ઉપયોગ થોડો બીજા ઉપર પણ રહે છે. પણ એકાંતમાં આવા ગ્રંથનું વાંચન રહે તો એક એક વાતની અંદર એને પોતાને પકડી પકડીને ઊંડો ઉતરીને આગળ શું કરવા ચાલે. એક એક વચન એવા છે કે જેમાં ઊંડો ઉતરી જાય. કલાકો નીકળી જાય.

મુમુક્ષુ :- એટલે એ વચનોમાં ખાત્રી કરતો જાય પોતે અને પછી આગળ વધાય. ત્યાં સુધી વધી જ ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :- લખ્યું છે પોતે બહુ પ્રેક્ટિકલ સાઈડથી. કેમકે હું હું... કરીને લખે છે. હું જ એમ કરે છે.

મુમુક્ષુ :- સાહેબ ! જતા પહેલા ૧૪મું પાનું. ૧૪મું પાનું. વિધિ જે કહી છે, સાક્ષાત્ થવાની વિધિ કહે છે, એ પાનું પહેલા લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ચૌદ પાના ઉપર છે ને ?

મુમુક્ષુ :- પોતાની વિધિ કહે છે. સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે થાય છે એ કહેવામાં આવે છે. આટલું સ્પષ્ટીકરણ પોતાનું... કોઈપણ ઠેકાણે આછો તો આપણને ખ્યાલ આવે પણ આટલું બધું સ્પષ્ટીકરણ છે ને આ પાના જેટલું કોઈ ઠેકાણે નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આ ગ્રંથ ગજબ છે. અનુભવ માટેનો આ ગ્રંથ છે એ તો ગજબ છે ! એક જ વિષય હાથમાં લીધો છે. ફેરવી ફેરવીને એક જ વિષય હાથમાં લીધો છે. અને તે પણ પ્રેક્ટિકલ સાઈડથી. આ ગ્રંથ વાંચ્યો છે ?

મુમુક્ષુ :- નથી વાંચ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એકવાર તો વાંચી જવો.

મુમુક્ષુ :- 'ચિદ્વિલાસ'પણ એમનું જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એમનું જ છે.

મુમુક્ષુ :- પણ આ સહેલું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલો તો બહુ સૂક્ષ્મ ગ્રંથ છે. સિદ્ધાંતનો બહુ સૂક્ષ્મ ગ્રંથ છે. 'ચિદ્વિલાસ'છે ને એ સિદ્ધાંતનો બહુ સૂક્ષ્મ ગ્રંથ છે. એમનું અનુભવજ્ઞાન પણ બહુ તીવ્ર હતું, સિદ્ધાંતિક જ્ઞાન પણ બહુ સૂક્ષ્મ હતું. એ તો સાધારાણ કોઈ વ્યક્તિ થઈ ગઈ છે. અઢીસો વર્ષ પહેલા થઈ ગઈ છે પણ ગજબની વ્યક્તિ થઈ ગઈ છે. એ 'ચિદ્વિલાસ' તો આજે સારા સારા વિદ્વાનો.. 'ચિદ્વિલાસ' તો સારા સારા વિદ્વાનો હજી સિદ્ધાંતિક વાત નથી સમજી શકતા. એવી સૂક્ષ્મ વાતો કરી છે.

સાક્ષાત્‌નો અર્થ એ ... અથવા પોતાનું સ્વરૂપ પ્રગટે. જેવું છે એવું સ્વરૂપ અનુભવગોચર થાય. એને સાક્ષાત્ કહે છે. '**પ્રથમ નિર્મમત્વભાવથી સંસારભાવ અધો ...**' કરે. અધો કરે એટલે શું ? કે

'**(ગૌણ કરે, મોળો પાડે, નિરસ કરે.)**' અધોના ત્રણ અર્થ કર્યા છે. ગૌણ કરે, મોળો પાડે અથવા નિરસપણું કરે. હવે એમાં શું છે કે જીવને અનેક પ્રકારના જે ઉદયના પરિણામ થાય છે એ બધા સંસારભાવ છે. એ સંસારભાવની જીવને ખૂબ મુખ્યતા વર્તે છે. સંસારમાં સાંસારિક જીવને પોતાને જેનો જે ઉદય હોય તે, મહેલવાળાને મહેલ અને ઝૂંપડીવાળાને ઝૂંપડી, ગોદડીવાળાને ગોદડી અને મખમલવાળાને મખમલ, પણ પોતાનો જે ઉદય છે એની મુખ્યતા જીવને ઘણી છે. એ પહેલે તબક્કે પોતાપણું એમાં નથી એટલે પોતાથી એ ભિન્ન છે, પોતાથી એ જુદું છે, એ રીતે એને ભિન્ન જાણીને એને ગૌણ કરે, મોળો પાડે, નિરસ કરે.

કેવી રીતે તે કહેવામાં આવે છે. એની રીત પણ 'દીપચંદજી' પોતે બતાવે છે. '**જે દશ્યમાન છે તે બધું રૂપી જડ છે...**' જે કાંઈ દેખાય છે અથવા પાંચ ઇન્દ્રિય દ્વારા અનુભવગોચર થાય છે તે બધા જડ પદાર્થો છે. પછી ભલે હવામાં સુગંધ હોય તોપણ એ જડ છે. દશ્યમાન થાય છે એટલે એકલું આંખથી ન લેવું. પણ પાંચેય ઇન્દ્રિયથી જે અનુભવગોચર થાય છે. શબ્દ ભલે દેખાતા નથી પણ કાને અથડાય છે. એટલે સૂક્ષ્મ સ્થૂળ છે, સ્થૂળ સૂક્ષ્મ છે જે જડની અવસ્થાઓ છે, એ બધું રૂપી અને જડ છે. '**તે બધું રૂપી જડ છે તેથી મમત્વ ન કરવું.**' કેમકે હું આત્મા ચૈતન્યસ્વરૂપી છું અને બાકીનું બધું જે કાંઈ અનુભવગોચર થાય છે, પાંચ ઇન્દ્રિયના જ્ઞાન દ્વારા, પાંચ ઇન્દ્રિયના ઉપયોગ દ્વારા, તે બધું જડ અને રૂપી છે. પોતે જડ નથી માટે એમાં મમત્વ ન કરવું.

હવે તમારી ચર્ચાથી થોડી વાત લઈએ કે ખરેખર તો આટલો જ સંક્ષેપ બહુ મોટી વાત છે કે આ આત્મા ચૈતન્યસ્વરૂપી છે અથવા ભાવાત્મક પદાર્થ છે. ભાવાત્મક પદાર્થ કહો, ચૈતન્યસ્વરૂપી કહો, જ્ઞાનસ્વરૂપી કહો એક જ વાત છે. અને દેહાદિ તે હું નથી. પણ દેહાદિ તે હું નથી એમાં બધા જ પ્રકારના રૂપી પદાર્થો આવી જાય. પણ એથી એથી વધારે સૂક્ષ્મ વાત એ છે કે રાગાદિ પણ હું નથી.

હવે અહીંયાં શું એક થોડી વિચિત્ર કે વિકટ પરિસ્થિતિ છે કે રાગભાવ છે એ જીવ કરે છે અને એ ભાવાત્મક પહેલું છે, ભાવાત્મક પડખું છે. ભાવાત્મક પરિણામ તો ચૈતન્યને જ થાય. છતાં પણ રાગાદિ

છે એમાં મમત્વ કરતાં મોટું નુકસાન છે. તો એની સામે, જ્યારે દેહાદિથી ઉઠી જવું છે અને રાગાદિમાં પણ હુંપણાથી ઉઠી જવું છે, એ બંને જગ્યાએથી ઉઠી જવું છે તો હુંપણું શેમાં કરવું ? કે જ્ઞાનસ્વરૂપી હું છું. એ વાત એમણે પહેલા એટલા માટે લીધી છે. આપણે પાના નંબર ૨ ઉપર વાત આવી ને ? ૨ નંબરના પાના ઉપર.

'**જે આ (જ્ઞાન)...**' નીચેનો પેરેગ્રાફ. '**જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે...**' કે રાગમાં પોતાને જાણે છે. દેહમાં અને રાગમાં હું-હુંપણું કરે છે. '**તે આ જ્ઞાન નિજ વાનગી** (છે).' અહીંથી જુદો પાડવો. હવે મોક્ષમાર્ગરૂપ જે દશા છે અથવા ધર્મની જે દશા છે અથવા શુદ્ધ પરિણમન જેને આપણે કહીએ છીએ, એમાં પ્રધાન કાર્ય શ્રદ્ધા અને જ્ઞાનનું છે. શ્રદ્ધાનું કાર્ય હુંપણું કરવાનું છે અને જ્ઞાનનું કાર્ય જે હુંપણું રાગમાં અને દેહમાં થઈને મિથ્યા થઈ રહ્યું છે અથવા વિપરીત થઈ રહ્યું છે, એને સમ્યક્ કરવાનું અથવા જુદું પાડીને પોતામાં લાવવાનું છે. એટલે ધર્મ થતાં અથવા શુદ્ધતા થતાં શ્રદ્ધા અને જ્ઞાનનું એકસાથે પરિણમન થાય છે.

શાસ્ત્રકાર જે વાત કરશે કે કોઈ વક્તા જ્ઞાની વાત કરશે તો એને ક્રમથી કહેવું પડશે. જેમ આમણે પહેલા જ્ઞાનની વાત કરી, હવે આ શ્રદ્ધાની વાત કરે છે. તેમ કદાચ કોઈ શ્રદ્ધાની પહેલા વાત કરે અને પછી પણ જ્ઞાનની વાત કરે. એ સંભવિત છે. પણ છતાં પણ સમજનારે એમ સમજવાનું છે કે આમાં શ્રદ્ધા જ્ઞાનનું એકસાથે કામ થશે અને તે સુમેળવાળું થશે. એકતાવાળું. દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા રહે. એકપણે અને અવિરુદ્ધ, જે 'કૃપાળુદેવે' મૂળ માર્ગમાં કહ્યું. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની એકતા રહે એકપણે અને અવિરૂદ્ધ. એ અવિરૂદ્ધ એટલે શું છે કે બે એક જ જગ્યાએ કામ કરે. જુદી જુદી જગ્યાએ કામ ન કરે. જ્ઞાન રાગમાં સ્વપણું કરે અને શ્રદ્ધા આત્મામાં કરે એમ નહિ બને. કે જ્ઞાન આત્મામાં કરે અને શ્રદ્ધા રાગમાં હુંપણું કરે એમ પણ નહિ બને. એક જ જગ્યાએ કરે. એ રીતે.

બીજું શું છે કે જે સ્વરૂપ નિશ્ચયનો વિષય આપણે અહીંયાં લીધો ત્યાં સુધી આવવાની વાત છે. આ પ્રેક્ટિસથી, આ પ્રયોગથી ત્યાં સુધી આવવાની વાત છે. જેવું ભગવંતોએ આત્મસ્વરૂપ કહ્યું છે તેવું જ

સ્વરૂપ પોતાના નિશ્ચયમાં આવે અને એ નિશ્ચયમાં આવે પછી આગળની લાઈન બહુ સાફ છે. જ્યાં સુધી એ નિશ્ચયમાં ન આવે ત્યાં સુધી શ્રદ્ધા જ્ઞાનમાં આ પ્રયોગ ચાલુ રાખવો કે રાગાદિ અને દેહાદિ તે હું નથી. પણ જ્ઞાનસ્વરૂપી આત્મા તે હું છું. અને જ્ઞાનસ્વરૂપી ક્યાંથી ? કે જે જ્ઞાન પ્રગટ થઈ રહ્યું છે ત્યાંથી જ જ્ઞાનસ્વરૂપ પકડાય છે. એ રીતે.

એટલે અહીંયાં એ લીધું કે કેવી રીતે સંસારનો ભાવ ગૌણ કરે ? કે '**દશ્યમાન છે તે બધું રૂપી જડ છે તેથી મમત્વ ન કરવું. શાથી** ? **કે જે બધુંય જડ તેમાં પોતાપણું માનતાં સુખ શું ? એવી રીતે શરીર જડ તેમાં મમત્વ ન કરવું. શાથી** ? **શરીરાદિ જડ તેમાં પોતાપણું માનતા સુખ શું** ?' આ દેહાત્મબુદ્ધિ જ વાત એમણે ઉપાડી છે. હવે આગળ ચાલે છે. '**વળી રાગદ્વેષમોહભાવ, અસાતાભાવ, તૃષ્ણાભાવ, અવિશ્રામભાવ, અસ્થિરભાવ, દુઃખભાવ, આકુળભાવ, ખેદભાવ અજ્ઞાનભાવ છે તેથી હેય છે.**' શું છે કે આ રાગદ્વેષમોહના આવા લક્ષણો બધા બતાવ્યા. રાગદ્વેષ અને મોહના લક્ષણો બતાવ્યા કે એમાં અશાતાપણું છે, એમાં તૃષ્ણાપણું છે. એમાં જીવને ક્યાંય વિશ્રામ મળતો નથી. ઠરીને ઠામ થતો નથી. અસ્થિર રહે છે, એમાં દુઃખ થાય છે, આકુળતા થાય છે, ખેદ થાય છે અને એ અજ્ઞાનભાવ રૂપ છે તેથી હેય છે. એમાં જ્ઞાન નથી એમ કીધું. જ્ઞાનથી એને જુદું પાડ્યું. માટે અજ્ઞાનભાવ છે. તેથી હેય છે. જેમ દેહમાં હુંપણું હેય છે, એમ આ રાગદ્વેષ અને મોહભાવ એટલે કોઈપણ પ્રકારનો વિકારી ભાવ, વિભાવભાવ તે અજ્ઞાનભાવ છે, દુઃખભાવ છે અને તે હેય છે.

હવે આત્મભાવની વાત કરે છે. '**આત્મભાવ,...**' આત્મભાવ એટલે શું ? કે '**જ્ઞાનમાત્રભાવ,...**' પકડાવે છે આત્માને ક્યાંથી ? જ્ઞાનમાત્રથી આત્માને પકડાવે છે. '**આત્મભાવ, જ્ઞાનમાત્રભાવ,...**' એટલે કે '**શાંતભાવ,...**' પછી એમાં શાંતિ છે. જ્ઞાનમાત્ર થઈ જતાં શાંતિ છે. એ '**શાંતભાવ,...**' છે. '**વિશ્રામભાવ,...**' છે એટલે ત્યાં ઠરી શકાય છે. એ '**સ્થિરતાભાવ,...**' છે. એ સ્થિર રહે છે. '**અનાકુળભાવ, આનંદભાવ, તૃપ્તિભાવ,...**' છે અને તે '**નિજભાવ (છે તેથી) ઉપાદેય છે.**' એ પોતાનો ભાવ છે માટે ઉપાદેય છે.

આ રીતે પહેલાં પોતે જુદો પડે. જુદો પડ્યા પછી જે હુંપણું છે એ દઢ કરવું છે. જુદાંપણું ન થાય તોય હુંપણું તો જીવ કરે જ છે, પણ રાગાદિ મોહભાવમાં અને દેહાદિ પરપદાર્થમાં. એટલે હુંપણું તો કરે જ છે. પણ એ હુંપણું તો અત્યાર સુધી ઊલટું જ દઢ કર્યું છે. ઊલટું દઢ કર્યું. એટલે જ્ઞાનમાત્રભાવથી આત્મભાવની અંદર હુંપણું દઢ કરવું. જો આટલી પ્રેક્ટિસ આવે તો આ પ્રેક્ટિસની પ્રથમ ફળશ્રુતિ રૂપે સ્વરૂપનિશ્ચય આવે છે અને એ સ્વરૂપ નિશ્ચયની બીજી ફળશ્રુતિરૂપે સ્વાનુભવ અને સમ્યગ્દર્શન આવે છે. આટલી લાઈન આ ક્લિયર છે.

આટલી લાઈન ક્લિયર થયા પછી કોઈપણ વાત સામે આવશે તો એની સૂઝ આવી જશે કે આ બરાબર છે અને આ બરાબર નથી, આ બરાબર છે અને આ બરાબર નથી. ભલે શાસ્ત્ર વાંચ્યા હોય કે ભલે શાસ્ત્ર ન વાંચ્યા હોય. પણ જો આ એક કળા આવડી ગઈ, શ્રદ્ધા જ્ઞાનનું આત્માથી આત્મામાં સ્થાપન કરવાની અને અનાત્મામાં અને જડ વિભાવભાવમાંથી ઉથાપન કરવાની, તો એને બધા જ પ્રશ્નો એક ન્યાયે સોલ્વ થઈ ગયા સમજી લ્યો. કોઈ પ્રશ્ન એને અનસોલ્વ નથી રહેતો. એટલે આ ગ્રંથમાં ટૂંકામાં ટૂંકો સાધનાનો વિષય લઈ લીધો છે. આરાધનાનો વિષય એકદમ શોર્ટ કટ લીધો છે.

'**આત્મપરિણતિમાં આત્મા છે.**' આત્મપરિણતિમાં આત્મા છે. હવે આત્મપરિણતિ શું ? કે જ્યાં પોતાપણું, જ્યાં સ્વપણું...

અહીંયાં મુમુક્ષુજીવને થોડી કઠિનતા શું લાગે છે ? કે પોતાને એટલું બધું રાગમાં હુંપણું અને દેહાદિમાં હુંપણું સ્થપાઈ ચૂક્યું છે કે એમાં સ્વપણું નથી અને એક આત્મામાં, જ્ઞાનમાં, જ્ઞાનમાત્રમાં અથવા આત્મામાં સ્વપણું છે એ વાત એને અપરિચિત છે, તદ્દન અજાણ છે અને એકદમ જે પ્રેક્ટિસ ચાલી રહી છે અનાદિથી એથી ઊલટી પ્રેક્ટિસ છે. એથી ઊલટી પ્રેક્ટિસ છે. એટલે આ વિષય એને પોતાને કઠિન પડે છે. જેમ એકડો ઘુંટવો પહેલા કઠિન પડે એમ આ એકડો જ છે. નહિતર એકડો કેટલો સહેલો છે એ આપણે અત્યારે સમજી શકીએ છીએ. પણ પહેલી વખત ઘુંટાવ્યો જ્યારે આપણને ત્યારે કેટલો અઘરો (લાગતો હતો).

મુમુક્ષુ :- સત્પુરુષની જરૂર પણ અહીંયાં જ પડે છે. એકડો ઘુંટાવાની શરૂઆત કરવા માટે જ જરૂર પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જે એકડો ઘુંટાવાની વાત છે એ જરા સૂક્ષ્મ એટલા માટે છે કે એની અંદર ઘણું જ અંતર અવલોકનથી વારંવાર જોવું પડે છે કે હું ક્યાં ? હું રાગમાં અને દેહાદિમાં ? કે હું જ્ઞાનમાં ? હું ક્યાં ? હું ક્યાં એ જોવું પડે છે એટલે વિચારવું પડે છે એમ નહિ. જોવું પડે છે એટલે વિચારવું પડે છે એમ નહિ. પણ જોવું પડે છે એટલે પોતાના અનુભવનું અવલોકન કરવું પડે છે કે હું ક્યાં ? આ વિષય 'સમયસાર'માં લીધો ૬૯-૭૦ ગાથામાં. ૬૯ નહિ પણ ૭૦-૭૧ સાથે છે. ૬૮માં જીવ અધિકાર પૂરો કર્યો. કર્તા-કર્મ અધિકાર ત્યાં શરૂ થયો. પહેલી ગાથા છોડીને પછી બે ગાથા સાથે છે. ૭૦-૭૧.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગાથા તો યાદ નથી પણ ભાષા બહુ સરસ આવી છે. આચાર્યદેવની જે ભાષા છે એ બહુ સરસ આવી છે. કર્તાકર્મ અધિકાર. ૬૯-૭૦ સાથે છે.

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**
**જીવ વર્તતાં ક્રોધિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

હવે આ જે વાત કરે છે. એમાં ૭૧ માં, જે શબ્દપ્રયોગ છે એ ૭૧માં છે. ૬૯-૭૦થી વિષય શરૂ કર્યો છે. જે કહેવા માગુ છું એ શબ્દ પ્રયોગ ૭૧માં છે. કે-

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

બે વચ્ચેનું વિશેષ અંતર જાણે.

તો એમાં શું લીધું છે ? કે '**સ્વનું ભવન તે સ્વભાવ છે...**' સ્વનું ભવન એટલે હુંપણાનું ભવન. ત્યાંથી ટીકા શરૂ કરે છે. '**સ્વનું ભવન તે સ્વભાવ છે; માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ...**' અથવા અનાત્મા છે. સ્વનું ભવન ક્યાં થાય છે ? આ અંતર અવલોકનનો વિષય છે. સ્વપણે સ્વનું ભવન હું... હું... હું... હુંપણે ક્યાં થાય છે ? અંતર અવલોકન કરીને જ્યાં સુધી જ્ઞાનમાં હુંપણું એવું માલુમ ન પડે ત્યાં સુધી ક્રોધાદિમાં

હુંપણું થઈ રહ્યું છે એ સમજાવવાની જીવને ભાગ્યે જ જરૂર છે. એ ખ્યાલ આવી જ જશે કે મને તો રાગમાં અને વિભાવમાં જ સ્વપણું અને દેહમાં જ સ્વરૂપણું થઈ રહ્યું છે. આ મારું સ્વપણું છે એ જ બધા દુઃખનું મૂળ છે. અથવા સંસારનું કારણ છે, જન્મ-મરણનું કારણ છે, પરિભ્રમણનું કારણ છે. એટલે સ્વનું ભવન એ સ્વભાવ છે અને સ્વભાવ છે તે આત્મા છે. આ આચાર્ય મહારાજે વાત ૭૧ ગાથામાં લીધી છે.

એ વાત કરતા એમ કહે છે કે '**વળી જ્ઞાનનું જે થવું પરિણમવું...**' એ જે આત્મા કહ્યું '**તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...**' બે પરિણમન છે. એક ક્ષેત્રમાં છે, જીવના એક જ પ્રદેશોમાં છે. પણ જે જ્ઞાનનું થવું કે પરિણમવું છે તે ક્રોધાદિકનું થવું કે પરિણમવું નથી. હવે કેમ ? કારણ આપે છે, લોજિક આપે છે પોતે.

'**કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...**' એટલે કે હું પરિણમું છું, મારું અસ્તિત્વ છે ત્યાં એમ પોતાનું જે પોતાપણું માલૂમ પડે છે '**તેમ ક્રોધાદિક થતાં માલૂમ પડતાં નથી;...**' ત્યારે ક્રોધાદિક જે પરિણમે છે એમાં સ્વપણે ક્રોધાદિક થતાં માલૂમ પડતા નથી. અથવા હવે એમ કહે છે કે '**ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવામાં (પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે...**' હુંપણે. '**તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' એટલે શું છે કે બે પરિસ્થિતિ કોઈ વખત સાથે નથી રહેતી.

જ્યારે વિભાવમાં હું હુંપણાનું, સ્વપણાનું પરિણમન થાય છે ત્યારે જ્ઞાનમાં સ્વપણું થતું જ નથી કોઈ જીવને, થઈ શકતું જ નથી. જે જીવ જ્ઞાનમાં સ્વપણું અનુભવ કરે છે, હુંપણાનો અનુભવ કરે છે એ ક્રોધાદિનો કર્તા નહિ થાય, એ દેહાદિનો કર્તા નહિ થાય. આ આખા કર્તા-કર્મના અધિકારનું મૂળિયું અહીંયાં મૂક્યું છે. પછી બધી વાતનો વિસ્તાર છે. આખા કર્તા-કર્મ અધિકારનું મૂળ આ જગ્યાએ છે.

જો અંતર અવલોકનમાં આ વસ્તુ જુદી પાડતા આવડે કે હું હું ક્યાં ? હું... હું... હું... હુંપણું તો થયા જ કરે છે. પણ હું ક્યાં ? દેહમાં અને રાગમાં ? દેહમાં અને કોઈ વિભાવમાં ? કે જ્ઞાનમાં ? બસ. જુદું પડવા માટે જ્ઞાન સાધન છે. હું પણું જે પોતે રાગમાં અને દેહમાં સેળભેળ કરે

છે એને જુદું પડવા માટે જ્ઞાન જ સાધન છે. જ્ઞાનમાં હુંપણું થયું એને ક્રોધમાં કે રાગાદિમાં નહિ થાય. જેને ક્રોધાદિમાં અને દેહાદિમાં હુંપણું થાય છે એને જ્ઞાનમાં હુંપણું થઈ શકતું નથી.

અહીંયાં બે જગ્યાએ માલૂમ પડે છે.. માલૂમ પડે છે એવા શબ્દો વાપર્યા છે. વિચારમાં આવે છે, સમજવામાં આવે છે એમ નથી કહેતા આચાર્યદેવ. આ પ્રેક્ટિક સાઈડ છે. માલૂમ પડે છે એમ કહે છે. તને અનુભવ શું થાય છે ? માલૂમ પડવું એટલે તને અનુભવ શું થાય છે ? તું તારા અનુભવને તપાસ. જો તને દેહમાં અને રાગાદિ વિભાવમાં હું... હું.. હું... હું... હુંપણું થયા જ કરે છે એ તો તને અનાદિનું થાય છે અને એનાથી તો તું દુઃખી છો. કેમકે જે તારું સ્વપદ નથી, જે તારી સત્તા નથી ત્યાં તું સત્તા જમાવવા જા છો. જ્યાં સત્તા નથી ત્યાં સત્તા જમાવવી છે તો આકુળતા સિવાય બીજું કાંઈ નહિ હાથમાં આવે. આકુળતા જ થશે. એટલે એ ભૂલ સુધારવા માટે તું જ્ઞાનમાં હુંપણું (કર).

બીજું શું છે કે વસ્તુસ્થિતિએ પણ, સૈદ્ધાંતિક રીતે જોવામાં આવે તો વસ્તુસ્થિતિએ પણ આત્માનું અસ્તિત્વ જ્ઞાનમાં છે, આત્માનું અસ્તિત્વ ક્રોધાદિ કે દેહમાં નથી. આ વસ્તુસ્થિતિ છે. હવે આત્માનું અસ્તિત્વ ક્રોધાદિ, રાગાદિ કે દેહાદિમાં નહિ હોવા છતાં ત્યાં જે પોતાને હુંપણું અનુભવાય છે આ મિથ્યાભાવ છે, આ અજ્ઞાન છે, આ સંસાર છે જીવને. અહીંથી સંસાર શરૂ થાય છે. મૂળિયું સંસારનું આ છે. દુઃખનું મૂળિયું પણ આ જ છે.

જ્યારે આચાર્ય કહો, જ્ઞાનીપુરુષ કહો, સત્પુરુષ કહો. એ એમ કહે છે કે આ તારી ભૂલ છે. ભલે તને અનુભવમાં એમ આવે છે પણ તારી ભૂલ છે. અમે તને કહીએ છીએ કે તારી ભૂલ છે. અને તું તો જ્ઞાનસ્વરૂપી જ્ઞાનમાત્રપણે જ છો. ત્યારે પોતે પોતાના અંતર અવલોકનમાં હુંપણું ક્યાં થાય છે ? એ જો મધ્યસ્થ થઈને જિજ્ઞાસાવૃત્તિએ, કહે છે એટલે માની લેવું એમ નહિ, પણ મધ્યસ્થ થઈને જિજ્ઞાસા વૃત્તિએ તપાસ કરે અંતર અવલોકનમાં તો જ્ઞાનમાં હુંપણું માલૂમ પડશે એમ આચાર્ય મહારાજ કહે છે. જ્ઞાનમાં હુંપણું માલૂમ પડશે. જે દિ' જ્ઞાનમાં હુંપણું માલૂમ પડશે તે દિવસથી ભેદજ્ઞાન શરૂ થશે. આ ભેદજ્ઞાનની એક જ વિધિ છે, બીજી કોઈ વિધિ નથી. આ

તાત્વિક જે વાત છે આ વિષયની એ આટલી છે.

મુમુક્ષુ :- આટલું સમજવા માટે શાસ્ત્રો કેટલા વાંચવા જરૂરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આવા વિષયના શાસ્ત્રો હોય એટલા શાસ્ત્ર વાંચે તો પોતાને દૃઢતા થાય. બીજા શાસ્ત્ર વાંચવાની કોઈ જરૂર નહિ. બીજા શાસ્ત્ર વાંચવાની કોઈ આવશ્યકતા નથી. જેમાં આવા ભેદજ્ઞાન(ના વિષય છે), જેમ કે આ 'સમયસાર' આદિ શાસ્ત્ર છે, આ 'અનુભવપ્રકાશ' છે. અને 'કૃપાળુદેવ'માં એમની પોતાની શૈલીમાં શું આવે છે ? આ આત્માભવ છે અને આ અન્ય ભાવ છે. એ તો જ્ઞાન અને રાગ એવો શબ્દ પણ નથી વાપરતા. આ આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે. કેમ ? કે આત્મભાવમાં હુંપણું છે અને અન્યભાવમાં હુંપણું ન થાય. બસ, અહીંથી જુદું પાડે. આટલું જેને આવડ્યું એને બધું આવડ્યું અને આટલું ન આવડ્યું એને કાંઈ ન આવડ્યું. આ સીધીસાદી વાત છે.

મેં તો પહેલાં 'કૃપાળુદેવ'નો ગ્રંથ વાંચ્યો છે. એટલી વાત પહેલી વાત લક્ષ ઉપર આવી. સમજણમાં, હોં ! હજી તો સમજણમાં. પ્રયોગની વાત નથી કરતો. જ્યારે આ પુરુષ એમ કહે છે કે તું જ્ઞાનસ્વરૂપી છો અને રાગાદિ અને દેહાદિ સ્વરૂપી નથી. એટલે મેં પહેલો વહેલો મારા અનુભવને તપાસ્યો. મને તો એવું થાતું નથી. મને તો દેહમાં હુંપણું થાય છે અને મને તો રાગમાં હુંપણું થાય છે. કહેનાર ઉપર વિશ્વાસ હતો. એટલે કુદરતી શું થયું ? કે એમના કથનોમાં વિશ્વાસ આવ્યો. કુદરતી કહીએ. એ જે વિશ્વાસ આવ્યો કે કહેનાર છે એ પ્રમાણિક છે. ત્યારે એમ થયું કે જે રાગાદિમાં અને દેહાદિમાં હુંપણું અનુભવાય છે એની સત્પુરુષ ના પાડે છે. તારું સ્વરૂપ જ નથી એવું. તારું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપી તું છો. જ્ઞાનસ્વરૂપી છું. હવે ત્રણે વાત તો મોજૂદ છે. દેહ મોજૂદ છે, રાગ મોજૂદ છે અને જ્ઞાન પણ મોજૂદ છે. ત્રણે અહીંયાં જ છે.

હવે બેમાં તો હુંપણું થઈ રહ્યું છે. એની સત્પુરુષ ના પાડે છે. અને જ્ઞાનસ્વરૂપી તું છો. પણ અત્યારે એવો તો અનુભવ થતો નથી. તો આ જે સત્પુરુષ કહે છે કે એ વાત મારે કરવાની છે. જે હું કરું છું એ વાત મારે છોડવાની છે. આટલો સંક્ષેપ પહેલા વિચાર્યો હતો. પછી પ્રેક્ટિસ શરૂ કરી. કે જ્ઞાનમાં શું આવે છે ? મારામાં શું આવે છે ? અને શું નથી

આવતું ? કારણ કે પ્રસંગ તો હરખના, શોકના, બીજા, ત્રીજા અનેક પ્રસંગો બન્યા કરે. આત્મામાં શું આવે છે ? જ્ઞાનમાં શું આવે છે ? જ્ઞાન તે આત્મા કહ્યું. જ્ઞાનમાં શું આવે છે ? સતત જ્ઞાનનું અવલોકન જ્ઞાન પોતે જ કર્યા કરે. જે સત્પુરુષ કહે છે એની પ્રતીતિ આવશે-વિશ્વાસ આવશે. અવલોકનથી પહેલો વિશ્વાસ જે આવશે એ વિચારથી કે સમજથી આવે છે એના કરતા જુદી જાતનો વિશ્વાસ આવે છે. અને એ જે વિશ્વાસ છે એ વિશ્વાસના બળે જીવ પોતાનો પ્રયોગ આગળ ચલાવે. એમાં આગળના બધા કામ થવા લાગે છે. પછી કાંઈ સવાલ નથી.

પાયાની જે વાત છે એ આ જ છે કે આત્મભાવ અને અન્યભાવ. આ બે વાત સમજમાં આવવી જોઈએ અને એ અવલોકનથી સમજમાં આવવી જોઈએ. બીજી કોઈ રીતે વાંચવું, વિચારવું એ બધું પોપટીયા જ્ઞાન જેવું થઈ જાય છે આગળ જતાં. જ્યારે આ છે એ અનુભવ પદ્ધતિનો વિષય થઈ ગયો, અવલોકન છે એ. માલૂમ પડે છે-માલૂમ પડે છે એવો શબ્દ લીધો છે.

મુમુક્ષુ :- શું અવલોકન કર્યું ત્યારે ?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલો પ્રયોગ તો મને ઠંડીનો હતો. સવારે જતો હતો. સાથે બેસીને ગ્રંથ વાંચતો હતો એમાં એ પ્રયત્ન થયો કે આ ઠંડીનો સ્પર્શ છે કે નહિ જ્ઞાનને ? જ્ઞાનમાં ઠંડી આવે છે કે નહિ ? ઠંડી લાગે છે કે ઠંડી જણાય છે ? ઠંડી છે વાતાવરણમાં એ જણાય છે. ક્યાં ઠંડી છે ? વાતાવરણમાં છે, મારા જ્ઞાનમાં નહિ. પછી તપાસવું પડે છે. જ્ઞાનને તપાસવું પડે છે.

જો દેહાદિમાં હુંપણું થશે તો મને ઠંડી લાગે છે એમ આવ્યા વગર રહેશે નહિ. જ્ઞાન જોતા ઠંડાપણા રહિત જ્ઞાન છે. જ્ઞાન જ્ઞાન છે. કેમકે જડ ચૈતન્યની ભિન્નતા એટલી બધી છે કે એકબીજાને સ્પર્શતા નથી. આ જે જાણે છે એમાં એકત્વ કરે છે એ મોટી ભૂલ છે. બાકી ખરેખર તો બે વચ્ચે એટલો મોટો વસ્તુતાએ તફાવત છે કે એકમાં બીજાનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સદંતર અભાવ છે. લેવા કે દેવા કાંઈ. એટલે એ પ્રયોગ સતત ચાલુ રાખવો જોઈએ. તો બધો ફેંસલો થાય છે.

મુમુક્ષુ :- જીવની સત્તા નથી ત્યાં જીવ સત્તા જમાવવા જાય છે ત્યારે આકુળતા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં માર ખાય છે. આકુળતા થાય છે એટલે શું થાય છે ? દરવાજો હોય અને જાય તો ઠીક છે. પણ ભીંતમાંથી જવાની મહેનત કરે તો શું થાય ? ઢીમડું જ થાય. માથું ભટકાય સીધું. એમ જ્યાં એનો અધિકાર નથી, જ્યાં પ્રવેશ કરી શકતો નથી ત્યાં પ્રવેશ કરવાની મહેનત કરે તો દુઃખનું ઢીમડું થાય છે. પીડા થાય, બીજું શું થાય ? આકુળતા સિવાય. આ સીધી સાદી વાત છે. એટલે આટલું સ્થાપ્યા પછી..

મુમુક્ષુ :- એટલા આડા થઈને ચાલીએ છીએ કે ભીંતમાંથી ચાલવાનો પ્રયાસ કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલી બધી મુર્ખાઈ છે. ભીંતમાંથી ચાલવાનો પ્રયાસ કરે ત્યાં સુધી હજી કાંઈક ઠીક છે, પણ ઓલો ડુંગર દેખાય છે ને ? એમાંથી એને સોંસરવું જાવું છે. ક્યાંથી જાવાનો હતો. કેવડી મોટી શીલાઓ છે. ડુંગરમાંથી જાવું છે એને તો. એક પદાર્થમાં હુંપણું નથી કરવું. શરીર પણ મારું, કુટુંબીઓ મારા, દુકાન મારી, રૂપિયા મારા, આબરૂ મારી, ફલાણું મારું... મારું... મારું... મારું... મારું... ગંજના ગંજ ખડકી નાખ્યા. મોટા પર્વત ખડક્યા છે.

મુમુક્ષુ :- એક ભાવ અંદર નહિ આવે. એક મારાપણું અંદરમાં નહિ આવે, ખાલી મારાપણું જ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્યા કર્યું જ છે. એ જ કર્યું છે. અનંત કાળથી એ કર્યું છે. હવે પાછા વળવાની વાત છે.

'**આત્મપરિણતિમાં આત્મા છે.**' બહુ સરસ વચન છે. આ એમની જે શૈલી છે એ શૈલી અસાધારણ સુંદર શૈલી છે ! '**આત્મપરિણતિમાં આત્મા છે.**' 'શ્રીમદ્જી' એમ કહે છે કે આ આત્મભાવ અને આ અન્યભાવ. બસ, બે જ ભાવ. અન્યભાવમાં આત્મા નથી, આત્મભાવમાં આત્મા છે. આત્મભાવ કહો કે આત્મ પરિણતિ કહો. એ તો દરેક જ્ઞાનીના વચન જુદા જુદા છે. ભાવ એક જ છે. આત્મપરિણતિમાં આત્મા છે.

'**હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.**' પ્રગટે એટલે અનુભવગોચર થાય. જે આત્મભાવ છે એમાં આત્મા છે અને આત્મા છે ત્યાં હુંપણું કરે, હું છું એવું હુંપણું કરે, પોતાપણું કરે, સ્વપણું કરે

એટલે અનુભવગોચર થાય, આત્મા અનુભવમાં આવે. એ ૭૩૩માં એ વાત લીધી. બે બોલ કહ્યા હતા ને ? એક ૩૦૪..

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૭૩૩. 'પરમાગમસાર'. એ કુદરતી 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચનમાંથી ખેંચેલી વાત છે. ૭૩૩ની. એટલે જે ગ્રંથ આપણે વાંચીએ છીએ એના ઉપરનું જ 'ગુરુદેવ'નું પ્રવચન છે.

મુમુક્ષુ :- ગુજરાતીમાં ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'પરમાગમસાર' ગુજરાતીમાં છે. 'ગુરુદેવ'ના પ્રવચનો તો ગુજરાતીમાં જ થતાં ને. પછી હિન્દી તો અનુવાદ કરાવવો પડતો. બાકી બધા પ્રવચનો ગુજરાતીમાં જ થયા છે.

**'પરદ્રવ્ય તરફની વૃત્તિ...'** આત્મા નથી. શું કહે છે 'ગુરુદેવ' ? પરદ્રવ્ય તરફની વૃત્તિ છે તે આત્મા નથી. પછી શુભ હોય કે અશુભ હોય. તે આત્મા જ નથી. વિભાવ છે ને એટલે. **'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** સ્વપણે. જ્ઞાન તે આત્મા છે. ક્યારે ? કે સ્વપણું એમાં હુંપણું આવે તો તે આત્મા છે. નહિતર હુંપણું પર તરફની વૃત્તિમાં શુભાશુભ ભાવમાં જ હુંપણું થશે. તો તે આત્મા નથી. સત્પુરુષ ના પાડે છે. જ્ઞાનીપુરુષ ના પાડે છે. શ્રીગુરુ ચોખ્ખી એને ના પાડે છે કે નહિ. એ આત્મા જ નથી. તો આત્મા નથી એને આત્મા માનીશ તો તારે રખડવું હોય તો રખડ સંસારમાં. બીજું કાંઈ કારણ નથી. બાકી સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. અને આ જ સ્વસંવેદનની કળા છે. આ સ્વાનુભવમાં જે સ્વસંવેદન થાય એ જ્ઞાનમાં હુંપણું કરવું તે જ એક સ્વસંવેદનની કળા છે. સ્વસંવેદનની કળા છે એમ નહિ, એમ કહે છે કે તે મોક્ષની કળા છે. એ આત્માના અનુભવની કળા છે અને તે જ સાચી કળા છે. આટલા શબ્દો 'ગુરુદેવે' વાપર્યા છે.

**'તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે.'** એટલે વારંવાર તે ઘુંટવા જેવું છે. તેનો પ્રયત્ન કરવા જેવો છે. **'દુઃખથી છુટવું હોય અને સુખી થવું હોય તો આ રીતે પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે.'**

મુમુક્ષુ :- એવું થાય છે કે જો પોતાની સાથે અનુભવને લગાવતો નથી, એક સમય પૂરતો, એક સમયે પરમાં અનુભવ ચાલુ રહે છે ..

એટલે એ સમયે માર ખાય જ છે. જેટલા સમય સુધી પોતાની સાથે અહંભાવ લગાવે એટલું પોતાનું. બાકી બધું બહારનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધું નુક્સાનનું જ કારણ છે. આ પ્રયત્ન ચાલુ રાખવો. આ પ્રયત્ન ચાલુ રાખતા કેવળજ્ઞાનમાં જે શુદ્ધાત્મ સ્વરૂપ, સહજાત્મ સ્વરૂપ જણાયું છે એનો સ્વરૂપનિશ્ચય થવાનો અવસર આવે છે. ભેદજ્ઞાનથી જ સ્વરૂપ નિશ્ચય થાય છે અને ભેદજ્ઞાનથી સ્વસંવેદન થાય છે. એ જ ભેદજ્ઞાનથી આગળ વધીને મોક્ષ પર્યંતની દશા થાય છે. બીજી કોઈ કાર્યપદ્ધતિ નથી. જે વિધિ ગણો એ આ એક જ છે.

મુમુક્ષુ :- ૭૦૪ અને ૭૨૩ ?

પૂજ્ય ભાઈશ્રી :- ૩૦૪. ૩૦૪માં તો જે છેલ્લે નિર્વિકલ્પ થયા પહેલા કેવી ધૂન ચડે છે એ વિષય છે. બેય વિષય જુદા જુદા છે. ૩૦૪માં ભેદજ્ઞાનનો વિષય નથી. પણ વિધિની મુખ્યતાથી વાત છે. અથવા પૂર્વભૂમિકાની યથાર્થતા કેવી હોય છે એની વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શું છે કે સ્વરૂપ નિશ્ચય થયા (પછી), ૩૦૪માં સ્વરૂપ નિશ્ચય થયા પછી જે પુરુષાર્થનો વિષય પ્રયોગ ચાલે છે. હું આવો મહાન પદાર્થ. સહજાત્મસ્વરૂપ છે. હું આવો મહાન પદાર્થ. એના અવલંબન માટેનું જે જોર, એની ધૂન અને એના ફળ સ્વરૂપે જે સ્વાનુભવ (થાય છે) એ વાત ૩૦૪માં લીધી છે.

મુમુક્ષુ :- આમાં જે કળા કીધી એ સમજણમાં તો બહુ આસાન લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે તિર્યંચ પણ કરે છે. જે કરે છે એ તિર્યંચને સમ્યગ્દર્શન થાય છે તો કેવી રીતે થાય ? જો આસાન ન હોય તો કેવી રીતે થાય ? આસાન હોય તો જ થાય ને એને તો ? આપણે એક જોયું કે વાંદરા પાણી આવી રીતે પીએ છે. માણસની જેમ નથી પીતા. કુંડીમાં મોઢું નાખીને પીએ છે. ભાઈએ જઈને ગ્લાસ આપ્યો. મેં કહ્યું કે ગ્લાસ આપો તો. આપણી જેમ નકલ કરે છે ? તો ન કરી. ગ્લાસમાં પાણી ભરીને મૂક્યું તો ગ્લાસમાં મોઢું નાખ્યું. ગ્લાસ હાથમાં લઈને પીવાને બદલે મોઢું ત્યાં રાખ્યું. એટલે આપણે ગ્લાસમાં જ મોઢું

નાખીએ છીએ પણ હાથમાં પકડીએ છીએ. એના બદલે હાથમાં પકડવાને બદલે આખું શરીર નમાવ્યું. ગ્લાસ ઊંચો લેવાને બદલે શરીર નમાવ્યું. બાકી તો ગ્લાસમાં જ મોઢું (નાખવું પડે). પાણી પીવું હોય તો જ્યાં પાણી હોય ત્યાં જ મોઢું લઈ જવું પડે. બીજો તો કોઈ ઉપાય નથી. પછી કુંડી હોય કે ગ્લાસ હોય. પણ શું કહેવું છે ? કે એટલો ઓછો ક્ષયોપશમ છે કે ગ્લાસ મારે ઉપાડીને મોઢે લેવો એ વધારે અનુકૂળ છે, એટલો ખ્યાલ ત્યાં તિર્યંચ દશામાં જ્ઞાન એટલું ઘટી જાય છે. એને પણ જ્યારે આત્મભાવ અને અન્યભાવમાં અંદર ખબર પડે છે ત્યારે એ સમ્યગ્જ્ઞાન પામે છે, સમ્યગ્દર્શન પામે છે અને આનંદ પામે છે. એને પ્રયોજનની ખબર છે. પાણી પીવું એની એને ખબર છે. પ્રયોજનની ખબર છે. પ્રયોજનમાં જેની બુદ્ધિ કામ કરે છે, તીક્ષ્ણબુદ્ધિ, એ ભૂલતો નથી.

મુમુક્ષુની ભૂમિકામાં ભલે ગમે તે પુસ્તક વાંચવામાં આવે કે ગમે તે વક્તાનું શ્રવણ સામે આવે પણ પોતાના પ્રયોજન સાથે મેળ ખાય છે કે નહિ ? એટલું જે તપાસે એ ક્યાંય ફસાય નહિ. પોતાના પ્રયોજન સાથે મેળ ન ખાય એટલે છોડી દે. ચાલો, આને જાવા દો. આમાં કાંઈ આપણું કામ નથી. અહીંયાં આપણું કામ નથી, અહીંયાં આપણું કામ નથી. કેમકે પોતાના પ્રયોજનને પુષ્ટિ નથી મળતી. જે પોતાનું પ્રયોજન છે એને પોષણ મળે ત્યાં આપોઆપ જ જીવને કહેવું નહિ પડે કે અહીંયાં હવે તારે આવવાની જરૂર છે. એ એને ખેંચાણ જ રહેશે. એક જાતનો અલૌકિક પ્રેમ જ ઉત્પન્ન થાય છે. પણ જ્યાં પ્રયોજનથી મેળ નથી ખાતો એની માથાકુટમાં પછી શું કરવા ઉતરે ? નકામો સમય જ બગાડવા જેવો છે. આવી રીતે એને સત્સંગ અને અસત્સંગનું બાયફર્કેશન-વહેંચણી મુમુક્ષુજીવ કરી શકે છે.

મુમુક્ષુ :- સાહેબ ! આની અંદર બીજો એક ફાયદો એવો થાય છે કે જ્યારે આપ ઊલટું બોલતા હો કાંઈપણ, એટલે પોતાની કરેલી કોઈપણ ક્રિયા પર જ્યારે બીજો જીવ ઊલટું બોલતું હોય એ સમયે પોતે સાચો છે એવું દૃઢ થતું જાય અને પોતાને ઓટોમેટીકલી એ વખતે એનું દૃઢીકરણ પણ ચાલુ રહેતું હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ખ્યાલ આવી જાય કે આ ઊલટું

બોલે છે.

મુમુક્ષુ :- પછી શું થાય છે કે એ વખતે અંતરમા પોતે આ બરાબર છે એટલે પોતાની પ્રેક્ટિસને પણ ચકાસતો જાય, એનું દઢીકરણ થતું જાય અને એટલે ઓટોમેટીક એ વખતે પણ એની...

પૂજ્ય ભાઈશ્રી :- તપાસણી કરે એ ભૂલે જ નહિ. તપાસણી કરે એ ન ભૂલે. ન તપાસે એ ભૂલે. કારણ કે બુદ્ધિમાં ગડમથલ થતાં અટપટી વાત સમજવામાં ભૂલ થઈ જાય. પણ તપાસણી એક એવી ચીજ છે ને અનુભવપદ્ધતિ, પોતાની મેળવણી કરે એટલે વાંધો ન આવે. મેળવણી કરે એને વાંધો ન આવે.

'**આત્મા ક્યાંય દૂર નથી.**' એમ કહે છે. જુઓ ! પહેલાં શું આગળ કહ્યું ? કે '**ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે.**' તો જાણરૂપ વસ્તુ ત્યાં છે એને જાણવું છે ને ? જાણરૂપ વસ્તુ તે આત્મા છે. '**ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે.**' હવે ત્યાં જ્ઞાનની પ્રધાનતાથી કહ્યું. અહીંયાં શ્રદ્ધાની પ્રધાનતાથી કહે છે કે '**આત્મપરિણતિમાં આત્મા છે. હું છું એવી પરિણતિ...**' હુંપણું થાય તે આત્મપણું. '**હું છું એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.**' હું-હુંપણું થાય ક્યાં ? જો તને ક્યાં હું.. હુંપણું થાય છે ? તારા ચૈતન્યમાં હુંપણું થશે. વિભાવમાં હુંપણું નહિ, દેહમાં હુંપણું નહિ. એ રીતે.

'**આત્મામાં (પોતામાં) પરિણતિ આવી. હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે..**' આ શ્રદ્ધાપ્રધાન વાત છે ને ? દર્શનપ્રધાન વાત છે. '**હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે.**' તે સ્વસત્તાને ગ્રહણ કરવાનું સાધન છે. અહીંયાં શ્રદ્ધાને સાધન કહ્યું. ઓલાપણે જ્ઞાનને સાધન કહ્યું. અને બંને એકસાથે એકપણે અને અવિરૂદ્ધ વર્તે છે. જ્યારે પોતાના સ્વકાર્યની સંપન્નતા થાય છે ત્યારે બેય એકસાથે કામ કરે છે. બેમાંથી એક જ કામ કરે અને એક ન કામ કરે એ વાત બરાબર નથી અથવા એ ભૂલવાળી વાત છે. બંને સાથે જ ચાલે છે.

'**હું છું પણાની માન્યતા સ્વપદનું સાધન છે. હું-હું પરિણામ હું કહું છું-**' અથવા હું કરું છું હું-હું પરિણામ તો. એ '**હું-હું પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા (જે) કરી (છે, તે)...**' શ્રદ્ધા કરી. નિજ સત્તાને ગ્રહણ કરી. હું-હું ભાવ વડે પોતાની નિજ સત્તાને ગ્રહણ કરી એમ

કહો, નિજ સત્તાને વેદી એમ કહો, નિજ સત્તાનો અનુભવ કર્યો એમ કહો. બસ.

‘**સ્વપદ પરિણામ યોગ્યસ્થાન વિના હોય નહિ.**’ આ યોગ્ય સ્થાન છે. સ્વપદનું આ યોગ્ય સ્થાન છે. એ યોગ્ય સ્થાન વિના સ્વપદ પરિણામ હોય નહિ. ‘**કાયચેષ્ટા છે ત્યાં નથી,...**’ હવે નાસ્તિ ઉપાડે છે. કે જ્યાં સ્વપદ પરિણામનું યોગ્ય સ્થાન છે ત્યાં શું છે ? કે ત્યાં કાયચેષ્ટા નથી. ત્યાં ‘**વચન-ઉચ્ચારણા છે ત્યાં નથી, મન ચિંતવન છે ત્યાં નથી.**’ જોયું ! મનનું ચિંતવન ત્યાં નથી. ‘**આત્મપદમાં પોતાની મગ્નતા, સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.**’ વિવેક કરવો એટલે જુદું પાડવું. મન, વચન અને કાયાથી આત્માને જુદો પાડી દેવો. આ શ્રદ્ધાથી કેમ જુદો પાડવો, ઓલાપણે જ્ઞાનલક્ષણથી કેમ જુદો પાડવો એ બે વાત ક્રમથી કરી. પરિણમનમાં એકસાથે બેય ગુણ કામ કરે છે. કેમકે પરિણમન તો એકસાથે બધા ગુણોનું છે ને ? એટલે પરિણમનમાં બેય ગુણ એકસાથે કામ કરે છે. કહેવામાં ક્રમ પડે છે. પરિણમનમાં એકસાથે બધા ગુણ કામ કરે છે.

મુમુક્ષુ :- એમ કેમ લીધું કાય ચેષ્ટા છે ત્યાં નથી,...

પૂજ્ય ભાઈશ્રી :- કાય ચેષ્ટા છે ત્યાં નથી. છે નહિ એનું નામ નથી. ‘**વચન ઉચ્ચારણા છે ત્યાં નથી, મન ચિંતવન છે ત્યાં નથી.**’ એટલે કાય ચેષ્ટા કાય ચેષ્ટામાં છે. ત્યાં નથી. ક્યાં ? હું-હું પરિણામનું એ જ્યાં સ્વપદની આસ્તિક્યતા સ્વસત્તામાં કરે છે ત્યાં નથી. કાયચેષ્ટા કાયચેષ્ટામાં છે, વચન ઉચ્ચારણા વચન ઉચ્ચારણામાં છે પણ મારામાં નથી. જ્યાં મને હું-હુંપણું થાય છે એવું જે મારું સ્વપદ છે ત્યાં નથી. દેહપદમાં દેહ છે. દેહપદમાં આત્મપદ નથી. એમ લેવું છે.

આ ગ્રંથ એવો છે ને કે તમે એકાંતમાં મનનથી વાંચો તો તમને એનો રસ ચડે એવો વિષય છે. વિષય જે કહેવા માગે છે એ વિષયનો રસ ચડે એવો ગ્રંથ છે. એમાં પણ પાછા મૂળ સ્વરૂપની વાત આવે છે ને ? ત્યારે ખૂબ મહિમા કરે છે. એ તો બહુ રસથી પોતે કરે છે. એ ઘણો એમનો રસ છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૧૭-૧૦-૧૯૯૩, પાના નં. ૨, પ્રવચન નં. ૧૫૭

'અનુભવપ્રકાશ' ગ્રંથ. અઢિસો વર્ષ પહેલાં 'દીપચંદજી'કા (બનાયા હુઆ હૈ). એક સમર્થ જ્ઞાની હુએ હૈં. વહ સ્વયં સ્વાનુભવ કે ધની થે. ઉન્હોંને અધ્યાત્મ કે ઔર સિદ્ધાંત કે કઈ છોટે છોટે ગ્રંથ લિખે હૈ. ઉસમેં યહ જો 'અનુભવપ્રકાશ' ગ્રંથ હૈ ઔર એક 'આત્માવલોકન' કરકે (ગ્રંથ) હૈ. કરીબ દોનોં ગ્રંથ, સ્વાનુભવ કૈસા હોતા હૈ ? કિસ પ્રકારસે હોતા હૈ ? ઔર ઉસકા .. ક્યા હૈ ? ઉસકી મહિમા ક્યા હૈ, વહ દર્શાને કે લિયે યહ ગ્રંથ બડા ઉત્તમ ગ્રંથ હૈ. ખાસ કરકે ઉનકી જો કહને કી શૈલી હૈ, પદ્ધતિ હૈ વહ પદ્ધતિ ઐસી હૈ કિ બહુત શાસ્ત્ર નહીં પઢા હો, બહુત કમ ક્ષયોપશમ હો, જાનકારી કમ હો, કિન્તુ જો કુછ થોડી ભી પ્રયોજનભૂત સમજ કો અપને પરિણમન મેં ઈસકા અમલ કરને કા, આચરણ કરને કા જિસકો ભાવ હોતા હૈ, ઉનકે લિયે બહુત આસાન હોતા હૈ.

... એક ઐસી ધારણા હૈ કિ સ્વાનુભવ, આત્માનુભવ, નિર્વિકલ્પ અનુભવ, સમ્યગ્દર્શન વહ બહુત ઊંચી-ઊંચી બાત હૈ. યે હમારે લોગોં કે કામ કી નહીં હૈ. ક્યોંકિ હમ ગૃહસ્થ હૈ. ઔર ગૃહસ્થ હૈ ઈતના હિ નહીં હમારે પાપ કે પરિણામ બહુત હોતે હૈં યહ હમ જાનતે હૈં. માલુમ હોતા હૈ. ક્યા ક્યા કરતે હૈ વહ માલુમ નહિ હૈ ક્યા ? ઈસલિયે હમ શુરુ સે હી ઈન્ફીરિયારિટી ઓફ કોમ્પ્લેક્સ જિસકો બોલા જાતા હૈ, હમ પહલે સે હી ઐસી ધારણા કર લેતે હૈં કિ યહ ઊંચી-ઊંચી બાતેં હમારે કામ કી નહીં હૈ. કિન્તુ ઐસા નહીં હૈ.

યહ ગ્રંથ પઢને સે માલુમ પડ સકતા હૈ કિ કોઈ ભી ગૃહસ્થી જીવ સ્વાનુભવ, આત્માનુભવ કરકે ઔર બહુત આસાની સે આત્માનુભવ કરકે અપને પરિભ્રમણ કા છેદ કર સકતા હૈ, અભાવ કર સકતા હૈ. ઈસ ગ્રંથ કી કોઈ ખુબી હૈ, વિશેષ ખુબી હૈ તો યહી હૈ.

હમકો મુમુક્ષુતા કે પ્રારંભ મેં યહ ગ્રંથ મિલા હૈ. કુછ જૈનશાસ્ત્ર ઈતને નહીં પઢે થે. એક 'કૃપાલુદેવ' કે વચનામૃત પઢે થે. ઔર ઈસી બીચમેં હી યહ ગ્રંથ મિલ ગયા. કોઈ દિગંબર શાસ્ત્ર, શ્વેતાંબર શાસ્ત્ર કોઈ

શાસ્ત્ર નહિ પઢે થે. અનુભવ કી બાત ઈસમેં જો હૈ તો ઈસલિયે હમને યહ બાત બતાયી કિ શાસ્ત્રજ્ઞાન ભલે હી કમ હો, શાસ્ત્ર વિષયોં કી જાનકારી ભલે હી કમ હો. લેકિન જિસસે આત્મજ્ઞાન હોનેકા ઉત્સાહ હૈ, ઉમંગ હૈ, વીર્યોલ્લાસ હૈ ઉનકે લિયે અનુભવ કે લિયે ક્યા ક્યા પ્રયોગ કરના, કૈસા પ્રયોગ કરના, અનુભવ કે વિષયમેં થોડી ભી સમજ આયી ઉસકા અમલીકરણ કૈસે કરના ? યહ ઈસ ગ્રંથમેં બહુત સરલ પદ્ધતિ સે ગ્રંથકર્તાને ઈસ વિષય કો પ્રતિપાદિત કિયા હૈ. યહ ઈસ ગ્રંથ કી વિશિષ્ટતા હૈ.

જ્યાદા શાસ્ત્ર પઢકરકે ભી આખિર મેં તો અનુભવ તક હી પહુંચના હૈ. ઔર જ્યાદા શાસ્ત્ર પઢના વહ ઈસીકે લિયે જરૂરી હૈ જો જ્યાદા ફંસે હૈ. ફંસે હૈ મતલબ ? કે અપને શ્રદ્ધા-જ્ઞાન મેં ઊલટી, વિપરીત ધારણા હૈ, જ્યાદા ઊંધાઈ હૈ ઉનકે લિયે સ્પષ્ટીકરણ જ્યાદા ચાહિયે. ઉનકો તો નિકલને કે લિયે જિતના બુદ્ધિપૂર્વક વિપર્યાસ હોગા ઉતના હી બુદ્ધિપૂર્વક સમાધાન લે કરકે નિકાલના પડેગા. ઈસકે પહલે ઉનકે અનુભવ કે વિષય મેં અપની મતિ હૈ વહ સરલતા સે કામ નહીં કર પાયેગી.

મુમુક્ષુ :- બહુભાગ તો મુમુક્ષુ વૈસે હી હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- કૈસે ?

મુમુક્ષુ :- બહુત બોજા ચડા હુઆ હૈ. બહુત કડી દવા ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વહ તો હૈ હી. ઈસલિયે યહ .. હૈ કિ સારા મેડિકલ સ્ટોર હમારે પાસ હૈ, બહુત સે શાસ્ત્ર હૈ, ઉપલબ્ધ હૈ. એક જમાના ઐસા થા કિ ગાંવ મેં એક શાસ્ત્ર હોવે. જિતને પઢનેવાલે હો, રસવાલે વહ એક પઢ લે પીછે દૂસરા પઢ લે, પીછે તીસરા પઢ લે. ફિર દૂસરે ગાંવ ભેજ દેવે ઉસકો. અભી તો ઘર-ઘર મેં અલમારીયાં ભરી હુઈ હૈ. ક્યા હુઆ હૈ ? અબ તો હમારે મુમુક્ષુઓં કે પ્રત્યેક ઘર મેં પૂરી કી પૂરી અલમારીયાં શાસ્ત્રોં કી ભરી હુઈ હૈ.

મુમુક્ષુ :- દીમક ભી લગ રહી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- દીમક લગ રહી હૈ ! તો ઉસકા મતલબ કિ લોગ શાસ્ત્ર તો ખરીદતે હૈં લેકિન પઢતે નહીં હૈ. કહને કા ક્યા અભિપ્રાય હૈ ? કિ શાસ્ત્ર તો પઢ લેતે હૈં પર જૈસા શો કેસ હૈ ઐસા ઉસકો સ્થાન

દે દેતે હૈં કિ અપને ઘર મેં શાસ્ત્ર હૈં. ઘર અચ્છા દિખતા હૈ. જૈસે કોઈ ધર્માત્મા હૈ, ધર્મી હૈ, ઐસા દિખે. કૈસા દિખે ? ધર્માત્મા જૈસા.

મુમુક્ષુ :- હંટર મારના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- પુરાને મુમુક્ષુઓં કો તો હંટર મારના ચાહિયે. નયે નયે કા તો સવાલ નહીં.

મુમુક્ષુ :- નયા પુરાને સે પહલે સુધર સકતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નયા પુરાને સે જ્યાદા સુધર સકતા હૈ. યહ અનુભવ હૈ અપને આપકા. પુરાના નહીં સુધરેગા.

મુમુક્ષુ :- પુરાને કો પક્કડ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પુરાને કી પક્કડ બહુત હૈ. પુરાને હૈ. નયે નયે નહીં, હમ તો બહુત પુરાને હૈ. તો ઉનકો તો વૈસા અહં રહતા હૈ. ઔર નયા આતા હૈ વહ કામ કર લેતા હૈ. ઐસી બાત હૈ. નયા આતા હૈ ઈસ ક્ષેત્ર મેં, રુચિ સે આતા હૈ તો કામ કર લેતા હૈ. રુચિ ચાહિયે. આત્મકલ્યાણ કી રુચિ ચાહિયે. સહી બાત યહ હૈ કિ ધર્મ કોઈ દૂસરોં કો દિખાને કે લિયે કરને કી ચીજ નહીં હૈ.

મુમુક્ષુ :- ફિર કરે હી ક્યોં ?

પૂજ્ય ભાઈશ્રી :- બાહ્ય ક્રિયામેં ક્યા હોતા હૈ કિ કૌન ઉપસ્થિત હૈ ? કૌન અનુપસ્થિત હૈ ? કૌન આતે હૈં ? કૌન નહીં આતે હૈં ? લોગ ગિનતી ગિનને લગ જાતે હૈં. ઔર હમ ભી ગિનતી મેં આ જાયે ઐસી કોઈ હમારી મનોવૃત્તિ બન જાતી હૈ. બની હુઈ હૈ. ઈસલિયે ...

મુમુક્ષુ :- કહને મેં સંકોચ મત કરિયે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર હંટર લગાયેંગે.

ઈસ લોકસંજ્ઞા સે તીન કાલ મેં ધર્મ હોનેવાલા નહીં હૈ. ક્યોં ? કે લોગોં મેં અપની ધાર્મિક પરિસ્થિતિ કા કોઈ સ્થાન બનાયે રખના યા તો હૈ ઉસકો ટિકાયે રખના, ઐસી મનોવૃત્તિ, જો લોકસંજ્ઞા હૈ વહ કાલકૂટ વિષ છે. 'કૃપાલુદેવ'ને ઉસકો ક્યા કહા ? કાલકૂટ ઝહર હૈ. ઔર ધર્મ હૈ વહ અમૃત હૈ. ધર્મ હૈ વહ ક્યા હૈ ? વહ અમૃત છે. અજરઅમર પદ કો દેનેવાલા હૈ. અમૃત ઔર ઝહર કા મેલ નહીં ખાયેગા. ઈસલિયે જિસકો ધર્મ કરના હૈ ઉસકો લોગોં કી નજર કો ભૂલ જાના હૈ. પૂરી સમાજ કો ગૌણ કર દેના. થોડા કઠિન લગેગા. લેકિન સમાજ કો મુખ્ય કરનેવાલા

કભી ધર્મ કો પ્રાપ્ત નહીં હો સકતા. ક્યોં ? કિ ધર્મી તો કોઈ હોતા હૈ. ઔર સમાજ બડી હોતી હૈ. ઔર આજકલ જમાના ડેમોક્રેસી હો ગયા હૈ. ક્યા ? જ્યાદા લોગ ક્યા કહતે હૈં ? ઈસમેં હમ લોગ મર જાતે હૈં, ફંસ જાતે હૈં ઔર મર જાતે હૈં.

મુમુક્ષુ :- સમાજ કી તરફ દેખતે તો 'ગુરુદેવ' કા પરિવર્તન હોતા હી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હોતા હી નહીં. 'ગુરુદેવ' તો હમારે લિયે એક જીવંત ઈતિહાસ હૈ. જિસ સંપ્રદાયમેં વે થે, સ્થાનકવાસી સંપ્રદાય મેં થે, બહુત બડી સમાજ ઔર બડા પૂજ્યપદ થા ઉનકા. ક્યોંકિ ક્રિયા બહુત ચુસ્ત કરતે થે. ઔર જિતના સમજતે થે ઉસકા અમલ કરતે થે. ચુસ્તરૂપ સે. વહ આહાર લેને કો જાયે ઔર કોઈ બાઈ કા કપડા અગર છુ ગયા તો આહાર છોડકર વહાં-સે વાપસ નિકલ જાયે. કિસીકે ઘર આહાર લેને જાયે ઔર બચ્ચા રોને લગા હો તો વાપસ ચલે આતે હૈં. વહાં સે આહાર નહીં લેતે. શાસ્ત્ર મેં જો-જો બાત લિખી હૈ, ઉનકે શાસ્ત્ર મેં લીખી હૈ, વહ ભી ચુસ્તરૂપ સે પાલન કરતે હૈં. બહુત ચુસ્ત કરતે થે ઈસલિયે ઐસે સાધુ ભી કમ હોતે હૈં સંપ્રદાય મેં (કિ જો) ચુસ્તરૂપ સે ક્રિયા કા પ્રતિપાલન કરે. તો ઉસકી મહિમા બહુત બઢતી હૈ. વૈસે 'ગુરુદેવ'કી અપને સંપ્રદાય મેં બહુત મહિમા થી.

ઉન્હે પતા ચલા કિ ધર્મ કોઈ અલગ ચીજ હૈ. યહ કોઈ ધર્મ નહીં હૈ. સાધુ કા .. લે લેના કોઈ ધર્મ નહીં હૈ યા કોઈ બાહ્ય ક્રિયા કર લેના વહ કોઈ ધર્મ નહીં હૈ. પંચ મહાવ્રત કા પાલન કરના કોઈ ધર્મ નહીં, પૂજા-ભક્તિ કરના કોઈ ધર્મ નહીં હૈ. યહ બાત ઉનકી સમજ મેં આયી. ઔર 'સમયસાર' પઢકે ઉનકી સમજ મેં આયી. શ્વેતાંબર શાસ્ત્ર કા અધ્યયન ઈસકે પહલે ૪૫ આગમોં કા કર ચુકે થે. દિગંબર શાસ્ત્રોં કા અધ્યયન કરને મેં 'સમયસાર' હાથ મેં આયા. બહુત સે શાસ્ત્રકા અધ્યયન કિયા. જો લોકસંજ્ઞા થી ઉસકો છોડ દી. ક્યા કિયા ઉન્હોંને ? લોગોંને બહુત વિનંતી કી. હાથ જોડ-જોડકર. કિ મહારાજ ! અપને સંપ્રદાય મેં રહકરકે આપ (કો) જો કુછ ભી કરના હો, કુછ બોલના હો આપ બોલ સકતે હૈં, કહ સકતે હૈં. આપકે સામને કોઈ વિરોધ કરનેવાલે નહીં હૈ. આપકા પ્રભાવ સંપ્રદાય મેં બહુત હૈ. કોહીનૂર હીરા કહલાતે થે.

ઉસ જમાને વે સંપ્રદાય કા કોહીનૂર કહલાતે થે. સંપ્રદાય મેં ઇનકી બરાબરી મેં કોઈ નહીં થા. ઉન્હોંને સહી બાત, સચ્ચી બાત જાહિર કરને મેં વે કોઈ પ્રલોભન મેં આયે નહીં. સમાજ કે પ્રલોભન મેં વે આયે નહીં.

જબ સંપ્રદાય કા ત્યાગ કિયા તો વિરોધ બડા હુઆ. તો વિરોધ કે સામને ભી વહ જુકે નહીં. ઔર સત્ય બાત કહતે રહે. સિર્ફ સ્થાનકવાસીને વિરોધ કિયા ઉતના હી નહીં, સબને વિરોધ કિયા. દિગંબર સંપ્રદાયને ભી બહુત વિરોધ કિયા. વિરોધ ... સત્ય બાત જો હૈ વહ સત્ય રહેગી. વહ કહતે રહે હૈં ઔર બહુત સે લોગ ઉસ સત્ય બાત કો સમજને કે લિયે ઉનકે સમીપ આતે રહે.

'અનુભવપ્રકાશ' ગ્રંથ ભી 'સોનગઢ'સે બહુત પહલે સે હી છપા હુઆ હૈ. મૂલ ઢુંઢારી મેં હૈ. જો ઇસકી ભાષા હૈ વહ ૨૫૦ વર્ષ પહલે 'જયપુર' કે પાસ 'આમેર' હૈ, વહાં કે થે. ઉસકે બાદ હિન્દી હુઆ. ઇસકે બાદ ઉસકા ગુજરાતી ભી હુઆ હૈ. જિસકો પઢના હો ગુજરાતી ભાઈઓં કો વહ ભી.. હૈ. હિન્દી તો હૈ હી અપને સામને.

મુમુક્ષુ :- આના ઉપર તો 'ગુરુદેવ'ના પ્રવચન પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇસ છોટે સે ગ્રંથ પર 'ગુરુદેવ' કે પ્રવચન ભી 'અનુભવપ્રકાશ' પર હુએ હૈં. ગુજરાતમેં સે હિન્દી કરનેવાલે ... અપને (એક) પંડિત હૈ. વે .. કરતે હૈ. ચિઠ્ઠીયાં ભી લિખતે હૈ ઇધર મંડલવાલો પર. .... .. મંદિરોં પર ભી આયી હૈ. ઔર અનુભવકે લિયે બહુત ... ગ્રંથ હૈ. પ્રેક્ટિકલ સાઈડ કો ખોલનેવાલા ગ્રંથ હૈ. ઇસલિયે ઇસકા સ્વાધ્યાય હર મુમુક્ષુકો કરના ચાહિયે.

ક્યા કહતે હૈં ? દૂસરે .. '**નિરંતર અપને સ્વરૂપકી ભાવનામેં મગ્ન રહે,...**' સ્વરૂપ પ્રાપ્તિ કી ભાવના ઔર સ્વરૂપ આશ્રય કી જો ભાવના હૈ, યહ ભાવના જિસકો નિરંતર ચલતી હૈ, જિસકો નિરંતર ચલતી હૈ, ધારાવાહી. નિરંતર કિસકો ચલેગી ? જિસકો જરૂરત લગી હો ઉસકો.

મુમુક્ષુ :- ... કર દિયા હૈ. લેકિન જ્ઞાનધારા તો ચાલુ હૈ હી. ... વહી અમૃત હૈ. ઇસલિયે .. જ્ઞાનકી ધારાવાહી ચાલુ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ હૈ.

મુમુક્ષુ :- રુચિસે હમકો કામ કરના હૈ. ...

પૂજ્ય ભાઈશ્રી :- જી..જી. હો જાયેગા. વહી કહતે હૈં.

**'દર્શન-જ્ઞાનચેતનાકે પ્રકાશકો (વેદનકો) (અપને) ઉપયોગ દ્વારમાં દઢતાસે ભાયે...'** વહ જો ધારા હૈ ઉસકો ગૌણ કર લે. કૈસે કરે ? ભાવના હોગી તો હોગા. હૈ તો સબોં કો. લેકિન જિસકો ભાવના નહીં હૈ ઉનકો હૈ ફિર ભી નહીં હૈ કે બરાબર હૈ. હૈ તો સહી. નિગોદવાલે જીવ કો ભી હૈ.

મુમુક્ષુ :- નિગોદકી બાત નહીં. યહાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- અપને સબકી પાસ હૈ. લેકિન ભાવના પુણ્ય કી હૈ, પુણ્ય કે ફલ કી હૈ, વહ ભાવના જડ કી ભાવના હૈ. કૈસી ભાવના હૈ ? જડકી ભાવના હૈ. પુણ્ય કે ફલ કી ભાવના, આત્મા ભાવના નહીં હોગી ઉસકો આયે બિના રહેગી નહીં. ધર્મકે ક્ષેત્રમેં જાયેગા તો પાપ પરિણામ કો છોડકર કે, પાપ પ્રવૃત્તિ કો છોડકરકે, કુછ ધાર્મિક ક્ષેત્રમેં આયેગા વહ પુણ્ય કરેગા. ઔર ઉસકો આશા-અભિલાષા રહેગી કિ ઈસકા ફલ મુજે આને સે મૈં સુખી હો જાઉંગા. યહ જૈનધર્મ નહીં હૈ.

મુમુક્ષુ :- શુભ ઔર અશુભ કી જ્વાલા સે જુલસા હૈ મેરા અંતઃસ્થલ...

પૂજ્ય ભાઈશ્રી :- વહ જલતા હૈ.

મુમુક્ષુ :- આમાં આવી ચેતનોમાં સાચી પ્રતિપાદન સાંભળી શાસ્ત્ર સ્વાધ્યાય કરી અને પુણ્ય મને પરંપરાએ મોક્ષનું કારણ થાશે એવી ભૂલ રહી ગઈ. એવી મીઠાશ આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઐસા ભી બનતા હૈ. તત્ત્વદષ્ટિ નહીં હૈ તો ઐસા ભી બનતા હૈ. તત્ત્વદષ્ટિ મેં ક્યા હૈ કિ જો પુણ્ય તત્ત્વ હૈ વહ આસ્રવ તત્ત્વ હૈ, પુણ્યાસ્રવ જિસકો કહતે હૈં. વહ આસ્રવ તત્ત્વ હૈ, પુણ્યતત્ત્વ હૈ વહ આસ્રવ તત્ત્વમેં હી બંધ હોતા હૈ. ઔર આસ્રવ તત્ત્વ કા ફલ ક્યા હૈ ? બંધ હૈ. વહ મોક્ષ સે પ્રતિકૂલ હૈ, પ્રતિપક્ષ મેં હૈ. ઈસલિયે સંવર તત્ત્વ હૈ વહ સંવર તત્ત્વ સે મોક્ષ હોતા હૈ. વહ પુણ્યભાવ કે અભાવ સે હોતા હૈ. તો તત્ત્વદષ્ટિ સે તત્ત્વ વિરૂદ્ધ સ્વભાવી હૈ. વરના ક્યા હોતા હૈ કિ ભલે હી તત્ત્વ દો હૈ,... લેકિન કાર્ય-કારણરૂપ લેને મેં ક્યા આપત્તિ હૈ ? ઐસા ભી એક તર્ક હો સકતા હૈ. ઐસા પ્રશ્ન આ સકતા હૈ કિ પુણ્ય કો કારણ કહે ઔર સંવર કો કાર્ય કહે. લેકિન વિરૂદ્ધ સ્વભાવી હોને સે કારણ-કાર્ય કભી નહીં હો સકતા. કારણ-કાર્ય કા

ઉપચાર કબ લાગુ પડતા હૈ ? .. પના હો તબ લાગુ પડતા હૈ, વરના નહીં લાગુ પડતા.

મુમુક્ષુ :- વહ ભાવ વિજાતિય ભાવ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વિજાતિય ભાવ હૈ. આત્મસ્વભાવ સે વિરૂદ્ધ હૈ. આસ્રવ અધિકાર મેં ક્યા કહતે હૈં ? કિ આસ્રવ ભાવ દુખદાયી હૈ, મલિન હૈ. ઈસમેં ક્યા હૈ ? મલિનતા હૈ. મલિનતા હૈ વહ પવિત્ર ધર્મ કા કારણ નહીં હોતા.

યહ બાત 'ગુરુદેવ'ને મુખ્યરૂપ સે ઈસલિયે ખોલી કિ અપને તીનોં હી જૈન સંપ્રદાય મેં, જો ભી જૈન કે નામ સે તીન બડા ફિરકા ચલતા હૈ. ઈન તીનોં હી સંપ્રદાય મેં યહ માન્યતા ચલતી હૈ કિ કુછ પુણ્યયોગસે, પુણ્ય કરને સે આસ્તે-આસ્તે પરંપરા સે ધર્મ કી પ્રાપ્તિ હો જાયેગી. લેકિન પ્રતિપક્ષ હૈ ઔર તત્ત્વદૃષ્ટિ સે વિરૂદ્ધ તત્ત્વ હૈ. તો સમ્યગ્દૃષ્ટિ તો તત્ત્વદૃષ્ટિ હોતા હૈ. તત્ત્વદૃષ્ટિ હોતા હૈ વહ સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ.

'મોક્ષમાર્ગપ્રકાશક'મેં ક્યા બાત આયી ? કિ એક તત્ત્વ મેં દૂસરે તત્ત્વકા અધ્યાસ હોના ઉસીકા નામ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન હૈ. એક તત્ત્વ મેં દૂસરે તત્ત્વ કા ભાવભાસન હોના, .. કામ હોગા. ઉસીકો મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન કહા હૈ. 'ટોડરમલજી'ને બહુત સ્પષ્ટીકરણ દિયા હૈ.

મુમુક્ષુ :- સાતેય તત્ત્વનું જ્ઞાન ખોટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વહ તો એક તત્ત્વ કી ભૂલ હોતી હૈ તો સાતોં તત્ત્વ કી ભૂલ હોતી હૈ.

દૂસરા, સંસારી જીવ કો પુણ્ય ઔર પુણ્યફલ કી મહત્તા હમેંશા-હમેંશા રહી. બતાઈએ કૌન ઐસા નહીં હૈ કિ જો ધર્મ કે ક્ષેત્ર મેં પુણ્ય ઔર પુણ્યફલ કી મહત્તા નહીં દેતા ?

મુમુક્ષુ :- ફલ નહીં મિલતા હો તો પુણ્ય ક્યોં કરે ?

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસકી મહત્તા તો અનાદિ સે ચાલુ હૈ. અબ આત્મસ્વરૂપ જો દિખાતે હૈ ઐસે જો આત્મજ્ઞાની પુરુષ હૈં, આત્મા કે અનુભવી પુરુષ હૈં, જો આત્મસ્વરૂપ દિખાતે હૈં, વહ ઐસા કહતે હૈં કિ આત્મા યદિ જાનને મેં આયે, અનુભવ મેં આયે તો ઉસકી મહત્તા ઐસી

હૈ કિ, ઈસકિ મહત્તા ઐસી હૈ કિ જિસકે આગે પુણ્ય તો બડા વિષ્ટા કા ઢેર હૈ. ક્યા કહા 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'મેં ? ક્યા કહા ? પુણ્ય કો વિષ્ટા કી ઉપમા દે દી હૈ જ્ઞાનીયોંને. જો પુણ્યકા ધની હોકર કે ઉસપર બૈઠતા હૈ વહ કહાં બૈઠા હૈ ? ... ક્યોંકિ વિષ્ટા .. હોતી હૈ. વૈસે પુણ્ય કે પરિણામ હૈ વહ સકષાય પરિણામ હૈ. ઉસમેં મલિનતા હોતી હૈ.

ઔર જો પવિત્રતા કો જાનતા હૈ, અનંત પવિત્રતા કા પૂંજ ઐસે આત્મા કી જિસકો મહિમા હૈ, વહ કભી અપવિત્રતા કી મહિમા નહીં કરેગા. અગર જો કોઈ શાસ્ત્ર પઢકર કે ભી અપવિત્ર ઐસે કષાય પરિણામ, ભલે મંદ કષાય હો, કષાય પરિણામોં કી મહિમા કરતા હૈ, તો જાનના ચાહિયે કિ ઉસને આત્મા કો નહિ જાના હૈ. ક્યોં ? કિ એક તો ચૈતન્ય હીરા હૈ ઔર એક તો બિલકુલ પત્થર હૈ, સામાન્ય પત્થર હૈ. જિસકે પાસ હીરા હૈ વહ પત્થરોં કા ગોડાઉન નહીં ભરતા. જિસકે પાસ સોનેકા ગોડાઉન ભરા હુઆ હૈ વહ લોહે કા ગોડાઉન નહીં ભરતા. તો યહ એક મૂલ્યાંકન હૈ.

મુમુક્ષુ :- ..ઈતના મૂલ્યાંકન કરને કે લિયે હમારે પાસ થોડા સા જ્ઞાન તો હૈ. ઉસકો જગાઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. યહ જગાને કી ભાવના હૈ. અગર ભાવના હૈ તો, નિરંતર ભાવના હૈ તો દેખ લેના. અપને પરિણામ કો જાંચકર દેના કિ ક્યાં નિરંતર ભાવના ચાલતી હૈ આત્મા કી-સ્વરૂપ કી-આત્મસ્વરૂપ કી ? યા કુછ સંયોગ કી ચલતી હૈ ?

મુમુક્ષુ :- ભટક ગયે.

પૂજ્ય ભાઈશ્રી :- સંયોગ કી તો અનાદિ સે ચલતી હૈ. અભી ભી સંયોગ કી હી ભાવના ચલતી હૈ. તો યહ દોનોં પ્રતિપક્ષ મેં હૈં. દો ભાવના સાથ મેં નહીં ચલતી. જિસકો સ્વરૂપ કી ભાવના ચલેગી ઉસકો સંયોગ કી ભાવના છૂટ જાયેગી. જિસકો સંયોગ કી ભાવના ચલેગી ઉસકો સ્વરૂપ કી ભાવના ચલ સકતી નહીં. ઐસી બાત હૈ.

મુમુક્ષુ :- તો ભાવના બદલની હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના ચાહિયે. ભાવના તો આપકો ક્યા ચાહિયે ઉસકો પ્રદર્શિત કરતી હૈ. ભાવના ક્યા પ્રદર્શિત કરતી હૈ ? કિ આપકો ક્યા ચાહિયે. જો ચાહિયે ઉસકી ભાવના ચલેગી. સ્વરૂપ ચાહીએ

તો સ્વરૂપ કી ભાવના ચલેગી ઔર સ્વરૂપ નહીં ચાહિયે તો ઉસ અભાવના મેં તો,પુણ્ય-પાપ કી ભાવના મેં તો ખડે હી હૈં સબ ઔર અકેલા પુણ્ય કિસી કો રહનેવાલા નહીં હૈ.

મુમુક્ષુ :- જ્ઞાન મેં હમારે જરૂરત કિ ચીજ કી ભાવના ન હોકે જિસકી જરૂરત નહીં હૈ ફિર ભી ઉસકી જરૂરત લગતી હૈ. ઐસા ભાવ ક્યોં હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યોંકિ ઉસમેં નિશ્ચય હૈ સુખકા. જિસકી હમેં ભાવના ચલ રહી હૈ ઐસી ચીજ મેં હમને સુખ કા નિશ્ચય કર લિયા હૈ.

મુમુક્ષુ :- તો યે જ્ઞાન વિપરીત ક્યોં હુઆ ?

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિ સે વિપરીત હૈ. છૂટા હી નહીં કભી. ઐસા હમારા ગલત અભિપ્રાય હૈ, ગલત નિશ્ચય, ગલત નિર્ધાર કભી છૂટા નહીં. ઐસા પઢકર કે ભી વહ છોડને કા પ્રયાસ નહીં કિયા. પઢા તો સહી.

મુમુક્ષુ :- પઢા હી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- લેકિન પઢા નહીં હૈ. પઢા વહ પઢા નહીં. ક્યોં ? કિ પઢા ફિર ભી ઉસકે વિરૂદ્ધ હમારા જો પરિણામ હૈ ઉસકો છોડા નહીં, કોઈ ફેરફાર નહીં કિયા. ઈસલિયે વાસ્તવ મેં પઢા હી નહીં.

મુમુક્ષુ :- સ્વરૂપ કો હી સમજા નહીં તો ફિર યહ ગલતી હોગી ન ? સ્વરૂપ કો પહલે સમજના હૈ. સ્વરૂપ સમજેંગે તભી યહ ગલતી અપને આપ છૂટ જાયેગી ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ સમજે કબ ? કિ ભાવના આયેગી સ્વરૂપપ્રાપ્તિ કી તબ. બુદ્ધિવાલા હૈ ઈસલિયે કોઈ સ્વરૂપ સમજ જાયેગા, ઈસમેં કોઈ દમ નહીં હૈ. બુદ્ધિ બહુત હૈ અપને મેં, હમ દિમાગવાલે લોગ હૈં...

મુમુક્ષુ :- હમારે પાસ થોડા જ્ઞાન તો હૈ ઉસ જ્ઞાનકો કહાં લગાના બસ, યહી બતાયે ?

પૂજ્ય ભાઈશ્રી :- .. કબ લગાયેગેં ? ભાવના હોગી તો લગેગા. વરના યે દુનિયાભર કા ચક્કર હૈ, બહુત બડા ચક્કર હૈ. ઈસલિયે યહાં 'દિપચંદજી' કહતે હૈં કિ જો જ્ઞાન કી ધારા, જિસકો 'સમયસાર'કી ૧૭-૧૮ ગાથા મેં ભગવાન આત્મા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મ કહા હૈ.

ક્યા કહા હૈ ? અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા. ઐસા બોલા હૈ. વહ હૈ હમારે પાસ. કહીં લેને જાનેકા નહીં. મંદિર મેં ભગવાન કો લેને જાને કા નહીં હૈ. ભગવાન અંતર ઘટ મેં હૈ. વહ ભગવાન જો હૈ ઉસકા દર્શન નહીં હોતા હૈ. પ્રગટ હૈ ફિર ભી ઉસકા દર્શન નહીં હોતા હૈ. યહાં પ્રગટ બોલેંગે.

**'પ્રકાશકો (વેદનકો) (અપને) ઉપયોગ દ્વારમેં દઢતાસે ભાયે...'** પ્રકાશરૂપ હૈ. યહ ચૈતન્યપ્રકાશ હૈ. યહ ચૈતન્યપ્રકાશ કો ભાવનાપૂર્વક અપનેમેં ભાઈયે, ભાયેગેં, ઔર ભાયેંગે '**(તો) ચિદ્પરિણતિસે સ્વસ્વરૂપરસ (ચિદ્રસ) હોતા હૈ.**' તો ક્યા હોતા હૈ ? પરિણતિ બનેગી. ભાવના સે બાર-બાર ઈસકા ઉપયોગ હોગા. ઉપયોગ હોગા માને ? સવિકલ્પ દશા મેં ભી ઉસીકે પરિણામ હોંગે. ઔર ફિર ઉસમેં રસ આને લગેગા. રસ આને સે એક પરિણતિ ઉત્પન્ન હો જાયેગી.

પરિણતિ કા વિષય કલ થોડા ચલા. ભાઈ ! પરિણતિ કા વિષય થોડા ચલા ન ? પરિણતિ કા. ઉસકા ભી બહુત બડા દૃષ્ટાંત દેતે થે, ઉસ વક્ત અચ્છા દૃષ્ટાંત દેતે થે કિ જૈસે કિસીકે ઘર મેં ૨૫ સાલ કે ઈકલૌતે લડકે કા નિધન હો જાતા હૈ તો ઉસકે મા-બાપ કો બહુત દુઃખ લગતા હૈ. ઉસકે પિતા કો જો દુઃખ લગા હૈ. હમારે યહાં વહ તેરહવાં હોતા હૈ ન ? મિષ્ટાન ... સગે-સંબંધી આતે હૈં. મિષ્ટાન ખિલાતે હૈં. ઔર ઉસકો ભી મિષ્ટાન ખાને કા હોતા હૈ.

મુમુક્ષુ :- પિતા કો ?

પૂજ્ય ભાઈશ્રી :- પિતા કો ભી. ઉપયોગ લગા હૈ લડ્ડુ ખાને મેં, મિષ્ટાન ખાને મેં. પરિણતિ મેં ક્યા હાલત હૈ ? ઉસકો યહ મિષ્ટાન, મીઠાઈ મીઠાઈ નહીં લગતી હૈ, ઝહર જૈસી લગતી હૈ કિ નહીં લગતી હૈ ? લેકિન પરિણતિ મેં. ઉપયોગમેં તો બાત કરતે-કરતે થોડા હંસ ભી જાયેગા, થોડા ... ભી કર લેગા. કોઈ લંબે ટાઈમ સે આયે હો સંબંધી ઉસકે સાથ ભેટેંગે, મિલેંગે. આપ પધારે, અચ્છા હુઆ આપ પધારે. આપ કો મિલકર બહુત ખુશી હુઈ. ઐસા ભી બોલેંગે. લેકિન જિસકો મિલકરકે ખુશી હુઈ હૈ, ઔર જિસકા વિયોગ હુઆ હૈ. દોનોં બાત એક સાથ મેં હૈ કિ નહીં ઈનકે પરિણામ મેં ? હૈ કિ નહીં હૈ ? ઉપરી-ઉપરી સે દેખનેવાલો યહ લગેગા કિ યહ ખુશ હોતા હૈ, હસતા હૈ, અભી તો રાજી હૈ. ક્યા રાજી હૈ ? નહીં હૈ રાજી. બહુત દુઃખ ભરા હૈ.

મુમુક્ષુ :- ઉસકો તો પુત્ર કા વિયોગ થા. ઈસલિયે મિષ્ટાન્ન અચ્છા નહીં લગતા. યહાં તો વિયોગ હૈ હી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- યહી તો બડી આપત્તિ હૈ. હમારે પરમાત્મા કા વિયોગ હમકો નહીં લગતા હૈ યહી બડી આપત્તિ હૈ. ઔર જબ લગેગા તભી પરમાત્મા કા દર્શન હોગા. તભી કુછ નહીં સુહાયેગા. મિષ્ટાન ક્યા પંચેન્દ્રિય કે એક ભી વિષય મેં રસ નહીં આયેગા. વિષય અપને સ્થાન મેં હૈ, ક્રિયા અપને સ્થાનમેં હૈ. ઉપયોગ ભી જાયેગા, ખાયેગા ભી, લેકિન રસ આયેગા નહીં. યહી કરને કા હૈ.

મુમુક્ષુ :- યહાં વિયોગ માના હી નહીં હૈ અભી તો.

પૂજ્ય ભાઈશ્રી :- વિયોગ નહીં લગા હૈ. વિયોગ કી વેદના, વિરહ કી વેદના હુએ બિના હમારે અનંતકાલ કી વિભાવ પરિણતિ હૈ વહ ગલનેવાલી નહીં હૈ. યહ રૂઢ હો ગઈ હૈ. આગે લિખા હૈ. યહાં સે નહીં લિયા થા. લેકિન આપકે પન્ને મેં લિખા હૈ. ઉત્તર લિખા હૈ ન વહાં સે પઢો. યહ જો પન્ના હૈ ઉસમેં લિખા હૈ.

**'અનાદિકાલસે (યહ જીવ) અવિદ્યામેં (મિથ્યાત્વમેં) પડા હૈ, મોહ કી નિબિડ ગ્રંથિ પડી હૈ.'** મોહ કી ગ્રંથિ યાનિ ગાંઠ પડ ગઈ હૈ. આત્મા ઔર મોહ (દોનોં કે બીચ) ગાંઠ પડ ગઈ હૈ. વહ આતા હૈ ન રેશમ કા સૂત. હીર કહતે હૈં જિસકો. હીર કા સુત આતા હૈ. ઉસકી ગાંઠ પડ જાયે તીવ્ર, જોરસે ઔર ઉસકે ઉપર ફિર તેલ કી બૂંદ ડાલે ફિર ખુલે ? એક તો રેશમ ઈતના સ્પર્શ મેં .. હૈ કિ ઉસકો પકડકર કે ખોલે તો ઉંગીલીયા હૈ વહ છૂટ જાતી હૈ, પકડ મેં નહીં આતા. ઔર ઉસમેં ભી ચિકના તેલ આ ગયા ઉસપર.

મુમુક્ષુ :- ઔર સ્નિગ્ધ બન ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર સ્નિગ્ધ હો ગયા. એક તો રેશમ સ્નિગ્ધ હૈ હી, લુખા હૈ તો જલ્દી ગાંઠ નિકલતી હૈ. લેકિન સ્નિગ્ધ હૈ રેશમ ઔર ઉસ પર તેલ ડાલ દિયા હૈ.

મુમુક્ષુ :- તેલ તો નહીં ડાલા હૈ અભી. ઈતની જબરદસ્ત ગાંઠ નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- આપને બોલા કિ હંટર મારના હૈ. બાત ઐસી હો ગઈ હૈ. અનાદિકાલસે...

મુમુક્ષુ :- ખુલનનેવાલી હૈ ગાંઠ.

પૂજ્ય ભાઈશ્રી :- ગાંઠ ખુલનેવાલી હૈ. ભીતરમેં સે આવાજ આતી હૈ. ગાંઠ ખુલનેવાલી હૈ. અચ્છી બાત હૈ. ઐસી ભીતર મેં સે આત્મા કી આવાજ આની ચાહિયે કિ હમારી મોહ ગ્રંથિ અબ છૂટેગી, છૂટેગી ઔર છૂટેગી. તબ હમકો ઐસે શ્રીગુરુ મિલે હૈં, ઐસા સત્શાસ્ત્ર મેં તત્ત્વ મિલા હૈ તો હમારી ગાંઠી છૂટેગી, છૂટેગી ઔર છૂટેગી. ઐસા ભીતર મેં સે આવાજ આની ચાહિયે. યહ મોક્ષ કી ભનકાર હૈ.

મુમુક્ષુ :- ઉસકો જગનેવાલા ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- જગાનેવાલે. 'ગુરુદેવ' નિકલે જગાનેવાલે. હમ કિતને જગતે હૈં વહ હમારે પર આધાર હૈ. લેકિન જગાનેવાલે તો નિકલે.

મુમુક્ષુ :- જગનેકી ભાવના હોની ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- યહ તો હૈ હી. ઐસે હી 'ગુરુદેવ' કે પાસ આયે તો ભાવના ક્યોં નહીં રખેંગે ? જરૂર રખેંગે. 'ગુરુદેવ' તો પ્રવચન કરતે-કરતે ઐસા કહતે થે કિ ઈતના પરમતત્ત્વ, શુદ્ધ તત્ત્વ, ઉત્કૃષ્ટ તત્ત્વ, સર્વોત્કૃષ્ટ તત્ત્વ વહ હૈ કિ રુચિ સે ભાવના સે કોઈ સુનને કો આયેગા તો ઉસકો મોક્ષ કા ભણકાર ભીતરમેં-સે પૈદા હો જાયેગા કિ મેરા મોક્ષ હોનેવાલા હૈ. સમ્યગ્દર્શન નહીં બોલે. મોક્ષ કા ભનકાર હોતા હૈ મુમુક્ષુકો. ક્યોંકિ ઉસને .. ક્યા કિયા હૈ ? પૂર્ણતા કા લક્ષ કિયા હૈ. ઈસલિયે ઉસકો મોક્ષકા ભણકાર આયેગા. અધૂરી દશા કા નહીં લિયા હૈ. ઔર પંચમકાલ હૈ તો મોક્ષ કા નામ નહીં લેના વહ ભી નહીં લિયા. ઐસી બાત હૈ.

મુમુક્ષુ :- અલ્પજ્ઞાન કી સમજ મેં હી પૂર્ણતા કા લક્ષ કરના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતા કા લક્ષ કરના. હમકો કહાં જાના હૈ ? હમ પ્લાનિંગ હી નહીં બનાયેંગે તો ફિર નીંવ કૈસે હોગી હમારી ? હમકો કિતને મજલે કા મકાન બનાના હૈ. ચૌદ ગુણસ્થાન ઔર પંદ્રહવાં સિદ્ધપદ હૈ. પંદ્રહ મંઝિલ કા હમારા મકાન હૈ. તો ઉસકી નીંવ ભી ઉતની હી ચાહિયે. ઉસકા ઈન્જિનિયરીંગ હોતા હૈ. સિવિલ એન્જિનિયરીંગ જિસકો કહતે હૈં. એક મજલે કા મકાન હો ઉસકી નીંવ ઔર પંદ્રહ મજલે કે મકાન કી નીંવ સરીખી હોતી હૈ ? નહીં હો સકતી. તો નીંવ કી બાત તો અપને ટારગેટ કે અનુપાત મેં હી (હોતી) હૈં.

ઉસકો ભી અપને જ્ઞાનપ્રકાશ મેં માને દર્શન-જ્ઞાનચેતના સે ઉપયોગ દ્વાર મેં, ઉપયોગ દરવાજા હૈ, ઉસ ઉપયોગ દ્વાર મેં .. હોતા હૈ કિ મૈં ઐસા જ્ઞાનસ્વરૂપી આત્મા હૂં. દઢતા આતી હૈ ઈસમેં. પ્રત્યક્ષ હોને સે ઔર દઢતા આતી હૈ, પ્રગટ હોને સે ઔર દઢતા આતી હૈ. તો સ્વરૂપરસ, આત્મરસ, ચૈતન્યરસ ઔર ચિત્પરિણતિ ઉત્પન્ન હોતી હૈ.

મુમુક્ષુ :- ઈતને સે કામ કે લિયે ઉસકો બહુત સારે સામાન કી જરૂરત નહીં હૈ. થોડા સા જ્ઞાન કાફી હૈ હમારા.

પૂજ્ય ભાઈશ્રી :- થોડા સા જ્ઞાન કાફી હૈ. દેખો ન, યહ તો દૂસરે-તીસરે પન્ને મેં યહ બાત લી હૈ. ગ્રંથ કે પ્રારંભ મેં યહ બાત લી હૈ કિ યહ જ્ઞાનવાનગી તુમ્હારે પાસ હૈ. કથનમાત્ર ગ્રહણ નહીં કરે, અમલ કર લેના. ક્યા ? એક ઐસી સૂચના કો ક્યાં રખી ઉન્હોં ને ? ઉસે કથનમાત્ર ગ્રહણ ન કરે, યા ધારણામાત્ર ગ્રહણ ન કરે. લેકિન અપને જ્ઞાન મેં જ્ઞાનસ્વભાવ કો લક્ષગત કરને કા પ્રયાસ કરે. જ્ઞાનસ્વભાવ ચૈતન્યહીરા હૈ. આપ કહેંગે કિ મિલતા નહીં હૈ, ખો ગયા હૈ. લેકિન અચ્છા હૈ અંધેરે મેં નહીં ખોયા હૈ, પ્રકાશ મેં હૈ. યહ ભી એક સુવિધા હૈ, પુરી સુવિધા હૈ. વરના હમ યહ કહ દેતે કિ ક્યા કરેં ? ચૈતન્યહીરા ખો ગયા હૈ. અંધેરા હૈ. અંધેરે મેં કહાં-સે મિલેગા ?

બોલા થા ન ? કિ હમ લોગોં કા નિગોદ મેં અનંત કાલ ગયા. હમારે જીવ કા પરિભ્રમણ કા સબસે જ્યાદા અનંત કાલ કહાં ગયા ? નિગોદમેં ગયા. પૂરી વિપરીતતા કરકે વહાં ગયે. દોઈન્દ્રિય હોના વહ અંધે કો રત્ન મિલને બરાબર હૈ. હમ તો પંચેન્દ્રિય, સચ્ચે દેવ ગુરુ શાસ્ત્ર (કા યોગ હુઆ હૈ), સચ્ચી બાત હમારે સામને આયી. ફિર દરકાર નહીં કરેગેં તો હમારે જિતના હિનભાગી ઔર કૌન હો સકતા હૈ ?

જિસકો કાલલબ્ધિ પર ઉપયોગ જાતા હૈ ... મેં, સહી રૂપમેં અગર જાતા હૈ તો ઉસકો લક્ષ ત્રિકાલી પર જાતા હૈ. તભી કાલલબ્ધિ કા વિષય હૈ રુચતાહૈ, વહ યથાર્થ હૈ. અગર હમારા ત્રિકાલી સ્વરૂપ પર લક્ષ નહીં જાતા તો કાલલબ્ધિ કા આલંબન આ જાતા હૈ, ઉસકા લક્ષ હો જાતા. ઔર હમ સંતોષ પકડેગેં કિ હમકો નહીં પ્રાપ્ત હુઆ. ક્યોંકિ હમારી કાલલબ્ધિ નહીં પકી. હમકો જાનકારી હુઈ કિ કાલલબ્ધિ બિના કાલ હોનેવાલા નહીં હૈ. લેકિન કભી કિસી આચાર્યને અકેલી કાલલબ્ધિ

કી બાત નહીં કી. જિનકી કાલલબ્ધિ કી બાત કી હૈ ઉનકો પુરુષાર્થ સમેત કાલલબ્ધિ પ્રગટ હુઈ હૈ ઐસા બતાયા હૈ. હમારા પુરુષાર્થ ઊંધા ચલતા હૈ ઔર હમ કાલલબ્ધિ કી ઓથ લેતે હૈં, અવલંબન લેતે હૈ તો યહ કાલલબ્ધિવાલી હમારી સમજ બિલકુલ વિપરીત હૈ.

મુમુક્ષુ :- કાળલબ્ધિનું નામ લઈ છેદો નહિ આત્માર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- છેદો નહિ આત્માર્થ. આત્મા કા પુરુષાર્થ છેદો નહીં. આયા ન આત્મસિદ્ધિ મેં ?

**'મોહકી નિબિડ ગ્રંથી પડી હૈ. આત્મા ઔર પરકા એકત્વસંધાન હો રહા હૈ. જૈસે કિસી પુરુષકો અફીમ કા નશા ચઢા હૈ, વહ દુઃખ પ્રાપ્ત કરતા હૈ, પરંતુ છૂટ નહીં સકતા હૈ.'** યહી હાલત હૈ હમારી. ક્યા ? જાનતા હૈ. બરાબર હૈ, અફીમ તો ઝહર હૈ. નહીં ખાના ચાહિયે. લેકિન તલપ લગતી હૈ તો રહ સકતા નહીં. તલપ લગતી હૈ. ક્યા ? મેડિકલ સાયન્સ મેં પોઈઝન .. હોતી હૈ ન ? ઉસકો .. કહતે હૈં. જિસકો બહુત ઝહરીલા અસર હો ગયા હો, ઐસી દવાઈ ખાલી હો યા ઐસા વ્યસન હો તો આહિસ્તા-આહિસ્તા ઉસકો નિકાલા જાતા હૈ. એકસાથ જટકે સે વહ નહીં છૂટ સકતા. તો ઉસકો આહિસ્તા-આહિસ્તા નિકાલને કિ પ્રક્રિયા હૈ, પ્રયોગ હૈ. ઐસે મિથ્યાત્વ કા, અજ્ઞાન કા ઔર સંયોગ મેં અનુકૂલતા મેં સુખબુદ્ધિ કા જો ઝહર હૈ વહ બહુત ચડ ગયા હૈ. ઉસકો નિકાલના પડેગા. એકસાથ અફીમ બંદ કરે તો મર જાય.

મુમુક્ષુ :- હમકો એકસાથ હી કરની હોગી. મિથ્યાત્વ કો ઝહર માન લિયા તો થોડા-થોડા ક્યા છોડેંગે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસમેં ક્યા હૈ કિ ગલતા હૈ પહલે. દેવ-ગુરુ-શાસ્ત્ર ... તત્ત્વ કા અભ્યાસ ઔર .. પ્રકાર કા ચિંતન, પ્રયોગ જો હૈ, યહ એક મંગલ પ્રારંભવાલા સિદ્ધાંત ગ્રહણ કિયા, અવલોકન કિયા, પ્રયોગ કિયા. ઈસ માધ્યમ સે પહલે વહ ગલતા હૈ. ક્યો ? પહલે ઉપશમ હોતા હૈ. ઉપશમ કબ હોગા ? બલવાન હો તો ઉપશમ (નહીં હોગા). દબેગા કૌન ? નિર્બલ હોગા વહ. તો પહલે ઉસકો યથાર્થ પ્રકારસે નિર્બલ કરના ચાહિયે. યથાર્થ પ્રકાર સે. અયથાર્થ પ્રકાર સે મંદ હોગા તો હો તીવ્ર જાયેગા. ઓઘસંજ્ઞા સે કભી મંદ હોતા હૈ, લેકિન તીવ્ર હો જાતા હૈ. તો અફીમ કી તરહ ઉસકો નિકાલ સકતે હૈં.

મુમુક્ષુ :- હમારા જિતના થોડા સા જ્ઞાન કા વર્તમાન મેં જો ક્ષયોપશમ ઉઘાડ હૈ યહી હમારા સર્વસ્વ હૈ, ઉસી સે મેરા પુરા કામ હો જાતા હૈ. ઔર કોઈ દૂસરે સાધન કી જરૂરત નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જરૂરત નહીં હૈ. જ્ઞાન હી સાધન હૈ. અકેલા જ્ઞાન હી સાધન હૈ.

મુમુક્ષુ :- થોડા સા ખુલા હૈ તો ભી વહ સ્વભાવ કા અંશ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ભી. સ્વભાવ કા અંશ હૈ. યહી સ્વભાવ કી વાનગી હૈ. રાગ કા અંશ નહીં હૈ. આત્મા કો રાગ મેં ખોજતે હૈં તો અંધેર મેં હીરે કો ખોજતે હૈં. વહાં હૈ નહીં. પ્રકાશ મેં હૈ. જ્ઞાનપ્રકાશ મેં હમારા ચૈતન્યહીરા હૈ. ઉસકો ખોજે વહ અવશ્ય મિલનેવાલા હૈ હી. પરિસ્થિતિ થોડી ગડબડવાલી યહ હૈ કિ જિસ પ્રકાર કિસી પુરુષ કો અફીમકા નશા ચઢા હૈ, વહ ... પ્રાપ્ત કરતા હૈ પરંતુ છૂટ નહીં સકતા હૈ. ઐસે હમ જલ્દી સે છૂટ નહીં સકતા હૈ. કિસલિયે ? કિ અફીમ બહુત ચઢી હૈ. છૂટને સે સુખ હૈ. માનતા હૈ કિ છૂટને સે સુખ હૈ.

મુમુક્ષુ :- બહુત નહીં ચઢી હૈ. બહુત ચઢી હોતી તો મનુષ્યપર્યાય મેં સંજ્ઞી પંચેન્દ્રિય, જૈનકુલ મેં આતે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુત નહીં ચઢી હૈ.

મુમુક્ષુ :- બહુ ચઢી ચઢી કરકે અટક જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકો ક્યા હૈ સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર મિલે, સહી બાત સમજને મેં આયી, ફિર ભી વહ અફીમ કી અસર નહીં નિકલતી હૈ તો બહુત ચઢી હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈસકા આધાર ક્યોં લે હમ ?

મુમુક્ષુ :- હમ નહીં લેતે. લેકિન આધાર તો સ્વયં હમ આયે હૈં, જહાં પર હમ હૈં, સંજ્ઞી પંચેન્દ્રિય હૈં...

પૂજ્ય ભાઈશ્રી :- લેકિન પુરાને કો તો હંટર મારના પડેગા. યહ બાત હૈ. 'કૃપાલુદેવ' કહેત હૈં. એક બહુત અચ્છી બાત ઉન્હોંને લિખી હૈ. કિ સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર મિલે, સત્પુરુષ ભી મિલે ઔર ફિર ભી જો મિથ્યાત્વ કો નહીં છોડતા હૈ તો ઐસા સમજના ચાહિયે કિ મહા મોહનીય કા બહુત પ્રચુર બલવાનપના હૈ. ....

## તા. ૨૪-૫-૧૯૯૬, પાના નં. ૫, પ્રવચન નં. ૧૫૮

... તે પહેલા જ તેને અનુકૂળતાની અભિલાષા હોય છે. સામાન્યપણે સંસારી જીવને કર્મના ફળ સ્વરૂપે અનુકૂળતાઓ પ્રાપ્ત થાય, તે પહેલા જ એની અભિલાષા હોય છે. આ મને મળે તો ઠીક, આમ મળે તો ઠીક. તેથી જ્યારે ઉદયકર્મ આવે ત્યારે એકત્વ કરે છે. જ્યારે કર્મનું ફળ આવે, પહેલેથી તો અભિલાષા તો કરી બેઠો હોય. જેવું કર્મફળ ઉદયમાં આવે એની સાથે એકત્વ થઈ જાય છે. પરંતુ પ્રતિકૂળતામાં જીવ એકત્વ કરે છે તો ત્યાં તેને પ્રતિકૂળતા ન આવે તેવી અભિલાષા હોવાથી એકત્વ થઈ જાય છે. ત્યાં, ન આવે એવું પહેલેથી ચિંતવ્યું હોય છે. અનુકૂળતા આવે એવું પહેલેથી ચિંતવ્યું હોય છે. એટલે બંને પ્રકારના ઉદયમાં જીવને એકત્વ થઈ જાય છે. કે કોઈ બીજી અભિપ્રાયની ભૂલ ત્યાં છે ? નહિ, એમ જ છે. એ જ કારણ (છે). એ કારણે પહેલેથી જ અભિપ્રાયમાં અપેક્ષા બુદ્ધિ હોવાને લીધે, એ અભિપ્રાયને અપેક્ષા બુદ્ધિ કહે છે. આ મને હો અને આવું મને ન હો. અનુકૂળતા હો અને પ્રતિકૂળતા ન હો. એવી અપેક્ષા બુદ્ધિ પહેલેથી હોય છે. એટલે એ અભિપ્રાયની ભૂલ છે. અને એથી ત્યાં એકત્વ થયા વિના રહે નહિ અથવા રસ પડ્યા વિના રહે નહિ.

એટલે અભિપ્રાયમાં પ્રથમથી જ એમ હોવું ઘટે છે કે કોઈ સંયોગ અનુકૂળ પણ નથી અને કોઈ સંયોગ પ્રતિકૂળ પણ નથી. જીવની કલ્પનામાત્ર છે. મિથ્યા કલ્પના છે. વસ્તુસ્થિતમાં એવું કાંઈ નથી. એમ પહેલેથી વાસ્તવિક જ્ઞાનનું દૃઢપણું હોય તો સાવધાન રહે, જાગૃત રહે અને અનુકૂળતા અને પ્રતિકૂળતામાં ખેંચાય નહિ. રસ તીવ્ર ન થાય.

અહીં છઠ્ઠું પાનું. ઉપરથી. '**પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ મિથ્યાત્વનો નાશ કરે,...**' કેવું મિથ્યાત્વનું સ્વરૂપ છે ? પરમાં પોતાપણું તે. તે જ મિથ્યાત્વ છે. શરીર, પરિવાર, મકાન, કપડા, દાગીના, આબરૂ, કીર્તિ અનેક પ્રકારના જે પ્રારબ્ધને કારણે સંયોગ છે, એ આત્માથી ભિન્ન હોવા છતાં પણ એ મારા છે એવું જે અહંપણું, પોતાપણું એ અજ્ઞાન છે અને એ મિથ્યાત્વ છે. કેમકે

વસ્તુસ્થિતિએ એમ છે નહિ. એ તો પર સંયોગ છે. થોડા કાળ માટે એની ક્ષેત્ર સમીપતા છે. એથી વધારે કાંઈ નથી. જ્યારે શરીરનું પણ એમ છે તો બીજા જીવ અને બીજા અજીવ એ તો ક્ષેત્રથી પણ ભિન્ન છે. શરીર તો ક્ષેત્રથી સમીપ છે તોપણ થોડા કાળ પૂરતો એનો સંયોગ છે. અલ્પકાલીન છે એ તો. તેથી તેમાં અહંપણું કરવું, પોતાનું અસ્તિત્વ નહીં હોવા છતાં પણ અહંભાવ કરવો, પોતાપણું કરવું એ મિથ્યાત્વ છે. સર્વ પ્રકારના અનંત દોષો ઉત્પન્ન થવાનું એ મૂળ કારણ છે અને તેના ફળ સ્વરૂપે જન્મ-મરણ કરીને પરિભ્રમણ કરવાનું પણ એ મૂળ કારણ છે.

પહેલા એનો નાશ કરે. એટલે એ પ્રકારના પરિણામનો નાશ કરે. અભ્યાસ કરીને-પ્રેક્ટિસ કરીને. જે ચીજમાં પોતાપણું ભાસતું હોય, લાગતું હોય એ ચીજને સામે રાખો. એ વસ્તુને સામે રાખો. એ વ્યક્તિ હોય તો વ્યક્તિને પણ સામે રાખો (અને જુઓ) કે આમાં હું ક્યાં છું ? હું તો આમાં ક્યાંય છું નહીં. પછી મને મારાપણું કેમ લાગે છે ? બીજી વ્યક્તિમાં મારાપણું નથી લાગતું. બે વ્યક્તિ બાજુ બાજુમાં ઊભી હોય તોપણ. જીવને ભ્રાંતિ છે, ખોટો નિશ્ચય છે. એ જૂઠા નિશ્ચયને નાશ કરી નાખવો જોઈએ. પહેલા એ કરે. એ પ્રકારના અભ્યાસથી પહેલા એમ કરે. એટલે એમ કર્તવ્ય છે, એમ કરવા યોગ્ય છે. એ પ્રકારની પ્રેક્ટિસ કરવા યોગ્ય છે.

'**પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે.**' પછી એ રાગને મટાડે. રાગ છે તે પર તરફનો ભાવ છે, પર અભિલાષ છે એનો પણ નાશ કરે. '**જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય.**' જેટલો પરરાગ મટે એટલી વીતરાગતા ઉત્પન્ન થાય.

'**જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...**' આ એક માર્મિક વચન 'દીપચંદજી'નું છે. '**જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો...**' પરપ્રવેશ એવો એક ભાવ થાય છે, એનો અભાવભાવ થવો જોઈએ. '**ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...**' અત્યારે સ્વસંવેદનનો અનુભવ કેમ નથી ? કે પરપ્રવેશભાવનો અનુભવ છે માટે.

પરમાં આ આત્માનો પ્રવેશ થઈ શકતો નથી. દ્રવ્યે કે ભાવે. દ્રવ્યથી

પણ પ્રવેશ નથી અને ભાવથી પણ પ્રવેશ થઈ શકતો નથી. એ જ પ્રમાણે પરપદાર્થનો પણ, કોઈ બીજા જીવનો પણ પોતામાં દ્રવ્યે કે ભાવે પ્રવેશ થઈ શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે. એ વસ્તુની મર્યાદાનું ઉલ્લંઘન થઈ શકે એવું નથી. છતાં આ જીવ જૂઠી કલ્પના કરીને પરમાં પ્રવેશપણાનો, પરના પ્રવેશપણાનો, પરમાં પ્રવેશપણાનો અને પરના પ્રવેશપણાનો અનુભવ કરે છે. એ જૂઠો અનુભવ છે, થઈ શકતો નથી.

જેમ કે અત્યારે સાંભળતા કાંઈ અવાજ આવ્યો તો જાણે મારામાં દખલ થઈ. બહારનો કોલાહલ છે એની મારામાં દખલ થઈ. પણ તારામાં તો કાંઈ આવ્યું નથી. જાણવા સિવાય કાંઈ બન્યું નથી. કોઈપણ વસ્તુનો સ્વાદ લીધો તો જાણે એનો રસ, સ્વાદનો રસ મારામાં ઉતર્યો, પ્રવેશ્યો એવો અનુભવ થાય છે. કોઈ સ્પર્શ થાય ઠંડા, ઊનાપણાનો, સુંવાળા-ખરબચડાપણાનો (તો એમ લાગે છે) મને સ્પર્શ થાય છે. જ્ઞાન, માત્ર જ્ઞાન થતું હોવા છતાં પણ પરપ્રવેશભાવનો અનુભવ થાય છે તે સ્વસંવેદનને રોકે છે. સ્વસંવેદનનો અવરોધ કરનારો ભાવ છે. એ ભાવનો અભાવ થાય ત્યારે જ્ઞાનમાં જ્ઞાનવેદન તો થઈ જ રહ્યું છે પણ પરપ્રવેશભાવને લઈને એ માલૂમ પડતું નહતું. તે પરપ્રવેશભાવનો અવરોધ દૂર થવાથી જેવું છે એવું માલૂમ પડે છે. એટલું જ નહિ એની તારતમ્યતા પણ વધી જાય છે. એક તો તારતમ્ય વિશેષ થાય છે અને બીજો અવરોધ હોતો નથી. બંને કારણને લઈને સ્વસંવેદન સારી રીતે અનુભવગોચર થાય છે.

એટલે બીજો પ્રેક્ટિસનો વિષય આવ્યો કે જ્યાં જ્યાં જ્યારે જ્યારે જે જે પદાર્થના સંયોગમાં આ જીવને પરપ્રવેશભાવનો અનુભવ થતો હોય ત્યાં એણે અવલોકન કરીને, ભેદજ્ઞાન કરીને પરપ્રવેશભાવને મટાડવો જોઈએ. વસ્તુનું એ સ્પષ્ટ સ્વરૂપ છે કે પરનો પ્રવેશ કે પરમાં પ્રવેશ થઈ શકતો નથી. માત્ર જીવ કલ્પનાથી અનુભવ કરે છે. એ કલ્પિત છે, વાસ્તવિક નથી. કલ્પિત હોવાથી એટલે કે વાસ્તવિક નહીં હોવાથી એની તૃપ્તિ પણ થતી નથી. અતૃપ્ત રહે છે જીવ. પણ મોટું નુકસાન સ્વસંવેદન રોકાય જાય છે તે છે.

પોતાનું સ્વસંવેદન છે એ શાંતિને ઉત્પન્ન કરનારું છે. બીજા ગુણમાં એની અસર એ થાય છે કે સ્વસંવેદન સાથે શાંતિ અભેદપણે રહેલી છે.

જ્યાં સ્વસંવેદન રોકાય જાય ત્યાં એની શાંતિ પણ રોકાય જાય છે અને આકુળતા ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શું પ્રશ્ન છે ? કે અહીંયાં એમ કહ્યું કે પરપ્રવેશભાવનો અભાવ થાય અથવા થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય. પોતાનું આત્મજ્ઞાન થાય. પણ એ અભાવભાવ થાય કેવી રીતે ? આ પ્રશ્ન છે.

પ્રથમ અવલોકન અને પછી ભેદજ્ઞાનની પ્રેક્ટિસ અથવા પ્રયોગ થાય ત્યારે. વધારે સારી રીતે સમજવા માટે. પરપ્રવેશભાવ છે તે ઊલટો પ્રયોગ છે. એ વિચાર નથી. મિથ્યા અનુભવ છે તે જીવના પરિણામનો ઊલટો પ્રયોગ છે. ઊલટા પ્રયોગનો નાશ સુલટા પ્રયોગથી થાય. હવે એ પ્રશ્ન થાય કે સુલટો પ્રયોગ કેવી રીતે કરવો ? થાય એટલું ચોખ્ખું કરીએ.

સમજણમાં તો સ્પષ્ટ સમજાય છે કે નહિ ? કે જડ અને ચૈતન્ય અથવા જીવ અને બીજો જીવ સર્વથા ભિન્ન છે. પોતાનો આત્મા અને અન્યનો આત્મા સર્વથા ભિન્ન છે. પોતે અને બીજા પરમાણુ પણ સર્વથા ભિન્ન છે. એ સમજાય છે કે નહિ ? કે સમજાય છે. તો પછી એ સમજણને ચાલતા ઉદયમાં લાગુ કરવી એનું નામ પ્રયોગ છે. પ્રયોગ એટલે શું ? સમજણને ચાલતા પરિણમનમાં લાગુ કરવી તે. એનું નામ પ્રયોગ. તો ભિન્ન છે એ સમજાયું. ભિન્ન સમજવામાં કાંઈ મુશ્કેલી તો નથી ને ? નથી. કેમકે ‘ગુરુદેવ’ની કૃપાથી ભિન્નપણું તો બરાબર બધાને સમજાય છે. આપણે ‘ગુરુદેવ’ને સાથે લેવા. આપણી બુદ્ધિથી એમ નહિ.

‘ગુરુદેવ’ની કૃપાથી એ વાતની હવે બરાબર ઘડ તો બેઠી છે. હવે એને આપણે લાગુ કરવી છે. અનેક પ્રસંગો છે. સવારમાં ઊઠો ત્યારથી શરીરની પળોજણ ચાલુ થઈ જાય છે. મોઢું સાફ કરવું, ન્હાવું, ધોવું, કપડા પહેરવા, ચા-પાણી, નાસ્તો કરવા આ બધું જે સવારમાં નિત્યક્રમ ચાલે છે કે નહિ ? ત્યાં આ આત્મા પરિણામ કરે છે. જે જે પ્રકારના કાર્યો કરે છે તે તે પ્રકારના કાર્યો કરવા સંબંધીના પરિણામ કરે છે. હવે અહીંયાં સમજણ લાગુ કરવાની છે. પ્રયોગ કરવા માટે અહીંયાં સમજણ

લાગુ કરવાની છે કે મારો આત્મા ભાવ કરવા સિવાય બીજું શું કરે છે ? મારો આત્મા ભાવ કરવા સિવાય બીજું શું કરી શકે છે ? મારી પહોંચ ભાવ કરવાથી આગળ ક્યાંય છે ? નથી.

કાચનું વાસણ હાથમાં હોય, ગ્લાસ પાણી પીતી વખતે. હાથમાંથી પડી જાય. ભાવ તો ગ્લાસ પકડી રાખવાનો છે. ભાવ પ્રમાણે બધું બને છે ? ન પણ બને. કેમ એમ છે ? કે ભાવની પહોંચ અન્ય પરમાણુમાં નથી. એવો સ્પષ્ટ અનુભવ થઈ શકવા યોગ્ય છે અને થાય છે. પોતાના ભાવનું અવલોકન કરે, એટલે કે પોતાના ભાવનો અનુભવ કરે કે મારા ભાવમાં ક્યાં સુધી કામ થાય છે ? કે ભાવ પૂરો થઈ ગયો. બસ. આથી વધારે હું કાંઈ કરી શકતો નથી.

મુમુક્ષુ :- ભાવની...

પૂજ્ય ભાઈશ્રી :- થાય પણ છે અને કરે પણ છે. અપેક્ષાઓ જુદી જુદી છે. કર્તાબુદ્ધિ હોય તો કરે છે અને જ્ઞાતાબુદ્ધિ હોય તો થાય છે.

મુમુક્ષુ :- ક્યો રસ્તો અપનાવવો ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાતાબુદ્ધિમાં આવવું. ભાવ તો થયા જ કરે છે. રોકી દ્યો. રોકી શકો છો ? થતાં ભાવને, ચાલતા ભાવને, પરિણમતા ભાવને, પરિણામનું જે ચક્ર ચાલે છે એ ચક્કરને બંધ કરી શકો એમ છો ? નહિ. જે સમજ ચાલે છે, થાય છે એને કરવાનું શું ? એને કાંઈ કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે થાય એને રોકી નથી શકાતું. પછી કરવાનો તો પ્રશ્ન જ ક્યાં છે ? જેમ કોઈ મશીનથી ચાલતું ચક્કર હોય, એને ફેરવવાનો ક્યાં પશ્ન છે ? એ તો ફરે જ છે. પણ આ જીવ કર્તાબુદ્ધિએ કરીને વિપરીત અભિપ્રાય અને મિથ્યાશ્રદ્ધા રાખે છે કે હું એને કરું છું. એ પણ મિથ્યા અભિપ્રાય અને મિથ્યાબુદ્ધિ છે.

અહીંયાં તો એટલો પ્રશ્ન છે કે પ્રયોગ કેવી રીતે (કરવો) ? સવળો પ્રયોગ કેવી રીતે કરવો ? ઊલટો પ્રયોગ તો ચાલુ જ છે જીવનો. હવે સુલટો કેવી રીતે કરવો ? કે જે અસ્તિત્વને પરમાં ભેળવી દે છે. પરપદાર્થના ઉદય કાળે અને કાર્ય કાળે, પ્રસંગે-પ્રસંગે અને ક્ષણે ક્ષણે કાર્યે-કાર્યે પોતાના અસ્તિત્વને ભિન્ન હોવા છતાં ભિન્ન અનુભવમાં રાખતો નથી. આ ભૂલ કરે છે. ભૂલ સમજાય, આ અનુભવની ભૂલ છે.

સમજણની ભૂલ તો નથી રહી. 'ગુરુદેવ'ની કૃપાથી સમજણની ભૂલ નથી. પણ અનુભવની ભૂલ તો છે. હવે અનુભવ તો ખોટો છે એટલે એને ભૂલ કહીએ છીએ. હવે તપાસે. ભૂલ ક્યારે નીકળે ? કે ભૂલને તપાસવામાં આવે ત્યારે. હિસાબમાં પણ ભૂલ ક્યારે દેખાય ? કે ફરીને હિસાબ તપાસે ત્યારે. એમ જ્યાં પોતાના પરિણમનને તપાસે ત્યારે જીવને સમજાય છે કે હું ભૂલ કરું છું. મારું અસ્તિત્વ ત્યાં નહીં હોવા છતાં અને મારી પહોંચ નહીં હોવા છતાં એ હું કરું છું, હું ભોગવું છું એ પ્રકારના મારા એકત્વના પરિણામ છે એ મને દુઃખ ઊપજાવે છે. એ દુઃખદાયક છે. જગતના જીવોના દુઃખનું મૂળ કારણ-રૂટ કોઝ આ છે.

જગતમાં અનેક પ્રાણીઓ છે. એમાં મનુષ્ય છે એ બુદ્ધિમાન અને વિચારવાન પ્રાણી કહેવામાં આવે છે. અને વિચારશક્તિ, બુદ્ધિશક્તિ ઘણી હોવા છતાં માનવજાતિએ દુઃખનું મૂળ કારણ ગોતવાનું નિદાન હજી પ્રાપ્ત કર્યું નથી. પ્રતિકૂળતાઓમાં દુઃખ છે એવું સર્વસાધારણપણે સૌ માને છે એ વાત તદ્દન ભૂલભરેલી છે. જ્ઞાનીઓ એમ કહે છે કે એ વાત તદ્દન ભૂલભરેલી છે. પ્રતિકૂળતા જેવી કોઈ વસ્તુસ્થિતિ છે જ નહિ. તારી કલ્પના છે, એમ કહે છે. વસ્તુતાએ દુઃખનું કારણ પરપદાર્થ સાથે જીવનું એકત્વપણું છે. ભિન્ન હોવા છતાં એકપણાનો અનુભવ છે આ જ દુઃખનું કારણ છે.

આમ તો દુઃખ છે એ દોષને કારણે થાય છે. દુઃખ શેનાથી થાય છે ? દોષને કારણે થાય છે. દોષ શેનાથી થાય છે ? કે અજ્ઞાન અને મિથ્યાત્વથી થાય છે. જૈનદર્શનનો ઉપદેશ વસ્તુના વિજ્ઞાન આધારીત છે. ઉપદેશનો બેઈઝ આ છે-સિદ્ધાંત છે. ઉપદેશબોધનો મૂળ બેઈઝ આધારશિલા શું છે ? સિદ્ધાંતિક જ્ઞાન છે. અને તેથી સિદ્ધાંત જ્ઞાન હોય તો જ ઉપદેશબોધમાં ટકી શકાય એવી પરિસ્થિતિ રહે છે. નહિતર ઉપદેશબોધ તો અન્યમતમાં પણ છે. કોઈ ધર્મ દોષ કરવાનો ઉપદેશ તો આપતો જ નથી. પણ નિર્દોષ થવાનો ઉપદેશ આપવા છતાં પણ એનું વિજ્ઞાન ન હોય તો એ ઉપદેશ સફળ થાય નહિ. આ વિશેષતા છે. જૈનધર્મની આ વિશેષતા છે. એટલે પગલે પગલે વસ્તુના વિજ્ઞાનથી વાત આવે છે. ઉપદેશના પગલે પગલે વસ્તુના વિજ્ઞાનની વાત આવે જ છે. એ જિનાગમની વિશેષતા છે.

મુમુક્ષુ :- પરપ્રવેશભાવનો અભાવ થાય એનો કોઈ શોર્ટ કટ પણ તો હશે ?

પૂજ્ય ભાઈશ્રી :- શોર્ટ કટ વહી કિ અવલોકન કરે. કોઈ પર કા અવલંબન લે ? પરપ્રવેશકા ભાવ કા અભાવ કરને કે લિયે.. કરવા માટે કોઈ પરનું અવલંબન લેવાનું છે ?

મુમુક્ષુ :- સત્પુરુષ પરમાં નથી આવતા.

પૂજ્ય ભાઈશ્રી :- નથી આવતા ? ઠીક ! સત્પુરુષ પરમાં નથી આવતા (એમ કહે છે). એમ કે સહેલો રસ્તો શું છે ? સહેલો રસ્તો શું છે ? એમ કે જે આ બધું જ્ઞાન છે અને આ બધી જ્ઞાનની અને તત્ત્વજ્ઞાનની વાતો છે એ જરા અઘરી પડે છે. મગજમારી કરવી પડે છે. કાંઈક સહેલો રસ્તો હોય તો સારું.

સહેલા રસ્તામાં તો એટલી સૂઝ આવવી જોઈએ કે મને જે દુઃખ છે, હું દુઃખ અનુભવું છું, મુંઝવણ અનુભવું છું, મુંઝવણનું દુઃખ છે, પિડાનું દુઃખ છે અનેક પ્રકારના દુઃખનો અનુભવ થાય છે. એને હું ચાહતો નથી, ઈચ્છતો નથી. તો પછી જેને એ દુઃખ મટાડવાનો ઉપાય અને ઈલાજ અનુભવસિદ્ધ થયો હોય તેની પાસે મારે જાવું જોઈએ. જો આટલી સૂઝ આવે તો પણ એનો ઉપાય સારી રીતે માલૂમ પડી શકે. એટલે પહેલો ઉપાય એ છે.

મુમુક્ષુ :- સંતોએ માર્ગને સરળ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંતોએ માર્ગને સરળ કર્યો છે, સહેલો કર્યો છે. આવે છે. બરાબર છે.

મુમુક્ષુ :- દૂસરા ઉપાય હૈ ભી ક્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજો શું ઉપાય છે ? વાત તો ઠીક છે. આ સિવાય બીજી રીતે કરવા માગે એટલે કો પોતાની મેળે પુસ્તકો વાંચીને, ચોપડીઓ વાંચીને. કોઈ શીખવા માગે કે દુઃખનો નાશ કેવી રીતે કરવો ? તો થઈ શકે ? કે ન થઈ શકે.

મુમુક્ષુ :- જબતક જીવ ભક્તિભાવ મેં નહીં આયેગા, ઉસકો નિર્મલતા આયેગી કહાં સે ? નિર્મલતા આયે બિના યહ કામ કૈસે કરેગા ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો થાય નહિ. એ તો સીધી વાત છે. ઘરમાં બે-ત્રણ વર્ષનું બાળક થાય એટલે આપણે એને બાળક્રિડાગણમાં,

બાળમંદિરમાં મોકલીએ છીએ. એને બાલમંદિર કહીએ છીએ. લ્યો ઠીક ! સરસ નામ આપીએ છીએ. બાળકોની સ્કુલ નથી કહેતા. અમારે ત્યાં એને બાલમંદિર કહે છે. ઠીક ! ઘરે રહીને પણ તમે બધું શિખડાવી દ્યો ને. એ બાળકની માતા તે બાળમંદિરની શિક્ષિકા હોય તોપણ શું થાય ? તોપણ એ પોતાના બાળકને બાલમંદિરમાં જ લઈ જાય. એનો અર્થ શું ? કે પદ્ધતિસર ત્યાં બાળકનો વિકાસ થાય એવું શીખવવાની વ્યવસ્થા રાખેલ છે. એટલે એને શીખડાવનાર જોઈએ, ટૂંકામાં. એ વ્યવસ્થા તો શ્રીમંત માણસો ઘરમાં પણ કરી શકે. એ જાતના બાળમંદિરની અંદર એના રમકડા અને સાધનો હોય છે એ ઘરમાં લાવીને મૂકી દે. પણ શીખડાવનાર જોઈએ. જોઈએ કે ન જોઈએ ? એ શીખડાવનાર જોઈએ. એમ અહીંયાં પણ સદ્ગુરુ જોઈએ.

કોઈ સદ્ગુરુ વિના પોતાની મેળે જ્ઞાન પામ્યો હોય એવું તો જગતમાં ક્યારેય બન્યું નથી અને બનતું પણ નથી. 'પાવે નહિ ગુરુગમ વિના યહી અનાદિ સ્થિત.' અનાદિથી આ પરિસ્થિતિ છે. એટલે એ સૂઝ પહેલા આવવી જોઈએ. એટલી સૂઝ ન આવે તો જીવ પોતાની મેળે શાસ્ત્ર વાંચશે, પોતાની મેળે પૂજા-ભક્તિ કરશે, પોતાની મેળે દયા, દાન અને જાત્રા, જપ, તપ, વ્રત, સંયમ કરીને સંતોષ માનશે, પણ પરિભ્રમણમાં તો એમ ને એમ રખડવાનું રહેશે. પરિભ્રમણ નહિ મટે.

જૈનધર્મ તો પુણ્ય બાંધવા માટે નથી પણ જૈનધર્મ તો જન્મ-મરણનો નાશ કરવા માટે છે. પહેલો તો મૂળ પ્રશ્ન એ છે કે ધર્મ છે શેના માટે ? કે અનેક પ્રકારની સંસારની પ્રતિકૂળતાઓનો નાશ કરીને અનુકૂળતાઓ મેળવવી એટલા માટે ધર્મ નથી. ખરેખર ધર્મ તો જન્મ-મરણનો નાશ કરીને મુક્તિનો માર્ગ પકડવો, મુક્તિનો માર્ગ તે ધર્મ છે અને એના ફળમાં મુક્ત થવું એટલા માટે ધર્મ છે. એટલી વાત સ્પષ્ટ હોવી જોઈએ.

શું કહે છે ? જ્યારે પરપ્રવેશભાવનો સવળા પ્રયોગથી અભાવ થયો, સવળા પ્રયોગથી '**જ્યારે પરપ્રવેશ અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય...**' જેને આત્મજ્ઞાન કહેવામાં આવે. નિજજ્ઞાન એટલે આત્મજ્ઞાન. એ સ્વસંવેદનરૂપ આત્મજ્ઞાન થાય '**અથવા પોતાના દ્રવ્યગુણ પર્યાયનો વિચાર કરી નિજપદને જાણે...**'

પહેલો પ્રયોગ કર્યો. હવે આ વિચારની વાત કરી કે '**પોતાના દ્રવ્યગુણપર્યાયનો વિચાર કરી નિજપદને જાણે...**' એટલે નિજપદની અસ્તિત્વ મર્યાદાને જાણે અથવા અનુભવે. જાણે એટલે અનુભવે કે મારું અસ્તિત્વ મારા દ્રવ્યગુણપર્યાયમાં સમાપ્ત થાય છે. એ રીતે મારી ભિન્નતાનો અનુભવ મારે કરવો જોઈએ.

'**અથવા...**' અથવા-અથવા કરીને બહુ સારી વાત કરી છે. કે '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' ઉપયોગની અંદર એટલે ચાલતા જ્ઞાનના વ્યાપારમાં જ્ઞાનરૂપ વસ્તુ છે એને જાણે. જ્ઞાનરૂપ વસ્તુ વિના ઉપયોગ નથી. પર્યાયમાં વસ્તુ છે એમ કહે છે. ઉપયોગ છે તે જ્ઞાનનો પર્યાય છે. અને પર્યાયમાં વસ્તુ છે. જે જ્ઞાનસામાન્ય છે એને ભગવાનઆત્મા કહેવામાં આવે છે. કેમકે એ અનુભૂતિસ્વરૂપ છે. ૧૭-૧૮ ગાથાની ટીકામાં કહ્યું કે ન કહ્યું ? અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળને સદાય અનુભવમાં આવે છે. તો અનુભવમાં તો પર્યાય આવે છે. તો કહે છે, નહિ, આત્મા આવે છે. પર્યાય ન કીધી ત્યાં. અનુભવ પર્યાયનો થાય. તો કહે છે, લક્ષ્ય આત્મા ઉપર હોવાથી આત્માના અવલંબને સ્વસંવેદનનો અનુભવ (થાય) તે આત્માનુભૂતિ છે અને એ આત્માનુભૂતિ છે તે જ જ્ઞાનાનુભૂતિ છે.

... એકત્વ પરિણમન થઈ રહ્યું છે. પરપણાનો નિશ્ચય કારણ છે અને એકત્વ થઈ રહ્યું તે કાર્ય છે. ત્યાં કારણની વાત કરી છે. પરમાગમ છે ને ? ત્યાં કારણની વાત કરી છે. અહીંયાં કાર્યની વાત કરી છે. આ કાર્ય થઈ રહ્યું છે તે ઊલટું થઈ રહ્યું છે. એનો અભાવ થાય તો સૂલટું કાર્ય થાય. એમ છે.

'**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' તે કેવી રીતે ? આ વિધિનો વિષય છે. કામ કરવાની રીત શું ? રીત કહો કે વિધિ કહો કે કાર્યપદ્ધતિ કહો એક વાત છે. એની રીત શું ? અગ્નિના તણખામાં-ચિનગારી, અગ્નિના તણખામાં-ચિનગારીમાં અગ્નિ કેવડો દેખાય છે ? કે મોટી લાય લાગે એવડો દેખાય છે કે નથી દેખાતો ? એક તણખો ઊડતો હોય હવામાં તો એને નિગ્લેટ કરી શકાય નહિ. કે જુઓ ! ક્યાં પડે છે ? એમાં પણ દારૂખાનું, પેટ્રોલ એવું કાંઈ હોય તો (સળગતા) વાર લાગે નહિ. જેમ અગ્નિમાં મહાઅગ્નિ, તણખામાં મહાઅગ્નિ જોઈ શકાય છે કે

નહિ ? કેવી રીતે ? એની શક્તિ છે માટે. એ અગ્નિના તણખામાં વ્યક્ત શક્તિ, પ્રગટ શક્તિ, પર્યાયની શક્તિ કેટલી ? કે આખા જગતને બાળે એટલી. બાળે કે ન બાળે ? તમામ બળવાયોગ્ય પદાર્થને બાળી શકે, દાહ્ય પદાર્થને બાળી શકે એટલી શક્તિ એમાં દેખાય છે કે નથી દેખાતી ?

તો તારા અલ્પજ્ઞાનમાં પણ તને અનંત જ્ઞાનની શક્તિ દેખાવી જોઈએ. જેવી રીતે તે દેખાય છે તેવી જ રીતે આ દેખાવું જોઈએ. એ તો ઠીક છે. દાખલો તો સમજાય છે. પણ છતાં દેખાતું નથી. આ પ્રશ્ન થઈ શકે. દાખલો સમજાય છે કે તણખાને આપણે ગમે ત્યાં પડવા દેતા નથી. કપડા ઉપર પડે તો કપડા સળગાવે છે. અને ઘાસતેલ ઉપર પડે તો ઘાસતેલને સળગાવે છે. ત્યાં સમજાય છે, અહીંયાં નહિ સમજવાનું શું કારણ ? અહીં કેમ સમજાતું નથી ? દૃષ્ટાંત સમજાય છે અને આ વાત કેમ સમજાતી નથી ?

આ વાતને સમજવા માટે આ વાતના ઊંડાણમાં જવું જોઈએ. એટલો ઊંડાણમાં જવાનો પ્રયાસ નથી. જુઓ ! જે અલ્પ જ્ઞાન જેને આપણે કહીએ છીએ તે અલ્પ જ્ઞાન સતતપણે ચાલ્યા કરે છે કે નહિ ? ક્યાંથી આવે છે એ ? જ્ઞાનનો પ્રવાહ જે અંદર આત્મામાંથી ચાલતો જ રહે છે, ચાલતો જ રહે છે, નિરંતર ચાલતો રહે છે, અનંત કાળથી ચાલતો રહે છે એનું શું કારણ ? શા માટે એમ થાય છે ? કે અંદર કોઈ જ્ઞાનનો અખુટ ભંડાર ભર્યો છે, અક્ષય ભંડાર ભર્યો છે, એમ ત્યાંથી પ્રતીત આવી શકે છે. ત્યાંથી એવી પ્રતીત આવી શકે છે. પણ એ પ્રકારે પોતાના પરિણમનના ઊંડાણમાં જાય ત્યારે એ વાત સમજાય. અને એના માટે એણે, ઊંડાણમાં જવા માટે બહારથી બધેથી નવરું થવું પડે. પોતામાં ને પોતામા પોતાનું ઊંડાણ હોવાથી બહારથી એણે સંકેલો કરવો પડે.

બહારની જંજાળમાં જે ઉપયોગ ફસાયેલો છે એ જંજાળને શુદ્રતા સમજીને, એ નકામી છે એમ સમજીને, દુઃખદાયક છે એમ સમજીને જીવે ત્યાંથી રસ ઉઠાવી લેવો પડે. ત્યાંથી પરિણામ નિરસ થાય તો આ બાજુ અંદરમાં ઊંડા ઉતરવાનો રસ જાગે. અને એ પણ ક્યારે ? કે જીવને એનાથી સુખ થવાનું છે, અનંત સુખ થવાનું છે, એવો વિશ્વાસ આવે ત્યારે. એ વિશ્વાસ પણ કેમ આવે ? પાછો પ્રશ્ન એમ થાય.

વિશ્વાસ તો, વિશ્વાસ મૂકવાનો કોઈ ખાસ મુદ્દો હોય તો તે પ્રમાણિકતા છે. આપણા જે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે એની નિર્દોષતા અને પ્રમાણિકતા ઉપર વિશ્વાસ આવે તો વાંધો નથી. પણ એના ઉપર શંકા આવે તો બીજો કોઈ ઉપાય નથી. આમ છે. એ કહે છે એ મારા હિતની વાત કહે છે. નિઃસ્પૃહ છે. ફક્ત મારા હિત માટે કહે છે. સિવાય બીજું કોઈ કારણ નથી. એવું નિષ્કામપણે કહેનાર જગતમાં કોઈ હોય તો તે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે કે જે જગતના જીવોને નિષ્કામપણે સુખી થવાનો ઉપદેશ આપે છે.

એ એમ કહે છે કે '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણ.**' જીવની શક્તિ તો અવ્યક્ત પર્યાયમાં પણ વસ્તુને જાણવાની છે. આ તો વ્યક્ત પર્યાયની વાત કરી. આગળ જરા લઈએ. જીવની શક્તિ તો અવ્યક્ત પર્યાયમાં પણ વસ્તુને જાણવાની છે, વસ્તુના સામર્થ્યને જાણવાની છે. તો પછી વ્યક્ત પર્યાયમાં એ વસ્તુના સામર્થ્યને કેમ ન જાણી શકે ? કેવી રીતે અવ્યક્ત પર્યાયમાં જાણે છે ? કે બોમ્બ ફૂટ્યા વિના બોમ્બને જાણે છે કે નથી જાણતો ? એની વ્યક્ત પર્યાય છે ? કોઈ એમ કહે કે આ જગ્યાએ મુકેલી વસ્તુ છે એ પોટકું દેખાય છે કે કોઈ પથરા જેવું દેખાય છે કે કોઈ ફૂટબોલ જેવું દેખાય છે એ બોમ્બ છે. તો એને બોમ્બ દેખાય છે કે ફૂટેલો બોમ્બ દેખાય છે ? ફૂટેલો દેખાય છે. વગર ફૂટ્યે ફુટેલો દેખાય છે. મુઠ્ઠી વાળીને ભાગે કે ન ભાગે ? પાછળ જોવા ઊભો ન રહે. ત્યાં તો કહેનારની પ્રમાણિકતાને પણ ચેક કરતો નથી, એની પરીક્ષા કરતો નથી કે આણે ખોટું કીધું હશે તો ? કે ખોટું કીધું હોય કે સાચું કીધું હોય. આપણે ઝેરના પારખા નથી કરવા. આપણને ભાગી જવામાં શું વાંધો ? પણ જરૂરી કામ હોય તો ત્યાં શું કરો ? લ્યો. જે જગ્યાએ ગયા હોય ત્યાં જરૂરી કામ હોય. તોપણ ન ઊભો રહે ? એ જરૂરી કામ ગમે ત્યારે બીજી વખતે કરી લેશું પણ અત્યારે તો અહીંથી ભાગી જવું જોઈએ.

અવ્યક્ત પર્યાયમાં પણ જીવ એના સામર્થ્યનો વિશ્વાસ કરે છે. તો અહીંયાં તો વ્યક્ત પર્યાયમાં એના સામર્થ્યનો વિશ્વાસ કરવો છે અને તે પણ આંધળો વિશ્વાસ નથી કરવો પણ અવલોકન કરીને વિશ્વાસ કરવો છે કે જ્ઞાનનું સતતપણું, પ્રવાહિત છે તે જ્ઞાનના અક્ષય ભંડારને અને

સામર્થ્યને બતાવે છે.

આ પાતાળ પાણી નીકળે છે કે નહિ ? પેટ્રોલિયમ નીકળે છે, પાણી નીકળે છે. એ નીચે ભંડાર છે એમાંથી આવે છે ને ? વગર મશીનરી ગોઠવ્યે, ત્યાં નીચે કાંઈ પંપ નથી લગાડ્યો. બે-ત્રણ હજાર મીટર નીચે કાંઈ મશીનરી તો ગોઠવી નથી. આપોઆપ બહાર આવે છે. પાતાળનું પડ ફૂટ્યું કે સડસડાટ બહાર ફોર્સથી આવે છે. એ ફોર્સ શું બતાવે છે ? ત્યાં ઘણો જથ્થો ભરેલો છે એમ બતાવે છે. એમ આત્માના લક્ષના કારણથી જે જ્ઞાન થાય એમાં આનંદના ફુવારાના ફોર્સ આવે છે. લક્ષના કારણથી જ્ઞાન થાય, હોં !

'ગુરુદેવે' એક જગ્યાએ કહ્યું છે. જ્ઞાન થવું-જ્ઞાન થવું જુદી વાત છે અને લક્ષના કારણે જ્ઞાન થવું જુદી વાત છે. 'પરમાગમસાર'નું વચનામૃત-૫૧૬. આવો જે ભગવાન આત્મા... શું કહે છે ? **'અરે ! એની પ્રભુતા એની ચમત્કૃતિ શક્તિઓ !'** પ્રભુતા અને એની ચમત્કારિક શક્તિઓ, એની ચમત્કારિક પર્યાયો જીવને એની ખબર નથી. **'આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી.'** એના ઊંડાણની શી વાત કરવી ? આ તો 'ગુરુદેવ'ની શૈલી છે. **'પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય...'** સ્વરૂપલક્ષ, સ્વરૂપનિશ્ચય, ભાવભાસન, અસ્તિત્વગ્રહણ, સ્વરૂપની ઓળખાણ અને નિશ્ચય એને લક્ષ કહે છે.

**'લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડા-ફુવારા ફાટે છે.'** ફોર્સથી જ્ઞાન અંદરથી આવશે. એ સંવેગનો બીજો તબકો છે. પૂર્ણતાના લક્ષમાં સંવેગનો પહેલો તબક્કો છે અને સ્વરૂપના લક્ષમાં, આત્માના લક્ષમાં સંવેગનો બીજો તબક્કો છે. એ સંવેગ બતાવવા માટે એમ કહે છે કે અંદરથી ફુવારા ફાટે છે. ફુવારા થાય છે એમ નથી કહેતા, ફુવારા ફાટે છે. એ ફોર્સ બતાવવો છે. એવી રીતે આમ સામાન્યપણે જીવને જ્ઞાન થાય છે અને લક્ષપૂર્વક જ્ઞાન થાય છે એમાં બહુ મોટો ફેર છે.

અનાદિથી જીવને સંસારનું લક્ષ છે તો એ બાજુનું જોર છે કે નહિ ? સંસાર પરિણામોનું કેટલું જોર છે જીવને ? કે શ્રીગુરુ અને

પરમગુરુ એવા તીર્થંકરોએ એ જોર મુકાવા માટે ઉપદેશ અનેકવિધ પ્રકારે આપવા છતાં પણ એ આપણું જોર અત્યાર સુધી તો તૂટ્યું નહિ. ઓછું જોર છે ? દિવ્યધ્વનિનો ધોધમાર ઉપદેશ સમવસરણમાં સાંભળ્યો છે. એક વાર, બે વાર નહિ પણ અનંત વાર સાંભળ્યો છે. પણ સંસારનું જોર મટ્યું નહિ. કેમકે લક્ષ છે સંસારનું. સંસારી પદાર્થોનું અને સંસારસુખનું લક્ષ છે તો એ જોર કાંઈ એમ ને એમ મટે નહિ.

હવે એમ કહે છે કે લક્ષ અહીંથી ફરી જાય અને પૂર્ણતાનું લક્ષ થાય, પૂર્ણ સુખનું અને પૂર્ણ શુદ્ધિનું લક્ષ થાય તો સંવેગનો પહેલો તબક્કો શરૂ થાય છે અને સ્વરૂપનું ભાવભાસન થાય તો સંવેગનો બીજો તબક્કો શરૂ થાય છે. એ બીજા તબક્કે એમ કહ્યું કે જ્ઞાનના ફુવારા અંદરથી ફાટે છે અને એમાંથી સ્વસંવેદનજ્ઞાન ઊપજે છે. આમ તો અનુભવાંશે લક્ષ થયું છે. લક્ષ થયું છે એ પણ પરમાર્થનો સ્પષ્ટ અનુભવાંશે લક્ષ થયું છે એટલે વેદનથી જ લક્ષ થયું છે અને લક્ષથી પાછું વેદન-ફરીને સ્વસંવેદન અનુભવમાં આવવાનું છે.

મુમક્ષુ :- ... ધ્યેય બાંધેલું ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેણે પૂર્ણ શુદ્ધિનું લક્ષ બાંધ્યું એને સ્વરૂપનું લક્ષ આવવાની યોગ્યતા થઈ ગઈ. જોકે ખરેખર તો પૂર્ણતાનું લક્ષ એ પૂર્ણ શુદ્ધ પર્યાય એવું જે નિર્વાણપદ છે, એ નિર્વાણપદનું જ એ શિલાન્યાસ છે. નિર્વાણપદ ચૌદ ગુણસ્થાન પછી પંદરમું સ્થાન છે, સિદ્ધાલયમાં. ચૌદ ગુણસ્થાન અહીંયાં નીચે મનુષ્યલોકમાં પૂરા થાય. પછી નિર્વાણપદમાં ઉપર સિદ્ધાલયમાં આત્મા જાય એ પંદરમા માળનું શિલાન્યાસ અહીં પૂર્ણતાના લક્ષમાં છે. પાયો ત્યાં નાખ્યો છે. કેવો પાકો પાયો હશે ! જેના આધારે નિર્વાણપદ સાદિઅનંત કાળ ટકે એનો પાયો કેટલો પાકો હશે ? કે ૧૨૮ નંબરનો 'કૃપાળુદેવ'નો પત્ર જોઈ લેવો.

કોઈ પણ કિંમતે મારે મારું કામ કરવું છે. ગમે તેવા દુઃખ આવી પડો, ગમે તેવા ઉપસર્ગ પરિષહ આવી પડો, ગમે તેવા આધિ, વ્યાધિ અને ઉપાધિ આવી પડો. આ આવું મોટું મહાન કાર્ય છે અને તે પણ હું કરી શકું એવી પરિસ્થિતિ અને એવી શક્તિ મોજૂદ છે પછી તો કર્યે જ છૂટકો હોય ને, એમ કહે છે. પછી એ કર્યા વિના મૂકે એવી મૂર્ખતા

કોણ કરે ? પછી તો છોડે નહિ. સમજાવું જોઈએ. આત્મલક્ષે-આત્મકલ્યાણના લક્ષે એ વાત સમજાવી જોઈએ કે અત્યારની મારી પરિસ્થિતિ અને મારી શક્તિ આ શિલાન્યાસ કરવા માટે પૂરેપૂરી પરિસ્થિતિ અને શક્તિ મોજૂદ છે મારી પાસે. તો એટલું તો ઓછામાં ઓછું કરી લેવું જોઈએ. નિર્વાણપદ અહીંથીં ૨૫૦૦ વર્ષ થઈ ગયા એ વાતને, અત્યારે સંભવ નથી, પણ એનું શિલાન્યાસ તો અહીં થઈ શકે છે. એ કર્યું એટલે યથાર્થતાનો જન્મ થયો. મુમુક્ષુની ભૂમિકાની યથાર્થતાનો જન્મ થયો. પછી એની સમજણ યથાર્થ અને એના અભિપ્રાયોમાં પણ યથાર્થતા ચાલુ થઈ ગઈ. યથાર્થતા પણ આવી અને યથાર્થતાને આગળ વધવા માટેનો સંવેગ પણ આવ્યો. બસ, ગાડી ઊપડી. ગાડી પ્લેટફોર્મ છોડીને વેગમાં આવશે, ગતિ પકડશે હવે. અત્યારે જે પરિણામોની ગતિ સંસાર તરફ ચાલતી હતી એ જ પરિણામોની ગતિ હવે પૂર્ણતા એટલે મોક્ષ તરફ ચાલવા લાગશે. કેમકે એ ધ્યેય થયું, એ સાધ્ય થયું. જ્યાં સાધ્ય નિશ્ચિત થયું અને લક્ષમાંથી સાધ્ય ખસતું નથી ત્યાં તે પરિણામોને સાધનપણું અંગીકાર થઈ જાય છે. કેમકે સાધ્ય-સાધનની સંધિ છે. સાધ્ય વિના સાધન કોનું ? કે કોઈ સાધ્ય વિના સાધન ગણી શકાતું નથી.

મુમુક્ષુ :- ૬૦૮ જીવોમાં એમાં નામ લખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૦૮માં ને ? ૬૦૮માં કેટલામું નામ છે ? ભાઈ ! કેટલામું છે ? ભાઈનું નામ પહેલું છે એમ આવે અંદરથી. કેવી રીતે આવે ? કે મારું નામ પહેલું છે એમ આવે અંદરથી. પછી બીજું, ત્રીજું આવે એનો બહુ અફસોસ નહિ. પણ અંદરથી તો પહેલું જ આવવું જોઈએ. એવો ઉત્સાહ આવવો જોઈએ. ઉત્સાહીત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી છે. છે કે નહિ ?

મુમુક્ષુ :- ૬૦૮ જીવની વાત શાસ્ત્રમાં આવી છે, કદાચ એક પણ જાતો હોત તો એમાં મારો નંબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. શું કહે છે ? ૬૦૮માં મારો પહેલો નંબર છે પણ કદાચ એવું આવ્યું હોત કે છ મહિનામાં એક જ જીવ જાય. તોપણ આપણો જ નંબર લગાવાનો હતો. એમ કહે છે. બીજા કોઈની વાત એમાં નથી. અંદરથી તો એમ જ આવવું જોઈએ. અંદરથી

તો એવું જ આવવું જોઈએ. બરાબર છે.

કેટલો ઉત્સાહ ! જ્યાં જીવને એવો ઉત્સાહ આવ્યો, ત્યાં માર્ગ સરળ અને સુગમ થઈ જાય છે. કેમકે એનો ઉત્સાહ અંદરમાં માર્ગ કરી દે છે, ગોતી લ્યે છે, સૂઝબુઝ આવતી જાય છે. માર્ગ પ્રાપ્તિની સૂઝબુઝ આવતી જાય છે. નહિતર તો 'દીપચંદજી' સાહેબનું વચન તો એટલું જ છે અહીંયાં કે '**ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે.**' ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે. ચાર શબ્દનું વચન છે. જ્યાં ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે એટલે મોક્ષમાર્ગ ચાલુ. કેવી રીતે જાણે ? એની સૂઝ ક્યારે આવે ? કે આટલી પૂર્વ તૈયારી આવે એટલે સૂઝ આવી જાય.

ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે ત્યારે એને જાણવાની વાત કરે છે ને ? વાત કરે છે અનુભવી પુરુષ. 'દીપચંદજી' મહાન જ્ઞાનીપુરુષ થયા. આજથી ૨૫૦ વર્ષ પહેલા 'જયપુર' પાસે 'આમેર'નો કિલ્લો છે. પહેલા રાજસ્થાનની રાજધાની ત્યાં હતી. અત્યારે 'જયપુર'માં છે પણ પહેલા ત્યાં હતી. ત્યાં એ થયા. અને અધ્યાત્મના અને સિદ્ધાંતના પ્રખર જ્ઞાની થઈ ગયા. પુણ્યયોગ નહોતો એટલે એમ લખતા ગયા કે મારી વાત કોઈ અત્યારે સાંભળતું નથી એટલે લખતો જાવ છું. પણ અજબગજબની વાતો લખતા ગયા છે. અનુભવની બહુ સારી વાતો લખી છે. એક 'અનુભવપ્રકાશ' ગ્રંથ અનુભવ કરાવવા માટે પર્યાપ્ત છે. ફેંસલો કરી નાખે એવો છે.

ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુ છે ત્યારે એને જાણવાની વાત છે ને ? કોઈ એમ કહે કે મને મારો આત્મા ગોત્યો જડતો નથી. મારો આત્મા મને, મારું સ્વરૂપ મને મળતું નથી, જડતું નથી, શોધું છું પણ મળતું નથી. તો કહે છે, ઊભો રહે. ક્યાં શોધે છો ? તારા આત્માને તું ક્યાં શોધે છો ? દેહમાં અને રાગમાં તો એ છે નહિ માટે ત્યાં ગોત્યો જડે એવું નથી. તો ક્યાં છે ? કે ઉપયોગમાં છે. ઉપયોગ તો પ્રકાશસ્વરૂપ છે, અજવાળું છે ત્યાં. વસ્તુ અંધારે પડી નથી. જો વસ્તુ અંધારામાં પડી હોત તો ગોતવાની મુશ્કેલી હોત, પણ અજવાળે વસ્તુ પડી છે, એટલી સગવડ અને સુવિધા છે તો પછી વસ્તુ કેમ ન જડે ? જડે. ક્યારે જડે ? કે ગોતે ત્યારે. શોધવાની તીવ્ર વૃત્તિ હોવી જોઈએ. અને ક્યાંય બીજે ગોતવાની નથી. પોતાના અને પોતાના ઉપયોગમાં વસ્તુને

ગોતવાની છે. જ્યાં સુધી ન મળે ત્યાં સુધી ત્યાં જ ગોતવી અને એ સ્થાન છોડીને બીજે ક્યાંય ગોતવી નહિ.

જેમ કોઈ આપણને એમ કહે કે તમારા ખેતર કે વાડીમાં ફલાણી જગ્યાએ આ લીમડાના થડ પાસે અખૂટ નિધિનો ભંડાર ભરેલો છે. તો પછી બીજે ક્યાંય ખોદવાની વાત નથી. પછી ક્યાંય બીજે ખોદે ? ન ખોદે. થોડું ખોદ્યું તો કહે ભાઈ, નથી જડતું. તો કહે, હજી ખોદો, કે નથી જડતું. તો કહે, હજી ખોદો. છે એ વાત નક્કી છે. જોનારે એના જ્ઞાનમાં જોઈને કહી દીધું. ઊંડે જાતા મળે છે. એમ અહીંયાં પણ જોનારે જ્ઞાનમાં જોયું છે કે તારી વસ્તુ તારા ઉપયોગમાં છે. જ્યાં સુધી ન મળે ત્યાં સુધી તું ત્યા ને ત્યાં તેની શોધ કર. અને એ શોધનું ક્ષેત્ર બદલીશ નહિ. બીજે ક્યાંય બીજા ખેતરમાં ક્યાંય શોધ કરીશ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ જ છે. જ્ઞાનના અજવાળે વસ્તુ પડી છે અને શોધવાથી સહજમાત્રમાં મળે એવી છે. ફક્ત જીવે બીજી જંજાળમાંથી ઉપયોગને નિવૃત્ત કરવો જોઈએ એટલી વાત છે. નહિતર લફરાના પણ પાર નથી. જીવને લફરાના પણ પાર નથી અને પોતાનું આત્મકલ્યાણ કરવાની ફુરસદ પણ નથી મળી. અનંત કાળ સુધી તો નથી મળી. અત્યાર સુધી કલ્યાણ નથી થયું એ એમ બતાવે છે કે આપણને અત્યાર સુધી ફુરસદ મળી નથી.

હવે જો હિતબુદ્ધિ આવી હોય તો જ્ઞાનીપુરુષો એમ કહે છે કે ભાઈ ! તારા ઉપયોગમાં તારી વસ્તુ છે. વસ્તુ છે એટલે પરમાત્મપદ છે, પરમેશ્વરપદ છે. એને તું ત્યાંથી જાણી લે. જાણતા જ તને તેનો અનુભવ અને પ્રાપ્તિ થશે. અરે..! એક ક્ષણાર્ધનો, અડધી ક્ષણનો અનુભવ તારા અનંત ભવનો ભુક્કો બોલાવી દેશે. જેમ એક તોપના ગોળે ગમે તેવો કિલ્લો તૂટી જાય, એમ અડધી ક્ષણનો અનુભવ તોપના ગોળા જેવો છે. પા ક્ષણનો અનુભવ. અડધી પણ ત્યાં તો હજી નથી. ચોથા ગુણસ્થાને તો અડધી સેકન્ડ પણ નથી. પા સેકન્ડનો અનુભવ અનંત ભવનો નાશ કરે છે. તારી વસ્તુની તાકાત કેટલી ! આખી વસ્તુની તાકાત કેટલી !!

કોઈ પદ લખીને મોકલ્યું છે. એટલો સમય નથી. પદ લખીને

મોકલ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બસ, આટલું છે. પડખું ફરવાની વાત છે. તારે પડખું-કરવટ બદલવા જેટલી વાત છે. ઊંધો પડ્યો છો, જરાક સવળો થઈ જા.

મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એવી સોનેરી તક, સબ અવસર આ ચુકા હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષના વચનો, મનુષ્યભવ, જૈનધર્મ અને તંદુરસ્તી બધું પ્રાપ્ત થાય એવો સબ અવસર આ ચુકા હૈ. જીવ કરે એટલી વાર છે. કરવાનો એણે નિર્ણય કરવો જોઈએ, નિર્ધાર કરવો જઈએ. અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું...

કોઈપણ સત્ સાહિત્ય વાંચી વિચારી આત્મગુણ પ્રગટ થવાનો મુખ્ય દૃષ્ટિકોણ-ઉદ્દેશ્ય મુમુક્ષુ જીવને હોવા યોગ્ય છે. શાસ્ત્ર-વચનમાં, ઉપદેશ પર્યાય પ્રધાનતાથી હોય છે અને નિશ્ચયના ઉપદેશમાં સર્વ પર્યાયો ગૌણ કરાવાય છે. તે સર્વમાં કેવળ હિતબુદ્ધિથી વાંચવા-વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે. તેથી ક્યાંય પણ મુંઝવણ, અનર્થ કે અવિવેક થતાં નથી. અંતે, સર્વ વિભાવમાં અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી પોતાનું સર્વથા ભિન્નપણું પ્રત્યક્ષ અનુભવ કરી, સ્વસ્વરૂપનું પૂર્ણપણું, શુદ્ધપણું, સમ્યક્પણું, અત્યંત શાંતપણું આનંદપણું, અવિનાશીપણું, દૃષ્ટિગોચર કરવા યોગ્ય છે. સંપૂર્ણ મહાત્મ્યનું સ્થાન એવા નિજસ્વરૂપના મહિમામાં ડુબતાં, સમસ્ત જગતનું વિસ્મરણ સહજ થવા યોગ્ય છે. એ જ ભાવના !!

(અનુભવસંજીવની - ૧૦૩૫)

## તા. ૨૫-૫-૧૯૯૬, પાના નં. ૬, પ્રવચન નં. ૧૫૯

'અનુભવપ્રકાશ' પાનું-૬. સ્વરૂપ અનુભવ કેવી રીતે થાય ? અથવા સ્વરૂપનું ભાન-નિજ જ્ઞાન કેવી રીતે થાય ? એની વિધિ દર્શાવી છે. તેમાં ઉપયોગમાં જ્ઞાનરૂપ વસ્તુને જાણે એ વિષય ચાલતો હતો. ઉપયોગ છે એ અવસ્થા હોવા છતાં અહીંયાં વસ્તુને જાણવાની વાત કરી છે. એટલે કે વસ્તુદૃષ્ટિએ જોવે તો, ઉપયોગને વસ્તુદૃષ્ટિએ જોવે તો વસ્તુ જણાય. આ વસ્તુને જોવાની એક દૃષ્ટિ છે. સામાન્યપણે આપણે કોઈપણ અવસ્થા મારફત વસ્તુને જોઈએ છીએ. આ આપણી સ્વાભાવિક જાણવાની, જ્ઞાન કરવાની પદ્ધતિ છે જ.

આ લાકડુ છે તો લાકડાની અવસ્થામાં મારફત લાકડાને જાણીએ છીએ. પેપર મેટ છે એ પણ લાકડુ જ છે, પણ વસ્તુને જાણીએ છીએ. એવું નથી કે માત્ર પર્યાયને જ જાણીએ છીએ અને વસ્તુને નથી જાણતા. એવું છે ? એવું તો નથી. અહીંયાં પણ ઉપયોગ દ્વારા ઉપયોગ સ્વભાવી આત્માને જાણવાનો છે. એ ઉપયોગ દ્વારા ઉપયોગમાં જણાય છે.

**'અનંત મહિમાનો ભંડાર,...'** જ્યાં સુધી ન જણાય ત્યાં સુધી એ પ્રકારે જાણવાનો પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જ્યાં સુધી એવો દૃષ્ટિકોણ કેળવાય નહિ ત્યાં સુધી, જ્યાં સુધી એવો દૃષ્ટિકોણ કેળવાય નહિ ત્યાં સુધી એ પ્રકારનો પ્રયાસ હોવો જોઈએ. એમ વાત છે. **'અનંત મહિમાનો ભંડાર, સાર, અવિકાર અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે, એવો ભાવ પ્રતીતિ વડે કરે.'** પ્રતીતિપૂર્વક કરે. પ્રતીતિ દ્વારા આમ જાણે છે. બહિર્મુખ પરલક્ષીજ્ઞાનમાં પણ એટલું જાણે છે કે આત્મા આવો છે. પણ સ્વલક્ષીજ્ઞાનમાં એની પ્રતીતિ આવે છે, પરલક્ષી જ્ઞાનમાં એની પ્રતીતિ આવતી નથી.

કહે છે કે પ્રતીતિ વડે એવો ભાવ કરે. એવો ભાવ, આત્મભાવ પ્રતીતિ વડે કરે, પ્રતીતિપૂર્વક કરે, વિશ્વાસપૂર્વક કરે કે હું આવો જ છું. એ પ્રતીતિ ક્યારે આવે ? કે ભાવભાસન થાય ત્યારે આવે. પ્રથમ

પ્રતીતિ ભાવભાસન થાય ત્યારે આવે. પછી સ્વરૂપ જ્ઞાનમાં જે પ્રતીતિ આવે એને તો સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. હું અનંત મહિમાનો ભંડાર છું એટલે કે મારી બરાબર જગતમાં કોઈ બીજો પદાર્થ નથી. મારી તોલે કોઈ બીજો પદાર્થ નથી. અનંત મહિમાનો ભંડાર, સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર સાર એટલે સુખરૂપ...

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે કે એક બાજુ હું તો બીજુ પલ્લુ ઉલ્રી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આખું જગત. આખા જગતને એક પલ્લામાં તોળે, બીજા પલ્લામાં પોતાને રાખે (તો) પોતાનું પલ્લું નમી જાય.

મુમુક્ષુ :- ઓલું ઉલ્રી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઉલ્રી જાય એટલે એટલું બધું વજન આવે કે આખા જગતને ઉલાળી મૂકે.

મુમુક્ષુ :- જગતમાં તો અનંત સિદ્ધ પણ આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- બધા આવી ગયા. કાંઈ બાકી રહ્યું નહિ. પોતાના સિવાય બધું જ આવી ગયું.

મુમુક્ષુ :- અરિહંત પરમાત્મા ?

પૂજ્ય ભાઈશ્રી :- અરિહંતો, સિદ્ધો, બધું આવી ગયું. કોઈ બાકી રહેતું નથી. કોઈ બાકી રહેતું નથી. પણ જીવને અને જે મુમુક્ષુની ભૂમિકામાં હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા આવ્યો નથી. એટલે અહીંયાં તો જેને દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા આવ્યા પછી જગતના કોઈ પદાર્થમાં, કોઈ વસ્તુમાં અલ્પ પણ સુખેચ્છા રહી ગઈ હોય એનો નાશ કરવાની વાત છે. અને એ અપેક્ષા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- આગળની ભૂમિકાની વાત ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપરની ભૂમિકાની વાત ચાલે છે. એ મહિમા આવી ગયા પછી પોતાના સ્વરૂપનો મહિમા આવે, એવો મહિમા આવે કે જગતના કોઈ પદાર્થનો મહિમા ન આવે.

મુમુક્ષુ :- આ વિધિનો બોલ ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો એમ છે.

મુમુક્ષુ :- ઉપયોગ ઉપયોગમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ઉપયોગમાં છે. અને પોતાને કેવો ભાવ કરતા અનુભવ થાય ? આમ વાત ચાલે છે.

પ્રતીતિ વડે સ્વરૂપ મહિમા આવે. જ્યારે ભાવભાસનમાં વિશ્વાસ આવે કે હું આવો છું, ત્યારે પોતાનો મહિમા જાગૃત થાય. એ મહિમા કેવો જાગૃત થાય ? કે આખા જગતના મહિમા કરતા વધારે ઉત્કૃષ્ટ મહિમા જાગૃત થાય.

મુમુક્ષુ :- ભાવભાસન પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા રહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા તો છેક સુધી સાધક અવસ્થામાં રહે છે. જ્ઞાની પણ પોતાના ગુરુને વારંવાર સ્મરણ કરે છે, મહિમા કરે છે. મુનિ પણ કરે છે.

મુમુક્ષુ :- જૈસે-જૈસે સ્ટેજ આગે બઢતા જાતા હૈ વૈસે-વૈસે તો ફિલીંગપૂર્વક બહુમાન હી બઢતા હૈ. ઉનકા જો દશા હૈ વહ તો જૈસે સ્ટેજમેં વે બિરાજતે હૈં, વૈસે-વૈસે પતા પડતા હૈ, ઉનકે પ્રતિ કા બહુમાન કૈસે ઘટ સકતા હૈ ? વહ તો ઔર બઢતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- દેવ-ગુરુ-શાસ્ત્ર કા તો બહુમાન બઢતા હી જાતા હૈ.

મુમુક્ષુ :- કેવલજ્ઞાન ઉત્પત્તિ કા કારણ ગુરુ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વહ તો હૈ હી. વહ અપને સ્થાનમેં બરાબર હૈ. વહ અપને સ્થાન મેં બરાબર હોતે હી હૈં. એવું નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા વધી જાય એટલે પોતાના સ્વરૂપનો મહિમા ઘટી જાય. એમ નથી. એવું નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા વધી જાય એટલે પોતાના સ્વરૂપનો મહિમા ઘટી જાય. કોઈ મિથ્યાદષ્ટિ એકાંતે દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખ્યા વિના દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા કરે છે અને પોતાના સ્વરૂપનું અનુસંધાન કરતો નથી, એને એમ કહેવામાં આવે કે તું દેવ-ગુરુ-શાસ્ત્રમાં રોકાઈ ગયો છો એ ખોટું થયું છે. એ તારું ખોટું થઈ ગયું.

મુમુક્ષુ :- આ જ્ઞાનમાં ક્યાં પડેલો છે ? એવો જીવ જ્ઞાનમાં તો કાંઈ છે નહિ, રાગમાં પડેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એકાંત રાગમાં છે. અને તે પણ .. વગરના રાગમાં છે. અને એ એની એક રૂકાવટ છે. પોતાના સ્વરૂપ તરફ આવી શકતો નથી. એને એમ પણ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર કરતા તો તારું

સ્વરૂપ અધિક છે. એમ પણ કહે એને. પણ એ ઉપદેશની અપેક્ષા છે, મર્યાદા છે. દરેક જગ્યાએ કથનની, ઉપદેશની મર્યાદા સમજવી જોઈએ. જો મર્યાદા ન સમજે તો અર્થનો અનર્થ થાય. અને અનર્થ થાય તો અનર્થદંડ પણ થાય. એટલે એનું નુકસાન આવી પડે.

મુમુક્ષુ :- એમ તો માતાજીએ એ સ્પષ્ટ કરી દીધું છે કે કોઈ મુમુક્ષુને ક્યાંય મુંઝાવાનું નથી. પર્યાયે પર્યાયે 'ગુરુદેવ'નો ઉપકાર છે. કહેવામાં કાંઈ બાકી રાખી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અને એટલો ગુરુનો મહિમા કરવા છતાં પણ નિમિત્ત પ્રધાનતા આવી જાય છે એવું કાંઈ નથી. જ્ઞાનદશામાં એ મહિમા આવે છે, વિશેષ મહિમા આવે છે.

મુમુક્ષુ :- આ એક હકીકત છે. પર્યાયે પર્યાયે 'ગુરુદેવ'નો ઉપકાર છે, આ હકીકત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અનુભવ કહે છે. પોતાનો અનુભવ પોતે કહે છે. ગુરુ મને ન મળ્યા હોત તો મારી શી દશા થાત ? એ પણ એમને ખબર છે. મળ્યા પછી શી દશા થઈ એ પણ ખબર છે.

મુમુક્ષુ :- અગર કોઈ ઐસા બોલે કિ ગુરુ કે નિમિત્ત સે હુઆ હૈ તો વહ તો નિમિત્ત હૈ તો ઉસકા બહુમાન આના ચાહિયે પરંતુ જોર તો ખુદ કા હોતા હૈ ઐસા સમજનવાલા ભી તો મિથ્યાદૃષ્ટિ મેં જાયેગા ?

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે પોતાના પુરુષાર્થની જો કોઈ વાત કરે છે તો પુરુષાર્થ પ્રગટ કરીને કરે છે ? કે પુરુષાર્થ પ્રગટ કર્યા વિના કરે છે ? આ સવાલ છે. કરીને કરે તો એને યથાસ્થાને મહિમા આવ્યા વિના રહે નહિ. કરીને કરે તો એમ થાય. અને કર્યા વિના કરે તો પછી વાદવિવાદનો વિષય થઈ જાય. અમે તો ઉપાદાન ઉપર જોર દેવાવાળા. અમે તો ઉપાદાન ઉપર જોર દેવાવાળા, એમ કહે.

મુમુક્ષુ :- ખુદ કા ઉપાદાન પ્રગટ કહાં હુઆ હૈ જો ઉપાદાન પર જોર દે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદાનને જગાડ્યા વિના ઉપાદાનનું જોર ખાલી શબ્દોમાં કે વિકલ્પમાં લેવાથી કાંઈ કામ થાય નહિ.

મુમુક્ષુ :- પણ પ્રશ્ન છે કે ઉપાદાન શબ્દ ક્યાંથી લાવ્યો ? એને કાંઈ ખબર હતી કે ઉપાદાન શું હોય ? નિમિત્ત શું હોય ? એની ખબર

હતી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ સમજાવનાર ગુરુ છે. એ પણ સમજાવનાર ગુરુ છે. ઉપાદાનનો રાગ કરવો છે કે ઉપાદાનની શક્તિને જાગૃત કરવી છે, બે વચ્ચે સ્પષ્ટ સમજણ હોવી જોઈએ.

મુમુક્ષુ :- ખરેખર જેને જ્ઞાનીના માર્ગની ખબર નથી, કાંઈપણ અંશે પણ ભાન નથી એવા બધા જીવોનો એ પ્રકાર હોય છે. ખરેખર પોતાના એવા કોઈ લોચા હોય જ નહિ. આ નિમિત્ત પ્રધાનતા છે, આ ફલાણી પ્રધાનતા છે, એવું હોય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે માર્ગ તો સુવ્યવસ્થિત છે. માર્ગ છે એ તો એકદમ સુવ્યવસ્થિત છે. જ્યારે માર્ગ સુવ્યવસ્થિત છે તો વ્યવસ્થિત રીતે જ એને વિચારો અને વ્યવસ્થિત રીતે એમાં આગળ વધો. પછી બીજી વાત શા માટે લેવી ?

મુમુક્ષુ :- ઉપાદાનનો રાગ કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. એકાંત કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એકાંત કરે તો.

મુમુક્ષુ :- ઉપાદાનનો રાગ એટલે એકાંત જ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તનો રાગ, ઉપાદાનનો રાગ, વિકલ્પ તો ગમે તે અવસ્થામાં આવે.

મુમુક્ષુ :- ઉપાદાન કા જો રાગ હૈ વહ હૈ તો મિથ્યાત્વ હુઆ ન ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, મિથ્યાત્વ નથી. વિકલ્પ છે. રાગ છે એ વિકલ્પ છે. જેમ કે અહીંયાં 'દીપચંદજી' એમ કહે છે કે હું આત્મા, મારું સ્વરૂપ અનંત મહિમાનો ભંડાર.

મુમુક્ષુ :- આ તો રાગ નથી, આ તો મહિમા છે. અંદરથી આવેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા છે પણ એમાં ભેદ પડે ત્યારે વિકલ્પ આવે ને. એમ છે. વિકલ્પ છે એ વિકલ્પાંશ છઠ્ઠા ગુણસ્થાન સુધી રહે છે. એ રાગાંશ છે અને વિકલ્પાંશ છે. એ છઠ્ઠા ગુણસ્થાન સુધી સાધકને રહે છે. બુદ્ધિપૂર્વકનો. અબુદ્ધિપૂર્વકનો રાગ ઉપરના ગુણસ્થાનોમાં પણ દસમા ગુણસ્થાનમાં પણ ચાલુ રહે છે. બારમા પછી વીતરાગતા છે. દસમા સુધી અબુદ્ધિપૂર્વકનો રાગ ચાલુ છે. એટલે સૂક્ષ્મતાએ તો જેમ

વસ્તુસ્થિતિ છે એમ સમજવી જોઈએ. અધ્યાત્મમાં તો એમ કહેવાય કે જ્ઞાનીને રાગ જ નથી. સમ્યગ્દૃષ્ટિ થયો ત્યાં કહે છે રાગ નથી, આસ્રવ નથી, બંધ નથી. જાવ ! એને પુણ્ય પણ નથી અને પાપ પણ નથી. એ બધું કહેવાની છૂટ છે. દરેક જગ્યાએ આશય સમજવો જોઈએ.

શું કહે છે ? '**અનંત મહિમાનો ભંડાર, સાર, અવિકાર, અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે, એવો ભાવ પ્રતીતિ વડે કરે.**' તે મહિમા વધતા વધતા પછી '**ધ્યાન ધર્યે નિશ્ચલતા થાય એમ જ્ઞાન જાણે.**' એટલે એકાગ્રતા થયે નિશ્ચલતા થાય એવું જ્ઞાનમાં જાણે.

મુમુક્ષુ :- ભાઈશ્રી ! નિમિત્તને મુખ્ય કરીને ઉપાદાનનો રાગ કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- કઈ અવસ્થામાં ? કોની અવસ્થામાં ? જ્ઞાનીની અવસ્થામાં ? મુમુક્ષુની અવસ્થામાં ?

મુમુક્ષુ :- મુમુક્ષુની અવસ્થામાં.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ કરવો જોઈએ. નિમિત્તને મુખ્ય કરીને ઉપાદાનનો રાગ કરવાનો પ્રશ્ન રહેતો નથી. મુખ્ય તો ઉપાદાન જ રહે છે. મુખ્ય છે એ ઉપાદાન જ રહે છે હંમેશા.

મુમુક્ષુ :- મુમુક્ષુદશામાં જ્ઞાની નિમિત્ત તરીકે જણાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન જ નથી. પ્રશ્ન શું છે ? પછી ઉપાદાન કોણ છે એ પછીનો વિષય છે. નિમિત્તોમાં તો ઘણા નિમિત્તો આવે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને જગતના જેટલા પદાર્થો છે એ બધા નિમિત્તમાં આવે છે.

મુમુક્ષુ :- ગુરુને મુખ્ય રાખીને.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુની મુખ્યતા ઘણી આવે. એ વાત જરૂર છે કે મુમુક્ષુની ભૂમિકામાં ગુરુની મુખ્યતા ઘણી બધી આવે છે.

મુમુક્ષુ :- એમનો પ્રશ્ન છે કે ગુરુને મુખ્ય રાખીને ઉપાદાનનો રાગ કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદાનનો રાગ કરે કે પછી ઉપાદાનને જાગૃત કરવું છે ? રાગ કરીને શું કામ છે ?

મુમુક્ષુ :- ગુરુમાં અને પોતાના આત્મામાં એ અંતર કઈ રીતે કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન એ છે કે ગુરુને ઓળખે છે કે ગુરુને નથી ઓળખતો ? પહેલો સવાલ એ છે. ગુરુને ઓળખે છે કે ગુરુને નથી ઓળખતો ?

મુમુક્ષુ :- ઓળખે તો જ મુખ્યતા તો આવે ને.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખે પછી કાંઈ પ્રોબ્લેમ નથી.

મુમુક્ષુ :- ઉપાદાન કોને કહેવું ? પ્રશ્ન આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુની ઓળખાણ થાય પછી કોઈ સમસ્યા નથી. બધા પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયા. કેમકે પછી તો 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ.' આમ થશે. પછી એને કાંઈ ભાંજગડમાં પડવાનો સવાલ રહેતો નથી. પછી તો ચાલ્યો જાય. ગુરુએ બતાવેલા માર્ગે ચાલ્યો જાય. કેમકે મુમુક્ષુને ખબર નથી કે આગળ-પાછળ મારી પરિસ્થિતિથી મારી યોગ્યતા કેવી રીતે ચાલી રહી છે. એને પોતાને ખબર નથી. એનું હિત કેમ થાય ?

મુમુક્ષુનું હિત કેવું થાય ? કેમ થાય ? કેવી રીતે થાય ? એની આખી યોજના જ્ઞાનીના જ્ઞાનમાં છે. એની .. પ્રમાણે એને માર્ગદર્શન મળે અને એ આગળ ચાલ્યો જાય. એને કાંઈ તકલીફ પડવાની નથી. રસ્તાના જાણનાર સાથે હોય પછી મુંઝવણ શી ? ભલે પોતે રસ્તાનો અજાણ્યો છે એ હકીકત છે. પરિસ્થિતિ એ છે કે પોતે રસ્તાનો અજાણ્યો છે. પણ રસ્તાના જાણનાર સાથે હોય તો પછી કાંઈ વાંધો નથી.

મુમુક્ષુ :- અહીંયા તો એક સુગમતા વધારે છે કે રસ્તાનો જાણકાર છે એટલું નથી પણ જાણનાર ગોદમાં લઈને ચાલે છે. તો એને ક્યાં ફીકર છે કાંઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુજરાતીમાં એમ કહે છે જાણનાર છે એને કાંખમાં તેડીને ત્યાં લઈ જાય છે પછી એને શું વાંધો છે ? એમ કહે છે. અમારા ગુજરાતી ભાષામાં એમ કહે, કાંખમાં તેડીને લઈ જાય છે. પછી એને ક્યાં મુંઝાવાનું રહ્યું ?

મુમુક્ષુ :- એના માટે કાંઈ ઉપાદાન-નિમિત્તની ભાંગજડ છે ? કે હું ઉપાદાન છું કે હું નિમિત્ત છું ?

પૂજ્ય ભાઈશ્રી :- પછી એ શું કરવા માથાકૂટમાં ઉતરે છે ? શું

જરૂર છે માથાકૂટમાં ઉતરવાની ? કાંઈ જરૂર ખરી ? જ્ઞાનીગુરુના અંતેવાસી થઈને રહે. સવાલ એટલો છે કે એના અંતેવાસી થઈને રહે. બસ, પતી ગઈ વાત. આઘો રહે એ જુદી વાત છે.

શું કહે છે ? કે '**નિજરૂપ જ્ઞાનને જ અનુપમ પદનું સર્વસ્વ જાણે.**' પોતાના નિજરૂપ જ્ઞાનને અનુપમ પદનું સર્વસ્વ જાણે. પોતાનું આત્મજ્ઞાન અને પોતે અભેદ થઈ જાય છે. એ જ પોતાનું સર્વસ્વ છે. '**આ સ્વરૂપના જ્ઞાન વિના...**' આ સ્વરૂપના જ્ઞાન વિના '**પરની માન્યતા કરી સંસારી દુઃખી થયા.**' પરની માન્યતા એટલે પરની પોતાપણે માન્યતા કરી '**સંસારી દુઃખી થયા.**' સંસારમાં તો પરને પોતાપણું માનવા સિવાય બીજું કાંઈ છે નહિ. આખો સંસાર એના ઉપર ચાલે છે. પરને સ્વપણે માને છે. જે પ્રારબ્ધયોગે શરીર મળ્યું, પ્રારબ્ધયોગે કુટુંબ-પરિવાર હોય છે, પ્રારબ્ધયોગે એકબીજા સંયોગો હોય છે એ બધું મારું. એમાં આખો સંસાર ઊભો થયો. આખો સંસાર એવી રીતે ચાલે છે. એટલામાં આખો સંસાર સમાવેશ પામે છે.

'**આ સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી સંસારી દુઃખી થયા. તે પરની માન્યતા કેવી રીતે મટે ?**' એવી જે પરની માન્યતા પરમાં પોતાપણાની થઈ રહી છે તે કેવી રીતે મટે ? '**તે કહેવામાં આવે છે :-**' કયો પ્રયોગ ? કેવો પ્રયોગ ? કેવા પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તો માન્યતા બદલાઈ જાય ? એમ કહે છે.

મુમુક્ષુ :- પેરેગ્રાફે પેરેગ્રાફે કહેવામાં આવે છે, કહેવામાં આવે છે, શૈલી કેવી છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, શૈલી એવી છે.

'**ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે.**' પોતાના કોઈ અંશને પરમાં ભેળવે નહિ, પરના કોઈ અંશને પોતામાં ભેળવે નહિ. પરિણમનમાં પ્રયોગ દ્વારા અનુભવ કરે કે જેટલામાં મને મારો અનુભવ થાય છે એટલામાં જ મારું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. આથી આગળ મારું અસ્તિત્વ ક્યાંય નથી અને જે કાંઈ પર છે એનું મારામાં અસ્તિત્વ નથી. '**અંશ અંશને ન્યારા ન્યારા જાણે.**' કોઈ એક અંશને પણ, સૂક્ષ્મ અંશને પણ એકબીજામાં ભેળવે નહિ.

‘**હું ઉપયોગી, મારું ઉપયોગિત્વ ગ્રંથો ગાય છે.**’ હું ઉપયોગ સ્વભાવી આત્મા છું. ઉપયોગ સ્વભાવી શબ્દ બે ન થાય એટલે એકમાં લઈ લીધું ‘**હું ઉપયોગી, મારું ઉપયોગિત્વ ગ્રંથો ગાય છે.**’ જે ધર્મગ્રંથો છે એ ગ્રંથ-ગ્રંથોમાં મારી જ મહિમાના ગાણા ગાયા છે. ‘ગુરુદેવ’ તો ત્યાં સુધી કહેતા કે દિવ્યધ્વનિમાં પણ ભગવાને તારા જ ગીત ગાયા છે. તું એવો મહિમાવંત પદાર્થ આત્મા છો કે દિવ્યધ્વનિમાં પણ તારા ગીત ગાયા છે. કોઈ રીતે પણ તને તારો મહિમા આવે.

મુમુક્ષુ :- બાર અંગમાં પણ એ જ ગાયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગનો સાર પણ એ જ છે. બાર અંગનું કથનનું કેન્દ્રસ્થાન પણ શુદ્ધાત્મા જ છે.

‘**મારું ઉપયોગિત્વ ગ્રંથો ગાય છે. હું દેખું-જાણું છું.**’ હું પ્રત્યક્ષ દેખું-જાણું છું. એટલે ‘**(હું દેખનાર-જાણનાર છું, જ્ઞાતા-દૃષ્ટા છું.) આ નિશ્ચય બરાબર (યથાર્થ) કરતાં આનંદ વધે.**’ યથાર્થપણે આવો જ્યાં સ્વરૂપનિશ્ચય થાય ત્યારે આનંદની ઉત્પત્તિ સાથે સાથે થાય. એ યથાર્થતાનું લક્ષણ છે. આનંદ થાય એ યથાર્થતાનું લક્ષણ છે. જ્ઞાન છે એ સુખસહિત હોય છે. કેમકે સુખ અને જ્ઞાન વસ્તુતાએ અભેદ છે માટે. સુખ અને જ્ઞાન વસ્તુપણે જુદા નથી. વસ્તુતાએ અભેદ હોવાથી જ્ઞાન ઊપજે ત્યારે સુખ ઉપજવું જોઈએ. જો જ્ઞાનની સાથે સુખ કે આનંદ ન ઊપજે તો એ જ્ઞાન જ્ઞાન નથી પણ જ્ઞાનના લેબાસમાં અજ્ઞાન છે.

મુમુક્ષુ :- ‘સોગાનીજી’ની વાત ઉપર સિક્કો માર્યોને ‘ગુરુદેવે’ ? આનંદ આનંદ ઝરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આનંદ ઝરે છે. જ્ઞાનની સાથે આનંદ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ‘સોગાનીજી’ નિશ્ચયાભાસી છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમના જ કથન છે એ કથનોમાં જ્ઞાનદશા સ્પષ્ટપણે વ્યક્ત થાય છે. એટલી નિશ્ચયની પ્રધાનતા હોવા છતાં ગુરુભક્તિ પણ એટલી જ જોરદાર કરી છે. એ બતાવે છે કે આભાસ હોય તો એવું બને નહિ. નહિતર ગુરુને ઉડાડે, નહિતર ગુરુને ઉડાડે. નિશ્ચયની ઓથ નીચે, નિશ્ચયના બહાના નીચે ગુરુને ઉડાડે. ગુરુને ઉડાડે

... સર્વસ્વના દેવાવાળા. એમણે તો સર્વસ્વ આપ્યું છે.

'અનુભવપ્રકાશ'માં જ આગળ (પૃષ્ઠ-૪૩માં) લીધું છે કે **'દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-વિનય-નમસ્કારાદિ ભાવ સાધક છે, ત્યાં વિષયાદિથી ઉદાસીમતામાં પરિણતિની સ્થિરતા (થવી તે) સાધ્ય છે.'** જ્યાં ભક્તિભાવ વધે ત્યાં આ બાજુ સંસારના વિષયોમાં ઉદાસીનતા સહજ આવે છે. એ તો 'સોગાનીજી'એ જ્ઞાનદશામાં એવું કહ્યું છે કે મારું અત્યારે કુટુંબ પરિવાર મધ્યે રહેવાનું થાય છે, એવી જે મારી સંસારભક્તિ થોડી રહી છે, હે ગુરુ ! તારી ભક્તિ વધ્યા વિના એ ભક્તિ છૂટશે નહિ. એમ લીધું છે. ગુરુની ભક્તિ વધશે ત્યારે મારી સંસારભક્તિ છૂટી જશે. એમ છે.

**'દેવભક્તિ, વ્યક્તશુદ્ધચેતનારૂપ, પ્રગટ અનંતગુણરૂપ એવા વ્યક્ત પરમાત્મા તેમની પૂજા, સેવા, (તેના પ્રત્યે) મનથી પરિપૂર્ણ પ્રીતિ, બાહ્ય પ્રભાવના, અંતરંગ ધ્યાન, ગુણવર્ણન, અવજ્ઞા-અભાવ પરમ ઉત્સાહ, મન વચન કાય, ધન સર્વ ભક્તિના નિમિત્તે લગાવે અને પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે.'** આ દેવભક્તિનું સ્વરૂપ લીધું છે અહીંયાં.

મુમુક્ષુ :- દેવમાં તો બધું આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી શાસ્ત્ર ભક્તિ લીધી છે. નીચે ગુરુભક્તિ લીધી. લીધું છે, પ્રકરણમાં એમણે બધું લીધું છે.

મુમુક્ષુ :- પ્રાણ સે અધિક. હમારે આરાધ્ય દેવ સર્વસ્વ હો જાતા હૈ તો ફિર ક્યા બાત રહી ?

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહ કપાય છે. એવો ગુરુ મહિમા કરે ત્યારે દર્શનમોહ પણ કપાય છે. પ્રયોજન તો એ છે, મુમુક્ષુનું પ્રયોજન તો દર્શનમોહને કાપવું છે. જેમ જેમ દર્શનમોહ કપાતો જાય તેમ તેમ એ સમકિતની સમીપ જતો જાય. ચોખ્ખો રસ્તો આ છે.

મુમુક્ષુ :- 'અનુભવપ્રકાશ' જેવા અનુભવના ગ્રંથમાં આ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની છે કે નહિ ? પોતે જ્ઞાની છે. ભલે વિષય હાથમાં સ્વાનુભવનો લીધો છે પણ સ્વાનુભવના બધા પાસા ચર્ચે છે ને.

... નિષ્કામ ભક્તિ પવિત્રતા અને નિર્મળતાને ધરાવે છે. નિષ્કામ

ભક્તિ છે નિર્મળતા અને પવિત્રતાને વધારે છે. કેમકે પોતાને ગુણનો પ્રેમ છે. પોતાને ગુણનો પ્રેમ છે એટલે ગુરુના ગુણ જોઈને ગુરુ ઉપર ભક્તિ અને પ્રેમ આવે છે. બસ, વાત પૂરી થઈ ગઈ. આથી વધારે કાંઈ વાત નથી એની અંદર. આટલામાં બધું આવી ગયું.

મુમુક્ષુ :- દર્શનમોહ ટાળવાના લક્ષે દર્શનમોહ ટળતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સમજાવવાની પદ્ધતિ છે. કોઈ એમ કહે કે આમાં લાભ શું એ જીવને થાય ? એનો દર્શનમોહ કપાય જશે અને બહુ સુગમતાથી કપાઈ જશે. પણ એનું લક્ષ ત્યાં બીજી કોઈ અપેક્ષા ઉપર નથી. એને ગુણ જોયા અને ગુણનો મહિમા આવ્યો. ગુરુના ગુણ જોયા અને ગુણનો મહિમા આવ્યો. બસ ! આટલી જ વાત છે આની અંદર.

**'પર પરિણતિને (મેં) મારી કરી છે.'** જે પરપદાર્થ તરફના ભાવો છે એને પણ મેં મારી કરી છે એટલે એને વ્હાલા કર્યા છે. એની મીઠાશ મેં લીધી છે. પરપદાર્થ તરફના જે મારા પરિણામ છે એ પરિણામની મીઠાશ મેં લીધી છે, એની અધિકતા મેં કરી છે.

મુમુક્ષુ :- 'સમયસાર'માં આવે છે ને મારી વિશુદ્ધિ અર્થે હું કરું છું, આમાં શું કહેવા માગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સમયસાર'ની ટીકા હું મારી વિશુદ્ધિ અર્થે કરું છું. અનાદિથી મારી કલ્માષિત પરિણતિ છે. હવે ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ના સૂત્રોની ટીકા મારે કરવી છે એ ટીકા કરતા મારો રાગ વધશે એમ નથી કીધું. એ ટીકા કરતા મારા પરિણામની શુદ્ધિ વધશે. આ ટીકા કરશો, વિદ્વાનને એમ તર્ક થાય-વિતર્ક થાય કે આપ ટીકા કરશો ત્યારે તો આપના પરિણામ પરદ્રવ્યાશ્રિત થશે એનું શું ? પરદ્રવ્યાશ્રિત પરિણામમાં તો રાગની ઉત્પત્તિ જ થવાની છે. તો કહે છે, એ બાહ્ય પરિણામ છે, એ સિવાયના મારા અંતરંગ પરિણામ પણ થવાના છે. અને એ અંતરંગ પરિણામમાં મને શુદ્ધાત્માનો મહિમા વધશે, મારા સ્વરૂપનો મહિમા વધશે અને મારી પરિણતિ શુદ્ધ થશે. 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે ન કહ્યું ? કે મારી પરિણતિ શુદ્ધ થશે.

મુમુક્ષુ :- ગુરુ મહિમા વધશે પણ મારી પરિણતિ..

પૂજ્ય ભાઈશ્રી :- પણ શુદ્ધ થશે. થાય જ થાય.

મુમુક્ષુ :- ટીકા કરશે તો ગુરુભક્તિ વધશે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ ભક્તિ પણ વધશે. સમ્યગ્દર્શનની ભક્તિ થશે, સમ્યગ્જ્ઞાનની ભક્તિ થશે, સમ્યક્ ચારિત્રની ભક્તિ થશે. બધું થશે એમાં તો. રત્નત્રયની ભક્તિ પણ થશે. અને એનાથી નિર્મળતા વધશે. એટલે જ્ઞાનીને, મુનિને, યથાર્થતામાં આવેલા મુમુક્ષુને બાહ્ય ધર્મ સાધનમાં અંતરંગ કાર્ય સાથે સાથે સધાતું હોય છે. પછી ટીકા લખે કે ગ્રંથ રચે કે પ્રવચન કરે કે કાંઈપણ, કાંઈપણ બાહ્ય ધર્મ સાધનની પ્રવૃત્તિ કરે, સાથે સાથે એને અંતરંગ પરિણમન આત્મા તરફના વધતા જાય છે.

એ તો અંતરંગ પરિણામની વિશુદ્ધિનું બાહ્ય બહાનું છે, એક બહારનું બહાનું છે. બહારનું સાધન છે એટલે એને સાધન કહેવામાં આવે છે. એ બહાને વધે છે. ટીકા કરવાને બહાને વિશુદ્ધિ થશે, એમ કહે છે. ઠીક ! એક બહાનુ મેળવ્યું એનાથી પોતે પોતાનું કામ સાધ્યું. આપણે નથી કહેતા કે આ બહાને એણે આમ કરી દીધું, આ બહાને એણે આમ કરી દીધું. એટલે બહાનું તો બહાનું જ છે. મૂળ કામ કર્યું એ જાણવું જોઈએ ને કે મૂળ કામ શું કરી લીધું ? એમ ટીકાના બહાને પણ પોતાની આત્મશુદ્ધિ આચાર્યશ્રીએ વધારી. અને દરેક જ્ઞાનીઓ એમ જ કરે છે. 'ગુરુદેવ' પ્રવચન કરતા હતા તો શું બીજાને ઉપદેશ આપવા અને સમજાવવા કરતા હતા ? નહિ. એ પ્રવચન દ્વારા પણ પોતાની આત્માશુદ્ધિને વધારતા હતા. એમ લેવાનું છે.

મુમુક્ષુ :- પૂર્ણ શુદ્ધિના અર્થે ગુરુની ભક્તિ કરે તો આમાં કામતા આવી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ ગુણ જોઈને જ ભક્તિ કરે ને, બીજી વાત શું કરવા વચ્ચે ઘુસાડવી જોઈએ ? એટલા માટે તો વાત લીધી કે ગુરુના ગુણ જોઈને ગુરુની ભક્તિ કરે. બાકી વચ્ચે બીજી વાત લાવવાની જરૂર શું છે ?

મુમુક્ષુ :- ભક્તિ કરવાથી ભક્તિ થાય છે કે ભક્તિ સહેજે ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ જોઈને ભક્તિ સહેજે થઈ જાય છે. પછી અપેક્ષા વૃત્તિ શું ? પછી અપેક્ષા વૃત્તિ શું ?

'સોભાગભાઈ'એ શું કહ્યું ? એવો પ્રશ્ન 'શ્રીકૃષ્ણ'ના બહાને લખ્યું

કે ગોપીઓ એમ કહે છે કે બધા લોકો આપને જ્ઞાની કહે છે. કૃષ્ણને બધા પરમાત્મા કહે છે, જ્ઞાની કહે છે. તો અમે તો કાંઈ તમારા જ્ઞાનમાં સમજતા નથી અને અમારે તમારું જ્ઞાન પણ જોઈતું નથી. જાવ. એ થોડું કીધું એમાં ? તો (કોઈ) કહે, જ્ઞાન નથી જોઈતું પણ મોક્ષ તો જોઈએ છે ને ? પૂર્ણતા તો જોઈએ છીએ ને ? ફલાણું તો જોઈએ છે ને. શું માંડી છે આ ? કહે છે.

ગુરુના ગુણ જોઈને બહુમાન આવે એટલે પોતાના ગુણનો આવિર્ભાવ થયા વિના રહે નહિ. એ સહજ અને આપોઆપ છે, ઓટોમેટિક છે. વસ્તુનું વિજ્ઞાન છે એ તો. સાયન્ટિફિક છે. એ અનુભવમાં આવેલા જીવને બીજો વિકલ્પ શું કરવા ? ગુરુના ગુણનો મહિમા કરતા પોતાના ગુણ જ્યાં અંદરથી આવિર્ભાવ થાય, આવિર્ભાવ પામે પછી બીજો તર્ક-વિતર્ક અને વિકલ્પ શો ? એને પોતાના અનુભવનો અવિશ્વાસ છે કે શું છે ? એ તો જેને ગુરુના ગુણ જોઈને પોતાના ગુણનો આવિર્ભાવ નથી થતો એને બધા તર્ક-વિતર્ક અને વિકલ્પ ઊઠે છે. ઓલાને તો પોતાના ગુણ આવિર્ભાવ થાય છે. એ પોતાનો અનુભવ બોલે છે. એમાં એને વિકલ્પ શો પણ ?

મુમુક્ષુ :- ગુરુ મિલને કે બાદ કુછ ઈચ્છા રહતી હૈ કિ મોક્ષ મિલે. ઈસકા મતલબ કિ હમકો સર્વસ્વ નહીં મિલે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે, સીધી વાત છે.

મુમુક્ષુ :- સમકિત હુઆ 'કૃપાળુદેવ'કો તો ક્યા લિખે વહ ? મોક્ષ કો કડાકુટ કહા. લેવાદેવાની કડાકુટથી મુક્ત થઈ ગયા. તો ઐસે હી મોક્ષકો જિસ વક્ત સત્પુરુષ મિલતે હૈ તો કડાકુટ ખતમ હો જાતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- લેવાદેવાની કડાકુડ નથી. એમ જ છે. એનું નામ ગુરુ મળ્યા એમ કહેવાય. કડાકુટ રહે તો એને હજી મળ્યા નથી. એમ છે. એ મળી ગયા, બધું મળી ગયું. એ તો ૨૬૯માં ન લીધું ? કે **'મોક્ષથી અમને સંતચરણની સમીપતા બહુ વહાલી છે.'** કંપેરિઝન કર્યું છે. ત્યાં મોક્ષની અપેક્ષા ન રાખી. હું ગુરુના ચરણમાં જઈશ તો મને મોક્ષ મળશે ને ? એટલે હું ગુરુના ચરણમાં જાઉં ને ? એમ નહિ. મોક્ષ કરતા પણ અમને સંતચરણની સમીપતા બહુ વહાલી છે. અને તેથી અમને આપનો યોગ સાંભરે છે. તેથી અમને આપનો સત્સંગ સાંભરે છે.

પોતાના શિષ્યને એમ લખે છે. યોગ્યતા કેટલી બધી હશે !

મુમુક્ષુ :- મોક્ષના દાતાર મળવા દુર્લભ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોક્ષ સુલભ છે પણ મોક્ષના દાતાર દુર્લભ છે. ઘણું ઘણું લખ્યું છે એમણે તો, 'કૃપાળુદેવે' તો બહુ લખ્યું છે. એકવાર એવી પરિસ્થિતિ આવ્યા વિના નિવેડો થાય એવું નથી.

શું કહે છે અહીંયાં ? '**પર પરિણતિને (મેં) મારી કરી છે. (તે હું) ન કરું તો (એવી) માન્યતા ન થાય.**' પરમાં પોતાપણાની માન્યતા ન થાય. જે પ્રશ્નો ઉઠે છે ને કે પરમાં દેવ-ગુરુ-શાસ્ત્ર લેવા કે ન લેવા ? પણ એના મહિમામાં એ પરપણે નથી, એ સ્વપણે છે. પછી ક્યાં સવાલ છે ? સંતમાં... લખ્યું છે એક મથાળું. સંતમાં, પરમાત્મામાં અને સ્વરૂપમાં મને કંઈ અંતર નથી, મને કોઈ ભેદ નથી. ભૂલ્યો છે એ કંઈ દેવ-ગુરુ-શાસ્ત્રમાં નથી ભૂલ્યો. ખરેખર તો એનું સ્વરૂપ ઓળખે તો કાંઈ ભૂલે એવું છે. ભૂલ્યો છે એ તો જગતના પદાર્થો પાછળ ભૂલ્યો છે. જગતના પદાર્થો જગતની વસ્તુઓમાં ભૂલ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રમાં એનું સ્વરૂપ ઓળખે ને કાંઈ ભૂલો પડે એવું તો કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- આ વાત સરસ આવી છે. ક્યાં નથી ભૂલ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ્યો છે તો જગતના પદાર્થો પાછળ ભૂલ્યો છે. પરિભ્રમણ કેમ કર્યું છે ? પ્રતિબંધ શેનો છે ? પ્રતિબંધ તો જગતના પદાર્થોનો છે જીવને. કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રતિબંધ થોડો છે. જ્ઞાન થયા પછી પણ રાગનો અંશ તોડવા માટે ઉપદેશ આવે એ બીજી વાત છે. અહીંયાં તો મુમુક્ષુની ભૂમિકા વિચારવી છે.

'**(મેં) મારી પરમાં માન્યતા કરી, હવે હું નિજમાં (નિજરૂપ) માનું તો માનતા વેંત જ મુક્તિની સાથે મારી સગાઈ થઈ.**' શું કહે છે ? કે '**(મેં) મારી પરમાં માન્યતા કરી, હવે હું નિજમાં (નિજરૂપ) માનું...**' મારા સ્વરૂપમાં જ પોતાપણું કરું તો એ માન્યતાની સાથે-સમ્યગ્દર્શનની સાથે જ મુક્તિની સગાઈ થઈ ગઈ. આ સગાઈ તૂટે એવી નહિ પાછી. દુનિયાની સગાઈ તો તૂટી જાય. એ તો પરણ્યા પછી પણ ડાયવોર્સ લે છે. અહીં તો સગાઈ થઈ એટલે પાકું. વાત પૂરી થઈ ગઈ. પહેલાના જમાનામાં એવું હતું કે આ તો ખાનદાનીની વાત છે. જે નસીબમાં હતું એ થયું. પછી મોળું-પાતળું મળ્યું એટલે તોડી નાખો એમ ન હોય. એ

પ્રકારનો એવો એક સ્વીકાર હતો. એના નસીબમાં એવું હતું. પાછળથી ખબર પડે કે આમાં કાંઈ બરાબર નથી. આપણે જોઈએ એવું નથી. આ આપણને ખબર નહોતી અને આપણે અંધારામાં રહ્યા અને આ થઈ ગયું. પણ થઈ ગયું એટલે થઈ ગયું પછી. પછી એણે કેમ નિભાવવું એ એક જ ધ્યેય હોય એનો. પહેલા એવું હતું. અત્યારે તો પરિસ્થિતિ જુદી છે. એટલે સગાઈ થઈ એટલા માટે લખે છે. પહેલા તો સગાઈ તૂટતી નહોતી. એટલે સગાઈ થઈ એમ લખે છે. અત્યારે તો...

મુમુક્ષુ :- હજી પણ કેટલાક કુટુંબમાં આવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હોય છે. હોય છે. ઘણા કુટુંબમાં હજી એ પ્રકાર (છે).

**'કર્મના ભરમનો (ક્રમભાવમાં હું પણાનો ભ્રમ) વિનાશ થતાં નિજ સુખ થાય છે.'** કર્મનો ભ્રમ એટલે શું ? કે જેટલા કર્મના ઉદય છે એ બધા કર્મના ઉદયમાં જીવ, હું તે તે સંયોગ-વિયોગવાળો છું એવો અનુભવ કરે છે, એ કર્મનો ભ્રમ છે. પૈસા કમાણા તો હું પૈસાવાળો છું, મકાન કર્યું તો હું મકાનવાળો થયો, લગ્ન કર્યા તો હું ગૃહસ્થ થયો, પૈસા ખોયા તો હું દરિદ્રી થયો, તંદુરસ્તી વધી તો હું શક્તિવાળો થયો, માંદો પડ્યો તો હું અશક્ત થયો, શાસ્ત્ર વાંચ્યા તો મને જ્ઞાન થઈ ગયું, ક્ષયોપશમ વધ્યો. એ બધા કર્મના ભ્રમ છે. કર્મના ભ્રમ છે. કર્મના ઉદયમાં હું આવો ને હું આવો.. હું આવો ને હું આવો... એ બધા કર્મના ભ્રમ છે.

**'કર્મના ભરમનો વિનાશ થતાં...'** એ ભ્રમનો વિનાશ થતાં. કેમકે હું કોઈવાળો છું નહિ. હું જે છું એ છું. હું કોઈવાળો છું નહિ. **'કર્મના ભરમનો વિનાશ થતાં નિજ સુખ થાય છે.'** અને કર્મના ભ્રમમાં ઉપાધિનું દુઃખ થાય છે. ... અને પરિણામમાં ખેંચાણ, પરિણામનું ખેંચાણ, હિન્દીમાં તો એને તણાવ કહે છે ને. તણાવ કહો કે ટેન્શન કહો. આ બધું મારું છે એવું ટેન્શન એ જ દુઃખ છે. બીજું શું છે ? સૌથી વધારે દુઃખ શેનું ? ટેન્શનનું. મૃત્યુ કરતા પણ, હોં ! કેમકે ટેન્શનમાં આવ્યા પછી ઘણીવાર લોકો આપઘાત કરે છે. મૃત્યુને પસંદ કરે છે. ટેન્શનવાળા જીવો મૃત્યુને પસંદ કરે છે. બળીને મરે તો બળતરાને પણ પસંદ કરે છે. એ એમ બતાવે છે કે સૌથી વધારે દુઃખ

મુંઝવણનું છે. મુંઝવણ પોતે ઊભી કરેલી છે, બીજું કાંઈ નથી. મુંઝવણ પોતે ઊભી કરેલી છે. પોતે જ ઊભી કરેલી છે બીજું કાંઈ નથી.

**'કર્મના ભરમનો વિનાશ થતાં નિજ સુખ થાય છે.'** નિરૂપાધિક ભાવ થયો ત્યાં સુખી થાય છે. **'એ નિજસુખ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે,...'** પાછું .. આમાંથી. આવું સુખ, જીવને નિરાકુળ સુખ, નિરુપાધિક સુખ, આત્મિક સુખ કેવી રીતે ઉત્પન્ન થાય ? આત્માની સુખ શાંતિ કેવી રીતે ઉત્પન્ન થાય ? એ હવે કહીએ છીએ. કે **'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** મારું અનંત સુખ મારે ક્યાંય બહાર લેવા જવું પડે એવું નથી. જ્ઞાન સાથે સુખ અભેદ છે એમ લેવું છે. જ્ઞાન અને સુખ જુદા જુદા નથી. જો જ્ઞાન થયા પછી પણ જીવને દુઃખ રહે તો સમજવું કે એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

**'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે.'** મારો જે જ્ઞાનોપયોગ છે એ પોતે આકુળતા વિનાનો ભાવ છે, નિરાકુળ ભાવ છે. આકુળતા તો એનાથી ભિન્ન ભાવ છે. અને **'તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું.'** હું સદા ઉપયોગી છું. સદાય ઉપયોગી છું. ક્યારે ઉપયોગ વિનાનો હોય તો બતાવો. એ જ મારું સ્વરૂપ છે. ઉપર કહ્યું ને ? **'મારું ઉપયોગીત્વ ગ્રંથો ગાય છે.'** બધા ધાર્મિક ગ્રંથોમાં આત્માનું શુદ્ધ જ્ઞાનોપયોગપણું છે, એકલું જે જ્ઞાનોપયોગપણું છે, નિર્ભેળ જ્ઞાનોપયોગપણું છે એને દર્શાવવા માટે બીજી અપેક્ષાઓ અને વિવિક્ષાઓ કરી છે. મૂળમાં એ બતાવવું છે કે તું માત્ર જ્ઞાન છો. કોણ છો ? કે તું માત્ર એકલું જ્ઞાન છો, બીજું કાંઈ નથી.

કોઈ કહે કે પણ મારે તો સુખની સાથે પ્રયોજન છે. મારે તો સુખ જોઈએ. હું દુઃખી છું. તે દુઃખ મટાડવું છે અને મારે સુખ જોઈએ. તો કહે છે, જ્ઞાન સાથે સુખ અભેદ છે. જ્ઞાન સાથે સુખ અભેદ છે. જુદું રહેતું નથી. અરે...! જ્ઞાનનું રૂપ જ સુખ છે. જ્ઞાનનું રૂપ છે એ સુખ છે. જ્ઞાનને કયા સ્વરૂપે તમે કહો છો ? કે જ્ઞાનનું રૂપ છે એ સુખ જ છે. જેણે જ્ઞાનને સુખરૂપે ઓળખ્યું એણે જ્ઞાનને ઓળખ્યું. જ્ઞાનને ઓળખ્યું એટલે શું ? જ્ઞાનને ઓળખો છો ? એમ કોઈ પૂછે. આ જાણે છે તે જ્ઞાન. તો કહે છે, એ તો બધાને ખબર છે. એમાં કાંઈ પ્રયોજનની સિદ્ધિ નથી. જ્ઞાનને સુખરૂપે ઓળખે ત્યારે એણે જ્ઞાનનું સ્વરૂપ

ઓળખ્યું.

મુમુક્ષુ :- અનંત ગુણો બધા સાથે જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત ગુણો સાથે પ્રયોજન સુખનું છે. ભલે અનંત ગુણ હોય પણ જીવને પ્રયોજન સુખનું જ છે.

**'મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે. તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું.'** એને એમ કહ્યું, હું જુદો રહેતો નથી. મારા ઉપયોગથી હું જુદો રહેતો નથી, રહી શકતો પણ નથી. મને કોઈ જુદો કરી શકે એવું પણ નથી. કેવું સરસ છે ! બીજા સુખમાં તો કોઈ બાધા પહોંચાડે, કોઈ વચ્ચે આવે, આડા આવે, કાંઈક બાધા થાય, કાંઈક તોફાન થાય. પણ આમાં તો પોતાના ઉપયોગથી આત્માને કોઈ જુદો કરી શકે એવી વસ્તુસ્થિતિ નથી. કેવી પરિસ્થિતિ સરસ છે !

એવા મારા સુખસ્વરૂપી ઉપયોગને હું ભૂલ્યો અને ભૂલથી અણઉપયોગમાં, રાગ પણ અનુપયોગ છે અને પુદ્ગલ પરમાણુની કોઈપણ પર્યાય તે અણપયોગી છે, એમાં ઉપયોગ નથી. મારું જ્ઞાન એમાં નથી. રાગમાં પણ મારું જ્ઞાન નથી અને રાગના વિષયભૂત કોઈ પદાર્થમાં મારું જ્ઞાન નથી. એ અણઉપયોગમાં હું ભુલ્યો. મારા ઉપયોગ રહિત દ્રવ્ય-ભાવમાં હું ભૂલ્યો એટલે મેં મારાપણું કર્યું અને અનાદિથી રત થયો. એકાગ્ર થયો. રત થયો-સુખની ભ્રાંતિથી એમાં હું તન્મય થયો. એ થઈ થઈને, તન્મય થઈ થઈને **'સુખસ્થાનક ચેતના-ઉપયોગને ભૂલ્યો,...'** જે ચેતનાનો ઉપયોગ છે એ તો સુખનું સ્થાન છે. સુખ સાથે અભેદ છે. એને ભૂલ્યો. ઉપયોગને ભૂલ્યો એટલે સુખસ્થાનક ચેતના ઉપયોગને ભૂલ્યો **'(તેથી) સુખ ક્યાંથી થાય ?'** એ સુખને બદલે દુઃખ થાય. આવી એક ભૂલ કરી છે. જુઓ ! આ અનુભવની ભૂલ બતાવી. કઈ ભૂલ બતાવી ? અનુભવની ભૂલ બતાવી. કે તને સુખનો અનુભવ અણઉપયોગી તત્ત્વમાં થાય છે એ તારી ભૂલ અને ભ્રાંતિ છે. તપાસી લે. તારા અનુભવને તું તપાસ.

એકલા જ્ઞાનને, માત્ર જ્ઞાનને જોવે (તો) સુખસ્વરૂપ છે એટલે જ્ઞાન પોતે જ સુખસ્વરૂપે છે. જ્ઞાન અને સુખ એવા બે ગુણ ન લીધા અહીંયાં. જ્ઞાન અને સુખ એવા બે ગુણની વાત નથી. જ્ઞાન પોતે જ સુખસ્વરૂપ છે. એ તો સુખનું પ્રયોજન છે એટલે સુખથી વાત થાય છે.

બાકી તો એક ગુણને અનંત ગુણનું રૂપ છે.

'દીપચંદજી'નું એક 'ચિદ્દવિલાસ' છે. એ 'ચિદ્દવિલાસ' ગ્રંથમાં એક પ્રકરણ લીધું છે કે એક ગુણને અનંત ગુણનું રૂપ છે. જ્ઞાન તો સુખસ્વરૂપી જ છે. સુખ એનું રૂપ છે. એને ભૂલ્યો છે. એને ઓળખ્યો નથી, સમજ્યો નથી, ગમતો નથી. તેથી તેનો જે સ્વરૂપે અનુભવ થવો જોઈએ એ સ્વરૂપે અનુભવ નથી. પછી સુખ ક્યાંથી થાય ? સુખ જોઈએ તોપણ સુખ મળે નહિ. ગમે તેમ કરે નહિ. સુખ માટે ગમે તેમ કરે પણ જીવને સુખ મળે નહિ. ઊલટાનો દુઃખી, દુઃખી ને દુઃખી થાય. એ પ્રકાર છે.

હવે આ બધું સમજીને મેં શું કર્યું ? એમ લે છે. અનુસંધાન એ કર્યું. કહે છે કે આ બધી આટલી વાત થઈ તો કહે છે, '**હવે મેં એ ઉપયોગપ્રકાશને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો.**' એમ કહીને 'દીપચંદજી' પોતાની ભાષાથી વાત કરે છે. યોગ્યસ્થાન એટલે શું ? ઉપયોગનો પ્રકાશ એટલે શું ? સાક્ષાત્ એટલે શું ? એ બધી વિસ્તારથી વાત છે, આપણે આવતી કાલના સ્વાધ્યાયમાં લઈશું...

શાસ્ત્ર અભ્યાસ પ્રસંગે હંમેશા જાણવાના વિષયને ગૌણ કરી, પ્રયોજનભૂત વિષયને મુખ્યતા આપવી જોઈએ, અને જેટલો કોઈ પ્રયોજનભૂત વિષય છે, તેમાં પોતાના દોષ અને વિપર્યાસ ટાળવામાં ઉપયોગી હોય, તે સિવાયના વિષયને ગૌણ કરવા જોઈએ. તેમાં પણ વર્તમાન સ્થિતિને અનુલક્ષીને આગળ વધવામાં વર્તમાનમાં ઉપયોગી થાય, તેને મુખ્ય કરી, પ્રયોજન સાધવું જોઈએ. આ પર્યાય નયે, વાત નિજહિતની સૂક્ષ્મ અને તીક્ષ્ણ દૃષ્ટિ અંગેની છે. જે ધ્યેયને / પૂર્ણતાના લક્ષને અનુસરીને સહજ હોવા યાગ્ય છે. આશ્રયભૂત પરમભાવ પરમ પ્રયોજનભૂત છે, ત્યાં સુધી પહોંચવાની આ શ્રેણી કહી. (અનુભવસંજીવની - ૧૦૪૭)

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્મબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | **ग्रंथ का नाम एवं विवरण** | **मुल्य** |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | – |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | – |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | – |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | – |
| १३ | धन्य अवतार | – |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | – |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | – |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | – |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्धिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |

| | | |
|---|---|---|
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |

| | | |
|---|---|---|
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |

| | |
|---|---|
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે